## -: સંપાદકીય :-

અક્ષરધામાધિપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાન મુમુક્ષુ જીવાત્માઓને જીવન આધાર સ્તંભરૂપી સત્સંગિજીવન ગ્રંથની રચના સદ્. શતાનંદ મહર્ષિને ત્રિકાળદર્શી બનાવીને કરાવી છે. સ્વામીએ પાંચે પ્રકરણ દેવભાષા સંસ્કૃતમાં રચના કરી છે. તેથી દરેક મુમુક્ષુઓ માટે સમજવો કઠીન હોવાથી ભક્તજનોને સરળ અને સુગમ પડે તેવા હેતુથી આજે ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર તરફથી ''શ્રીનરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવના'' પ્રસંગે પાંચે પ્રકરણ છપાવીને મુમુક્ષુઓના હાથમાં અર્પણ કરતાં હર્ષ અનુભવીએ છીએ. આ ગ્રંથનો મહીમા કોટી કવિઓથી કહેવા વાણી વિરામ પામી જાય તેમ છે. આતો સંપ્રદાયનું અમૂલ્ય ઘરેણું છે. જેમકે ગુંગો મનુષ્ય ગોળ ખાઈને તેના સ્વાદનું વર્ણ શું કરી શકે ? તેમ આ સર્વોપરી ગ્રંથનો મહિમા કહીને હાર સ્વીકારવી જ પડે.

આજે આ દ્વિતીય પ્રકરણ છપાવી પ્રસિધ્ધ કરીએ છીએ. આ પ્રકરણ શ્રીજીમહારાજનું હૃદય છે. આમાં પ્રથમ જગદ્ગુરુ શ્રી રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા પછી ધર્મની ગાદી સ્વીકારીને પદારૂઢ શ્રીજીમહારાજે ચૌદમાને દિવસે ફરેણીમાં સભા કરીને ગુરુ પરંપરાનો ઉપદેશ આપી મુમુક્ષુઓને ધર્મ-મર્યાદામાં રહેવા કહ્યું છે. ત્યારપછી સત્સંગમાં વિચરણ કરીને અદ્ભૂત ઐશ્વર્ય પ્રતાપ દેખાડીને અનેકને શરણાર્થી કર્યા છે. જબરજસ્ત સમાધી પ્રકરણ ચલાવ્યું છે. જન્માષ્ટમી, એકાદશી, મહાવિષ્ણુયાગ વગેરે ઉત્સવોની સાથે ધર્મોપદેશ કર્યો છે. કચ્છ ભુજનગરથી અહીંસામય યજ્ઞનો પ્રારંભ કર્યો છે. સરધાર, કારીયાણી ગઢપુરમાં ઉત્સવો કરીને અલૌકિક અદ્ભૂત આનંદ આપ્યો છે. રાજકોટ મુકામે ગવેન્દ્ર સરકારનું અદ્ભૂત મિલન થયું છે, મત્સ્યાવપુર, સિધ્ધપુર, અમદાવાદ, જેતલપુર, ડભાણ, સુરત અને ધર્મપુર વિગેરે સ્થાને પધારીને ભક્તોને દર્શન પૂજનનો લાભ આપીને અક્ષરધામના અધિકારી કર્યા છે. આવી અદ્ભૂત કથારસથી ભરપુર આ દ્વિતીય પ્રકરણ છે. આનું શ્રવણ મનન કરવાથી જીવાત્મા બળિયા થશે. અને તેની ઉપર શ્રીજીમહારાજની તથા સદ્. શતાનંદ સ્વામીની પ્રસન્નતા થશે, માટે આનો રસાસ્વાદ જેટલો લેવાય તેટલો લેવો.

સરળ ભાષામાં લખાણ કરનાર વિદ્વાન સંતો તથા ટાઈપ કરનાર, સંશોધન કરનાર તેમજ આર્થિક સેવા કરનાર ભક્તો ઉપર શ્રીજીમહારાજ સદાય રાજી રહે, દેહાંતે પોતાના ચરણનું સુખ આપે એવી અભ્યર્થના સહ જય શ્રીસ્વામિનારાયણ.

લી. સદ્ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી

## સત્સંગિજીવન દ્વિતીય પ્રકરણ

# વિષયાનુક્રમણિકા


**વિષય** | **પાના નં.**

**અધ્યાય - ૧** ૧૧
★ શ્રીહરિએ રામાનંદ સ્વામિના ચૌદમા દિવસની શોકસભામાં આપેલો ધર્મોપદેશ.★ શ્રીહરિનો આચાર્યપદેથી પ્રથમ ધર્મોપદેશ. ★ ધર્મનું મહત્ત્વ. ★ માનવધર્મના છ પ્રકારો.

**અધ્યાય - ૨** ૧૯
★ ધર્મસિદ્ધિનું સાધન અને શ્રદ્ધાનો મહિમા.★ નિયમિતતાના પાયા પર શ્રદ્ધાની સફળતા. ★ ધર્મસિદ્ધિનાં સાત મૂળ. ★ સંતસમાગમની આવશ્યકતા. ★ સત્શાસ્ત્રસેવનની આવશ્યકતા. ★ શ્રીહરિને પ્રિય સત્શાસ્ત્રો. ★ 'હરિ' નામ કર્યું સાર્થક.

**અધ્યાય - ૩** ૨૬
★ શ્રીહરિનું સોરઠના ગામોમાં વિચરણ. ★ શ્રીહરિનું માંગરોળપુરમાં આગમન. ★ શ્રીહરિની લોકોપયોગી પ્રથમ કૃતિ. ★ શ્રીહરિનાં ચતુર્ભુજરૂપે દિવ્ય દર્શન .

**અધ્યાય - ૪** ૩૦
★ ભક્ત મેઘજી સુખડિયાનું અભિમાન ઉતારી શ્રીહરિએ પોતાનો ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો.

**અધ્યાય - ૫** ૩૫
★ શ્રીહરિએ જૈન શ્રાવકોને તીર્થંકરરૂપે દર્શન આપ્યાં. ★ ઊંડા વિચારને અંતે શ્રીહરિએ કરેલી સમાધિપ્રકરણની શુભ શરુઆત. ★ મુસ્લીમો પણ શ્રીહરિના શરણે .

**અધ્યાય - ૬** ૪૨

★ વજદીન રાજાએ વધુ સમય રોકાવાની કરેલી પ્રાર્થના અને શ્રીહરિએ ઉજવ્યો જનમાષ્ટમીનો ઉત્સવ. ★ શ્રીહરિએ આપ્યું અલૌકિક દિવ્ય દર્શન. ★ હજારો જનોએ શ્રીહરિનો કરેલો આશ્રય .

**અધ્યાય - ૭** ૪૭

★ શ્રીહરિના દિવ્યમુખે નારાયણગીતાનું મંગળ ગાન. ★ શરીર શુદ્ધિ અને ભોજન શુદ્ધિ. ★ શાસ્ત્રશ્રવણ શુદ્ધિ અને વાચન શુદ્ધિ. ★ સમાગમ શુદ્ધિ. ★ ત્યાગાશ્રમના વિશેષધર્મ. ★ વિધવાનારીના વિશેષધર્મ. ★ સમસ્ત નારીઓના વિશેષધર્મ. ★ સધવા નારીઓના વિશેષધર્મ. ★ ગૃહસ્થના વિશેષધર્મ. ★ ગૃહસ્થના પંચ મહાયજ્ઞો. ★ રાજાઓના વિશેષધર્મ. ★ મનુષ્યજન્મની અતિદુર્લભતા. ★ નારાયણગીતાની ફલશ્રુતિ

**અધ્યાય - ૮** ૬૧

★ શ્રીહરિએ ભક્તજનોને પોતાના દેશ પ્રત્યે જવાની અને સંતોને દેશાંતરમાં વિચરણ કરવાની આજ્ઞા કરી. ★ શ્રીહરિનું કાલવાણી ગામે આગમન . ★ સાધનવિના સિદ્ધદશાની પ્રાપ્તિ. ★ સમાધિમાં અલૌકિક અનુભૂતિ. ★ અપક્વભક્તોને અલગથી યોગપ્રક્રિયાનું આપેલું શિક્ષણ. ★ 'સ્વામિનારાયણ' નામથી નરકના કુંડ ખાલી કરાવ્યા.

**અધ્યાય - ૯** ૬૮

★ આખા અને પિપલાણા ગામે એક સાથે છ માસ સુધી બે સ્વરૂપે થઈ શ્રીહરિએ વિષ્ણુયાગનો ઉત્સવ કર્યો. ★ યજ્ઞમાં હજારો વિદ્વાન બ્રાહ્મણોનું આગમન. ★ શ્રીહરિનું મેઘપુરમાં આગમન. ★ શ્રીહરિનું માણાવદરમાં આગમન.

**અધ્યાય - ૧૦** ૭૩

★ મયારામ વિપ્રે શ્રીહરિને ભક્તિની નિર્વિઘ્ન સિદ્ધિ માટે પૂછેલા પ્રશ્નનો સવિસ્તર ઉત્તર. ★ સપરિવાર અધર્મસર્ગ. ★ સપરિવાર ધર્મસર્ગની ઉત્પત્તિ . ★ પાંચ મુખ્યદોષો. ★ પાંચ દોષોથી પરાભૂત વ્યક્તિવિશેષો .

**અધ્યાય - ૧૧** ૮૧

★ મયારામ વિપ્રનો વિસ્તારથી જાણવા માટે પુનઃ પ્રશ્ન. ★ લોભથી પરાભવ પામેલા વસિષ્ઠમુનિનું વૃત્તાંત . ★ લોભથી પરાભૂત સહસ્રાર્જુન રાજાની કથા.

**અધ્યાય - ૧૨** ૮૬

★ કામથી પરાભવ પામેલા બ્રહ્માજીનું વૃત્તાંત. ★ કામથી પરાભૂત સૌભરીમુનિનું વૃત્તાંત. ★ કામથી પરાભવ પામેલા ઇન્દ્રનું વૃત્તાંત. ★ કામથી પરાભવ પામેલા નહુષરાજાની કથા.

**અધ્યાય - ૧૩** ૯૩

★ રસાસ્વાદથી પરાભવ પામેલા એકલશૃંગી ઋષિનું વૃત્તાંત.

**અધ્યાય - ૧૪** ૯૯

★ સ્નેહદોષથી પરાભવ પામેલા ઋષભદેવજીના પુત્ર ભરત મહારાજાનું વૃત્તાંત.

**અધ્યાય - ૧૫** ૧૦૩

★ માનદોષથી પરાભવ પામેલા દક્ષપ્રજાપતિનું વૃત્તાંત. ★ માનથી પરાભવ પામેલા દુર્વાસામુનિની કથા.

**અધ્યાય - ૧૬** ૧૧૩

★ તામસ દેવતાઓનાં વ્રતાદિનો નિષેધ. ★ શ્રીહરિનું ભાડેરપુરમાં આગમન . ★ શ્રીહરિની રૂપમાધુરીનું વર્ણન. ★ અહિંસાધર્મનો ઉપદેશ. ★ નવરાત્રીવ્રત કરવું કે નહિ ?. ★ શ્રીહરિનું મોડા ગામે અને ત્યાંથી અલૈયા ગામે આગમન.

**અધ્યાય - ૧૭** ૧૨૨

★ શ્રીહરિનું શેખપાટ અને ભાદ્રા ગામે આગમન. ★ સત્-અસત્ પુરુષોનાં લક્ષણો . ★ શ્રીહરિનું કચ્છમાં અંજાર અને ભુજમાં આગમન .

**અધ્યાય - ૧૮** ૧૨૭
★ ભુજમાં રામનવમીનો ઉત્સવ ઉજવ્યો. ★ સત્સંગમાં પ્રથમ શ્રીહરિનો જન્મોત્સવ ભુજમાં ઉજવાયો . ★ પ્રાગજી પુરાણીએ કરેલી સ્તુતિ . ★ સુંદરજી સુથારને સમાધિ. ★ સુંદરજીએ કરેલી સ્તુતિ. ★ સુંદરજીના પરિવારે કરેલી સ્તુતિ. ★ ભુજના ભક્તોની સામુહિક સમાધિ અને પ્રાર્થના.

**અધ્યાય - ૧૯** ૧૩૯
★ જ ગજીવનના આમંત્રણથી તેમના યજ્ઞમાં પધરામણી અને હિંસામય યજ્ઞનો કરેલ નિષેધ. ★ બ્રાહ્મણત્વનાં લક્ષણો . ★સત્પાત્રતાનાં લક્ષણો. વેદોક્ત હિંસાનું તાત્પર્ય. ★ ઉપરીચર વસુરાજાનું લાલચમાં પતન. શ્રીહરિનું ભુજથી ધમડકાપુરમાં આગમન . ★ હરિ-અવજ્ઞાનું પરિણામ.

**અધ્યાય - ૨૦** ૧૫૨
★ ભગવાન શ્રીહરિનું ધમડકા અને ભચાઉમાં બે બે દિવસનું અને કંથકોટમાં એક દિવસનું રોકાણ. ★ શ્રીહરિની પિપળીથી રાજકોટમાં પધરામણી . ★ શ્રીહરિનાં અદ્‌ભૂતચરિત્રોનું સંક્ષિપ્ત વર્ણન.

**અધ્યાય - ૨૧** ૧૫૯
★ સરધારમાં સંવત ૧૮૬૧ નો જન્માષ્ટમીનો ઉત્સવ. ★ કામ, ક્રોધ અને લોભમાં બળવાન કોણ ? . ★ અર્થમાં રહેલા પંદર અનર્થો. ★ કારીયાણીના માચાભક્તની વિનંતી .

**અધ્યાય - ૨૨** ૧૫૬
★ ગઢપુરનું વર્ણન અને અભયરાજાનો પવિત્ર પરિવાર.

**અધ્યાય - ૨૩** ૧૭૧
★ અભય પરિવારને ખટ્‌વાંગ રાજાએ પ્રભુ પ્રાગટ્યના શુભ સમાચાર આપ્યા.

**અધ્યાય - ૨૪** ૧૭૫

★ ખટ્વાંગરાજાના મુખે ભગવાન શ્રીહરિનાં જન્મથી લઈ સર્વે ચરિત્રોનું સંક્ષિપ્ત વર્ણન.

**અધ્યાય - ૨૫** ૧૮૫

★ શ્રીહરિની મનોહર મૂર્તિના ધ્યાનની રીત. ★ ઉપાંગ અને સાંગ ધ્યાન .

**અધ્યાય - ૨૬** ૧૯૦

★ શત્રુઓના ઉપદ્રવના તત્કાળ વિનાશનો ઉપાય. ★ શ્રીહરિનું દશાવતારસ્તોત્ર. ★ સ્તોત્રપાઠની ફલશ્રુતિ. ★ અભયપરિવારનું આકરું તપ .

**અધ્યાય - ૨૭** ૧૯૭

★ ભગવાન શ્રીહરિનું કારિયાણી ગામે આગમન. ★ ખટ્વાંગાદિ ભક્તોને શ્રીહરિનું દિવ્ય દર્શન. ★ ખટ્વાંગ રાજાએ કરેલી સ્તુતિ .

**અધ્યાય - ૨૮** ૨૦૯

★ પરિવારે સહિત અભયરાજાનું કારિયાણીમાં આગમન. ★ સપરિવાર અભયરાજાએ કરેલી સ્તુતિ. ★ કારિયાણીમાં મહાવિષ્ણુયાગ અને મહારુદ્રયાગની ઉજવણી.

**અધ્યાય - ૨૯** ૨૧૭

★ કારિયાણી ગામમાં મહારુદ્ર યજ્ઞને અંતે મોટી સભાનું આયોજન. ★ પરોપકારનો મહિમા . ★ પરોપકારી રંતિદેવ રાજાનું આખ્યાન .

**અધ્યાય - ૩૦** ૨૨૩

★ દુર્ગપુર પધારવા અભય રાજાની પ્રાર્થના અને શ્રીહરિનું ગઢપુરમાં આગમન. ★ અભયપરિવારનું અપૂર્વ આત્મનિવેદન. ★ પુષ્પ-દોલોત્સવની ભવ્ય ઉજવણી. ★ સંતસમાગમનો મહિમા. ★ સંતસમાગમ કરવા યોગ્ય સંતનાં લક્ષણ .

**અધ્યાય - ૩૧** ૨૩૦

★ અભયરાજાની પ્રાર્થનાથી સંતમંડળે સહિત શ્રીહરિએ પ્રબોધની સુધી રોકાવાનો નિર્ણય કર્યો. ★ અભયપરિવારને થયેલું સમાધિવિના અલૌકિક દિવ્યદર્શન. ★ અભયરાજાએ કરેલી ઊભયરૂપની અદ્‌ભૂત સ્તુતિ.

**અધ્યાય - ૩૨** ૨૩૭

★ શ્રીહરિએ શરદપૂર્ણિમાનો ઉત્સવ ઉજવ્યો અને સંતોને પૂર્વરૂપનાં દર્શન કરાવ્યાં. ★ અભયપરિવારનો અપૂર્વ પ્રેમ. ★ શ્રીહરિની પ્રતિજ્ઞા ‘‘ગઢડું મારું ને હું ગઢડાનો’’ .

**અધ્યાય - ૩૩** ૨૪૩

★ દેશાંતરમાં વિચરણ કરવા જતા સંતોને સાવધાનીનો સદ્‌બોધ આપતા શ્રીહરિ. ★ ક્ષમાગુણની પ્રસંશા.

**અધ્યાય - ૩૪** ૨૫૩

★ ભગવાન શ્રીહરિનો પ્રતાપ સહન ન થવાથી અસુર ગુરુઓ અને રાજાઓ ક્રોધે ભરાયા અને શ્રીહરિને મારવા કરેલાં અનેક ઉપાયો. ★ નિર્માની સંતોને અસુરોએ આપેલી પીડા. ★ શ્રીહરિએ આપેલું સંતોને આશ્વાસન . ★ અંગ્રેજના દશ પ્રકારના ધર્મો .

**અધ્યાય - ૩૫** ૨૬૦

★ હરિ ઈચ્છાએ અંગ્રેજ સરકારનું શાસન આવ્યું અને સંતોના દ્રોહીઓને શિક્ષા કરી સીધાદોર કર્યા. ★ શ્રીહરિ અને ગવર્નરનું રાજકોટમાં મિલન .

**અધ્યાય - ૩૬** ૨૬૬

★ ગવર્નર અને શ્રીહરિનો અદ્‌ભૂત સંવાદ. ★ શ્રીહરિનું ગઢપુરમાં પ્રત્યાગમન.

**અધ્યાય - ૩૭** ૨૭૫

★ શિયાણીના શિવરામવિપ્રે ગઢપુરમાં આવી ભગવાન શ્રીહરિને પૂછેલા ઉદ્ધવ સંપ્રદાયને પ્રકાશન કરનારા અઢાર પ્રશ્નો અને તેના ઉત્તરો.

**અધ્યાય - ૩૮** ૨૯૨

★ ગઢપુરમાં શ્રીહરિના નિવાસ દરમ્યાન અનંત સંતો ભક્તોની હાજરીમાં વ્રતો-ઉત્સવોનું વર્ણન. ★ શ્રીહરિનું મછિયાવપુરમાં આગમન .

**અધ્યાય - ૩૯** ૨૯૯

★શ્રીહરિએ કહેલાં દાનેશ્વરી રાજાઓનાં સંક્ષિપ્ત આખ્યાનો. ★ દાનેશ્વરી મરુત્ત રાજા. ★ દાનેશ્વરી સુહોત્ર રાજા. ★ દાનેશ્વરી અંગ રાજા. ★ દાનેશ્વરી શિબિ રાજા. ★ દાનેશ્વરી દુષ્યન્ત પુત્ર ભરત રાજા. ★ દાનેશ્વરી ભગીરથ રાજા. ★ દાનેશ્વરી દિલીપ રાજા. ★ દાનેશ્વરી માંધાતા રાજા. ★ દાનેશ્વરી યયાતિ રાજા. ★ દાનેશ્વરી અંબરીષ રાજા. ★ દાનેશ્વરી શશબિન્દુ રાજા. ★ દાનેશ્વરી ગય રાજા. ★ દાનેશ્વરી સગર રાજા. ★ બ્રાહ્મણોના અપમાનનું ફળ.

**અધ્યાય - ૪૦** ૩૦૮

★ તીર્થક્ષેત્ર સિદ્ધપુરમાં ભગવાન શ્રીહરિનું આગમન. ★ સિદ્ધપુરતીર્થનો મહિમા. ★ તીર્થફળના અધિકારી. ★ તીર્થવિધિ . ★ તીર્થમાં સાવધાની. ★ દેવવ્રત તીર્થમાં રહેલો ભય.

**અધ્યાય - ૪૧** ૩૧૫

★ ભગવાન શ્રીહરિનું વિસનગર તથા વડનગરમાં આગમન. ★ ચાતુર્માસમાં અવશ્ય કરવાના તપનો ઉપદેશ. ★ તપ સાથે બ્રહ્મચર્યાદિ નિયમોની આવશ્યકતા .

**અધ્યાય - ૪૨** ૩૨૦

★ ચાતુર્માસમાં તપના નિયમો ગ્રહણ કરવાની રીતિનું વર્ણન. ★ ચાતુર્માસ કોરો ન જવા દેવો .

**અધ્યાય - ૪૩** ૩૨૬

★ કાર્તિક માસમાં વિશેષ પાલન કરવાનાં વ્રતોનું નિરૂપણ. ★ વ્રતીએ પાળવાના નિયમો. ★ ગ્રહણ કરવા છતાં વ્રતનો ભંગ ન થાય તેવાં પદાર્થો. ★ આમળાંનો મહિમા.

**અધ્યાય - ૪૪** ૩૩૪

★ ભગવાન શ્રીહરિનું શ્રીનગર (અમદાવાદ) શહેરમાં આગમન. ★ મોટી સત્સંગસભાનું આયોજન. ★ સમાધિરૂપ ઐશ્વર્યનું પ્રકાશન . ★ લોકો દ્વારા સમાધિદશાની પરીક્ષા. ★ સમાધિમાંથી જાગ્રતજનો દ્વારા શ્રીહરિનું ઐશ્વર્યવર્ણન. ★ વિદ્વાનોએ સમાધિ સાચી માની. ★ આરતીપદ.

**અધ્યાય - ૪૫** ૩૪૯

★ જેતલપુરમાં ભગવાન શ્રીહરિનું આગમન. ★ વામપંથી કિચક-વિપ્રનું સભામાં આગમન. ★ વિમુખ સાથે વાત કરવામાં પાપ . ★ શિષ્યોએ કરી કીચકની પ્રશંસા. ★ પાપી કીચકનો પરિચય. ★ સાંભળવામાં પણ પાપ લાગે તેવા કૌલમતનું વર્ણન.

**અધ્યાય - ૪૬** ૩૬૨

★ શ્રીહરિએ કરેલું શૂદ્ર શક્તિમાર્ગનું ખંડન.

**અધ્યાય - ૪૭** ૩૭૧

★ જીવજ જીવનું ભોજન છે. આ યુક્તિથી હિંસાનું પ્રતિપાદન કરતો કીચક, અને શાસ્ત્ર વચનોથી તેના મતનું શ્રીહરિએ કરેલું ખંડન. ★ શ્રીહરિનું ડભાણમાં આગમન.

**અધ્યાય - ૪૮** ૩૮૫

★ ડભાણમાં ભક્તજનોએ મોટું સામૈયું કરી ભગવાન શ્રીહરિનો સત્કાર કર્યો. ★ મહાવિષ્ણુયાગની ભવ્ય ઉજવણી. ★ ગ્રંથકર્તા શતાનંદસ્વામીનું સત્સંગમાં આગમન .

**અધ્યાય - ૪૯** ૩૮૯

★ ડભાણમાં મોટી સત્સંગસભામાં બ્રાહ્મણોનું સેવન, પૂજન એજ મુખ્ય રાજધર્મનું શ્રીહરિએ કરેલું નિરૂપણ. ★ બ્રાહ્મણવિષે શ્રીકૃષ્ણસંદેશ.

**અધ્યાય - ૫૦** ૩૯૮

★ શ્રીહરિનું ચરોતર તથા કાનમદેશનાં ગામોમાં વિચરણ. ★ ભવ્ય સ્વાગત સાથે શ્રીહરિની સુરતમાં પધરામણી. ★ શ્રીહરિની રાજદરબાર-આદિકમાં પધરામણી .

**અધ્યાય - ૫૧** ૪૦૨

★ સુરતમાં ભગવાન શ્રીહરિએ મોટી સત્સંગ સભામાં ભાલચંદ્રશેઠના ભક્તિસંબંધી પ્રશ્નોના ઉત્તરો આપ્યા. ★ ભક્તિના નવ પ્રકાર. ★ દશમી પ્રેમલક્ષણા ભક્તિનું વિવેચન . ★ ભક્તને માટે ભયાવહ સ્થાન .

**અધ્યાય - ૫૨** ૪૧૬

★ ધર્મપુરનાં રાજરાણી કુશળ કુંવરબાઈના નિમંત્રણથી શ્રીહરિની ધર્મપુરમાં પધરામણી. ★ કુશળબાની અનુકરણીય સમજણ. ★ દેવકીતીર્થમાં શ્રીહરિનું આગમન . ★ શ્રીહરિનું ગઢપુર પ્રત્યાગમન. ★ દ્વિતીયપ્રકરણ શ્રવણની ફલશ્રુતિ.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ શ્રીમત્ સત્સંગિજીવન ॥

# ॥ દ્વિતીય પ્રકરણ ॥

**प्रथमः अध्यायः - १**

**सुव्रत उवाच**

स्नातः कृताह्निकः सोऽथ चतुर्दशदिने सभाम् । कारयामास महतीं न्यषीदत्तत्र च स्वयम् ॥ १
तस्याग्रतो निषेदुश्च नैष्ठिका ब्रह्मचारिणः । मुकुन्दानन्दप्रमुखाः स्वामिनः सहयायिनः ॥ २
ततः सन्तो निषेदुश्च मुक्तानन्दादयोऽखिलाः । विप्राश्च मयरामाद्याः क्षत्रिया मूलजिन्मुखाः ॥ ३

---

## સરળ ગુજરાતી ભાષાંતર

## અધ્યાય - ૧

### શ્રીહરિએ રામાનંદ સ્વામીના ચૌદમા દિવસની શોકસભામાં આપેલો ધર્મોપદેશ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ !ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી તિરોધાન થયા તેના ચૌદમા દિવસે પ્રાતઃકાળે સ્નાન સંધ્યાવંદનાદિક નિત્યવિધિ સમાપ્ત કરી ભગવાન શ્રીનારાયણમુનિએ સંતો ભક્તોની મોટી સભાનું આયોજન કર્યું, અને તે સભામધ્યે પધારી સ્વયં શ્રીહરિ અમૂલ્ય રમણીય સિંહાસન ઉપર વિરાજમાન થયા.[૧]

તેમના મુખારવિંદની આગળ સદાય રામાનંદસ્વામીની સાથે ફરનારા મુકુન્દાનંદાદિ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ બેઠા, તેમની પાછળ મુક્તાનંદસ્વામી આદિ સમગ્ર સંતો બેઠા. તેમની પાછળ મયારામાદિ બ્રાહ્મણો, તેમની પાછળ મૂળજી આદિ ક્ષત્રિય ભક્તો, તેમની પાછળ પર્વતભાઈ આદિ વૈશ્ય ભક્તો અને તેમની પાછળ કાળુભાઈ આદિ શૂદ્ર ભક્તજનો બેઠા. તથા તે સભાના એક અલગ ભાગમાં

पर्वताद्या विशः शूद्रा निषेदुः कालजिन्मुखाः । तत्र पुंसोऽस्पृशन्त्यश्च लाडिनीप्रमुखाः स्त्रियः ॥ ४
उद्धवस्याश्रिता येऽन्ये निषेदुस्तत्र तेऽखिलाः । मुकुन्दाद्याः प्राञ्जलयो नत्वाऽथोचुरिदं हरिम् ॥ ५
नमः श्रीसहजानन्दस्वामिने गुरुमूर्तये । नारायणमुने ! तुभ्यं नानासद्गुणशालिने ॥ ६
महाराज ! त्वमेवासि स्थाने श्रीस्वामिनोऽद्य वै । अतः स्वामी त्वमस्माकं वयं शिष्यास्तवाखिलाः ७
वर्तिष्यामह आज्ञायां तवैव वयमादरात् । अतः शाधि यथार्हं नः कार्याकार्येऽखिलार्थवित् ॥ ८

**सुव्रत उवाच –**

निर्व्याजावाचस्तान्भक्तान् स्वामी प्राहाथ मानदः । तेषां धर्मस्थितिं वाक्यैः द्रढयन्धर्मशास्त्रगैः ॥ ९

**श्रीनारायणमुनिरुवाच –**

मुकुन्द ! शृणु सद्बुद्धे ! भक्ताः ! श्रृणुत चेतरे । यूयं मदाश्रयाः स्थेति जानाम्यत्र न संशयः ॥ १०

---

પુરુષોનો સ્પર્શ ન થાય તે રીતે લાડકીબાઈ આદિ સ્ત્રીભક્તો બેઠાં. તે ચાર વર્ણથી ઈતરના ઉદ્ધવાવતાર શ્રીરામાનંદસ્વામીના આશ્રયે ભગવાનનું ભજન કરનારા સમગ્ર ભક્તજનો ચારે વર્ણની સભાની પાછળના ભાગમાં બેઠા. આ રીતે સૌ પોતપોતાની જગ્યાએ સુવ્યવસ્થિત બેસી ગયા. ત્યારે મુકુન્દાનંદ બ્રહ્મચારી આદિક સર્વે હાથ જોડી શ્રીહરિને નમસ્કાર કરી કહેવા લાગ્યા.[૨-૫]

હે નારાયણમુનિ ! તમોને અમારા નમસ્કાર, તમે સ્વાભાવિક આનંદમય સ્વરૂપ સહજાનંદ છો અને સર્વના સ્વામી છો. અમારા સૌના ગુરુસ્થાને વિરાજતા આપ અનંત સદ્‌ગુણોથી શોભી રહ્યા છો.[૬] એવા હે મહારાજ ! તમો અત્યારે ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીના સ્થાને વિરાજો છો તેથી અમારા સર્વેના આપ સ્વામી છો, ગુરુ છો. અમે સૌ આપના શિષ્યો છીએ.[૭] અમે સર્વે તમારી આજ્ઞા પ્રમાણે આદર પૂર્વક વર્તન કરશું, તેથી અમારે સૌને શું કરવું જોઈએ ? અને શું ન કરવું જોઈએ ? તેનો યથાર્થ બોધ આપો. કારણ કે, અમારું હિત શેમાં રહેલું છે. તે આપ જ યથાર્થ જાણો છો.[૮]

**શ્રીહરિનો આચાર્યપદેથી પ્રથમ ધર્મોપદેશ –** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે મુકુન્દાનંદાદિ સર્વ ભક્તોનાં નિષ્કપટ ભાવવાળાં વચનો સાંભળી તેમના ભાવને આદર આપતા શ્રીસહજાનંદ સ્વામી ધર્મશાસ્ત્રને અનુસરનારાં પ્રિય વચનોથી સર્વેની ધર્મમર્યાદાને દૃઢ કરાવવા માટે તેઓ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સદ્‌બુદ્ધિમાન્ મુકુન્દ બ્રહ્મચારી ! તમે તથા ઈતર સર્વે હે ભક્તજનો ! તમે પણ મારાં વચનો સાંભળો. તમે મારે આશરે રહેલા એકાંતિક

नृदेहं प्राप्य यत्किञ्चित्कर्तव्यं सर्वथा जनैः । तदेव क्रियते नूनं भवद्भिर्हि मुमुक्षुभिः ॥ ११
अधिकारानुसारेण पूर्वं श्रीस्वामिना यथा । ये ये यत्र नियुक्ताः स्युः स्थातव्यं तत्र तैस्तथा ॥ १२
तदुक्तान्येव सद्धर्मवाक्यानि नियतव्रतैः । सर्वैश्च पालनीयानि गृहस्थैस्त्यागिभिस्तथा ॥ १३
धर्मादपेतं यत्कर्म यद्यपि स्यान्महाफलम् । न तत्सेवेत मेधावी शुचिः कुसलिलं यथा ॥ १४
यमार्याः क्रियमाणं हि स्तुवन्त्यागमवेदिनः । स धर्मो यं च निन्दन्ति तमधर्मं प्रचक्षते ॥ १५
विद्या वित्तं वपुः शौर्यं कुले जन्म विरोगिता । संसारसङ्कटोद्धारो धर्मादेव प्रवर्तते ॥ १६
शब्दे स्पर्शे च रूपे च रसे गन्धे च देहिनाम् । प्रभुत्वं जायते यत्तत् धर्मस्यैव फलं विदुः ॥ १७
धर्मं चिन्तयमानोऽपि यदि प्राणैर्वियुज्यते । तर्हि स्वर्गमवाप्नोति किं पुनस्तमिहाऽऽचरन् ॥ १८

---

ભક્તો છો. એ હું જાણું છું. તેમાં લેશમાત્ર સંશય નથી.[૯-૧૦] આ મનુષ્યદેહ પ્રાપ્ત કર્યા પછી મનુષ્યોએ સર્વથા જે કાંઇ પણ કરવું જોઇએ તે સર્વે મુમુક્ષુ એવા આપ સૌ કરો છો.[૧૧]

હે ભક્તજનો ! ગુરુવર્ય શ્રીરામાનંદ સ્વામીએ પૂર્વે તમોને જે જે કાર્યો કરવા પોતપોતાના અધિકાર પ્રમાણે નિયુક્ત કરેલા છે. તે સૌએ તે તે સ્થાનમાં રહીને પોતપોતાનું કાર્ય નિષ્ઠાપૂર્વક કર્યે રાખવું, તથા સ્વામીએ ઉપદેશ કરેલા પોતપોતાના સ્વધર્મનું ત્યાગી તથા ગૃહસ્થ એવા આપ સૌએ નિયમપૂર્વક પાલન કરતા રહેવું.[૧૨-૧૩]

**ધર્મનું મહત્ત્વ** – હે સર્વ ભક્તજનો ! ધર્મરહિત કોઇ પણ કર્મ ભલેને મહાફળ આપનારું હોય છતાં પવિત્ર અને મેધાવી પુરુષે તેનું ગંદાપાણીની જેમ માની સેવન ન કરવું.[૧૪] સત્શાસ્ત્રને જાણનારા આર્યપુરુષોએ જે કાર્ય-પ્રણાલીની પ્રશંસા કરી હોય તેનું નામ "ધર્મ" છે. અને જે કાર્ય પધ્ધતિની નિંદા કરી હોય તેનું નામ "અધર્મ" છે.[૧૫] જીવનમાં સદ્વિદ્યાની પ્રાપ્તિ થવી, શુભ ધન પ્રાપ્ત થવું કે સુંદર શરીર પ્રાપ્ત થવું, તેમજ શૂરવીરતાનો ગુણ કે સારા કુળમાં જન્મ તથા શરીરમાં નિરોગીપણું પ્રાપ્ત થવું કે સંસારનાં સંકટોમાંથી હરહમેશાં નીકળવાનો માર્ગ પ્રાપ્ત થતો રહેવો, આ સર્વે પૂર્વે પાલન કરેલા ધર્મનો પ્રભાવ છે.[૧૬] તેવી જ રીતે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પંચવિષયો સંકલ્પમાત્રથી સિદ્ધ થતા રહે, તે મનુષ્યોએ પૂર્વ જન્મમાં પાળેલા પોતાના ધર્મનું ફળ છે, એમ જાણવું.[૧૭]

હે ભક્તજનો ! કોઇ પુરુષ "મારે આ ધર્મનું અવશ્ય પાલન કરવું છે" એમ શુભ સંકલ્પ કરતો કરતો પણ જો પ્રાણનો ત્યાગ કરે તો તેને સ્વર્ગનું સુખ

येऽर्था धर्मेण ते सत्या येऽधर्मेण धिगस्तु तान् । धर्मो वै शाश्वतो लोके न हेयो धनकाङ्क्षया ॥ १९
उत्सवादुत्सवं यान्ति स्वर्गात्स्वर्गं सुखात्सुखम् । श्रद्दधानाश्च शान्ताश्च धनाढ्या धर्मकारिणः ॥ २०
धर्मः प्रजां वर्धयति क्रियमाणः पुनः पुनः । धर्मादर्थश्च कामश्च सुखं ज्ञानं च जायते ॥ २१
अर्थकामौ लिप्समानो धर्ममेवादितश्चरेत् । न हि धर्माद्भवेत्किञ्चित् दुष्प्रापमिति मे मतिः ॥ २२
निपानमिव मण्डूकाः सरः पूर्णमिवाण्डजाः । शुभकर्माणमायान्ति विवशाः सर्वसम्पदः ॥ २३
धर्माद्राज्यं धनं सौख्यं प्राप्यन्ते सर्वसिद्धयः । लोकद्वयेऽपि यत्सौख्यं तद्धर्मात्प्राप्यते नृभिः ॥ २४

---

પ્રાપ્ત થાય છે. તો પછી આ લોકમાં તેનું યથાર્થ પાલન કરવાથી સ્વર્ગાદિકનાં સુખ પ્રાપ્ત થાય એમાં કહેવું જ શું ? અને ધર્મથી મેળવેલી સંપત્તિ જ અંતે સુખ આપનારી થાય છે. જ્યારે અધર્મથી મેળવેલી સંપત્તિ જતે દહાડે દુઃખનું જ કારણ બને છે. કારણ કે, શાશ્વત સુખનું કારણ એક માત્ર ધર્મ જ છે. તે માટે કોઈ પણ રસ્તેથી ધન મેળવવાની ઈચ્છાથી ધર્મનો માર્ગ છોડવો નહિ.[૧૮-૧૯]

સત્શાસ્ત્રમાં શ્રદ્ધાવાળા, ધર્મનું પાલન કરી ઇંદ્રિયોને કાબૂમાં રાખી શાંતપણે વર્તતા, ધનાઢ્ય, ધાર્મિક પુરુષોને ત્યાં વારંવાર ઉત્સવો ઉપર ઉત્સવોના પ્રસંગો આવે છે. તેઓ વારંવાર સ્વર્ગના અધિકારી થાય છે. અને હમેશાં સુખનો જ અનુભવ કરે છે.[૨૦] વારંવાર ધર્મનું અનુષ્ઠાન કરવાથી ધાર્મિક સંતાનોની વૃદ્ધિ થાય છે, પરંતુ તેના વંશનો ઉચ્છેદ થતો નથી. ધર્મપાલનથી જ ધન મળે છે અને વિષયભોગ પ્રાપ્ત થાય છે. તેમજ નિરોગી શરીર અને સુખ પણ ધર્મપાલનથી જ મળે છે. અને આત્મા-પરમાત્મા સંબંધી યથાર્થજ્ઞાન પણ ધર્મપાલનથી જ પ્રાપ્ત થાય છે.[૨૧] ધન પ્રાપ્તિની ઈચ્છા હોય કે, ઇંદ્રિયોના વિષયભોગની ઈચ્છા હોય, તે પ્રાપ્ત કરવા મનુષ્યે પહેલાં ધર્મનું પાલન કરવું જોઈએ. કારણ કે, ધર્મપાલન કરનારાને આ જગતમાં કોઈ વસ્તુ દુર્લભ રહેતી નથી, સર્વે સુલભ થાય છે. એમ મારું ચોક્કસ માનવું છે.[૨૨] જેમ પાણી ખૂટવા આવતાં ખાબોચિયાનાં દેડકાંઓ પરવશ થઈ બીજાં જળાશય તરફ ગતિ કરે છે, તરસ્યાં પક્ષીઓ પરવશ થઈ જળ ભરેલા સરોવર તરફ ગતિ કરે છે, તેમ જગતની સર્વે સંપત્તિ પરવશ થઈને ધર્મનું શુભ આચરણ કરનારા પુરુષ પ્રતિ ગતિ કરે છે.[૨૩] ધર્મપાલનથી જ રાજ્યસુખ, ધન, શરીરનું આરોગ્ય અને અણિમાદિ અષ્ટ સિદ્ધિઓ પણ ધર્મપાલનથી જ પ્રાપ્ત થાય છે. ટૂંકમાં આલોકમાં કે પરલોકમાં જે કાંઈ સુખ પ્રાપ્ત થાય છે તે એક ધર્મપાલનથી જ પ્રાપ્ત થાય છે. અને ધર્મનો ત્યાગ કરવાથી સર્વેનો નાશ થાય છે.[૨૪]

धर्मे वृद्धे विवर्धन्ते सर्वभूतानि सर्वदा । तस्मिन् ह्रसति हीयन्ते तस्माद्धर्मो निषेव्यताम् ॥ २५
श्रुतिस्मृत्युदितं धर्ममनुतिष्ठन् हि मानवः । इह कीर्तिमवाप्नोति प्रेत्य चानुत्तमं सुखम् ॥ २६
एक एव सुहृद्धर्मो निधनेऽप्यनुयाति यः । शरीरेण समं नाशं सर्वमन्यद्धि गच्छति ॥ २७
धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः । कर्मणा मनसा वाचा ततो धर्मं चरेत्पुमान् ॥ २८
न कामान्न च संरम्भान्नोद्वेगान्न भयादपि । न हेतोर्जीवितस्यापि धर्मस्त्याज्यो न लोभतः ॥ २९
सीदन्नपि हि धर्मेण नाधर्मे योजयेन्मनः । अधार्मिकाणां पापानामाशु पश्यन् विपर्ययम् ॥ ३०

હે ભક્તજનો ! જો માનવ સમાજમાં ધર્મની વૃદ્ધિ થાય તો માનવમાત્ર સર્વકાળે સમૃદ્ધ થાય છે. અને જો ધર્મનો ક્ષય થાય તો માનવે સહિત ભૂતપ્રાણી માત્રનો ક્ષય થાય છે. માટે માનવમાત્રે ધર્મનું જ આચરણ કરવું જોઈએ.[૨૫] જે મનુષ્યો શ્રુતિ અને સ્મૃતિમાં કહેલા ધર્મોનું પાલન કરે છે તે આલોકમાં મહાન કીર્તિને પામે છે અને પરલોકમાં પણ અતિ ઉત્તમ સુખના અધિકારી થાય છે. તેથી કેવળ એક ''ધર્મ'' જ માનવનો સાચો હિતેચ્છુ મિત્ર છે. કારણ કે, જીવ જ્યારે શરીરને છોડીને અન્યત્ર જાય છે ત્યારે તેને સુખી કરવા માત્ર ધર્મ જ તેની પાછળ પાછળ જાય છે. પરંતુ શરીર સાથે અન્ય સર્વેનો નાશ થઈ જાય છે. અર્થાત્ માતા, પિતા, પત્નિ, પુત્રાદિ સર્વે અહીં જ રહી જાય છે. જીવની સાથે તેના હિતેચ્છુ મિત્ર થઈને કોઈ જતું નથી.[૨૬-૨૭]

હે ભક્તજનો ! ધર્મની હત્યા કરનારાની ધર્મ જ હત્યા કરે છે. અર્થાત્ જે મનુષ્યો ધર્મને છોડી દે છે તે માનવને ધર્મ પણ છોડી દે છે. જે માનવ ધર્મની રક્ષા કરે છે તે માનવની ધર્મ પણ રક્ષા કરે છે. તેથી મનુષ્ય માત્રે મન, કર્મ વચને યથાર્થ ધર્મનું પાલન કરવું.[૨૮] મનુષ્યોએ મનમાં કામ વ્યાપે કે ક્રોધના આવેગમાં આવી જવાય છતાં ધર્મ તો કદાપિ છોડવો નહિ. કદાચિત કોઈ કારણે મનમાં ઉદ્વેગ વ્યાપે કે કોઈનાથી ભય ઉત્પન્ન થાય અને કોઈ વખતે જીવન જોખમમાં હોય તોપણ માનવે ધર્મ છોડવો નહિ. કોઈ ધન આદિકની પ્રાપ્તિના લોભમાં પણ માનવે ધર્મ છોડવો નહિ.[૨૯] ધર્મનું આચરણ કરવા છતાં મનમાં ધારી રાખેલું સુખ પ્રાપ્ત ન થાય ત્યારે દુઃખી થયેલાં મનને અધર્મના માર્ગે જવા દેવું નહિ. પરંતુ તત્કાળ અધર્મમય જીવન જીવનારા પાપીમનુષ્યોના દુઃખની સામે નજર કરી વિચાર કરવો કે પાપ કરનારને છેલ્લે આવાં દુઃખો ભોગવવાં પડે છે.[૩૦]

तृणपत्राग्रगाम्यम्बुबिन्दुवच्चञ्चलं नृणाम् । जीवितं वर्तते तस्मात् साधनीयः स सत्वरम् ॥ ३१
अजरामरवत्प्राज्ञो विद्यामर्थं च साधयेत् । गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् ॥ ३२
एकस्मिन्नप्यतिक्रान्ते दिवसे धर्मवर्जिते । यो जीवति स भस्त्रेव श्वसितीति विदुर्बुधाः ॥ ३३
नावसीदति चेद्धर्मः कपालेनापि जीवता । आढ्योऽस्मीत्येव मन्तव्यं धर्मवित्ता हि साधवः ॥ ३४
अर्थसिद्धिं परामिच्छन्नपि धर्मपरो भवेत् । न हि धर्मादपैत्यर्थः स्वर्गलोकादिवामृतम् ॥ ३५
तस्माद्धर्मं सहायार्थं नित्यं सञ्चिनुयाच्छनैः । धर्मेण हि सहायेन तमस्तरति दुस्तरम् ॥ ३६
स षड्विधो वर्णधर्मो धर्म आश्रमिणां तथा । धर्मो वर्णाश्रमाणां च गौणो नैमित्तिकस्तथा ॥ ३७

માટે હે ભક્તજનો ! મનુષ્યનું જીવન તૃણપત્રના અગ્રભાગ ઉપર રહેલાં ઝાંકળનાં જળબિંદુ જેવું ચંચળ છે. તેથી ધર્મનું પાલન તત્કાળ કરી લેવું, પરંતુ આયુષ્યના ભરોસે વિલંબ કરવો નહિ.[૩૧] ડાહ્યા વ્યક્તિએ પોતાને અજર અને અમર માની વિદ્યાનો અભ્યાસ કરવો, અને ધનનું ઉપાર્જન કરવું. જો એમ ન વિચારે તો તેને માટે કોઈ પ્રવૃત્તિ થાય નહિ. અને મૃત્યુએ મારા માથાના કેશ પકડી રાખ્યા છે, હમણાં જ મને ઉઠાવશે, એમ માની ધર્મનું આચરણ કરી લેવું. [૩૨]

હે ભક્તજનો ! જે મનુષ્યનો એક પણ દિવસ ધર્મના અનુષ્ઠાન વિનાનો ખાલી જાય છે તે માનવ તો ધમણની માફક માત્ર વ્યર્થ શ્વાસ લે છે. એમ ડાહ્યાપુરુષો મનમાં જાણે છે.[૩૩] જો પોતાનાથી ધર્મનો નાશ ન થાય અને યથાર્થ ધર્મનું પાલન થતું રહે ને કદાચ હાથમાં ભિક્ષાપાત્ર લઈ ભીખ માંગીને જીવવું પડે તો પણ માનવ પોતે એમ જાણે કે, હું મોટો ધનપતિ છું. પરંતુ પોતાને કંગાલ માને નહિ. કારણ કે ધર્મશીલ પુરુષોનું સ્વધર્મ એજ સાચું ધન છે.[૩૪]

હે ભક્તજનો ! સામ્રાજ્યાદિ સર્વોત્તમ ધનસંપત્તિની ઈચ્છા રાખનાર પુરુષે પણ ધર્મપરાયણ થવું, કારણ કે જેમ અમૃત સ્વર્ગનો ક્યારેય ત્યાગ નથી કરતું, તેમ ધનસંપત્તિની સિદ્ધિ ક્યારેય પણ ધર્મનો ત્યાગ કરતી નથી. અર્થાત્ ધનની સિદ્ધિ માત્ર ધર્મથી જ થાય છે. ધર્મપાલનનો આવો મોટો મહિમા હોવાથી પરલોકમાં સહાય કરનારા ધર્મનું ધીરે ધીરે નિરંતર પાલન કરી આગળ વધતા રહેવું. કારણ કે, કોઈ સાધનથી દૂર ન થઈ શકે તેવા જીવના અજ્ઞાનરૂપ અંધકારને એક ધર્મની સહાયતાથી જ દૂર કરી શકાય છે.[૩૫-૩૬]

**માનવધર્મના છ પ્રકારો :–** હે ભક્તજનો ! જે ધર્મનો મેં મહિમા કહ્યો તે ધર્મ છ પ્રકારનો છે, એમ ધર્મના ભેદને જાણનારા ઋષિમુનિઓએ કહ્યું

साधारण इति प्रोक्तः षोढा तद्भेदवेदिभिः । तत्र साधारणो धर्मो यस्तं भक्ता ! ब्रवीमि वः ॥ ३८
क्षमा दयाऽनसूया च शौचानायासमङ्गलम् । अकार्पण्यं निःस्पृहत्वं धर्मः साधारणो मतः ॥ ३९
बाह्ये वाऽध्यात्मिके दुःखे केनाप्युत्पादिते सति । न कुप्यति न वा हन्ति सा क्षमा परिकीर्तिता ॥ ४०
परो वा बन्धुवर्गो वा मित्रं द्वेष्टापि वा सदा । आपन्नः सर्वथा रक्ष्यो दयैषा परिकीर्तिता ॥ ४१
न गुणान् गुणिनां हन्ति स्तौति मन्दगुणानपि । नान्यदोषेषु रमते साऽनसूया प्रकीर्तिता ॥ ४२
अभक्ष्यपरिहारश्च संसर्गश्चाप्यनिन्दितैः । स्वधर्मे च व्यवस्थानं शौचमेतत्प्रकीर्तितम् ॥ ४३
शरीरं पीड्यते येन सुशुभेनापि कर्मणा । अत्यन्तं तन्न कर्तव्यम् अनायासः स उच्यते ॥ ४४

---

છે. એક વર્ણધર્મ, બીજો આશ્રમધર્મ, ત્રીજો વર્ણાશ્રમધર્મ, ચોથો ગૌણધર્મ, પાંચમો નૈમિત્તિકધર્મ અને છઠ્ઠો સાધારણધર્મ. તેમાં સાધારણ ધર્મની વાત હું તમને પ્રથમ જણાવું છું.[૩૭-૩૮]

હે ભક્તજનો ! ક્ષમા, દયા, અસુયાનો ત્યાગ, પવિત્રતા, અનાયાસ, મંગલ, અકાર્પણ્ય અને નિઃસ્પૃહપણું આ સર્વે સાધારણ ધર્મો કહ્યા છે.[૩૯]

**ક્ષમા** :- કોઈપણ મનુષ્ય બાહ્ય શરીરને પીડા આપે કે માનસિક પીડા આપે છતાં તે પીડા ઉપજાવનાર વ્યક્તિ ઉપર લેશમાત્ર પણ ક્રોધ ન કરે અને તેને મારે પણ નહિ, તે ગુણને ''ક્ષમા'' કહેવાય છે.[૪૦]

**દયા** :- પોતાનો બંધુવર્ગ હોય કે પછી અન્ય વર્ગ હોય, મિત્ર હોય કે શત્રુ હોય, પણ તેઓને જો આપત્કાળ આવે ત્યારે તેમાં પણ પોતાની શક્તિને અનુસારે તેઓનું સર્વ પ્રકારે રક્ષણ કરવું તે ગુણને ''દયા'' કહેવાય છે.[૪૧]

**અનસૂયા** :- ગુણવાન પુરુષોના વિદ્યા આદિક ગુણો ઉપર ક્યારેય દોષનું આરોપણ ન કરે, પરંતુ તેમના અલ્પ સરખા ગુણની પણ પ્રશંસા કરે. તથા અન્યના દોષો જોઈ મનમાં હરખાય નહિ. આવા ગુણને ''અનસૂયા'' કહેવાય છે.[૪૨]

**શૌચ** :- ડુંગળી, લસણ આદિ અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ ન કરવું, લોક અને શાસ્ત્રમાં નિંદાને ન પામેલા પુરુષનો સમાગમ કરવો, પોતપોતાના ધર્મનું પાલન કરવું. આ ગુણને ''શૌચ'' (પવિત્રતા) કહેવાય છે.[૪૩]

**અનાયાસ** :- કૃચ્છ્રચાંદ્રાયણાદિ વ્રતો કરવાં તે બહુજ શુભ કર્મ છે, છતાં પણ જો શરીરને પીડા ઉપજાવે છે એમ લાગે (મનને નહિ) તો તે અત્યાચાર લાગતું કર્મ ન કરવું. તે ગુણને ''અનાયાસ'' કહેવાય છે.[૪૪]

अद्रोहः प्राणिमात्रस्य वर्जनं चानृतस्य च । प्रशस्ताचरणं नित्यं यत्तन्मङ्गलमुच्यते ॥ ४५
स्तोकादपि प्रदातव्यम् अदीनेनान्तरात्मना । अहन्यहनि यत्किञ्चित् अकार्पण्यं हि तत्स्मृतम् ॥ ४६
यथालब्धेन सन्तोषः परद्रव्याद्यचिन्तनम् । अनासक्तिश्च देहादौ निःस्पृहत्वं तदुच्यते ॥ ४७
धर्मस्य धर्तुर्जगतां हि भक्ताः ! संक्षेपतो लक्षणमेतदुक्तम् ।
मया यथावत्कथयाम्यथो वस्तत्प्राप्त्युपायं च मुमुक्षुवेद्यम् ॥ ४८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे नारायणमुकुन्दानन्दादिसंवादे धर्मप्रशंसानिरूपणनामा प्रथमोऽध्यायः ॥ १ ॥*

---

**મંગલ** :- મન, કર્મ વચને પ્રાણીમાત્રનો દ્રોહ ક્યારેય ન કરવો, મિથ્યા બોલવાનું છોડવું અને સત્ય ભાષણ કરવું તથા શાસ્ત્રે જેની પ્રશંસા કરી હોય તેવા જ કર્મનું પ્રતિદિન અનુષ્ઠાન કરવું. તે ગુણને ''મંગલ'' કહેવાય છે.[૪૫]

**અકાર્પણ્ય** :- ઉદારમનથી પોતા પાસે રહેલા અલ્પ સરખા પણ પદાર્થમાંથી કાંઈક ને કાંઈક સત્પાત્રમાં નિરંતર દાન કરવું. તે ગુણને ''અકાર્પણ્ય'' કહેવાય છે.[૪૬]

**નિઃસ્પૃહતા** :- પોતાના પ્રારબ્ધ કર્મને અનુસારે જે કાંઈ પ્રાપ્ત થયું હોય તેમાં સંતોષ રાખવો, અને પારકા દ્રવ્યનું મનથી પણ ક્યારેય પડાવી લેવા ચિંતવન ન કરવું. તથા શરીરમાં અને તેને લગતા પદાર્થોમાં પણ આસક્તિનો ત્યાગ કરવો. તે ગુણને ''નિઃસ્પૃહતા'' કહેવાય છે.[૪૭]

હે ભક્તજનો ! આ પ્રમાણે જગતને ધારણ કરનાર ધર્મનું લક્ષણ મહિમાએ સહિત સંક્ષેપથી યથાર્થપણે મેં તમને કહ્યું. હવે પછી મુમુક્ષુઓને ખાસ જાણવા યોગ્ય તે ધર્મપ્રાપ્તિનો ઉપાય તમને હું જણાવું છું.[૪૮]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં નારાયણમુનિ અને મુકુંદાનંદાદિ ભક્તજનોના સંવાદમાં ધર્મની પ્રસંશાનું નિરૂપણ કર્યું એ નામે પ્રથમો અધ્યાય પૂર્ણ થયો. -૧***

---

## द्वितीयोऽध्यायः - २

### श्रीनारायणमुनिरुवाच -

कायक्लेशैर्न बहुभिः न चैवार्थस्य राशिभिः । धर्मः सम्प्राप्यते ह्येष श्रद्धाहीनैः सुरैरपि ॥ १
सर्वस्वं जीवितं वापि दद्यादश्रद्धया यदि । नाप्नुयात्सफलं किञ्चिच्छ्रद्दधानस्ततो भवेत् ॥ २
श्रुतिमात्ररसाः सूक्ष्माः प्रधानपुरुषेश्वराः । श्रद्धामात्रेण गृह्यन्ते न करेण न चक्षुषा ॥ ३
श्रद्धा मातेव सर्वेषां ज्ञानवैराग्ययोः प्रसूः । श्रद्धया साध्यते धर्मो नान्योपायेन केनचित् ॥ ४
अपि निष्किञ्चना विप्राः श्रद्धावन्तो दिवं गताः । धर्मार्थकाममोक्षाणां श्रद्धा परमसाधनम् ॥ ५
क्रियावान् श्रद्धधानश्च दाता प्राज्ञोऽनसूयकः । धर्माधर्मविशेषज्ञः तमस्तरति दुस्तरम् ॥ ६

---

## અધ્યાય - ૨

### ધર્મસિદ્ધિનું સાધન અને શ્રદ્ધાનો મહિમા.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! જે ધર્મનો મેં મહિમા કહ્યો, તેની સિદ્ધિનો ઉપાય સાધન માત્ર એક "શ્રદ્ધા" છે. દેવતાઓ પણ શ્રદ્ધાહીન હોય તો તેને પણ ધર્મની સિદ્ધિ થતી નથી. કોઈ શરીરને બહુ પ્રકારે કષ્ટ આપે, અઢળક સંપત્તિ વાપરે છતાં પણ જો ધર્મ ઉપર શ્રદ્ધા ન હોય તો ધર્મની સિદ્ધિ થતી નથી. કોઈ પોતાનું સકલ ધન અર્પણ કરીદે તથા પોતાનું સર્વસ્વ જીવન સમર્પણ કરી દે પણ અંતરમાં જો ધર્મ ઉપર શ્રદ્ધા ન હોય તો તેમનું કાંઈ પણ ફળ મળતું નથી, તેથી મનુષ્યોએ સૌ પ્રથમ ધર્મ ઉપર શ્રદ્ધાવાન થવું.[૧-૨] માત્ર ધર્મ નહિ, કોઈપણની સિદ્ધિમાં પ્રથમ શ્રદ્ધા રાખવી અવશ્ય છે. મૂળપ્રકૃતિ, તેના નિયંતા પુરુષ અને તે બન્નેના નિયંતા પરમાત્મા છે. તેઓનાં સ્વરૂપ અતિ સૂક્ષ્મ છે. તેઓના વિષે સાંભળવા માત્રથી આપણને સૌને આનંદરસ વરસે છે. પરંતુ તેઓનો સ્વીકાર કેવળ શ્રદ્ધાથી જ શક્ય છે, પણ હાથ કે નેત્રોથી તે દેવતાઓને પણ ગ્રહણ કરી શકાતા નથી.[૩]

હે ભક્તજનો ! શ્રદ્ધા તો સર્વેની મા છે. જ્ઞાન અને વૈરાગ્યની પ્રસૂતા પણ શ્રદ્ધા છે, માટે એક શ્રદ્ધાથીજ ધર્મ સિદ્ધ થાય છે, પણ બીજાં કોઈ સાધનથી તેની સિદ્ધિ શક્ય નથી. તદ્દન ગરીબ હોવા છતાં શ્રદ્ધાવાન વિપ્રો સ્વર્ગના સુખને પામ્યા છે. માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારે પુરુષાર્થનું પરમ સાધન એક માત્ર શ્રદ્ધા છે.[૪-૫] પ્રથમ મનુષ્ય ધર્મ અને અધર્મના સ્વરૂપને યથાર્થ જાણે, પછી ધર્મ

श्रद्धयाऽचर्यमाणोऽपि धर्मः शिथिलचेतसाम् । यथावत्फलदो न स्यात् कर्तव्यो नियमस्ततः ॥ ७
असिधाराव्रतं ह्येतत् पुंसां नियमशीलनम् । दुष्करो नियमः पुम्भी रागलोभाकुलात्मभिः ॥ ८
देवत्वं देवताः प्राप्ताः प्रकाशन्ते च तारकाः । नियमाचरणादेव वेलां नाक्रमतेऽर्णवः ॥ ९
नियमाद्दीप्यते वह्निर्नियमात्तप्यते रविः । नियमाद्वाति पवनो नियमाद्ध्रियते जगत् ॥ १०
नियमानां हि दृश्यन्ते समृद्धाः फलसिद्धयः । तथा विनियमानां च घोरा व्यापत्तयो भुवि ॥ ११
श्रद्धधानैस्ततः पुम्भिः धर्मो नियमपूर्वकम् । वर्धनीयः प्रतिदिनं परलोकसहायकृत् ॥ १२

ઉપર તે શ્રદ્ધાવાન થાય, જેથી પોતાના વર્ણાશ્રમધર્મનું તથા મોક્ષના સાધનનું યથાર્થ અનુષ્ઠાન કરવા લાગે, તથા પોતાના ધર્મ પ્રમાણે સત્પાત્રમાં દાન કરતો રહે, જેથી તેનું અંતર અસૂયાએ રહિત થતાં નિર્મળ થાય, ત્યારે તે નિર્મળ અંતરમાં આત્મજ્ઞાન પ્રગટ થતાં તે પ્રાજ્ઞ મનુષ્ય મહાકષ્ટથી પણ પાર ન કરી શકાય તેવા આ અજ્ઞાનરૂપી અંધકારમય સંસારને તત્કાળ તરી જાય છે.[૬]

**નિયમિતતાના પાયા પર શ્રદ્ધાની સફળતા –** હે ભક્તજનો ! શ્રદ્ધાપૂર્વક અનુષ્ઠાન કરાયેલો ધર્મ પણ શિથિલ મનવાળા પ્રમાદી પુરુષને યથાર્થ ફળ આપનારો થતો નથી. તેથી કર્મના અનુષ્ઠાનમાં નિયમિતતા હોવી જોઇએ. પ્રતિદિન આટલા જપ મારે કરવા જ, વગેરે નિયમ વિના શ્રદ્ધા ફળતી નથી. અને નિયમનું સાતત્ય જાળવવું એતો તલવારની ધાર ઉપર ચાલવા જેવું કઠિન છે. તેમાં પણ વિષયોમાં રાગ અને ધનાદિકના લોભથી વ્યાકુળ મનવાળા મનુષ્યોને નિયમનું સાતત્ય જાળવવું અતિ કઠિન છે.[૭-૮] નિયમોનું પાલન કરવાથી જ દેવતાઓ દૈવત પામ્યા છે. આકાશમાં તારામંડળ પણ નિયમના આધારે પ્રકાશી રહ્યું છે. નિયમ પાલન કરવાના કારણે જ સમુદ્ર પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી.[૯] અગ્નિ પણ નિયમના કારણે પ્રકાશી રહ્યો છે. સૂર્ય પણ નિયમ પ્રમાણે જ તપે છે. વાયુ પણ નિયમથી જ વાય છે. આ રીતે આખું જગત નિયમની ધરી ઉપર સ્થિર છે.[૧૦] આપણે આ પૃથ્વી ઉપર જોઇ શકીએ છીએ કે જ્યાં નિયમોનું પાલન થાય છે ત્યાં સમૃધ્ધિ અને ફળની સિદ્ધિઓ જોવા મળે છે. અને જ્યાં નિયમોનું પાલન નથી ત્યાં ઘોર આપત્તિઓ આવી પડેલી જોવા મળે છે.[૧૧] તેથી શ્રદ્ધાવાન મનુષ્યોએ પરલોકમાં સહાય કરનારા ધર્મને તેનું પ્રતિદિન નિયમપૂર્વક પાલન કરી વૃદ્ધિ પમાડવો.[૧૨]

देशः काल उपायश्च द्रव्यं श्रद्धा तथैव च । पात्रं त्याग इति प्रोक्तं धर्ममूलं हि सप्तकम् ॥ १३
शुद्धैरेतैर्भवेद्धर्मो विशुद्धः फलदायकः । अशुद्धैर्विपरीतः स्यात् इति ज्ञेयं विचक्षणैः ॥ १४
पुंसां गुणाश्च दोषाश्च सदसत्सङ्गतोऽपि हि । स्युस्तत्सङ्गः सतां कार्यो नासतां तु मुमुक्षुभिः ॥ १५
दोषजालस्य वै योनिः असतां तु समागमः । अहन्यहनि धर्मादेः योनिः साधुसमागमः ॥ १६
येषां त्रीण्यवदातानि विद्या योनिश्च कर्म च । सतस्तानेव सेवेत परीक्ष्य मतिमान्नरः ॥ १७
निरारम्भा ह्यपि नराः पुण्यशीलोपसेवनात् । पुण्यमेवाप्नुवन्तीह पापं पापोपसेवनात् ॥ १८

---

**ધર્મસિદ્ધિનાં સાત મૂળ –** હે ભક્તજનો ! શાસ્ત્રવેત્તાઓએ ધર્મસિદ્ધિનાં સાત મૂળ બતાવેલાં છે. એક દેશ- પવિત્ર તીર્થક્ષેત્રનું સેવન, બીજું કાળ- સક્રાંતિ આદિનો સમય અને બ્રાહ્મમુહૂર્તાદિ પવિત્ર સમય. ત્રીજું ઉપાય અર્થાત્ શાસ્ત્રમાં કહેલા વિધિ-નિષેધ પ્રમાણે વર્તન. ચોથું દ્રવ્ય અર્થાત્ ન્યાયથી મેળવેલાં ધન ધાન્યાદિ પદાર્થો. પાંચમું શ્રદ્ધા અર્થાત્ વિશ્વાસ તથા આસ્તિક બુદ્ધિ. છઠ્ઠું પાત્રતા અર્થાત્ વિદ્યા, વિનય અને તપથી યુક્ત હોય અને ભગવાનના એકાંતિક ભક્ત હોય. અને સાતમું ત્યાગ અર્થાત્ પારકા ધનમાં નજર ન બગાડવી અને પોતાના ધનનું સત્પાત્રમાં યથાશક્તિ દાન આપવું. આ સાત ધર્મનાં મૂળ કહેલાં છે.[૧૩] ઉપર ગણાવેલાં સાત સાધનો જો શુદ્ધ હોય તો જ ધર્મ છે તે વિશુદ્ધ ફળને આપનારો થાય છે અને જો અશુદ્ધ હોય તો ધર્મ પણ અશુદ્ધ ફળ આપે છે. આ વાત વિચક્ષણ પુરુષોએ અવશ્ય જાણી રાખવી.[૧૪] વળી મનુષ્યોને ધર્માદિ ગુણોમાં અને અધર્માદિ દોષોમાં જે પ્રવૃત્તિ થાય છે. તે પણ સંત અને અસંતના સમાગમથી થાય છે. માટે મુમુક્ષુઓએ સત્પુરુષોનો સંગ કરવો પણ અસત્પુરુષોનો કરવો નહિ.[૧૫] પ્રતિદિન અસત્પુરુષોનો પ્રસંગ દોષોની ઉત્પત્તિનું કારણ છે. અને પ્રતિદિન સત્પુરુષોનો પ્રસંગ સદ્‌ગુણોની ઉત્પત્તિનું કારણ છે.[૧૬]

**સંતસમાગમની આવશ્યકતા –** હે ભક્તજનો ! જેમની વિદ્યા, જન્મ અને કર્મ આ ત્રણે શુદ્ધ છે એવા સંતની પરીક્ષા કરીને જ બુદ્ધિમાન પુરુષોએ તેમનો સમાગમ કરવો.[૧૭] આ લોકમાં ધર્મનું આચરણ નહિ કરનારા પુરુષો પણ જો ધાર્મિક પુરુષોનું સેવન કરે તો ધાર્મિક થાય છે. અને જો ધાર્મિક પુરુષો હોય અને પાપીઓનું સેવન કરે તો તે પાપાચારી થાય છે.[૧૮] આવા અસત્પુરુષોનાં સ્નેહથી દર્શન કરે, તેનો સ્પર્શ કરે, તેની સાથે વાતચીત કરે સાથે ઊઠ-બેઠ રાખે

असतां दर्शनात्स्पर्शात् सञ्जल्पाच्च सहासनात् । धर्माचारात्प्रहीयन्ते न च सिध्यन्ति मानवाः ॥ १९
बुद्धिश्च हीयते पुंसां नीचैः सह समागमात् । मध्यमैर्मध्यतां याति श्रेष्ठतां याति चोत्तमैः ॥ २०
तस्मात्प्राज्ञैश्च वृद्धैश्च सुस्वभावैस्तपस्विभिः । सद्भिश्च सह संसर्गः कार्यः शमपरायणैः ॥ २१
कर्तव्यस्य हि धर्मस्य यथावल्लक्षणं ततः । अधर्मस्याप्यकार्यस्य ज्ञायते सद्भ्य एव हि ॥ २२
यूयं सर्वे ततो भक्ताः ! सतामेव समागमम् । कुर्वन्त एवाऽऽचरत स्वस्वधर्मं यथोचितम् ॥ २३
श्रीवासुदेवमाहात्म्यात् स तु ज्ञेय इति स्वयम् । स्वाम्येवोचे ततस्तस्मात् बोद्धव्यस्तत्त्वतश्च सः २४
तमास्थिता भगवतो राधाकृष्णस्य नित्यदा । एकान्तभक्तिं कुरुत स्वाभीष्टफलदायिनीम् ॥ २५
धर्माधर्मौ साध्वसाधू न्यायान्यायौ च तत्त्वतः । कृष्णस्वरूपतद्भक्ती बुध्यन्ते शास्त्रतः सतः ॥ २६
अवश्यमेव तत्कार्यः सच्छास्त्राभ्यास आदरात् । स्वस्वबुद्ध्यनुसारेण भवद्भिर्मदुपाश्रयैः ॥ २७

---

તો સજ્જન મનુષ્યો પણ ધર્મમાર્ગમાંથી ભ્રષ્ટ થાય છે. એટલું જ નહિ ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલો મનુષ્યજન્મ પણ નિષ્ફળ જાય છે.[૧૯]

હે ભક્તજનો ! મનુષ્યોની બુદ્ધિ નીચ પુરુષોનો સમાગમ કરવાથી નીચ થાય છે, મધ્યમ પુરુષોનો સમાગમ કરવાથી મધ્યમ અને ઉત્તમ પુરુષોનો સમાગમ કરવાથી ઉત્તમ થાય છે.[૨૦] એટલા જ માટે બુદ્ધિશાળી મનુષ્યોએ જ્ઞાનવૃદ્ધ, સરળ સ્વભાવના, તપસ્વી અને જીતેન્દ્રિય સંતોનો સમાગમ કરવો.[૨૧] કારણ કે, પાલન કરવા યોગ્ય યથાર્થધર્મનું લક્ષણ અને નહીં પાળવા યોગ્ય અધર્મનું યથાર્થ લક્ષણ આવા સંત થકી જ જાણી શકાય છે.[૨૨] તમો સર્વે સત્પુરુષોનો સમાગમ કરી પોતપોતાના ધર્મનું યથાયોગ્ય પાલન કરજો.[૨૩] અને તે ધર્મો શ્રીવાસુદેવમાહાત્મ્ય નામના ગ્રંથ થકી જાણવા. એમ સ્વયં ગુરુ રામાનંદસ્વામીએ મને કહ્યું છે. તેથી તે ગ્રંથ થકી ધર્મનું યથાર્થ સ્વરૂપ સૌને જાણવું.[૨૪] તથા તે ધર્મમાં દૃઢપણે વર્તી પોતાને ઈચ્છીત ફળને આપનારી શ્રી રાધાકૃષ્ણ ભગવાનની એકાંતિકી ભક્તિ નિત્યે કરવી.[૨૫]

**સત્શાસ્ત્રસેવનની આવશ્યકતા –** હે ભક્તજનો ! ધર્મ, અધર્મ, સાધુ, અસાધુ, ન્યાય અને અન્યાય તેમજ ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ અને તેની ભક્તિનું સ્વરૂપ વગેરે સત્શાસ્ત્ર થકી જ સમજાય છે.[૨૬] તે માટે મારા આશ્રિત તમે સર્વેએ પોતપોતાની બુદ્ધિને અનુસારે સત્શાસ્ત્રનો અભ્યાસ આદર થકી અવશ્ય કરવો.[૨૭] ભગવાનનો ભક્ત નિર્ગુણ સ્થિતિને પામેલો હોય છતાં પણ તેણે સત્શાસ્ત્રના સેવનનો ત્યાગ ન કરવો. કારણ કે, સિદ્ધદશાને પામેલા પુરુષો પણ

नैर्गुण्यस्थितिमाप्यापि न सच्छास्त्राणि सन्त्यजेत् । सद्ग्रन्थवर्जनात्सिद्धा अपि जाड्यं व्रजन्ति यत् २८
उत्साहशक्तिभङ्गश्च कृष्णभक्तौ ततो भवेत् । बुद्धिमोहश्च शैथिल्यं श्रद्धाया अपि जायते ॥ २९
स्थापिते येषु कृष्णस्य साकारत्वविशुद्धते । सच्छास्त्राणि तु तान्येव वेदार्थानुसृतानि हि ॥ ३०
बहूनि सन्ति तानीह तेष्वभीष्टानि यानि मे । भवन्ति तानि कथये शृणुतात्महितानि वः ॥ ३१
वेदाश्च व्याससूत्राणि गीता भगवतोदिता । नाम्नां सहस्रं विष्णोश्च श्रीमद्भागवतं तथा ॥ ३२
श्रीवासुदेवमाहात्म्यं नीतिर्विदुरकीर्तिता । याज्ञवल्क्यस्मृतिश्चेति सन्त्यभीष्टानि मेऽष्ट वै ॥ ३३
तत्रापि भगवद्गीता तथा शारीरकाणि च । इति रामानुजाचार्यभाष्योपेतं मतं द्वयम् ॥ ३४
एतदभ्यासतो बुद्धिः कृष्णभक्त्यैव वासिता । भवेत्ततोऽन्यशास्त्राद्यैः न पतेदौद्धवाध्वतः ॥ ३५
अशक्तो द्वाविमौ ग्रन्थावध्येतुं यः स सर्वथा । गीतां रामानुजाचार्यभाष्योपेतं पठेन्नरः ॥ ३६

---

જો સત્શાસ્ત્રના સેવનનો ત્યાગ કરે તો તેની બુદ્ધિ જડ થાય છે.[૨૮] અને ભગવાનની ભક્તિ કરવામાં ઉત્સાહ શક્તિનો ભંગ થાય છે. તથા વિપરીતભાવથી બુદ્ધિમાં મોહ વ્યાપે છે અને આસ્તિક બુદ્ધિમાં શિથિલતા આવે છે, માટે હમેશાં સત્શાસ્ત્રનું જ સેવન કરવું.[૨૯]

**શ્રીહરિને પ્રિય સત્શાસ્ત્રો –** હે ભક્તજનો ! હવે હું તમને સત્શાસ્ત્રોનાં લક્ષણ કહું છું. જે શાસ્ત્રોમાં શ્રીકૃષ્ણ ભગવાનનું સાકારપણું અને નિર્દોષપણું પ્રતિપાદન કર્યું હોય તથા જે શાસ્ત્રો વેદને અનુસરતાં હોય તેને જ સત્શાસ્ત્રો જાણવાં. તેમાં પણ મને જે અતિશય પ્રિય છે તે સત્શાસ્ત્રો હું જણાવું છું કે જે તમારા સર્વેનું હિત કરનારાં છે તે તમે સાંભળો.[૩૦-૩૧] ચાર વેદ, વ્યાસસૂત્ર, શ્રીકૃષ્ણ ભગવાને કહેલી શ્રીમદ્ ભગવદ્ગીતા, વિષ્ણુસહસ્રનામ, શ્રીમદ્ ભાગવત પુરાણ, શ્રીવાસુદેવમાહાત્મ્ય, વિદુરજીએ કહેલી નીતિ અને યાજ્ઞવલ્ક્યસ્મૃતિ આ આઠ સત્શાસ્ત્રો અમને નિશ્ચય પ્રિય છે.[૩૨-૩૩] તેમાં પણ શ્રીરામાનુજ આચાર્યના ભાષ્યે યુક્ત શ્રીમદ્ભગવદ્ગીતા અને શારીરિકસૂત્રો આ બે ગ્રંથો અમને અતિશય પ્રિય છે. અને આ બે સત્શાસ્ત્રના વારંવાર અભ્યાસથી પોતાની બુદ્ધિ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ અને ઉપાસનાના સંસ્કારોથી યુક્ત થાય છે. ત્યારપછી વિપરીત અર્થોનું પ્રતિપાદન કરનારા ગ્રંથોનું શ્રવણ કરે છતાં ઉદ્ધવ સંપ્રદાય થકી તેનું પતન થતું નથી.[૩૪-૩૫] આ બે ગ્રંથોનો અભ્યાસ કરવા અસમર્થ હોય તેણે તેમાંથી માત્ર શ્રીરામાનુજાચાર્યના ભાષ્યે સહિત શ્રીમદ્ભગવદ્ગીતાનો અભ્યાસ કરવો.[૩૬]

स्मृतिस्तु याज्ञवल्क्यस्य विज्ञानेश्वरक्लृप्तया । युक्ता मिताक्षरानाम्न्या टीकयैव मता मया ॥ ३७
आचारव्यवहाराणां प्रायश्चित्तस्य चाघिनाम् । एतया निर्णयः कार्यः सम्प्रदायानुसारतः ॥ ३८
ग्रन्थेष्वेष्वप्यतीष्टा मे त्रयो भागवतस्य यौ । दशमः पञ्चमः स्कन्धौ याज्ञवल्क्यस्य च स्मृतिः ॥ ३९
कर्तव्या नित्यपाठादावेते ग्रन्थोत्तमास्ततः । विचार्याः स्वस्थमनसा मदीयैः श्रेयसे जनैः ॥ ४०
इत्याज्ञा पालनीया मे भवद्भिर्मामुपाश्रितैः । शोकस्तु स्वामिनो नैव कार्यः प्राकृतजीववत् ॥ ४१
अखण्डं स्वस्वरूपस्था महान्तो ये तु पूरुषाः । कल्याणार्थं हि जगतां ज्ञेयं तज्जन्म भूतले ॥ ४२
आविर्भावतिरोभावौ तेषां स्वातन्त्र्यतः किल । भवतो न त्वितरवत् निजकर्मवशात् क्वचित् ॥ ४३
तद्देहत्यागमालोक्य मुह्यन्त्यसुभृतोऽसुराः । दैवास्तु तत्स्वरूपज्ञाः तेषां लीलां विदन्ति ताम् ॥ ४४
अतः शोकं विहायैव सेव्यमूर्तेर्गुरोः प्रभोः । स्वस्वदेशान्प्रयाताद्य याम्यहं धीरजित्पुरम् ॥ ४५

---

હે ભક્તજનો ! યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ છે તે પણ વિજ્ઞાનેશ્વર નામના પંડિતજીએ રચેલી મિતાક્ષરા ટીકાએ યુક્ત હોય તે જ ગ્રહણ કરવી. આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતનો નિર્ણય આ સ્મૃતિને આધારે ઉદ્ધવસંપ્રદાયને અનુસારે કરવો.[૩૭-૩૮] આ આઠ સત્શાસ્ત્રોમાં શ્રીમદ્ભાગવત પુરાણના દશમ અને પંચમ બે સ્કંધ તથા યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ આ ત્રણ ગ્રંથો પણ અમને અતિશય પ્રિય છે. તેટલા જ માટે પોતાનું શ્રેય ઈચ્છતા મારા આશ્રિત ભક્તજનોએ આ સર્વશ્રેષ્ઠ ત્રણ ગ્રંથોનો નિરંતર પાઠ કરવો અને સ્વસ્થ મને તેનું ચિંતન-પરિશીલન પણ કરવું.[૩૯-૪૦]

**'હરિ' નામ કર્યું સાર્થક –** હે ભક્તજનો ! મારા આશ્રિત તમારે સર્વએ પૂર્વોક્ત મારી સર્વે આજ્ઞાઓનું પાલન કરવું તથા પ્રાકૃત જીવોની જેમ સ્વામીનો શોક ન કરવો.[૪૧] અખંડ સ્વસ્વરૂપની બ્રહ્મસ્થિતિમાં રહી ભગવાનની એકાંતિકી ભક્તિ પરાયણ જીવન જીવતા મહાપુરુષોનો આલોકમાં જન્મ અન્ય જીવોના કલ્યાણને અર્થે જ થાય છે, એમ જાણવું.[૪૨] તેઓનો આ પૃથ્વી પર આવિર્ભાવ અને તિરોભાવ સ્વતંત્રપણે હોય છે. બીજા પ્રાકૃત જીવોની પેઠે પોતાનાં કર્મને આધીન થઈને તેઓ ક્યારેય જન્મ લેતા નથી.[૪૩] તેના દેહત્યાગની રીત જોઈને આસુરીજનો મોહ પામે છે ને કહે છે કે, તે મૃત્યુ પામ્યા. પરંતુ તે મહાપુરુષોનો મહિમા જાણનારા દૈવીજીવો તેમના શરીર ત્યાગને પણ તિરોધાનલીલા કહે છે.[૪૪] હે ભક્તજનો ! સમર્થ એવા ગુરુ રામાનંદ સ્વામીનો શોક છોડી તમે સૌ તમારા દેશ પ્રત્યે જાઓ અને હું પણ આજને દિવસે જ ધોરાજીપુર પ્રત્યે જાઉં છું.[૪૫]

सुव्रत उवाच -

एवं सुबोधितास्तेन विशोका इव तेऽखिलाः । स्वस्वदेशं ययुर्नत्वा भक्तास्तं च गुरुं विदुः ॥ ४६

सकलनिगमधर्मशास्त्रसारं समुपदिशन् विशदं सुनिश्चितं सः ।
हरिरखिलसतीर्थ्यशोकमीशः क्षितिप ! हरन्नभिधां चकार सार्थाम् ॥ ४७

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे नारायणमुनि-मुकुन्दानन्दादिसंवादे श्रद्धादिप्रशंसासच्छास्त्रोपदेशनिरूपणनामा द्वितीयोऽध्यायः ॥ २ ॥*

---

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે સુંદર સદ્બોધ આપ્યો, તેથી સર્વે ભક્તજનો શોક રહિત થયા અને તેમને નમસ્કાર કરી તે શ્રીહરિને જ પોતાના ગુરુ માની સૌ પોતપોતાના દેશ પ્રત્યે ગયા. હે ધરણીપતિ ! સમગ્ર વેદ અને ધર્મશાસ્ત્રના સારરૂપ, સ્પષ્ટ તેમજ સુંદર નિર્ણયસભર સદ્બોધ આપીને ભગવાન શ્રીહરિએ મુકુન્દાનંદ આદિ સમસ્ત ગુરુભાઈઓનો શોક હરી ''હરિ'' એવું પોતાનું નામ સાર્થક કર્યું.[૪૬-૪૭]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં નારાયણમુનિ અને મુકુન્દાનંદ આદિ ભક્તજનોના સંવાદમાં શ્રદ્ધાદિ સાધનનોની પ્રશંસા કરી અને સત્શાસ્ત્રનો ઉપદેશ આપ્યો એ નામે બીજો અધ્યાય પૂર્ણ થયો. --૨--***

## तृतीयोऽध्यायः - ३

### सुव्रत उवाच -

ततः शिष्यैरनुगतः कतिभिश्चित्स भूपते ! । धर्मप्रवृत्त्येकमना धीरजित्पुरमभ्यगात् ॥ १
भक्तैः स बहुभिर्मार्गे पूज्यमानोऽतिभावतः । भाण्डीरपुरमागत्य मणिभद्रपुरं ययौ ॥ २
ग्रामं पिप्पलसंज्ञं च ततोऽगतरयाभिधम् । कालवाणीं ततः प्रायात् भक्तानानन्दयन्निजान् ॥ ३
क्वचिदेकं दिनं द्वे वा क्वचित्त्रीणि वसन् स च । बोधयित्वा निजान्भक्तान् स्वस्वधर्मेष्वतिष्ठिपत् । ४
आज्ञया स्वगुरोरेव यानमारोहति स्म सः । दधौ क्वचिदलङ्कारात् नूतनान्यंशुकानि च ॥ ५
धर्माध्वनि स्थापयितुं योषितो भाषते स्म च । तथापि क्वापि नासक्तः स बभूवात्मशक्तितः ॥ ६
स्थापनायैव धर्मस्य विचरन्स धरापते ! । प्रायात्समुद्रतीरस्थं मकरालयपत्तनम् ॥ ७

---

## અધ્યાય - ૩

### શ્રીહરિનું સોરઠના ગામોમાં વિચરણ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પૃથ્વીપર પોતાના ભક્તજનોમાં એકાંતિકધર્મ પ્રવૃત્તિનું જ એક લક્ષ્ય રાખી ભગવાન શ્રીહરિ ફણેણી ગામેથી નીકળી કેટલાક શિષ્યમંડળની સાથે ધોરાજીપુર પધાર્યા.[૧] માર્ગમાં ઘણા બધા ભક્તજનો ભાવથી શ્રીહરિનું પૂજન કરતા હતા. ભગવાન શ્રીહરિ પણ તે સર્વેનો ભાવ સ્વીકારતા ભાડેરપુર પધાર્યા. ત્યાંથી માણાવદર, પીપલાણા અને અગતરાઈ પધાર્યા. આ પ્રમાણે સર્વે ભક્તજનોને આનંદ ઉપજાવતા શ્રીહરિ ત્યાંથી કાલવાણી પધાર્યા.[૨-૩] કોઈ ગામમાં એક દિવસ, કોઈ ગામમાં બે દિવસ અને કોઈ ગામમાં ત્રણ દિવસ નિવાસ કરી ભગવાન શ્રીહરિ પોતાના ભક્તજનોને સત્શાસ્ત્રના વચનોથી ધર્મમાર્ગનો મહિમા સમજાવી પોતપોતાના ધર્મમાં નિષ્ઠાપૂર્વક સ્થાપન કરતા હતા.[૪]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ ગુરુ શ્રીરામાનંદ સ્વામીની આજ્ઞાથી રથ આદિ વાહન ઉપર બેસતા. ક્યારેક ભક્તજનોના મનોરથ પૂરા કરવા સુવર્ણનાં અલંકારો અને નૂતન મહાવસ્ત્રોને ધારણ કરતા. સ્ત્રીઓને ધર્મમાર્ગમાં વર્તાવવા તેમની સાથે બોલતા, છતાં આત્મબળના પ્રતાપે કોઈ પણ પદાર્થમાં આસક્ત થતા નહિ.[૫-૬]

**શ્રીહરિનું માંગરોળપુરમાં આગમન -** હે ધરણીપતિ ! ધર્મના

उपकण्ठे तत्र सिन्धोः नातिदूरे पूराद्बहिः । वटचिञ्चाद्रुमच्छाये स्थाने स्वावासमाचरत् ॥ ८
मुमुक्षवः पुरे तत्र तद्दर्शनमहामुदः । धनिनो वणिजस्तस्य भक्ताः सेवामकुर्वत ॥ ९
गोवर्धनस्तेषु मुख्यः तथा दामोदराह्वयः । रामचन्द्रः सूरचन्द्रो वणिजो रत्नजिन्मुखाः ॥ १०
क्षत्रं च मानसारामः शूद्राश्च धनजिन्मधुः । आनन्दजित्रिक्रमाद्याः तमसेवन्त भक्तितः ॥ ११
राजनीभानुमुख्याश्च योषितः शुद्धचेतसः । यथोचितं विदधिरे परिचर्यां हरेर्नृप ! ॥ १२
महतीं खनयामास मिष्टोदां तत्र वापिकाम् । तत्प्रतिष्ठाविधिं चक्रे ततः शास्त्रानुसारतः ॥ १३
पूर्तकर्मविधौ तस्मिन् सनरेशाः पुरौकसः । चित्रं यथाऽऽपुः स तथा महोत्सवमकारयत् ॥ १४
ब्राह्मणांस्तर्पयामास सद्भिर्भोज्यैः सहस्रशः । हविर्भिर्वह्निवदनात् देवांश्चेन्द्रपुरोगमान् ॥ १५
वर्णिस्वामी यदा तत्र विष्णुं पूजयितुं स्वयम् । न्यषीददासने तर्हि बभूवाद्भुतमीदृशम् ॥ १६

---

સ્થાપન માટે વિચરણ કરતા ભગવાન શ્રીહરિ સમુદ્રને તીરે આવેલા માંગરોળપુરમાં પધાર્યા.[૭] પુરની નજીકમાં સમુદ્ર કિનારે એક વિશાળ વટવૃક્ષ અને કેટલીક આંબલીનાં વૃક્ષોની છાયામાં પોતાનો નિવાસ કર્યો.[૮] ત્યારે શ્રીહરિનાં દર્શનથી અતિ હર્ષઘેલા થયેલા નગરવાસી મુમુક્ષુ તથા ધનાઢ્ય વણિક ભક્તજનો શ્રીહરિની સેવા કરવા લાગ્યા. તે વણિક ભક્તોમાં ગોવર્ધનભક્ત મુખ્ય હતા. બીજા દામોદર, રામચંદ્ર, સુરચંદ્ર, રત્નજીત અને મૂળચંદ આદિ ભક્તો પણ હતા.[૯-૧૦] અન્ય માનસારામ આદિ ક્ષત્રિય ભક્તો હતા. તથા ધનજી, મધુ, આણંદજી અને ત્રિકમ આદિ શૂદ્ર ભક્તજનો પણ હતા. તે સર્વે અતિ પ્રેમથી શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૧૧] હે નૃપ ! વિશુદ્ધ અંતરવાળી રાજની, ભાનુ આદિ સ્ત્રી-ભક્તજનો હતી, તે પણ શ્રીહરિની પ્રેમથી યથાયોગ્ય સેવા કરવા લાગી.[૧૨]

**શ્રીહરિની લોકોપયોગી પ્રથમ કૃતિ –** હે રાજન્ ! પાણીનું દુઃખ ટાળવા પોતાના નિવાસ સ્થાન સમીપે જ લોકોપયોગી મીઠા જળની મોટી વાવ ખોદાવી ત્યારપછી શાસ્ત્રવિધિને અનુસારે તેનો પ્રતિષ્ઠાવિધિ કર્યો.[૧૩] તે પૂર્તકર્મ વિધિમાં રાજાએ સહિત નગરવાસીજનો આશ્ચર્ય પામે તે રીતે મહાન ઉત્સવ કર્યો.[૧૪] સુંદર લાડુ આદિ ભોજનોથી શ્રીહરિએ હજારો બ્રાહ્મણોને તૃપ્ત કર્યા તથા ઘી, દૂધપાક આદિના હવિષ્યાન્નથી અગ્નિમુખા ઈન્દ્રાદિ દેવતાઓને પણ તૃપ્ત કર્યા.[૧૫]

**શ્રીહરીનાં ચતુર્ભુજરુપે દિવ્ય દર્શન –** આ પ્રમાણે શ્રી સહજાનંદ સ્વામી સ્વયં જ્યારે પૂર્તવિધિમાં શ્રીવિષ્ણુભગવાનનું પૂજન કરવા આસન ઉપર વિરાજમાન થયા તેવામાં એક અદ્ભૂત આશ્ચર્ય ઉત્પન્ન થયું.[૧૬] મયારામ વિપ્ર

मयरामादयो विप्राः कुर्वन्तं देवतार्चनम् । तमीक्षमाणा ददृशुः सद्य एव चतुर्भुजम् ॥ १७
गदाब्जशङ्खचक्राढ्यं किरीटेन विराजितम् । पीताम्बरं घनश्यामं श्रीवत्साङ्कितवक्षसम् ॥ १८
वामे भगवतस्तस्य श्वेताङ्गं ददृशुर्वृषम् । चतुर्वक्त्रं चतुष्पादम् अष्टनेत्रं चतुर्भुजम् ॥ १९
बद्धाञ्जलिपुटं द्वाभ्यां दोर्भ्यामेकेन बिभ्रतम् । पूजाद्रव्याणि हस्तेन धर्मशास्त्रं परेण च ॥ २०
वसानं वाससी श्वेते नानालङ्कारभूषितम् । सद्रत्नसारमुकुटम् अतिशान्ताकृतिं नृप ! ॥ २१
विष्णोर्दक्षिणभागेऽथ द्विभुजां ददृशुश्च ते । वासोभूषणशोभाढ्यां भक्तिं गौरतनुं स्थिताम् ॥ २२
पूजोपचारैर्विविधैः भृतं कनकपात्रकम् । बिभ्रतीं पाणिनैकेन परेण कुसुमस्रजम् ॥ २३
भक्तिधर्मयुतं विष्णुमित्थं ते ददृशुर्नृप ! । इच्छयैव हरेस्तस्य दधतो नारनाटनम् ॥ २४

**આદિ બ્રાહ્મણો વિષ્ણુ ભગવાનનું પૂજન કરી રહેલા ભગવાન શ્રીહરિની સામે જ જોઈ રહ્યા હતા તે જ ક્ષણે તેઓને શ્રીહરિનાં ચતુર્ભુજરૂપે દર્શન થયાં.[૧૭] ગદા, પદ્મ, શંખ અને ચક્રધારી ભગવાને મસ્તક ઉપર મુગટ ધારણ કર્યો હતો. સુંદર પીતાંબર ધારણ કર્યું હતું અને નવીન મેઘની સમાન શ્યામ સુંદર વેષ હતો. શ્રીવત્સના ચિહ્નથી વક્ષઃસ્થલ શોભી રહ્યું હતું.[૧૮] તે ચતુર્ભુજ ભગવાન શ્રીહરિની ડાબે પડખે બ્રાહ્મણોને સાક્ષાત્ ધર્મદેવનાં દર્શન થયાં. તે શરીરે શ્વેતવર્ણના હતા. ચાર મુખ અને ચાર ચરણ હતાં, આઠ નેત્રો અને ચાર ભુજાઓ હતી. એવા ધર્મદેવ બે હાથજોડીને ઊભા હતા અને એક હાથમાં પૂજાની સામગ્રી ધારણ કરી હતી, અને બીજા હાથમાં ધર્મશાસ્ત્રના પુસ્તકને ધારણ કર્યું હતું. શરીર ઉપર શ્વેતવસ્ત્રો ધારણ કર્યાં હતાં અને અનેકવિધ અલંકારોથી શોભી રહ્યા હતા. સુંદર રત્નો જડીત મુગટ મસ્તક ઉપર ધારણ કર્યો હતો. અને તે અતિશય શાંત આકૃતિમાં શોભતા હતા.[૧૯-૨૧] ત્યારપછી મયારામ આદિ બ્રાહ્મણોને શ્રીહરિની જમણી બાજુએ ભક્તિમાતાનાં દ્વિભુજરૂપે દર્શન થયાં. તે પણ ગૌર શરીરે શોભતાં હતાં. અમૂલ્ય વસ્ત્રો તથા આભૂષણોથી સુશોભિત ભક્તિમાતાએ એક હાથમાં અનેકવિધ પૂજાના ઉપચારો ભરેલી સુવર્ણની થાળી ધારણ કરી હતી. અને બીજા હાથમાં પુષ્પની માળા ધારણ કરી હતી.[૨૨-૨૩]**

**હે રાજન્ ! મનુષ્ય નાટ્યને કરી રહેલા ભગવાન શ્રીહરિની ઇચ્છાથી મયારામ આદિ વિપ્રોને તેમનું ભક્તિ ધર્મ સહિત દિવ્ય વિષ્ણુ સ્વરૂપે દર્શન થયું.[૨૪] આ પ્રમાણે તે વિપ્રોએ એક મુહૂર્ત પર્યંત આશ્ચર્ય સાથે શ્રીહરિનાં દિવ્ય સ્વરૂપનાં દર્શન કર્યાં ત્યારપછી તેઓ સ્વેચ્છાએ મનુષ્યશરીરને ધારણ કરી રહેલા ભગવાન**

मुहूर्तमेवं ते सर्वे विप्रा वीक्ष्य सविस्मयाः । तमेव मेनिरे विष्णुं स्वेच्छया मानुषाकृतिम् ॥ २५
मुहूर्तान्ते यथापूर्वं दृष्ट्वा तं च प्रणम्य ते । पौर्तं विधिं समाप्यास्य चक्रुः सुदृढमाश्रयम् ॥ २६
चक्रुश्च महतीं पूजां तस्य वेदोक्तवर्त्मना । वेदघोषं प्रकुर्वन्तो ब्राह्मणा दृढनिश्चयाः ॥ २७
तमाश्रित्य तदाज्ञायां स्थित्वान्योपासनं द्रुतम् । विहाय सर्वभावेन तमेवैकमुपासत ॥ २८

स्वरूपमित्थं कृपया द्विजेभ्यः सोऽदीदृशत्स्वेश्वरतावबुद्ध्यै ।
उवास तत्र प्रथयन्प्रतापं पुरे स्वकीयं हरिरावसन्तात् ॥ २९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे विष्णुस्वरूपाविष्कारनामा तृतीयोऽध्यायः ॥ ३ ॥*

---

શ્રીહરિને જ સાક્ષાત્ વિષ્ણુરૂપે માનવા લાગ્યા.[૨૫] એક મુહૂર્તને અંતે પૂર્વની માફક જ દેવતાઓનું પૂજન કરી રહેલા મૂળ સ્વરૂપમાં શ્રીહરિનાં દર્શન કરી વિપ્રોએ શ્રીહરિને નમસ્કાર કરી પૂર્તકર્મ સંબંધી વિધિની સમાપ્તિ કરાવી. ત્યારપછી સર્વે વિપ્રોએ શ્રીહરિનો દૃઢ આશ્રય કર્યો.[૨૬] અંતરમાં શ્રીહરિનો અતિશય દૃઢ નિશ્ચય થવાથી તે મયારામ આદિ વિપ્રો વિષ્ણુસૂક્ત આદિના વેદમંત્રોનો ઘોષ કરી ભગવાન શ્રીહરિની વેદોક્ત માર્ગથી મહાપૂજા કરી.[૨૭]

હે રાજન્ ! ત્યારપછી તે મયારામાદિ સર્વે વિપ્રો ઈતર દેવતાઓની ઉપાસનાનો ત્યાગ કરી ભગવાન શ્રીહરિનો જ એક આશ્રય કર્યો અને તેમની જ આજ્ઞામાં સ્થિર વર્તી સર્વભાવથી શ્રીહરિનું ભજન સ્મરણ કરવા લાગ્યા.[૨૮]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ સર્વે બ્રાહ્મણોને પોતાને વિષે સાક્ષાત્ પરમેશ્વરપણાનો નિશ્ચય કરાવવા માટે દયાએ કરીને પોતાનાં દિવ્યસ્વરૂપનું દર્શન કરાવ્યું. આ પ્રમાણે પોતાનો અલૌકિક પ્રતાપ વિસ્તારતા થકા ભગવાન શ્રીહરિ માંગરોળપુરમાં વસંતઋતુ પર્યંત નિવાસ કરીને રહ્યા.[૨૯]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં માંગરોળપુરમાં ભગવાન શ્રીહરિએ પોતાના દિવ્ય વિષ્ણુસ્વરૂપનું દર્શન કરાવ્યું એ નામે ત્રીજો અધ્યાય પૂર્ણ થયો. –૩–***

---

## चतुर्थोऽध्यायः - ४

### सुव्रत उवाच -

आसीत्तस्मिन्पुरेऽथैको मेघजित्संज्ञको वणिक् । प्राचीनोऽस्य सतीर्थ्यो वै हरेः सिद्धाभिमानवान् ॥ १
प्राप्तः समाधौ स्वातन्त्र्यं जह्यात्स्वां तनुमिच्छया । इच्छया भगवद्धाम गच्छेद्वा पुनराव्रजेत् ॥ २
अन्तर्हिते तूद्धवेऽसौ स्वात्मानं सर्वतोऽधिकम् । मन्यमानो मुकुन्दादीन् अवमेने प्रभुं च तम् ॥ ३
कृष्णभक्तांस्त्यागिजनांस्तिरस्कुर्वन्तमेकदा । सद्भिर्विवदमानं च स्वामी प्राह सदःस्थितः ॥ ४
कथं सतोऽवजानासि माननीयान्सुरैरपि । जानामि तव सामर्थ्यं करिष्ये निर्मदं क्षणात् ॥ ५
स्वसुखेच्छा यदि भवेत् आज्ञायां तर्हि तिष्ठ मे । नो चेत्समाधौ स्वातन्त्र्यं तवाद्यैव गमिष्यति ॥ ६

---

## અધ્યાય - ૪

### ભક્ત મેઘજી સુખડિયાનું અભિમાન ઉતારી શ્રીહરિએ પોતાનો ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો.

સુવ્રતમુનિ કહે છે, હેરાજન્ ! તે માંગરોળપુરમાં મેઘજી નામે એક વણિક રહેતો હતો. તે શ્રીરામાનંદ સ્વામીનો શિષ્ય હોવાથી શ્રીહરિનો જૂનો ગુરુભાઇ હતો. અને રામાનંદ સ્વામીની કૃપાથી મળેલી સિદ્ધાઇનું તેને ખૂબજ અભિમાન હતું.[1] તે સમાધિમાં સ્વતંત્રતા પામ્યો હતો. પોતાની ઇચ્છાથી શરીરનો ત્યાગ કરી ભગવાનના ધામમાં જઇ શકતો અને પુનઃ શરીરમાં પ્રવેશ પણ કરી શકતો હતો.[2]

હે રાજન્ ! રામાનંદસ્વામી આલોકમાંથી અંતર્ધાન થયા પછી તે મેઘજી વણિક પોતાની જાતને રામાનંદ સ્વામીના સર્વે શિષ્યોમાં શ્રેષ્ઠ માનવા લાગ્યો, અને મુકુન્દાનંદ બ્રહ્મચારી, મુક્તાનંદ સ્વામી આદિ સર્વે સંતો અને ભક્તોની તેમજ સાક્ષાત્ પરમેશ્વર શ્રીહરિની પણ અવજ્ઞા કરવા લાગ્યો.[3] એક વખત ભગવાન શ્રીહરિ સભામાં બેઠા હતા ત્યારે મુકુન્દાનંદ બ્રહ્મચારી અને મુક્તાનંદ સ્વામી જેવા મહાન સંતોનો તે તિરસ્કાર કરવા લાગ્યો, અને સંતોની સાથે પોતાને સર્વ કરતાં શ્રેષ્ઠ દેખાડવા વિવાદ કરવા લાગ્યો.[4] ત્યારે ભગવાન શ્રીહરિએ તે મેઘજી વણિકને કહ્યું કે, હે વણિક ! દેવતાઓને પણ પૂજવા અને માનવા યોગ્ય આ સંતોનો શા માટે તમે તિરસ્કાર કરો છો ? તમારા અલ્પ સામર્થ્યના મદને હું જાણું છું. એક ક્ષણવારમાં જ તમને મદથી રહિત કરી દઇશ.[5] જો તમને સુખની ઇચ્છા હોય તો મારી આજ્ઞા માનો. અને જો નહિ માનો તો તમને જે સમાધિમાં સ્વતંત્રતા

स उवाच तदा वर्णिन् अधुनातन एव हि । त्वं किं कर्तासि मे रामानन्दशिष्योऽस्मि निर्भयः ॥ ७
आज्ञायां मम वर्तध्वं यूयं ज्येष्ठस्य सर्वशः । स्वाज्ञायां मामपि कथं वर्तयन्नैव लज्जसे ॥ ८
सामर्थ्यं दर्शयेऽद्यैव मम तुभ्यं विलोकय । इत्युक्त्वा तप्ततैले स्वौ कटाहे न्यक्षिपत्करौ ॥ ९
करौ फुल्लत्वचौ दग्धौ तथापि स न विव्यथे । वादं कुर्वन्नपि वणिक् देहस्यात्यन्तविस्मृतेः ॥ १०
आश्चर्यमेतदृष्ट्वैव पौरास्तं सिद्धपूरुषम् । मेनिरे स उवाचाथ सर्वेषां श्रृण्वतां वचः ॥ ११
इतश्चतुर्थे दिवसे चतुर्थे क्षण एव च । सद्यः कलेवरं स्वीयं हास्याम्यत्र न संशयः ॥ १२
स्वामी तमाह यद्येवं त्वया स्यात्तर्हि ते वयम् । शिष्या भवेम सर्वेऽपि शिष्यो मे स्यास्त्वमन्यथा ॥ १३
देहस्य च हरेर्धाम्नो मध्ये त्वां तु त्रिशङ्कुवत् । स्थापयिष्ये न सन्देहो यतस्व त्वं यथाबलम् ॥ १४

---

પ્રાપ્ત થઈ છે તે અત્યારે જ ક્યાંય ચાલી જશે.[૬]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળી તે મેઘજી વણિક કહેવા લાગ્યો કે, હે વર્ણિ ! તમે તો આજ કાલના નવા આવ્યા છો, તમે મને શું કરી શકવાના છો ? હું તો રામાનંદ સ્વામીનો જૂનો શિષ્ય છું અને નિર્ભય એવો હું તમારા સર્વ કર્તા ચડિયાતો છું, તેથી તમને સર્વેને મારી આજ્ઞામાં વર્તવું જોઈએ. ઉલટું તમારી આજ્ઞામાં મને વર્તવાનું કહેતાં તમને શરમ નથી આવતી ?[૭-૮] હમણાં જ હું મારું સામર્થ્ય તમને દેખાડું છું, તમે જુવો. આ પ્રમાણે કહીને તપેલા તેલના કઢાયામાં પોતાના બન્ને હાથ નાખ્યા, તેથી બન્ને હાથ બળી ગયા અને ચામડી ઉપર ફોલ્લા ઉપડ્યા છતાં પણ તેને શરીરની અત્યંત વિસ્મૃતિ હોવાથી જરાપણ ખેદ પામ્યો નહિ અને શ્રીહરિની સાથે વાદ-વિવાદ કરતો રહ્યો.[૯-૧૦]

હે રાજન્ ! આવા પ્રકારનું આશ્ચર્ય જોઈ નગરવાસી જનો તેને સિદ્ધ પુરુષ માનવા લાગ્યા. ત્યારપછી તે મેઘજી સર્વે પુરવાસીજનોને સાંભળતાં કહેવા લાગ્યો કે, આજથી ચોથે દિવસે અને તેમાં પણ ચોથા મુહૂર્તમાં મારા શરીરનો ત્યાગ કરીશ. તેમાં કોઈ જાતનો સંદેહ નથી.[૧૧-૧૨]

તે સમયે ભગવાન શ્રીહરિએ તેમને કહ્યું કે હે વણિક ! જો તમે એ પ્રમાણે કરી શકશો તો અમે સર્વે તમારા શિષ્યો થઈ જશું. અને તમારી આજ્ઞામાં રહેશું. અને જો ન કરી શકો તો તમારે અમારા શિષ્ય થવું.[૧૩] અરે, વણિક, ભગવાનના ધામ અને શરીરની વચ્ચે તમને ત્રિશંકુની જેમ લટકાવીશ, તેમાં કોઈ જાતનો સંશય નથી. તમે તમારા સામર્થ્યનો પ્રયોગ તો કરી જુઓ.[૧૪]

હે રાજન્ ! તે વણિક શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યો, હે વર્ણિ ! અણિમા

तदा स प्राह मे वश्याः सिद्धयोऽप्यणिमादयः । भवन्तीति न सामर्थ्यं मयि ते प्रचरिष्यति ॥ १५
इत्युक्त्वा स गृहं गत्वा जिहासुर्देहमात्मनः । ददौ दानानि बहुधा ब्राह्मणेभ्यः सहस्रशः ॥ १६
पक्वान्नानि च भूरीणि विधाप्य ब्राह्मणान्स च । साधून्सहस्रशश्चान्यान् भोजयामास तद्दिनात् ॥ १७
जीवान् यवनचण्डालपर्यन्तं समभोजयत् । नीलकण्ठाश्रितान्साधून् वर्जयित्वैव मत्सरात् ॥ १८
कृत्वा त्रीणि दिनानीत्थं चतुर्थेऽपि दिने प्रगे । बहुशो भोजयामास साधून्विप्रांश्च सत्वरम् ॥ १९
अह्नो मुहूर्ते तुर्येऽथ बध्वा पद्मासनं वणिक् । समाधिमकरोत्तं च द्रष्टुं पौरा उपाययुः ॥ २०
सर्वाङ्गेभ्यः समाकृष्य प्राणवायुं हृदम्बरे । वाहयामास विच्छिन्ननाडीबन्धः स्थिरेक्षणः ॥ २१
ऊर्ध्वं नेतुं हृदः प्राणान् ब्रह्मरन्ध्रं विभिद्य च । गन्तुं तु नैव शेकेऽसौ यतमानो भृशं बलात् ॥ २२
बहुवेलं च बहुधा कृते यत्नेऽप्यसून्निजान् । नोर्ध्वं न चाप्यधो नेतुं स शशाक कथञ्चन ॥ २३

---

આદિક અષ્ટ સિદ્ધિઓ મને વશ વર્તે છે. તેથી તમારું સામર્થ્ય મારા કાર્યમાં કોઈ પ્રભાવ પાડી શકશે નહિ.[૧૫] આ પ્રમાણે કહી તે પોતાના ઘેર ગયો. શરીરનો ત્યાગ કરીને ધામમાં જવાની ઈચ્છાથી હજારો બ્રાહ્મણોને બહુ પ્રકારનાં દાન આપ્યાં.[૧૬] હે રાજન્ ! તે વણિક ઘેર ગયો. ત્યારથી આરંભીને મત્સરને લીધે ભગવાન શ્રીનીલકંઠવર્ણીના આશ્રિત સંતો-ભક્તોને છોડીને બીજા હજારો બ્રાહ્મણોને તથા સાધુ સન્યાસીઓને તેમજ યવનથી લઈ ચંડાળ પર્યંતના સર્વેને પ્રતિદિન ઘણાં બધાં પક્વાન્નાદિ ભોજનો બનાવી જમાડતો હતો.[૧૭-૧૮]

હે રાજન્ ! ત્રણ દિવસ પર્યંત આ પ્રમાણે સર્વેને ભોજન જમાડ્યાં અને ચોથે દિવસે પણ પ્રાતઃકાળે ઘણા બધા સાધુ બ્રાહ્મણોને જલદીથી જમાડી શરીર છોડવા તૈયાર થયો.[૧૯] દિવસના ચોથા મુહૂર્તમાં પદ્માસનવાળી મેઘજીએ સમાધિ લગાવી. તે સમયે તેમને જોવા માટે હજારો નગરવાસીઓ ટોળે મળ્યાં હતાં.[૨૦] મેઘજીએ તે સમયે નાડીઓનાં બંધનો તોડી દૃષ્ટિ સ્થિર કરીને પ્રાણવાયુને સર્વે અવયવોમાંથી આકર્ષણ કરી પોતાના હૃદયાકાશમાં ચલાવવા લાગ્યો.[૨૧]

હે રાજન્ ! ત્યારપછી પોતાના સામર્થ્યના બળે અતિશય પ્રયત્ન કરવા છતાં મેઘજી હૃદયાકાશમાં પ્રાણને આકર્ષી બ્રહ્મરંધ્રને ભેદીને ભગવાનના ધામમાં જવા સમર્થ થઈ શક્યો નહિ. પ્રાણ હૃદયથી બહાર નીકળી જ ન શક્યા, તેથી બહુકાળ પર્યંત અનેક પ્રકારના પ્રયત્નો કર્યા છતાં પણ મેઘજી પોતાના પ્રાણને ઉપર લઈ જવા કે નીચે ફરીથી આખા શરીરમાં લઈ આવવા સમર્થ થયો નહિ[૨૨-૨૩]. હે નરાધિપ ! મેઘજી પોતાને વશ વર્તતી અષ્ટ પ્રકારની અણિમાદિ સિદ્ધિઓથી

अष्टभिः स्ववशाभिश्च सिद्धिभिः सोऽणिमादिभिः । अपि सञ्चालनेऽसूनां न क्षमोऽभून्नराधिप ! ॥ २४
नभोलम्बदधःशीर्षत्रिशङ्कुनृपतेर्दशाम् । प्राप्तो निश्चेष्ट एवासावेकस्मिन्न्यपतत्स्थले ॥ २५
हतप्रतिज्ञं तं चातिव्याकुलं सिद्धमानिनम् । प्राहुः पौरा द्वितीयेऽह्नि विप्राश्च वणिजोऽपि च ॥ २६
वर्णिराजस्य च सताम् अपमानस्त्वया कृतः । न पूर्णा ते प्रतिज्ञाऽतः प्राप्तोऽस्येतां त्वमापदम् ॥ २७
तस्मात्तं मानयाऽऽशु त्वं स तु युक्तं करिष्यति । त्याजयिष्यति देहं वा भवन्तं जीवयिष्यति ॥ २८
इति नागरिकैः प्रोक्तां वाचं स स्वहितामपि । प्राप्तोऽपि तादृशं कष्टं न मेने माननष्टधीः ॥ २९
निश्चेष्ट इत्थं पतितः स आसीद्दिनपञ्चकम् । ततो गलितमानोऽभूत्तं हृदा शरणं ययौ ॥ ३०
अस्फुटाक्षरया वाचा संज्ञया चान्तिकस्थितान् । नरान्स प्राह वर्णीन्द्रम् इहानयत मा चिरम् ॥ ३१
जनैः सम्प्रार्थ्यमानोऽथ नीलकण्ठः कृपानिधिः । सद्भिः सहैव तत्रैत्य तद्दृष्टिं स्वदृशैक्षत ॥ ३२

---

પણ પોતાના પ્રાણને ઊંચે કે નીચે લઇ જવા શક્તિમાન થયો નહિ. તેથી તે આકાશમાં ઊંધે માથે લટકતા ત્રિશંકુરાજાના જેવી દશાને પામ્યો. પછી ચેષ્ટા રહિત થઇ એક જગ્યાએ પડ્યો રહ્યો.[૨૪-૨૫]

હે રાજન્ ! બીજે દિવસે તે અપૂર્ણ પ્રતિજ્ઞાવાળા, અને વ્યાકુળ અંતર વાળા તેમજ સિદ્ધાઇના અભિમાની એવા મેઘજી વણિક પાસે આવીને અન્ય નગરવાસી વિપ્રો અને વણિકો પણ કહેવા લાગ્યા કે, તેં વર્ણિરાજ શ્રીહરિનું અને તેના સંતોનું અપમાન કર્યું છે, તેથી તારી પ્રતિજ્ઞા પૂર્ણ થઇ શકી નથી અને આવાં મહાકષ્ટને પામ્યો છે.[૨૬-૨૭] તેથી તું તત્કાળ તેનો આદર સત્કાર કર. તે શ્રીહરિ કાં તારા શરીરને છોડાવશે અથવા ફરી તને જીવતદાન આપશે, અથવા તારું જેમ સારું થાય તેમ કરશે.[૨૮] આ પ્રમાણે નગરવાસીજનોએ કહ્યું છતાં માનથી બુદ્ધિ નષ્ટ થઇ હોવાથી અત્યંત આવું કષ્ટ પામતો હતો છતાં પણ તે મેઘજી પોતાના માટે હિતકારી તેઓનાં વચનો માન્યો નહિ.[૨૯]

આમને આમ તે મેઘજી પાંચ દિવસ સુધી ચેષ્ટા રહિત થઇ પડ્યો રહ્યો. અને પછી અભિમાન ઓગળવાથી મનથી શ્રીહરિને શરણે ગયો.[૩૦] ત્યારે તે મેઘજી બાજુમાં બેઠેલા પુરુષોને અસ્પષ્ટ વાણીથી તથા ભ્રૃકુટિના ઇશારાથી "વર્ણીરાજ શ્રીહરિને અહીં મારી સમીપે બોલાવો, વિલંબ ન કરો." એમ કહેવા લાગ્યો.[૩૧] ત્યારે તેમના મૂકેલા મનુષ્યોની પ્રાર્થના સાંભળી કૃપાનિધિ શ્રીહરિ મુક્તાનંદાદિ સંતોની સાથે તત્કાળ મેઘજીની સમીપે પધાર્યા અને કરૂણાભરી દષ્ટિથી તેમની સામે જોવા લાગ્યા, તે જ સમયે તેના નાડીપ્રાણ પોતપોતાના સ્થાને સ્થિર

यथास्थानगतप्राणनाडिः सद्योऽभवत्तदा । स्वस्थ उत्थाय स स्वेशं ज्ञात्वा कृष्णं तमानमत् ॥ ३३
प्राह चाद्यदिनात् स्वामिंस्त्वद्दासोऽस्मि कृपां कुरु । क्षान्त्वा ममापराधांस्त्वमाज्ञापयितुमर्हसि ॥ ३४
स ऊचे मेघजिद्भक्त ! त्वया देहो न साम्प्रतम् । त्यक्तव्यो भगवद्वार्ताः कुर्वन् जीव सुखं भुवि ॥ ३५
इत्युक्त्वा भगवांस्तेन सह स्वावासमाययौ । ततोऽतिविस्मयं प्रापुः सर्वेऽपि पुरवासिनः ॥ ३६
निशाम्याश्चर्यं तन्नगरमनुजा ऐशमतुलं हरेस्तस्मिन्नापुर्जगदधिपसम्भ्रान्तिमनिशम् ।
ततस्तेषामेके तदुपसदनायोत्सुकहृदो बभूवुः केचित्तं प्रभुरिति परीक्ष्योपससृपुः ॥ ३७

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे स्वातन्त्र्यसमाधिनिष्ठमेघजित्पराजयनामा चतुर्थोऽध्यायः ॥ ४ ॥*

---

થયાં અને મેઘજી સ્વસ્થ થઈ ઊભો થયો. ભગવાન શ્રીહરિને પોતાના ઈષ્ટદેવ સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ જાણી નમસ્કાર કરી કહેવા લાગ્યો કે, હે સ્વામી ! આજથી હું તમારો દાસ છું. તમે મારી ઉપર કૃપા દૃષ્ટિ કરો. મારા અપરાધને ક્ષમા કરો અને મને જે કાંઈ આજ્ઞા કરો તે પ્રમાણે હું વર્તીશ.[૩૨-૩૪]

હે રાજન્ ! મેઘજીનાં વચનો સાંભળી શ્રીહરિ તેમને કહેવા લાગ્યા કે, હે મેઘજી ! તમારે અત્યારે દેહને છોડવો નહિ. આ પૃથ્વી પર ભગવદ્વાર્તા કરો અને સુખેથી જીવો. આ પ્રમાણે કહી ભગવાન શ્રીહરિ તે મેઘજીને સાથે લઈ પોતાને નિવાસ સ્થાને પધાર્યા. તે જોઈ સર્વે પુરવાસીજનો અત્યંત વિસ્મય પામ્યા.[૩૫-૩૬] ભગવાન શ્રીહરિના અતિ આશ્ચર્યકારી અમાપ ઐશ્વર્યનું દર્શન કરનારા માંગરોળવાસી મનુષ્યોના અંતરમાં આ શ્રીહરિ જ જગતના અધિપતિ પરમેશ્વર છે કે શું ? આવા પ્રકારની ભ્રાંતિ હમેશાં ઉત્પન્ન થતી હતી. એવાં તે નગરવાસીજનોની મધ્યે કેટલાક મનુષ્યો ભગવાન શ્રીહરિનો આશ્રય કરવા ઉત્સુક થયા અને કેટલાક જનો આ શ્રીહરિ ભગવાન છે કે નહિ ? એવી પરીક્ષા કરીને તેને શરણે થયા.[૩૭]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં માંગરોળના સ્વતંત્ર સમાધિનિષ્ઠ મેઘજીવણિકનો પરાભવ કર્યો એ નામે ચોથો અધ્યાય પૂર્ણ થયો. --૪--***

---

पञ्चमोऽध्यायः - ५

सुव्रत उवाच -

वणिजः श्रावकास्तत्र समवेताः सहस्रशः । तदाश्रयं कर्तुकामास्तं प्रणम्यैवमूचिरे ॥ १
अस्मत्तीर्थंकरान्द्रष्टुमिच्छामो वर्णिराड्वयम् । स्थातुं ततस्तत्वदाज्ञायां तत्पराः स्मो न संशयः ॥ २
उपावेश्याथ तान्स्वामी कृपावीक्षणकारिते । समाधौ दर्शयामास तेभ्यस्तीर्थङ्करान्बहून् ॥ ३
विलीननाडीप्राणास्ते बहिः काष्ठवदासत । तीर्थङ्करांस्तु हृदये ददृशुः श्रुतलक्षणान् ॥ ४
इत्थं यामत्रयं तस्थुः समाधौ ते तु भूपते ! । ऋषभप्रमुखांस्तांश्च दृष्ट्वा मुमुदिरे भृशम् ॥ ५
उद्घोषोऽभून्महान् पुर्यां ते मृताः श्रावका इति । तदा सम्बन्धिनस्तेषां तत्राजग्मुस्त्वरान्विताः ॥ ६

---

## અધ્યાય – ૫

### શ્રીહરિએ જૈન શ્રાવકોને તીર્થંકરરૂપે દર્શન આપ્યાં.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! માંગરોળપુરને વિષે હજારો શ્રાવકો વણિકો ભેળા થઇ શ્રીહરિનો આશ્રય કરવાની ઇચ્છાથી શ્રીહરિની સમીપે આવી પ્રણામ કરી કહેવા લાગ્યા કે, હે વર્ણિરાટ ! અમે શ્રાવક વણિકો અમારા તીર્થંકરોનાં દર્શન કરવા ઇચ્છીએ છીએ, તો તમે અમને તેનાં દર્શન કરાવો. ત્યારબાદ અમે તમારો ચોક્કસ આશરો કરશું. એમાં કોઇ સંશય નથી.[૧-૨]

હે રાજન્ ! શ્રાવકોનું વચન સાંભળી ભગવાન શ્રીહરિએ તેઓને ધ્યાનમાં બેસાડ્યા અને કૃપાદૃષ્ટિ કરી, કરાવેલી સમાધિને વિષે ઋષભદેવ આદિ ચોવીસ તીર્થંકરોનાં દર્શન કરાવ્યાં.[૩] સમાધિમાં તેઓનાં નાડીપ્રાણલીન થયાં. બહારથી શરીરો કાષ્ઠની માફક નિઃચેષ્ટ થયાં. અને હૃદયને વિષે પોતાના ગ્રંથોમાં વર્ણન કરેલાં લક્ષણોએ સહિત તીર્થંકરોનાં દર્શન તેઓ કરવા લાગ્યા.[૪] હે રાજન્ ! આ પ્રમાણે તેઓ સમાધિમાં ત્રણ પ્રહર સુધી બેસી રહ્યા અને ઋષભદેવ આદિ તીર્થંકરોનાં દર્શન કરી મહા આનંદને પામ્યા.[૫]

હે રાજન્ ! તે સમયે માંગરોળપુરમાં એવો ઉદ્‌ઘોષ વ્યાપ્યો કે, શ્રીનીલકંઠ વર્ણીનાં દર્શન કરવા ગયેલા બધા જ શ્રાવકો મૃત્યુ પામ્યા છે. તે સાંભળી તેના સંબંધીજનો તત્કાળ શ્રીહરિની સમીપે આવ્યા. તે સમયે સમાધિમાં ગયેલા તેથી મૃત્યુ પામેલાની જેમ નિઃચેષ્ટ થઇ પૃથ્વી પર પડેલા પોતાના સંબંધીઓને જોઇ તે

मृतकानिव तान्वीक्ष्य निश्चेष्टान् पतितान्भुवि । रुदन्तः प्रार्थयामासुः ते त्वमूज्जीवयति तम् ॥ ७
सद्य उत्थापयामास तदा तान्वीक्षयैव सः । तीर्थङ्करा दर्शिता नः स्वामिनेत्यूचुरुत्थिताः ॥ ८
ततो नारायणमुनिं विदित्वेश्वरमेव ते । समाश्रित्य दृढं भेजुः देहदैहिकनिःस्पृहाः ॥ ९
आसंस्तस्मिन्पुरेऽन्ये च श्रीवल्लभकुलाश्रिताः । निम्बार्कीयाश्च माध्वाश्च श्रीमद्रामानुजाश्रिताः ॥ १०
रामानन्दाश्रिताः केचित् शङ्कराचार्यसंश्रिताः । सौराः शाक्ता गाणपत्याः शैवास्त्रैवर्णिकास्तथा ॥ ११
शूद्रा योषाश्च संन्यस्ता वर्णिनो वीतरागिणः । अतीताख्याश्च संहत्य तत्राजग्मुः सहस्रशः ॥ १२
ते सर्वे वर्णिराजस्य क्रियां वीक्ष्यातिमानुषीम् । नत्वोचुरिष्टदेवान्नस्त्वं दर्शयितुमर्हसि ॥ १३
तदा स प्रहसन्स्वामी धर्मस्थापन उद्यतः । तदभीष्टं पूरयिष्यन् मनसेत्थमचिन्तयत् ॥ १४

---

સર્વે શ્રાવકો રડવા લાગ્યા અને શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા કે, હે હરિ ! તમે અમારા સંબંધીજનોને ફરી જીવતા કરો.[૬-૭] તે સમયે ભગવાન શ્રીહરિએ પોતાની દૃષ્ટિમાત્રથી તે સર્વેને તત્કાળ સમાધિમાંથી જગાડ્યા અને જાગ્રત થયેલા તેઓ કહેવા લાગ્યા કે, આ ભગવાન શ્રીહરિએ અમને આપણા ચોવીસ તીર્થંકરોનાં દર્શન કરાવેલાં છે. તેથી સર્વે વણિકો નારાયણમુનિને જ પરમેશ્વર જાણી તેમનો દૃઢ આશરો કરી દેહ અને દેહનાં સંબંધીઓમાંથી આસક્તિ છોડી ભાવપૂર્વક ભગવાન શ્રીહરિનું ભજન કરવા લાગ્યા.[૮-૯]

હે રાજન્ ! તે માંગરોળપુરમાં શ્રીવલ્લભાચાર્યના આશ્રિતો નિમ્બાર્કાચાર્ય, મધ્વાચાર્ય અને રામાનુજાચાર્યના આશ્રિતો પણ રહેતા હતા.[૧૦] અને કેટલાક રામાનંદી વૈષ્ણવો પણ રહેતા હતા. કેટલાક શંકરાચાર્યના અનુયાયી હતા. કેટલાક સૂર્યના ઉપાસકો, કેટલાક શક્તિના ઉપાસકો, કેટલાક ગણપતિના ઉપાસકો અને કેટલાક શિવના ઉપાસકો પણ હતા. આ રીતે ત્રણે વર્ણના મનુષ્યો તથા શૂદ્રવર્ણના જનો, સ્ત્રીઓ, સંન્યાસીઓ, વર્ણિઓ, વૈરાગીઓ, અતીતો આદિ હજારો હજાર જનો પુરમાં નિવાસ કરીને રહેતા હતા. તે સર્વે યૂથે યૂથ મળીને ભગવાન શ્રીનીલકંઠવર્ણી પાસે આવવા લાગ્યા.[૧૧-૧૨]

**ઊંડા વિચારને અંતે શ્રીહરિએ કરેલી સમાધિપ્રકરણની શુભ શરુઆત –** હે રાજન્ ! તે સર્વે મતવાદિજનો ભગવાન વર્ણીરાજ શ્રીહરિની અમાનુષી ક્રિયા જોઈને નમસ્કાર કરી કહેવા લાગ્યા કે, તમે અમને અમારા ઈષ્ટદેવનાં દર્શન કરાવો.[૧૩] તે સમયે ધર્મની સ્થાપના કરવામાં તત્પર શ્રીસહજાનંદ

इष्टदेवान्दर्शयेयं हृद्येवैतेभ्य आत्मनः । योगैश्वर्येण चेदद्य तर्हि मां विद्युरीश्वरम् ॥ १५
ततो ममाश्रयं कुर्युः ज्ञात्वा सर्वात्मकं हि माम् । धर्माभासांश्च हित्वैते कुर्युर्मद्भक्तिमिष्टदाम् ॥ १६
इत्थं विचार्य भगवान् कृपयैवाखिलानपि । उपावेश्यौजसा सद्यः समाधिं तानचीकरत् ॥ १७
तस्य वीक्षणमात्रेण ते सङ्कुचितनाडिकाः । लीनप्राणाश्च ददृशुः स्वस्वदेवं निजान्तरे ॥ १८
श्रीकृष्णं वल्लभीयाद्याः त्रयो गोपीगणावृतम् । वृन्दावनस्थं ददृशुः बाललीलामनोहरम् ॥ १९
रामानुजपथस्थाश्च सुनन्दगरुडादिभिः । विष्वक्सेनेन चैक्षन्त लक्ष्मीनारायणं युतम् ॥ २०
रामानन्दाश्रिता रामं सीतया लक्ष्मणेन च । युक्तं मारुतिनाऽपश्यन् दिव्यसिंहासनस्थितम् ॥ २१
शङ्कराचार्यवर्त्मस्था ब्रह्मज्योतिर्व्यचक्षत । उमाप्रमथसंयुक्तं शैवा ऐक्षन्त शङ्करम् ॥ २२

---

સ્વામી મંદમંદ હસવા લાગ્યા અને આવેલા જનોના મનોરથો પૂર્ણ કરવા આ પ્રમાણે વિચારવા લાગ્યા કે, જો હું મારા યોગઐશ્વર્યના પ્રભાવથી આ આવેલા જનોના હૃદયમાં તેઓના ઈષ્ટદેવોનાં દર્શન કરાવીશ તો, તેઓ મને અત્યારે પરમેશ્વર જાણશે, અને તેઓના ઈષ્ટદેવોનો પણ નિયામક સર્વાત્મા જાણી મારો આશ્રય કરશે. જેથી તેઓ બાહ્ય ધર્માભાસનો ત્યાગ કરી ઇચ્છિત ફળને આપનારી મારી ભક્તિ કરશે.[૧૪-૧૬]

હે રાજન્ ! આ પ્રમાણે વિચાર કરી ભગવાન શ્રીહરિએ આવેલા તે સર્વે જનોને સમાધિમાં બેસાડ્યા અને પોતાના સામર્થ્યથી તત્કાળ તેઓને સમાધિ કરાવી. ત્યારે શ્રીહરિની દૃષ્ટિમાત્રથી સર્વેનાં નાડીપ્રાણ લીન થયાં. તેથી પોત પોતાના અંતરમાં પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરવા લાગ્યા.[૧૭-૧૮] સમાધિમાં ગયેલા જનોમાં જે વલ્લભાચાર્ય, નિમ્બાર્કાચાર્ય અને મધ્વાચાર્ય આ ત્રણના અનુયાયી હતા તેઓએ ગોપીઓના ગણોથી વીંટાયેલા અને મનોહર બાળલીલાને કરતા વૃંદાવનવિહારી શ્રી બાલકૃષ્ણનાં દર્શન કર્યાં.[૧૯] તેમજ તે રામાનુજાચાર્યના અનુયાયીઓ હતા તેઓએ નંદ, સુનંદ, ગરુડ અને વિશ્વક્સેન આદિક અનંત પાર્ષદોની સાથે શોભતા શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં.[૨૦] તથા જે રામાનંદી જનો હતા તેઓએ સીતા, લક્ષ્મણ અને હનુમાનજીએ સહિત દિવ્ય સિંહાસનમાં બિરાજતા શ્રીરામચંદ્રજીનાં દર્શન કર્યાં.[૨૧]

હે રાજન્ ! તેમાં જે શંકરાચાર્યના અનુયાયીઓ હતા તેણે માત્ર બ્રહ્મજ્યોતિનાં દર્શન કર્યાં. શૈવભક્તો હતા તેણે પાર્વતી અને પ્રમથ આદિ ગણોએ

सौरा हिरण्मयं साक्षात् पुरुषं सूर्यमण्डले । ददृशुर्गाणपत्याश्च महागणपतिं हृदि ॥ २३
शक्तिभक्ता निजां देवीं ददृशुश्च निजान्तरे । इत्थं सर्वेऽपीष्टदेवांस्तत्प्रतापाद्व्यचक्षत ॥ २४
स्वस्वेष्टदेवांस्ते वीक्ष्य स्वस्वैश्वर्यसमन्वितान् । आनन्दं परमं प्रापुः जाताः पूर्णमनोरथाः ॥ २५
लब्धेष्टदर्शनांस्तांश्च ततः स्वामी स्ववीक्षया । पुनरुत्थापयामास मृतकानिव तत्क्षणम् ॥ २६
ते चातिविस्मिताः स्वे स्वे हृदि दृष्टं परस्परम् । वदन्तो नीलकण्ठं स्म सर्वरूपधरं विदुः ॥ २७
नारायणं विदित्वा तं प्रत्यक्षं परमेश्वरम् । मतं च देशिकान् स्वीयान् हित्वा चक्रुस्तदाश्रयम् ॥ २८
मुकुन्दमुक्तानन्दाद्या औद्धवा अपि तस्य तत् । ऐश्वर्यमद्भुतं दृष्ट्वा निश्चिक्युः कृष्णमेव तम् ॥ २९

---

**યુક્ત ભગવાન શ્રી શંકરનાં દર્શન કર્યાં.[૨૨] સૂર્યના ભક્તો હતા તેઓએ પોતાના હૃદયકમળમાં પ્રકાશિત સૂર્યમંડળમાં વિરાજીત પ્રત્યક્ષ હિરણ્યમય પુરુષનાં દર્શન કર્યાં, ગણપતિના ભક્તો હતા તેણે હૃદયમાં મહા ગણપતિનાં દર્શન કર્યાં અને શક્તિના ભક્તો હતા તેઓએ પોતાના હૃદયમાં પોતાની ઈષ્ટદેવતા દેવીઓનાં દર્શન કર્યાં. હે રાજન્ ! આ પ્રમાણે સર્વે જનો ભગવાન શ્રીહરિના પ્રતાપથી પોતપોતાના ઈષ્ટદેવોનાં દર્શન કરવા લાગ્યા.[૨૩-૨૪]**

**હે રાજન્ ! આ પ્રમાણે સર્વે જનોએ પોતપોતાના સામર્થ્યે યુક્ત પોતાના ઈષ્ટદેવોનાં દર્શન કરી પરમ આનંદને પામ્યા અને આ રીતે તેઓના સર્વે મનોરથો પૂર્ણ થયા.[૨૫] પછી ભગવાન શ્રીસહજાનંદ સ્વામીએ મૃત્યુ પામેલાની પેઠે પૃથ્વી પર પડેલા અને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરતા સર્વે મનુષ્યોને પોતાની દષ્ટિમાત્રથી તત્ક્ષણ ફરી જગાડ્યા.[૨૬] પોતાના ઈષ્ટદેવોનાં દર્શન કરી અતિશય વિસ્મય પામેલા સર્વેજનો પોતાના હૃદયમાં અનુભવેલા આશ્ચર્યની પરસ્પર વાતો કરવા લાગ્યા. તેમાં તેઓ કહેતા હતા કે, આ શ્રીસહજાનંદ સ્વામીએ જ પોતાના ઐશ્વર્યથી આપણા ઈષ્ટદેવનું રૂપ ધરી આપણને દર્શન કરાવ્યું છે.[૨૭] ત્યારપછી તે સર્વેજનો ભગવાન શ્રીનારાયણમુનિનેજ પ્રત્યક્ષ પરમેશ્વર જાણી પોતાનો મત અને ગુરુઓનો ત્યાગ કરી ભગવાન શ્રીનારાયણમુનિનો આશ્રય કર્યો.[૨૮]**

**હે રાજન્ ! ઉધ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીના શિષ્યો અને શ્રીહરિના ગુરુભાઈઓ શ્રીમુકુન્દાનંદ બ્રહ્મચારી તથા મુક્તાનંદ સ્વામી આદિ સર્વે અદ્ભૂત ઐશ્વર્યો નિહાળીને શ્રીહરિ છે એ જ આપણા ઈષ્ટદેવ સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ છે. એમ માનવા લાગ્યા.[૨૯] હે નરાધિપ ! ત્યારપછી તે સર્વે પરમ આનંદને પામી**

ततस्तस्यैव ते भक्तिं चक्रुः प्राप्ता मुदं पराम् । तदाज्ञायामवर्तन्त नित्यदा च नराधिप ! ॥ ३०
यवनस्तत्र राजासीत् वज्रदीन इति श्रुतः । शालकस्तस्य शुश्राव काजिनामेदमद्भुतम् ॥ ३१
आज्ञया भगिनीभर्तुः यवनैः सोऽभिवेष्टितः । स्वामिनः पार्श्वमागत्य तं प्रणम्य वचोऽब्रवीत् ॥ ३२
इष्टदेवाः प्रदर्श्यन्ते जनानां वर्णिराट् ! त्वया । पिगाम्बरानस्मदिष्टान् दर्शय स्याम तेऽनुगाः ॥ ३३
तदा तमप्युपावेश्य स स्वामी प्राह पश्य माम् । यावत्पश्येत्स तं तावत् आसील्लीनासुनाडिकः ॥ ३४
निश्चेष्टदेहः सोऽपश्यन् निजान्महमदादिकान् । पिगाम्बरान्स्वहृदये श्रुतपूर्वांस्ततोऽहृषत् ॥ ३५
स्वामिना वीक्षितोऽथासौ व्युत्तस्थे विस्मयान्वितः । समाधौ वीक्षितं यत्तत् प्राह तत्रागतान्निजान् ॥ ३६
ततः स स्वामिनं ज्ञात्वा प्रभुं तस्याश्रयं दृढम् । चकार च तदाज्ञायाम् अवर्तत निरन्तरम् ॥ ३७

---

તે ભગવાન શ્રીહરિકૃષ્ણની જ પ્રેમપૂર્વક નવધા ભક્તિ કરવા લાગ્યા. અને અખંડ તેમની આજ્ઞામાં વર્તી તે કહે તેમજ કરવા લાગ્યા.[૩૦]

**મુસ્લીમો પણ શ્રીહરિના શરણે –** હે રાજન્ ! તે માંગરોળપુરમાં વજદીન નામે મુસ્લીમ રાજા રાજ્ય કરતા હતા. તેનો કાજી નામે એક સાળો હતો. તેમણે પણ ઉપરોક્ત શ્રીહરિનું સહજ સમાધિ કરાવવા રૂપ ઐશ્વર્યને સાંભળ્યું.[૩૧] તેથી બહેનના પતિ વજદીન રાજાની આજ્ઞા લઈ કેટલાક યવનોને સાથે લઈ તે કાજી શ્રીસહજાનંદ સ્વામીની સમીપે આવ્યો. શ્રીહરિને નમસ્કાર કરી કહેવા લાગ્યો કે, હે વર્ણિરાજ ! તમે મનુષ્યોને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવો છો. એથી અમને પણ અમારા મહંમદ આદિ પયગંબરોનાં દર્શન કરાવો તો અમે પણ તમારા અનુયાયી થશું.[૩૨-૩૩] ત્યારે શ્રીસહજાનંદ સ્વામીએ તેમને પણ સમાધિમાં બેસાર્યા અને કહ્યું, મારી સામે જુઓ, જે ક્ષણે તેણે ભગવાન શ્રીહરિની સામે દષ્ટિ કરી તે જ સમયે તેમનાં નાડીપ્રાણ લીન થયાં.[૩૪] ત્યારપછી ચેષ્ટા રહિત થયેલા કાજીએ કુરાનમાંથી સાંભળેલા હતા એવા જ પોતાના ઈષ્ટ મહંમદાદિ પયગંબરોનાં પોતાના હૃદયમાં સાક્ષાત્ દર્શન કર્યાં અને ખૂબ જ હર્ષને પામ્યા.[૩૫] પછી શ્રીસહજાનંદ સ્વામીએ તેમની સામે દષ્ટિ કરી તેથી તે સમાધિમાંથી જાગ્રત થયો અને અતિશય વિસ્મય પામી પોતે જે સમાધિમાં અનુભવ્યું હતું. તે સર્વે વૃત્તાંત ત્યાં સાથે આવેલા પોતાના સર્વે જનોને કહેવા લાગ્યો.[૩૬]

હે રાજન્ ! તે કાજી શ્રીસહજાનંદ સ્વામીને સર્વેશ્વર જાણી તેમનો દઢ આશ્રય કર્યો અને શ્રીહરિની આજ્ઞામાં જ નિરંતર વર્તવા લાગ્યો.[૩૭] વજદીન

एतदाश्चर्यमालोक्य राजापि दृढनिश्चयः । तमाश्रित्यानन्यभक्त्या भजतिस्म निरन्तरम् ॥ ३८
एवं तत्र च यो यस्तमुपागच्छच्छ्रुतैश्वरः । स स निश्चित्य तं साक्षादीशं साश्चर्यमाश्रयत् ॥ ३९
मद्यमांसपरस्त्र्यादिसेवनं स्वस्वमार्गगम् । अधर्ममेव निश्चित्य ते जहुस्तत्प्रतापतः ॥ ४०
मद्यं मांसं पारदार्यं स्तेयं स्व परहिंसनम् । जातिभ्रंशककर्मादि जहुः सर्वे तदाश्रिताः ॥ ४१
अष्टधा पालयामासुः ब्रह्मचर्यं गृहीतराः । गृहिणो विधवाः स्त्रीश्च नास्पृशन्बान्धवीतराः ॥ ४२
नार्यः पतिव्रताधर्मं सुवासिन्यः सिषेविरे । त्यागिवत् पालयामासुः ब्रह्मचर्यं विभर्तृकाः ॥ ४३

---

રાજા પણ પોતાના સાળાના મુખેથી શ્રીહરિનાં ઐશ્વર્યને સાંભળી શ્રીહરિની સમીપે આવ્યા ને દઢ આશ્રયકરી અનન્ય ભક્તિથી શ્રીહરિનું નિરંતર ભજન કરવા લાગ્યા.[૩૮]

હે રાજન્ ! આ પ્રમાણે માંગરોળપુરમાં જે જે મનુષ્ય શ્રીહરિનું અલૌકિક ઐશ્વર્ય સાંભળી શ્રીહરિની સમીપે આવતા તે તેમને સાક્ષાત્ પરમેશ્વર જાણી વિસ્મયપૂર્વક શ્રીહરિનો આશ્રય કરતા.[૩૯] આ રીતે સર્વે મનુષ્યો પોતપોતાના સંપ્રદાયમાં રહેલા મદ્ય, માંસ, પરસ્ત્રીગમન વગેરે કેવળ અધર્મ છે એમ જાણી શ્રીહરિના પ્રતાપથી તે સર્વેનો ત્યાગ કરી દેતા.[૪૦] હે રાજન્ ! મદ્યનું પાન કરવું, માંસનું ભક્ષણ કરવું, પરસ્ત્રીનો સંગ કરવો, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પરદ્રવ્યનું હરણ કરવું, પોતાની કે પારકાની ઘાત કરવી. અગ્રાહ્ય અન્નાદિકનું ગ્રહણ કરી જાતિ થકી ભ્રષ્ટ થવું, કોઈના ઉપર મિથ્યાપવાદનું આરોપણ કરવું, ઈત્યાદિ ભગવાન શ્રીહરિનો આશ્રય કર્યા પછી તે જનો છોડી દેતા હતા.[૪૧]

હે રાજન્ ! શ્રીહરિને આશ્રયે આવેલા ગૃહસ્થ સિવાયના બ્રહ્મચારી આદિજનો અષ્ટપ્રકારના બ્રહ્મચર્યનું યથાર્થ પાલન કરવા લાગ્યા. અને જે ગૃહસ્થો હતા તે પણ પોતાના સંબંધ વિનાની વિધવા સ્ત્રીઓનો પણ સ્પર્શ કરતા નહિ. તથા વિધવા સ્ત્રીઓ પણ જે શ્રીહરિને આશરે આવેલી હતી તે પણ પોતાના સમીપ સંબંધ વિનાના પુરુષોનો સ્પર્શ કરતી નહિ.[૪૨] શ્રીહરિની આશ્રિત સુવાસિની નારીઓ પતિવ્રતાના ધર્મનું યથાર્થ પાલન કરતી તથા વિધવા સ્ત્રીઓ પણ ત્યાગીની જેમ પુરુષમાત્રના ત્યાગનું અષ્ટપ્રકારનું બ્રહ્મચર્યવ્રત પાલન કરતી.[૪૩]

स्वधर्मज्ञानवैराग्यैः भक्त्या माहात्म्ययुक्तया । आसन्सर्वे च सम्पन्नाः तद्भक्तास्तत्प्रतापतः ॥ ४४
नारायणमुनेः शिष्या इत्थं लोकविलक्षणाः । लोकस्था अप्यवर्तन्त श्वेतद्वीपो यथा भुवि ॥ ४५

इत्थं स्वीयं प्रतापं सुरनरदितिजैर्ब्रह्मरुद्रादिभिर्वा
दुःसाध्यं चेतसाऽपि क्षितितल उरुधा श्रेयसे मानवानाम् ।
भूयोभूयो वितन्वन् धृतनरवपुषा दिव्यलीलाविदग्धः
पापिष्ठाधर्मवंशं गुरुजननिलयं वर्णिराडुच्चखान ॥ ४६

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे आश्चर्यसमाधिलीलानिरूपणनामा पञ्चमोऽध्यायः ॥ ५ ॥*

---

હે રાજન્ ! આ પ્રમાણે સર્વે ભક્તજનો ભગવાન શ્રીહરિના પ્રતાપથી સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને સહિત ભગવાનની એકાંતિકી ભક્તિથી સંપન્ન થઈ જીવન જીવવા લાગ્યા. જેમ શ્વેતદ્વિપધામ પૃથ્વીપર હોવા છતાં પણ આલોકથી વિલક્ષણ છે. તેમ ભગવાન શ્રીનારાયણમુનિના શિષ્યો આલોકમાં જ રહેવા છતાં લોકવિલક્ષણ જણાવા લાગ્યા.[૪૪-૪૫]

હે રાજન્ ! આ રીતે દેવ, મનુષ્ય, દૈત્ય, બ્રહ્મા અને શંકર આદિ દેવતાઓ પોતાના મનથી પણ જેમના મહિમાના પારને પામી શકતા નથી એવા અલૌકિક પ્રતાપને આ પૃથ્વીપર મનુષ્યોના કલ્યાણને અર્થે વારંવાર બહુપ્રકારે વિસ્તાર કરતા તથા મનુષ્ય શરીર ધારણ કરી દિવ્યલીલા કરવામાં અત્યંત કુશળ એવા વર્ણિરાટ્ ભગવાન શ્રીહરિએ અસુરગુરુઓમાં નિવાસ કરીને રહેલા પાપરૂપ અધર્મસર્ગનો વિનાશ કર્યો.[૪૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં અતિ આશ્ચર્યકારી સમાધિલીલા પ્રકરણનું નિરૂપણ કર્યું એ નામે પાંચમો અધ્યાય પૂર્ણ થયો. --૫--***

---

षष्ठोऽध्यायः - ६

सुव्रत उवाच -

एवं तत्र प्रतापं स्वं दर्शयित्वा सहस्रशः । जनान्निजाश्रितान् कृत्वा गन्तुमैच्छत्पुरान्तरम् ॥ १
ततो राज्ञा विनीतेन पौरैश्च बहुधार्थितः । चातुर्मास्यमुवासासौ तत्र तत्प्रियकाम्यया ॥ २
प्रतापो व्यानशे तस्य राजन्दिक्षु विदिक्षु च । आश्चर्यजनका नृणां वृद्धैरप्यश्रुतः पुरा ॥ ३
तं शुश्रुवुस्तत्र तत्र दुर्वासःशापतो भुवि । जाता नृष्वृषयः सर्वे दिदृक्षन्ति स्म तं ततः ॥ ४
यूथशस्त उपाजग्मुः नगरं तद्द्विजातयः । यथार्हं मानयित्वा तांस्तत्रावासयदीशिता ॥ ५
शृण्वन्त ईक्षमाणाश्च प्रतापं तस्य ते मुहुः । निश्चिक्युस्तं कृष्णमेव केचित्संशिश्यिरे द्विजाः ॥ ६

## અધ્યાય - ૬

## વજદીન રાજાએ વધુ સમય રોકાવાની કરેલી પ્રાર્થના અને શ્રીહરિએ ઉજવ્યો જન્માષ્ટમીનો ઉત્સવ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તે માંગરોળપુરમાં આ પ્રમાણે પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડી શ્રીહરિએ હજારો મનુષ્યોને પોતાના આશ્રિત કર્યા. શ્રીહરિએ બીજા પુર પ્રત્યે જવાની ઇચ્છા કરી, ત્યારે વિનયી વજદીન રાજાએ તથા વિનયી પુરવાસી ભક્તજનોએ વધુ સમય રોકાવાની પ્રાર્થના કરી. તેથી શ્રીહરિ તેઓનું પ્રિય કરવા માંગરોળપુરમાં ચાતુર્માસ પર્યંત નિવાસ કરીને રહ્યા.[૧-૨]

હે રાજન્ ! જોનારા અને સાંભળનારા મનુષ્યોના મનમાં આશ્ચર્ય ઉપજાવે તેવો તથા પૂર્વના વૃદ્ધપુરુષોએ પણ નહિ સાંભળ્યો હોય તેવો શ્રીહરિનો અલૌકિક પ્રતાપ દશે દિશામાં વ્યાપી ગયો.[૩] તે સમયે દુર્વાસા મુનિના શાપથી પૃથ્વી પર મનુષ્યયોનિમાં જન્મેલા સર્વે ઋષિમુનિઓએ પણ તીર્થવાસીજનોના મુખે આવા શ્રીહરિના પ્રતાપ વિષે સાંભળ્યું. તેથી તેમના અંતરમાં પ્રત્યક્ષ દર્શન કરવાની ઇચ્છા થઇ.[૪] ત્યારપછી ત્રણ વર્ણમાં જન્મેલા તે ઋષિમુનિઓ સંઘમાં ભેળા મળી માંગરોળપુરમાં આવવા લાગ્યા અને ભગવાન શ્રીહરિ પણ આવતા મુનિઓનો યથાયોગ્ય સત્કાર કરી ત્યાં નિવાસ કરાવવા લાગ્યા.[૫]

હે રાજન્ ! શ્રીહરિના પ્રતાપનું વારંવાર શ્રવણ અને દર્શન કરતા સર્વે ઋષિમુનિઓએ શ્રીહરિને જ સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન જાણ્યા છતાં કેટલાક

महोत्सवं कर्तुमना जन्माष्टम्यामथ प्रभुः । दूतैरजूहवत्सर्वान् भक्तांस्तत्र निजाश्रितान् ॥ ७
यूथशस्तेऽपि तत्राऽऽयन् गृहिणस्त्यागिनोऽपि च । सन्मानं विदधे तेषां यथार्हं धर्मनन्दनः ॥ ८
उत्थायोषसि चाष्टम्यां प्रातःकृत्यं विधाय सः । उद्धवस्वामिनश्चक्रे समर्चनमहोत्सवम् ॥ ९
ततः स कारयामास मण्डपं सुमनोहरम् । विचित्रवस्त्रपुष्पस्त्रक्कदलीस्तम्भमण्डितम् ॥ १०
तत्राकरोद्यथाशास्त्रं निशीथे कृष्णपूजनम् । उपहारैर्महद्भिश्च गीतवादित्रपूर्वकम् ॥ ११
मृदङ्गझर्झरादीनि वादयन्तश्च साधवः । पद्यैर्नानाविधैश्चक्रुः श्रीकृष्णगुणकीर्तनम् ॥ १२
कृष्णमान्दोलयामास दोलायां च विधाय सः । तत्कथाकीर्तनैश्चक्रे जागरं च निजैः सह ॥ १३
निशस्तृतीययामान्ते भक्तमण्डलसंसदि । उपाविशत् पट्टकेऽसौ सर्वानानन्दयन्निजान् ॥ १४

---

ઋષિમુનિઓના મનમાં સંશય રહેતો હતો કે, આ શ્રીહરિ સાક્ષાત્ શ્રીકૃષ્ણ હશે કે નહિ ?[૬] ત્યારે ભગવાન શ્રીહરિએ સંવત્ ૧૮૫૯ ના શ્રાવણવદ આઠમના શુભ પવિત્ર દિવસે જન્માષ્ટમીનો મહોત્સવ ઉજવવાની ઇચ્છાથી પોતાના સર્વે ભક્તજનોને માંગરોળપુર બોલાવવા સંદેશવાહક દૂતો દ્વારા નિમંત્રણ મોકલાવ્યું.[૭] તેથી ગૃહસ્થ ભક્તજનો તથા સાધુ, બ્રહ્મચારી સર્વે ત્યાગીઓ સંઘમાં ભેળા મળી માંગરોળપુર પધાર્યા અને ધર્મનંદન ભગવાન શ્રીહરિએ તે આવેલા સર્વે સંતો ભક્તોનું યથાયોગ્ય સન્માન કર્યું.[૮]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ અષ્ટમીના પ્રાતઃકાળે વહેલા જાગ્રત થયા અને પ્રાતઃ સ્નાન -સંધ્યાદિ કર્મનું અનુષ્ઠાન કર્યું. પછી ઉધ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીના જન્મનિમિત્તે મોટો સમારંભ યોજી પૂજન મહોત્સવ ઉજવ્યો.[૯] અને શ્રીહરિએ રંગબેરંગી વસ્ત્રો, પુષ્પોની માળાઓ તથા કેળના સ્તંભોથી સુશોભીત સુંદર મનોહર મંડપની રચના કરી.[૧૦] તે મંડપમાં મધ્યરાત્રીએ ભગવાનનાં ગીતો અને દુંદુભી આદિ વાજિંત્રોના મધુર ધ્વનિની સાથે શાસ્ત્રવિધિ પ્રમાણે મોટા ઉપચારોથી ભગવાન શ્રીહરિએ શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કર્યું.[૧૧] હે રાજન્ ! તે સમયે સંતો મૃદંગ, ઝાંઝ આદિ વિવિધ વાજિંત્રો વગાડી અનેક પ્રકારનાં સંસ્કૃત, પ્રાકૃત પદોનાં ગાન સાથે ભગવાન શ્રીકૃષ્ણનું સંકીર્તન કરી રહ્યા હતા અને સ્વયં શ્રીહરિ બાલમુકુંદ ભગવાનને પારણીયામાં પધરાવી ઝુલાવી રહ્યા હતા. આ રીતે પોતાના સંતો ભક્તોની સાથે ભગવદ્કથા કીર્તન કરી શ્રીહરિ જાગરણ કર્યું.[૧૨-૧૩] હે રાજન્ ! પોતાના ભક્તજનોને આનંદ ઉપજાવતા ભગવાન શ્રીહરિ રાત્રીના

त्यागिनो गृहिणोऽन्ये च योषितश्चातिभावतः । तन्मुखाम्बुजमेवैकं पश्यन्ति स्म स्थिरेक्षणाः ॥ १५
तदा प्रभुः स कृपयैवैच्छज्ज्ञानं ममाञ्जसा । एतेषां स्यादिति ततस्ते तमित्थं व्यलोकयन् ॥ १६
एकैकाङ्गस्रवत्कोटि कोटिभास्करतेजसम् । घनश्यामं पीतपटं बर्हिबर्हकिरीटिनम् ॥ १७
कौस्तुभं वैजयन्तीं च मालिकां बिभ्रतं गले । सद्रत्नहेमरशनं मकरश्रुतिभूषणम् ॥ १८
पदोर्नूपुरशोभाढ्यं कटकाङ्गदभूषितम् । गन्धपुष्पाञ्चिततनुं किशोरवयसं प्रभुम् ॥ १९
दोर्भ्यां वेणुं वादयन्तम् अधरोष्ठधृतं तथा । नटवेषं तमालक्ष्य श्रीकृष्णं ते मुदं ययुः ॥ २०
तत्र केचिन्निर्निमेषदृशस्तस्मिंश्च लेभिरे । समाधिमन्तरे केचित् इत्थं तस्थुर्घटीद्वयम् ॥ २१

---

ત્રીજા પ્રહરને અંતે ભક્તજનોની સભાને વચ્ચે ઊંચા પાટ ઉપર આવીને વિરાજમાન થયા.[૧૪] તે સમયે સંતો, ગૃહસ્થો અને આવેલા અન્ય મુનિજનો તથા સર્વે સ્ત્રીઓ સ્થિરદષ્ટિ કરી અતિ ભાવથી શ્રીહરિના મુખકમળને નિહાળી રહ્યાં હતાં. તે સમયે સર્વેશ્વર ભગવાન શ્રીહરિએ ઈચ્છા કરી કે, આ મારા સર્વે આશ્રિતજનોને મારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાઓ. આ પ્રમાણે શ્રીહરિના સંકલ્પ માત્રથી સર્વેને અતિ આશ્ચર્યકારી દર્શન થયું.[૧૫-૧૬]

**શ્રીહરિએ આપ્યું અલૌકિક દિવ્ય દર્શન –** હે રાજન્ ! ભગવાન શ્રીહરિનું દિવ્ય સ્વરૂપ એક એક અંગમાંથી નીકળતા કરોડો સૂર્યના તેજની સમાન તેજસ્વી હતું. મેઘની સમાન શ્યામ સુંદર વર્ણમાં શોભી રહ્યા હતા. પીળાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. મયૂરપીંછનો મુગટ મસ્તક ઉપર ધારણ કર્યો હતો.[૧૭] કંઠમાં કૌસ્તુભમણિ ઝળકી રહ્યો હતો. કંઠમાં વૈજયંતિમાળા ધારણ કરી હતી. કેડમાં ઉત્તમ રત્નજડીત સુવર્ણની મેખલા ધારણ કરી હતી. કાનમાં મકરાકાર કુંડળ શોભી રહ્યાં હતાં,[૧૮] ચરણોમાં ઝાંઝર શોભી રહ્યાં હતાં. બાંયે બાજુબંધ અને હાથમાં કડાં શોભતાં હતાં. ભક્તજનોએ દિવ્ય મંગલમૂર્તિનું ચંદન અને પુષ્પોથી પૂજન કર્યું હતું. સોળવર્ષની કિશોર અવસ્થામાં કાળમાયાના નિયંતા પ્રભુ શોભી રહ્યા હતા.[૧૯] બે હાથે અધરોષ્ઠ ઉપર ધારણ કરેલી વેણુને વગાડતા હતા. નટવરની સમાન વેષ હતો. આવા પ્રકારની શોભાને ધારણ કરતા ભગવાન શ્રીહરિને શ્રીકૃષ્ણના રૂપમાં નિહાળીને તે સર્વે સંતો ભક્તો, મુનિઓ અને સર્વે સ્ત્રીઓ ખૂબજ આનંદ પામ્યા.[૨૦]

હે રાજન્ ! તેમાંથી કેટલાક ભક્તજનોની દષ્ટિ ભગવાન શ્રીહરિના

ततस्तमेव तेऽपश्यन् यथापूर्वमवस्थितम् । वर्णिवेषं चाल्पजटं श्यामं विशदवाससम् ॥ २२
एणाजिनधरं शान्तं करात्तजपमालिकम् । नारायणमुनिं वीक्ष्य नेमुः साष्टाङ्गमाशु ते ॥ २३
परमेश्वर एवायं नारायणमुनिः स्वयम् । श्रीकृष्णोऽस्तीति साश्चर्यं वदन्ति स्म समुत्सुकाः ॥ २४
औद्धवीयाश्च ऋषयः पौराश्चान्ये च तत्र ये । जना आसन्सभायां ते सर्वे चक्रुस्तदाश्रयम् ॥ २५
ततो वयं त्वदीयाः स्म इति प्राञ्जलयोऽवदन् । तावज्जातमुषः स्वामी स्नात्वा कृष्णं समार्चयत् ॥२६
तर्पयामास सद्भोज्यैः साधून् विप्रान्सहस्रशः । पारणां स ततश्चक्रे जनाश्चान्ये ततो नृप ! ॥ २७
देशान्तरागताः सर्वे ऋषयो दृढनिश्चयाः । स्वधर्मज्ञानवैराग्ययुजा भक्त्याऽभजंश्च तम् ॥ २८

---

સ્વરૂપમાં નિર્નિમેષ સ્થિર થતાં તે સમાધિને પામ્યા, અને કેટલાક નેત્રો મીંચ્યા પછી હૃદયકમળમાં શ્રીહરિના સ્વરૂપને જોતાં સમાધિ દશા પામ્યા. આ પ્રમાણે સમાધિસ્થ જનોને બે ઘડી પર્યંત દિવ્યાનુભવ થયો. [૨૧]તે સર્વેને પૂર્વની માફક વર્ણીવેષે વિરાજમાન મસ્તક ઉપર અલ્પ કેશવાળા, શ્યામસુંદર શરીરવાળા, શ્વેતવસ્ત્રોધારી, મૃગચર્મને ધરી રહેલા, શાંત સ્વરૂપે શોભતા, જમણાહાથમાં તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી જપમાળાને ધારી રહેલા ભગવાન શ્રીનારાયણ મુનિનાં દર્શન કરી સર્વે સંતો ભક્તો દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૨૨-૨૩]

**હજારો જનોએ શ્રીહરિનો કરેલો આશ્રય –** હે રાજન્ ! ઉપરોક્ત આશ્ચર્ય નિહાળી કેટલાક ઉત્સાહી જનો પરસ્પર વાર્તાલાપ કરતા કહેતા હતા કે, આ નારાયણમુનિ છે એ જ સ્વયં સાક્ષાત્ પરમેશ્વર શ્રીકૃષ્ણ છે.[૨૪] તેમજ સભામાં બેઠેલા ઉધ્ધવસંપ્રદાયના સર્વે અનુયાયી નરનારીઓ દેશાંતરોમાંથી આવેલા ઋષિમુનિઓ, પુરવાસીજનો તથા અન્ય સર્વે જનોએ શ્રીહરિનો આશ્રય કર્યો અને બન્ને હાથજોડી તેઓ શ્રીહરિને કહેવા લાગ્યા કે, અમે સર્વે તમારા છીએ, તમારા સિવાય બીજો અમારે કોઈ આશરો નથી, તેવામાં સુંદર પ્રભાત થયું તેથી શ્રીસહજાનંદ સ્વામીએ સ્નાન કરી ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન કર્યું અને હજારો સાધુ બ્રાહ્મણોને સુંદર ભોજન જમાડી તૃપ્ત કર્યા. પછી સ્વયં શ્રીહરિએ પારણાં કર્યાં અને પછી બીજાં સર્વે જનોએ પણ પારણાં કર્યાં.[૨૫-૨૭]

હે રાજન્ ! ત્યારપછી દેશાંતરમાંથી પધારેલા સર્વે ઋષિમુનિઓ આ શ્રીહરિ અક્ષરધામાધિપતિ સ્વયં પુરુષોત્તમનારાયણ ભગવાન છે. આવો દૃઢ નિશ્ચય કરી સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત નવધા ભક્તિથી પ્રગટ ભગવાન

तेषां तु केचिदृषयो ब्रह्मचर्याश्रमे नृप ! । अवर्तन्ताथ केऽप्यासंस्त्यागिभक्ता हि साधवः ॥ २९
भूयोऽपराह्णेऽथ सभां कारयामास सत्पतिः । यथार्हं तत्र पुरुषा निषेदुश्च स्त्रियो नृप ! ॥ ३०
न्यषीदत्तत्र भगवान् पट्टके स्वास्तृते हरिः । बभौ स तारकामध्ये शशाङ्क इव पार्वणः ॥ ३१

तं चन्दनेनोत्तमपुष्पहारैर्वस्त्रैर्विचित्रैश्च धनैर्नरेन्द्र ! ।
सम्पूजयामासुरनन्यभावाः सर्वेऽपि भक्ताश्च ततः प्रणेमुः ॥ ३२
तस्माद्विशुद्धं निजधर्मवर्त्म शुश्रूषवः सन्मुखमेव तस्य ।
सर्वे निषेदुर्मुखपद्मशोभामवेक्षमाणा विनयानतांसाः ॥ ३३

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे जन्माष्टम्युत्सवे श्रीकृष्णस्वरूपदर्शननामा षष्ठोऽध्यायः ॥ ६ ॥*

---

શ્રીહરિનું ભજન કરવા લાગ્યા. હે રાજન્ ! તે ઋષિઓના મધ્યે કેટલાક બ્રહ્મચર્ય આશ્રમમાં રહેલા હતા અને કેટલાક ઋષિઓ ત્યાગીભક્ત સાધુઓ હતા.[૨૮-૨૯]

હે રાજન્ ! સત્પુરુષોના સ્વામી ભગવાન શ્રીહરિએ બપોરપછી મોટી સભાનું આયોજન કર્યું. તેમાં સૌ નરનારીઓ પોતાની મર્યાદામાં રહી યથા સ્થાને તે સભામાં બેઠાં.[૩૦] તે સભામાં ભગવાન શ્રીહરિ પણ ગાદી તકીયો બિછાવેલી મોટી પાટ ઉપર આવીને વિરાજમાન થયા અને તારા મંડળની મધ્યે જેમ શરદપૂર્ણિમાનો ચંદ્રમા શોભે તેમ શોભવા લાગ્યા.[૩૧] હે રાજન્ ! તે સમયે અનન્ય ભાવથી ભરપૂર એવા સમસ્ત ભક્તજનોએ ચંદન, ઉત્તમ પુષ્પોની માળા, વિવિધ આભૂષણો, વસ્ત્રો અને ધનથી શ્રીહરિનું પૂજન કર્યું. અને પ્રેમથી પ્રણામ કર્યા.[૩૨]પછી તે સર્વે ભક્તજનોને ભગવાન શ્રીહરિના મુખથકી પોતાના વિશુદ્ધ ધર્મમાર્ગનું શ્રવણ કરવાની ઇચ્છા હતી તેથી શ્રીહરિની સન્મુખ રહી મુખકમળની શોભાને નિરખતા અને વિનયથી પોતાના ખભા આગળ નમાવી સભામાં વિરાજમાન થયા.[૩૩]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં માંગરોળપુરે શ્રીહરિએ જન્માષ્ટમીના ઉત્સવમાં પોતાનું શ્રીકૃષ્ણસ્વરૂપનું દર્શન કરાવ્યું એ નામે છઠ્ઠો અધ્યાય પૂર્ણ થયો. --૬--***

---

सप्तमोऽध्यायः - ७

सुव्रत उवाच -

नारायणमुनिं नत्वा बद्धाञ्जलिपुटद्वयाः । शिष्या मुकुन्दप्रमुखाः पप्रच्छुरिदमादरात् ॥ १

शिष्या ऊचुः -

भगवन्सर्वभूतानां त्वमेव परमा गतिः । स्वाश्रितानां विशेषेण त्वं गुरुश्चेश्वरो ह्यसि ॥ २

अतस्त्वामाश्रितानां नः त्यागिनां गृहिणां तथा । स्त्रीणां चापि प्रभो ! ब्रूहि धर्माञ्छ्रेयःप्रसाधकान् ॥ ३

सुव्रत उवाच -

इति पृष्टः स भगवान् निजशिष्यैः कृपानिधिः । वेदादीनां सारभूतान् धर्मानाह सनातनान् ॥ ४

श्रीनारायणमुनिरुवाच -

शृण्वन्तु मामकाः सर्वे पुरुषा योषितस्तथा । सच्छास्त्रानुसृतान्धर्मान् वच्मि भागवतान् हि वः ॥ ५

## અધ્યાય - ૭

### શ્રીહરિના દિવ્યમુખે નારાયણગીતાનું મંગળ ગાન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મુકુન્દાનંદ વર્ણી આદિ શિષ્યો બન્ને હાથ જોડી ભગવાન શ્રીનારાયણમુનિને નમસ્કાર કરી આદરપૂર્વક પૂછવા લાગ્યા.[૧] શિષ્યો કહે છે, હે ભગવન્ ! તમે જીવપ્રાણીમાત્રના ગતિ સ્વરૂપ છો, તેમાં પણ પોતાના આશ્રિત જનો માટે તમે વિશેષપણે ગતિસ્વરૂપ છો. તમે અમારા ગુરુસ્થાને બિરાજો છો, અને કાળ માયાના નિયંતા પરમેશ્વર પણ તમે જ છો. માટે હે પ્રભુ ! તમારે આશરે રહેલા ત્યાગીસાધુ, એવા અમારા તથા ગૃહસ્થોના તથા સધવા, વિધવા સ્ત્રીઓના કલ્યાણકારી ધર્મોનો ઉપદેશ કરો.[૨-૩] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે પોતાના શિષ્યજનોએ પૂછ્યું તેથી કૃપાનિધિ ભગવાન શ્રીહરિ વેદાદિ શાસ્ત્રોના સારભૂત સનાતન ધર્મોનો ઉપદેશ કરવા લાગ્યા.[૪]

શ્રીનારાયણમુનિ કહે છે, હે મારે આશરે રહેલા સર્વે નરનારી ભક્તજનો ! તમે મારું વચન સાંભળો. હું તમને સત્શાસ્ત્ર પ્રતિપાદિત એકાંતિક ભાગવતધર્મનો ઉપદેશ કરું છું.[૫] હે ભક્તજનો ! રાત્રિના અંતિમ પ્રહરમાં બ્રાહ્મમુહૂર્તમાં નિદ્રાનો ત્યાગ કરી મારા આશ્રિત ભક્તોએ નિરંતર શ્રીહરિનામ સંકીર્તન કરવું, તેમજ ભગવાનના ભક્તોનાં નામોનું પણ સંકીર્તન કરવું, તથા એકાગ્ર મનથી એકઘડી અથવા બે ઘડી ભગવાનનું ધ્યાન કરવું. પછી રાધિકાના પતિ ભગવાન શ્રીકૃષ્ણનું

ब्राह्मे मुहूर्त उत्थाय निशायाः प्रहरेऽन्तिमे । मदीयैः कीर्तनीयानि हरेर्नामानि नित्यदा ॥ ६
तद्भक्तानां च नामानि कीर्तनीयानि तैः स च । अव्यग्रमानसैर्ध्येयो मुहूर्तं वैकनाडिकाम् ॥ ७
श्रीकृष्णं राधिकाकान्तं तमेव हृदयाम्बुजे । स्मरद्भिः शुद्धहृदयैः कर्तव्या दैहिकी क्रिया ॥ ८
स्नानं सन्ध्या जपो होमः स्वाध्यायः पितृतर्पणम् । देवतापूजनादीनि नित्यं कार्याणि च द्विजैः ॥ ९
स्नानं च द्विविधां पूजामकृत्वा प्रत्यहं हरेः । सर्वैरन्नं न भोक्तव्यं विना रोगादिपीडितान् ॥ १०
उपचारैर्यथालब्धैः विशुद्धैः प्रतिमा हरेः । यथाधिकारं विहितैः पूजामन्त्रैर्यथाविधि ॥ ११
रसासक्तिर्न कर्तव्या सर्वैः सर्वत्र सर्वदा । यथाकालं यथालब्धं भोज्यमन्नं फलादि वा ॥ १२
यो यत्र मुख्यो हि भवेत् भोजयित्वा स चापरान् । स्वयं भुञ्जीतानुदितं पंक्तिभेदं च नाचरेत् ॥ १३
एकादशीषु सर्वासु कृष्णजन्मदिनेषु च । शिवरात्र्यां च नैवान्नं भोक्तव्यं मदुपाश्रितैः ॥ १४
मदीयैर्मद्यमांसस्य तन्मिश्रस्य च वस्तुनः । भङ्गागञ्जतमालादेः कार्यः स्पर्शोऽपि न क्वचित् ॥ १५

---

પોતાના હૃદયમાં શુદ્ધમનથી સ્મરણ કરતાં કરતાં મારા આશ્રિતે દેહસંબંધી ક્રિયા કરવી.[૬-૮]

**શરીર શુદ્ધિ અને ભોજન શુદ્ધિ –** હે ભક્તજનો ! ત્રણે વર્ણના પુરુષોએ સ્નાન, સંધ્યા, ગાયત્રીજપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ, દેવતાઓનું પૂજન આદિ નિત્યકર્મનું પ્રતિદિન અનુષ્ઠાન કરવું.[૯] રોગાદિ પીડાને પામ્યા ન હોય તેવા મારા આશ્રિત પુરુષોએ પ્રતિદિન સ્નાન અને બે પ્રકારની ભગવાનની પૂજા કર્યા સિવાય મુખમાં અન્ન-જળ મૂકવું નહિ.[૧૦] દેશકાળને અનુસારે પ્રાપ્ત થયેલા ચંદનાદિ વિશુદ્ધ ઉપચારોથી પોતાના અધિકારને અનુસારે શાસ્ત્ર વિહિત પૂજન કરવું.[૧૧] સર્વે મારા ભક્તોએ ક્યારેય પણ રસાસ્વાદ ન કરવો. જે સમયે જેવા અન્ન કે ફળનો આહાર મળે તે ભગવાનની પ્રસાદી કરીને જમવું.[૧૨]

હે રાજન્ ! જે ગૃહસ્થના ઘરમાં કે ત્યાગીઓના મંડળમાં મુખ્ય વ્યક્તિ હોય તેમાં પ્રતિદિન બીજાઓને પ્રથમ જમાડી પછી પોતે જમવું, પંક્તિભેદ ક્યારેય ન કરવો.[૧૩] મારા આશ્રિતોએ સર્વે એકાદશીને દિવસે તથા ભગવાન શ્રીકૃષ્ણના જન્માષ્ટમી આદિ પ્રાગટ્યના દિવસોએ તથા શિવરાત્રીને દિવસે અન્નનો આહાર કરવો નહિ.[૧૪] વળી મારા આશ્રિતોએ મદ્ય, માંસ તથા તેનાથી મિશ્રિત ઔષધિ, ગાંજો, ભાંગ, તમાકુ વગેરે કેફી દ્રવ્યોનો સ્પર્શ પણ ક્યારેય ન કરવો, તો ભક્ષણ તો કેમ થઈ શકે ?.[૧૫]

यत्र स्युरवताराश्च शास्त्रेषु स्थापिता हरेः । तद्भक्त्या सह च ज्ञानमध्येतव्यानि तानि वै ॥ १६
सच्छास्त्राणि च सर्वाणि श्रव्याणि सुधियो मुखात् । न त्वन्तःशत्रुदग्धस्य हर्यभक्तस्य कर्हिचित् ॥ १७
ज्ञानशास्त्रेऽपि यत्र स्यान्नैव नारायणस्य च । स्थापनं दिव्यरूपस्य तन्न श्रव्यं कदाचन ॥ १८
युक्ताया नियमैः सर्वैः प्राप्ताया ब्रह्मणि स्थितिम् । अपि स्त्रिया मुखान्नैव ज्ञानं श्रव्यं हि पूरुषैः ॥ १९
गेयं यशः सदा विष्णोः तदीयानां च भक्तितः । सङ्गः सतां सदा कार्यो हर्यभक्तस्य न क्वचित् ॥ २०
निर्मानैर्दासवत्सर्वैर्वर्तितव्यं सतां पुरः । अवधार्याणि वाक्यानि तेषां चैकाग्रचेतसा ॥ २१
वृथावादो न कर्तव्यः श्रव्या ग्राम्यकथा न च । अपशब्दा न वक्तव्या नानृतं चापदं विना ॥ २२

---

**શાસ્ત્રશ્રવણ શુદ્ધિ અને વાચન શુદ્ધિ –** પરંબ્રહ્મ પરમાત્મા સર્વેશ્વર શ્રીકૃષ્ણના વરાહાદિ અવતારો, તેમના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અને આત્યંતિક કલ્યાણ કરનારી તેમની અનન્ય ભક્તિ જેમાં નિરૂપણ કરી હોય તેને જ સચ્છાસ્ત્ર જાણીને તેજ ભણવાં પરંતુ બીજાં ભણવાં નહિ.[૧૬] ભગવાનના ભક્ત તથા ધર્મનિષ્ઠ એવા સદ્‌બુદ્ધિમાન વક્તાના મુખેથી સર્વે સત્શાસ્ત્રોનું શ્રવણ કરવું. પરંતુ ભક્તિએ રહિત અને અંતઃશત્રુઓથી બળેલા અંતરવાળા વક્તાના મુખેથી ક્યારેય પણ તે સત્શાસ્ત્રો સાંભળવાં નહિ.[૧૭] હે ભક્તજનો ! ભલેને અધ્યાત્મજ્ઞાનનું પ્રતિપાદન કરનાર શાસ્ત્ર હોય પણ જો તેમાં ભગવાન શ્રીનારાયણની દિવ્યાકૃતિનું સદા સાકારપણે પ્રતિપાદન કર્યું ન હોય તો તેવાં અધ્યાત્મશાસ્ત્રનું પણ શ્રવણ કરવું નહિ.[૧૮]

**સમાગમ શુદ્ધિ –** હે ભક્તજનો ! બ્રહ્મચર્યાદિ કે પતિવ્રતાદિ સર્વ પ્રકારના નિયમોનું પાલન કરનારી અને બ્રહ્મસ્થિતિને પામેલી નારી હોય છતાં પણ તેમના મુખેથી પુરુષોએ જ્ઞાનવાર્તા સાંભળવી નહિ.[૧૯] ભગવાન તથા તેમના ભક્તોના યશનું ભક્તિભાવ પૂર્વક સદાય ગાન કરવું અને સાંભળવું. તથા સર્વકાળે શાસ્ત્રોક્ત લક્ષણ સંપન્ન સંતોનો સમાગમ કરવો. પરંતુ ભગવાનનો ભક્ત ન હોય તેવા પુરુષનો સમાગમ કરવો નહિ.[૨૦] સર્વે સંતોની આગળ દાસની પેઠે નિર્માનીપણે વર્તવું અને તેઓએ કહેલ તેમજ પોતાને માટે હિતકારી વચનો એકાગ્રમનથી ધારણ કરવાં.[૨૧]

હે ભક્તજનો ! પ્રયોજન વિના વૃથાવાદ ન કરવો. ગ્રામ્યકથા ક્યારેય ન સાંભળવી અને ન કરવી. અપશબ્દો પણ ક્યારેય બોલવા નહિ. આપત્કાળ વિના

स्वव्रतानां दृढत्वं स्यात् कृष्णे च प्रेम निर्भरम् । यत्समागमतः स्यात्तत् सङ्गो हेयो न कर्हिचित् ॥ २३
स्थितप्रज्ञोऽपि यः सङ्गं तादृशस्य जहाति सः । कामलोभाद्यरिग्रस्तो भ्रश्यत्येव न संशयः ॥ २४
सत्सङ्गं स्वं विदधतं यदि कोऽप्यत्र निर्वदेत् । तावन्मात्रेण न क्षोभः प्राप्तव्यो मनसा क्वचित् ॥ २५
वैष्णवस्यापि मत्तस्य स्वव्रतेभ्यश्च्युतस्य च । सङ्गो नैवात्र कर्तव्यः पापिनोऽन्यस्य च क्वचित् ॥ २६
प्राप्तब्रह्मात्मविज्ञानोऽप्यवमन्ता जगत्प्रभोः । तस्यावतारे चाश्रद्धो यः स्याद्धेयः स दूरतः ॥ २७
मत्सम्प्रदायलिङ्गं च बिभ्रद्यो बहिरुत्तमम् । प्रच्छन्नं स्त्र्यादिसंसक्तः परित्याज्यः स दूरतः ॥ २८
शान्त्या दान्त्या चोपरत्या तितिक्षास्तिकतादिभिः । गुणैर्देवादिदुष्प्राप्यैः युक्तैर्भाव्यं च मच्छ्रितैः ॥ २९

---

અસત્યવચન પણ બોલવું નહિ.[૨૨] જે ભગવાનના સંતો-ભક્તોના સમાગમથી પોતાના બ્રહ્મચર્યાદિ વ્રતનો તથા નિયમોની દૃઢતા થાય અને ભગવાનમાં અતિશય સ્નેહની વૃદ્ધિ થાય તેવા પુરુષોનો સમાગમ ક્યારેય પણ છોડવો નહિ.[૨૩] ભલે ને કોઈ સમાધિનિષ્ઠ સ્થિતપજ્ઞ સ્થિતિને પામ્યો હોય, પરંતુ ભગવાનના ભક્તોનો સમાગમ જો છોડી દે, તો તે પુરુષ અવશ્ય કામ, ક્રોધ અને લોભાદિ અંતઃશત્રુઓ થકી પરાભવ પામી પોતાના કલ્યાણના માર્ગમાંથી ભ્રષ્ટ થઈ જાય છે, એમાં કોઈ સંશય નથી.[૨૪] તથા સત્પુરુષનો સમાગમ કરતાં આલોકમાં જો કોઈ પણ દુર્જન પુરુષ નિંદા કરે તો પણ ક્યારેય મનથી પણ ક્ષોભ પામવું નહિ. દુર્જનોએ કરેલી નિંદાને નહિ ગણીને પોતાના કલ્યાણનું કામ ઉત્સાહપૂર્વક કરતા રહેવું.[૨૫]

હે ભક્તો ! સ્વતંત્રપણે વર્તતા અને પોતાના વ્રતમાંથી ચ્યુત થઈ ગયેલા વૈષ્ણવોનો પણ ક્યારેય સમાગમ કરવો નહિ. તથા આલોકમાં પાપી પુરુષોનો પણ સંગ ક્યારેય ન કરવો.[૨૬] તેમજ બ્રહ્મરૂપ પોતાના આત્માનો સાક્ષાત્કાર થયો હોય અથવા બ્રહ્મની સાથે એકાત્મભાવને પામ્યો હોય છતાં જો તે ભગવાનના નિત્યસિદ્ધ દિવ્ય સુંદર આકારનું ખંડન કરતો હોય તથા ભગવાનના અવતારોમાં શ્રદ્ધારહિત હોય અર્થાત્ ભગવાન પૃથ્વી ઉપર અવતરે છે, એવો જેને વિશ્વાસ જ ન હોય તેવા પુરુષોનો દૂરથી જ ત્યાગ કરી દેવો.[૨૭]

હે ભક્તજનો ! જે પુરુષ બહારથી ઉત્તમ ઊર્ધ્વપુંડ્ર તિલકાદિ મારા સંપ્રદાયનાં ચિહ્નો ધારણ કરતો હોય અને અંદરથી એટલે કે છૂપીરીતે સત્શાસ્ત્ર નિષિદ્ધ સ્ત્રી ધનાદિકમાં આસક્ત હોય, તેવા પુરુષનો પણ દૂરથી જ ત્યાગ કરવો.[૨૮] મારા આશ્રિતોએ દેવતાઓને પણ દુર્લભ એવા મનન, સમન, ઈન્દ્રિયોનું દમન,

जातेऽत्र साक्षात्कारेऽपि स्वपरब्रह्मरूपयोः । लोब्धव्यं मामकैर्नैव शब्दादिविषये क्वचित् ॥ ३०
महद्भिः पूर्वजैः सिद्धैः यद्धर्माचरणं कृतम् । भवेत्तदेव हि ग्राह्यं नाधर्माचरणं क्वचित् ॥ ३१
ब्रह्मचर्यप्रधानानि साधनानि विनैव चेत् । सद्यो महाफलां भक्तिं स्वस्मै कश्चिदुपादिशेत् ॥ ३२
तर्हि भक्त्या तया साकम् उपदेष्टारमेव तम् । सद्यो जह्याद्धि सद्भक्तो न तु स्वनियमान्क्वचित् ॥ ३३
धर्मो ज्ञानं च वैराग्यं भक्तेर्वेद्यानि तत्त्वतः । अङ्गानि त्रीण्युत्तमाङ्गहृत्पादाख्यान्यनुक्रमात् ॥ ३४
धर्मप्रतिज्ञां कृत्वादौ न पालयति यस्तु ताम् । स तु श्वपचवज्ज्ञेयः पुमान् योषिच्च तादृशी ॥ ३५
लोभकामक्रुधादीनां वशे भाव्यं न वैरिणाम् । द्वाराणि निरयस्येति वेदितव्याश्च तेऽखिलैः ॥ ३६
सम्प्राप्तस्तीव्रवैराग्यं परं ज्ञानं च धर्मवान् । कृष्णं भजेत प्रेम्णा यः सेव्यः स गुरुवत्पुमान् ॥ ३७

---

ગ્રામ્ય સુખોમાંથી વિરામ, તિતિક્ષા અને આસ્તિકતા આદિ અનેક સદ્‌ગુણોથી સંપન્ન થવું.[૨૯]

હે ભક્તજનો ! પોતાના આત્મસ્વરૂપનો કે પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર થયો હોય છતાં પણ અભિમાનમાં આવી મારા આશ્રિતોએ શબ્દાદિ પંચ વિષયોમાં ક્યારેય પણ લોભાવું નહિ.[૩૦] પૂર્વેના યોગસિદ્ધિને પામેલા મોટા પુરુષોએ જે ધર્માચરણ કર્યું હોય તેનું ગ્રહણ કરવું પણ તેણે જે અધર્માચરણ કર્યું હોય તેનો સ્વીકાર કરવો નહિ. અર્થાત્ તે પ્રમાણે વર્તવું નહિ.[૩૧] બ્રહ્મચર્ય આદિ મુખ્ય સાધન વિના પણ ભક્તિ છે તે તત્કાળ મહાફળને આપે છે, આવી રીતનો જો કોઈ ઉપદેશ કરતો હોય તો તેવા પુરુષનો અને તેણે બતાવેલી ભક્તિનો પણ તત્કાળ ત્યાગ કરી દેવો. પરંતુ પોતાના બ્રહ્મચર્યાદિ નિયમોનો ત્યાગ ન કરવો.[૩૨-૩૩] હે ભક્તજનો ! સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય આ ત્રણે અનુક્રમે ભક્તિના મસ્તક, હૃદય અને ચરણ રૂપ અંગો છે. તેને યથાર્થ જાણી રાખવાં.[૩૪] તેમજ જે પુરુષ પ્રથમ ધર્મપાલનની પ્રતિજ્ઞા કરે અને પછી પાળતો નથી તેને ચાંડાલ જાણવો અને તેવા પ્રકારની સ્ત્રીને ચાંડાલી જાણવી.[૩૫] સર્વે મારા આશ્રિત ભક્તજનોએ કામ, ક્રોધ અને લોભ આદિ અંતઃશત્રુઓને આધીન ન થવું પરંતુ તેને નરકનાં દ્વાર જાણી ચેતતા રહેવું.[૩૬]

હે ભક્તજનો ! જે પુરુષ તીવ્ર વૈરાગ્યને પામ્યો હોય, જ્ઞાનવાન અને ધર્મવાન હોય, તથા પ્રેમથી શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ કરતો હોય તો તેવો પુરુષ ગુરુની પેઠે સેવવા યોગ્ય છે.[૩૭] મનોહર એવા ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ અને બ્રહ્મપુર ધામમાં જે અનુપમ સુખ સંપત્તિઆદિ ઐશ્વર્ય રહેલું છે તેનું વારંવાર શ્રવણ કરવું,

गोलोके चाथ वैकुण्ठे श्वेतद्वीपे मनोहरे । यच्चैश्वर्यं ब्रह्मपुरे श्रव्यं श्राव्यं च तद्भृशम् ॥ ३८
सपार्षदा ईश्वरा ये तत्तद्धामसु संस्थिताः । राधिकाद्याः शक्तयश्च तेषु मुक्ताश्च ये स्थिताः ॥ ३९
एतत्सर्वं स्वहृदये चिन्तनीयं निरन्तरम् । येनान्तकालेऽपि भवेत् तत्स्मृतिर्मुक्तिदायिनी ॥ ४०
ब्रह्मभूतैरपि प्राज्ञैः कृष्णस्य श्रवणादिका । भक्तिरेव विधातव्या नित्यदाऽत्र शुकादिवत् ॥ ४१
पादोदकं च नैवेद्यं ग्राह्यं स्याद्यच्च सत्पतेः । स्वजातिधर्मानुगुणं तत् ग्राह्यं नान्यथा क्वचित् ॥ ४२
अयाचते ह्यभक्ताय नैवेद्यं चरणाम्बु च । तदीयं नैव दातव्यं देयं भक्त्या तु याचते ॥ ४३
रङ्का अपि हरेर्भक्ता नावमान्या हि कर्हिचित् । अवमानात्तादृशानां भवत्येव महद्भयम् ॥ ४४
वैष्णवस्य रुजार्तस्य सेवा कार्या यथा हरेः । अन्नादि देयं तस्मै च तद्रुच्यनुसृतं तु यत् ॥ ४५
सतां च महतामग्रे दोषा वाच्या य आत्मनः । स्वमुखेन न कर्तव्यं स्वगुणानां प्रशंसनम् ॥ ४६

---

અને બીજાને કરાવવું. અને તે ધામને વિષે જે પરબ્રહ્મ પરમાત્મા પોતાના પાર્ષદોની સાથે વિરાજે છે તથા તે તે ધામોમાં રાધા આદિક ભગવાનની શક્તિઓ અને મુક્તજનો રહ્યા છે. તે સર્વેનું પોતાના હૃદયકમળમાં નિરંતર ચિંતવન કર્યા કરવું. તેમનાં ચિંતવનથી અંતકાળે પણ ભગવાનનું સ્મરણ થઈ આવે છે, તેથી આ જીવાત્માની મુક્તિ થાય છે.[૩૮-૪૦] આલોકમાં બ્રહ્મસ્થિતિને પામેલા જ્ઞાની પુરુષોએ પણ શુકદેવજીની પેઠે નિરંતર શ્રીકૃષ્ણ ભગવાનની શ્રવણાદિ નવધા ભક્તિ કર્યા કરવી.[૪૧] હે ભક્તજનો ! સત્પુરુષોના પતિ ભગવાન શ્રીકૃષ્ણનું ચરણોદક તથા નિવેદિત અન્નનો પ્રસાદ ગ્રહણ કરવાનું જે કહ્યું છે તે પોતાની જાતિ અને ધર્મને અનુસારે જ ગ્રહણ કરવું. જાતિ અને ધર્મને બાધ આવે તેવા ચરણોદક કે પ્રસાદનું ગ્રહણ ન કરવું.[૪૨] "મને ચરણોદક કે નૈવેદ્ય આપો" એવી યાચના નહિ કરનાર ભગવાનના ભક્તને પણ ચરણોદક કે પ્રસાદ આપવો નહિ. તથા અભક્ત યાચના કરે છતાં પણ આપવો નહિ. પરંતુ ભક્તિભાવપૂર્વક યાચના કરનાર માત્ર ભક્તનેજ આપવો.[૪૩]

હે ભક્તજનો ! ભગવાનના ગરીબ ભક્તોનું ક્યારેય પણ અપમાન ન કરવું, કારણ કે અપમાન કરનારને મોટો જન્મ-મરણરૂપ ભય ઉત્પન્ન થાય છે. જેવી રીતે ભગવાનની સેવા કરવામાં આવે છે, તેવી જ રીતે રોગાર્ત ભક્તની પણ સેવા કરવી. તેમની રુચિને અનુસાર ભોજન આદિક અર્પણ કરવાં.[૪૪-૪૫]

હે ભક્તજનો ! મોટા સંતપુરુષોની આગળ પોતાના દોષ સ્પષ્ટ કહી દેવા

देवस्य च गुरो राज्ञो विष्णुभक्तस्य चाग्रतः । पादौ प्रसार्य मत्पुम्भिः नोपवेश्यं च संसदि ॥ ४७
तेषामग्रे विचार्यैव वाच्यं सत्यं च तत्प्रियम् । तेषां गुह्यं च यत्किञ्चित् तत्प्रकाश्यं न कुत्रचित् ॥ ४८
द्रोहः कार्यो न कस्यापि स्तेयं वर्ज्यं च सर्वथा । हितावहं परेषां च कर्तव्यं सत्यभाषणम् ॥ ४९
न कार्यं वर्णसाङ्कर्यं न च स्वपरहिंसनम् । नान्योद्वेगकरं वाच्यं नापवादवचस्तथा ॥ ५०
अभिव्रजेन्निजाचार्यं श्रुत्वाऽऽयान्तं मदाश्रितः । प्रतिगच्छति तस्मिंश्चाऽऽग्रामान्तं तमनुव्रजेत् ॥ ५१
वैष्णवे वीक्षमाणे च नैष्ठिकव्रतशालिनि । ईर्ष्यां परस्यापमानं गालिदानं च नाचरेत् ॥ ५२
एकान्तिकानां भक्तानाम् अन्येषां महतामपि । गुणोत्कर्षं सभायां हि कीर्तयेन्नागुणं क्वचित् ॥ ५३
ब्राह्मणान् भगवत्प्रेष्ठान् विदित्वा मानयेत्सदा । दृष्ट्वा देवालयं दूरान् नमस्कुर्यात्कृताञ्जलिः ॥ ५४

---

અને પોતાના મુખેથી પોતાના ગુણોની પ્રશંસા ન કરવી.[૪૬] મારા આશ્રિત ભક્તોએ દેવ, ગુરુ, રાજા તથા ભક્તજનની આગળ પગ લાંબા કરીને બેસવું નહિ. તેવી જ રીતે સભામાં પણ પગ લાંબા કરીને ન બેસવું.[૪૭] તેઓની આગળ વિચારીને સત્ય અને પ્રિય વાણી બોલવી પણ તે તેઓના રહસ્યની વાત કાંઈ પણ હોય તેનું પ્રકાશન કોઈની આગળ ન કરવું.[૪૮] હે ભક્તજનો ! કોઈ પણ પ્રાણીનો દ્રોહ ન કરવો. સર્વ પ્રકારે ચોરી ન કરવી, ધર્મને માટે પણ નહિ. પરનું હિત થાય એવું જ સત્ય ભાષણ કરવું.[૪૯] વર્ણસંકરતા ઉત્પન્ન થાય તેવું કોઈ પણ કર્મ ન કરવું. પોતાની કે પારકાની હિંસા ન કરવી. બીજાને ઉદ્વેગ થાય તેવું કે ભય ઉપજાવે તેવું વચન ન બોલવું. તથા કોઈ પણ વ્યક્તિ ઉપર મિથ્યાપવાદનું આરોપણ ન કરવું.[૫૦] મારા આશ્રિત ભક્તજનોએ પોતાના આચાર્યને આવતા સાંભળી ગામની ભાગોળે સામા જવું, અને જ્યારે ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી તેમને વળાવવા પાછળ જવું.[૫૧] નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતથી શોભતા વૈષ્ણવ ભક્તની નજર સામે જ અન્ય કોઈ પણ જનની સાથે ઈર્ષ્યા ન કરવી. કોઈનું અપમાન ન કરવું. તેમજ કોઈની સામે ગાળો ન બોલવી.[૫૨]

ભગવાનના એકાંતિક ભક્ત એવા ત્યાગી કે ગૃહસ્થ જનોના અને બીજા રાજ્યાધિકાર કે વિદ્યાદિ ગુણોથી ઉચ્ચપદને પામેલા મહાપુરુષોના કે અન્ય કોઈ પણ જનોના જે ગુણો હોય તેના ઉત્કર્ષની સભામાં વાત કરવી પણ તેના દોષ સભામાં કહેવા નહિ.[૫૩] બ્રાહ્મણો ભગવાનને અતિશય પ્રિય છે એમ જાણી તેમને સદાય માન આપવું. દૂરથી દેવમંદિરનાં દર્શન થતાં બે હાથ જોડી નમસ્કાર

नास्तिकापाश्रयं नैव मदीयः प्रविशेत्क्वचित् । तदाचार्यैर्न भाषेत तद्ग्रन्थाच्छृणुयान्न च ॥ ५५
साधारणा मदीयानां त्यागिनां गृहिणामपि । धर्मा एते मया प्रोक्ता विशेषान् कथयाम्यथ ॥ ५६
वेदपाठो गुरोः सेवा कर्तव्या ब्रह्मचारिभिः । वानप्रस्थैस्तपः कार्यम् अहिंसाश्च मखा अपि ॥ ५७
संन्यासिभिश्च नियतं स्थातव्यमपरिग्रहैः । विष्णुपूजौंकारजपौ कर्तव्यौ तैश्च नित्यदा ॥ ५८
द्रव्यस्य हेमरूप्यादेः गृहिवर्जं मदाश्रितैः । त्याग आश्रमिभिः कार्यस्त्यागिभक्तैश्च सर्वथा ॥ ५९
त्याज्यः सङ्गोऽष्टधा स्त्रीणाम् एतैस्तत्प्रतिमाऽपि च । नेक्ष्या न कार्या न स्पृश्या देवताप्रतिमां विना ६०
स्त्रीभ्यो धनुःप्रमाणेन गम्यं दूरेण सर्वथा । हर्युत्सवाल्पमार्गादौ रक्ष्यं स्त्रीस्पर्शतो वपुः ॥ ६१
यत्र यत्र स्थले स्त्रीणां या या काचित्क्रिया भवेत् । तत्र तत्र क्रिया सा सा न कार्या नैष्ठिकैर्मम । ६२
गृहद्वयान्तरस्थेन कुड्येनैकेन यत्र च । स्यात्स्त्रीपुंसान्तरं तत्र न स्वप्यं निश्यनापदि ॥ ६३

---

કરવા.[૫૪] હે ભક્તજનો ! મારા આશ્રિતોએ ક્યારેય પણ નાસ્તિકના સ્થાનોમાં પ્રવેશ કરવો નહિ. અને તેમના આચાર્ય સાથે ચર્ચા કરવી નહિ તથા તેમના ગ્રંથોનું શ્રવણ કે વાચન કરવું નહિ.[૫૫] આ પ્રમાણે મારા આશ્રિત એવા ત્યાગી અને ગૃહસ્થોના સાધારણ ધર્મો મેં તમને કહ્યા. હવે પછી સર્વેના વિશેષ ધર્મો કહું છું.[૫૬]

**ત્યાગાશ્રમના વિશેષધર્મ –** હે ભક્તજનો ! મારા આશ્રિત બ્રહ્મચારીઓએ વેદપાઠ કરવો અને ગુરુની સેવા કરવી, તેમજ વાનપ્રસ્થીએ તપશ્ચર્યા કરવી અને પ્રાણીઓની હિંસા રહિતના યજ્ઞો કરવા.[૫૭] તેમજ સંન્યાસીઓએ સાવધાનીપૂર્વક પદાર્થોનો પરિગ્રહ ન કરવો, વિષ્ણુભગવાનનું પૂજન અને ૐ કારનો નિત્યે જાપ કરવો.[૫૮] ગૃહસ્થ સિવાયના મારા આશ્રિત બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસીએ તથા અચ્યુતગોત્રી એવા ત્યાગી સાધુએ સુવર્ણ, ચાંદી આદિ ધનનો સર્વપ્રકારે ત્યાગ રાખવો.[૫૯] ગૃહસ્થ સિવાયના ઉપરોક્ત સર્વએ અષ્ટપ્રકારે સ્ત્રીઓનો ત્યાગ રાખવો. દેવતાઓની પ્રતિમા વિનાની ધાતુ, પાષાણ કે ચિત્રની સ્ત્રીઓની પ્રતિમાને ક્યારેય જોવી નહિ, પોતાને હાથે તેનું નિર્માણ પણ કરવું નહિ, તથા તેનો સ્પર્શ પણ કરવો નહિ.[૬૦] માર્ગમાં ચાલતાં સ્ત્રીઓથી ચારહાથ દૂર ચાલવું, પરંતુ ભગવાનના મહોત્સવને વિષે ભેળા થયેલા જનસમુદાયથી ભરપૂર માર્ગમાં માત્ર સ્ત્રીઓના સ્પર્શ થકી પોતાના શરીરનું રક્ષણ કરવું.[૬૧] જે સ્થળમાં સ્ત્રીઓની સ્નાનાદિક ક્રિયા થતી હોય તે સ્થળમાં તે ક્રિયા કરવા મારા આશ્રિત નૈષ્ઠિક બ્રહ્મચારી આદિ સર્વેને જવું નહિ.[૬૨] તથા પોતાને જ્યાં રાત્રી-નિવાસ કરવાનો હોય તે ઘર અને જેમાં સ્ત્રીઓ રહે છે તેવા બીજા ઘરની વચ્ચે એક જ

स्त्रीभिः कृष्णस्य भक्ताभिः अपि पूजितमच्युतम् । नैष्ठिकव्रतिभिर्नैव गन्तव्यं वीक्षितुं क्वचित् ॥ ६४
विना भैक्षं सभां वाऽपि गृहस्थानां गृहाणि च । गन्तव्यानि क्वचिन्नैव त्यागिभिर्यैर्मदाश्रितैः ॥ ६५
एकाकिभिर्न गन्तव्यं तैः कदाचन कुत्रचित् । शयितव्यं न खट्वायां विना रोगादिमापदम् ॥ ६६
अनापदि न गन्तव्यं निशि वर्त्म च तैः क्वचित् । तथैव च निजस्थानात् गन्तव्यं न बहिर्निशि ॥ ६७
आपद्धर्मश्च विपदि ग्राह्योऽन्यत्र बृहद्व्रतात् । प्राणात्ययेऽपि न त्याज्यं ब्रह्मचर्याङ्गमष्टमम् ॥ ६८
ऋषभार्षभवन्मानस्त्यक्तव्यस्त्यागिभिर्नरैः । ब्रह्मात्मधीभिर्मच्छिष्यैः देहासक्तिस्तथैव च ॥ ६९
निवृत्तिधर्मनिरतैः ईश्वरस्य गुरोरपि । प्रवृत्त्यध्वपरं वाक्यं ग्रहीतव्यं न कर्हिचित् ॥ ७०
विधवानां तु नारीणां चातुर्मास्ये विशेषतः । धारणापारणादीनि व्रतानि विहितानि वै ॥ ७१

---

**દિવાલનું આડું હોય તો તેવા ઘરમાં પણ આપત્કાળ પડ્યા વિના બ્રહ્મચારી આદિએ શયન કરવું નહિ.[૬૩] તેમજ શ્રીકૃષ્ણ ભગવાનના સ્ત્રી ભક્તોએ પૂજેલા વિષ્ણુ ભગવાનનાં દર્શન કરવા નૈષ્ઠિકબ્રહ્મચારી આદિ ત્યાગીઓએ ક્યારેય પણ ન જવું.[૬૪]**

**હે ભક્તજનો ! મારા આશ્રિત ત્યાગીઓએ ભિક્ષા અથવા સભાના પ્રસંગ વિના ગૃહસ્થના ઘર પ્રત્યે ક્યારેય જવું નહિ, તથા ક્યારેય પણ કોઈ જગ્યાએ એકલા જવું નહિ અને રોગાદિ આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર શયન કરવું નહિ, વળી આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ રાત્રીને વિષે માર્ગમાં ચાલવું નહિ. રાત્રીના સમયે પોતાના નિવાસસ્થાન થકી પણ બહાર જવું નહિ.[૬૫-૬૭] અને આપત્કાળમાં પણ બ્રહ્મચર્યવ્રત સિવાયના બીજા ધર્મોનો આપત્કાળ ધર્મ તરીકે સ્વીકાર કરવો પરંતુ પ્રાણનો ત્યાગ થઈ જાય ત્યાં સુધીનો આપત્કાળ આવી પડે છતાં પણ આઠમું બ્રહ્મચર્યવ્રત તો ક્યારેય પણ છોડવું નહિ.[૬૮] મારા આશ્રિત બ્રહ્મવેત્તા ત્યાગી પુરુષોએ ઋષભદેવના પુત્ર જડ-ભરતની પેઠે માનનો ત્યાગ કરવો, અને દેહાસક્તિનો પણ ત્યાગ કરવો.[૬૯] નિવૃત્તિ ધર્મપરાયણ નૈષ્ઠિક બ્રહ્મચારી આદિ સર્વએ પોતાના ઈષ્ટદેવ ભગવાનનું અને પોતાના ગુરુનું પણ પ્રવૃત્તિમાર્ગ પ્રધાન વચન ક્યારેય સ્વીકારવું નહિ.[૭૦]**

**વિધવાનારીના વિશેષધર્મ – હે ભક્તજનો ! (હવે હું તમને વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહું છું.) મારે આશ્રિત વિધવા નારીઓએ ચાતુર્માસમાં ધારણાપારણા આદિ વિશેષ વ્રતો પાલન કરવાનું સત્શાસ્ત્રોમાં વિધાન છે. તો તેઓએ તે વ્રતોનું અવશ્ય પાલન કરવું.[૭૧] તેમજ અસ્ખલિત અષ્ટપ્રકારનું બ્રહ્મચર્યવ્રત**

ताभिः पाल्यं ब्रह्मचर्यमप्रस्खलितमष्टधा । पुमांस्तत्प्रतिमा वापि न स्प्रष्टव्या विनाऽऽमरीम् । ७२
धर्मकार्येऽपि न द्रव्यं स्वनिर्वाहोपयोगि यत् । ताभिर्देयं कदापीति मदाज्ञाऽस्ति जनाः ! खलु ॥ ७३
बाला युवत्यो वृद्धा वा सधवा विधवास्तथा । स्त्रियः स्वतन्त्रा नैव स्युः पित्रादेः स्युर्वशे सदा । ७४
स्वातन्त्र्येण न कर्तव्यं स्वसम्बन्धिजनान्विना । तीर्थक्षेत्राटनं स्त्रीभिः सर्वाभिरपि कर्हिचित् ॥ ७५
सुवासिनीभिर्नारीभिराश्रिताभिस्तु मां निजः । अन्धो रुग्णो जरन्वापि सेव्य ईश्वरवत्पतिः ॥ ७६
शीलमेव सदा रक्ष्यं ताभिः सन्त्यज्य चापलम् । श्वाशुर्यं च कुलं पित्र्यं लाञ्छनीयं न तु क्वचित् । ७७
उद्वाहितेतरा नार्यो गृहिभिः स्वप्रसूसमाः । द्रष्टव्या व्यवहार्यं च सम्बद्धासु यथोचितम् ॥ ७८
स्त्रीसम्बन्धस्य नैकट्ये कृष्णस्य गृहिभिः कथा । कर्तव्या दूरतः स्थित्वा न तु सर्वत्र सर्वदा ॥ ७९

---

પાળવું, તથા દેવતાઓની પ્રતિમા વિના પુરુષોની પ્રતિમાનો સ્પર્શ પણ ન કરવો, અને પોતાના શરીર નિર્વાહમાં માત્ર ઉપયોગી ધન હોય તો તે ધન ધર્મકાર્યને અર્થે પણ ન વાપરવું, એવી મારી આજ્ઞા છે.[૭૨-૭૩]

**સમસ્ત નારીઓના વિશેષધર્મ** – હે ભક્તજનો ! બાળક, યુવાન, વૃદ્ધ તથા સધવા અને વિધવા સ્ત્રીઓએ સ્વતંત્ર થવું નહિ, પરંતુ પોતાના પિતા, ભાઈ, પતિ કે પુત્રને આધીન વર્તવું, અને સર્વે સધવા કે વિધવા નારીઓએ પોતાના સમીપ સંબંધી પુરુષોના સંઘાથ વિના સ્વતંત્રપણે એકલા તીર્થયાત્રા કરવા પણ ક્યારેય જવું નહિ.[૭૪-૭૫]

**સધવા નારીઓના વિશેષધર્મ** – હે ભક્તજનો ! મારે આશ્રિત સુવાસિની નારીઓએ પોતાનો પતિ અંધ હોય, રોગી હોય કે વૃદ્ધ હોય છતાં પણ તેની ઈશ્વરની પેઠે સેવા કરવી, ઈન્દ્રિયોની ચંચળતાનો ત્યાગ કરવો, અને સદાય પોતાના શીલવ્રતનું રક્ષણ કરવું, સસરા કે પિતાના કુળને ક્યારેય પણ લાંછન ન લગાડવું.[૭૬-૭૭]

**ગૃહસ્થના વિશેષધર્મ** – હે ભક્તજનો ! મારે આશ્રિત ગૃહસ્થજનોએ પોતાની પરણેલી પત્ની સિવાયની સ્ત્રીઓને પોતાની માતા તુલ્ય જાણવી, તેમજ પોતાના સંબંધવાળી સ્ત્રીઓના મધ્યે પણ વાર્તાલાપ આદિ વ્યવહાર જરૂર પૂરતો જ કરવો.[૭૮] તેમજ ગૃહસ્થજનોએ પોતાના નજીકના સંબંધીજનોની સ્ત્રીની આગળ પણ યથાસમયે તેમનાથી દૂર બેસીને જ ભગવાનની કથા-વાર્તા કરવી, પણ ગમે ત્યારે ગમે ત્યાં સ્ત્રીઓની આગળ બેસીને કથા-વાર્તા કરવી નહિ.[૭૯] વળી

रहःस्थाने तु मात्रा वा भगिन्या कन्ययाऽपि वा । सहासितव्यं न क्वापि गृहस्थैरप्यनापदि ॥ ८०
बुद्धिपूर्वं तु विधवा न स्पृश्या गृहिभिः क्वचित् । आसन्नसम्बन्धहीना योषाऽऽपत्कालमन्तरा ॥ ८१
नित्यं पञ्च महायज्ञाः कर्तव्या गृहिभिर्जनाः । पूज्याश्च साधवो भक्त्या दानं कार्यं च शक्तितः ॥ ८२
स्वातिप्रियपदार्थस्य पात्रे यत्स्त्रीं विनाऽर्पणम् । मानेर्ष्यादम्भरुड्हीनं तद्दानं चावबुध्यताम् ॥ ८३
अहिंसयज्ञाः पूर्तं च कार्यमाढ्यैर्गृहस्थितैः । पुण्यक्षेत्रेषु दानानि विप्रसन्तर्पणादि च ॥ ८४
उपायानां चतुष्केण विना प्राणिवधं नृपैः । स्वकार्यसिद्धिः कर्तव्या राजनीत्या मदाश्रितैः ॥ ८५
राजधर्मेष्वपि प्रोक्तं प्राणिघातवचस्तु तैः । युद्धादन्यत्र न ग्राह्यं रक्ष्याश्च पितृवत्प्रजाः ॥ ८६
नियमेषु मदुक्तेषु यस्य यस्य च्युतिर्भवेत् । तस्य तस्य विधातव्यं प्रायश्चित्तं यथोचितम् ॥ ८७

---

ગૃહસ્થાશ્રમી પુરુષોએ આપત્કાળ પડ્યા વિના પોતાની માતા, બહેન અને દિકરીની સાથે પણ એકાંત સ્થળમાં ન રહેવું, તેમજ જાણી જોઇને પોતાની સમીપ સંબંધી વિનાની વિધવા સ્ત્રીઓનો આપત્કાળ પડ્યા વિના સ્પર્શ ન કરવો.[૮૦-૮૧]

**ગૃહસ્થના પંચમહાયજ્ઞો :-** હે ભક્તજનો ! મારા આશ્રિત ગૃહસ્થ ભક્તોએ નિત્યે પંચ મહાયજ્ઞો કરવા. તે ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ, દેવયજ્ઞ, બ્રહ્મયજ્ઞ અને મનુષ્યયજ્ઞ દરરોજ અવશ્ય કરવા, તથા ભાવપૂર્વક સંતોનું પૂજન કરવું, અને શક્તિ પ્રમાણે સત્પાત્રમાં દાન કરવું.[૮૨] દાનનું લક્ષણ એ છે કે, માન, ઈર્ષ્યા, દંભ અને ક્રોધ રહિત થઈ પોતાની પત્ની સિવાય પોતાને અતિશય પ્રિય પદાર્થોનું સત્પાત્રમાં અર્પણ કરવું, તેનું નામ દાન છે એમ તમે જાણો.[૮૩] તેમાં પણ ધનાઢ્ય ગૃહસ્થજનોએ અહિંસામય યજ્ઞો કરવા તથા વાવ, કૂવા, તળાવ આદિનાં નિર્માણરૂપ પૂર્તકર્મ કરવું, તેમજ પુણ્યક્ષેત્રમાં દાન આપવું અને બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કરવા.[૮૪]

**રાજાઓના વિશેષધર્મ :-** હે ભક્તજનો ! મારા આશ્રિત રાજાઓએ પ્રાણીનો વધ કર્યા વિના સામ, દામ, ભેદ અને દંડ આ ચાર પ્રકારના ઉપાયોથી રાજનીતિને અનુસારે પોતાના કાર્યની સિદ્ધિ કરવી અને જે રાજધર્મમાં પ્રાણીવધ કરવાનું કહેલું છે તે યુદ્ધ સિવાય અન્યત્ર ક્યારેય પણ ગ્રહણ કરવું નહિ. પિતાની જેમ પુત્રવત્ પ્રજાનું પાલન કરવું.[૮૫-૮૬]

હે ભક્તજનો ! બ્રાહ્મમુહૂર્તમાં ઉઠવાથી કરીને અત્યાર સુધી જે જે નિયમો બતાવ્યા તેમાંથી જે જે નિયમનો ભંગ થાય તેનું યથોચિત પ્રાયશ્ચિત કરવું.[૮૭] હે

एतैर्मदुक्तैः सद्धर्मैः ज्ञानवैराग्यसंयुतैः । स्वाधिकारानुसारेण दम्भहीनं स्वनुष्ठितैः ॥ ८८
निश्छद्म सेवया विष्णोः तदीयानां च भक्तितः । दयया सर्वभूतेषु लोभादेर्वर्जनेन च ॥ ८९
तत्सम्मुखीकरणतो यस्य कस्यापि देहिनः । प्रसीदत्याशु स इति ज्ञातव्यं नात्र संशयः ॥ ९०
नृदेहं दुर्लभं लब्ध्वा जीवाः सदुपदेशतः । हर्युन्मुखा ये जायन्ते ते तरन्ति भवाम्बुधिम् ॥ ९१
चिन्तामणिसमो ज्ञेयो नृदेहोऽयं विचक्षणैः । स्वर्गो मोक्षस्तदन्यद्वा स्वेप्सितं प्राप्यतेऽमुना ॥ ९२
भवाब्धौ प्लव एवासौ गुरुर्यस्यास्ति नाविकः । अनुकूलो मरुत्कृष्णः तेनार्थं को न साधयेत् ॥ ९३
सुखं वैषयिकं यत्तत् देहेषु निखिलेष्वपि । सामान्यमस्तीति बुधो नृदेहस्थो हरिं भजेत् ॥ ९४
कालाहितुण्डपतितं देहं च क्षणभङ्गुरम् । विदित्वा बुद्धिमानत्र स्वार्थं संसाधयेद्द्रुतम् ॥ ९५
स्वस्य या नरदेहस्य प्राप्तिर्देवार्थितस्य वै । इयमेव कृपा ज्ञेया तदीया तु विचक्षणैः ॥ ९६

---

ભક્તજનો ! મેં કહેલા જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત અને દંભે રહિત થઇ પોતાના અધિકારને અનુસારે અનુષ્ઠાન કરેલા પૂર્વોક્ત ધર્મના માધ્યમથી, ભગવાન અને ભગવાનના ભક્તોની ભાવપૂર્વક નિષ્કપટભાવે સેવા કરવાથી, જીવપ્રાણી માત્ર ઉપર દયા કરવાથી લોભાદિ દોષોનો ત્યાગ કરવાથી, અને જે કોઇ પણ મનુષ્યને ભગવાનનો આશરો કરાવી ભગવાન સન્મુખ કરવાથી ભગવાન તત્કાળ પ્રસન્ન થાય છે. એમાં કોઇ જાતનો સંશય નથી.[૮૮-૯૦]

**મનુષ્યજન્મની અતિદુર્લભતા :-** હે ભક્તજનો ! જે જીવાત્માઓ દુર્લભ મનુષ્યદેહ પ્રાપ્ત કરી સત્પુરુષોના ઉપદેશથી શ્રીહરિની સન્મુખ થાય છે તે ભવસાગરને તરી જાય છે અને ભગવાનના ધામને પામે છે. વિચક્ષણ પુરુષોએ આ મનુષ્યશરીર છે તે ચિંતામણિતુલ્ય છે એમ જાણવું. કારણ કે આ માનવ શરીરદ્વારા સ્વર્ગ, મોક્ષ, અથવા બીજી જે કાંઇ પોતે ઇચ્છેલી વસ્તુ પ્રાપ્ત થાય છે.[૯૧-૯૨] આ માનવશરીર છે તે ભવસાગરને તરવા માટેની નૌકા છે. સદ્‌ગુરુ નાવિક છે, સ્વયં સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ અનુકૂળ પવન છે. તો આવા મનુષ્યશરીરથી કયો પુરુષ મોક્ષરૂપ પરમ પુરુષાર્થની સિદ્ધિ ન કરે ? કારણ કે, વિષયસંબંધી સુખ તો સર્વે યોનિઓના દેહોમાં સામાન્યપણે રહેલું જ છે. તેથી વિવેકી મનુષ્યે માનવશરીરથી સ્વધર્માદિકનું પાલન કરી શ્રીહરિનું ભજન સ્મરણ કરી લેવું જોઇએ.[૯૩-૯૪]

તે પણ બુદ્ધિમાન પુરુષે તત્કાળ કરવું કારણ કે, કાળરૂપી અજગરના મુખમાં પડેલા ક્ષણભંગુર શરીરને પડતાં વાર લાગતી નથી. તેથી હરિભજનમાં

लब्ध्वाऽपि तं च तद्भक्तौ नियमैर्धर्मपालने । हेतुं वदन्ति ये कालं प्रारब्धं वा कृपां हरेः ॥ ९७
अपौरुषास्तु ते मूढा असङ्ख्यैरपि जन्मभिः । लभन्ते नैव तं क्वापि बम्भ्रम्यन्ते च संसृतौ ॥ ९८
तस्माद्भवद्भिः सततं स्वधर्मनियतस्थितैः । उत्साहेनैव कर्तव्या तद्भक्तिः श्रद्धयान्वितैः ॥ ९९
स्नानं ध्यानं हरेः पूजा जपश्च गुणकीर्तनम् । सत्सङ्गश्चेति सर्वेषां षट्कर्माणि दिनेदिने ॥ १००
यावद्देहस्मृतिर्वः स्यात् स्वस्वधर्मा मयोदिताः । तावन्नैते क्वचित्त्याज्या इत्याज्ञा मेऽस्ति सत्तमाः ! १०१

**सुव्रत उवाच –**

जगद्गुरोर्भगवतः साक्षात्तस्येति भारतीम् । सच्छास्त्रसम्मतां श्रुत्वा ते सर्वे मुदमाप्नुवन् ॥ १०२
एवमेवाचरिष्यामो वयं सर्वेऽपि सत्पते ! । इत्युक्त्वा ते भगवते तस्मै प्रीत्या ववन्दिरे ॥ १०३
तदाज्ञायां वर्तमानाः साक्षाच्छ्रीकृष्णमेव तम् । जानन्तस्ते दृढं श्रित्वा सर्वभावेन भेजिरे ॥ १०४

---

વિલંબ ન કરવો. મોક્ષરૂપ પરમ પુરુષાર્થ તત્કાળ સાધી લેવો. આ માનવ શરીર દેવતાઓને પણ ઇચ્છવા યોગ્ય છે. જે જીવને માનવશરીરની પ્રાપ્તિ થઇ છે તે પરમાત્માની અપાર કરુણાનું ફળ છે. એમ વિચક્ષણ પુરુષોએ જાણી રાખવું.[૯૫-૯૬] હે ભક્તજનો ! આવું દુર્લભ માનવ શરીરને પ્રાપ્ત કરવા છતાં જે પુરુષો ભગવાનની ભક્તિ કરવામાં તથા નિયમપૂર્વક ધર્મપાલન કરવામાં કળિયુગાદિનાં બહાને કે પોતાનાં પ્રારબ્ધનાં બહાને અથવા તો ભગવાનની કૃપા ન હોવાનો હેતુ આગળ ધરીને ભગવાનની ભક્તિ કરતા નથી એવા પુરુષ પ્રયત્નહીન મૂઢ પુરુષોને અસંખ્ય જન્મો પછી પણ તેને ભગવાન શ્રીહરિની પ્રાપ્તિ થતી નથી. અને જન્મ મરણના પ્રવાહરૂપ સંસારમાં ભમ્યા કરે છે.[૯૭-૯૮]

તેથી મારા આશ્રિત તમે સર્વેએ નિરંતર શ્રદ્ધાપૂર્વક પોતપોતાના ધર્મમાં રહીને ઉત્સાહથી ભગવાનની ભક્તિ કરવી, સ્નાન, ધ્યાન, પૂજા, જપ, ગુણકીર્તન અને સત્સંગ આ છ પ્રકારનાં કર્મોનું અનુષ્ઠાન મારા આશ્રિતજનોએ પ્રતિદિન અવશ્ય કરવું. હે મારા શ્રેષ્ઠ ભક્તજનો ! જ્યાં સુધી તમને તમારા દેહની સ્મૃતિ હોય ત્યાં સુધી મેં કહેલા પોતાના ધર્મોનો ક્યારેયપણ ત્યાગ ન કરવો, પરંતુ તેનું અવશ્ય પાલન કરવું એવી તમને મારી આજ્ઞા છે.[૯૯-૧૦૧]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! પ્રત્યક્ષ જગદ્‌ગુરુ ભગવાન શ્રીહરિની સર્વશાસ્ત્રસમંત અમૃતવાણીનું શ્રવણ કરી મુકુન્દાનંદાદિ સર્વે ભક્તજનો ખૂબ જ આનંદને પામ્યા અને શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સંતોના સ્વામી ! અમે સર્વે તમે કહ્યું એ જ પ્રમાણે વર્તન કરીશું. આ પ્રમાણે કહી તે સર્વે ભક્તજનોએ

नारायणमुनेर्गीताम् एतां जनहितावहाम् । यः पठेच्छृणुयाद्वापि प्राप्नुयात्स निजेप्सितम् ॥ १०५
एषा महाकल्पलता मनोवाञ्छितपूरणी । सर्वेषां प्राणिनां सेव्या सर्वथा स्वहितार्थिनाम् ॥ १०६
एषा हि सर्वशास्त्रेभ्यो गीता ज्ञेया गरीयसी । यन्निःसृता स्वयं साक्षान्नारायणमुखाम्बुजात् ॥ १०७
य आचरन्तीह सनातनं श्रीनारायणेन स्वयमेव गीतम् ।
यथाधिकारं सततं स्वधर्मं प्राप्तं हि तैरेव फलं नृजातेः ॥ १०८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे श्रीनारायणगीतानिरूपणनामा सप्तमोऽध्यायः ॥ ७ ॥*

---

ભગવાન શ્રીહરિને પરમ પ્રીતિથી વંદન કરી, શ્રીહરિને જ સાક્ષાત્ શ્રીકૃષ્ણ જાણીને અચળપણે તેમનો દૃઢ આશરો કરી, તેમની આજ્ઞાનું પાલન કરતા તેમનું જ સર્વભાવે ભજન સ્મરણ કરવા લાગ્યા.[૧૦૨-૧૦૪]

**નારાયણગીતાની ફલશ્રુતિ :-** હે રાજન્ ! ભગવાન શ્રીનારાયણમુનિના મુખે ગવાયેલી અને જનોનું આત્યંતિક કલ્યાણ કરનારી આ "નારાયણગીતા" નો જે કોઈ પાઠ કરશે અથવા સાંભળશે, તે પુરુષ પોતાને ઈચ્છિત સુખને પ્રાપ્ત કરશે.[૧૦૫] સર્વેના મનોરથને પૂર્ણ કરનારી મહાકલ્પતરુની સમાન આ નારાયણગીતાનું પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે સર્વે પ્રકારે સેવન કરવું.[૧૦૬] આ નારાયણગીતા સર્વશાસ્ત્ર કરતાં પણ અતિ ગૌરવવંતી છે. કારણ કે, સ્વયં સાક્ષાત્ શ્રીનારાયણ ભગવાનના મુખકમળમાંથી પ્રગટેલી છે.[૧૦૭] હે રાજન્ ! આ પૃથ્વી ઉપર જે જનો શ્રીનારાયણના મુખે કહેવાયેલા સનાતન સ્વધર્મનું પોતાના અધિકારને અનુસારે સતત આચરણ કરે છે. તે જ મનુષ્યોએ માનવ જન્મનું ફળ પ્રાપ્ત કર્યું છે એમ જાણવું.[૧૦૫-૧૦૮]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં શ્રીનારાયણગીતાનું નિરૂપણ કર્યું એ નામે સાતમો અધ્યાય પૂર્ણ થયો. --૭--***

---

अष्टमोऽध्यायः - ८

सुव्रत उवाच -

स्वस्वस्थानं ततो गन्तुं गृहिणो हरिरादिशत् । सयोषास्ते प्रयान्ति स्म निजदेशान्प्रणम्य तम् ॥ १
मुकुन्दमुक्तानन्दादीन् त्यागिनः कतिचित्तु सः । अरक्षत्स्वान्तिके स्वामी मानयन् गौरवेण च ॥ २
अन्यांस्तु त्यागिनो भूमावज्ञबोधाय यूथशः । गन्तुमाज्ञापयामास नानादेशान्नराधिप ! ॥ ३
ततः पौरांश्च भूपालं स्थातुं धर्माध्वनि प्रभुः । आज्ञाप्यानुगतः शिष्यैः कालवाणीं पुनर्ययौ ॥ ४
स्वावासमकरोत्तत्र गृहे जीवनशर्मणः । तत्रत्या बहवो भक्ताः चक्रुस्तत्सेवनं नृप ! ॥ ५
मेघलक्ष्मणभीमाश्च रघुनाथाम्बयादवाः । जयरामादयो विप्राः तमसेवन्त भक्तितः ॥ ६

## અધ્યાય - ૮

### શ્રીહરિએ ભક્તજનોને પોતાના દેશ પ્રત્યે જવાની અને સંતોને દેશાંતરમાં વિચરણ કરવાની આજ્ઞા કરી.

સુવ્રતમુનિ કહે છે, રાજન્ ! ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામીએ પોતાના ગૃહસ્થ ભક્તજનોને પોતપોતાના દેશ પ્રત્યે જવાનો આદેશ કર્યો. તેથી તેઓ શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પોતાની પત્નીઓની સાથે સ્વદેશ જવા માટે નીકળ્યા.[૧] તે સમયે શ્રીહરિએ મુકુન્દાનંદ બ્રહ્મચારી અને મુક્તાનંદ સ્વામી આદિ કેટલાક ત્યાગીઓને ગૌરવપૂર્વક માન આપી પોતાની સાથે રાખ્યા.[૨] તથા હે નરાધિપ ! અન્ય સાધુઓનાં મંડળને પૃથ્વી ઉપરના અજ્ઞાની જનોને પોતાના સ્વરૂપનો બોધ કરાવવા જુદા જુદા દેશોમાં અલગ અલગ મંડળ થઈ ફરવા જવાની આજ્ઞા આપી.[૩]

**શ્રીહરિનું કાલવાણી ગામે આગમન :–** હે રાજન્ ! ત્યાર પછી સમર્થ ભગવાન શ્રીહરિ માંગરોળપુરવાસી જનોને અને વજદીન રાજાને પોતપોતાના ધર્મમાં વર્તવાની આજ્ઞા આપી શિષ્યમંડળની સાથે કાલવાણી ગામમાં પધાર્યા.[૪] હે નૃપ ! તે કાલવાણી ગામમાં શ્રીહરિએ જીવનશર્મા વિપ્રને ઘેર પોતાનો ઉતારો કર્યો. ત્યારે તે ગામવાસી અનેક ભક્તજનો સંતમંડળની સાથે ભગવાન શ્રીહરિની ખૂબજ સેવા કરવા લાગ્યા.[૫] હે રાજન્ ! તે ભક્તોમાં મેઘજી, લક્ષ્મણ, ભીમજી, રઘુનાથ, અંબારામ, યાદવ, જયરામ આદિ વિપ્રભક્તો ગાઢ અનુરાગથી શ્રીહરિની સેવા કરતા હતા.[૬] તેમજ ધનાઢ્ય એવા વૈશ્ય વર્ણમાં પણ પર્વતભાઈ

वैश्याश्च भक्ता धनिनः तमसेवन्त सानुगम् । पर्वताख्यस्तत्र मुख्यः तथा राजभयाभिधः ॥ ७
जीवराजस्तथोन्मत्तो ज्येष्ठौ द्वौ मूलजित् ह्रदः । खञ्जो वास्तुर्नृसिंहश्च ज्येष्ठजुष्टौ सहोदरौ ॥ ८
कृष्णो द्वौ माधवावम्बः केशवो लक्ष्मणस्तथा । विश्रामप्रमुखाश्चान्ये बहवस्तं सिषेविरे ॥ ९
तेजस्वती मघा फुल्ला हीरुजीवन्तिकादयः । योषितो भक्तिमत्यस्तं भगवन्तमुपासत ॥ १०
एते सहस्रशोऽन्ये च तस्यैव कृपया विभोः । समाधिनिष्ठास्तत्रासन् सर्वयोगकलाविदः ॥ ११
क्रमसाधितयोगाङ्गा योगिनः प्राप्तसिद्धयः । यथा स्युस्तादृशा ह्येते सद्यस्तत्कृपयाऽभवन् ॥ १२
प्राणसंयमने देहधारणे त्यजनेऽपि च । स्वातन्त्र्यं लेभिरे ह्येते बालकाश्चापि केचन ॥ १३
स्वस्वरूपे समाधिं तान् सङ्घशोऽकारयद्यदा । स्वतन्त्रः स जनस्वामी तदाश्चर्यमजीजनत् ॥ १४
सद्यः समाधिमाप्तानां पुंसां स्त्रीणां तथा पृथक् । बभूवुः पंक्तयस्तत्र शतशश्च सहस्रशः ॥ १५

---

નામે મુખ્ય ભક્ત અને બીજા રાજાભાઇ, જીવરાજ, ઘેલાશા, બે જેઠાભાઇ, મૂળજી, હ્દો, ખોડો, વસ્તો, નરસિંહ, જેઠો અને જુઠો બે સગા ભાઇઓ કૃષ્ણ, માધવ નામના બે ભક્તો, આંબો, કેશવ, લક્ષ્મણ, વસરામ આદિ અનેક વૈશ્ય ભક્તજનો શ્રીહરિની સેવા કરતા હતા.[૭-૯] તેવી જ રીતે અત્યંત ભક્તિભાવથી ભરેલી બહેનોમાં તેજસ્વતી, મઘા, ફુલ્લી, હીરા, જીવન્તિ આદિ અનેક બહેનો ભગવાન શ્રીહરિની સેવા કરતાં હતાં.[૧૦]

**સાધનવિના સિદ્ધદશાની પ્રાપ્તિ :–** એ કાલવાણી ગામમાં પૂર્વોક્ત સર્વે નરનારી ભક્તો તથા અન્ય હજારો જનો ભગવાન શ્રીહરિની કૃપાદષ્ટિથી સમાધિનિષ્ઠ થયા હતા, અને સર્વે પ્રકારની યોગકળાને જાણનારા થયા હતા. હે રાજન્ ! ક્રમશઃ અષ્ટાંગયોગની સાધના કરી યોગીઓ જેમ યોગસિદ્ધિને વરે તેવી જ રીતની યોગસિદ્ધિની પ્રાપ્તિ આ ભક્તજનોને માત્ર શ્રીહરિની કૃપાદષ્ટિથી તત્કાળ પ્રાપ્ત થઇ હતી.[૧૧-૧૨]

હે રાજન્ ! પ્રાણનો નિરોધ કરવો, તેમજ સ્વતંત્રપણે દેહનું ધારણ કરવું કે તેનો ત્યાગ કરવો વગેરે યોગની ક્રિયામાં સર્વે ભક્તજનો અને કેટલાંક બાળકો પણ શ્રીહરિની કૃપાથી સ્વતંત્રતા પામ્યાં હતાં.[૧૩] હે રાજન્ ! જ્યારે સકલ લોકના સ્વામી સ્વતંત્ર એવા ભગવાન શ્રીહરિ પોતાના સ્વરૂપમાં જનોને સામૂહિક સમાધિ કરાવતા ત્યારે સર્વેના મનમાં અતિશય આશ્ચર્ય ઉત્પન્ન થતું.[૧૪] શ્રીહરિનાં દર્શન કરતાંની સાથે સમાધિદશાને પામતા સેંકડો અને હજારો નરનારીઓની જુદી જુદી પંક્તિઓ કાલવાણી ગામમાં થતી.[૧૫] તેમાં કેટલાક સિદ્ધાસન તથા પદ્માસન વાળી

केचित्सिद्धासनस्थाश्च केचित्पद्मासनस्थिताः । जनाः केचित्तु वीराख्यमासनं तत्र चाश्रिताः ॥ १६
केचिद्वज्रासनं केचित् स्वस्तिकासनमास्थिताः । केचिच्छबासनस्थाश्च तत्राऽऽसन्नृपते ! जनाः ॥ १७
काष्ठानामश्मनां वापि प्रतिमा इव तेऽखिलाः । निश्चेष्टाः समजायन्त समाधेः परमत्वतः ॥ १८
तत्र कांश्चित्तु यामान्ते समुत्थापयति स्म सः । कांश्चिद्यामद्वयान्ते च दिनान्तेऽपि च कांश्चन ॥ १९
कांश्चिद्दिनद्वयान्ते च पक्षान्तेऽपि च कांश्चन । मासान्ते वा द्विमासान्ते त्रिमासान्तेऽपि कांश्चन ॥ २०
कांश्चिन्मासचतुष्कान्ते व्युदस्थापयदीश्वरः । कांश्चित्तु दृष्टिमात्रेण कांश्चिच्छब्देन वा हृदा ॥ २१
यः समाधिपरानन्दास्वादलोभेन कश्चन । पुनर्बहिर्निजं देहं तेनाऽऽसूतोऽपि नाऽऽययौ ॥ २२
तादात्म्येनैव योगेन तमपि प्रसभं प्रभुः । आनिनाय पुनः शीघ्रं महायोगेश्वरत्वतः ॥ २३
यो योऽभूद्व्युत्थितो भक्तो यद्यत्स्वेन समीक्षितम् । समाधौ तत्तदखिलं सदःस्थान् स स ऊचिवान् २४

---

બેસતા, કેટલાક વીરાસનમાં અને કેટલાક વજ્રાસનમાં બેસતા અને કેટલાક સ્વસ્તિક આસનમાં બેસતા તેમજ કેટલાક શવાસનમાં રહી સમાધિનું સુખ લેતા હતા. (અહીં કહેલા યોગનાં આસનોનાં લક્ષણો આગળ પાંચમાં પ્રકરણમાં શ્રીહરિના યોગના ઉપદેશ થકી જાણી લેવાં.)[૧૬-૧૭]

હે રાજન્ ! સર્વે જનો સમાધિની પરમોત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થતાં કાષ્ઠ કે પાષાણની પ્રતિમાની માફક નિશ્ચેષ્ટ થઈ જતા, ત્યારે ભગવાન શ્રીહરિ તે સમાધિમાં ગયેલા ભક્તોને મધ્યે કેટલાકને એક પ્રહરને અંતે જગાડતા, કેટલાકને બે પ્રહરને અંતે, કેટલાકને ચાર પ્રહર પૂર્ણ થતાં દિવસને અંતે, કેટલાકને બે દિવસને અંતે, કેટલાકને પંદર દિવસને અંતે અને કેટલાકને મહિનાને અંતે જગાડતા. તેમજ કેટલાકને બે મહિનાને અંતે, કેટલાકને ત્રણ મહિનાને અંતે, કેટલાકને ચાર મહિનાને અંતે શ્રીહરિ સમાધિમાંથી જગાડતા. હે રાજન્ ! શ્રીહરિ જ્યારે જગાડતા ત્યારે કેટલાકને દૃષ્ટિમાત્રથી જગાડતા, કેટલાકને શબ્દમાત્રથી નામ લઈ જગાડતા અને કેટલાકને સંકલ્પ માત્રથી જગાડતા.[૧૮-૨૧]

**સમાધિમાં અલૌકિક અનુભૂતિ :–** હે રાજન્ ! કોઈ સમાધિમાં ગયેલો મનુષ્ય પોતે સમાધિમાં અનુભવાતા પરમ આનંદના લોભથી ભગવાન શ્રીહરિ બોલાવે છતાં પાછો શરીરમાં પ્રવેશ કરે નહિ, ત્યારે સમર્થ ભગવાન શ્રીહરિ સ્વયં મહાયોગેશ્વર હોવાથી પોતાના યોગૈશ્વર્યના પ્રભાવથી બલાત્કારે તેને ફરી શરીરમાં તત્કાળ પ્રવેશ કરાવતા હતા.[૨૨-૨૩] હે રાજન્ ! જે જે ભક્તજનો સમાધિમાંથી જાગ્રત થતા તે તે ભક્તજનો સમાધિમાં પોતે જે આશ્ચર્ય અનુભવ્યું

वार्तां ब्रह्मपुरस्यैके भक्ताश्चक्रुरलौकिकीम् । श्वेतद्वीपस्य केचिच्च वैकुण्ठस्य च केचन ॥ २५
गोलोकस्योचिरे केचित् दिव्यमैश्वर्यवैभवम् । त्रिलोक्यां देवदैत्यादिः स्थानवार्ताश्च केचन ॥ २६
समाधिदृष्टं प्रकृतिपुंसो लोकं च केचन । ऐश्वर्यवैभवं चापि कथयामासुरञ्जसा ॥ २७
लोकैश्वर्यप्रतापादि केचित्सङ्कर्षणस्य च । प्रद्युम्नस्योचिरे केचित् अनिरुद्धस्य केऽपि च ॥ २८
चतुर्विंशतितत्त्वानां लोकैश्वर्यादि केचन । प्राहुः पृथक् पृथग्दृष्टं यथावत्तत्र संसदि ॥ २९
त्रिलोकीस्थहरिस्थानवार्ताश्चक्रुश्च केचन । केचिल्लोकालोकबहिःस्थानवार्ताश्च चक्रिरे ॥ ३०
केचित्त्वनन्तब्रह्माण्डब्रह्माविष्णुशिवक्रियाः । उत्पत्त्याद्याः क्रमेणाहुः तत्रत्यं चातिवैभवम् ॥ ३१
देवदैत्यनरादीनां तत्र तत्र च याः क्रियाः । आश्चर्यरूपास्ताः सर्वाः कथयामासुरीक्षिताः ॥ ३२
ब्रह्माण्डरचनां सर्वां यथादृष्टां च केचन । वर्णयामासुरेके च स्वदेहरचनामपि ॥ ३३
भूगोलस्य च संस्थानं खगोलस्याखिलस्य च । यथावत्कथयामासुः केचित्तत्र नराधिप ! ॥ ३४

---

**હોય તે સમગ્ર આશ્ચર્ય સભામાં બેઠેલા ભક્તજનોની આગળ વર્ણન કરી કહેતા હતા. તેમાં કેટલાક ભક્તજનો અલૌકિક બ્રહ્મપુરની વાર્તા કરતા હતા, કેટલાક શ્વેતદ્વિપની અને કેટલાક વૈકુંઠલોકની વાત કહેતા હતા. કેટલાક ગોલોકધામનાં દિવ્ય ઐશ્વર્ય અને વૈભવનું વર્ણન કરતા અને કેટલાક ભક્તજનો તો ત્રિલોકીમાં રહેલાં દેવ, દૈત્ય આદિનાં અનેક સ્થાનોનું વર્ણન કરતા. કેટલાક ભક્તો સમાધિમાં જોયેલા પ્રકૃતિપુરુષના લોકનાં ઐશ્વર્ય અને વૈભવનું યથાર્થ વર્ણન કહી સંભળાવતા હતા. કેટલાક સંકર્ષણના લોકનાં ઐશ્વર્ય અને પ્રતાપાદિનું વર્ણન કરતા અને કેટલાક પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધના લોકનું વર્ણન કરતા હતા. તેમજ કેટલાક ચોવીસ તત્ત્વરૂપ દેવતાઓના પૃથક્ પૃથક્ લોક અને ઐશ્વર્યનું સભામાં યથાર્થ વર્ણન કરીને કહેતા. કેટલાક ભક્તો ત્રિલોકીમાં રહેલાં ભગવાનનાં બદરિકાશ્રમાદિ સ્થાનોની વાર્તા કરતા. કેટલાક પર્વતની બહારના સ્થાનોનું વર્ણન કરતા, કેટલાક ભક્તજનો અનંતકોટિ બ્રહ્માંડોના બ્રહ્મા, વિષ્ણુ, શિવની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ ક્રિયા તથા તેઓના લોક અને અમાપ ઐશ્વર્ય સુખનું વર્ણન કરતા હતા. કેટલાક ભક્તજનો તે તે બ્રહ્માંડોમાં દેવતા, દૈત્ય અને મનુષ્યોની આશ્ચર્યકારી ક્રિયાઓ થતી જોઇ હતી તેનું વર્ણન કરી દેખાડતા. કેટલાક તો સમાધિમાં અનુભવેલી સમગ્ર બ્રહ્માંડની રચનાનું વર્ણન કરતા અને કેટલાક ભક્તો તો પોતાના શરીરની રચનાનું સમગ્ર વર્ણન કરી દેખાડતા, તેમજ કેટલાક ભક્તો સમસ્ત ભૂગોળ અને ખગોળની અંદર રહેલી સ્થિતિનું યથાર્થ વર્ણન કરીને કહેતા હતા.**[૨૪-૩૪]

तेषां तथाविधा वाचः शृण्वन्नारायणो मुनिः । चक्रे तत्तद्योगवतां पक्वापक्वत्वनिश्चयम् ॥ ३५
यस्य यस्य च तत्राभूत् अपक्वा योगधारणा । तं तं पुनस्तदुचितां कारयामास धारणाम् ॥ ३६
प्राणानामथ नाडीनां स्वातन्त्र्येण पुनः पुनः । सङ्कोचनं विकासं च शिक्षयामास कांश्चन ॥ ३७
सर्वाङ्गेभ्यस्तथाकृष्य दृशि प्राणात्मनां धृतिम् । कांश्चिच्चाशिक्षयत्स्वामी तथाऽङ्गुल्यादिमात्रके ॥ ३८
तादृश्यां धारणायां तु प्राणात्मरहितेऽखिले । छेद्यमाने दह्यमाने देहेऽपि स्यान्न वै व्यथा ॥ ३९
परावृत्त्यैकमक्ष्यस्य स्वान्तर्वृत्त्यैव धारणम् । निर्निमेषं द्वितीयस्य बहिर्वृत्त्या च धारणम् ॥ ४०
एतयोर्वैपरीत्येन धारणं च पुनस्तथा । अक्षियोगमिमं स्वामी कारयामास कांश्चन ॥ ४१
उभे नेत्रे परावृत्त्या कृत्वा च स्वान्तरं प्रति । नाडीप्राणाकर्षणं च शिक्षयामास कांश्चन ॥ ४२

**અપક્વભક્તોને અલગથી યોગપ્રક્રિયાનું આપેલું શિક્ષણ :–** હે નરાધિપ ! આ પ્રમાણે સમાધિમાંથી ભક્તજનોનાં ઉપરોક્ત વચનો સાંભળી ભગવાન શ્રીનારાયણમુનિ તે તે યોગવાળા ભક્તોની પક્વતા અને અપક્વતાનો નિર્ણય કરતા હતા. તેમાંથી જે જે ભક્તજનોની યોગધારણા અપક્વ હતી તે તે ભક્તજનોને ફરીથી યોગ્ય યોગધારણા કરાવતા હતા.[૩૫-૩૬]

હે રાજન્ ! કેટલાક ભક્તોને ભગવાન શ્રીહરિએ પ્રાણવાયુનું તથા નાડીઓનું સ્વતંત્રપણે આકર્ષણ તથા પ્રસારણ કરવાની ક્રિયારૂપ યોગાભ્યાસ કરતાં શીખવ્યો. કોઈક ભક્તોને સર્વ અંગમાંથી પ્રાણનું આકર્ષણ કરી માત્ર નેત્રમાં કે આંગળી આદિના કોઈ એક ભાગમાં પ્રાણને ધારણ કરવાની યોગકળા શીખવતા હતા. આવી રીતે એકએક અંગમાં ધારણા વખતે પ્રાણ તથા આત્માની હાજરીએ રહિત શરીરના અન્ય અંગોને કોઈ કાપે કે બાળે છતાં તેની તેમને કોઈ વ્યથા થતી ન હતી.[૩૭-૩૯]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ કોઈ ભક્તોને કોઈ એક નેત્રને બહારની વૃત્તિથી પાછું વાળી અંતરવૃત્તિવાળું કરીને અંદર ધારણ કરવું અને બીજા નેત્રને મટકાએ રહિત કરી બહારવૃત્તિથી ધારણ કરવું, તેમજ ફરી બન્ને નેત્રને ઉલટી રીતે ધારણ કરવાં અર્થાત્ જે નેત્રને અંતરવૃત્તિથી ધારણ કર્યું હોય તેને બહારનીવૃત્તિથી ધારણ કરવું અને જેને બાહ્યવૃત્તિથી ધારણ કર્યું હોય તેને આંતરવૃત્તિથી ધારણ કરવું. આવી રીતે અક્ષિવિદ્યાનું શિક્ષણ આપી અક્ષિયોગ શીખવતા હતા.[૪૦-૪૧]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ કોઈક ભક્તને બન્ને નેત્રોને બાહ્યવૃત્તિથી પાછાં વાળી આંતરવૃત્તિમાં સ્થિર કરી નાડીપ્રાણનો સંકોચ કરવાની કળા શીખવતા

उभे अपि बहिः कृत्वा निर्निमेषे स्वलोचने । नाडीप्राणाकर्षणं च कांश्चिद्भक्तानशिक्षयत् ॥ ४३
षट्सु चक्रेष्वन्यतमे रोधयित्वा ह्यसूंस्ततः । नानानादश्रुतिं कांश्चित् कारयामास स प्रभुः ॥ ४४
चक्र एकतमे रुद्धप्राणान्कांश्चन पूरुषान् । अजीगणत्स प्रणवान् व्युत्थितैस्तानवीवदम् ॥ ४५
इडायाः पिङ्गलायाश्च सुषुम्णादेश्च वर्त्मना । चन्द्रसूर्यादिलोकांश्च गमयामास कांश्चन ॥ ४६
प्रेषयित्वा संयमनीं समाधौ कांश्चन स्वकम् । श्रावयित्वा नाम सद्यो नारकानुद्दधार च ॥ ४७
यथा राज्यासनं प्राप्तो नैगडान् मोचयेन्नृपः । तथा गुरुपदारूढः सोऽपि नारकिणो नृप ! ॥ ४८
एवंविधा योगकलाः समग्रा अपि सोऽनघ । प्रापयामास भक्तान्स्वान्विना साधनसम्पदम् ॥ ४९
तत्प्रतापेन ते सद्यः सिद्धयोगाः सुमेधसः । देहान् परेषामाविश्य विविदुस्तन्मनोगतम् ॥ ५०
स्थित्वा परेषां देहेषु तत्प्राणांश्चावरुध्य ते । अदीदृशंश्च भगवद्धामान्यपि यथा हरिः ॥ ५१

હતા.[૪૨] તેમજ કોઈ ભક્તોને બન્ને નેત્રોને મટકાએ રહિત કરી બહારવૃત્તિમાં સ્થિર કરાવી નાડીપ્રાણનો સંકોચ કરવાની કળા શીખવતા હતા. વળી સમર્થ ભગવાન શ્રીહરિ કોઈક ભક્તને છ ચક્રોની મધ્યે કોઈ પણ એક ચક્રમાં પ્રાણનો નિરોધ કરાવી અનેક પ્રકારના નાદને શ્રવણ કરાવતા હતા.[૪૩-૪૪] વળી કોઈ ભક્તને એક ચક્રમાં પ્રાણનો નિરોધ કરાવી ૐકારની ગણના કરાવતા અને પછી સમાધિમાંથી જાગ્રત થયેલા તે ભક્ત પાસે પ્રણવની સંખ્યા કેટલી થઈ તે બોલાવતા હતા. તેમજ કોઈ ભક્તને ઈંડા, પિંગલા અને સુષુમ્ણાના માર્ગથી ચંદ્ર, સૂર્ય આદિના લોક પ્રત્યે ગતિ કરાવી તેનું દર્શન કરાવતા હતા.[૪૫-૪૬]

**'સ્વામિનારાયણ' નામથી નરકના કુંડ ખાલી કરાવ્યા :-** હે રાજન્ ! ભગવાન શ્રીહરિ કોઈ ભક્તોને સમાધિ કરાવી યમપુરીમાં મોકલતા અને ત્યાં પોતાનું અનંતજીવોના કલ્યાણ માટે પ્રગટ કરેલું "સ્વામિનારાયણ" નામ નારકીજીવોને શ્રવણ કરાવી તેજ ક્ષણે નરકમાંથી ઉદ્ધાર કરતા હતા. હે રાજન્ ! જેવી રીતે ચક્રવર્તી રાજા રાજ્ય સિંહાસન ઉપર આરુઢ થાય ત્યારે સમસ્ત બંદીવાનોને કારાવાસમાંથી છોડી મૂકે છે. તેવી જ રીતે ભગવાન શ્રીહરિ ગુરુપદની ગાદી ઉપર આરુઢ થયા તેથી નારકી જીવોને નરકમાંથી મુક્ત કર્યા.[૪૭-૪૮]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ પોતાના ભક્તજનોને સમગ્ર યોગની કળાઓ યોગના સાધન-સંપત્તિ વિના સિદ્ધ કરાવી આપ્યાં.[૪૯] તેથી સિદ્ધ થયેલા તે મેધાવી યોગીભક્તજનો ભગવાન શ્રીહરિના પ્રતાપથી તત્કાળ અન્યના શરીરમાં પ્રવેશ કરી તેમના મનના સર્વ સંકલ્પોને જાણતા હતા.[૫૦] તે સમાધિવાળા ભક્તો બીજાના શરીરમાં પ્રવેશ કરી ભગવાન શ્રીહરિની માફક જ તેઓના પ્રાણનો

तेनाज्ञप्तश्च यः कोऽपि पुरुषः स परं नरम् । अकारयत्समाधिं च समाधिस्थं त्वबोधयत् ॥ ५२
इत्थं स कृपया स्वामी स्वप्रतापं प्रदर्शयन् । कालनष्टा योगकलाः प्रावर्तयत भूतले ॥ ५३
प्रतिगेहं योगकलायुक्तिवार्ताः पुरे पुरे । ग्रामे ग्रामे च राजर्षे ! बभूवुः श्रोतृमङ्गलाः ॥ ५४
तिष्ठन्नेव बहिर्निजानुपदिशन्बह्वीः कलायोगगा, हृत्स्वाविश्य च तत्करान्निजकरेणादाय तैर्वाञ्छितान् ।
द्रष्टुं तत्तदमर्त्यलोकविभवानग्रेचरो दर्शयन् अङ्गुल्या,
निजयाऽऽपितान्विजयते श्रीभक्तिधर्मात्मजः ॥ ५५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे*
*विचित्रयोगकलाविष्कारनामाष्टमोऽध्यायः ॥ ८ ॥*

---

નિરોધ કરાવી ભગવાનનાં બ્રહ્મપુર આદિ ધામોનાં દર્શન કરાવતા હતા.[૫૧] ભગવાન શ્રીહરિ જે ભક્તને આજ્ઞા આપે તે ભક્ત બીજા પુરુષને સમાધિ કરાવવા સમર્થ થઇ શકે અને સમાધીમાંથી જાગ્રત પણ કરાવી શકે.[૫૨] હે રાજન્ ! આ પ્રમાણે મહા ઐશ્વર્યવાન ભગવાન શ્રીહરિએ નિષ્કારણ અતિશય કરૂણા કરીને પોતાનો પ્રતાપ દેખાડી કાળે કરીને નષ્ટ થયેલી યોગકળાનું ભારતની ભૂમિ ઉપર ફરીથી પ્રવર્તન કર્યું.[૫૩] હે રાજર્ષિ ! દરેક નગરમાં અને ગામમાં તેમજ દરેકના ઘેર ઘેર સાંભળનારાનું પણ મંગળ કરે તેવી શ્રીહરિના યોગકળાના ઐશ્વર્યની વાર્તાઓ થવા લાગી.[૫૪]

હે રાજન્ ! ભક્તજનોની આગળ સભામાં અમૂલ્ય સિંહાસન ઉપર વિરાજી અનેક પ્રકારની યોગકળાઓ પોતાના ભક્તજનોને શીખવતા તેમજ તે ભક્તજનોના હૃદયકમળમાં પોતાના યોગૈશ્વર્યથી પ્રવેશ કરી તેમનો હાથ પોતાના હાથથી ગ્રહણ કરી તે ભક્તજનો જે જે ધામોનાં દર્શન કરવાની ઇચ્છા કરે તે તે ધામોમાં લઇ જઇ તે તે ધામોનાં દિવ્ય વૈભવોને સ્વયં પોતે આગળ ચાલી પોતાની અંગુલીના નિર્દેશથી દર્શન કરાવતા હતા. આવા અતિશય મહિમાવાળા શ્રીભક્તિ ધર્મના પુત્ર સાક્ષાત્ ભગવાન શ્રીહરિ સર્વત્ર વિજય પામે છે.[૫૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં આ પૃથ્વીપર અનેક પ્રકારની યોગકળાઓનો આવિષ્કાર કર્યો તેનું નિરૂપણ કર્યું એ નામે આઠમો અધ્યાય પૂર્ણ થયો. --૮--***

---

## नवमोऽध्यायः - ९

सुव्रत उवाच -

दिग्व्याप्तभूरिसत्कीर्तिरित्थं नारायणो नृप ! । तत्र मासद्वयं भक्तानुवासानन्दयन् भृशम् ॥ १
पिप्लग्रामतस्तत्र नरसिंहो द्विजस्तथा । नारायणोऽक्षयग्रामादुभावाजग्मतुः समम् ॥ २
प्रार्थयामासतुस्तं च स्वग्रामागमनाय तौ । ताभ्यां प्रसन्नो वर्णीन्द्रः प्रतिजज्ञे तथैव तत् ॥ ३
कृत्वोत्सवं प्रबोधन्या महान्तं स ततो ययौ । सहानुगोऽक्षयग्राममादावोजस्वतीतटे ॥ ४
ततः स पिल्पलग्रामं तस्मिन्नेव दिने ययौ । उभयोर्ग्रामयोस्तत्र षण्मासानवसत्प्रभुः ॥ ५
नारायणो रामजिच्च गोविन्दश्च कुमारजित् । नृसिंहः परमानन्दः कल्याणश्च कलो रघुः ॥ ६

---

## અધ્યાય - ૯

### આખા અને પિપલાણા ગામે એક સાથે છ માસ સુધી બે સ્વરૂપે થઇ શ્રીહરિએ વિષ્ણુયાગનો ઉત્સવ કર્યો.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે દશે દિશાઓમાં પ્રસરેલી સત્કીર્તિની અતિશય શોભાને ધારણ કરતા ભગવાન શ્રીસ્વામિનારાયણ પોતાના ભક્તજનોને અતિશય આનંદ ઉપજાવતા થકા કાલવાણી ગામમાં બે માસ પર્યંત નિવાસ કરીને રહ્યા. પીપલાણા ગામથી નરસિંહવિપ્ર અને આખા ગામથી નારાયણજીવિપ્ર તે બન્ને ભક્તો એક સાથે કાલવાણી ગામે પધાર્યા.[૧-૨]

હે રાજન્ ! તે બન્ને ભક્તોએ શ્રીહરિને પોતાના ગામમાં પધારવાની એક સાથે જ પ્રાર્થના કરી, તે સમયે પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિએ તેમની પ્રાર્થના સ્વીકારી તેમના ગામે આવવાની પ્રતિજ્ઞા કરી.[૩] પછી શ્રીહરિ કાલવાણીમાં પ્રબોધનીનો ઉત્સવ કરી, મુકુન્દ બ્રહ્મચારી તથા મુક્તાનંદ સ્વામી વિગેરે શિષ્યવૃંદની સાથે ત્યાંથી નીકળી ઓજસ્વતી નદીને કિનારે આવેલ આખા ગામે પધાર્યા. તેવી જ રીતે તેને તે દિવસે જ બીજા સ્વરૂપે પિપલાણા ગામે પણ પધાર્યા.[૪] હે રાજન્ ! આ પ્રમાણે સમર્થ શ્રીહરિ બે સ્વરૂપ ધારણ કરી છ માસ સુધી બન્ને ગામમાં નિવાસ કરીને રહ્યા.[૫]

હે રાજન્ ! તે આખા અને પિપલાણામાં ભક્તજનો શ્રીહરિની સેવા કરવા લાગ્યા. તેમાં નારાયણજી, રામજી, ગોવિંદ, કુંવરજી, નરસિંહ, પરમાનંદ, કલ્યાણ, કલો અને રઘુ આદિ અનેક વિપ્રભક્તો તથા અન્ય ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર જાતિના

इत्याद्यास्तमसेवन्त विप्राश्चान्येऽपि भक्तितः । जीवा च लाडिनी मिठ्ठी रुक्मा लाडुमुखाः स्त्रियः ॥ ७
प्रापुः समाधौ स्वातन्त्र्यं सर्वे ते कृपया हरेः । कालकर्मयमत्रासविमोचनपटीयसः ॥ ८
उत्सवस्तत्र कार्तिक्यां पौर्णमास्यां महानभूत् । पुपूजुस्तं जनाः सर्वे वासोभूषाधनादिभिः ॥ ९
उदारो नरसिंहस्तु कृष्णस्याग्रे धनोच्चयम् । महान्तमकरोत्तेन प्रापुः सर्वेऽपि विस्मयम् ॥ १०
विष्णुयागं तेन चक्रे हरिरोजस्वतीतटे । देशान्तरेभ्य आजग्मुः जनास्तत्र सहस्रशः ॥ ११
विधाप्य विधिवत्कुण्डमण्डपादि द्विजोत्तमैः । उपहारैर्महद्भिः श्रीविष्णुमार्चयदुत्तमैः ॥ १२
सहस्रशो द्विजास्तत्र तेनाहूता उपाययुः । वेदशास्त्रपुराणज्ञाः श्रौतस्मार्तक्रियाविदः ॥ १३
गायत्रीं वैष्णवीं तत्र कांश्चिद्विप्रानजापयत् । द्वादशाक्षरमन्त्रं च कांश्चिद्विष्णोः षडक्षरम् ॥ १४

---

ભક્તો પણ પ્રીતિપૂર્વક શ્રીહરિની સેવા કરતા હતા. અને બહેનોમાં જીવા, લાડિની, મીઠ્ઠી, રૂક્મા, લાડુ આદિ અનેક સ્ત્રીભક્તો પણ ભક્તિભાવપૂર્વક શ્રીહરિની સેવા કરતાં હતાં.[૬-૭] ઉપરોક્ત સર્વે નરનારી ભક્તજનો કાળ, કર્મ અને યમના ત્રાસથી મુક્ત કરવામાં ચતુર અને સમર્થ એવા ભગવાન શ્રીહરિની અપાર કરૂણાથી સમાધિમાં સ્વતંત્રતા પામ્યાં.[૮] તે સમયે શ્રીહરિએ પીપલાણામાં કાર્તિક સુદ પૂર્ણિમાને દિવસે ભક્તિમાતાના જન્મોત્સવની સાથે મોટો ઉત્સવ ઉજવ્યો. તે ઉત્સવ નિમિત્તે સર્વે ભક્તજનોએ વસ્ત્ર, આભૂષણ, ધન આદિ ઉપહારોની સાથે ચંદન પુષ્પાદિકથી શ્રીહરિનું પૂજન કર્યું.[૯]

હે રાજન્ ! તે સમયે ઉદાર બુદ્ધિવાળા નરસિંહ વિપ્ર ભગવાન શ્રીહરિની આગળ મોટો ધનનો ઢગલો કર્યો. તે જોઇ સર્વે અતિશય વિસ્મય પામ્યા, અને તે ધનથી શ્રીહરિએ ઓજસ્વતી નદીને કિનારે મોટા વિષ્ણુયાગ યજ્ઞનું આયોજન કર્યું. તેમાં દેશાંતરોમાંથી હજારો ભક્તજનો પધાર્યા અને શ્રીહરિએ ઉત્તમ વિદ્વાન બ્રાહ્મણો પાસે વિધિવત્ યજ્ઞકુંડ અને મંડપાદિની રચના કરાવી. અને ઉત્તમ મહામૂલ્ય ઉપચારોથી ભગવાન શ્રીવિષ્ણુનું પૂજન કર્યું.[૧૦-૧૨]

**યજ્ઞમાં હજારો વિદ્વાન બ્રાહ્મણોનું આગમન :–** હે રાજન્ ! તે યજ્ઞમાં શ્રીહરિના નિમંત્રણથી વેદ, શાસ્ત્રો અને પુરાણોમાં પારંગત તથા શ્રૌત અને સ્માર્ત કર્મો કરવામાં નિષ્ણાંત હજારો વિદ્વાન બ્રાહ્મણો પધાર્યા.[૧૩] તે સમયે ભગવાન શ્રીહરિ તે વિદ્વાનોમાંથી કોઇ વિપ્ર પાસે વૈષ્ણવી ગાયત્રીનો જપ કરાવતા. તો કોઇ વિપ્ર પાસે બાર અક્ષરના મંત્રનો જપ કરાવતા. તો કોઇ વિપ્રો પાસે છ અક્ષરના મંત્રનો જપ કરાવતા.[૧૪] કોઇની પાસે વિષ્ણુના અષ્ટાક્ષરમંત્રનો જપ કરાવતા, તો

विष्णोश्चाष्टाक्षरं मन्त्रं कांश्चित्सूक्तं च वैष्णवम् । लक्ष्मीसूक्तं तथा कांश्चित् ब्राह्मणान्स ह्यजापयत् ॥ १५
विष्णोर्नामसहस्रं च कांश्चिन्नारायणात्मकम् । वर्म कांश्चिच्च भगवद्गीतां स समपाठयत् ॥ १६
श्रीमद्भागवतं कांश्चित् पुराणं ब्राह्मणान्हरिः । अपाठयच्च दशमं स्कन्धमेकं च कांश्चन ॥ १७
श्रीवासुदेवमाहात्म्यं विप्रान्कांश्चिदपाठयत् । तथोपनिषदौ कांश्चित् कठवल्लीं च मुण्डकम् ॥ १८
पारायणं स्ववेदस्य कैश्चिद्विप्रैरचीकरत् । स्वयं कृष्णाष्टाक्षरस्य चकार च जपं प्रभुः ॥ १९
होमं पूर्णाहुतिं कृत्वा बहून्विप्रानभोजयत् । तेभ्यो वासांसि भूषाश्च ददौ वित्तं यथेप्सितम् ॥ २०
विप्रेभ्यः शतशः कन्यादानार्थं द्रविणं महत् । ददौ स द्विजबालानाम् उपनीत्यै च भूरिशः ॥ २१
पयस्विनीश्च शतशो धेनूः प्रादाद्यथाविधि । रथाश्वादीनि यानानि ददौ च स्वर्णमुद्रिकाः ॥ २२
ततः सौराष्ट्रदेशीयान् अन्यांश्चागन्तुकान् द्विजान् । षण्मासान् भोजयामास यथेष्टं स सहस्रशः ॥ २३

કોઈની પાસે વિષ્ણુસૂક્તનો પાઠ કરાવતા. કોઈની પાસે લક્ષ્મીસૂક્ત તો કોઈની પાસે વિષ્ણુસહસ્રનામનો પાઠ કરાવતા. કોઈ વિપ્ર પાસે નારાયણ કવચનો પાઠ, તો કોઈ બ્રાહ્મણ પાસે શ્રીમદ્‌ભગવદ્ ગીતાનો પાઠ કરાવતા.[૧૪-૧૬] કોઈ બ્રાહ્મણ પાસે શ્રીહરિ શ્રીમદ્ ભાગવતપુરાણનો પાઠ કરાવતા, તો કોઈ પાસે માત્ર એક દશમ સ્કંધનો પાઠ કરાવતા. કોઈની પાસે વાસુદેવમાહાત્મ્યનો પાઠ કરાવતા તો કોઈવિપ્રો પાસે કઠવલ્લી અને મુંડક ઉપનિષદોના પાઠ કરાવતા. તેમજ કેટલાક બ્રાહ્મણો પાસે પોતાના સામવેદની પારાયણ પણ કરાવતા હતા. અને સ્વયં ભગવાન શ્રીહરિ શ્રીકૃષ્ણના અષ્ટાક્ષરમંત્રનો જપ કરતા હતા.[૧૭-૧૯]

હે રાજન્ ! આ રીતે ભગવાન શ્રીહરિએ વિષ્ણુયાગમાં આહુતિઓ અર્પણ કરી યજ્ઞની પૂર્ણાહુતિ કરી હજારો વિપ્રોને ભોજન કરાવ્યાં. ત્યાર પછી તેઓને વસ્ત્ર, આભૂષણ, ધન વગેરે તથા અન્ય મનોવાંચ્છિત પદાર્થોનાં દાન કર્યાં.[૨૦] તેવી જ રીતે શ્રીહરિએ સેંકડો વિપ્રોને કન્યાદાન અર્થે તથા વિપ્ર બટુકોના ઉપનયન સંસ્કારને અર્થે ઘણા ધનનું દાન કર્યું.[૨૧] વળી ભગવાન શ્રીહરિએ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સેંકડો દૂઝણી ગાયોનાં પાત્ર વિપ્રોને દાન કર્યાં. તથા રથ, અશ્વ, પાલખી, ગાડું આદિ વાહનોનાં તથા સુવર્ણમુદ્રિકાનાં પણ પાત્ર વિપ્રોને ખૂબજ દાન કર્યાં.[૨૨] હે રાજન્ ! પછી શ્રીહરિએ સૌરાષ્ટ્ર દેશના તથા અન્ય આવેલા હજારો બ્રાહ્મણોને છ માસ પર્યંત ઇચ્છિત ભોજનો કરાવી તૃપ્ત કર્યા.[૨૩]

**શ્રીહરિનું મેઘપુરમાં આગમન :–** હે રાજન્ ! મનુષ્યોથી ન થઇ શકે તેવાં લીલાચરિત્રોને કરતા ભગવાન શ્રીહરિ ભક્તજનોને આનંદ ઉપજાવતા

अतिमर्त्यचरित्रोऽसावेवमानन्दयन् निजान् । ततो मेघपुरं प्रायात्कृत्वा दशहरोत्सवम् ॥ २४
अनुयातो निजान् भक्तान् नृसिंहादीन्निवार्य सः । सम्मुखागतभक्तौघैः स्तूयमानस्तदागमत् ॥ २५
तं ज्येष्ठरघुनाथाद्या विप्रा भक्त्या सिषेविरे । तत्र चामरसिंहाख्यो भाट्टो निजसुतैः सह ॥ २६
स्वर्णकारा रामजिच्च जीवो नारायणादयः । लाडकीवल्लिमुख्याश्च सेवन्ते स्म च तं स्त्रियः ॥ २७
नारायणस्य कृपया नानायोगकलाविधौ । स्वातन्त्र्यं लेभिरे चैते भक्तास्तत्र जनाधिप ! ॥ २८
तत्रैव रवजित्संज्ञमृणदुःखार्दितं द्विजम् । दृष्ट्वा भूरि धनं तस्मै दत्त्वाऽमोचयदापदः ॥ २९
प्रतापं प्रथयन्नेवं स्वस्य मासद्वयं नृप ! । तत्रोषित्वा ततः प्रायान् मणिभद्रपुरं हरिः ॥ ३०
मयरामाख्यविप्रस्य गृहे स्वावासमाचरत् । भ्रात्रा गोविन्दरामेण साकं स तमसेवत ॥ ३१
वैश्याश्च तत्राम्बजीवश्यामकल्याणलक्ष्मणाः । जसुमुख्या मुदा तस्य परिचर्यामकुर्वत ॥ ३२

---

જેઠ સુદ દશમના શુભ દિવસે દશેરા ઉત્સવ ઉજવી આખા અને પિપલાણા ગામેથી નીકળી એક સ્વરૂપે મેઘપુર પ્રત્યે જવા નીકળ્યા.[૨૪] તે સમયે પોતાને વળાવવા પાછળ અનુસરતા નરસિંહ વિપ્ર આદિ ભક્તોને પાછા વાળી મેઘપુર ગામેથી પોતાને લેવા આવેલા ભક્તોની પ્રાર્થના સાંભળી તેઓની સાથે ભગવાન શ્રીહરિ મેઘપુર પધાર્યા.[૨૫]

હે રાજન્ ! તે મેઘપુરમાં જેઠો, રઘુનાથ વગેરે બ્રાહ્મણો અને ભાટજ્ઞાતિના અમરસિંહ ભક્ત પોતાના પુત્ર રણછોડ, નંદ તથા કૃષ્ણ આદિ પરિવાર સાથે શ્રીહરિનું સેવન કર્યું.[૨૬] રામજી, જીવો અને નારાયણજી આદિ સોની ભક્તો તથા લાડકી, વાલ્લી આદિ સ્ત્રી ભક્તો પણ શ્રીહરિની સેવા કરતી હતી.[૨૭] હે જનાધિપ ! મેઘપુરના આ સર્વે ભક્તજનો ભગવાન શ્રીનારાયણની નિરતિશય દયાના કારણે અનેક પ્રકારની યોગકળાઓમાં સ્વતંત્રતા પામ્યા હતા.[૨૮] ત્યાં નિવાસ દરમ્યાન રવજી નામના બ્રાહ્મણને બહુ દ્રવ્ય આપી ભગવાન શ્રીહરિએ ઋણના દુઃખમાંથી મુક્ત કર્યો હતો.[૨૯]

**શ્રીહરિનું માણાવદરમાં આગમન :–** હે રાજન્ ! આ પ્રમાણે પોતાનો પ્રતાપ વિસ્તારતા શ્રીહરિ મેઘપુરમાં બે માસ પર્યંત નિવાસ કરીને રહ્યા પછી ત્યાંથી માણાવદર નગરમાં પધાર્યા. ત્યાં મયારામ વિપ્રને ઘેર ઉતારો કર્યો.[૩૦] ત્યારપછી મયારામ વિપ્ર નાનાભાઈ ગોવિંદરામ વિપ્રને સાથે રાખી શ્રીહરિનું પૂજન કરી સેવા કરવા લાગ્યા. અને આંબો, જીવો, શામજી, કલ્યાણજી, લક્ષ્મણ અને જશો આદિ વૈશ્યભક્તજનો હતા તે પણ અતિ હર્ષથી શ્રીહરિની સેવા પૂજા

मिष्टारत्नवतीमुख्या योषितश्चातिभावतः । परिचर्यां भगवतो भक्ता विदधिरेऽन्वहम् ॥ ३३
नारायणमुनिस्तत्र जन्माष्टम्यां महोत्सवम् । चकारानन्दयन्भक्तान्पूर्ववत्प्रथयन् यशः ॥ ३४
देशान्तरेभ्यस्तत्राऽऽयन् गृहिणः सस्त्रियो जनाः । भक्ताश्च त्यागिनः सर्वे हरीक्षणसमुत्सुकाः ॥ ३५
उपवासं जागरं च निशीथे कृष्णपूजनम् । साकं भक्तैर्हरिश्चक्रे विधिना च सदर्चनम् ॥ ३६
विप्रसन्तर्पणं कृत्वा परेद्युः कृतपारणः । अपराह्णे सभां चक्रे महतीं नृपते ! स च ॥ ३७
आकारितास्तत्र तेन भक्ताः सर्व उपेत्य ते । यथोचितं निषेदुश्च योषितोऽप्येकतोऽखिलाः ॥ ३८
ततः सभायां निषसाद दिव्ये सिंहासने सर्वजनैकसेव्यः ।
सम्पूज्यमानो निजभक्तसङ्घैः नारायणः स्मेरमुखः स तत्र ॥ ३९

કરવા લાગ્યા, બીજી બહેનો ભક્તો મીઠી, રત્નવતી આદિ સ્ત્રીઓ હતી તે પણ ભગવાન શ્રીહરિની પ્રતિદિન પ્રેમથી સેવા કરવા લાગ્યાં.[૩૧-૩૩]

હે રાજન્ ! ચારે તરફ પોતાનો યશ વિસ્તારતા અને ભક્તજનોને ખૂબજ આનંદ ઉપજાવતા શ્રીનારાયણમુનિએ પૂર્વે જેમ માંગરોળપુરમાં જનમાષ્ટમીનો ઉત્સવ ઉજવ્યો હતો તેવો જ મોટો ઉત્સવ માણાવદરમાં સંવત ૧૮૬૦ ના શ્રાવણવદ અષ્ટમીના દિવસે ઉજવ્યો. તે સમયે શ્રીહરિના દર્શનની ઈચ્છા ધરાવતા સર્વે ગૃહસ્થ ભક્તજનો પોતપોતાના સ્ત્રીઆદિ પરિવારની સાથે તે ઉત્સવમાં પધાર્યા તથા અન્ય સર્વે ત્યાગી એવા સાધુ તથા બ્રહ્મચારીઓ પણ પધાર્યા.[૩૪-૩૫]

હે રાજન્ ! તે જન્માષ્ટમીના દિવસે ભગવાન શ્રીહરિએ સર્વ ભક્તજનોની સાથે ઉપવાસ કર્યો અને રાત્રીએ જાગરણ કર્યું તથા મધ્યરાત્રીએ ભગવાન શ્રીબાલકૃષ્ણલાલનું પૂજન કર્યું, તથા સર્વે સંતોનું પણ શ્રીહરિએ વિધિસર પૂજન કર્યું.[૩૬] હે રાજન્ ! બીજે દિવસે બ્રાહ્મણોને ભોજન કરાવી શ્રીહરિએ પારણાં કર્યાં અને બપોર પછી મોટી સભાનું આયોજન કર્યું. શ્રીહરિના નિમંત્રણથી ત્યાં પધારેલા સર્વે ભક્તજનો તે સભામાં આવી પોતાના યથાયોગ્ય સ્થાને બેઠા. અને સર્વે સ્ત્રી ભક્તજનો હતાં તે પણ સભાના એક ભાગમાં પોતાની મર્યાદા પ્રમાણે બેઠાં.[૩૭-૩૮]

હે રાજન્ ! સર્વે જનોના એક ઉપાસ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રીનારાયણમુનિ મંદમંદ હાસ્ય કરતા તે સભાને મધ્યે દિવ્ય સિંહાસન ઉપર આવીને વિરાજમાન થયા અને સર્વ ભક્ત સમુદાયે ચંદન પુષ્પાદિ ઉપચારોથી પૂજન કર્યું. સુંદર ચંદન, અનેકવિધ પુષ્પના હારો તથા વસ્ત્રાલંકારોથી ભક્તજનો દ્વારા પૂજન કરાયેલા ભગવાન શ્રીહરિ મોટી સભામાં બેઠા છે. તેની સન્મુખ સંતો તથા સ્થાનિક ભક્તો

तं पूजितं रुचिरचन्दनपुष्पवस्त्रैः भक्तव्रजैः सदसि तत्र विराजमानम् ।
देशान्तरागतजनैर्मुनिभिश्च जुष्टं नत्वाऽब्रवीत्सविनयं मयरामविप्रः ॥ ४०

*इति सत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे*
*विष्णुयागविधानमणिभद्रपुरागमननामा नवमोऽध्यायः ॥ ९ ॥*

---

**दशमोऽध्यायः ॥ १० ॥**

**मयराम उवाच -**

कारुण्यपूर्णमखिलाश्रितजीवजाततापत्रयोपशमनप्रथितप्रतापम् ।
आनन्दमूर्तिममलं सुखकारिशीलं नारायणं गुरुवरं प्रणमाम्यहं त्वाम् ॥ १
हरे ! सर्वज्ञ ! भगवन् ! भक्तकल्पमहीरुह ! । हिताय सर्वभूतानां धृतमानुषविग्रह ! ॥ २

---

તથા દેશાંતરમાંથી પધારેલા ભક્તો પણ બેઠા છે. તે સમયે વિનયપૂર્વક બન્ને હાથ જોડી નમસ્કાર કરીને મયારામ વિપ્ર શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા.[૩૯-૪૦]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં આખા અને પિપલાણા ગામે મહાવિષ્ણુયાગનું અનુષ્ઠાન કર્યું અને છેલ્લે માણાવદરપુર પધાર્યા એ નામે નવમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૯ ॥***

---

## અધ્યાય - ૧૦

### મયારામ વિપ્રે શ્રીહરિને ભક્તિની નિર્વિઘ્ન સિદ્ધિ માટે પૂછેલા પ્રશ્નનો સવિસ્તર ઉત્તર.

મયારામ વિપ્ર કહે છે, હે ભગવાન શ્રીનારાયણમુનિ ! તમે કરુણાના સાગર છો, સમુદ્ર પર્યંત ફેલાયેલો તમારો પ્રતાપ સમગ્ર આશ્રિત જીવોના ત્રિવિધ તાપનું શમન કરે છે. તમે આનંદમૂર્તિ છો, સદાય શુદ્ધ સ્વરૂપ આપ ભક્તોને સુખ આપનારાં પવિત્ર ચરિત્રોનો વિસ્તાર કરો છો. તેમજ અમારા ગુરુસ્થાને વિરાજતા હે નારાયણ ! તમારો એક ભક્ત મયારામ વિપ્ર હું આપને કાયા, મન, વાણીથી નમસ્કાર કરું છું.[૧]

त्वद्भक्तिरेव सर्वेषां जीवानां भुवि सर्वथा । श्रेयस्करीति जानेऽहं प्रसादात्तव निश्चितम् ॥ ३
सा येन पुष्टिमासाद्य भवेदिष्टफलप्रदा । तमुपायं महाराज ! वक्तुमर्हसि मेऽञ्जसा ॥ ४

**श्रीनारायणमुनिरुवाच –**

अभिभूता न चेद्भक्तिर्भवेद्विघ्नेन भूयसा । तर्हीष्टफलदानृणां साध्यमाना भवेद्द्रुतम् ॥ ५
अस्ति तस्यामन्तरायो महान्सर्गो ह्यधार्मिकः । सर्गेण धार्मिकेणैव स जेतव्यः प्रयनतः ॥ ६
आसुरी सम्पदाद्यो वै सर्गो दोषात्मको मतः । दैवी सम्पदिति प्रोक्तो द्वितीयस्तु गुणात्मकः ॥ ७
जयेनाधर्मसर्गस्य भक्तिः पुष्टेष्टदा भवेत् । धर्मसर्गाश्रयादेव स तु स्याद् द्विजसत्तम ! ॥ ८

**सुव्रत उवाच –**

इति तद्वाक्यममृतं निपीय स पुनर्द्विजः । पप्रच्छ स्वामिनं प्रीतः सर्वसंशयनाशनम् ॥ ९

---

હે હરિ ! હે સર્વજ્ઞ ! હે ભગવાન્ ! હે ભક્તજનોના કલ્પવૃક્ષ ! હે સર્વજીવપ્રાણીમાત્રના કલ્યાણને માટે મનુષ્ય શરીરને ધારણ કરનારા ! પ્રભુ ! તમારી જ એક ભક્તિ આ પૃથ્વી પર સર્વ જીવપ્રાણીમાત્રનું સર્વ પ્રકારે કલ્યાણ કરનારી છે. એમ હું તમારી કૃપાથી નિશ્ચય જાણું છું. હે મહારાજ ! તે ભક્તિનું પોષણ જે ઉપાયથી વધુ ને વધુ થાય અને છેલ્લે ઈચ્છિત ફળરૂપ આત્યંતિક મોક્ષને આપનારી થાય તેવી રીતનો કોઈ ઉપાય હોય તો તે મને કૃપા કરીને યથાર્થ કહો.[૨-૪] ભક્તિની પરિપૂર્ણ સિદ્ધિને ઈચ્છતા મયારામ વિપ્રે આ પ્રમાણે જ્યારે પૂછ્યું ત્યારે નારાયણમુનિ કહેવા લાગ્યા કે, હે વિપ્ર ! જે ભક્તિ કોઈ પણ પ્રકારનાં વિઘ્નોથી જો પરાભવ ન પામે તોજ તે ભક્તિ વૃદ્ધિ પામતી તત્કાળ ઈચ્છિત ફળને આપનારી થાય છે.[૫] પરંતુ હે વિપ્ર ! તે ભક્તિમાં અધર્મસર્ગ છે તે મહા વિઘ્નરૂપ છે. તેમ છતાં તેને ધર્મસર્ગથી પ્રયત્નપૂર્વક જીતી શકાય છે. સર્વનું અનર્થ કરનારો દંભાદિક દોષરૂપ અધર્મસર્ગ છે તે આસુરી સંપત્તિની પેદાશ છે. જ્યારે સર્વેને શાંતિ આપનારો જ્ઞાન, વૈરાગ્યાદિક ગુણોરૂપ ધર્મસર્ગ છે તે દૈવી સંપત્તિનો પરિવાર છે, એમ સત્શાસ્ત્રને જાણનારાઓ કહે છે.[૬-૭] માટે હે વિપ્રવર્ય ! અધર્મ સર્ગને જીતવામાં આવે તો જ વૃદ્ધિ પામેલી ભક્તિ ઈચ્છિત ફળને આપનારી થાય છે. તેથી ધર્મસર્ગનો આશ્રય કરી અધર્મસર્ગ ઉપર વિજય મેળવવો અને પછી જ કરવામાં આવતી ભક્તિ ફળીભૂત થાય છે.[૮]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિના મુખકમળમાંથી નીકળતાં વચનામૃતોનું પાન કરી પ્રસન્ન થયેલા મયારામ વિપ્ર સર્વપ્રકારના સંશયોને નાશ

**मयराम उवाच** –

सम्भवं व्यक्तिसंज्ञाश्च सर्गयोरेतयोर्द्वयोः । पृथक्पृथग्मुनिपते ! वद मे तद्बुभुत्सवे ॥ १०

**सुव्रत उवाच** –

धर्मप्रियेण विप्रेण पृष्ट इत्थं स संसदि । उवाच भगवान्वाचं भक्तसङ्घमनोहराम् ॥ ११

**श्रीनारायणमुनिरुवाच** –

जज्ञे ब्रह्मन्पुरा ब्रह्मा विष्णोर्नाभिसरोरुहात् । वैराजधारणां कृत्वा स सर्गायोपचक्रमे ॥ १२
देवान् दैत्यान्नरान्नागान् सर्वांश्च पशुपक्षिणः । स्थावराञ्जङ्गमान्धाता ससर्ज स यथापुरा ॥ १३
पृष्ठदेशादधर्मोऽभूत्तस्याविद्यात्मको विधेः । स स्ववर्गेण सकलान् लोकान्व्याप्यावसद्बली ॥ १४
प्रजाभ्यो दुःखदश्चाभूः जन्ममृत्युप्रदस्तथा । संसृतिभ्रामकश्चासौ निरयप्रापको नृणाम् ॥ १५
मृषाऽसूया च चिन्तेर्ष्या तृष्णाऽऽशा ममतादयः । शक्तयस्तस्य कथिता दुर्जेयस्याल्पपौरुषैः ॥ १६

---

કરનાર શ્રીસહજાનંદ સ્વામીને ફરી પૂછવા લાગ્યા કે હે મુનિપતિ ! આ બન્ને સર્ગની ઉત્પત્તિ અને તે સર્વેનાં જુદાં જુદાં નામ જાણવાની મને ઇચ્છા છે. તો તમો મને જુદીજુદી વિગતિ પાડીને કહી સંભળાવો.[૯-૧૦]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ધર્મપ્રિય મયારામ વિપ્ર આ પ્રમાણે જ્યારે સભામાં શ્રીહરિને ફરી પૂછ્યું ત્યારે ભગવાન શ્રીહરિ ભક્તજનોના મનને હરનારી મધુર વાણી બોલવા લાગ્યા.[૧૧] શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! પૂર્વે વૈરાટપુરુષની નાભિકમળમાંથી બ્રહ્માજી પ્રગટ થયા, તેમણે વૈરાજપુરુષની એકાત્મભાવે ધારણા કરી આ જગતસૃષ્ટિનો પ્રારંભ કર્યો. તેમાં બ્રહ્માજીએ દેવતા, દૈત્ય, મનુષ્ય, સર્પ, પશુ, પક્ષી આદિ સ્થાવર જંગમ સમગ્ર સૃષ્ટિનું પૂર્વ કલ્પમાં જેવી હતી જેવી જ રીતે પુનઃ સર્જન કર્યું.[૧૨-૧૩] તે સમયે બ્રહ્માજીના પૃષ્ઠ ભાગમાંથી અવિદ્યારૂપ અધર્મસર્ગનું સર્જન થયું. ત્યારપછી તે વૃદ્ધિ પામેલો અધર્મસર્ગ પોતાના વિશાળ પરિવારની સાથે સમસ્ત લોકસમુદાયમાં પ્રવેશ કરીને નિવાસ કરવા લાગ્યો. જનોને વારંવાર જન્મમૃત્યુને આપનારો, ભવસાગરની ભવાટવીમાં ભમાવનારો, નરકમાં નાખનારો એવો એ અધર્મસર્ગ મનુષ્યોને ખૂબજ દુઃખ આપવા લાગ્યો.[૧૪-૧૫]

**સપરિવાર અધર્મસર્ગ :–** હે વિપ્રવર્ય ! તે અધર્મ સર્ગની પત્નીઓ મૃષા, અસૂયા, ચિંતા, ઈર્ષ્યા, તૃષ્ણા, આશા અને મમતા વિગેરે મહામોટી શક્તિઓ છે. આત્મબળ રહિત પુરુષોથી આ શક્તિઓ જીતી શકાય તેવી નથી. તેમજ તેનો

दम्भो लोभो मत्सरश्च कामः क्रोधो रसो मदः । दर्पो मोहश्च पारुष्यं स्नेहो मानोऽनृतं कलिः ॥ १७
द्रोहोऽशौचमविश्वासः चौर्यं पानं च निर्ऋतिः । द्यूतं गर्वश्च नास्तिक्यं प्रमादः पैशुनं स्पृहा ॥ १८
रागद्वेषौ भयं दुःखमज्ञानं व्यसनं तथा । दुरुक्तिर्निकृतिर्हिंसा पापं मृत्युश्च यातना ॥ १९
इत्यधर्मस्यान्ववायः प्राधान्येनोपवर्णितः । असुराणामतिप्रेष्ठो वर्जनीयः सदा सताम् ॥ २०
अत्रैकैकोऽप्यधर्मेण समवीर्यपराक्रमः । अस्तीत्येकमपि क्वापि न स्वीकुर्याद्धरिश्रितः ॥ २१
अनेनाधर्मवर्गेण पीड्यमाना निजाः प्रजाः । वीक्ष्य तासां हितं ब्रह्मा चिन्तयामास चेतसा ॥ २२
कथं प्रजानां सर्वासां सुखं स्यात्स्वाभिवाञ्छितम् । इति चिन्तयतस्तस्य प्रकाशोऽभून्महान् हृदि ॥ २३
अथ सत्त्वतनोस्तस्य हृदयाद्वेधसोऽभवत् । ऋष्याकृतिः स्वयं धर्मो यत्र नारायणस्थितिः ॥ २४
पद्मपादः पद्मबाहुः पद्मास्यः पद्मलोचनः । श्वेतः श्वेतपटः श्वेतगन्धपुष्पादिशोभनः ॥ २५
विद्याशक्तिप्रधानोऽसौ प्रजाभ्यः सुखदायकः । स्वर्गमोक्षप्रदो जेतुमधर्मं सानुगं क्षमः ॥ २६

---

પુત્ર પરિવાર પણ બહુ મોટો છે. દંભ, લોભ, મત્સર, કામ, ક્રોધ, રસ, મદ, દર્પ, મોહ, પારુષ્ય, સ્નેહ, નિર્દયતા, માન, અનૃત, કલિ, દ્રોહ, અપવિત્રતા, અવિશ્વાસ, ચોરી, મદ્યપાન, નિર્દયપણું, દ્યુત, ગર્વ, નાસ્તિક્ય, પ્રમાદ, પૈશુન, સ્પૃહા, રાગ, દ્વેષ, ભય, દુઃખ, અજ્ઞાન, વ્યસન, દુરુક્તિ, નિકૃતિ, હિંસા, પાપ, મૃત્યુ, યાતના વિગેરે આ બધો અધર્મસર્ગનો વંશ છે. તેમાં પ્રધાનપણે જેઓ હતા તેનું વર્ણન મેં તમારી આગળ કર્યું, આ વંશ આસુરી મનુષ્યોને બહુપ્રિય લાગે છે. અને સત્પુરુષોને માટે સદાય ત્યાગ કરવા યોગ્ય છે.[૧૬-૨૦] પૂર્વોક્ત અધર્મના પુત્રોમાં એક એક પુત્ર પિતા અધર્મની સમાન જ પ્રભાવશાળી અને પરાક્રમી છે. તેથી ભગવાન શ્રીહરિના ભક્તોએ તેમાંથી એકનો પણ સ્વીકાર ન કરવો. આ અધર્મવંશથી પીડાતી પોતાની પ્રજાને જોઇ પિતામહ બ્રહ્માજીને ચિંતા થઇ તેથી મનમાં પ્રજાનું હિત વિચારવા લાગ્યા. આ મારી સર્વ પ્રજાને મનોવાંચ્છિત સુખ કેવી રીતે પ્રાપ્ત થશે ? એમ વિચાર કરતા હતા ત્યાં તેમના હૃદયકમળમાં મહાન પ્રકાશ પ્રગટ થયો.[૨૧-૨૩]

**સપરિવાર ધર્મસર્ગની ઉત્પત્તિ :–** હે વિપ્રવર્ય ! ત્યારપછી શુદ્ધ સત્ત્વમય થયેલા તે બ્રહ્માના પ્રકાશિત હૃદયકમળમાંથી ઋષિના જેવી આકૃતિવાળા સ્વયં ધર્મ પ્રગટ થયા. જે ધર્મને વિષે ભગવાન શ્રીનારાયણ સદાય નિવાસ કરીને રહેલા છે.[૨૪] આ પ્રમાણે પ્રગટ થયેલા ધર્મનાં કમળ સમાન કોમળ ચરણ હતાં. કમળની સમાન રાતા બન્ને હસ્ત, અને પ્રફુલ્લિત મુખ હતું. કમળની પાંખડી સમાન લાંબાં વિશાળ નેત્રો હતાં, તેઓ શ્વેતમૂર્તિ હતા. શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં, અને

श्रद्धा शान्तिर्दया मेधा तुष्टिः पुष्टिस्तथा गतिः । मैत्री तितिक्षा लज्जा च बुद्धिर्मूर्तिः क्रियोन्नतिः ॥ २७
इत्याद्याः शक्तयस्तस्य नित्यं तत्सेवने रताः । प्रोक्तास्तत्सर्गमुख्यानामभिधाश्चाधुना ब्रुवे ॥ २८
ज्ञानं वैराग्यमैश्वर्यमभयं चार्जवं तपः । सत्यं शौचं सुखं क्षेमः स्थैर्यं धैर्यं च मार्दवम् ॥ २९
सन्तोषो निग्रहस्त्यागो योगो यज्ञः शमो दमः । उपासना चोपरतिः आस्तिक्यं च क्षमा स्मृतिः ॥ ३०
तेजः प्रसादश्च शुभं स्वाध्यायः प्रश्रयश्च मुद् । ध्यानं साम्यं ब्रह्मविद्या लाभः सामाऽर्थ उद्यमः । ३१
तथा सर्वे विरोध्यर्थनञ्पूर्वा बिभ्रतोऽभिधाः । प्रागुक्ताधर्मजाताः स्युः अदम्भप्रमुखा अपि ॥ ३२
श्रवणप्रमुखा भक्तेः भेदा नव गुणास्तथा । एते धर्मस्यान्ववाये प्रवराः कीर्तिता मया ॥ ३३
ऋषयः सर्वभावेन देवाश्चान्ये सुखार्थिनः । नराश्चैतानसेवन्त मुक्ताश्चैव मुमुक्षवः ॥ ३४
विश्वं निजौजसा व्याप्य जित्वा सर्गमधर्मजम् । सुखयामासुरखिलान् लोकानेते निजाश्रितान् ॥ ३५
अत्रैकैकोऽपि धर्मेण समवीर्यपराक्रमः । अस्तीत्येकमपि क्वापि मुमुक्षुर्नैव सन्त्यजेत् ॥ ३६

---

શ્વેત સુગંધીમાન પુષ્પોની માળા ધારણ કરી તેઓ શોભી રહ્યા હતા. પરિવારે સહિત અધર્મને જીતવામાં સમર્થ, મોક્ષ અને સ્વર્ગ આપનાર એવા આ વિદ્યાશક્તિ પ્રધાન ધર્મ પ્રજાને ખૂબજ સુખ આપવા લાગ્યા.[૨૫-૨૬]

હે વિપ્રવર્ય ! ધર્મસર્ગની પત્નિઓ શ્રદ્ધા, શાંતિ, દયા, મેધા, તૃષ્ટિ, ગતિ, મૈત્રી, તિતિક્ષા, લજ્જા, બુદ્ધિ, મૂર્તિ, ક્રિયા, ઉન્નતિ વગેરે શક્તિઓ છે. તેઓ ધર્મની સેવામાં સદાય તત્પર રહે છે, હવે તેમના પુત્રોમાં મુખ્ય મુખ્યનાં નામ તમને કહું છું. જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, અભય, આર્જવ, તપ, સત્ય, શૌચ, સુખ, ક્ષેમ, સ્થૈર્ય, ધૈર્ય, માર્દવ, સંતોષ, નિગ્રહ, ત્યાગ, યોગ, યજ્ઞ, શમ, દમ, ઉપાસના, ઉપરતિ, આસ્તિક્તા, ક્ષમા, સ્મૃતિ, તેજ, પ્રસાદ, શુભ, સ્વાધ્યાય, પ્રશ્રય, મુદ, ધ્યાન, સામ્ય, બ્રહ્મવિદ્યા, લાભ, સામ, અર્થ, ઉદ્યમ તથા પૂર્વે જે અધર્મસર્ગથી ઉત્પન્ન થયેલા દંભ વિગેરે દોષો કહ્યા હતા તે એક એકના વિરોધી અદંભ, અલોભ આદિ ધર્મવંશનો પરિવાર છે. તેવી જ રીતે શ્રવણ, કીર્તન આદિ ભક્તિના નવપ્રકાર પણ ધર્મથકી પ્રગટ થયેલા છે. આ પ્રમાણે જ્ઞાનાદિ પંચાસી ગુણો મુખ્યપણે ધર્મવંશમાં રહેલા છે તે મેં શ્રેષ્ઠ માન્યા છે.[૨૭-૩૩] હે વિપ્રવર્ય ! સુખને ઈચ્છતા મુક્ત, મુમુક્ષુ, ઋષિ, દેવો, મનુષ્યો અને બીજા પણ આ ધર્મસર્ગના વંશનું સર્વપ્રકારે સેવન કરે છે, સમસ્ત વિશ્વમાં વ્યાપીને રહેલા ધર્મસર્ગના આ જ્ઞાનાદિ ગુણો અધર્મવંશના દંભાદિ દોષોને જીતી પોતાના આશ્રિતવર્ગ એવા સમસ્ત ભક્તોને સુખી કરે છે. ધર્મના આ જ્ઞાનાદિ પુત્રોમાં એક એક પિતા ધર્મની સમાન જ

धर्माधर्मावुभावेतौ स्वस्वसर्गे पृथक्पृथक् । एकैकस्मिंस्तिष्ठतो वै स्वयं ते च तयोरपि ॥ ३७
यथा वटः स्वबीजेषु बीजानि च वटे यथा । तिष्ठन्त्येव तथा तौ च स्वजातेष्वपि ते तयोः ॥ ३८
इत्युक्तो द्विविधः सर्गो गुणदोषात्मको महान् । तत्राधर्मभवा दोषा धर्मजास्त्वखिला गुणाः ॥ ३९
गुणैर्दोषान्विनिर्जित्य ये भक्तिं कुर्वते हरौ । स्वेप्सितं ते परं सौख्यं लभन्ते नापरे जनाः ॥ ४०
विजेतव्याः प्रयत्नेन दोषा एवारयस्ततः । गुणानाश्रित्य पुरुषैः त्यक्तग्राम्यसुखेषणैः ॥ ४१
पञ्चैवावश्यजेतव्याः सन्ति दोषेष्वमीष्वपि । जितेषु येषु सर्वेऽपि जिताः स्युर्नात्र संशयः ॥ ४२
लोभः कामो रसास्वादः स्नेहो मानश्च पञ्चमः । अन्तःशत्रव एते हि विजेतव्याः प्रयत्नतः ॥ ४३
श्रेयोविघ्नकरा ह्येते मुमुक्षूणां निरन्तरम् । प्रमादिनोऽपि मुक्तस्य स्वपदच्युतिहेतवः ॥ ४४
एतेष्वेकतमो यर्हि मुख्यः पुंसि भवेत्तदा । चत्वारोऽन्ये तथा दोषाः सर्वेऽप्यनुचरन्ति तम् ॥ ४५

---

**પ્રભાવશાળી અને પરાક્રમી છે. તેથી મુમુક્ષુ ભક્તજનોએ તેમાંથી એકનો પણ ક્યારેય ત્યાગ ન કરવો.[૩૪-૩૬]**

**હે વિપ્રવર્ય ! ધર્મ અને અધર્મ બન્ને એક એક પોતપોતાના વંશમાં જુદા જુદા નિવાસ કરીને રહ્યા છે. તેમજ જ્ઞાનાદિ ગુણો અને દંભાદિ દોષો પણ પોતાનાં વંશમાં જુદાજુદા નિવાસ કરીને રહ્યા છે. જેવી રીતે વડ પોતાનાં બીજમાં રહ્યો છે, તેવી રીતે ધર્મ અને અધર્મ તથા પોત પોતાનો પરિવાર, પોતાના વંશમાં પરસ્પર ઓતપ્રોત રહેલા છે.[૩૭-૩૮] આ પ્રમાણે મેં તમને ગુણ અને દોષરૂપ બન્ને વંશની વિસ્તારપૂર્વક જુદી જુદી વાત કરી. તેમાંથી અધર્મથી ઉત્પન્ન થયેલા સર્વને દોષ કહેવાય છે. જ્યારે ધર્મથી ઉત્પન્ન થયેલા સર્વેને ગુણ કહેવાય છે.[૩૯] જે ભક્તજનો ગુણના માધ્યમથી દોષોને જીતી ભગવાન શ્રીહરિની ભક્તિ કરે છે તે જ પોતાનાં મનોવાંચ્છિત પરમ સુખને પ્રાપ્ત કરે છે. તેથી મારા આશ્રિત ભક્તજનોએ માયિક પંચ વિષયના સુખની આશાઓ છોડી ધર્મવંશના ગુણોનો આશ્રય કરી અધર્મવંશના દોષરૂપ શત્રુઓ ઉપર પ્રયત્નપૂર્વક વિજય મેળવવો.[૪૦-૪૧]**

**પાંચ મુખ્યદોષો :– હે વિપ્રવર્ય ! પૂર્વોક્ત દોષોની મધ્યે પાંચ દોષો તો અવશ્ય જીતવા. તેમના પર વિજય મેળવવાથી બીજા સર્વે દોષો જીતાય છે. તેમાં કોઈ જાતનો સંશય નથી.[૪૨] તે પાંચ - લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માન છે. તે મોટા અંતઃશત્રુઓ છે. તેને પ્રયત્નપૂર્વક અવશ્ય જીતવા જ. આ પાંચ દોષો મુમુક્ષુઓને નિરંતર કલ્યાણમાં વિઘ્ન કરે છે. તથા પ્રમાદ રાખનારા મુક્ત પુરુષોને પણ પોતાની સ્થિતિમાંથી ભ્રષ્ટ કરે છે.[૪૩-૪૪] આ પાંચ દોષોમાંથી કોઈ પણ એક**

सर्वदोषाकरत्वं हि पुराणेषु प्रसङ्गतः । एकैकस्यात एवोक्तं दुर्जेयत्वं च सन्मते ! ॥ ४६
सर्वथैव विनिर्जित्य तत एतान्महाबलान् । कृष्णे भक्तिर्विधातव्या सावधानैर्मदाश्रितैः ॥ ४७
किं करिष्यन्ति सुस्वान्तान् अस्मान्भक्तजनानिमे । इति चेतसि न ज्ञेयं दुःखदोऽल्पोऽप्यरिर्यतः ॥ ४८
विस्रम्भादात्ममनसो ये प्रमादमकुर्वत । भक्तास्तेऽतिमहान्तोऽपि नीता एतैर्हि तुच्छताम् ॥ ४९
लोभाद्यैरभिभूतास्तु महान्तः सन्ति भूरिशः । तेषु नामानि केषाञ्चित् कथयामि समासतः ॥ ५०
महर्षिर्ब्रह्मनिष्ठोऽपि वसिष्ठोऽथ च धार्मिकः । कार्तवीर्यार्जुनश्चोभौ लोभेनैव पराहतौ ॥ ५१
ब्रह्मा सौभरिरिन्द्रश्च नहुषश्चातिधार्मिकाः । अप्येते च पराभूताः कामेनाऽऽपुर्हि दुर्दशाम् ॥ ५२
ऋष्यशृङ्गो मुनिवरः तथाऽन्येऽपि द्विजा नृपाः । रसास्वादपराभूताश्चुच्युवुः श्रेयसोऽध्वनः ॥ ५३
आर्षभो भरतो राजा त्यक्तराज्यादिवैभवः । अपि मृगार्भस्नेहेन पराभूतिमुपागमत् ॥ ५४

---

દોષ જો પુરુષમાં મુખ્યપણે રહેતો હોય તો અન્ય ચાર તથા બીજા સર્વે દોષો તે પુરુષમાં પ્રવેશ કરી જાય છે.[૪૫] માટે હે બુદ્ધિમાન વિપ્ર ! તે કારણથી જ ભાગવતાદિ પુરાણોમાં તે તે દોષોના કથા પ્રસંગથી એક એક દોષને અન્ય સમસ્ત દોષની ઉત્પત્તિરૂપ અને અતિશય દુર્જયપણે વર્ણવ્યા છે. તે હેતુથી સાવધાન એવા મારા આશ્રિત ભક્તજનોએ મહાબળવાન આ પાંચ દોષોને સર્વપ્રકારે જીતી ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરવી.[૪૬-૪૭] મન આદિ સર્વે ઇન્દ્રિયોને જીતીને ભગવાનની ભક્તિ કરતા એવા અમને આ દોષો શું કરી લેવાના છે ? આવો વિચાર પોતાના મનમાં ક્યારેય ન કરવો. કારણ કે અલ્પ સરખા પણ આ શત્રુઓ વિશ્વાસ કરનારાને પાછળથી મહાદુઃખ આપે છે. જે ભક્તજનો પોતાના મનનો વિશ્વાસ કરી પ્રમાદથી અસાવધાની રાખે છે તે ભક્તો મહાન ગુણવાન હોવા છતાં આ દોષોને કારણે તૃણ તુલ્ય તુચ્છ થઇ જાય છે.[૪૮-૪૯] આગળમાં ઘણા બધા ભક્તો મહાન હોવા છતાં લોભાદિ દોષોથી પરાભવ પામ્યા છે. તેમાંના કેટલાકનાં નામ હું તમારી આગળ સંક્ષેપમાં જણાવું છું.[૫૦]

**પાંચ દોષોથી પરાભૂત વ્યક્તિવિશેષો :–** હે વિપ્રવર્ય ! બ્રહ્મનિષ્ઠ મહર્ષિ વસિષ્ઠમુનિ અને ધાર્મિક સહસ્રાર્જુન રાજા આ બન્ને લોભથી પરાભવ પામ્યા હતા.[૫૧] તેવી જ રીતે બ્રહ્મા, સૌભરી, ઇન્દ્ર અને નહૂષરાજા અતિ ધાર્મિક હોવા છતાં કામદોષથી પરાભવ પામી મોટી દુર્દશાને પામ્યા હતા.[૫૨] તેમજ મુનિવર ઋષ્યશૃંગ તથા અન્ય બ્રાહ્મણો તથા રાજાઓ પણ રસાસ્વાદથી પરાભવ પામી કલ્યાણના માર્ગથકી પડી ગયા હતા.[૫૩] તેમજ ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત

दक्षप्रजापतिश्चाथ दुर्वासा अत्रिनन्दनः । पराभूतिं सुमहतीं मानेन प्रापतुर्द्रुतम् ॥ ५५
एवमन्येऽपि बहवो देवा भूपा महर्षयः । पराभूता हि लोभाद्यैः एतैः प्रापुर्महापदम् ॥ ५६
दशा चेन्महतामीदृक् तर्हि त्वाधुनिका जनाः । स्वमनो विश्वसेयुर्ये भ्रश्येयुस्ते कथं न भो ! ॥ ४७
तस्मान्मनो नियम्यैव जयन्नेव रिपूनमून् । मदाश्रितः सर्वकालं सावधानो भजेद्धरिम् ॥ ५८
अधर्मसर्गस्य विवर्जनेन धर्मान्वयस्यैव समाश्रयेण ।
सम्पोष्य भक्तिं भुवि वर्धयन्ति ये ते लभन्ते सुखमीप्सितं वै ॥ ५९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे धर्माधर्मसर्गनिरूपणनामा दशमोऽध्यायः ॥ १० ॥*

---

**મહારાજા સર્વે રાજ્યવૈભવનો ત્યાગ કર્યો હોવા છતાં એક મૃગબાળકમાં સ્નેહ કરવાથી પોતાના યોગમાર્ગથી ભ્રષ્ટ થયા હતા.[૫૪] દક્ષપ્રજાપતિ અને અત્રિનંદન દુર્વાસામુનિ આ બન્ને માનરૂપ દોષથી તત્કાળ મોટો પરાભવ પામ્યા હતા.[૫૫] હે વિપ્રવર્ય ! આ પ્રમાણે બીજા પણ અનેક દેવતાઓ, રાજાઓ, મહર્ષિઓ લોભાદિ દોષોથી પરાભવ પામી મહા આપત્તિને પામ્યા હતા.[૫૬] માટે હે વિપ્ર ! આ રીતે મહાપદવીને પામેલા વસિષ્ઠાદિ મહાપુરુષોની પણ જો આવી દશા થઇ તો અત્યારના ભક્તજનો જો મનનો વિશ્વાસ કરે તો પોતાના કલ્યાણના માર્ગથકી કેમ ભ્રષ્ટ ન થાય ? એતો થાય જ.[૫૭] એટલા માટે મારા આશ્રિત ભક્તજનોએ મનને નિયમમાં કરી લોભાદિ આ પાંચ દોષો ઉપર વિજય મેળવી સર્વકાળે સાવધાનીપૂર્વક ભગવાન શ્રીહરિની ભક્તિ કરવી. અને જે ભક્તજનો અધર્મ સર્ગનો ત્યાગ કરી ધર્મસર્ગનો આશ્રય કરી આ પૃથ્વીપર ભક્તિનું પોષણ કરી તેને પ્રતિદિન વૃદ્ધિ પમાડે છે. તે ભક્તજનો પોતાનાં મનોવાંછિત સુખને ચોક્કસ પ્રાપ્ત કરે જ છે.[૫૮-૫૯]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં અધર્મસર્ગ અને ધર્મસર્ગનું નિરૂપણ કર્યું એ નામે દશમો અધ્યાય પૂર્ણ થયો. ॥ ૧૦ ॥***

---

एकादशोऽध्यायः ॥ ११ ॥

सुव्रत उवाच -

इत्याकर्ण्य हरेर्वाक्यं नातिपृप्तमना द्विजः । पुनः पप्रच्छ तं नत्वा स बद्धाञ्जलिरादरात् ॥ १

मयराम उवाच -

हरे ! स्वामिन् ! दयासिन्धो ! सर्वजीवहितावह ! । पिता सुतानामिव नः कुरुषे सर्वथा हितम् ॥ २

महदेव बलं स्वामिंल्लोभादीनां त्वयोदितम् । पञ्चानामतिदुष्टानां मुक्तस्याप्यस्ति यद्भयम् ॥ ३

लोभादिभिः पराभूता वसिष्ठाद्या यथा प्रभो ! । कथास्ताः श्रोतुमिच्छामो वयं सर्वाः पृथक् पृथक् । ४

सुव्रत उवाच -

इति पृष्टो भक्तपतिः विप्रवर्येण तेन सः । प्रीत्या मधुरया वाचा जगादानन्दयन्निजान् ॥ ५

श्रीनारायणमुनिरुवाच -

इतिहासपुराणेषु वसिष्ठादेः कथा द्विज ! । वर्णिता विस्तरात्सन्ति संक्षेपेण वदाम्यहम् ॥ ६

---

## અધ્યાય – ૧૧

### મયારામ વિપ્રનો વિસ્તારથી જાણવા માટે પુનઃ પ્રશ્ન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પૂર્વોક્ત પ્રમાણે શ્રીહરિનાં વચનો સાંભળવા છતાં મયારામ વિપ્રનું મન તૃપ્ત થયું નહિ, તેથી ફરીને બે હાથ જોડી આદર પૂર્વક નમસ્કાર કરી શ્રીહરિને પૂછવા લાગ્યા.[૧] મયારામ વિપ્ર કહે છે, હે હરિ ! હે સ્વામી ! હે દયાસિંધુ ! હે સર્વજીવપ્રાણીમાત્રનું હિત કરનારા ! હે પ્રભુ ! પિતા જેમ પુત્રનું હિત કરે તેમ તમે અમારા સૌનું સર્વપ્રકારે હિત કરનારા છો.[૨] હે સ્વામી ! અતિશય દુષ્ટ લોભાદિ પાંચ દોષોનું બળ આપે કહી દેખાડ્યું, જે દોષોથકી મુક્તપુરુષો પણ ભય પામે છે.[૩] હે પ્રભુ ! વસિષ્ઠાદિ મહાપુરુષો લોભાદિ દોષોથકી જે રીતે પરાભવ પામ્યા હતા તે સર્વે કથાઓનું અમને સર્વને પૃથક્પણે શ્રવણ કરવું છે.[૪]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે વિપ્રવર્ય મયારામ ભટ્ટે જ્યારે વિસ્તારથી કથાઓ સાંભળવાની ઈચ્છા કરીને પૂછ્યું ત્યારે ભક્તપતિ ભગવાન શ્રીનારાયણમુનિ ભક્તજનોને આનંદ ઉપજાવતા થકા પ્રેમપૂર્વક મધુર વચનો કહેવા લાગ્યા.[૫]

**લોભથી પરાભવ પામેલા વસિષ્ઠમુનિનું વૃત્તાંત :-** શ્રીનારાયણમુનિ કહે છે, હે દ્વિજ ! મહાભારતાદિ ઈતિહાસો તથા શ્રીમદ્ ભાગવતાદિ પુરાણોમાં વસિષ્ઠાદિ મહાપુરુષોની કથાઓનું વિસ્તારપૂર્વક વર્ણન

तत्रादौ लोभवशतो वसिष्ठो मुनिसत्तमः । पराभवं यथा प्राप तां कथां कथयामि ते ॥ ७
आसीद्राजा निमिर्नाम्ना सूर्यवंशसमुद्भवः । यज्ञं करिष्यन्स गुरुं वसिष्ठमवृतर्त्विजम् ॥ ८
यज्ञमारम्भयित्वाऽथ वसिष्ठः प्राह भूपतिम् । वृतोऽस्मीन्द्रेण यज्ञार्थं प्रागहं नृपते ! किल ॥ ९
तं याजयित्वाऽऽयास्यामि शीघ्रमत्र न संशयः । ततस्त्वां याजयिष्यामि तावन्मां प्रतिपालय ॥ १०
इत्युक्त्वाऽगाद्वसिष्ठोऽथ निमिस्तु क्षणभङ्गुरम् । देहं जानन् द्विजैरन्यैश्चकार मखमुत्तमम् ॥ ११
अथागतो वसिष्ठोऽपि याजयित्वा सुरेश्वरम् । शिष्यव्यतिक्रमं दृष्ट्वा चुकोप धनलुब्धधीः ॥ १२
शशाप च निमिं देहः तव पण्डितमानिनः । पतत्वद्याथ नृपतिः तं शशापातिकोपिनम् ॥ १३
देहस्तेऽपि पतत्वद्य लोभाद्धर्ममजानतः । एवमन्योन्यशापेन तावुभौ मृत्युमापतुः ॥ १४
निमिस्तु जीवितो विप्रैः विदेहोऽभूच्च याज्ञिकैः । उन्मेषणनिमेषाभ्यां स नृणां चक्षुषीक्ष्यते ॥ १५

---

કરેલું છે. તે કથાઓ હું તમને સંક્ષેપથી સંભળાવું છું. તેમાં પ્રથમ મુનિઓમાં શ્રેષ્ઠ એવા વસિષ્ઠમુનિનો જે રીતે લોભથી પરાભવ થયો, તે કથા હું તમને સંભળાવું છું.[૬-૭] હે વિપ્રવર્ય ! સૂર્યવંશમાં એક નિમી નામે રાજા ઉત્પન્ન થયા તે નિમીએ યજ્ઞ કરવાને અર્થે પોતાના કુલગુરુ વસિષ્ઠમુનિની ઋત્વિજ તરીકે વરણી કરી.[૮] યજ્ઞનો પ્રારંભ કરાવી વસિષ્ઠમુનિ નિમી રાજાને કહેવા લાગ્યા કે, હે નૃપતિ ! તમારા યજ્ઞના પ્રારંભ પહેલાં ઇન્દ્રમહારાજાએ પોતાના યજ્ઞ માટે મારી ઋત્વિજ તરીકે વરણી કરેલી છે. તેથી પહેલાં ઇન્દ્રનો યજ્ઞ પૂર્ણ કરાવી હું જલદીથી અહીં આવું છું. પછીથી તમારો યજ્ઞ પૂર્ણ કરાવીશ. ત્યાં સુધી તમે મારી રાહ જુઓ.[૯-૧૦] આ પ્રમાણે કહીને વસિષ્ઠમુનિ ત્યાંથી ચાલ્યા ગયા. ત્યારપછી નિમિરાજાએ આ દેહને ક્ષણભંગુર જાણી બીજા બ્રાહ્મણો પાસે ઉત્તમ પ્રકારે યજ્ઞ પૂર્ણ કરાવ્યો, ત્યારે ઇન્દ્રનો યજ્ઞ પૂર્ણ કરાવી વસિષ્ઠમુનિ પાછા પધાર્યા અને જોયું કે પોતાના શિષ્ય નિમિએ બીજા બ્રાહ્મણો પાસે યજ્ઞ પૂર્ણ કરાવી લીધો છે. શિષ્યનો આ અન્યાય જોઇ ધનલોભી વસિષ્ઠમુનિના અંતરમાં ક્રોધ ઉત્પન્ન થયો.[૧૧-૧૨] તેથી નિમિરાજાને શાપ આપતાં કહેવા લાગ્યા કે તું તારી જાતને પંડિત માને છે, માટે તારો દેહ અત્યારે જ પડી જાઓ. ત્યારે નિમિરાજા પણ ક્રોધાયમાન થયા અને વસિષ્ઠમુનિને શાપ આપ્યો કે, હે મુનિ ! લોભના આવેગમાં તમે પણ ધર્મનું સ્વરૂપ ભૂલ્યા છો. તેથી તમારો દેહ પણ પડી જાઓ. હે વિપ્રવર્ય ! આ પ્રમાણે બન્ને પરસ્પર શાપ આપી મૃત્યુ પામ્યા.[૧૩-૧૪]

હે વિપ્રવર્ય ! તે સમયે યજ્ઞ કરાવનારા ઋત્વિજ બ્રાહ્મણોએ નિમિરાજાને ફરી સજીવન કર્યા. પરંતુ નિમિરાજાને મનુષ્યશરીરમાં રુચિ ન રહી હોવાથી

उर्वश्याः पुत्रतां प्राप्य मित्रावरुणवीर्यतः । विख्यातोऽभूद्वसिष्ठस्तु वेश्यासूनुरिति ध्रुवम् ॥ १६
इत्थं लोभवशादेव वसिष्ठोऽपि महामुनिः । सूर्यवंशनृपाचार्यः सम्प्रपेदे पराभवम् ॥ १७
लोभेन हैहयस्याथ महायोगकलानिधेः । अपि श्रीदत्तशिष्यस्य कथयामि पराभवम् ॥ १८
अर्जुनाख्योऽभवद्राजा कृतवीर्यात्मजो महान् । चन्द्रवंशसमुत्पन्नो महाबलपराक्रमः ॥ १९
नारायणावतारं स दत्तात्रेयं महामुनिम् । आराध्य बाहुसाहस्रं युधि लेभे निजेप्सितम् ॥ २०
योगैश्वर्यं च सम्प्राप्य तत्प्रसादेन सोऽर्जुनः । अव्याहतबलौजःश्रीः पृथिवीं बुभुजेऽखिलाम् ॥ २१
स एकदा तु मृगयां विचरन् गहने वने । यदृच्छयाऽऽश्रमं प्रापज्जमदग्नेस्तपोनिधेः ॥ २२
स तस्मै नरदेवाय मुनिरर्हणमाहरत् । ससैन्यामात्यवाहाय कामधेनोः प्रसादतः ॥ २३

---

વિદેહરૂપે રહેવા લાગ્યા. તે મનુષ્યોના નેત્રોમાં ઉન્મેષ તેમજ નિમેષના રૂપમાં અત્યારે પણ દેખાય છે.[૧૫] આ બાજુ વસિષ્ઠમુનિ મિત્રાવરુણના વીર્યથકી ઉર્વશી અપ્સરાને ત્યાં પુત્ર તરીકે જન્મી આ લોકમાં વેશ્યાપુત્ર તરીકેની પ્રસિદ્ધિને પામ્યા. હે વિપ્રવર્ય ! આ પ્રમાણે સૂર્યવંશી રાજાઓના આચાર્ય મહામુનિ વસિષ્ઠ પણ લોભને વશ થઈ પરાભવ પામ્યા તે કથા તમને સંભળાવી.[૧૬-૧૭]

**લોભથી પરાભૂત સહસ્રાર્જુન રાજાની કથા :–** હે વિપ્રવર્ય ! હવે પછી મહાયોગકળાના નિધિ તથા ભગવાન શ્રી દત્તાત્રેયના શિષ્ય એવા સહસ્રાર્જુન રાજાનો લોભથી જે રીતે પરાભવ થયો તે કથા સંભળાવું છું.[૧૮] પૂર્વે ચંદ્રવંશમાં કૃતવીર્ય રાજાના પુત્રરૂપે ઉત્પન્ન થયેલા એક મહા બળવાન અને મહા પરાક્રમી એવા અર્જુન નામે મહાન રાજા થયા.[૧૯] શ્રીનારાયણના અવતારરૂપ ભગવાન શ્રીદત્તાત્રેય મુનિની આરાધના કરી અર્જુન રાજાએ યુદ્ધસંગ્રામના સમયે પોતાને મનોવાંછિત હજાર ભૂજાઓ પ્રાપ્ત કરી ત્યારથી તે સહસ્રાર્જુન તરીકે પ્રસિધ્ધિ પામ્યા.[૨૦]

હે વિપ્રવર્ય ! શ્રીદત્ત ભગવાનની પ્રસન્નતાથી તે સહસ્રાર્જુન રાજાએ યોગૈશ્વર્યની સિદ્ધિ પ્રાપ્ત કરી તથા કોઈનાથી પરાભવ ન પામે તેવા શરીર અને ઈન્દ્રિયોના બળ તથા પરાક્રમરૂપ સંપત્તિથી સમૃધ્ધ થઈ તે સમગ્ર પૃથ્વીનું શાસન ભોગવવા લાગ્યા.[૨૧] તે એક વખત ઘોર વનમાં મૃગયા કરવાના નિમિત્તે ફરતા ફરતા દૈવીચ્છાથી મહાતપોનિધિ જમદગ્નિ ઋષિના આશ્રમમાં આવ્યા. ત્યારે જમદગ્નિ ઋષિએ કામધેનુ ગાયના પ્રભાવથી સૈન્ય, મંત્રીમંડળ તથા અશ્વાદિ વાહનોએ સહિત મહારાજા સહસ્રાર્જુનનો આદરપૂર્વક ખૂબ જ મોટો સત્કાર

तदाऽभूद्विस्मितो राजा वीक्ष्य तन्मुनिवैभवम् । आत्मैश्वर्यातिशयितमदृष्टं चाश्रुतं क्वचित् ॥ २४
ततः कामदुघामेव तद्धेतुमवगत्य सः । बलात्तां स्वपुरं निन्ये क्रन्दन्तीं च सवत्सकाम् ॥ २५
अध्येतुं च गतो विद्यां रामस्तावदुपागतः । श्रुत्वाऽर्जुनस्य दौरात्म्यं चुक्रोधाहिरिवाहतः ॥ २६
घोरमादाय परशुं ततो माहिष्मतीं पुरीम् । गत्वा स तेन युयुधे कृतान्त इव दुर्जयः ॥ २७
अक्षौहिणीभिः सहितं स सप्तदशभिर्नृपम् । तं निहत्य निजां धेनुं गृहीत्वाऽऽश्रममाययौ ॥ २८
तस्य तत्कर्म विज्ञाय जमदग्निः क्षमानिधिः । प्राह पुत्र ! त्वया नैतत्कृतं ब्रह्मकुलोचितम् ॥ २९
वयं हि ब्राह्मणास्तात ! क्षमया पूज्यतां गताः । पारमेष्ठ्यं पदं प्राप क्षमयैवाम्बुजासनः ॥ ३०
क्षमयैव हरिः साक्षात्प्रभुस्तुष्यति नान्यथा । पापमेव त्वया पुत्र ! कृतमेतन्न संशयः ॥ ३१
राज्ञो मूर्धाभिषिक्तस्य वधो ब्रह्मवधाद्गुरुः । तन्निष्कृतं कुरु ततः शीघ्रं त्वं तीर्थयात्रया ॥ ३२

---

કર્યો.[૨૨-૨૩] તે વખતે કોઇ દિવસ કોઇ જગ્યાએ પણ નહિ જોયેલા અને નહિ સાંભળેલા અને પોતાના રાજવૈભવો કરતાં પણ અતિશય ચડિયાતા એવા મુનિના વૈભવો જોઇને સહસ્રાર્જુન રાજા અતિશય વિસ્મય પામી ગયા. ત્યારપછી તેણે જાણ્યું કે, મુનિના વૈભવનું કારણ આ કામધેનુ ગાય છે. તેથી વાછરડાંએ સહિત બરાડા પાડતી તે કામધેનુ ગાયને બળજબરીપૂર્વક પોતાની માહિષ્મતી નગરીમાં લઇ ગયા.[૨૪-૨૫] તે સમયે વિદ્યાભ્યાસ કરવા બહાર ગયેલા મુનિના પુત્ર એવા ભગવાનના અવતારરૂપ પરશુરામ ત્યાં આવ્યા. ત્યારે તેણે સહસ્રાર્જુન રાજાની દુષ્ટતા સાંભળી. ત્યારે સાંભળતાની સાથે જ જેમ દંડના ઘાતથી સર્પ ક્રોધ કરે તેમ તેનો ક્રોધ ભભૂકી ઉઠ્યો.[૨૬] ઘોર પરશુ ઉઠાવીને તે માહિષ્મતી નગરીમાં ગયા અને મહાકાળની જેમ દુર્જય એવા પરશુરામે સહસ્રાર્જુન રાજાની સાથે યુદ્ધ કર્યું અને સત્તર અક્ષૌહિણી સેનાએ સહિત તે સહસ્રાર્જુન રાજાનો શિરછેદ કરી કામધેનુ ગાયને લઇ પોતાના આશ્રમમાં પાછા પધાર્યા.[૨૭-૨૮]

હે વિપ્રવર્ય ! ત્યારે ક્ષમાના નિધિ એવા જમદગ્નિ મહર્ષિએ પુત્ર પરશુરામનું રાજાના વધ કરવારૂપ કર્મ જાણ્યું. તેથી તે કહેવા લાગ્યા કે, હે પુત્ર ! તમે આ ઘોર કર્મ કરેલું છે તે આપણા બ્રાહ્મણકુળને ઉચિત નથી.[૨૯] આપણે તો બ્રાહ્મણ છીએ. ક્ષમાના ગુણથી આપણે જગતમાં પૂજનીય થયા છીએ. અને બ્રહ્માજી પણ ક્ષમા રાખવાથી જ સત્યલોકની પદવી પામ્યા છે. તેમજ ક્ષમા રાખવાથી સાક્ષાત્ ભગવાન શ્રીહરિ પ્રસન્ન થાય છે. પણ તે વિના બીજા કોઇ સાધનથી પ્રસન્ન થતા નથી. માટે હે પુત્ર ! તમે આ ઘોર પાપ કર્યું છે તેમાં કોઇ શંકાને સ્થાન નથી.[૩૦-

इति वाक्यं पितुः श्रुत्वा तीर्थयात्रां स वत्सरम् । कृत्वा यथोक्तविधिना पुनः स्वाश्रममाययौ ॥ ३३
एकदाऽऽश्रमतो रामे सभ्रातरि वनं गते । अर्जुनस्य सुता आयल्लँब्धच्छिद्रास्तदाश्रमम् ॥ ३४
क्रन्दन्तीमप्यनादृत्य रेणुकां तेऽतिदारुणाः । छित्त्वा मुनेः शिरस्तूर्णं गृहीत्वा स्वपुरं ययुः ॥ ३५
मातुराक्रन्दमाकर्ण्य रामः शीघ्रमुपेत्य तत् । उन्मत्तक्षत्रदौरात्म्यं दृष्ट्वाऽतिक्रोधमाप सः ॥ ३६
ततो माहिष्मतीं गत्वा हत्वा तानर्जुनात्मजान् । तद्रक्तेन नदीं घोरां चक्रेऽद्रिं च स शीर्षभिः ॥ ३७
पितुः शिरः समानीय तमजीवयदीश्वरः । स रामः स्थापयामास तं च सप्तर्षिमण्डले ॥ ३८
एकविंशतिकृत्वोऽथ कृतान्त इव भीषणः । निःक्षत्रियां महीं चक्रे पर्शुहस्तः परिभ्रमन् ॥ ३९
इत्थं लोभेन नृपतिः सह पुत्रैर्ननाश सः । सकलक्षत्रसंहारे हेतुश्चासीद्विनष्टधीः ॥ ४०
एवमन्येऽपि बहवो मुक्ताः सिद्धा महर्षयः । राजानश्चापि लोभेन विनष्टिं महतीं ययुः ॥ ४१

---

**[૩૧] કારણ કે રાજ્યાભિષેક થયેલા રાજાનો વધ બ્રહ્મહત્યા કરતાં પણ વધુ પાપવાળો દોષ કહેલો છે. તેથી તમે તત્કાળ તીર્થયાત્રા કરી તેનું પ્રાયશ્ચિત કરો.[૩૨] હે મયારામ વિપ્ર ! આ પ્રમાણે પિતા જમદગ્નિનું વચન સાંભળી પુત્ર પરશુરામજી શાસ્ત્રવિધિને અનુસાર એક વર્ષની તીર્થયાત્રા કરી ફરી પોતાના આશ્રમમાં પધાર્યા.[૩૩] ત્યારપછી કોઈ એકવખત પોતાના ભાઈઓની સાથે પરશુરામજી પોતાના આશ્રમથી બહાર વનમાં ગયા હતા. તે સમયે સહસ્રાર્જુન રાજાના પુત્રો અવકાશ જોઈ જમદગ્નિઋષિના આશ્રમમાં આવ્યા.[૩૪] અતિ ક્રૂર સ્વભાવના તેઓએ અત્યંત આક્રંદ કરતાં જમદગ્નિનાં પત્ની રેણુકાદેવીની પણ પરવા કર્યા વિના જમદગ્નિમુનિનું મસ્તક કાપી તત્કાળ માહિષ્મતી નગરીમાં લઈ ગયા.[૩૫]**

**હે વિપ્રવર્ય ! માતાનું કરુણ આક્રંદ સાંભળી પરશુરામજી તત્કાળ દોડીને આશ્રમમાં આવ્યા અને ઉધ્ધત ક્ષત્રિયોનું આવું દુષ્ટકર્મ દેખી અતિશય ક્રોધાયમાન થયા. પછી માહિષ્મતી નગરી પ્રત્યે જઈ સહસ્રાર્જુન રાજાના પાંચહજાર પુત્રોનો વિનાશ કર્યો. તેમનાં લોહીની ઘોર નદી વહેવડાવીને તેઓનાં મસ્તકનો મોટો પર્વત જેવો ઢગલો કર્યો.[૩૬-૩૭]**

**ત્યારપછી ભગવાન પરશુરામે પિતાનું મસ્તક લાવી તેમને સજીવન કર્યા અને સપ્તર્ષિઓના મંડળમાં તેમને સ્થાન આપ્યું. પછી મહાકાળ જેવા ભયંકર અને મોટી પરશુને હસ્તમાં ધારણ કરનારા પરશુરામજી પૃથ્વીપર એકવીસ વાર પરિભ્રમણ કરી ધરતીને ક્ષત્રિય વગરની કરવાની ઈચ્છા કરી.[૩૮-૩૯] હે વિપ્રવર્ય ! આ પ્રમાણે લોભથી જેની બુદ્ધિ વિનાશ પામેલી હતી એવા સહસ્રાર્જુન રાજા પુત્રોની**

लोभं हृदो न जहतोः सुमते ! मयेत्थमुक्ता वसिष्ठकृतवीर्यजयोर्दशा ते ।
वक्ष्येऽथ कामपरतन्त्रतयाऽब्जजादेस्तां त्वं शृणुस्थिरमनाः प्रथितां पुराणे ॥ ४२

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे लोभेन वसिष्ठादिपराभवनामैकादशोऽध्यायः ॥ ११ ॥*

---

**द्वादशोऽध्यायः ॥ १२ ॥**

**श्रीनारायणमुनिरुवाच -**

जगत्स्रष्टा पुरा ब्रह्मा स्वाङ्गजातां सरस्वतीम् । रूपलावण्यसम्पन्नां दृष्ट्वाऽभूत्कामविह्वलः ॥ १
उत्थाय परिरब्धुं तां यावत्स्पृशति विश्वसृट् । तावत्सा कन्यका भीता मृगी भूत्वा पलायत ॥ २

**સાથે વિનાશ પામ્યા અને સમસ્ત ક્ષત્રિયોના સંહારનું કારણ થયા, તેની કથા તમને મેં સંભળાવી. તેવી જ રીતે બીજા અનેક મુક્તો, સિદ્ધો, મહર્ષિઓ અને રાજાઓ પણ લોભથી મોટા વિનાશને પામ્યા છે.[૪૦-૪૧]**

**હે બુદ્ધિમાન વિપ્ર ! આ પ્રમાણે પોતાના હૃદયમાંથી લોભનો ત્યાગ નહીં કરવાથી વસિષ્ઠમુનિ અને સહસ્રાર્જુન રાજાની જે દશા થઈ તે મેં તમને કહી સંભળાવી. હવે કામથી પરાભવ પામેલા બ્રહ્મા અને સૌભરી આદિકની પુરાણોમાં પ્રસિદ્ધ કથા હું તમને કહું છું. તે તમે સ્થિરમન કરીને સાંભળો.[૪૨]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં લોભથી વસિષ્ઠમુનિ અને સહસ્રાર્જુન રાજા પરાભવ પામ્યાનું નિરૂપણ કર્યું એ નામે અગિયારમો અધ્યાય પૂર્ણ થયો. ૧૧***

---

## અધ્યાય - ૧૨

### કામથી પરાભવ પામેલા બ્રહ્માજીનું વૃત્તાંત.

**ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે વિપ્રવર્ય ! પૂર્વે જગતસ્રષ્ટા સ્વયં બ્રહ્માજી પોતાના જ અંગમાંથી ઉત્પન્ન થયેલી, રૂપ, લાવણ્યતા અને સૌંદર્યથી સંપન્ન પુત્રી સરસ્વતીજીને જોઈ કામદોષથી વિહ્વળ થયા, અને જ્યાં ઊભા થઈ સરસ્વતીજીનો આલિંગનના હેતુથી સ્પર્શ કરવા જાય છે તેવામાં ભય પામેલી તે કન્યા સરસ્વતી મૃગલીનું રૂપ ધારણ કરી ત્યાંથી પલાયન થઈ.[૧-૨]**

अकामामपि तां कन्यां कामयन् स प्रजापतिः । अन्वधावन्मृगो भूत्वा निस्त्रपः कामनष्टधीः ॥ ३
पितरं त्यक्तमर्यादं तमधर्ममतिं तदा । मरीचिमुख्या ऋषयो विलोक्य प्रत्यबोधयन् ॥ ४
नैतादृशं कृतं कर्म त्वत्पूर्वैर्ब्रह्मभिः पितः ! । कल्पान्तरेषु चाप्यन्ये न करिष्यन्ति केचन ॥ ५
न निगृह्य च कः कामं प्राकृतोऽपि पुमान्निजाम् । अनुगच्छेत्सुतां त्वद्वदकामां भयविद्रुताम् ॥ ६
तेजस्विनामपि पितः नैतत्कर्मोचितं खलु । यतस्त एव लोकेषु धर्ममार्गप्रवर्तकाः ॥ ७
यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः । स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ ८
इति प्रबोधितः पुत्रैर्लज्जितः स प्रजापतिः । अधर्मापयशोभीतः सद्यस्तां विजहौ तनुम् ॥ ९
कामेनेत्थं पुरा ब्रह्मा जगद्धाताऽपि मोहितः । दुराचारे प्रवृत्तोऽभून्निस्त्रपः पशुवद्द्विज ! ॥ १०
अद्यापि नीचोऽपि जनः तस्य तत्कर्म गर्हितम् । श्रुत्वैव सशिरःकम्पं निन्दां तस्य करोति वै ॥ ११

---

હે વિપ્રવર્ય ! કામનાએ રહિત એવી પોતાની કન્યામાં કામવશ થઇ મોહ પામેલા બ્રહ્માજી મૃગનું રૂપ ધારણ કરી નિર્લજ્જ થઇ તેમની પાછળ દોડ્યા.[૩] તે સમયે પોતાના પુત્રો મરીચિ આદિક પ્રજાપતિ ઋષિઓ ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરી અધર્મને માર્ગે ચાલતા પિતાને જોઇ બોધ આપવા લાગ્યા કે, હે પિતાજી ! તમારાથી પૂર્વના બ્રહ્માઓએ આવું નિંદિત કર્મ ક્યારેય કર્યું નથી. અને કલ્પને અંતે પણ બીજા કોઇ બ્રહ્મા આવું કર્મ ક્યારેય કરશે નહિ.[૪-૫] હે પિતાજી ! જે પુત્રીના અંતરમાં ભોગની કોઇ ઇચ્છા નથી, અને તેથી જ ભય પામી પલાયન થઇ રહી છે. તો આવી પોતાની પુત્રીની પાછળ કયો એવો પામર પુરુષ હોય કે કામને વશ ન રાખી તમારી જેમ પાછળ દોડે ? હે પિતાજી ! તેજસ્વી મહાપુરુષો માટે આવા કર્મનું આચરણ કરવું યોગ્ય નથી. કારણ કે, તમારા જેવા મહાપુરુષો જ મનુષ્યોમાં ધર્મમર્યાદાના પ્રવર્તકો હોય છે.[૬-૭]

અને વળી શ્રેષ્ઠ પુરુષો જે કાંઇ શુભ-અશુભ કર્મનું આચરણ કરે છે તેવા પ્રકારનાં કર્મોનું ઇતર અજ્ઞાની મનુષ્યો પણ આચરણ કરે છે. અથવા શ્રેષ્ઠ પુરુષો જે શુભ-અશુભ કર્મને પ્રમાણપણે સ્વીકારે છે, તો ઇતર પ્રાકૃત મનુષ્યો પણ તેજ વાતને અનુસરીને ચાલે છે. આ પ્રમાણે પુત્રોએ બોધ આપ્યો. તેથી પ્રજાપતિ બ્રહ્માજી લજ્જા પામ્યા અને અધર્મ તથા અપકીર્તિના ભયથી તે જ ક્ષણે તેણે શરીર છોડી દીધું.[૮-૯] હે વિપ્રવર્ય ! આ પ્રમાણે પૂર્વે જગતસૃષ્ટા બ્રહ્માજી પણ કામે કરીને મોહ પામ્યા અને પશુની માફક નિર્લજ્જ થઇ દુરાચારમાં પ્રવૃત્ત થયા હતા. બ્રહ્માજીનું આવું નિંદિત કર્મ સાંભળીને અદ્યાપિ પર્યંત સામાન્ય મનુષ્યો પણ મસ્તક ધુણાવી તેમની નિંદા કરે છે.[૧૦-૧૧] હે વિપ્રવર્ય ! આ પ્રમાણે કામદોષથી બ્રહ્માજીનો પરાભવ

पराभव इति प्रोक्तः कामेन ब्रह्मणो मया । सौभरेश्चाथ वक्ष्यामि नैष्ठिकस्य तपस्विनः ॥ १२
एकदा सौभरिर्नाम्ना महर्षिस्तपतां वरः । तपश्चक्रेऽब्दसाहस्रं प्रविश्य यमुनोदके ॥ १३
तत्रैकदा मैथुनिनं मीनराजं स ऐक्षत । निर्वृतिं परमां प्राप्तं स्त्रीसुखेनातिकामिनम् ॥ १४
तद्दर्शनेन तस्याभूत्स्त्रीस्पृहा हृदये मुनेः । ततः स्वीयं तपो हित्वा चिन्तयामास योषितम् ॥ १५
इच्छन्नथो राजकन्यां नृपतिं बहुकन्यकम् । मान्धातारमुपागत्य कन्यामेकामयाचत ॥ १६
वार्धक्यवेपमानाङ्गं तपःकृशतनुं मुनिम् । वीक्ष्य प्राह नृपः कन्या या त्वामिच्छेद्वृणीहि ताम् ॥ १७
ततस्तथेत्युक्तवन्तं मुनिमन्तःपुरं नृपः । क्षत्रा प्रवेशयामास सोऽनिच्छुरपि तद्भयात् ॥ १८
वार्धक्यान्नृपतेः स्वस्मिन्नप्रीतिं स विदन्नृषिः । दिव्यरूपोऽभवत्सद्यो देवीनामपि मोहनः ॥ १९
पञ्चाशत्कन्यका राज्ञस्तं दृष्ट्वा दिव्यरूपिणम् । तदैव सर्वा अपि तं वव्रिरे स्वेप्सितं पतिम् ॥ २०

---

થયો તે વૃત્તાંત મેં તમને કહ્યું. હવે પછી હજારો વર્ષ પર્યંત નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતને ધારણ કરી તપશ્ચર્યા કરતા સૌભરિમુનિનું વૃત્તાંત તમને સંભળાવું છું.[૧૨]

**કામથી પરાભૂત સૌભરીમુનિનું વૃત્તાંત :–** એક વખત તપસ્વીઓમાં શ્રેષ્ઠ એવા સૌભરી મહર્ષિ યમુનાના જળમાં પ્રવેશીને એક હજાર વર્ષ પર્યંત તપશ્ચર્યા કરી.[૧૩] તે યમુનાના જળમાં એક વખત સ્ત્રીનો ઉપભોગ કરી પરમ સુખ પામતા અતિશય કામાતુર અને મૈથુનાસક્ત એવા મહામત્સ્યને સૌભરીએ નિહાળ્યો. મૈથુનાસક્ત માછલાને જોઈને ઋષિના મનમાં પણ સ્ત્રી ઉપભોગની સ્પૃહા જાગ્રત થઈ. ત્યારપછી તે મુનિ તપનો ત્યાગ કરી એક સ્ત્રીનું જ ચિંતવન કરવા લાગ્યા.[૧૪-૧૫] પછી કોઈ રાજકન્યા સાથે લગ્નગ્રંથિથી જોડાવા ઈચ્છતા સૌભરીમુનિ પચાસ કન્યાઓના પિતા માંધાતા રાજા પાસે આવ્યા. અને એક કન્યાની માંગણી કરી. વૃદ્ધાવસ્થાને કારણે મુનિનું શરીર કાંપતું હતું. અતિશય તપશ્ચર્યા કરવાથી શરીર કૃશ થયું હતું. તે જોઈ માંધાતા રાજાએ કહ્યું, કે હે મુનિ ! આ મારી પચાસ કન્યાઓમાંથી જે કન્યા તમને વરવાની ઈચ્છા કરે તેની સાથે તમે પરણો.[૧૬-૧૭]

હે વિપ્રવર્ય ! માંધાતા રાજાને પોતાની કન્યાને તેમની સાથે પરણાવવાની અંતરમાં ઈચ્છા ન હોવા છતાં ઋષિના શાપના ભયથી "બહુ સારું" આ પ્રમાણે કહેતા સૌભરીમુનિને રાજસેવકોની સાથે અંતઃપુરમાં મોકલ્યા.[૧૮] વૃદ્ધાવસ્થાને લીધે રાજા મને જમાઈ તરીકે ઈચ્છતા નથી. તેમ જાણી સૌભરીઋષિએ દેવકન્યાઓને પણ મોહ ઉપજાવે તેવું દિવ્યસ્વરૂપ ધારણ કર્યું.[૧૯] તે સમયે માંધાતારાજાની પચાસે કન્યાઓ દિવ્યરૂપધારી સૌભરીમુનિને જોઈ તે જ ક્ષણે પોતાને ઈચ્છિત પતિ મળ્યો જાણી, સર્વે કન્યાઓ તેમને પરણી.[૨૦] ત્યારપછી તે

परिगृह्य ततस्ताः स्त्रीः निजमाश्रममेत्य सः । दिव्यसौधादि तत्कालं ससर्ज तपसो बलात् ॥ २१
ताभिर्भोगान्स भुञ्जानो न दिवा न निशामवैत् । सहस्त्रशश्च तनयान्मनोज्ञांस्तास्वजीजनत् ॥ २२
तपःसिद्धः स मुनिराडित्थं कामेन मोहितः । बभूव तपसो भ्रष्टो भगवत्प्रीतिकारणात् ॥ २३
आख्यानं सौभरेः प्रोक्तमिति ते द्विजसत्तम ! । कामेन देवराजस्य पराभवमथ ब्रुवे ॥ २४
विमानमेकदाऽऽरुह्य सुरराट् विचरन् क्षितौ । गङ्गायां स्नातुमायातामपश्यद्गौतमस्त्रियम् ॥ २५
रूपलावण्यसम्पन्नां तामहल्यामवेक्ष्य सः । कामनष्टमतिः सद्यः तामेवाचिन्तयद्धृदि ॥ २६
उपभोक्तुं छलेनेच्छन्मुनेर्भार्यां पतिव्रताम् । अदृश्यरूप एकाकी तामेवानुजगाम सः ॥ २७
तदाश्रममुपेत्याथ गौतमं स तपस्विनम् । दृष्ट्वा बिभ्यद्रहस्तस्थौ छिद्रमेव गवेषयन् ॥ २८
नित्यकर्मविधानार्थं गङ्गां यातेऽथ गौतमे । तद्रूपधृत्तया साकं रेमे पापमतिः स तु ॥ २९

મુનિ પચાસે કન્યાઓને સાથે લઇ પોતાના આશ્રમમાં પધાર્યા. અને પોતાના તપોબળના સામર્થ્યથી તે જ ક્ષણે પચાસ દિવ્ય રાજમહેલોનું નિર્માણ કર્યું.[૨૧]

હવે સૌભરીમુનિને તે રાજકન્યાઓની સાથે વિષયભોગ ભોગવતાં રાત્રી-દિવસનું પણ ભાન રહ્યું નહિ. અને એક એક પત્ની થકી અતિ સુંદર સો સો પુત્રોનો જન્મ થયો. આ રીતે પાંચહજાર પુત્રોને ઉત્પન્ન કર્યા. હે વિપ્રવર્ય ! આ પ્રમાણે તપસ્વિઓમાં શ્રેષ્ઠ સૌભરીમુનિ કામથી મોહિત થઇ ભગવાનની પ્રસન્નતાના કારણભૂત તપમાંથી ભ્રષ્ટ થયા.[૨૨-૨૩] હે વિપ્રવર્ય ! આ પ્રમાણે મેં તમને કામથી પરાભવ પામેલા સૌભરીઋષિનું વૃત્તાંત કહ્યું, હવે કામથી પરાભવ પામેલા દેવરાજ ઈન્દ્રનું વૃત્તાંત તમને કહું છું.[૨૪]

**કામથી પરાભવ પામેલા ઇન્દ્રનું વૃત્તાંત :–** એક વખત વિમાનમાં બેસી દેવરાજ ઈન્દ્ર પૃથ્વીપર પરિભ્રમણ કરી રહ્યો હતો. તે સમયે ગંગામાં સ્નાન કરવા આવેલાં ગૌતમપત્ની અહલ્યાને જોયાં, રૂપ લાવણ્યસંપન્ન અહલ્યાદેવીને જોઇ તે જ ક્ષણે કામ વિહ્વળ થયેલો ઈન્દ્ર પોતાના મનમાં તેમનું જ સ્મરણ કરવા લાગ્યો. પછી પતિવ્રતાનારી ગૌતમપત્ની અહલ્યાને છળ કપટથી ભોગવવાની ઈચ્છા કરી ઈન્દ્ર અદૃશ્યરૂપે એકલો જ તેમની પાછળ ગયો.[૨૫-૨૭] પરંતુ આશ્રમમાં ગયા પછી તપસ્વી ગૌતમમુનિને જોઇ ઈન્દ્ર ભયભીત થયો, અહલ્યાને પામવા માટે અવકાશની રાહ જોતો એકાંત સ્થળમાં છૂપાઇને રહેવા લાગ્યો. અને જ્યારે ગૌતમમુનિ નિત્ય સ્નાનાદિ કર્મનું અનુષ્ઠાન કરવા ગંગાજી પ્રત્યે ગયા ત્યારે પાછળથી અવસર જોઇ પાપબુદ્ધિ ઈન્દ્ર ગૌતમમુનિનું રૂપ લઇ અહલ્યા સાથે વિહાર કરવા

कृतनित्यविधिस्तावत् ऋषिः स्वाश्रममाययौ । छलयन्तं निजां भार्यां ददर्श स्वाकृतिं हरिम् ॥ ३०
ज्ञात्वा तत्तस्य दौरात्म्यं मुनिः क्रोधारुणेक्षणः । निर्भर्त्स्य बहुधा तं च शशापाधर्मकारिणम् ॥ ३१
योनिलुब्ध ! दुरात्मंस्ते वपुष्येव भविष्यति । स्रवद्रुधिरदुर्गन्धि योनीनां हि सहस्रकम् ॥ ३२
इति शप्तः स मघवा सद्योऽभूत्तादृशाकृतिः । महतीं दुर्दशां प्राप लोकेऽप्यपयशो महत् ॥ ३३
अहल्याऽपि मुनेः शापात्सम्प्रापादृश्यतां वने । शपन्ती मनसा शक्रं स्वपातिव्रत्यदूषकम् ॥ ३४
इत्थं कामेन शक्रस्य मया प्रोक्तः पराभवः । नहुषस्याथ वक्ष्यामि प्राप्तस्येन्द्रपदं द्विज ! ॥ ३५
पुरा शक्रो वृत्रवधात् पीडितो ब्रह्महत्यया । नलिन्यामवसच्छन्नं मानसाख्यसरोवरे ॥ ३६
अनीश्वरेऽथ त्रैलोक्ये सर्वे देवाः सहर्षिभिः । ऐन्द्रे पदेऽभिषिषिचुः नहुषाख्यं नराधिपम् ॥ ३७
विद्यातपोयोगबलः प्राप्त इन्द्रपदं स तु । धर्मेण पालयामास त्रिलोकीं धर्मवत्सलः ॥ ३८

**લાગ્યો.[૨૮-૨૯] તેવામાં પોતાનું નિત્ય કર્મ સમાપ્ત કરી ગૌતમમુનિ પોતાના આશ્રમ પ્રત્યે પાછા પધાર્યા. ત્યારે પોતાનું રૂપ ધરી છળકપટથી પોતાની પત્નીને છેતરનાર ઈન્દ્રને ગૌતમમુનિએ જોયો.[૩૦] ઈન્દ્રની આવી દુર્મતિ જોઈ ગૌતમમુનિ લાલચોળ નેત્રોવાળા થઈ અધર્મ કરનાર ઈન્દ્રનો બહુ પ્રકારનો તિરસ્કાર કર્યો અને શાપ આપ્યો કે, "હે યોનિલુબ્ધ ! હે દુષ્ટપુરુષ ! સ્રવતા રુધિરની દુર્ગંધથી યુક્ત હજારે હજાર યોનિઓ તારા શરીરમાં થઈ જાઓ.[૩૧-૩૨]**

**હે વિપ્રવર્ય ! આ પ્રમાણે મુનિએ શાપ આપ્યો કે તે જ ક્ષણે ઈન્દ્રના શરીરમાં હજાર ભગ ઉત્પન્ન થયાં અને મહા દુર્દશાને પામ્યો. અને સાથોસાથ આલોકમાં મહાન અપકીર્તિને પણ પામ્યો. તેમજ પોતાને પતિવ્રતાના ધર્મમાંથી ભ્રષ્ટ કરનાર ઈન્દ્રને મનોમન શાપ આપતાં અહલ્યાદેવી પણ પતિ ગૌતમમુનિના શાપથી વનમાં બીજા મનુષ્યો જાણી ન શકે તેવા શીલારૂપ શરીરમાં રહેવા લાગ્યાં.[૩૩-૩૪]**

**કામથી પરાભવ પામેલા નહુષરાજાની કથા :-** **હે વિપ્રવર્ય ! આ પ્રમાણે મેં તમોને કામથી પરાભવ પામેલા ઈન્દ્રનું વૃત્તાંત કહ્યું, હવે ઈન્દ્રપદવીને પ્રાપ્ત કરનાર નહૂષ રાજાના પરાભવનું વૃત્તાંત કહું છું.[૩૫] પૂર્વે ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો ત્યારે તેને બ્રહ્મહત્યા લાગી. તેની પીડાથી ઈન્દ્ર માનસરોવરમાં કમળની નાળમાં છૂપાઈને રહેવા લાગ્યો.[૩૬] તે સમયે ત્રિલોકીનું સામ્રાજ્ય સંભાળનાર કોઈ નહિ હોવાથી ઋષિઓ અને દેવતાઓએ સાથે મળી ઈન્દ્રાસન ઉપર નહૂષ નામના રાજાનો રાજ્યાભિષેક કર્યો.[૩૭] તે સમયે વિદ્યા તપ અને યોગના બળથી ઈન્દ્રાસન પામેલા નહૂષરાજા ધર્મમાં બહુ હેતવાળા થઈ ધર્મથી ત્રિલોકીનું પાલન કરતા**

इन्द्रस्य पार्षदाः सर्वे सकलाश्च समृद्धयः । उपतस्थुस्तमेवेन्द्रं गन्धर्वाश्चाप्सरोगणाः ॥ ३९
ऐन्द्रं स वैभवं लब्ध्वा सर्वमेकां शचीं विना । तामुपेत्याह मामिन्द्रं वृणीष्वाम्बुजलोचने ! ॥ ४०
साऽथ तं प्राह धर्मज्ञ ! परस्त्रीधर्षणं भवान् । कर्तुं नार्हति कल्याण ! मां विहाय सुखी भव ॥ ४१
इत्थं तया बोध्यमानो बहुधाऽपि मदोद्धतः । कामेन व्याकुलस्तस्या नैव मेने वचो नृपः ॥ ४२
ततस्तं प्राह सा भद्र ! किञ्चित्साम्प्रतमस्ति मे । व्रतं तदन्ते नूनं त्वां वरिष्याम्यधुना व्रज ॥ ४३
इत्युक्तः स ययौ स्थानं सा चापि गुरुशिक्षया । उपश्रुतिं समाराध्य शक्रं प्राप्य जगाद तत् ॥ ४४
इन्द्रेण शिक्षितां युक्तिं साऽथ प्राप्य पुनः शची । स्वसमीपगतं भूपं तं हसन्ती वचोऽब्रवीत् ॥ ४५
अपूर्वं यानमारुह्य युक्तं मुख्यैर्महर्षिभिः । वरीतुं मामिहायाहि त्वां वरिष्यामि निश्चितम् ॥ ४६
इत्युक्तः सत्वरं सोऽपि नियोजितमहामुनिम् । आरुह्य शिबिकां प्रायात् कामाद्धर्मपथच्युतः ॥ ४७

---

હતા. અને ઇન્દ્રમહારાજાના સર્વે પાર્ષદો, સકલ સમૃદ્ધિઓ, ગંધર્વો અને અપ્સરાઓના ગણો નહૂષ રાજાને જ ઇન્દ્ર માની તેમનું સર્વપ્રકારે સેવન કરતા હતા.[૩૮-૩૯]

હે વિપ્રવર્ય ! એક ઇન્દ્રાણી વિના સ્વર્ગના સમસ્ત વૈભવને નહૂષરાજા પામ્યા, તેથી ઇન્દ્રાણીની સમીપે આવી કહેવા લાગ્યા કે, હે કમલલોચના ! હું ઇન્દ્રપદ પર આરુઢ થયો છું. તેથી ઇન્દ્ર એવા મને તમે વરો.[૪૦] ત્યારે ઇન્દ્રાણી તેમને સમજાવવા લાગ્યાં કે, હે ધર્મજ્ઞ ! તમારે ધૃષ્ટતા કરી પરસ્ત્રીનો ધર્મ ભંગ કરાવવો તે યોગ્ય નથી. માટે હે કલ્યાણમૂર્તિ ! મને એકને છોડી સ્વર્ગના સમગ્ર સુખનો અનુભવ કરો. આ પ્રમાણે ઇન્દ્રાણીએ બહુ પ્રકારે સમજાવ્યા છતાં કામના વેગથી વ્યાકુળ અને સંપત્તિ મેળવી મદથી ઉધ્ધત થયેલા નહૂષ રાજાએ ઇન્દ્રાણીના વચનોનો સ્વીકાર કર્યો નહિ.[૪૧-૪૨]

હે વિપ્રવર્ય ત્યારપછી ઇન્દ્રાણીએ નહૂષને કહ્યું કે, હે ભદ્રે ! અત્યારે મારું વ્રત ચાલે છે તે વ્રત સમાપ્તિ પછી તમને હું ચોક્કસ વરીશ પણ અત્યારે તમે જાઓ. આ પ્રમાણે કહ્યું ત્યારે નહૂષરાજા પોતાને નિવાસ સ્થાને ગયા.[૪૩] પછી ગુરુ બૃહસ્પતિના શિખવવા પ્રમાણે ઉપશ્રુતિ નામની દેવીની આરાધના કરી તેના દ્વારા ઇન્દ્રાણી ઇન્દ્ર પાસે આવ્યાં અને તેમને સમગ્ર વૃત્તાંત કહી સંભળાવ્યું.[૪૪] ત્યારે ઇન્દ્રે તેમને એક યુક્તિ શિખવી. પછી નહૂષરાજા ફરી જ્યારે ઇન્દ્રાણી પાસે આવ્યા ત્યારે હસતાં હસતાં ઇન્દ્રાણીએ કહ્યું કે, હે રાજન્ ! મોટા મોટા મહર્ષિઓ જેનું વહન કરતા હોય તેવા અપૂર્વ શિબિકા વહાનમાં બેસી મને વરવા માટે અહીં પધારો. હું તમને ચોક્કસ વરીશ.[૪૫-૪૬]

तत्रागस्त्यं मन्दगतिं सर्प सर्पेत्युदीरयन् । लत्तया प्राहरत् क्रुद्धो विनष्टसुकृतो नृपः ॥ ४८
ततः क्रुद्धो मुनिस्तं च शशापोत्पथवर्तिनम् । सर्पो भव त्वमेवाद्य पापात्मन्भूतले चिरम् ॥ ४९
इत्यगस्त्येन शप्तोऽसौ सर्पो भूत्वैव तत्क्षणम् । पपात भूतले राजा महत्कष्टमवाप च ॥ ५०
एवमन्येऽपि बहवो महान्तो मुनयो नृपाः । मुक्ता अपि पराभूताः कामेन बलिना द्विज ! ॥ ५१
हेयस्य सुज्ञैर्मदनस्य दौष्ट्यमित्थं मया ते गदितं द्विजेन्द्र ! ।
तद्धारयित्वा हृदये स्ववैरी हेयः स तूर्णं पुरुषैर्मदीयैः ॥ ५२

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे कामेन ब्रह्मादिपराभवनामा द्वादशोऽध्यायः ॥ १२ ॥*

---

હે વિપ્રવર્ય ! આપ્રમાણે મનના ગૂઢ રહસ્યને ધ્યાન સમક્ષ રાખી ઈન્દ્રાણીએ કહ્યું, તેથી કામદોષથી ધર્મમાર્ગમાંથી ભ્રષ્ટ થયેલા નહૂષ રાજાએ અગસ્ત્ય આદિ મહામુનિઓને શિબિકામાં જોડી તેમાં બેસી તત્કાળ ઈન્દ્રાણી પ્રત્યે આવવા નીકળ્યો. તે શિબિકામાં જોડેલા મુનિઓમાં અગસ્ત્યમુનિ મંદ ગતિએ ચાલતા હતા. તેથી તેમને ''સર્પ સર્પ'' અર્થાત્ ''જલદી ચાલો જલદી ચાલો'' એમ કહી નહૂષ રાજાએ ક્રોધથી લાતોનો પ્રહાર કર્યો, તેથી ઈન્દ્રનાં સર્વે સુકૃત નાશ પામ્યાં.[૪૭-૪૮] તેથી કોપાયમાન થયેલા અગસ્ત્યમુનિ કુમાર્ગે ચાલી રહેલા નહૂષને શાપ આપ્યો કે, ''હે પાપમૂર્તિ ! અત્યારે જ તું પૃથ્વીપર બહુકાળ જીવનારો સર્પ થઈ જા.'' હે વિપ્રવર્ય ! આ પ્રમાણે અગસ્ત્યમુનિએ નહૂષને શાપ આપ્યો તેથી તેજ ક્ષણે મોટો અજગર થઈ ધરતીપર પડ્યો અને અપાર કષ્ટ પામ્યો.[૪૯-૫૦]

હે વિપ્રવર્ય ! તેવી જ રીતે બીજા અનેક મોટા મોટા મુનિઓ તથા રાજા-મહારાજાઓ પણ મુક્તભાવને પામ્યા હોવા છતાં મહાબળવાન કામદોષથી પરાભવ પામ્યા છે. તેથી હે વિપ્રવર્ય ! સુજ્ઞજનોએ ત્યાગ કરવા યોગ્ય કામદેવની દુષ્ટતાનું વર્ણન તમારી સમક્ષ મેં કહ્યું. તેને અંતરમાં ધારી મારા આશ્રિત ભક્તજનોએ પોતાના અંતઃશત્રુ કામનો તત્કાળ ત્યાગ કરી દેવો.[૫૧-૫૨]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં કામથી પરાભવ પામેલા બ્રહ્માદિકનાં વૃત્તાંતનું નિરૂપણ કર્યું એ નામે બારમો અધ્યાય પૂર્ણ થયો. --૧૨--***

---

त्रयोदशोऽध्याय: ॥ १३ ॥

श्रीनारायणमुनिरुवाच -

अथ ते रसलुब्धस्य ऋष्यशृङ्गमुनेः कथाम् । प्राप्तस्य दुर्दशां ब्रह्मन्कथयामि समासतः ॥ १
पुराऽऽसीत्कौशिकीतीरे ऋषिर्नाम्ना विभाण्डकः । तस्य पुत्रो बभूवैक ऋष्यशृङ्गस्तपोनिधिः ॥ २
वन एव वसन् बाल्यात् पितुरन्यं स मानुषम् । पुरुषं वा स्त्रियं काञ्चित् नापश्यन्न विवेद च ॥ ३
पित्रा सह तपः कुर्वन् पञ्चेन्द्रियरसोज्झितः । नैष्ठिकब्रह्मचर्यस्थः स वन्द्योऽभूत्सुरेश्वरैः ॥ ४
स बाल एव तपसा सर्वेषां च तपस्विनाम् । महर्षीणां मानहरः सेव्यश्चासीत्प्रतापवान् ॥ ५
एतस्मिन्नन्तरे राजा लोमपाद इति श्रुतः । अङ्गदेशाधिपो मित्रमासीद्दशरथस्य सः ॥ ६
विप्राय किञ्चित्कस्मैचित्प्रतिश्रुत्य पुरोधसा । निषिद्धो नेत्युवाचाथ पौरा विप्रास्तमत्यजन् ॥ ७

## અધ્યાય -૧૩

## રસાસ્વાદથી પરાભવ પામેલા એકલશૃંગી ઋષિનું વૃત્તાંત.

શ્રીનારાયણમુનિ કહે છે, હે બ્રહ્મન્ ! હવે હું રસાસ્વાદમાં આસક્ત થઈ દુર્દશાને પામેલા ઋષ્યશૃંગ મુનિની કથા તમને સંક્ષેપથી કહું છું.[૧] પૂર્વે કૌશિકી નદીના તીરે વિભાંડક નામના ઋષિ રહેતા હતા. તેને તપોનિધિ એક ઋષ્યશૃંગ નામનો પુત્ર થયો. આ ઋષ્યશૃંગ બાલ્યાવસ્થાથી જ વનમાં જ રહેતા હોવાથી પિતા સિવાય અન્ય પુરુષ કે સ્ત્રીને જોયેલા નહિ. તેથી કોણ પુરુષ કહેવાય અને કોણ સ્ત્રી કહેવાય, આવું કાંઈ ભાન તેને ન હતું.[૨-૩]

હે વિપ્રવર્ય ! ઈન્દ્રિયોના પંચવિષયોના આહારનો ત્યાગ કરી, નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતનો આશ્રય કરી પિતા વિભાંડકની સાથે તપશ્ચર્યા કરતા મુનિ ઋષ્યશૃંગને દેવતાઓ પણ વંદન કરતા હતા આવા મહાન થયા.[૪] આ પ્રમાણે ઋષ્યશૃંગ નાની બાલ્યાવસ્થામાં હોવા છતાં તપ કરવાથી સર્વે તપસ્વીઓના માન હરાઈ જાય તેવા મહાન તપસ્વી થયા અને અન્ય તપસ્વીઓ પણ તેમની સેવા કરતા રહેતા.[૫] એ અવસરે અંગદેશના લોમપાદ નામના પ્રસિદ્ધ રાજા ત્યાં રાજ્ય કરતા હતા. તે અયોધ્યા નરેશ દશરથના મિત્ર પણ હતા.[૬] તે લોમપાદ રાજાએ કોઈ બ્રાહ્મણને હું તને કાંઈક આપીશ એવી પ્રતિજ્ઞા કર્યા પછી પણ પોતાના પુરોહિતના વારવાથી હવે હું તને નહિ આપું. એવું એ વિપ્ર આગળ વચન બોલ્યા. તેથી પુરવાસી સર્વે વિપ્રો તે રાજાનો અને નગરનો ત્યાગ કરી વનમાં ચાલ્યા ગયા.[૭]

ब्राह्मणातिक्रमात्तस्य न देशे पाकशासनः । ववर्ष तेन सकला प्रजाऽऽसीददतिदुःखिता ॥ ८
ततो वृद्धैः सहामात्यैर्नृपोऽवग्रहकारणम् । पिप्रच्छिषुर्मुनीन्वृद्धानरण्यं प्रत्यपद्यत ॥ ९
तत्र कश्चिन्मुनिवरस्तेनातिप्रार्थितोऽब्रवीत् । ब्राह्मणातिक्रमाद्देशे तवेन्द्रो नैव वर्षति ॥ १०
ततस्तन्निष्कृतं कृत्वा पुरे वासय वाडवान् । मानयित्वा यथावत्तान् यथापूर्वं समर्चय ॥ ११
नैष्ठिकव्रतिनां मुख्यमीतिमात्रहरांघ्रिकम् । केनाप्युपायेन मुनिमृष्यशृङ्गं समानय ॥ १२
वृष्टिर्भविष्यति ततः प्रजानां च सुखं नृप ! । इत्युक्तः स प्रहृष्टस्तं नमस्कृत्याऽऽययौ पुरम् ॥ १३
प्रायश्चित्तं ततः कृत्वा विप्रानावास्य पत्तने । ऋष्यशृङ्गं समानेतुं प्रैषयद्वारयोषितम् ॥ १४
कौशिक्या अथ तीरे सा चकाराश्रममद्भुतम् । कृत्रिमैः पुष्पवृक्षाद्यैर्नावं चैकामशोभयत् ॥ १५
विभाण्डकं गुप्तदूतैर्विदित्वाऽन्यत्र सा गतम् । एकाकिनं छलयितुं तदन्तिकमथाययौ ॥ १६

---

આ પ્રમાણે બ્રાહ્મણોનો અપરાધ થવાથી તે રાજાના દેશમાં ઈન્દ્રે વૃષ્ટિ કરી નહિ. તેથી સર્વે પ્રજા અતિ દુઃખી થઇ ગઇ.[૮] ત્યારે વૃદ્ધ અનુભવી મંત્રીઓને સાથે રાખી તે લોમપાદ રાજા જ્ઞાન અને વયથી વૃદ્ધ એવા ઋષિમુનિઓને વરસાદ નહિ વરસવાનું કારણ પૂછવા જંગલમાં પધાર્યા.[૯] ત્યાં લોમપાદ રાજાએ બહુ જ પ્રાર્થના કરી ત્યારે કોઇ મુનિવરે તેને કહ્યું કે, હે રાજન્ ! બ્રાહ્મણોનો અપરાધ થવાથી ઈન્દ્ર તમારા દેશમાં વરસતો નથી. માટે તેમના અપરાધનું પ્રાયશ્ચિત કરી સર્વે બ્રાહ્મણોને નગરમાં ફરી નિવાસ કરાવો, અને તે બ્રાહ્મણોનું યથાયોગ્ય સન્માન કરી તેમની પૂર્વની આજીવિકા અપાવી પૂજન કરો.[૧૦-૧૧] ઋષિઓ કહે છે, હે રાજન્ ! જેમના ચરણકમળ જ્યાં પણ પડવાથી સમગ્ર ઈતિઓ અર્થાત્ અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ આદિ અનિષ્ઠોની નિવૃત્તિ થાય છે, એવા નૈષ્ઠિક બ્રહ્મચારીઓની મધ્યે શ્રેષ્ઠ એકલશૃંગી મુનિને કોઇ પણ ઉપાયે તમારા રાજ્યમાં પધરાવો.[૧૨] હે નૃપ ! તેમના આગમનથી વરસાદ થશે અને પ્રજા સુખી થશે, હે વિપ્રવર્ય ! આ પ્રમાણે તે મુનિએ રાજાને કહ્યું, તેથી રાજા અતિ પ્રસન્ન થયા અને મુનિને નમસ્કાર કરી પોતાના નગરમાં પાછા પધાર્યા.[૧૩]

ત્યારપછી રાજાએ બ્રાહ્મણોના અપરાધનું પ્રાયશ્ચિત કર્યું અને બ્રાહ્મણોને સન્માનપૂર્વક પોતાના નગરમાં પાછા બોલાવી નિવાસ કરાવ્યો. ત્યારપછી ઋષ્યશૃંગ મુનિને પોતાના રાજ્યમાં લઇ આવવા કોઇ એક વેશ્યા સ્ત્રીની નિયુક્તિ કરી. તે વેશ્યાએ કૌશિકી નદીને તીરે એક અદ્‌ભૂત આશ્રમની રચના કરી, તથા નદી પાર કરવા કૃત્રિમ પુષ્પો અને વૃક્ષો આદિકથી એક સુંદર નૌકા શણગારી.[૧૪-૧૫]

रूपलावण्यसम्पन्ना वस्त्रालङ्कारभूषिता । प्रणम्य सा तं पप्रच्छ कुशलं तप आदिषु ॥ १७
पुंस्त्रीभेदविहीनोऽसौ ज्ञात्वा तां ब्रह्मचारिणम् । आतिथ्यं कर्तुमारेभे तस्या दर्भासनादिभिः ॥ १८
पप्रच्छ चासि कस्त्वं भोस्तपसाग्निरिव ज्वलन् । कस्य पुण्यवतः पुत्रः क्वाश्रमस्ते जटाधर ! ॥ १९

**वेश्योवाच -**

कौशिक्याः परतस्तीरे रम्यो नाव्याश्रमो मम । योजनत्रयदूरेऽस्ति तवास्मादाश्रमान्मुने ! ॥ २०
भवता नाभिवाद्याहमभिवाद्यो भवान्मया । व्रतमेतादृशं ब्रह्मन् ! परिष्वज्यो भवान्मया ॥ २१

**ऋष्यशृङ्ग उवाच -**

भल्लातकैङ्गुदादीनि फलान्येतानि भक्षय । अलाबूनिभृतं चैतत्पानीयं पातुमर्हसि ॥ २२
इत्युक्ता तेन सा वेश्या तत्प्रदत्तं फलादि तु । त्यक्त्वा दूरे स्वपार्श्वस्थं ददौ तस्मै रसादिकम् ॥ २३

---

**ત્યારપછી તે વારાંગના પોતાના ગુપ્તચરો દ્વારા વિભાંડક ઋષિ જંગલમાં સમિધ આદિ લેવા ગયા છે અને એકલશૃંગી આશ્રમમાં એકલા જ છે, એમ જાણી તેમને છેતરીને લઈ આવવા તેમની સમીપે આવી.[૧૬] રૂપ અને લાવણ્યતાથી સંપન્ન અને વસ્ત્રાલંકારોથી વિભૂષિત તે વારાંગનાએ એકલશૃંગી મુનિને નમસ્કાર કરી તપ આદિના કુશળ સમાચાર પૂછ્યા.[૧૭] સ્ત્રી પુરુષના ભેદને નહિ જાણનારા એકલશૃંગી તે વારાંગનાને કોઈ બ્રહ્મચારી છે એમ જાણી દર્ભનું આસન આપવું, જળ અર્પણ કરવું વગેરેથી તેનો આતિથ્ય સત્કાર કરવા લાગ્યા. અને પછી તેને પૂછ્યું કે, હે જટાધારી ! હે બ્રહ્મચારી ! તપરૂપી તેજથી અગ્નિ જેવા ઉજ્જવળ તમે કોણ છો ? કોઈ મહાપુણ્યશાળી મુનિના પુત્ર હશો. તમારો આશ્રમ ક્યાં છે ?.[૧૮-૧૯]**

**ભોળામુનિ એકલશૃંગીનાં વચનો સાંભળી વારાંગના કહેવા લાગી કે, હે ઋષિકુમાર ! તમારા આશ્રમથી અમારો આશ્રમ બાર કોશ દૂર કૌશિકી નદીને સામે કિનારે આવેલો છે. તે બહુજ રમણીય છે. નાવમાં બેસીને ત્યાં જઈ શકાય છે. હે બ્રહ્મન્ ! તમારે મને વંદન કરવાના ન હોય પણ મારે તમને વંદન કરવા જોઈએ. અને તમને આલિંગન પણ મારે આપવાનું હોય. આવું મારું વ્રત છે.[૨૦-૨૧] ત્યારે વારાંગનાનાં વચનો સાંભળી ઋષ્યશૃંગ મુનિ કહેવા લાગ્યા કે, હે વર્ણિ ! આ ભિલાચુ તથા ઈંગોરી આદિક ફળોનું તમે ભક્ષણ કરો. તેમજ તૂંબડામાં રહેલાં મીઠાં મધુર જળનું પાન કરો. આ પ્રમાણે મુનિએ કહ્યું. ત્યારે વેશ્યાએ મુનિએ આપેલ ફળો દૂર મૂકી પોતાની પાસે રહેલાં ઘેબર, પેંડા વિગેરે રસવાળાં પદાર્થો ઋષ્યશૃંગને આપ્યાં.[૨૨-૨૩]**

रत्नपात्रस्थितं पेयं स्वर्णपात्रस्थितं तथा । भक्ष्यं चातिरसं सोऽपि पीत्वा चात्त्वा मुमोद ह ॥ २४
प्रजहास भृशं प्रीतो रसक्षुब्धेन्द्रियस्तदा । सुगन्धिपुष्पाण्याघ्राय मुनिरन्य इवाभवत् ॥ २५
ततः सा वञ्चनपटुः ज्ञात्वा क्षुब्धेन्द्रियं तु तम् । पुनःपुनस्तदङ्गानि श्लिष्यन्ती मधुरं जगौ ॥ २६
ततस्तं विकृतं ज्ञात्वा सम्यगालिङ्ग्य सा पुनः । स्वाधीनं तन्मनः कृत्वा मुदमाप परां हृदि ॥ २७
विभाण्डकागमभयात् ततः सा छलधर्मिणी । अग्निहोत्रापदेशेन पश्यन्ती तं द्रुतं ययौ ॥ २८
भ्रष्टः स्वधर्मात्स मुनी रसास्वादेन तां हृदि । चिन्तयन्विह्वलो ह्यासीद् ग्रहग्रस्त इवोन्मदः ॥ २९
अथ स्वाश्रममायातो विभाण्डकमुनिः सुतम् । पप्रच्छ विह्वलं दृष्ट्वा दुर्विधोऽसि कथं सुत ! ॥ ३०

**ऋष्यशृङ्ग उवाच -**

अत्रैको वर्णिराडायात् स्वर्णवर्णः समाकृतिः । तेजस्वी चासितजटः पद्माक्षो मधुरस्वरः ॥ ३१

---

ત્યારે એકલશૃંગીમુનિ રત્નના પાત્રમાં રહેલાં શરબતનું પાન કરીને તથા સુવર્ણના પાત્રમાં રહેલાં અતિમધુરાં ભોજનનો આસ્વાદ માણીને અતિશય પ્રસન્ન થયા.[૨૪] રસાસ્વાદથી તેમની ઈન્દ્રિયો વિહ્વળ થઇ અને અતિ ખુશીમાં મુનિ ખૂબજ હસવા લાગ્યા, તથા સુગંધીમાન પુષ્પોનો સુગંધ લઇ જાણે ઋષિકુમાર જ ન હોય તેવું વર્તન કરવા લાગ્યા.[૨૫] પછી છેતરવામાં કુશળ વારાંગના ઋષ્યશૃંગને ચંચળ થયેલા જાણી વારંવાર બાથમાંઘાલી આલિંગન કરવા લાગી અને મધુર ગીતોનું ગાન કરવા લાગી.[૨૬] પછી તો ઋષિકુમારને અતિશય વિકારને પામેલા જાણી વેશ્યા ફરી ફરીને અતિશય દબાવીને આલિંગન કરવા લાગી, અને મુનિના મનને પોતાનામાં વશ કરી પોતાના મનમાં અત્યંત આનંદ પામવા લાગી. છેતરવામાં ચતુર તે વારાંગના વિભાંડકઋષિના આગમનના ભયથી મારો અગ્નિહોત્રનો સમય થઇ ગયો છે, ભલે હવે હું જાઉં છું. એમ કહીને એકલશૃંગીને સામે જોતી જોતી તત્કાળ ત્યાંથી ચાલી ગઇ.[૨૭-૨૮]

હે વિપ્રવર્ય ! રસાસ્વાદને કારણે પોતાના ધર્મમાંથી ભ્રષ્ટ થયેલા એકલશૃંગીમુનિ અંતરમાં અતિશય વ્યાકુળ થયા. જાણે પોતાના શરીરમાં પ્રેતનો પ્રવેશ થયો હોય તેમ ઉન્મત્ત થઇ પોતાના મનમાં વારંવાર વારાંગનાનું જ સ્મરણ કરવા લાગ્યા. ત્યારપછી વિભાંડકમુનિ પોતાના આશ્રમમાં પાછા પધાર્યા ત્યારે પોતાના પુત્રને અતિશય વિહ્વળ થયેલા જોઇ પૂછવા લાગ્યા કે, હે પુત્ર ! તારામાં આવું પરિવર્તન થયેલું મને કેમ જોવામાં આવે છે ?.[૨૯-૩૦] આ પ્રમાણે પિતા વિભાંડકનાં વચનો સાંભળી એકલશૃંગી મુનિ કહેવા લાગ્યા કે, હે પિતાજી ! આપણા

कण्ठादधस्ताद्द्वौ पिण्डौ दधच्चातिकृशोदरः । भास्वद्वल्कलसंवीतो देवपुत्र इवाद्भुतः ॥ ३२
मुखं मे स्वेन वक्त्रेण वपुषा च वपुर्दृढम् । आश्लिष्य मधुरं कूजन्स मामानन्दयद्भृशम् ॥ ३३
सोऽतिमिष्टरसैर्भक्ष्यैः पेयाद्यैर्मामतर्पयत् । विना तं मद्वपुः सर्वम् इदं दन्दह्यते पितः ॥ ३४
ततस्तदाश्रमं तात ! गन्तुमिच्छामि सत्वरम् । वर्णिराजेन तेनैव साकं तप्स्यामि तत्र च ॥ ३५
इत्युक्तवन्तं तं पुत्रं कयाचिच्छलयोषया । विज्ञाय भ्रामितं चित्ते विस्मितः स त्वबूबुधत् ॥ ३६
रक्षांसि बहुरूपाणि छलनाय तपस्विनाम् । चरन्त्यत्रेति तं विद्धि राक्षसं मुनिभक्षकम् ॥ ३७
इत्यादिभिः स वचनैः बोधयित्वा सुतं मुनिः । दिनत्रयं विचिन्वंस्तामपि लेभे न कानने ॥ ३८
अथैकदाश्रमात्तस्मिन् वन्यार्थं निर्गते मुनौ । तत्रागच्छत्पुनः साऽपि शिञ्जन्नूपुरमेखला ॥ ३९

---

આશ્રમમાં સુવર્ણ સમાન વર્ણવાળા અને સમાન આકૃતિવાળા કોઈ બ્રહ્મચારી પધાર્યા હતા. તેમનું શરીર અતિશય તેજસ્વી હતું, તેમના મસ્તક પર સુંદર શ્યામ જટા શોભતી હતી. તેમનાં નેત્રો કમળના પત્ર સમાન વિશાળ હતાં, તેમનો કંઠ ખૂબજ મધુર હતો. તેમણે કંઠથી નીચેના ભાગમાં માંસના બે પિંડ ધારણ કર્યા હતા. તેમનું શરીર અત્યંત કૃશ હતું, તેમણે ચળકતાં વલ્કલ વસ્ત્રો ધારણ કર્યાં હતાં, તે દેવપુત્રના જેવા અદ્ભૂત શોભતા હતા.[૩૧-૩૨]

હે પિતાજી ! તે બ્રહ્મચારી મારા મુખ ઉપર પોતાનું મુખ રાખીને તથા પોતાના શરીરને મારા શરીર સાથે ગાઢ આલિંગન આપીને તથા મધુર મધુર ગાયન કરીને મને અતિશય આનંદ ઉપજાવ્યો.[૩૩] હે પિતાજી ! તેમણે મને સુંદર મધુર ભોજનો જમાડ્યાં, અને મીઠાં મધુરાં જળનાં પાન કરાવ્યાં, તે બ્રહ્મચારી વિના મારું આ સર્વે શરીર હવે બળે છે. તેથી હે તાત ! હું તત્કાળ તેમના આશ્રમમાં જવા ઈચ્છું છું, અને તે બ્રહ્મચારીની સાથે રહી તેમના આશ્રમમાં જ મારે તપ કરવાની ઈચ્છા છે.[૩૪-૩૫]

હે વિપ્રવર્ય ! આ પ્રમાણે પોતાના પુત્રનું વચન સાંભળી કોઈ છેતરવામાં ચતુર સ્ત્રીએ મારા પુત્રના ચિત્તમાં ભ્રાંતિ ઉત્પન્ન કરી છે. એમ જાણી પિતા વિસ્મય પામ્યા અને પુત્રને બોધ આપવા લાગ્યા કે, હે પુત્ર ! તપસ્વીઓને છેતરવા મનુષ્યોનું ભક્ષણ કરી જનારા બહુરૂપી રાક્ષસો આ વનમાં ફરે છે. તે તારી પાસે આવ્યા હશે.[૩૬-૩૭] આ પ્રમાણે અનેક પ્રકારનાં વચનોથી પુત્ર એકલશૃંગીને પિતા વિભાંડકઋષિએ સમજાવ્યા અને ત્રણ દિવસ પર્યંત તે સ્ત્રીની વનમાં શોધ કરી છતાં તે વેશ્યા ક્યાંય મળી નહિ.[૩૮]

दूराद्विलोक्य तां वेश्याम् ऋष्यशृङ्गोऽतिहर्षितः । तत्सम्मुखं प्रदुद्राव स्नेहाच्च परिषस्वजे ॥ ४०

**ऋष्यशृङ्ग उवाच -**

यावत् पिताश्रममिमं नेयान्मे प्राणवल्लभ ! । तावत्त्वदाश्रमं रम्यं नेतुमर्हसि मामितः ॥ ४१
इत्युक्ता तेन सा हृष्टा नाव्यारोप्य तमाशु च । राज्ञोऽन्तःपुरमानीय प्राहायं ह्याश्रमो मम ॥ ४२
ततः शृङ्गारिकं दाक्ष्यं योषितस्तमशिक्षयन् । सोऽपि स्वधर्ममुत्सृज्य तच्छिक्षासु रतोऽभवत् ॥ ४३
राज्ञो देशेऽप्यभूद्वृष्टिः तस्यैवागमनान्मुनेः । ततः स्वकन्यां शान्ताख्यां ददौ तस्मै नृपो मुदा ॥ ४४
इत्थं स वै जगत्पूज्यो नैष्ठिकोऽपि मुनिर्द्विज ! । रसास्वादादभूद्भ्रष्टः स्वकीयाद्धि बृहद्व्रतात् ॥ ४५

---

હે વિપ્રવર્ય ! પછી એક દિવસ વિભાંડક ઋષિ વનમાં સમિધ આદિ લેવા આશ્રમમાંથી બહાર ગયા. ત્યારે તે જ અવસરે ચરણનાં ઝાંઝરનો ઝણકાર કરતી તે વારાંગના ફરી આશ્રમમાં આવી.[૩૯] દૂરથી જ વેશ્યાને આવતી જોઈ અતિશય હર્ષઘેલા થયેલા મુનિ ઋષ્યશૃંગ તેમની સન્મુખ દોડ્યા અને અતિશય સ્નેહથી ભેટી પડ્યા અને કહેવા લાગ્યા કે, હે પ્રાણવલ્લભ બ્રહ્મચારી ! મારા પિતા આશ્રમમાં પાછા ન આવે ત્યાં સુધીમાં તમે મને અહીંથી તમારા રમણીય આશ્રમ પ્રત્યે લઈ જાઓ.[૪૦-૪૧] હે વિપ્રવર્ય ! આ પ્રમાણે ઋષ્યશૃંગ મુનિએ કહ્યું, તે સાંભળી વેશ્યા અતિશય ખુશ થઈ અને મુનિને તત્કાળ નાવમાં બેસાડી લોમપાદરાજાના અંતઃપુરમાં લઈ આવી ને કહેવા લાગી કે, આ મારો આશ્રમ છે. ત્યારપછી તે મહેલના અંતઃપુરની નારીઓ એકલશૃંગીને શૃંગારરસ સંબંધી ચાતુરીનું શિક્ષણ આપવા લાગી અને તે મુનિ પણ પોતાના નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મને છોડી તે શૃંગારિક શિક્ષામાં આસક્ત થયા.[૪૨-૪૩]

હે વિપ્રવર્ય ! આ પ્રમાણે ઋષ્યશૃંગમુનિના આગમનથી લોમપાદ રાજાના રાજ્યમાં બહુજ વરસાદ થયો. અને રાજાએ પણ પોતાની શાંતા નામની કન્યા સાથે એકલશૃંગીમુનિનાં લગ્ન અતિ હર્ષથી કર્યાં. આ પ્રમાણે હે વિપ્રવર્ય મયારામ ! નૈષ્ઠિકવ્રતધારી તથા જગતને વંદન કરવા યોગ્ય અને પૂજવા યોગ્ય એકલશૃંગી ઋષિ પણ રસાસ્વાદના કારણે પોતાના નૈષ્ઠિકબ્રહ્મચર્ય વ્રતમાંથી ભ્રષ્ટ થયા.[૪૪-૪૫]

હે વિપ્રવર્ય ! આ પ્રમાણે બીજા અનેક રાજાઓ તથા મહર્ષિઓ પણ રસાસ્વાદના કારણે પોતાના ધર્મમાંથી ભ્રષ્ટ થઈ જન સમૂહમાં અતિ નિંદાને પાત્ર થયા છે, તેમજ રસાસ્વાદને કારણે નૈષ્ઠિકબ્રહ્મચર્ય વ્રતમાંથી પતન પામેલા એકલશૃંગી મુનિની કથા તમને કહી સંભળાવી, હવે ભગવાનના ભક્તોએ અવશ્ય

एवमन्येऽपि बहवो राजानश्च महर्षयः । रसास्वादपरिभ्रष्टाः प्रापुर्लोकेऽतिगर्ह्यताम् ॥ ४६
एवं रसास्वादवशेन ऋष्यशृङ्गस्य ते भ्रष्टबृहद्व्रतस्य ।
कथा मयोक्ताऽथ वदामि विप्र ! श्रव्यां नृभिस्तां भरतस्य राज्ञः ॥ ४७

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे रसास्वादेन ऋष्यशृङ्गपराभवनामा त्रयोदशोऽध्यायः ॥ १३ ॥*

---

**चतुर्दशोऽध्यायः ॥ १४ ॥**

**श्रीनारायणमुनिरुवाच –**

आर्षभो भरतो नाम्ना बभूव नृपतिः पुरा । जम्बूद्वीपस्य खण्डानां नवानामपि सोऽधिराट् ॥ १
अजनाभमिति ख्यातं खण्डमेतत्पुरा द्विज ! । यदीयनाम्ना सर्वत्र भारताह्वयमुच्यते ॥ २
स राज्यं भरतः कुर्वन् धर्ममेव प्रवर्तयन् । भगवन्तं वासुदेवम् ईजे बहुविधैर्मखैः ॥ ३

---

સાંભળવા યોગ્ય ચક્રવર્તી ભરત મહારાજાની સ્નેહના કારણે થયેલા પતનની કથા હું તમને સંભળાવું છું.[૪૬-૪૭]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં રસાસ્વાદથી ઋષ્યશૃંગમુનિનું પતન થયું એ કથાનું નિરૂપણ કર્યું એ નામે તેરમો અધ્યાય પૂર્ણ થયો. --૧૩--***

---

## અધ્યાય – ૧૪

### સ્નેહદોષથી પરાભવ પામેલા ઋષભદેવજીના પુત્ર ભરત મહારાજાનું વૃત્તાંત.

ભગવાન શ્રી નારાયણમુનિ કહે છે, હે મયારામ વિપ્ર ! પૂર્વે ભગવાન ઋષભદેવજીના પુત્ર ભરત નામે રાજા થયા. તે જંબુદ્વિપના નવે ખંડના અધિપતિ હતા.[૧] હે વિપ્ર ! પૂર્વે આ ખંડ ‘‘અજનાભખંડ’’ નામે પ્રસિદ્ધ હતો. પરંતુ જ્યારથી ભરતરાજા રાજ્ય કર્યું ત્યારથી આ ખંડનું નામ તેના નામ ઉપરથી ‘‘ભરતખંડ’’ રાખવામાં આવ્યું, એમ ઈતિહાસકારો કહે છે.[૨] તે ભરત મહારાજા રાજ્ય વ્યવહારની સાથે સાથે ધર્મમાર્ગનું પ્રવર્તન કરતા અને અનેક પ્રકારના યજ્ઞો દ્વારા

भक्तिः प्रववृधे तस्य भगवत्यनुवासरम् । ततोऽन्यत्र विरक्तिश्च राज्ययोषाधनादिषु ॥ ४
विभज्य दत्त्वा पुत्रेभ्यः ततो राज्यं यथोचितम् । प्रार्थ्यां सुरैरपि निजां श्रियं स मलवज्जहौ ॥ ५
आरिराधयिषुर्भक्त्या हरिमेव महामतिः । स्त्रीपुत्रधनराज्यादि हित्वाऽगात् पुलहाश्रमम् ॥ ६
शान्तो मुमुक्षुरेकाकी वितृष्णो विषयेषु च । स गण्डकीतटे तत्र चकारोपासनं हरेः ॥ ७
फलमूलाम्बुतुलसी कन्दाद्यैः पुजयन्हरिम् । स प्रेमविवशो नैव बुबुधे पूजनक्रमम् ॥ ८
हिरण्मयं च पुरुषं सूर्यमण्डलमध्यगम् । पुरुषप्रकृतिपरं सूर्यर्चोपास्त शुद्धधीः ॥ ९
गण्डक्यामेकदा स्नात्वा जजाप प्रणवं हृदि । पिपासुर्हरिणी तावत् तत्रैकाऽऽयात्तु गर्भिणी ॥ १०
यावत् पिबति सा तोयं तावत्कश्चन केसरी । उच्चैश्चकार निनदं सर्वलोकभयङ्करम् ॥ ११

---

ભગવાન શ્રીવાસુદેવનું યજન પણ કરતા હતા.[૩] તે ભરતમહારાજાની ભગવાનને વિષે ભક્તિ પ્રતિદિન વધવા લાગી. તેથી પરમાત્મા ભગવાન શ્રીવાસુદેવ સિવાય રાજ્ય, સ્ત્રી, ધન આદિ સર્વે પદાર્થોમાંથી વૈરાગ્ય થયો.[૪] ત્યારપછી ભરત મહારાજાએ પોતાના રાજ્યનો યથાયોગ્ય વિભાગ કરી પોતાના સુમતિ આદિ પાંચે પુત્રોને સોંપી, દેવતાઓ પણ જે વૈભવ મેળવવા પ્રાર્થના કરતા હોય તેવા રાજ્યલક્ષ્મી આદિથી સમૃધ્ધ વૈભવનો મળની પેઠે ત્યાગ કર્યો.[૫]

હે વિપ્રવર્ય ! બુદ્ધિમાન ભરત મહારાજા ભક્તિપૂર્વક એક ભગવાન શ્રીવાસુદેવની જ આરાધના કરવાની ઈચ્છાથી સ્ત્રી, પુત્ર, ધન તથા રાજ્યનો ત્યાગ કરી પુલહાશ્રમમાં પધાર્યા.[૬] શાંત, મુમુક્ષુ અને પંચ વિષયોમાં વિરક્ત એવા ભરતજી માત્ર એકલાજ રહી ગંડકી નદીને કિનારે ભગવાન શ્રીહરિની આરાધના કરવા લાગ્યા.[૭] ફળ, મૂળ, કંદ, જળ અને તુલસીપત્ર વગેરે ઉપહારોથી શ્રીહરિનું પૂજન કરતા ભરતજી ભગવાનમાં અતિશય પ્રેમઘેલા થવાથી પૂજાના ક્રમને પણ ભૂલી જતા હતા.[૮]

ભગવાનની ઉપાસનાના બળે જેની બુદ્ધિ અતિશય નિર્મળ થઈ છે એવા ભરતજી સૂર્યમંડળના મધ્યભાગમાં વિરાજતા તથા પ્રકૃતિ પુરુષથી પણ પર એવા હિરણ્યમય પુરુષ શ્રીસૂર્યનારાયણની વેદની ઋચાઓ વડે ઉપાસના કરતા હતા.[૯] એક સમયે ભરતજી ગંડકી નદીમાં સ્નાન કરી હૃદયમાં ૐકારનો જપ કરતા હતા. તે સમયે તરસી હરણી પાણીપીવાની ઈચ્છાથી તે ગંડકી નદીના કિનારે આવી. સગર્ભા એવી તે હરણી જ્યાં પાણી પી રહી હતી ત્યાં કોઈ કેસરી સિંહે સમસ્ત લોકોને ભય ઉપજાવે તેવી ભયંકર ગર્જના કરી. ત્યારે કેસરી સિંહની ભયંકર

तं श्रुत्वातिभयात्तस्या द्रवन्त्या गण्डकीतटे । गर्भः पपात सहसा स्रोतस्यथ ममार सा ॥ १२
उह्यमानं तरङ्गैस्तं कोमलाङ्गं मृगीसुतम् । विलोक्य स तु राजर्षिः दययाश्रममानयत् ॥ १३
तस्य तस्मिन्नतिस्नेहो ववृधेऽनुदिनं ततः । अनाथस्यास्य न त्राता मां विनेति दयावशात् ॥ १४
नियमाः स्नानसन्ध्याद्या अहिंसाद्या यमास्तथा । मृगं लालयतस्तस्य सर्वे नष्टाः शनैः शनैः ॥ १५
बालत्वात्कोमलतनुं तं सम्प्रीणयतो मुदा । तदेकबद्धचित्तस्य हर्यर्चाप्याऽऽस विस्मृता ॥ १६
आसने शयने याने भोजनादौ च तं शिशुम् । दूरे कर्तुं क्षणमपि सोऽतिस्नेहान्न चाशकत् ॥ १७
तस्मिंश्च स्वेच्छयाऽन्यत्र गते क्वापि क्षणं मृगे । राजर्षिर्नष्टधनवज्जायते स्मातिविह्वलः ॥ १८
तृणानि चरतस्तस्य कदाचित्स्वाश्रमागमे । विलम्बो जायते यर्हि तदा विलपति स्म सः ॥ १९
कामिनी कामुकस्येव राजर्षिः स मृगीशिशोः । शशाक विरहं सोढुं नैव स्नेहवशात्क्वचित् ॥ २०

ગર્જના સાંભળી સામે કિનારે ટપી જવા માટે કૂદકો મારતી હરણીનો ગર્ભ ગંડકીના પ્રવાહમાં અકસ્માત્ સ્રવી ગયો, અને તે હરણી મૃત્યુ પામી.[૧૦-૧૨] નદીના તરંગોમાં તણાઈ રહેલાં કોમળ અંગવાળાં મૃગબાળને રાજર્ષિ ભરતજીએ જોયું. તેને દયા આવવાથી તેમને પ્રવાહમાંથી ઉઠાવી આશ્રમમાં લાવ્યા.[૧૩]

હે વિપ્રવર્ય ! આશ્રમમાં આવ્યા પછી ભરતજીએ વિચાર કર્યો કે, અનાથ આ મૃગ બાળકનું મારા વિના કોણ રક્ષણ કરશે ? કોઈ નહિ. આ પ્રમાણે માત્ર દયાથી પરવશ થયેલા ભરતજીને પ્રતિદિન હરિના બદલે હરણમાં હેત વધવા લાગ્યું.[૧૪] મૃગ બાળકનું લાલન પાલન કરતા ભરતજીના સ્નાન, સંધ્યાદિ નિયમો તથા અહિંસા આદિ યમો ધીરે ધીરે સંપૂર્ણ ભૂલાઈ ગયા.[૧૫] સહજ ચંચળ સ્વભાવ યુક્ત તથા કોમળ અંગવાળાં મૃગબાળકનું અતિ હર્ષથી લાલન પાલન કરતા ભરતજીનું ચિત્ત તેમાં જ આસક્ત થતાં ભગવાનની પૂજા પણ ભૂલાઈ ગઈ.[૧૬]

હે વિપ્રવર્ય ! ભરતજીને મૃગબાળક ઉપર અતિશય સ્નેહ થયો હોવાથી બેસતાં, ઉઠતાં, સૂતાં, જાગતાં, હાલતાં, ચાલતાં તથા ભોજન આદિ સર્વ ક્રિયામાં એક ક્ષણવાર પણ મૃગબાળકને અળગું કરવા તે સમર્થ થતા નહિ. તે મૃગબાળક ક્યારેક સ્વેચ્છાએ એક ક્ષણવાર પણ બીજે સ્થળે જાય તો રાજર્ષિ ભરત જાણે હાથમાં આવેલું ધન નાશ પામ્યું હોય તેમ અતિશય વ્યાકુળ થતા હતા.[૧૭-૧૮] કુણું કુણું ઘાસ ચરવા દૂર દૂર સુધી જંગલમાં ગયેલાં મૃગબાળકને આશ્રમમાં પાછાં ફરતાં જો ક્યારેક વિલંબ થતો તો ભરતજી તેના વિરહમાં વિલાપ કરતા. જેમ અત્યંત કામવાસનાવાળી સ્ત્રી કામી પુરુષનો વિરહ સહન ન કરી શકે તેમ રાજર્ષિ

इत्थं मृगसुताकारमनसस्तस्य भूपतेः । स्वदेहारम्भकं कर्म समाप्तिमगमद्द्विज ! ॥ २१
कालहातततनुः सोऽथ मृगदेहमवाप्तवान् । अन्तकालेऽपि तं ध्यायन् समीपस्थमिवात्मजम् ॥ २२
इत्थं स राजा सन्त्यक्तराज्यस्त्रीपुत्रवैभवः । अपि मृगार्भस्नेहेन पशुत्वं स्वयमाप्तवान् ॥ २३
एवमन्येऽपि बहवो मुनयश्च नृपा अपि । स्नेहेनैव पराभूता लेभिरे दुर्दशां भृशम् ॥ २४

दययापि हरीतरे पदार्थे मनसा स्निह्यति यः स रूढयोगः ।
अपि संसृतिमेति हीनबुद्धिर्भरतोऽसाविव विप्रवर्य ! नूनम् ॥ २५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे स्नेहेन भरतपराभवनामा चतुर्दशोऽध्यायः ॥ १४ ॥*

---

ભરત પણ અતિશય સ્નેહને કારણે મૃગ બાળકનો વિયોગ સહન કરી શકતા ન હતા.[૧૯-૨૦] સમય જતાં મૃગબાળકને આકારે થઈ ગયેલા મનવાળા ભરતજીના શરીરનું પ્રારબ્ધ કર્મ સમાપ્ત થયું. અને અંતકાળે પોતાના પુત્રની જેમ સમીપમાં રહેલાં મૃગબાળકનું જ ચિંતવન કરતાં કરતાં શરીરનો ત્યાગ કરી મૃગશરીરને પામ્યા.[૨૧-૨૨] આ પ્રમાણે રાજ્ય, સ્ત્રી, પુત્ર અને વૈભવનો ત્યાગ કરનારા મહારાજા ભરતજી પણ એક મૃગબાળકમાં સ્નેહ કરવાથી સ્વયં પશુયોનિને પામ્યા.[૨૩]

હે વિપ્રવર્ય ! આજ રીતે બીજા અનેક મુનિઓ અને રાજાઓ પણ સ્નેહદોષથી પરાભવ પામી અત્યંત દુર્દશાને પામ્યા છે. માટે હે વિપ્રવર્ય ! જે હરિભક્ત દયા વડે કરીને પણ ભગવાન શ્રીહરિ સિવાય બીજા પદાર્થોમાં મનથી સ્નેહ કરે છે, તે ગમે તેવો દૃઢ ભગવાનનો ભક્ત હોય છતાં આ ભરતજીની જેમ બુદ્ધિહીન થઈ નક્કી જન્મ મરણરૂપ સંસૃતિમાં ભટકે છે.[૨૪-૨૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં સ્નેહદોષને કારણે મહારાજા ભરતજીનો પરાભવ થયો એ નામે ચૌદમો અધ્યાય પૂર્ણ થયો. --૧૪--***

---

पञ्चदशोऽध्यायः ॥ १५ ॥

श्रीनारायणमुनिरुवाच –

दक्षदुर्वाससोर्विप्र ! कथां मानाभिभूतयोः । श्रव्यामवश्यं धार्यां च हृदि सद्भिर्वदाम्यथ ॥ १
पुराभागीरथीतीरे चक्रुर्विश्वसृजो मखम् । तत्र देवाश्च देव्यश्च मुनयोऽप्यासताखिलाः ॥ २
दक्षः प्रजापतिस्तत्र सहसाऽर्क इवागमत् । योऽभिषिक्तः प्रजेशानाम् आधिपत्ये विरिञ्चिना ॥ ३
ततोऽभिमन्यमानः स्वं सर्वतोऽधिकमेव सः । सभायां मानितो देवैः नत्वा विधिमुपाविशत् ॥ ४
स पश्यन्नभितो देवानासीनं शिवमैक्षत । ऐकाग्र्यं ब्रह्मणि प्राप्तं वासुदेवे निजात्मनः ॥ ५
अकृतप्रणतिं तं च ज्ञात्वा दक्षोऽतिमानवान् । शपमानश्च कोपात्तं देवादीनिदमाह सः ॥ ६

## અધ્યાય –૧૫

## માનદોષથી પરાભવ પામેલા દક્ષપ્રજાપતિનું વૃત્તાંત.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે વિપ્રવર્ય ! હવે હું ભગવાનના ભક્ત સંતો અને હરિભક્તોએ અવશ્ય સાંભળવા યોગ્ય અને અંતરમાં સતત ધારી રાખવા યોગ્ય કથા કહું છું. તે કથા માનદોષથી પરાભવ પામેલા દક્ષપ્રજાપતિ અને દુર્વાસામુનિની છે. તેમાં પ્રથમ દક્ષપ્રજાપતિનું આખ્યાન કહું છું.[૧]

હે વિપ્રવર્ય ! પૂર્વે વિશ્વનું સર્જન કરનારા પ્રજાપતિઓ ભાગીરથીને તીરે યજ્ઞ કરી રહ્યા હતા. તે યજ્ઞમાં સમસ્ત દેવતાઓ, દેવીઓ અને મુનિઓ પણ પધાર્યા હતા.[૨] તે સમયે જેને બ્રહ્માજીએ સર્વ મરીચી આદિ પ્રજાપતિઓના અધિપતિપણે નિયુક્ત કરેલા છે એવા સૂર્ય સમાન તેજસ્વી દક્ષપ્રજાપતિ તે યજ્ઞમાં એકાએક પધાર્યા.[૩] તે દક્ષપ્રજાપતિ પોતાને બીજા પ્રજાપતિઓ કરતાં શ્રેષ્ઠ માનતા હતા. તેઓ અત્યંત અભિમાની છે એમ સભામાં બેઠેલા સર્વે દેવતાઓ જાણતા હોવાથી તેનો તત્કાળ ઊભા થઈ સત્કાર કર્યો. ત્યારપછી તે દક્ષ સભામાં બેઠેલા પોતાના પિતા બ્રહ્માજીને પ્રણામ કરી પોતાને આસને બેઠા.[૪]

ત્યારપછી દક્ષપ્રજાપતિ સભામાં ચારે તરફ દેવતાઓની દૃષ્ટિ ફેરવવા લાગ્યા. તેવામાં પોતાની આગળ જ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી વાસુદેવની સાથે પોતાના આત્માને એકાગ્ર કરી ધ્યાનમાં રહેલા પોતાના જમાઈ ભગવાન શિવજીને તેણે બેઠેલા જોયા.[૫] ત્યારે અતિશય માની દક્ષે જોયું કે, શિવજીએ ઊભા થઈ મને પ્રણામ કર્યા નથી. તેથી અતિશય ક્રોધ કરી શિવજીને શાપ આપતાં સર્વે

न मत्सरान्न चाज्ञानात् किञ्चिद्देवा ! वदाम्यहम् । किन्तु सामान्यतो वृत्तं साधूनां कथयामि वः ॥ ७
इत्यादिमानिभाषाया युक्तिभिः स्वस्य साधुताम् । दर्शयित्वा सुरांश्चक्रे गर्हणां शङ्करस्य सः ॥ ८
लोकपालयशोहन्ता निर्लज्जः शङ्करो ह्ययम् । सन्मर्यादां समुल्लङ्घ्य स्तब्धोऽस्मानवमन्यते ॥ ९
जामातृत्वात्तु शिष्यो मे गुरुं वाचापि मामसौ । प्रत्युत्थानाभिवादार्हं सदस्यादृतवान्न वै ॥ १०
मर्कटाक्षः क्रियाहीनो भूतसङ्गी दिगम्बरः । श्मशानवासी मुण्डस्रक् चिताभस्मानुलेपनः ॥ ११
अशिवाय शिवाख्याय नष्टशौचाय दुर्हृदे । दत्ता मयाऽनिच्छतापि कन्याऽस्मै विधिचोदनात् ॥ १२
सोऽयं भूरिदुराचारो यज्ञे भागं न शङ्करः । प्राप्नोत्विति क्रुधा शप्त्वा दक्षस्तं स्वालयं ययौ ॥ १३
शप्त्वा शिवं व्रजन्तं तं नन्दिकेशः शशाप च । दक्षोऽस्तु तत्त्वविमुखो बस्तास्यो वपुरात्मधीः ॥ १४

---

દેવતાઓ સન્મુખ કહેવા લાગ્યા કે, હે દેવો ! હું કાંઈ પણ કહું છું તે મત્સરથી કહેતો નથી, અને અજ્ઞાનથી પણ કહેતો નથી. પરંતુ સામાન્ય રીતે સત્પુરુષોનું જે વર્તન હોવું જોઈએ તે તમને જણાવું છું.[૬-૭]

હે વિપ્રવર્ય ! આ પ્રમાણે માની માણસની ભાષાથી વાત કરતા દક્ષપ્રજાપતિ અનેક યુક્તિ પ્રયુક્તિથી પોતાની સાધુતાને દેવતાઓની આગળ શ્રેષ્ઠ દેખાડી શિવજીની નિંદા કરવા લાગ્યા કે, આ શંકર લોકપાલોના યશને હણનારો છે, નિર્લજ છે, અવિનયી છે તેથી જ સત્પુરુષોએ બાંધેલી મર્યાદાનું ઉલ્લંઘન કરી મારી અવગણના કરે છે. આ શંકર મારો જમાઈ હોવાથી વધુમાં મારો શિષ્ય પણ છે તેથી ગુરુ એવા મારું ઊભા થઈ અભિવાદન કરી સન્માન કરવું જોઈએ, છતાં આવી મોટી સભામાં મને માત્ર વાણીથી પણ આદર આપતો નથી.[૮-૧૦] માંકડાંની સમાન આંખોવાળો આ શંકર સદાચારથી ક્રિયાહીન છે. ભૂતડાંનો સંગી છે, નગ્ન છે, સ્મશાનમાં રહેનારો છે, મુંડની માળા ધારનારો આખા શરીરે ચિત્તાની ભસ્મને ચોળે છે. આવો અમંગળ હોવા છતાં "શિવ" એવું મંગળ નામ ધારણ કર્યું છે. સાવ અપવિત્ર અને દુર્બુદ્ધિ આવા આ શંકરને મારી ઈચ્છા ન હોવા છતાં પિતાજી બ્રહ્માના કહેવાથી મારી પુત્રી સતી સમર્પણ કરી.[૧૧-૧૨] અત્યંત દુરાચારી આ શંકરનો આજથી યજ્ઞમાંથી ભાગ કાઢી નાખવામાં આવે છે, હે વિપ્રવર્ય ! આ પ્રમાણે અત્યંત ક્રોધમાં આવી દક્ષપ્રજાપતિ શિવજીને શાપ આપી પોતાના ભવન પ્રત્યે ચાલ્યા ગયા. ત્યારે જતા એવા દક્ષને શિવજીના મુખ્ય પાર્ષદ નંદિકેશે પણ શાપ આપતાં કહ્યું કે, હે દક્ષ ! તું આત્મા પરમાત્માના તત્ત્વજ્ઞાનથી રહિત થઈ જા. જે મુખથી તું શિવજીની નિંદા કરે છે, તે તારું મુખ બકરાનું થાય અને શરીરમાં જ તને આત્મબુદ્ધિ

इति शप्त्वा प्रजाध्यक्षं ततो नन्दी तदाश्रितान् । विप्रानपि क्रुधा सर्वाञ्छशापारुणलोचनः ॥ १५
वेदवादेषु मुह्यन्तु सर्वभक्ष्या द्विजातयः । वृत्त्यै विद्याव्रतधरा याचका विचरन्त्विह ॥ १६
इति विप्राञ्छपन्तं तं वैदिकानपि नन्दिनम् । वीक्ष्य क्रुद्धो भृगुः शैवान् अशपद्दारुणो मुनिः ॥ १७
भवव्रतधरा ये च ये च तान् समनुव्रताः । पाषण्डिनस्ते भवन्तु सच्छास्त्रपरिपन्थिनः ॥ १८
नष्टशौचा मूढधियो जटाभस्मास्थिधारिणः । विशन्तु शिवदीक्षायां यत्र दैवं सुरासवम् ॥ १९
शपत्येवं भृगौ शैवान् विमनाः शङ्करस्ततः । उत्थाय कैलासमगात् पार्षदैः सहितो निजैः ॥ २०
अथ कोऽपि मखं कर्तुं रुद्रभागं विना भुवि । नाशकत्क्वापि देवोऽपि कालोऽयाद्विमखो महान् ॥ २१

દૃઢ થાય. આ પ્રમાણે દક્ષને ત્રણ શાપ આપ્યા.[૧૩-૧૪]

હે વિપ્રવર્ય ! આ પ્રમાણે નંદિકેશે દક્ષપ્રજાપતિને શાપ આપ્યા પછી અત્યંત ક્રોધથી લાલચોળ નેત્રોવાળા થઈ દક્ષની હામાં હા ભણનારા અને શિવજીની અવજ્ઞાનું મૌન રહી અનુમોદન કરનારા સર્વે વિપ્રોને શાપ આપતાં કહેવા લાગ્યા કે, તમે સર્વે બ્રાહ્મણોને સ્વર્ગાદિ નાશવંત ફળનો બોધ આપનારાં, વેદના અર્થવાદવાળાં કર્મોમાં મોહ થાઓ. નહિ ખાવા યોગ્ય અને ખાવા યોગ્યનો ભેદ ભૂલી સર્વભક્ષી થાઓ, વિદ્યાભ્યાસ અને ચાંદ્રાયણાદિ વ્રતોનું અનુષ્ઠાન માત્ર દેહના પોષણ માટે જ કરનારા થાઓ અને ભિક્ષુકો થઈ લોકમાં ભટક્યા કરો. આ પ્રમાણે ચાર શાપ બ્રાહ્મણોને આપ્યા.[૧૫-૧૬]

હે વિપ્રવર્ય ! આ પ્રમાણે વૈદિક વિપ્રોને શાપ આપતા નંદીને જોઈને અત્યંત ક્રોધાયમાન થયેલા કઠોર મહર્ષિ ભૃગુ શિવજીના અનુયાયીઓને શાપ આપતાં કહેવા લાગ્યા કે, શિવનું વ્રત ધારણ કરનારા અને તેને અનુસરનારા જે પુરુષો હોય તે સર્વે પાખંડી થઈ જાઓ અને વૈદિક માર્ગનું તથા ભગવાનની ઉપાસનાનું પ્રતિપાદન કરનારાં સત્શાસ્ત્રોનું ખંડન કરનારા થાઓ. આચારહીન થઈ જાઓ, મૂઢબુદ્ધિવાળા થાઓ, મસ્તક ઉપર જટા, શરીરપર ચિત્તાની ભસ્મ અને હાડકાંને ધારણ કરનારા થાઓ. જે દીક્ષામાં દેવને મદ્ય અને માંસનું નિવેદન કરવાનું વિધાન હોય તેવી હલકી શિવદીક્ષાને ધારણ કરનારા થાઓ.[૧૭-૧૯]

હે વિપ્રવર્ય ! આ પ્રમાણે ભૃગુમહર્ષિ જ્યારે શિવભક્તોને શાપ આપી રહ્યા હતા તે સમયે શિવજી ઉદાસ થઈ તે સભામાંથી ઊભા થઈ પોતાના પાર્ષદોની સાથે કૈલાશ તરફ જવા રવાના થયા. ત્યાર પછી પૃથ્વી પર કોઈ પણ પ્રદેશમાં કોઈ પણ મનુષ્ય કે દેવતાઓ રુદ્રના ભાગ વગરનો યજ્ઞ કરવા સમર્થ થયા નહિ

ततो दक्षः स्वयं यज्ञमारेभे माननष्टधीः । शिवमेकमनाहूय युक्तो देवैस्तथर्षिभिः ॥ २२
अनादरं शङ्करस्य ज्ञात्वा ब्रह्मा तथाऽच्युतः । अप्यादरात्समाहूतौ तन्मखं नैव जग्मतुः ॥ २३
दक्षेण कन्यापि निजा शङ्करद्वेषतः सती । नाऽऽहूता कन्यकास्त्वन्याः समाहूताः सभर्तृकाः ॥ २४
विमानानि समारुह्य यान्तीर्गगनवर्त्मना । सुराङ्गनाः पितुर्यज्ञं वीक्ष्य हृष्टाऽभवत्सती ॥ २५
अनाहूतापि सा पित्रा द्रष्टुं यज्ञमहोत्सवम् । अत्युत्सुकोद्यता गन्तुं बभूव स्त्रैणधीवशात् ॥ २६
शङ्करेण निषिद्धापि युक्तिभिर्बहुधैव सा । गणैः कतिपयैर्युक्ता पितुर्यज्ञं हठाद्ययौ ॥ २७
शिवद्वेषवशाद्दक्षो न तां दृष्ट्याऽप्यवैक्षत । अनादृता ततः सापि तस्मै चुक्रोध मानिनी ॥ २८
अरुद्रभागं यज्ञं च वीक्ष्य दक्षं सती रुषा । निर्भर्त्स्य बहुधा देहं जहौ सद्यः समाधिना ॥ २९
ततो रुद्रगणा दक्षं हन्तुमभ्यापतन् हि तान् । भृगुर्घातयितुं वह्नेः देवान्समुदपादयत् ॥ ३०

---

તેથી પૃથ્વી પર યજ્ઞ વિનાનો બહુ કાળ વ્યતીત થઇ ગયો.[૨૦-૨૧] હે વિપ્રવર્ય ! હવે માનથી વિનાશ પામેલી બુદ્ધિવાળા દક્ષે પોતેજ પ્રજાપતિઓ, દેવતાઓ અને ઋષિઓની સાથે મળી શંકરના ભાગ વગરનો યજ્ઞ શરુ કર્યો.[૨૨] પિતામહ બ્રહ્માજી અને ભગવાન વિષ્ણુને અતિ આદરપૂર્વક નિમંત્રણ આપ્યું હોવા છતાં તે યજ્ઞમાં શિવજીનો અનાદર થયેલો જોઇ તેઓ પધાર્યા નહિ.[૨૩] દક્ષને શંકર ઉપર દ્વેષ હોવાથી પોતાની પુત્રી સતીને પણ આમંત્રણ આપ્યું નહિ. તેના સિવાય બીજી પંદર કન્યાઓને પોતપોતાના પતિઓ સાથે પધારવા આમંત્રણ આપ્યું.[૨૪] હે વિપ્રવર્ય ! ત્યારપછી વિમાનમાં બેસી આકાશમાર્ગે પોતાના પિતા દક્ષના યજ્ઞમાં જતી સતીની બહેનો એવી દેવપત્નીઓને સતીએ જોઇ, તેથી સતી અતિશય ખુશ થયાં અને પિતાનું આમંત્રણ ન હોવા છતાં યજ્ઞનાં દર્શન કરવા અને માતા-પિતાને મળવા સતીનું મન અતિ ઉત્સુક થયું. સતી નારીસહજ સ્વભાવથી યજ્ઞમાં જવા અત્યંત તત્પર થયાં.[૨૫-૨૬] ત્યારે ભગવાન શંકરે અનેક પ્રકારની યુક્તિઓથી યજ્ઞમાં જતાં તેમને અટકાવવા પ્રયત્નો કર્યા, છતાં હઠાગ્રહથી કેટલાક ગણોને સાથે લઇ તેણી પિતા દક્ષના યજ્ઞમાં ગયાં.[૨૭]

હે વિપ્રવર્ય ! શિવ ઉપર દક્ષને દ્વેષ હોવાથી પુત્રી સતી સામે દૃષ્ટિ માંડીને જોયું પણ નહિ. વાણીથી આદર આપી સત્કાર પણ કર્યો નહિ. તેથી આત્મગૌરવથી સંપન્ન સતી પિતા પ્રત્યે અત્યંત ક્રોધિત થયાં. યજ્ઞમાં પોતાના પતિ શિવજીનો ક્યાંય ભાગ પણ જોયો નહિ. તેથી ક્રોધ કરી પિતા દક્ષની બહુ ભર્ત્સના કરી સમાધિ દ્વારા પોતાના શરીરમાં યોગાગ્નિ પ્રગટ કરી તત્કાળ શરીરને છોડી દીધું.[૨૮-૨૯] ત્યારે

तैरुल्मुकप्रहरणैः ऋभुसंज्ञैरितस्ततः । हन्यमाना रुद्रगणाः पलायनमकुर्वत ॥ ३१
एतं वृत्तान्तमखिलं कैलासे नारदः शिवम् । समागत्याऽऽह तच्छ्रुत्वा भृशं क्रोधमवाप सः ॥ ३२
स्वजटायाः स उत्पाद्य वीरभद्रं गणाधिपम् । प्राह दक्षं सयज्ञं त्वं जह्यद्यैवाविचारयन् ॥ ३३
इत्याज्ञप्तो ययौ सद्यः सोऽपि दक्षमखं वृतः । गणैरन्यैर्धरां सर्वां कम्पयन् गिरिराडिव ॥ ३४
तत्र गत्वा यज्ञकुण्डम् उत्खन्य मण्डपादि च । दग्ध्वा दक्षस्य तु शिरः छित्त्वा वह्नौ जुहाव सः ॥ ३५
तत्पक्षपातिनो देवान् ऋषींश्चाप्युल्मुकादिभिः । शैवाः सन्ताडयामासुः मणिमत्प्रमुखा अपि ॥ ३६
छिन्नभग्नप्रतीकास्ते चक्रुः सर्वे पलायनम् । कृतकार्या रुद्रगणाः कैलासं पुनराययुः ॥ ३७
ततः काले बहुतिथे व्यतीतेऽखिलनिर्जरैः । प्रार्थितेशानुग्रहेण छागास्यो जीवति स्म सः ॥ ३८

---

સતીની સાથે આવેલા શિવના ગણો દક્ષને મારવા દોડ્યા, તે સમયે શિવનાગણોને મારવા માટે ભૃગુઋષિએ દક્ષિણાગ્નિમાંથી બળવાન દેવતાઓ ઉત્પન્ન કર્યા. ઋભુ નામના આ દેવતાઓ હાથમાં સળગતા ઊંબાડિયાં લઇ શિવના ગણોને મારવા લાગ્યા, તેથી તેઓ સર્વે ત્યાંથી ભાગી છૂટ્યા.[૩૦-૩૧] તે ગણો કૈલાશ પહોંચે તે પહેલાં દેવર્ષિ નારદ કૈલાશમાં આવી એ સર્વે વૃત્તાંત શિવજીને કહી સંભળાવ્યું, નારદના મુખે સતીનાં મૃત્યુની વાત આદિ હકીકત સાંભળતાંની સાથે જ શિવજીના અંતરમાં અત્યંત ક્રોધ વ્યાપી ગયો અને પોતાની જટામાંથી મુખ્યગણ વીરભદ્રને ઉત્પન્ન કર્યો ને કહ્યું કે, હે વીરભદ્ર ! તું કોઇ પણ જાતનો વિચાર કર્યા વગર યજ્ઞે સહિત દક્ષ પ્રજાપતિનો વિનાશ કર.[૩૨-૩૩]

હે વિપ્રવર્ય ! આ પ્રમાણે શિવજીની આજ્ઞા થતાં અન્ય ગણોને સાથે લઇ વીરભદ્ર પગે ચાલતો કોઇ મોટા પર્વતની જેમ સમગ્ર ધરાને ધ્રૂજાવતો ધ્રૂજાવતો તેજ ક્ષણે દક્ષના યજ્ઞમાં આવ્યો.[૩૪] ત્યાં જઇ યજ્ઞના કુંડો ઉખેડી નાખ્યાં. મંડપાદિને બાળી ભસ્મીભૂત કર્યા. દક્ષનું માથું કાપી યજ્ઞમાં હોમી દીધું.[૩૫] ત્યારપછી દક્ષની સહાય કરનારા દેવતાઓ તથા ઋષિમુનિઓને શિવના અન્ય મણિભદ્ર આદિ ગણો સળગતાં ઊંબાળીયાં લઇને મારવા લાગ્યા. તેથી તેમના શરીરના અવયવો છિન્ન ભિન્ન થયાં અને દેવતાઓ આદિ સર્વે ત્યાંથી પલાયન થઇ ગયા. આ પ્રમાણે દક્ષના યજ્ઞને છિન્ન ભિન્ન કરી વીરભદ્રાદિ શિવના ગણો કૈલાશમાં પાછા આવ્યા.[૩૬-૩૭] પછી ઘણા દિવસો વીતી ગયા ત્યારે સમસ્ત દેવતાઓની પ્રાર્થનાથી પ્રસન્ન થયેલા શિવજીના અનુગ્રહથી બકરાનું મુખ લગાડતાં દક્ષ પ્રજાપતિ ફરી સજીવન થયા. હે વિપ્રવર્ય ! આ પ્રમાણે માનદોષથી પ્રજાપતિ દક્ષનો મહા અનર્થ સર્જાયો અને

मानेनेत्थमनर्थोऽभूत् दक्षस्यापि प्रजापतेः । शङ्करावज्ञया लोके गर्हणा चापि भूयसी ॥ ३९
अथ दुर्वाससः साक्षात् रौद्रस्य च तपोनिधेः । अभिमानात्पराभूतिं कथयामि शृणु द्विज ! ॥ ४०
अम्बरीषाभिधो राजा सूर्यवंशसमुद्भवः । सप्तद्वीपवतीं पृथ्वीं पुराऽशासीन्महामतिः ॥ ४१
हरिमीजे महायज्ञैः पितृवत्पालयन्प्रजाः । नानाव्रतानि दानानि सोऽकरोद्धरितुष्टये ॥ ४२
देवानामपि दुष्प्रापं स्वैश्वर्यं क्षणभङ्गुरम् । जानन्विरक्तस्तत्रासौ स्नेहं नारायणे व्यधात् ॥ ४३
सतां समागमं कुर्वन् भक्तिं नवविधां हरौ । चकारैकमनास्तेन सन्तुतोष स वै भृशम् ॥ ४४
तुष्टः स तस्य रक्षार्थं चक्रं स्वीयं सुदर्शनम् । तत्पार्श्वे स्थापयामास सर्वारिष्टविनाशनम् ॥ ४५
स एकदा तु नृपतिः दधार द्वादशीव्रतम् । सांवत्सरं मधुवने सभार्यः कृष्णतुष्टये ॥ ४६
व्रतान्ते कार्तिके मासि त्रिरात्रं समुपोषितः । हरेः कृत्वा महापूजां ददौ दानानि भूरिशः ॥ ४७

---

માને કરી શિવજીનું અપમાન કરવાથી લોકમાં ઘણી નિંદા પણ થઇ.[૩૮-૩૯]

**માનથી પરાભવ પામેલા દુર્વાસામુનિની કથા :–** હે વિપ્રવર્ય ! હવે તમને સાક્ષાત્ રૂદ્રનો અવતાર અને મહાન તપસ્વી તથા માને કરીને મહા પરાભવ પામેલા ઋષિ દુર્વાસામુનિની કથા કહું છું તેને તમે સાંભળો.[૪૦] પૂર્વે સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલા મહાબુદ્ધિશાળી અંબરીષ નામના રાજા સાત દ્વિપવાળી પૃથ્વીનું પાલન કરતા હતા.[૪૧] પિતાની જેમ પ્રજાનું વાત્સલ્યભાવે ભરણ પોષણ કરતા અંબરીષ રાજા મોટામોટા યજ્ઞો દ્વારા ભગવાન શ્રીહરિનું યજન કરતા અને ભગવાનને રાજી કરવા અનેક પ્રકારનાં વ્રતો તથા દાન પણ કરતા હતા.[૪૨] ઇન્દ્રાદિ દેવતાઓને પણ દુર્લભ એવા પોતાના રાજ્ય વૈભવને ક્ષણભંગુર જાણતા અંબરીષ રાજા તે વૈભવમાં વૈરાગ્ય પામી એકમાત્ર ભગવાન શ્રીનારાયણમાં સ્નેહ કરતા હતા.[૪૩]

ભગવાનના એકાંતિક સંતોનો સમાગમ કરી ભગવાનના સ્વરૂપમાં જ એક મન રાખીને રાજા ભગવાનની નવધા ભક્તિ જ કરતા રહેતા તેથી ભગવાન શ્રીહરિ તેમના ઉપર ખૂબજ પ્રસન્ન થયા, અને તેમની રક્ષા માટે સર્વ પ્રકારના અનર્થોનો વિનાશ કરનાર પોતાનું સુદર્શન ચક્ર તેની સમીપે રાખ્યું હતું.[૪૪-૪૫] એક સમયે અંબરીષ રાજા પોતાનાં પત્નીની સાથે એક ભગવાન શ્રીકૃષ્ણને જ રાજી કરવા મધુવનમાં જઇ એક વર્ષને અંતે પૂર્ણ થતું વાર્ષિક દ્વાદશવ્રત ધારણ કર્યું.[૪૬] પછી વ્રતની સમાપ્તિમાં કાર્તિક માસમાં સુદ નવમી, દશમ અને પ્રબોધની એકાદશીના દિવસ સુધી ત્રણ ઉપવાસ કરી અંબરીષ રાજાએ ભગવાનની મોટી પૂજા કરી, સુપાત્ર ભૂદેવોને ખૂબજ દાન આપ્યાં.[૪૭] બારસને દિવસે ઇચ્છિત ભોજનો

द्वादश्यां ब्राह्मणान् सम्यक् तर्पयित्वेष्टभोजनैः । करोति पारणां यावत् दूर्वासास्तावदाययौ ॥ ४८
अतिथिं तमुपायातं प्रत्युत्थानासनादिभिः । मानयित्वा भोजनार्थं प्रार्थयामास भूपतिः ॥ ४९
तथेत्युक्त्वा मुनिः स्नातुं कालिन्दीमगमद्द्रुतम् । माध्याह्निकं कुर्वतोऽस्य विलम्बस्तत्र चाभवत् ॥ ५०
द्वादश्यां पारयन् राजा मुनिं ज्ञात्वा विलम्बितम् । विप्राञ्छास्त्रविदोऽपृच्छत् कर्तव्यं स्वस्य सङ्कटे ॥ ५१
ब्राह्मणातिक्रमे दोषो द्वादश्यां चाप्यपारणे । अतो मयाऽत्र किं कार्यम् इत्युक्तास्तेऽब्रुवन् द्विजाः ॥ ५२
त्वं पारयाम्भसा यस्मादशितं नाशितं च तत् । इत्याज्ञप्तो द्विजैः सोऽपि पारणामम्भसा व्यधात् ॥ ५३
अथागतो मुनिर्ज्ञात्वा नृपतिं कृतपारणम् । स्वाग्रपूज्यत्वमानोत्थं क्रोधं प्राप्याब्रवीच्च तम् ॥ ५४
रे निर्दय ! श्रीमदान्ध ! विष्ण्वभक्तेशमानवन् ! । निरङ्कुशः करोषि त्वं कामं धर्मव्यतिक्रमम् ॥ ५५

---

જમાડી બ્રાહ્મણોને તૃપ્ત કર્યા. પછી જ્યાં પારણા કરવાની તૈયારી કરે છે, ત્યાં દુર્વાસામુનિ પધાર્યા.[૪૮] ત્યારે અંબરીષ રાજાએ સામે જઇ પોતાને આંગણે પધારેલા દુર્વાસામુનિનો આસન આપવું આદિ વડે આતિથ્ય સત્કાર કર્યો અને ભોજન સ્વીકારવાની પ્રાર્થના કરી.[૪૯]

અંબરીષ રાજાની પ્રાર્થના સ્વીકારી "ભલે બહુ સારું" એમ કહી દુર્વાસા મુનિ તત્કાળ યમુનામાં સ્નાન કરવા ગયા. ત્યાં મધ્યાહ્ન સમયને ઉચિત કર્મનું અનુષ્ઠાન કરતાં વિલંબ થયો.[૫૦] આ બાજુ બારસનાં પારણાં કરી વ્રતની સમાપ્તિ કરવા ઇચ્છતા અંબરીષ રાજા મુનિને આવતાં વિલંબ થયો છે એમ જાણી સંકટમાં મૂકાયા.[૫૧] હવે આ ધર્મસંકટમાં મારે શું કરવું જોઇએ ? તે વિષયનો પ્રશ્ન શાસ્ત્રવેત્તા વિપ્રોને પૂછ્યો કે, હે વિપ્રો ! જો હું પારણા કરું તો આંગણે આવેલા અતિથિનો અનાદર કરવારૂપ દોષ લાગે છે. અને જો બારસની તિથિ સુધી પારણાં ન કરું તો પણ દોષ લાગે છે. તો આવા પ્રકારના સંકટ સમયમાં મારે શું કરવું જોઇએ ? તેનું મને માર્ગ દર્શન આપો. આ પ્રમાણે રાજાએ પૂછ્યું તેથી વિદ્વાન બ્રાહ્મણો રાજાને કહેવા લાગ્યા કે, હે રાજન્ ! તમે ભગવાનના ચરણામૃતનું જલપાન કરીને પારણાં કરો. કારણ કે, માત્ર જળપાનથી પારણાં કર્યાં પણ કહેવાશે અને નહીં કર્યાં પણ કહેવાશે. તેથી બન્ને પ્રકારનો દોષ તમારી ઉપરથી ટળી જશે. આ પ્રમાણે બ્રાહ્મણોની આજ્ઞા પ્રાપ્ત કરી અંબરીષ રાજાએ માત્ર જલનું પાન કરી પારણાં કર્યાં.[૫૨-૫૩]

હે વિપ્રવર્ય ! પછી મધ્યાહ્ન સમયનો વિધિ પૂર્ણ કરી આવેલા દુર્વાસામુનિએ જાણ્યું કે રાજાએ પારણાં કરી લીધાં છે. ત્યારે પોતાને અગ્રપૂજ્ય માનતા દુર્વાસામુનિએ પોતાનું માન ભંગ થયું છે, એમ જાણી અભિમાનના કારણે એમના

त्वं मामतिथिमायातमातिथ्येन निमन्त्र्य तत् । अदत्वा भुक्तवांस्तस्य सद्यस्ते दर्शये फलम् ॥ ५६
इत्युक्त्वा रोषताम्राक्षः कृत्यां कालानलोपमाम् । स्वजटायाः स उत्पाट्य प्राहिणोत्तद्वधाय ताम् ॥ ५७
खड्गहस्तामापतन्तीं वीक्ष्य तां नृपतिः स तु । नश्वरं देहमात्मानं नित्यं जानन्न विव्यथे ॥ ५८
तदा सुदर्शनं चक्रं स्थितं तदवनाय यत् । तत्तां कृत्यां पुरा दग्ध्वा पृष्ठलग्नं मुनेरभूत् ॥ ५९
चक्राग्निना दह्यमानो मुनिश्चक्रे पलायनम् । प्राणान् रिरक्षिषुः स्वीयान् स बभ्राम दिशो दश ॥ ६०
यत्र यत्र मुनिः प्रायात् तत्र तत्र सुदर्शनम् । तमन्वगच्छच्छायेव मृत्युर्वा देहिनं यथा ॥ ६१
पाताले चान्तरिक्षेऽपि दिक्पालानां च धामसु । कञ्चित्त्रातारमप्राप्तो ब्रह्माणां शरणं ययौ ॥ ६२
नाहं समर्थस्त्रातुं त्वामित्युक्तो ब्रह्मणापि सः । शङ्करं शरणं प्रायात् सोऽपि प्राह विरिञ्चिवत् ॥ ६३

---

અંતરમાં ક્રોધ ઉત્પન્ન થયો. અને અંબરીષ રાજા પ્રત્યે કહેવા લાગ્યા કે, હે નિર્દય ! હે લક્ષ્મીના મદથી અંધ બનેલા ! હે વિષ્ણુના ભક્તપણાનો દાવો કરનાર અભક્ત ! હે સર્વના માલિકપણાનું અભિમાન ધરાવનારા ! તું નિરંકુશ થઈ તારી ઈચ્છામાં આવે તેમ ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરે છે ? તારી પાસે અતિથિરૂપે આવેલા મને પ્રથમ આતિથ્ય સત્કાર કરી ભોજનનું નિમંત્રણ આપ્યું અને મને ભોજન કરાવ્યા વિના જ તેં ભોજન કરી લીધું ? હવે આતિથ્ય અતિક્રમણનું ફળ તને હમણાં જ દેખાડું છું. એમ કહી ક્રોધથી પોતાનાં નેત્રો લાલ કરી દુર્વાસા મુનિએ પોતાની જટામાંથી પ્રલયકાળના અગ્નિ સમાન ભયંકર કૃત્યાને ઉત્પન્ન કરી, અંબરીષ રાજાનો વધ કરવા તેને પ્રેરણા કરી.[૫૪-૫૭]

હે વિપ્રવર્ય ! તે સમયે હાથમાં તીક્ષ્ણ તલવાર લઈ મારવા ધસી આવતી તે કૃત્યાને જોઈ શરીરને નાશવંત અને આત્માને અવિનાશી જાણતા અંબરીષ રાજા જરાયપણ વ્યથિત થયા નહિં. તે સમયે રાજાની રક્ષા માટે તત્પર રહેલું સુદર્શન ચક્ર કૃત્યાને પ્રથમ બાળીને દુર્વાસામુનિની પાછળ થયું. સુદર્શન ચક્રના અગ્નિથી અત્યંત બળતા દુર્વાસામુનિ ત્યાંથી એકદમ ભાગ્યા અને પોતાના પ્રાણની રક્ષા કરવા દશે દિશાઓમાં ભટકવા લાગ્યા.[૫૮-૬૦]

હે વિપ્રવર્ય ! દુર્વાસામુનિ જ્યાં જાય ત્યાં સુદર્શન ચક્ર દેહધારી મનુષ્યના પડછાયાની પેઠે અથવા મનુષ્યની પાછળ ફરતાં મૃત્યુની જેમ દુર્વાસામુનિની પાછળ ને પાછળ દોડતું હતું. પાતાળમાં, આકાશમાં, ઈન્દ્રાદિ દિગ્પાળોના સ્થાનમાં આદિ સર્વ સ્થળે દુર્વાસા દોડ્યા પણ સુદર્શન ચક્રથી રક્ષણ કરનાર કોઈ પ્રાપ્ત થયો નહિ. તેથી અંતે બ્રહ્માજીને શરણે ગયા.[૬૧-૬૨] ત્યારે બ્રહ્માજીએ કહ્યું કે, હે મુનિ ! હું

त्रायस्वेत्यार्तनादेन ध्वनयन्नम्बरं ततः । वैकुण्ठे हरिमभ्येत्य प्रणम्य प्राह पाहि माम् ॥ ६४
त्वद्भक्तस्याप्यकरवमपराधमबुद्धितः । क्षान्त्वा तं कृपया नाथ ! चक्रान्मां पातुमर्हसि ॥ ६५
इत्युक्तवन्तं तं प्राह हरिर्निर्मानवल्लभः । अहं भक्तपराधीनो न स्वतन्त्रोऽस्मि निश्चितम् ॥ ६६
नाहं समर्थो मद्भक्तद्रोहिणां रक्षणे ततः । तमेव शरणं गच्छ स त्वां चक्रादविष्यति ॥ ६७
इत्युक्तः स महाकष्टं प्राप्तो मानवशान्मुनिः । सद्यो मानं विहायैव राजानं शरणं ययौ ॥ ६८
दूराद्विलोक्य स नृपं पाहि पाहीत्युदीरयन् । तं क्षत्रमपि साष्टाङ्गं प्रणनाम कृताञ्जलिः ॥ ६९
ततो राजा हरेश्चक्रं स्तुत्वा तद्भयतो मुनिम् । मोचयामास कृपया तमानर्च च सादरम् ॥ ७०

---

તમારું સુદર્શન ચક્ર થકી રક્ષણ કરવા સમર્થ નથી. ત્યાંથી દુર્વાસા શંકરને શરણે ગયા, તેમણે પણ બ્રહ્માજીની પેઠે સુદર્શન ચક્રથી રક્ષણ કરવા અસમર્થતા દર્શાવી.[૬૩] પછી "મારું રક્ષણ કરો" "મારું રક્ષણ કરો" આ પ્રમાણે અંતરીક્ષમાં અતિ દુઃખી હૃદયે આર્તનાદ કરતા કરતા દુર્વાસામુનિ ભગવાન વિષ્ણુ પાસે વૈકુંઠલોકમાં પધાર્યા. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, મારું રક્ષણ કરો, એમ કહી પ્રાર્થના કરવા લાગ્યા કે, હે સ્વામિનાથ ! તમારા ભક્તનો મેં અજાણતાં અપરાધ કરેલો છે, તે અપરાધની દયા કરીને ક્ષમા આપો અને આ સુદર્શન ચક્ર થકી મારું રક્ષણ કરો.[૬૪-૬૫]

હે વિપ્રવર્ય ! આ પ્રમાણે દુર્વાસામુનિએ પ્રાર્થના કરી તેથી નિર્માની ભક્તો જેને અતિ વ્હાલા છે એવા ભગવાન વિષ્ણુ તેમને કહેવા લાગ્યા કે, હે મુનિ ! હું હમેશાં ભક્તને અધીન છું, પણ સ્વતંત્ર નથી. મારા ભક્તોનો દ્રોહ કરનાર જનોનું રક્ષણ કરવા હું સમર્થ નથી. તેથી તમે અંબરીષ રાજાનેજ શરણે જાઓ. તે તમારું સુદર્શનચક્ર થકી અવશ્ય રક્ષણ કરશે.[૬૬-૬૭]

હે વિપ્રવર્ય ! આ રીતનાં વિષ્ણુ ભગવાનનાં વચનો સાંભળી માનના કારણે અતિશય કષ્ટ પામેલા દુર્વાસા તત્કાળ માન છોડીને અંબરીષ રાજાને શરણે ગયા.[૬૮] દૂરથી જ અંબરીષ રાજાને જોઈ મારું આ સુદર્શન ચક્ર થકી રક્ષણ કરો, રક્ષણ કરો, એમ બે હાથ જોડી ઊંચે સ્વરે પોકાર કરતા દુર્વાસામુનિ અંબરીષ રાજા ક્ષત્રિય હોવાથી પોતાનાથી નાના હોવા છતાં તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૬૯] ત્યારે અંબરીષ રાજાએ કૃપા કરીને સુદર્શનચક્રની પ્રાર્થના કરી શાન્ત કર્યું અને તેના ભયથકી દુર્વાસામુનિને છોડાવ્યા. પછી મુનિને અંબરીષરાજાએ આદર પૂર્વક જમાડી ચંદનાદિવડે પૂજન કર્યું.[૭૦]

इत्थं मानेन सुमहत्कष्टं दुर्वाससा द्विज ! । प्राप्तं सर्वभयेनापि तं भक्तो दूरतस्त्यजेत् ॥ ७१
एवमन्येऽपि बहवो राजान ऋषयस्तथा । मानेन लेभिरे कष्टं महच्चापयशो भुवि ॥ ७२
लोभाद्यैरभिभूतानामित्थं ते कीर्तिता मया । कथा वसिष्ठमुख्यानां संक्षेपेण द्विजोत्तम ! ॥ ७३
सावधानैरतो भक्तैः दूरादेते महारयः । हातव्यास्तेन भक्तिः स्यान्निर्विघ्नेष्टफलप्रदा ॥ ७४

**सुव्रत उवाच -**

इति तस्य वचो निशम्य हृष्टो द्विजवर्यः स बभूव भक्तसङ्घैः ।
सकलैः सह तं ततो ववन्दे हृदये तच्च दधत्स्वधर्मनिष्ठः ॥ ७५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे मानेन दक्षदुर्वाससोः पराभवनामा पञ्चदशोऽध्यायः ॥ १५ ॥*

---

**હે વિપ્રવર્ય ! આ પ્રકારે સર્વજનોને ભય ઉપજાવનારા દુર્વાસામુનિ માનરૂપી દોષથી મહા કષ્ટને પામ્યા તેથી ભગવાનના ભક્તજનોએ માનનો દૂરથી જ ત્યાગ કરી દેવો.[૭૧] આજ રીતે બીજા અનેક રાજાઓ તથા ઋષિઓ માનરૂપી દોષને કારણે આ પૃથ્વી પર અપાર કષ્ટને પામ્યા છે, અને અપકીર્તિને પણ પામ્યા છે.[૭૨]**

**હે વિપ્રવર્ય ! આ પ્રમાણે લોભાદિ દોષોથી પરાભવ પામેલા વસિષ્ઠાદિ સર્વ મહાપુરુષોની કથાઓ સંક્ષેપમાં તમને મેં સંભળાવી, એથી લોભાદિ દોષોનું આવું બળવાન પણું જાણી સાવધાન થઈ મારા આશ્રિત ભક્તજનોએ લોભાદિ મહાશત્રુઓનો દૂરથી જ ત્યાગ કરી દેવો. તેમ કરવાથી જ નિર્વિઘ્ન પણે આગળ વધતી ભક્તિ અંતે મનોવાંચ્છિત ફળને આપનારી થાય છે.[૭૩-૭૪]**

**હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિનાં વચનામૃતોનું પાન કરી બ્રાહ્મણ શ્રેષ્ઠ મયારામ વિપ્ર સર્વ ભક્તજનોની સાથે અત્યંત પ્રસન્ન થયા. પછી સ્વધર્મ નિષ્ઠ એવા એ મયારામ વિપ્રે શ્રીહરિનાં વચનોને પોતાના અંતરમાં ધાર્યા. અને શ્રીહરિના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તેવી જ રીતે સર્વે ભક્તજનોએ પણ પ્રણામ કર્યા.[૭૫]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં માનથી પરાભવ પામેલા દક્ષપ્રજાપતિ અને દુર્વાસામુનિની કથાનું નિરૂપણ કર્યું એ નામે પંદરમો અધ્યાય પૂર્ણ થયો. - ૧૫***

---

षोडशोऽध्यायः ॥ १६ ॥

सुव्रत उवाच -

तत्रोत्सवे समायाता भाण्डीरपुरतो नृप ! । प्रार्थयन्स्वपुरं नेतुं हरिं राजकुमारकाः ॥ १
भक्तैः परिवृतः सोऽथ तेषां प्रियचिकीर्षया । भाण्डीरपुरमभ्यायात् कपिलाषष्ठिकादिने ॥ २
तं व्याघ्रजिद्राजपुत्रः श्रद्धावानतिशुद्धधीः । मूलजिद्देशजित्प्रीत्या परयैव सिषेविरे ॥ ३
देवरामादयो विप्राः तं चासेवन्त भक्तितः । अन्ये च बहवो वैश्याः शूद्रा योषाश्च शक्तितः ॥ ४
तत्र भाद्रपदामायां ब्राह्मणान्स सहस्रशः । यथेष्टं भोजयामास पित्रुद्देशेन वर्णिराट् ॥ ५
अथापराह्णसमये सभा तत्राभवच्छुभा । दिव्यसिंहासने रेजे तन्मध्ये स सतां पतिः ॥ ६
प्रौढाकृतिः समवपुः पद्मच्छदसमेक्षणः । दीर्घबाहुर्घनश्यामः सस्मितास्यसरोरुहः ॥ ७

---

## અધ્યાય - ૧૬

## તામસ દેવતાઓનાં વ્રતાદિનો નિષેધ.

**શ્રીહરિનું ભાડેરપુરમાં આગમન :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! માણાવદરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કરવા ભાડેરપુરથી વાઘજી આદિ ત્રણ રાજકુમારો આવ્યા હતા. તેણે ભગવાન શ્રીહરિને પોતાના પુરમાં પધારવા પ્રાર્થના કરી, ત્યારે પોતાના ભક્તજનોની સાથે ભગવાન શ્રીહરિ તે રાજકુમારોનું પ્રિય કરવા ભાદરવાવદ કપિલા છઠ્ઠને દિવસે ભાડેરમાં પધાર્યા.[૧-૨] તે શ્રદ્ધાવાન અને અતિશય નિર્મળ મતિવાળા રાજકુમારો વાઘજી, મૂળજી અને દેશળજી પરમ સ્નેહથી શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૩]

દેવરામ આદિ વિપ્રભક્તો અને બીજા અનેક વૈશ્ય ભક્તો, અને શુદ્ર ભક્તો તેમજ સર્વે સ્ત્રી ભક્તો પોતાની શક્તિ પ્રમાણે ભક્તિભાવપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૪] વર્ણિરાટ્ ભગવાન શ્રીહરિએ ભાડેરપુરમાં ભાદરવા વદી અમાવાસ્યાને દિવસે પિતા ધર્મદેવનાં શ્રાદ્ધ નિમિત્તે હજારો બ્રાહ્મણોને ઇચ્છિત ભોજન કરાવી તૃપ્ત કર્યા.[૫] અને તે જ દિવસે બપોર પછી સુંદર સભાનું આયોજન કર્યું, તે સભાના મધ્ય ભાગમાં દિવ્ય સિંહાસન ઉપર સંતોના સ્વામી ભગવાન શ્રીહરિ શોભવા લાગ્યા.[૬]

**શ્રીહરિની રૂપમાધુરીનું વર્ણન :-** શ્રીહરિ તરુણ અવસ્થામાં મનોહર પુષ્ટ શરીરથી શોભતા હતા. નહિ અતિ ઊંચા કે નહિ અતિ નીચા એવા

पीनांसः कम्बुकण्ठश्च सुनासश्च विशालहृत् । वलिवल्गूदरः सौम्यो निम्ननाभिरुदग्रपात् ॥ ८
ऊर्ध्वपुण्ड्रं ललाटे च तुलसीमालिके गले । दधत् सिताम्बरधरो वर्णिवेषमनोहरः ॥ ९
भक्तैश्चन्दनपुष्पस्रक्शेखरादिभिरर्चितः । दधद्दक्षिणपाणौ च तुलसीकाष्ठमालिकाम् ॥ १०
करुणार्द्रदृशा भक्तान् पश्यन् स परितो निजान् । हर्षयामास भगवान् निजवक्त्रार्पितेक्षणान् ॥ ११
निषेदुस्तस्य पुरतः त्यागिनो मुनयः प्रभोः । तांश्चाभितो नरा नार्यः स्वस्वमर्यादयाऽखिलाः ॥ १२
तूष्णीं तेषूपविष्टेषु स्ववचोमृतलिप्सुषु । सर्वेषु भक्तसङ्घेषु स ऊचे मधुरं वचः ॥ १३

**श्रीनारायणमुनिरुवाच –**

शृण्वन्तु सर्वे गृहिणः त्यागिनश्च वचो मम । वदामि ननु युष्माकं श्रेयस्कृत्सर्वथा सदा ॥ १४

---

**સમ શરીરવાળા હતા. તેમનાં નેત્રો લાલ કમળની પાંખડી સમાન એક સરખાં હતાં. જાનુ પર્યંત લાંબી બે ભુજાઓ શોભી રહી હતી. તેમના શરીરનો વર્ણ મેઘની સમાન શ્યામ સુંદર હતો. તેનું મુખારવિંદ મંદમંદ હાસ્યથી શોભી રહ્યું હતું.[૭] માંસલવાળા બે ખભા સુંદર લાગતા હતા. તેમનો ત્રણ રેખાવાળો કંઠ શંખની સમાન શોભતો હતો. તલના પુષ્પની સમાન તેમની નાસિકા સુંદર જણાતી હતી. તેમનું હૃદયકમળ વિશાળ હતું, ત્રણ વળ પડવાથી ઉદર અત્યંત સુંદર લાગતું હતું. સૌમ્ય આકૃતિ અને ઊંડી ગોળ ગંભીર નાભિ અત્યંત મનોહર જણાતી હતી. બન્ને ચરણકમળની ફણાઓ ઉપડતી હોવાથી શોભી રહી હતી.[૮] વિશાળ ભાલમાં ચાંદલાઓ સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યું હતું, કંઠમાં તુલસીની બેવડી કંઠી શોભી રહી હતી. સુંદર શ્વેતવસ્ત્રો ધારણ કર્યાં હતાં અને વર્ણિવેષમાં અત્યંત મનોહર લાગતા હતા.[૯] ભક્તજનો એ ચંદન પુષ્પોની માળાઓ, તોરા તથા બાજુબંધ ધારણ કરાવી શ્રીહરિની આદરપૂર્વક પૂજા કરી હતી. શ્રીહરિએ જમણા હસ્તમાં તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી જપમાળા ધારણ કરી હતી.[૧૦] હે રાજન્ ! આ પ્રમાણે સકલ ઐશ્વર્ય સંપન્ન ભગવાન શ્રીહરિ પોતાના મુખકમળ ઉપર નેત્રકમળની વૃત્તિને ધારણ કરી દર્શન કરી રહેલા પોતાના સમસ્ત ભક્તજનો ઉપર કરૂણામય દૃષ્ટિથી ચારે તરફ જોતાં આનંદ ઉપજાવી રહ્યા હતા. તે સમયે સભામાં શ્રીહરિની આગળ ત્યાગી સંતો બેઠા હતા, અને તેની ચારે તરફ સર્વે પુરુષ ભક્તજનો બેઠા હતા. અને સ્ત્રીભક્તજનો પણ પોતાની મર્યાદા પ્રમાણે સભાના એક ભાગમાં બેઠાં હતાં. સર્વે સંતો-ભક્તો શ્રીહરિનાં વચનામૃત સાંભળવાની ઈચ્છાથી મૌન બેઠા હતા. તે સમયે ભગવાન શ્રીહરિ મધુરવાણીથી કહેવા લાગ્યા.[૧૧-૧૩]**

अहिंसैव परो धर्म इति वेदानुशासनम् । अस्तीति सर्वथा वर्ज्या हिंसा सर्वैर्मदाश्रितैः ॥ १५
वपुषा वचसा क्वापि मनसा वापि देहिनः । कस्यापि नैव कर्तव्यो द्रोहो निजहितेप्सुभिः ॥ १६
देवोद्देशेन यज्ञेऽपि हिंसा कार्या न कर्हिचित् । सौत्रामण्यामपि सुराग्रहः कार्यो न मामकैः ॥ १७
यस्मै देवाय देव्यै वा सुरामांसार्पणं भवेत् । यदग्रे जीवहिंसा च स्यात्स मान्यो न सा न च ॥ १८
तयोर्व्रतं न कर्तव्यं न तन्मन्त्रजपस्तथा । अनापदि न कर्तव्या ताभ्यां नतिरपि क्वचित् ॥ १९
न श्रव्या नैव पाठ्याश्च ग्रन्थाः कौलार्णवादयः । ऊर्ध्वाम्नायो वेदबाह्यो भवतीत्यवगम्यताम् ॥ २०
मया निषिद्धमेतद्ये कुर्वीरन्भुवि मानवाः । तेषां हेयः प्रसङ्गोऽपि मदीयैरापदं विना ॥ २१
अद्यप्रभृति ये केऽपि मन्निषिद्धमिदं नराः । आचरिष्यन्ति तेषां वै वंशोच्छेदो भविष्यति ॥ २२

---

**અહિંસાધર્મનો ઉપદેશ :-** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! તમે સર્વે ગૃહસ્થો તથા સાધુ, બ્રહ્મચારી સર્વે ત્યાગીઓ મારું એકાગ્રચિત્તથી વચન સાંભળો, સર્વકાળે અને સર્વપ્રકારે તમારા સર્વેનું સદાય શ્રેય કરનારું વચન હું તમને કહું છું.[૧૪] અહિંસા છે એજ પરમ ધર્મ છે. એમ વેદની આજ્ઞા છે. એથી મારા આશ્રિતોએ સર્વપ્રકારે હિંસાનો ત્યાગ કરવો. પોતાનું હિત ઈચ્છતા મારા ભક્તજનોએ મન, વચન અને કર્મથી ક્યારેય કોઈ પણ જીવપ્રાણી માત્રનો દ્રોહ ન કરવો.[૧૫-૧૬]

હે ભક્તજનો ! મારા આશ્રિતોએ યજ્ઞમાં પણ કોઈ દેવદેવીઓને ઉદ્દેશીને કોઈ જીવની હિંસા ન કરવી. તથા સૌત્રામણિયાગમાં પણ સુરાનું પાન ન કરવું. તેવી જ રીતે જે દેવ તથા દેવીની આગળ સુરા અને માંસનું નિવેદન થતું હોય તથા જેમની આગળ જીવહિંસા થતી હોય તે દેવ કે દેવીને મારા આશ્રિતોએ ક્યારેય પણ માનવા નહિ. તેમનું વ્રત પણ ક્યારેય કરવું નહિ. તેમજ તેમના મંત્રનો જપ પણ કરવો નહિ અને આપત્કાળ પડ્યા વિના તે દેવ દેવીને વંદન પણ કરવાં નહિ.[૧૭-૧૯] કૌલાર્ણવ વગેરે શક્તિપંથના ગ્રંથો ક્યારેય પણ સાંભળવા નહિ. તેમનો અભ્યાસ પોતે ક્યારેય કરવો નહિ અને બીજાને કરાવવો પણ નહિ. કારણ કે તે ગ્રંથમાં પ્રતિપાદન કરેલો ઉર્ધ્વામ્નાય અર્થાત્ દેવી સંપ્રદાય છે તે વેદ બાહ્ય છે. એમ તમારે ચોક્કસ જાણી રાખવું.[૨૦]

હે ભક્તજનો ! મેં જે આ નિષેધ કર્યો તે મારાં વચનોનો અનાદર કરીને કોઈ વર્તન કરતો હોય તેનો મારા આશ્રિત ભક્તજનોએ આપત્કાળ પડ્યા વિના સંગ પણ ન કરવો.[૨૧] આજ દિવસથી આરંભીને જે મનુષ્યો મારી આ ઉપરોક્ત

धननाशो राज्यनाशः प्रतिष्ठाहीनता तथा । भविष्यत्ययशो भूरि तेषां मामवजानताम् ॥ २३
तेषां पुमर्थ एकोऽपि न सेत्स्यति कदाचन । मृत्वा ते निरयान्घोरान् यास्यन्त्यत्र न संशयः ॥ २४

**सुव्रत उवाच –**

इति श्रुत्वा हरेर्वाक्यं व्याघ्रजिन्नृपतिः सुधीः । नत्वा तं प्राञ्जलिः प्रोचे तत्पादैकदृढाश्रयः ॥ २५
कुलाचारोपपन्नं नो नवरात्रव्रतं हरे ! । अस्ति देव्या वार्षिकं तत्प्रातरारभ्य सङ्गतम् ॥ २६
कर्तव्यं वा न कार्यं तदस्माभिस्त्वदुपाश्रितैः । तत्र क्वचित्क्वचिद्धिंसा सुरापानं च दृश्यते ॥ २७
यदत्र युक्तं तद्ब्रूहि त्वं हि धर्मप्रवर्तकः । इत्युक्तस्तेन भगवान् इदं प्रोवाच युक्तकृत् ॥ २८

**श्रीनारायणमुनिरुवाच –**

राजसास्तामसा देवाः सुरामांसाशनं नृप ! । कुर्वते सात्त्विका नैव देवा देव्यश्च कर्हिचित् ॥ २९

---

આજ્ઞાનો અનાદર કરશે, તેઓના વંશનો નક્કી વિનાશ થશે તેમજ તેની ધનસંપત્તિનો અને રાજ્યનો પણ વિનાશ થશે. તે મનુષ્યસમાજમાં પ્રતિષ્ઠાહીન થશે, અને સર્વત્ર મોટી અપકીર્તિને પામશે, તેઓનો એક પણ પુરુષાર્થ ક્યારેય પણ સિદ્ધ થશે નહિ, અને મરીને ઘોર નરકમાં જશે, એમાં કોઈ જાતનો સંશય નથી.[૨૨-૨૪]

**નવરાત્રીવ્રત કરવું કે નહિ ? :–** સુવ્રતમુનિ કહે છે હે રાજન્ ! ભગવાન શ્રીહરિનું ઉપરોક્ત વચન સાંભળી સુબુદ્ધિને વરેલા ભગવાન શ્રીહરિના ચરણકમળની જ એક દૃઢ ઉપાસના કરતા રાજર્ષિ વાઘજીભાઈ બે હાથ જોડી નમસ્કાર કરી શ્રીહરિને પૂછવા લાગ્યા કે, હે હરિ ! આવતી કાલથી આરંભીને માતા પાર્વતી દેવીનો દર વર્ષે આવતો નવરાત્રીવ્રતનો પ્રારંભ થાય છે.[૨૫-૨૬] આ વ્રત અમારી કુળપરંપરામાં ઉજવાતું આવે છે. એ વ્રતમાં કોઈ કોઈ જગ્યાએ પ્રાણીવધ અને મદિરાપાન થતાં પણ જોવામાં આવે છે, અને અમે તમારા આશ્રિત થયા છીએ તેથી અમારે આ વ્રત કરવું કે નહિ ? તેમાં જે યોગ્ય હોય તે તમે અમને જણાવો. કારણ કે તમે ભાગવતધર્મના પ્રવર્તક છો. હે રાજન્ ! આ પ્રમાણે રાજર્ષિ વાઘજીભાઈએ પૂછ્યું તેથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ સર્વેને સાંભળતાં કહેવા લાગ્યા.[૨૭-૨૮]

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે રાજન્ ! જે રાજસી અને તામસી પ્રકૃતિના દેવ-દેવીઓ છે તે જ સુરા-માંસનું ભક્ષણ કરે છે. પરંતુ સાત્વિક પ્રકૃતિના દેવ કે દેવીઓ ક્યારેય પણ તેનું ભક્ષણ કરતાં નથી.[૨૯] ધર્મ, જ્ઞાન, તપ, યોગ,

पार्वती सात्त्विकी देवी यथा लक्ष्मीश्च वेदसूः । धर्मज्ञानतपोयोगवैराग्यादिगुणोर्जिता ॥ ३०
अस्माकं सा तु पूज्याऽस्ति शङ्करप्राणवल्लभा । नवरात्रव्रतं तस्या भवतीत्यवगम्यताम् ॥ ३१
सात्त्विकानां तु देवानां देवीनां च नराधिप ! । व्रतार्चादि विधातव्यं नेतरेषां तु कर्हिचित् ॥ ३२
पार्वत्या न प्रिया हिंसा सह पत्या तपोरतेः । तदग्रेऽपि च तां ये तु कुर्युस्ते ह्यसुरा नराः ॥ ३३
अतस्तस्या व्रते राजन् ! मद्यमांसार्चनान्वितः । कुलाचारः क्वचित्स्याच्चेत्तं त्वधर्ममवेहि वै ॥ ३४
जीवहिंसा भवेद्यत्र सुरापानं च यत्र वा । व्यभिचारो भवेद्यत्र त्याज्यो धर्मः स दूरतः ॥ ३५
धर्माभासो ह्यधर्मोऽसौ तत्त्यागे नास्ति पातकम् । त्यागोऽस्य परमो धर्मः सच्छास्त्रप्रमितोऽनघ ! ॥ ३६
क्षुद्रा देवाश्च देव्यो वा ये स्युर्मद्यामिषप्रियाः । तामसानां न कर्तव्यं व्रतं तेषां च पूजनम् ॥ ३७
सात्त्विकानां वैष्णवानां भवतां मामुपेयुषाम् । हिंसाप्रियसुरार्चादि नोचितं हि मुमुक्षताम् ॥ ३८
अधर्मस्य प्रिया हिंसा ह्यहिंसा धर्मवल्लभा । अधार्मिकाणामाद्येष्टा धार्मिकाणां तथेतरा ॥ ३९

---

વૈરાગ્ય આદિ ગુણોથી સંપન્ન પાર્વતીદેવી તો ભગવતી લક્ષ્મીજી તથા વેદમાતા સાવિત્રી દેવીની સમાન સાત્વિક દેવી છે.[૩૦] ભગવાન શંકરનાં પ્રાણપ્રિય પાર્વતીદેવી તો આપણને પૂજ્ય છે. અને આ નવરાત્રીનું વ્રત છે, તે પાર્વતીદેવીનું જ છે. એમ તમે જાણો.[૩૧]

હે રાજન્ ! સાત્વિક દેવ કે દેવીનું વ્રત પૂજન તમારે કરવું પણ બીજા તામસ કે રાજસ દેવતાઓનું વ્રત પૂજન કદાપિ ન કરવું.[૩૨] તપોનિષ્ઠ પતિદેવ ભગવાન શિવની સાથે રહેતાં તપઃપ્રિયા ભગવતી પાર્વતી દેવીને હિંસા પ્રિય નથી. અને જે મનુષ્યો તેની આગળ હિંસા કરે છે તે અસુરો અને દૈત્યો છે.[૩૩] હે રાજન્ ! તેથી આ પાર્વતીજીનાં નવરાત્રિવ્રતમાં મદ્ય, માંસથી પૂજન કરવાનો કોઈ જગ્યાએ કુલાચાર હોય તો તેને અધર્મ જાણવો.[૩૪] જે ધર્મમાં જીવહિંસા થતી હોય, જે ધર્મમાં સુરાપાનનું વિધાન હોય તથા જે ધર્મમાં વ્યભિચારને માન્ય ગણ્યો હોય, તેવો ધર્મ એ ધર્મ નથી, એ અધર્મ છે. તેનો દૂરથી જ ત્યાગ કરી દેવો.[૩૫] હે નિષ્પાપ રાજન્ ! આવો ધર્માભાસ ખરેખર અધર્મ છે તેનો ત્યાગ કરવામાં કોઈ દોષ નથી, કોઈ પાપ નથી. પરંતુ તેનો ત્યાગ કરવો એજ સચ્છાસ્ત્ર સંમત શ્રેષ્ઠ ધર્મ જ છે.[૩૬] મદ્ય અને માંસ પ્રિય ક્ષુદ્ર દેવ દેવીનું વ્રત કે પૂજન ક્યારેય પણ કરવું નહિ.[૩૭] તમે તો સત્વગુણ પ્રધાન મુમુક્ષુ અને વિષ્ણુભક્ત છો. તથા મારા આશ્રિત છો. તેથી હિંસાપ્રિય દેવ-દેવીઓનું પૂજન કરવું તે તમને યોગ્ય નથી.[૩૮] હે રાજન્ ! હિંસા છે તે અધર્મની પત્ની છે અને અહિંસા છે તે ધર્મની પત્ની છે. હિંસા અધર્મીઓને પ્રિય

तामसेभ्यो न भेतव्यं भक्तैः कृष्णस्य कर्हिचित् । यतः स कालमायादेः अप्यस्त्येव नियामकः ॥ ४०
निन्दा तु नैव कर्तव्या तेषां तत्सेविनां तथा । शाक्तैः साकं विवादश्च न कर्तव्यो हि मामकैः ॥ ४१ ॥

**सुव्रत उवाच -**

श्रुत्वैतद्भगवद्वाक्यं नृपतिर्नष्टसंशयः । ओमिति प्रतिजग्राह तदाज्ञां शिरसा नृप ! ॥ ४२
ब्राह्मणास्तं तदानत्वा प्रोचुर्नारायणं प्रभुम् । नवरात्रव्रते किञ्चित् प्रष्टव्यं नः शृणु प्रभो ! ॥ ४३
वयं हि वैष्णवाः सर्वे भवामस्त्वत्पदाश्रयाः । व्रतं तामसदेवानां प्रायशो नैव कुर्महे ॥ ४४
कुर्वन्ति बाह्यतः केचित् कुलधर्मवशाद्द्विजाः । तेऽप्यद्य दिनतः स्वामिन् न करिष्यन्ति तत्किल ॥ ४५
किन्त्वस्मज्जीविका तत्र भवतीति जगत्पते ! । पूजापाठस्थापनादि कारणीयं तु विद्यते ॥ ४६
तत्कुर्याम न वा देव ! ब्रूह्येतन्नो यथोचितम् । इति तान्वदतो विप्रान् नीलकण्ठोऽब्रवीद्वचः ॥ ४७

---

લાગે છે, જ્યારે ધાર્મિક જનોને અહિંસા પ્રિય લાગે છે.[૩૯] પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણના ભક્તજનોએ ક્યારેય પણ તામસ એવા ક્ષુદ્ર દેવદેવીઓથી ભય ન પામવું, કારણ કે, ભગવાન શ્રીકૃષ્ણ તો કાળ અને માયાના પણ નિયંતા છે, અને આ ક્ષુદ્ર દેવદેવીઓ તો કાળ-માયાનું ભક્ષ્ય છે. તેનાથી ભય પામવાનું કોઈ કારણ નથી.[૪૦]

મારા આશ્રિત ભક્તજનોએ તો તામસ દેવદેવીઓની કે તેના ઉપાસકોની નિંદા ન કરવી અને તેવા શક્તિ ઉપાસકોની સાથે વિવાદમાં પણ ન ઉતરવું.[૪૧] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળી વાઘજી રાજાનો સંશય દૂર થયો, અને તમે કહ્યું તેમ કરશું, એમ કહી શ્રીહરિનાં વચનો પોતાના મસ્તક પર ધારણ કર્યાં.[૪૨] તે સમયે સભામાં બેઠેલા શ્રીહરિના ભક્ત બ્રાહ્મણો શ્રીહરિને પ્રણામ કરીને કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! નવરાત્રીના વ્રત સંબંધી અમારે તમને કાંઈક પ્રશ્ન પૂછવો છે. તો અમારાં વચન સાંભળો.[૪૩] અમે સર્વે તમારા જ એક ચરણના ઉપાસી વૈષ્ણવ ભક્તો છીએ. તેથી તામસી કે રાજસી દેવ-દેવીનું વ્રત અમે બહુધા કરતા નથી.[૪૪] હે સ્વામિન્ ! છતાં તમારા આશ્રિત થયા પછી પણ કોઈ કોઈ બ્રાહ્મણો કુળ પરંપરાગત ધર્મને લીધે માત્ર ઉપર ઉપરથી તેમનું વ્રત કરે છે. અને તે પણ તમારો ઉપદેશ સાંભળ્યા પછી આજ દિવસથી આરંભીને નહિ કરે.[૪૫]

હે જગતપતિ ! નવરાત્રીના વ્રતમાં પૂજન કરાવવારૂપ અમારી આજીવિકા રહેલી છે. તેથી દેવીની પૂજા, સપ્તશતીનો પાઠ અને દેવીનું સ્થાપન વગેરે અમારે કરાવવું પડે છે.[૪૬] હવે અહીં અમારો એ પ્રશ્ન છે કે, હે દેવ ! અમે એ કરીએ કે ન

जीविकावृत्तये स्वस्य पारतन्त्र्येण वा द्विजा: ! । चण्ड्यार्चाया: पूजनादि कारणीयं च बाह्यत: ॥ ४८
आपद्यनन्यगतिकै: कृते वा तत्र कारिते । प्रायश्चित्तं विधातव्यं यथार्हं तस्य शुद्धये ॥ ४९
यजमानेनाविदितं व्रतं चान्द्रायणं तु तै: । निमित्तान्तरमुद्दिश्य कर्तव्यं स्वाघनुत्तये ॥ ५०
विद्याच्चेद्यजमानस्तत् तर्ह्यसौ माननष्टधी: । स्वाश्रितस्य हरेद्वृत्तिं तद्गुप्तं कार्यमेव तत् ॥ ५१

**सुव्रत उवाच –**

श्रुत्वेति भगवद्वाक्यं प्राप्तापत्कालनिर्गमा: । प्रसन्ना ब्राह्मणा भूय: पप्रच्छुस्तं नरेश्वर ! ॥ ५२

**ब्राह्मणा ऊचु: –**

महारोगै: पीडितानां भूतप्रेतादिभिस्तथा । बालवृद्धग्रहाद्यैश्च किं जप्यं तन्निवृत्तये ॥ ५३
देहावसानसमये किं च जप्यं जनै: प्रभो ! । उत्तमैव गतिर्यस्मिन् जप्ये स्यादपि पापिनाम् ॥ ५४

---

કરીએ ? એ વિષે અમને યથાયોગ્ય જે સત્ય હોય તે કહો. હે રાજન્ ! પોતાના બ્રાહ્મણ ભક્તોનાં આવાં પ્રકારનાં વચનો સાંભળી ભગવાન શ્રીનીલકંઠ બ્રહ્મચારી પ્રેમથી બ્રાહ્મણો પ્રત્યે કહેવા લાગ્યા.[૪૭] હે ભૂદેવો ! પોતાની આજીવિકા હોય અથવા પરાધિનતા હોય ને ચંડિકા આદિક તામસ દેવીઓની પ્રતિમાનું પૂજન, સ્થાપન, પાઠ આદિ કરવાનું થાય તો વ્યવહાર પુરતું કરવું.[૪૮] તેમાં પણ આજીવિકાવૃત્તિનો બીજો કોઈ ઉપાય ન હોય તેવા આપત્કાળના સમયમાં તામસ દેવદેવીનું પૂજન સ્વયં કર્યું હોય અથવા બીજા પાસે કરાવ્યું હોય તો તે દોષની શુદ્ધિ માટે યથાયોગ્ય પ્રાયશ્ચિત પણ કરવું.[૪૯]

પોતાને યજમાન ન જાણે એ રીતે બીજા કોઈ નિમિત્તને બહાને થયેલા દોષની શુદ્ધિ માટે એક ચાંદ્રાયણવ્રત કરવું, અને જો યજમાન જાણી જાય તો માનભંગથી તેની બુદ્ધિ નષ્ટ થવાથી એ યજમાન આ બ્રાહ્મણની વૃત્તિ હરી લે માટે કોઈ ન જાણે એ રીતે પ્રાયશ્ચિત્તનું ચાંદ્રાયણ વ્રત ગુપ્ત રીતે કરવું.[૫૦-૫૧]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ઉપરોક્ત શ્રીહરિનું વચન સાંભળી બ્રાહ્મણોને પોતાના આપત્કાળને દૂર કરવાનો ઉપાય પ્રાપ્ત થતાં અત્યંત પ્રસન્ન થયા અને ફરી શ્રીહરિને પૂછવા લાગ્યા કે, હે હરિ ! કોઈ મહારોગથી પીડાતો કે ભૂતપ્રેતાદિકના વળગાડથી પીડાતા કે પછી બાલગ્રહ તથા વૃદ્ધગ્રહ આદિની પીડાથી પીડાતા મનુષ્યના દુઃખની નિવૃત્તિને માટે કયા મંત્રનો જપ કરવો કે કયા સ્તોત્રનો પાઠ કરવો ?[૫૨-૫૩] હે પ્રભુ ! મનુષ્યોએ દેહાવસાન સમયે કોનો જપ કરવો જોઈએ ? કે જે જપ કરવાથી પાપી જનોને પણ ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય.[૫૪] હે પરમેશ્વર ! જે

सकामैर्वापि निष्कामैः यज्जप्तं स्तोत्रमीश्वर ! । वाञ्छितार्थं प्रयच्छेत्तत् कृपया वक्तुमर्हसि ॥ ५५

**सुव्रत उवाच** -

इत्थं नारायणमुनिः सम्पृष्टस्तैर्द्विजन्मभिः । अब्रवीन्नृपते ! वाचा हर्षयन्नखिलं सदः ॥ ५६

**श्रीनारायणमुनिरुवाच** -

शृणुत ब्राह्मणाश्चान्ये सर्वे शृण्वन्तु मद्वचः । स्तोत्रं श्रेयस्करं वच्मि सर्वस्तोत्रशिरोमणिम् ॥ ५७
भारते दानधर्मेषु विष्णोर्नामसहस्रकम् । भीष्मो युधिष्ठिरं प्राह जप्यं तदिति मे मतम् ॥ ५८
अर्थाः सर्वेऽपि सेत्स्यन्ति तावतैव द्विजोत्तमाः ! । तस्मात्सर्वेषु कार्येषु जप्यमेतज्जनैः सदा ॥ ५९
तथा श्रीमद्भागवतप्रोक्तं नारायणात्मकम् । कवचं जपनीयं च सर्वोपद्रवनाशनम् ॥ ६०
यथाकार्यं यथावित्तं पुरश्चरणमेतयोः । दृष्ट्वा विधानं कर्तव्यं पुरश्चरणपद्धतौ ॥ ६१
यथाविधि कृते तस्मिन् कार्यसिद्धिर्भवेन्नृणाम् । एतद्द्वयं ततो जप्यं सर्वैरेव द्विजातिभिः ॥ ६२

---

**સ્તોત્રનો પાઠ કરવાથી સકામ અથવા નિષ્કામ મનુષ્યોના મનોરથ પૂર્ણ થાય તેવાં સ્તોત્ર કયાં છે ? તે પણ અમને કૃપા કરીને જણાવો.[૫૫]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે બ્રાહ્મણોએ પૂછ્યું તેથી ભગવાન શ્રી નારાયણમુનિ પોતાનાં વચનામૃતોથી સમગ્ર સભાજનોને હર્ષ ઉપજાવતા કહેવા લાગ્યા કે, હે બ્રાહ્મણો ! તમે મારું વચન સાંભળો. અને બીજા ભક્તો પણ સર્વે મારું વચન સાંભળો. હું તમને સર્વે સ્તોત્રોનું શિરોમણી તેમજ પરમ કલ્યાણકારી સ્તોત્રનો ઉપદેશ કરું છું.[૫૬-૫૭] મહાભારતના અનુશાસન પર્વમાં દાનધર્મને વિષે ભીષ્મપિતાએ યુધિષ્ઠિર રાજાને "વિષ્ણુસહસ્રનામસ્તોત્ર" નો ઉપદેશ કર્યો છે. તે સ્તોત્ર સર્વે ઉપદ્રવોની ઔષધી છે. તેનો જપ કરવો એવો મારો મત છે.[૫૮]**

**હે ઉત્તમ ભૂદેવો ! આ સ્તોત્રનો જપ કરવાથી જ તમે પૂછેલી સર્વ સમસ્યાઓનું નિરાકરણ થશે, અને સર્વે પુરુષાર્થો સિદ્ધ થશે. માટે સર્વ કાર્યોમાં મનુષ્યોએ આજ સ્તોત્રનો પાઠ કરવો.[૫૯] તેવી જ રીતે શ્રીમદ્ ભાગવતપુરાણમાં કહેલા "શ્રીનારાયણ કવચ" સ્તોત્રનો પાઠ કરવો, આ સ્તોત્ર પણ સર્વ પ્રકારના ઉપદ્રવનો નાશ કરે છે.[૬૦] પોતાનાં કાર્યને અનુસારે તથા પોતાની ધન સંપત્તિને અનુસારે પુરશ્ચરણ પદ્ધતિમાંથી તેનો વિધિ જાણીને આ બન્ને સ્તોત્રનું પુરશ્ચરણ કરવું. આ બન્નેનું વિધિપૂર્વક પુરશ્ચરણ કરવાથી તે મનુષ્યોને તેના કાર્યની સિદ્ધિ આપે છે. તેથી ત્રણે વર્ણના સર્વે મનુષ્યોએ આ જ બે સ્તોત્રનો જ અવશ્યપણે જપ કરવો, પાઠ કરવો.[૬૧-૬૨]**

**હે ભૂદેવો ! આ લોકમાં મારા આશ્રિત મનુષ્યે કોઇ પણ કાર્યની સિદ્ધિમાટે**

कस्मिंश्चिदपि कार्येऽत्र क्षुद्रमन्त्रास्तु कर्हिचित् । सद्यःफला अपि जनैः न जप्तव्या मदाश्रितैः ॥ ६३
मद्यमांसप्रिया देवा राजसास्तामसाश्च ये । जप्या न तेषां मन्त्राश्च मोक्षाङ्कुरनिकृन्तनाः ॥ ६४
ये ताञ्जपन्ति ते नूनं भुक्त्वैव निरयान्बहून् । प्राप्नुवन्ति पिशाचत्वं डाकिनीत्वं च योषितः ॥ ६५
एतद्द्वयं ततः सर्वैः सर्वकार्येषु सर्वदा । सकामैर्वापि निष्कामैः पठनीयं द्विजोत्तमाः ! ॥ ६६
अथवा हनुमन्मन्त्रो जप्यः सद्यःफलप्रदः । यथाविधि यथाशक्ति ब्रह्मचर्यव्रतस्थितैः ॥ ६७

**सुव्रत उवाच -**

इति श्रुत्वा भगवतो वाक्यं ते ब्राह्मणा नृप ! । जनाश्चान्ये सभूपालाः तद्गृहीत्वा ववन्दिरे ॥ ६८
एवमानन्दयन्भक्तान्नकूटोत्सवावधि । तत्रोषित्वा ततः प्रायान्मोडग्रामं हरिर्नृप ॥ ६९
पथि ग्रामेषु भक्तानामेकं द्वे वा दिने वसन् । दिनैः कतिपयैः प्राप ग्रामं तं सानुगो हरिः ॥ ७०

---

તત્કાળ ફળ આપનારા શૂદ્ર દેવ કે દેવીના મંત્ર કે સ્તોત્રનો જપ ક્યારેય પણ ન કરવો.[૬૩] તેમાં પણ મદ્યમાંસપ્રિય રાજસ કે તામસ દેવ દેવીઓના મંત્ર કે સ્તોત્રનો જપ તો ક્યાકેય પણ ન કરવો. કારણ કે, તેનો જપ કરવાથી મુમુક્ષુ ભક્તના મોક્ષનાં અંકુર જ વિનાશ પામે છે.[૬૪] જે પુરુષો એવા મંત્ર સ્તોત્રનો જપ કરે છે તે દેહને અંતે અનેક પ્રકારનાં નરકની પીડા ભોગવી પછી પિશાચ થાય છે. અને જો સ્ત્રી હોય તો તે ડાકિની થાય છે.[૬૫]

માટે હે ઉત્તમ ભૂદેવો ! સકામી કે નિષ્કામી બન્ને પ્રકારના જનોએ સર્વકાર્યમાં સર્વદા મેં કહ્યા તે બે સ્તોત્રનો જ પાઠ કરવો, અથવા બ્રહ્મચર્યવ્રતનું યથાર્થ પાલન કરી વિધિને અનુસારે પોતાની શક્તિ પ્રમાણે તત્કાળ ફળને આપનારા હનુમાનજીના મંત્રનો કે સ્તોત્રનો જપ કરવો.[૬૬-૬૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીનારાયણમુનિનાં આવાં પ્રકારનાં હિતકારી વચનોનું શ્રવણ કરી તે સર્વે બ્રાહ્મણો તથા બીજા મનુષ્યો તથા ક્ષત્રિય રાજા વાઘજીભાઈ આદિ સર્વેએ તે વચનોને મસ્તક ઉપર ધારણ કર્યાં અને શ્રીહરિને વંદન કર્યાં.[૬૮] હે રાજન્ ! પછી ભગવાન શ્રીસહજાનંદ સ્વામી ભક્તજનોને આનંદ ઉપજાવતા ભાડેરપુરમાં અન્નકૂટના ઉત્સવ પર્યંત નિવાસ કરીને રહ્યા. ને ત્યાંથી મોડા ગામે જવા પ્રયાણ કર્યું.[૬૯]

**શ્રીહરિનું મોડા ગામે અને ત્યાંથી અલૈયા ગામે આગમન :-** હે રાજન્ ! ભગવાન શ્રી નારાયણ મુનિ પોતાના સેવકો સંતો-ભક્તોની સાથે ચાલતા માર્ગમાં આવતાં ભક્તજનોના ગામમાં ક્યાંક એક દિવસ ક્યાંક બે દિવસ નિવાસ

तत्रार्चितोऽसौ दलजित्प्रधानैः क्षत्रप्रवीरैर्दिनपञ्चकं च।
विधाय वासं सुखदो जनानां ग्रामं ततोऽगादलयाभिधानम् ॥ ७१

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे*
*तामसदेवव्रतादिनिषेधनामा षोडशोऽध्यायः ॥ १६ ॥*

---

**सप्तदशोऽध्यायः ॥ १७ ॥**

**सुव्रत उवाच -**

नारायणादिभिस्तत्र रथकारैः समर्चितः । शेषपाटमुपेयाय ग्रामं नरपते ! हरिः ॥ १
लालजिद्रथकारेण साकं मात्रा सुतेन च । तत्रार्च्यमानः कतिचित् दिनान्यवसदीश्वरः ॥ २
ततो वसन्तपञ्चम्यां भाद्रग्राममुपागमत् । भगवान् सानुगस्तत्र महोत्सवमकारयत् ॥ ३

---

કરતા કરતા કેટલાક દિવસો પછી ''મોડા'' ગામે પધાર્યા. તે ગામમાં દલુજીભાઈ, દામજીભાઈ વગેરે ક્ષત્રિય ભક્તોએ ભગવાન શ્રીહરિનું સ્વાગત પૂજન કર્યું. ભગવાન શ્રીહરિ પણ સૌને આનંદ ઉપજાવતા ત્યાં પાંચ દિવસ નિવાસ કરીને રહ્યા, અને પછી ત્યાંથી ''અલૈયા'' ગામે પધાર્યા.[૭૦-૭૧]

**આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં તામસ દેવતાઓના વ્રતાદિના નિષેધનું નિરૂપણ કર્યું એ નામે સોળમો અધ્યાય પૂર્ણ થયો. --૧૬--**

---

## અધ્યાય - ૧૭

### શ્રીહરિનું શેખપાટ અને ભાદ્રા ગામે આગમન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તે અલૈયા ગામના નારાયણ સુથાર આદિ સુથાર ભક્તજનોએ પૂજન કર્યું. ત્યારપછી ભગવાન શ્રીહરિ શેખપાટ ગામે પધાર્યા ત્યાં લાલજી સુથારે પોતાની માતા લાડુબાદેવી તથા પુત્ર રામજીની સાથે ભગવાન શ્રીહરિની પૂજા કરી સેવા કરવા લાગ્યા. પરમેશ્વર શ્રીહરિ તેમના પ્રેમને વશ થઈ કેટલાક દિવસો પર્યંત શેખપાટમાં નિવાસ કરીને રહ્યા.[૧-૨]

હે રાજન્ ! પોતાના સેવકો સંતો-ભક્તોની સાથે શ્રીહરિ વસંત પંચમીને

मूलसुन्दरशर्माद्याः समसेवन्त वाडवाः । तत्र वैश्या वृद्धरत्नलब्धदेवादयश्च तम् ॥ ४
रथकाराश्च विश्राममावरामजिदादयः । शूद्राश्च नाथमुख्यास्तमादरेण सिषेविरे ॥ ५
बहवो मिलितास्तत्र भक्ता देशान्तरागताः । पुपूजुस्ते च तं प्रीता गन्धपुष्पधनादिभिः ॥ ६
अपराह्णे सभा तत्र बभूव महती नृप ! । तन्मध्यपीठे भगवान् निषसाद सुखप्रदः ॥ ७
मर्यादयोपविष्टांस्तान्स्वाननार्पितलोचनान् । भक्तानानन्दयन्नूचे वर्णीन्द्रो वचनं हरिः ॥ ८
सर्वेषां देहिनां भक्ताः ! कृष्णभक्तिर्विमुक्तिदा । उदेति सा तु सत्सङ्गान् नश्यत्यसुरसङ्गतः ॥ ९
असुराणां ततः सङ्गो नैव कार्यो मुमुक्षुभिः । लक्षणैर्नृषु ते ज्ञेयाः तज्जातिर्नास्ति यत्पृथक् ॥ १०
एतच्छ्रुत्वा भक्तपतेः वचनं स्वहितावहम् । मूलशर्मा विप्रवरः तं प्रणम्येदमब्रवीत् ॥ ११

---

**દિવસે તે શેખપાટ ગામથી ચાલ્યા અને તે જ દિવસે ભાદરા ગામે પધાર્યા. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણના પૂજન સાથે વસંતપંચમીનો મોટો ઉત્સવ કર્યો. તે ભાદરા ગામના મૂળજી શર્મા તથા સુંદરજી શર્મા એ બે ભાઈઓ તથા અન્ય અનેક વિપ્રો શ્રીહરિની સેવા કરવા લાગ્યા. તેમજ વૃદ્ધ રતનજી, લાધાજી, દેવજી આદિ વૈશ્ય ભક્તો પણ શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૩-૪]**

**વશરામ, માવજી, રામજી, રણછોડ આદિ સુથાર ભક્તજનો તથા નાથાભાઈ આદિ શૂદ્ર ભક્તજનો પરમ આદરથી ભગવાન શ્રીહરિની સેવા કરવા લાગ્યા. તે વસંતપંચમીના ઉત્સવમાં દેશાંતરોમાંથી આવેલા ઘણા બધા ભક્તજનોએ સાથે મળીને અતિ રાજી થકા ચંદન, પુષ્પ, ધન, વસ્ત્રાદિક વડે ભગવાન શ્રીહરિની ખૂબ જ સેવા પૂજા કરી.[૫-૬] હે રાજન્ ! તે વસંતપંચમીના દિવસે બપોર પછીના સમયે અતિ વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું, ભગવાન શ્રીહરિ તે સભામધ્યે સિંહાસન ઉપર વિરાજમાન થયા હતા. તે સમયે શ્રીહરિના મુખકમળ સામે જ દૃષ્ટિ રાખીને સર્વે ભક્તજનો પોતપોતાની મર્યાદામાં રહીને તે સભામાં બેઠા હતા. ત્યારે સર્વે ભક્તોને આનંદ ઉપજાવતા વર્ણિરાજ ભગવાન શ્રીહરિ વચનો કહેવા લાગ્યા.[૭-૮] હે ભક્તજનો ! ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ જ એક સર્વ દેહધારીઓને મુક્તિ આપનારી છે. તે ભક્તિ સત્પુરુષના સમાગમથી જ ઉદય પામે છે અને અસત્ પુરુષના સમાગમથી વિનાશ પામે છે. તેથી મુમુક્ષુ એવા જે ભગવાનના ભક્તોએ અસત્પુરુષનો સંગ ક્યારેય પણ ન કરવો. તે અસત્પુરુષો કે જે અસુરો છે. તેનાં લક્ષણોથી તેને ઓળખી રાખવા. કારણ કે અસુરો કાંઈ મનુષ્ય જાતિથી જુદા હોતા નથી.[૯-૧૦]**

**मूलशर्मोवाच** -

वर्ज्यसङ्गास्त्वया प्रोक्ता असुरा ये जगत्पते ! । लक्षणानि बुभुत्सामः तेषां वयमिहाञ्जसा ॥ १२
तानि त्वं कृपया स्वामिन् वक्तुमर्हसि सर्ववित् । इति सञ्चोदितस्तेन विप्रेण हरिरब्रवीत् ॥ १३

**श्रीनारायणमुनिरुवाच** -

कृष्णकृष्णावताराणां तद्भक्तानां च वाडव ! । द्रोहाचरणमित्येतत् मुख्यं लक्षणमासुरम् ॥ १४
तच्च स्वाभाविकं ह्येव तेषामित्यवधार्यताम् । ज्ञेयं चान्यद्बाह्यतस्तु भक्त्याटोपप्रदर्शनम् ॥ १५
कृष्णतद्भक्तमाहात्म्यचरित्रेष्वद्भुतेष्वपि । दोषदृष्टिरिति ज्ञेयमन्यच्चासुरलक्षणम् ॥ १६
हिंसासुरापलप्रेष्ठदेवदेवीषु निश्चला । इष्टधीस्तन्मन्त्रजपस्तदर्चा तद्व्रतक्रिया ॥ १७
तदीयग्रन्थपठनश्रवणादिप्रसक्तता । तद्दीक्षाधारणं चेति लक्ष्माण्यमरविद्विषाम् ॥ १८
बुद्धिपूर्वं जीवहिंसा सुरापानं पलाशनम् । स्वीयेतरस्त्रीगमनं लक्षणं विद्धि चासुरम् ॥ १९

---

**સત્–અસત્ પુરુષોનાં લક્ષણો :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણેનું ભક્તપતિ ભગવાન શ્રીહરિનું પોતાના માટે હિતકારી વચન સાંભળીને વિપ્રવર્ય મૂળજીશર્મા શ્રીહરિને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને પૂછવા લાગ્યા કે, હે જગતપતિ ! તમે જે અસુરોના સંગનો ત્યાગ કરવાનું કહ્યું, તે અસુરોનાં યથાર્થ લક્ષણો અમે સર્વે સભામાં બેઠેલા ભક્તજનો આપના મુખેથી જાણવા ઇચ્છીએ છીએ.[૧૧-૧૨] હે સ્વામિન્ ! તમે સર્વજ્ઞ છો. માટે અમારા ઉપર કૃપા કરીને તે અસુરોનાં લક્ષણો અમને જણાવો. હે રાજન્ ! આ પ્રમાણે મૂળજી શર્માએ પૂછ્યું તેથી અત્યંત પ્રસન્ન થઇને ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા.[૧૩] હે વિપ્ર ! ભગવાન શ્રીકૃષ્ણ તથા તેમના અવતારો તથા તેમના ભક્તોનો દ્રોહ કરવો તે અસુરોનું મુખ્ય લક્ષણ છે.[૧૪] તે અસુરોમાં આ પૂર્વોક્ત લક્ષણ સ્વભાવિક રીતે રહેલું જ હોય છે, એમ તમે નક્કી જાણો. ઉપરથી ભક્તનો આડંબર કરી અજ્ઞાની મનુષ્યો આગળ પોતાનો મોટા ભક્તપણાનો મહિમા બતાવતા ફરવું, એ અસુરોનું બીજું લક્ષણ છે.[૧૫] તેવી જ રીતે ભગવાન અને તેમના ભક્તોનાં અતિ અદ્‌ભૂત આશ્ચર્યકારી મહિમાવાળાં ચરિત્રોમાં દોષ દષ્ટિ કરવી તે અસુરોનું ત્રીજું લક્ષણ છે.[૧૬] હે વિપ્ર ! વળી હિંસા પ્રિય તેમજ મદિરા અને માંસપ્રિય એવા દેવ દેવીઓને વિષે દઢ ઇષ્ટદેવપણાની બુદ્ધિ કરવી, તેમના મંત્રોના જપ કરવા, તેમનું પૂજન કરવું, તેમનાં વ્રતનું અનુષ્ઠાન કરવું, તે દેવ-દેવીના ગ્રંથોનો પાઠ કરવો, શ્રવણ કરવામાં પ્રીતિ રાખવી, તેમની દીક્ષા ગ્રહણ કરવી, જાણી જોઇને જીવહિંસા કરવી, મદિરાનું

उद्धतत्वं च कामेन रुषा लोभेन वा द्विज ! । मानेन वा मदेनापि लक्षणं ह्यासुरं हि तत् ॥ २०
रसास्वादे लोलुपत्वं वर्णसङ्करकारिता । स्ववर्णाश्रमधर्मस्य बाह्यतश्च प्रदर्शनम् ॥ २१
एवमादीनि लक्ष्माणि ज्ञातव्यानि सुरद्विषाम् । संक्षेपेण मयोक्तानि येषु स्युस्तानि तेऽसुराः ॥ २२
सङ्गस्तेषां न कर्तव्यः कृष्णभक्तैरनापदि । ये करिष्यन्ति ते भ्रष्टा भाव्याः स्वश्रेयसोऽध्वनः ॥ २३

सुव्रत उवाच -

इति शिक्षावचः श्रुत्वा मूलशर्मा हरेर्द्विजः । सदःस्थाश्चेतरे भक्ताः प्रत्यगृह्णस्तथेति तत् ॥ २४
एवं शिक्षावचोभिः स्वान्बोधयन् प्रत्यहं प्रभुः । दिनान्युषित्वा षट् तत्र ययावम्बुधिखाडिकाम् २५
नौभिरुत्तीर्य तां प्रायादञ्जाराख्यं पुरं ततः । पुपूजुः कचराद्यास्तं तत्र विप्रा महामुदः ॥ २६
दिनान्युषित्वा कतिचित्स तत्र स्वामी भुजङ्गाख्यपुरं ततोऽगात् ।

---

પાન કરવું, માંસનું ભક્ષણ કરવું, પોતાની સ્ત્રી સિવાયની સ્ત્રી સાથે ગમન કરવું, આ બધા અસુરોનાં લક્ષણો છે.[૧૭-૧૯]

વળી હે વિપ્ર ! કામ, ક્રોધ, લોભ, માન, મદથી યુક્ત થઈ ઉદ્ધતની પેઠે વર્તન કરવું, રસાસ્વાદમાં આસક્તિ કરવી, વર્ણાશ્રમની ધર્મમર્યાદાનો ભંગ કરવો, પોતાના વર્ણાશ્રમ ધર્મપાલનનો ડોળ કરવો એ આદિ અસુરોનાં લક્ષણો છે. તે તમારે જાણી રાખવાં. એ લક્ષણો મેં તમને સંક્ષેપમાં કહ્યાં છે. જે મનુષ્યમાં આવું જોવા મળે તે અસુરો છે.[૨૦-૨૨] તેનો સંગ ભગવાનના ભક્તોએ આપત્કાળ પડ્યા વિના તો કરવો જ નહિ, અને જે તેમનો સંગ કરશે તે કલ્યાણના માર્ગથકી નક્કી ભ્રષ્ટ થશે.[૨૩] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિનાં શિક્ષાનાં હિતકારી વચનો સાંભળી મૂળશર્મા વિપ્ર તથા સભામાં બેઠેલા સર્વે અન્ય ભક્તજનોએ મસ્તક ઉપર ધારણ કર્યાં, અને તે પ્રમાણે જ વર્તવાની પ્રતિજ્ઞા કરી.[૨૪] હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિ પ્રતિદિન શિક્ષાનાં વચનો દ્વારા ભક્તજનોને ભાગવતધર્મનો બોધ આપતા ભાદરા ગામમાં છ દિવસ પર્યંત નિવાસ કરીને ત્યાંથી નીકળી ભુજ જતાં રસ્તામાં સમુદ્રની ખાડીએ પધાર્યા.[૨૫]

**શ્રીહરિનું કચ્છમાં અંજાર અને ભુજમાં આગમન :-** હે રાજન્ ! ત્યારપછી નૌકા દ્વારા ખાડી ઉતરી અંજાર નગરમાં પધાર્યા. ત્યાં કચરા આદિ બ્રાહ્મણ ભક્તોએ મહા આનંદ સાથે શ્રીહરિની પૂજા કરી.[૨૬] સદ્ધર્મનું સ્થાપન કરવામાં તત્પર અને અધર્મનો ઉચ્છેદ કરવામાં ચતુર ભગવાન શ્રીસહજાનંદ સ્વામી કેટલાક દિવસો સુધી નિવાસ કરીને રહ્યા, અને પછી ત્યાંથી ભુજ નગર

सद्धर्मसंस्थापन उद्यतोऽसावधर्ममूलोत्खनने पटीयान् ॥ २७
सम्प्राप्तमाकर्ण्य च पौरभक्ता विचित्रवादित्ररवैः सहाशु ।
यानै रथाश्वादिभिरभ्युपेत्य दृष्ट्वा च साष्टाङ्गममुं प्रणेमुः ॥ २८
तान्मानयित्वाऽनुगतान् यथार्हं विचित्रयानेषु निषादयित्वा ।
भक्तान् स्वयं सैन्धववर्यमीश आरुह्य तैः साकमुपाविशत्तत् ॥ २९
तत्र सुन्दरजितो निकेतने त्वष्टुरात्मवसतिं चकार सः ।
स्वानुगांश्च समवासयत् पुरे भक्तवेश्मसु यथार्हमीशिता ॥ ३०

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे असुरलक्षण-भुजङ्गपुरागमननामा सप्तदशोऽध्यायः ॥ १७ ॥*

---

પધાર્યા.[૨૭] ભુજનગરના નિવાસી ભક્તજનો ભગવાન શ્રીહરિને આવતા સાંભળીને રથ, અશ્વ, હાથી, પાલખી આદિ વાહનોની સાથે દુન્દુભી આદિ વિવિધ વાજિંત્રોનો ધ્વનિ કરતા શ્રીહરિની સન્મુખ આવ્યા, અને શ્રીહરિનાં દર્શન કરતાંની સાથે જ કપડાંની પરવા કર્યા વિના આદરપૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા[૨૮] ત્યારે સકલ ઐશ્વર્ય સંપન્ન ભગવાન શ્રીહરિ પોતાની સન્મુખ પધારેલા સર્વે ભુજનગરવાસી ભક્તજનોને અતિ પ્રેમથી માન આપી બહુજ ખુશી કર્યા. અને પછી તે ભક્તજનોએ લાવેલા વિવિધ વાહનો ઉપર પોતાની સાથે આવેલા બ્રહ્મચારી, સાધુ તથા ભક્તજનોને યથાયોગ્ય બેસાડી સ્વયં સૈન્ધવ (સિન્ધી) નામના મોટા ઊંચા ઘોડા ઉપર વિરાજમાન થયા. અને ભક્તજનોની સાથે વાજતે ગાજતે નગરમાં પધાર્યા.[૨૯]

હે રાજન્ ! અક્ષર, કાળ અને માયા આદિ સર્વના નિયંતા ભગવાન શ્રીહરિ તે ભુજ નગરમાં રાજાના મંત્રી સુંદરજીભાઈ સુથારના ભવનમાં પોતાનો નિવાસ કર્યો, તથા પોતાની સાથે આવેલા સંતો-ભક્તોને નગરમાં અન્ય ભક્તજનોને ઘેર યથાયોગ્ય નિવાસ કરાવ્યો.[૩૦]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં અસુરોનાં લક્ષણોનું નિરૂપણ કર્યું અને શ્રીહરિ કચ્છ ભુજનગરમાં પધાર્યા એ નામે સત્તરમો અધ્યાય પૂર્ણ થયો. -૧૭-***

---

अष्टादशोऽध्यायः ॥ १८ ॥

सुव्रत उवाच -

श्रुतात्यद्भुतचारित्रं प्रत्यक्षं वीक्ष्य तं प्रभुम् । पौरास्तद्वीक्षणोत्कण्ठा लेभिरे परमं सुखम् ॥ १
परिचर्यां मुदा तस्य तेऽथ चक्रुरतन्द्रिताः । तेषां कतिपयानां ते नामानि नृपते ! ब्रुवे ॥ २
आद्यः सुन्दरजित्तत्र हीरश्च भगवांस्ततः । जीवः प्रागो देवरामः तथा नारायणः सुधीः ॥ ३
राघवप्रमुखाश्चान्ये तक्षाणस्तं सिषेविरे । तथा प्रयागजिन्मुख्या ब्राह्मणाश्चातिभावतः ॥ ४
शिवरामश्च हरजित् उत्करो वल्लभादयः । शूद्रा मल्लाश्च गाङ्गेयमुख्याः पर्यचरन्हरिम् ॥ ५
पुञ्जाऽमरी तथा लब्धा लहरी सूरजादयः । योषितोऽपि न्यषेवन्त तमतिप्रेमतो नृप ! ॥ ६
मधौ नवम्यां शुक्लायां तत्राभूत्सुमहोत्सवः । नानादेशपुरादिभ्यो जनास्तत्र समाययुः ॥ ७

## અધ્યાય – ૧૮

### ભુજમાં રામનવમીનો ઉત્સવ ઉજવ્યો.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભુજનગર નિવાસી ભક્તજનોના અંતરમાં ભગવાન શ્રીહરિનાં દર્શન કરવાની ખૂબજ ઉત્કંઠા વર્તતી હતી. તેઓએ શ્રીહરિનાં અદ્‌ભૂત ચરિત્રો વિષે પહેલાં ખૂબ જ સાંભળ્યું હતું. પરંતુ તે પરમાત્મા ભગવાન શ્રીહરિનાં આજે પ્રત્યક્ષ દર્શન થતાં, પરમ આનંદ પ્રાપ્ત થયો. હે નૃપતિ ! આ ભુજનગર નિવાસી ભક્તજનોએ આળસ પ્રમાદનો ત્યાગ કરીને મહા આનંદના સાગરમાં હિલોળા લેતા ભગવાન શ્રીહરિની ભારે સેવા પરિચર્યા કરવા લાગ્યા. તે સેવા કરનારા પુરવાસી ભક્તજનોમાંથી કેટલાક મુખ્ય હરિભક્તોનાં નામ તમને કહું છું.[૧-૨] તે સર્વે ભક્તોમાં પ્રથમ મુખ્ય ભક્ત સુંદરજી સુથાર હતા. તેના ભાઈ હીરજી તથા ભગવાનજી, જીવરાજ, પ્રાગજી, દેવરામ તથા સદ્‌બુદ્ધિમાન નારાયણજી, રાઘવજી, રામજી, ધનજી આદિ બીજા અનેક સુથાર ભક્તજનો હતા. તે શ્રીહરિની અતિ ભાવથી પ્રેમપૂર્વક સેવા કરવા લાગ્યા. તેવી જ રીતે પ્રાગજી પુરાણી ગણપત્તરામ આદિ બ્રાહ્મણ ભક્તો હતા તે પણ અતિ ભાવથી શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૩-૪]

હે રાજન્ ! શિવરામ, હરજી, ઉકો આદિ મહેતા અટકના ભક્તજનો તથા ગંગારામ, સંઘજી, ખીમજી આદિ મલ્લ ભક્તો ભગવાન શ્રીહરિની ખૂબજ ભાવથી સેવા કરવા લાગ્યા. તેમજ પૂંજી, અમરી, લાધી, સુરજબા, લહરી વિગેરે સ્ત્રી ભક્તો હતાં તે પણ અતિ પ્રેમથી શ્રીહરિની અખંડ સેવા કરવા લાગ્યાં.[૫-૬]

महान्तं मण्डपं स्वामी कारयित्वा सुशोभनम् । तत्राऽऽर्चच्छ्रीरामचन्द्रं मध्याह्ने विधिवन्नृप ! ॥ ८
उपवासं दिने तस्मिन् गृहस्थास्त्यागिनस्तथा । स्वयं हरिर्जनाश्चान्ये चक्रुश्च निशि जागरम् ॥ ९
राममभ्यर्च्य वर्णीन्द्रः सतो विप्रांस्तथाऽऽर्चयत् । स्थापयन्धर्ममर्यादां पूर्णकामोऽपि भूतले ॥ १०
अपराह्ने सभायां तं हेमपीठमधिष्ठितम् । नत्वा भक्तजनास्तस्य कर्तुमारेभिरेऽर्चनम् ॥ ११
प्रयागजिद्विप्रवरो वेदशास्त्रविशारदः । प्रणम्य तं गन्धपुष्पनूत्नवासोभिरार्चयत् ॥ १२
सम्पूज्य भक्त्या तं पश्यन् समाधिं प्राप तत्क्षणम् । ब्रह्मप्रकाशे तत्रामुं वर्णिवेषं ददर्श सः ॥ १३

**શ્રીહરિનો જન્મોત્સવ સત્સંગમાં પ્રથમ ભુજમાં ઉજવાયો :-**

હે રાજન્ ! ભુજનગરમાં સંવત ૧૮૬૦ ના ચૈત્રમાસના સુદ નવમી તિથિના શુભ દિવસે શ્રીહરિના જન્મોત્સવનો અતિશય ભારે ઉત્સવ ઉજવવામાં આવ્યો. તે મહા ઉત્સવમાં અનંત દેશો, નગરો, પુરો, ગામો આદિ અનેક સ્થાનોમાંથી હરિભક્તો આવ્યા હતા.[૭] આ ઉત્સવ નિમિત્તે ભગવાન શ્રીહરિએ કુશળ હરિભક્તોની પાસે એક અત્યંત સુશોભિત મોટામંડપની રચના કરાવી તે મંડપમાં રમણીય સિંહાસન પર ભગવાન શ્રીરામચંદ્રજીને પધરાવી મધ્યાહ્ન સમયે તેમની શાસ્ત્રવિધિને અનુસારે મોટી પૂજા કરી.[૮] તે દિવસે સ્વયં શ્રીહરિએ તથા બ્રહ્મચારી અને સાધુ એવા ત્યાગીઓએ તથા અન્ય ઘણાક ગૃહસ્થ ભક્તજનોએ ઉપવાસ કર્યો હતો અને રાત્રીએ જાગરણ પણ કર્યું હતું.[૯] હે રાજન્ ! શ્રીહરિ સ્વયં પૂર્ણકામ હોવા છતાં પૃથ્વી પર ધર્મસ્થાપન કરવાને માટે મધ્યાહ્ને રઘુકુલતિલક ભગવાન શ્રીરામચંદ્રજીનું પૂજન કરી પછી સાધુ તથા બ્રાહ્મણોનું પણ પૂજન કર્યું.[૧૦] હે રાજન્ ! નવમીના બપોર પછીના સમયે વિશાળ સભામંડપમાં સુવર્ણના સિંહાસન પર વિરાજમાન ભગવાન શ્રીહરિનો પણ આજે જન્મ દિવસ છે એમ જાણનારા સર્વે ભક્તજનો પ્રથમ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી વિધિવત્ પૂજાનો પ્રારંભ કર્યો.[૧૧]

હે રાજન્ ! તેમાં સૌ પ્રથમ વેદશાસ્ત્રમાં વિશારદ વિપ્રવર્ય પ્રાગજી પુરાણીએ ભગવાન શ્રીહરિને પ્રણામ કરી ચંદન, પુષ્પો અને પુષ્પોની માળાઓ તથા નવીન વસ્ત્રોથી વિધિપ્રમાણે અતિ સ્નેહથી પૂજા કરી.[૧૨] ત્યારપછી તે પ્રાગજી પુરાણી ભગવાન શ્રીહરિનાં એકાગ્રદષ્ટિથી દર્શન કરવા લાગ્યા તે જ સમયે તેમને સમાધિ થઈ. તે સમાધિમાં અક્ષરબ્રહ્મના પ્રકાશને મધ્યે વર્ણિવેષ ધારી આ ભગવાન શ્રીહરિકૃષ્ણનાં દર્શન થયાં.[૧૩] એક ક્ષણવાર પછી પ્રાગજી પુરાણીને ગોલોકધામની મધ્યે વિરાજીત આજ ભગવાન શ્રીહરિનાં રાસેશ્વરી રાધાનાં પ્રાણનાથ શ્રીકૃષ્ણ

क्षणान्ते तं कृष्णमेव गोलोके धाम्न्यवैक्षत । वर्णिवेषं पुनः पश्यन् व्युत्तस्थौ तस्य हीच्छया ॥ १४
ततस्तुष्टाव तं प्रीत्या बद्धाञ्जलिपुटः सुधीः । ब्राह्मणः स महाबुद्धिः तत्पादाब्जदृढाश्रयः ॥ १५

**प्रयागजिदुवाच –**

नमो दिव्यगोलोकधाम्नि प्रकाशे समं राधिकागोपिकाभिर्विलासम् ।
सदा तन्वते वेणुवाद्याय तस्मै कृपानाथ ! तुभ्यं नमस्त्वं प्रसीद ॥ १६
नमो वासुदेवाय कृष्णाय नित्यं नमस्तेऽस्तु शुद्धाय बुद्धिप्रदाय ।
हरे ! भक्तरक्षार्थनित्योद्यताय कृपानाथ ! तुभ्यं नमस्त्वं प्रसीद ॥ १७
नमो भक्तिधर्मात्मजायार्तिहन्त्रे महावर्णिवेषाय धर्मैकपात्रे ।
अधर्मान्ववायस्य मूलोत्खनित्रे कृपानाथ ! तुभ्यं नमस्त्वं प्रसीद ॥ १८

---

સ્વરૂપે દર્શન થયાં, વળી ફરી પાછાં શ્રીહરિનાં વર્ણિવેષના રૂપમાં દર્શન થયાં. ત્યારપછી ભગવાન શ્રીહરિના દિવ્ય સંકલ્પથી સમાધિમાંથી જાગ્રત થયા.[૧૪] તે સદ્‌બુદ્ધિમાન મહાપ્રતિભાશાળી તથા ભગવાન શ્રીહરિના જ એક ચરણકમળનો દઢ આશરો કરનારા પ્રાગજી પુરાણી બે હાથ જોડી અતિશય પ્રેમથી શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા.[૧૫]

**પ્રાગજીપુરાણીએ કરેલી સ્તુતિ :–** પ્રાગજી પુરાણી કહે છે, હે કૃપાનાથ ! પ્રકાશમાન દિવ્ય ગોલોકધામને વિષે રાધા, રમા અને ગોપિકાઓની સાથે આપ સદાય આપના દિવ્ય વિલાસને વિસ્તારી રહ્યા છો અને વેણુનો નાદ કરી રહ્યા છો. એવા હે હરિકૃષ્ણ ભગવાન, હું આપને વારંવાર નમસ્કાર કરું છું. તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૧૬] તમે જ શ્રીવાસુદેવ છો, શ્રીકૃષ્ણ છો એવા આપને મારા નિત્ય નમસ્કાર છે. તમે સદાય શુદ્ધ સ્વરૂપ છો, જનોનું આત્યંતિક કલ્યાણ કરવા માટે તમે તમારાં સ્વરૂપનું જ્ઞાન થાય એવી બુદ્ધિ તેમને પ્રદાન કરો છો. ભક્તજનોનું રક્ષણ કરવા સદાય પ્રયત્નશીલ રહો છો. એવા હે કૃપાનાથ ! હું આપને વારંવાર નમસ્કાર કરું છું. તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૧૭] હે હરિ ! તમે ભક્તિ-ધર્મના પુત્ર સ્વરૂપે પ્રગટ થયા છો. પોતાના આશ્રિતોની પીડાને હરો છો. વર્ણિવેષ ધારણ કરી આ પૃથ્વી પર વર્ણાશ્રમ ધર્મનું તથા એકાંતિક ધર્મનું પાલન કરી કરાવી પોષણ કરો છો. તથા દંભલોભાદિ અધર્મવંશને મૂળમાંથી ઉખેડીને ફેંકી દેનારા એવા હે કૃપાનાથ ! હું આપને વારંવાર નમસ્કાર કરું છું. તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૧૮]

नमो देवदेवेन्द्रवन्द्याय तुभ्यं नमः पद्मयोनित्रिनेत्रार्चिताय ।
अनेकाण्डकोट्याश्रयैकैकरोम्णे कृपानाथ ! तुभ्यं नमस्त्वं प्रसीद ॥ १९
त्वमेवासि लोकस्य धाता विधाता सुखप्रेप्सुभिः सर्वदा चिन्तनीयः ।
क्षरादक्षराच्चोत्तमः पूरुषस्त्वं कृपानाथ ! तुभ्यं नमस्त्वं प्रसीद ॥ २०
त्वमेवेश ! मत्स्यश्च कूर्मो वराहो नृसिंहस्तथा वामनः पर्शुरामः ।
अभूस्त्वं हि रामश्च कृष्णोऽवितुं स्वान् कृपानाथ ! तुभ्यं नमस्त्वं प्रसीद ॥ २१
त्वमेवावतारानधर्मस्य शान्त्यै प्रवृत्त्यै च धर्मस्य धत्सेऽनुकालम् ।
वशोऽसि स्वतन्त्रोऽपि भक्तस्य नूनं कृपानाथ ! तुभ्यं नमस्त्वं प्रसीद ॥ २२
यथा बालकानां हितं स्वस्य कुर्यात् पिता वा सखा स्वस्य सख्युस्तथा त्वम् ।
हितं कर्तुमर्होऽसि चाप्रेरितं मे कृपानाथ ! तुभ्यं नमस्त्वं प्रसीद ॥ २३

---

હે હરિ ! અગ્નિ આદિ દેવોના દેવ ઈન્દ્ર પણ આપને સદાય વંદન કરે છે. તથા બ્રહ્મા, શિવ અને વિષ્ણુ અતિ આદરપૂર્વક અનેકવિધ ઉપચારોથી આપની નિત્યે પૂજા કરે છે. આપના શરીરનું એક એક રોમ અનંતકોટી બ્રહ્માંડોના આધારરૂપ છે. આવા મહિમાવાળા. હે કૃપાનાથ ! હું આપને વારંવાર નમસ્કાર કરું છું. તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૧૯] હે હરિ ! તમે જ એક સર્વલોકના સર્જક છો અને પાલક છો, સુખ મેળવવા ઈચ્છતા મનુષ્યોને માટે આપ સદાય ચિંતવન અને ધ્યાન કરવા યોગ્ય છો. તમે ક્ષર અને અક્ષરથી પણ ઉત્તમ પુરુષોત્તમ છો. એવા હે કૃપાનાથ ! હું આપને વારંવાર નમસ્કાર કરું છું. તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૦] હે હરિ ! હે સર્વેશ્વર ! પોતાના ભક્તજનોનું રક્ષણ કરવા માટે તમેજ મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, શ્રીરામ, શ્રીકૃષ્ણ આદિ અવતારોને ધારણ કર્યા હતા અને હજુ પણ કલ્કી આદિ અવતારોને ધારણ કરશો એવા. હે કૃપાનાથ ! હું આપને વારંવાર નમસ્કાર કરું છું. તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૧] હે હરિ ! તમેજ કાળે કાળે તથા યુગયુગને વિષે અધર્મનો વિનાશ કરી ધર્મનું સ્થાપન કરવા અનંત અવતારોને ધારણ કરો છો. તમે સ્વતંત્ર હોવા છતાં પોતાના એકાંતિક ભક્તોને પરાધીન વર્તો છો એવા. હે કૃપાનાથ ! હું આપને વારંવાર નમસ્કાર કરું છું. તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૨]

હે હરિ ! જેવી રીતે પોતાના બાળકનું પ્રેરણા કર્યા વિના પણ પિતા સદાય હિત કરે છે. તેવી જ રીતે તમે પણ અમારું સદાય પ્રેરણા કર્યા વિના હિત કર્યા કરો

सुव्रत उवाच -

इति स्तुवन्तं तं ज्ञात्वा पुराणनिपुणं हरिः । वाचनार्थं पुराणादेः स्वान्तिके समतिष्ठिपत् ॥ २४
ततः सुन्दरजित्तं च नृपार्हगृहवैभवः । शिल्पे त्वष्टा नृपामात्योऽम्बरीषोपम आर्चयत् ॥ २५
सुगन्धिना चन्दनेन पौष्पैहरैश्च शेखरैः । नानाविधैः सुवसनैः तं पुपूज विभूषणैः ॥ २६
सहस्रशो हेममुद्रा निधाय पुरतो हरेः । नीराजयामास साकं भार्यापुत्रसनाभिभिः ॥ २७
ततः प्रणम्य साष्टाङ्गं बद्धाञ्जलिपुटः स तम् । दर्शनीयतमं पश्यन् बभूवानन्दनिर्भृतः ॥ २८
पश्यंस्तं सहसा प्राप समाधिं स परं नृप ! । तत्रापश्यन्महत्तेजो वर्णिवेषं च तत्र तम् ॥ २९
ततोऽपश्यत्स गोलोकं तत्र च ब्रह्मतेजसि । मुरलीं वादयन्तं तं श्रीकृष्णं रासमण्डले ॥ ३०

---

છો એવા. હે કૃપાનાથ ! હું આપને વારંવાર નમસ્કાર કરું છું. તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૨૩]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે વિપ્ર પ્રાગજી પુરાણીએ ભગવાન શ્રીહરિની સ્તુતિ કરી, તેથી અત્યંત પ્રસન્ન થયેલા પ્રભુએ તેમને પુરાણોમાં નિપુણ જાણી પુરાણીને કથા વાંચવા માટે પોતાની સમીપે રાખ્યા.[૨૪]

હે રાજન્ ! સુંદરજી સુથાર શ્રીહરિની સમીપે પૂજા કરવા પધાર્યા. તેમનાં ઘરનો વૈભવ મહારાજાના રાજવૈભવ જેવો હતો. ઘડિયાલ આદિના નિર્માણની શિલ્પકળામાં તેઓ વિશ્વકર્મા સમાન ચતુર હતા. ભુજનગરના રાજાના એક મંત્રીપદને તે શોભાવતા હતા. ભગવાનની ભક્તિ કરવામાં અંબરીષ રાજાની સમાન એકાંતિક ભક્ત હતા. આવા સુંદરજી સુથાર સુગંધીમાન ચંદન, પુષ્પના હારો, તોરા, ગજરા તથા અનેક પ્રકારનાં મહામૂલાં વસ્ત્રો અને આભૂષણોથી ભગવાન શ્રીહરિનું અતિ અદ્‌ભૂત પૂજન કરી, શ્રીહરિની આગળ હજારો સુવર્ણમુદ્રાઓની ભેટ ધરીને પત્ની, પુત્ર આદિ પરિવારને સાથે રાખીને શ્રીહરિની આરતી ઉતારી. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી બે હાથ જોડી નમસ્કાર કરી દર્શનીય ભગવાન શ્રીહરિનું આનંદ વિભોર થઇ દર્શન કરવા લાગ્યા.[૨૫-૨૮]

**સુંદરજી સુથારને સમાધિ :-** હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિનાં રમણીય રૂપનું દર્શન કરતાં કરતાં અચાનક તેમને સમાધિ થઈ. તે સમાધિમાં તેમને અક્ષરબ્રહ્મધામરૂપ મહાતેજનાં દર્શન થયાં અને તે મહાતેજના મધ્યે વર્ણિવેષ ભગવાન શ્રીહરિકૃષ્ણનાં દર્શન થયાં. ત્યારપછી તેને ગોલોકધામનાં દર્શન થયાં,

ततस्तमेव भूमानं धाम्न्यव्याकृत ऐक्षत । अष्टबाहुं दर्शनीयं शेषपर्यङ्कशायिनम् ॥ ३१
अमृताख्ये च तं धाम्नि महापुरुषरूपिणम् । निरन्नश्वेतमुक्तानां निकरैरुपसेवितम् ॥ ३२
विष्णुं वैकुण्ठलोके च रमया सेवितं ततः । तं चैक्षत क्षीरनिधौ योगेशं शेषशायिनम् ॥ ३३
यज्ञनारायणं चाग्नौ स्रुक्स्रुवाद्युपलक्षितम् । हिरण्मयं च पुरुषम् अर्कबिम्बे तमैक्षत ॥ ३४
तं चापश्यद्विशालायां नरनारायणं ततः । वर्णिवेषं यथापूर्वं ततस्तं हरिमैक्षत ॥ ३५
व्युत्थितोऽथेक्षया तस्य प्रभोस्तं सर्वकारणम् । विदित्वा स नमस्कृत्य तुष्टाव परया मुदा ॥ ३६

**सुन्दरजिदुवाच –**

गोलोकेश ! परेश ! कृष्ण ! भगवंस्त्वं कालमायेश्वरः ।
सर्वेषां च नियामकोऽक्षरपरो दिव्याकृतिः स्वप्रभः ॥

---

તે મોરલીને વગાડતા ભગવાન શ્રીકૃષ્ણ સ્વરૂપે શ્રીહરિનાં દર્શન થયાં.[૨૯-૩૦] ત્યારપછી અવ્યાકૃતધામમાં શેષશૈયાપર શયનમુદ્રામાં વિરાજીત અષ્ટભૂજાધારી અતિશય દર્શનીય મનોહરમૂર્તિને ધારી રહેલા ભગવાન શ્રીભૂમાપુરુષરૂપે ભગવાન શ્રીહરિનાં દર્શન થયાં.[૩૧] પછી અમૃતનામના શ્વેતદ્વિપધામને વિષે નિરન્નમુક્તોના સમૂહો જેની સેવા કરી રહ્યા છે એવા મહાપુરુષરૂપે ભગવાન શ્રીહરિને જોયા.[૩૨] પછી વૈકુંઠલોકને વિષે લક્ષ્મીજીએ સેવેલા શ્રીવિષ્ણુસ્વરૂપે ભગવાન શ્રીહરિને જોયા. ક્ષીરસાગરને વિષે શેષશાયી યોગેશ્વર સ્વરૂપે શ્રીહરિનાં દર્શન થયાં.[૩૩] અગ્નિ મંડળને વિષે સ્રુક, સ્રવ આદિ ઉપકરણોને ધારી રહેલા યજ્ઞનારાયણરૂપે તથા સૂર્યમંડળને વિષે હિરણ્યમયપુરુષરૂપે ભગવાન શ્રીહરિનાં દર્શન થયાં.[૩૪] ત્યારપછી બદ્રિવિશાલાને વિષે ભગવાન શ્રીનરનારાયણ સ્વરૂપે શ્રીહરિનાં દર્શન થયાં અને પૂર્વની માફક જ સભામાં વિરાજમાન વર્ણિવેષધારી ભગવાન શ્રીહરિનાં સુંદરજી સુથારને પોતાના હૃદયમાં દર્શન થયાં.[૩૫] હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિની દૃષ્ટિમાત્રથી સમાધિમાંથી જાગ્રત થયેલા સુંદરજીભાઇ શ્રીહરિને સર્વના કારણ સર્વાવતારી જાણીને ફરી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યા.[૩૬]

**સુંદરજીએ કરેલી સ્તુતિ :–** સુંદરજી સુથાર કહે છે, હે સર્વ થકી પર એવા અક્ષરધામના અધિપતિ ! હે ગોલોકધામાધિપતિ ! હે કૃષ્ણ ! હે ભગવન્ ! તમે કાળ માયા આદિ સર્વના નિયંતા છો. તથા તેના કાર્યરૂપ પ્રધાન પુરુષાદિ સ્મસ્ત સૃષ્ટિના પણ તમે નિયામક છો. સર્વથકી પર અક્ષર છે પરંતુ તમે તો તેનાથી પણ પર છો. સદાય દિવ્યાકૃતિમાં આપ વિરાજો છો. સ્વયં પ્રકાશિત છો અને અક્ષરાદિ

सर्वात्मा पुरुषोत्तमोऽसि सकलैश्वर्याभिजुष्टः सदा ।
वन्दे भक्तजनेष्टकल्पतरवे वर्णीन्द्रवेषाय ते ।। ३७
भूमाऽव्याकृतघाम्नि चामृतपदे त्वं वै महापूरुषो ।
वैकुण्ठेऽपि च विष्णुरस्यथ पयोम्भोधौ च योगेश्वरः ।।
वह्नौ यज्ञपतिर्हिरण्मयवपुश्चादित्यबिम्बान्तरे ।
मेदिन्यां बदरीवनेऽपि च नरो नारायणो वर्तसे ।। ३८
मायाकालयमादिभीतिशमनप्रौढाश्रयः स स्वयं ।
तत्तद्धामसमग्रशक्त्यनुचरस्वैश्वर्यवृन्दैः सह ।।
जातो न्राकृतिरत्र वै करुणया कल्याणहेतोर्नृणां ।
तत्तद्दिव्यवपुः समाधिषु नरान् सन्दर्शयन् राजसे ।। ३९ ।।

---

સર્વેના આત્મા છો. અણિમાદિ સકલ ઐશ્વર્યથી આપ સદાય સેવન કરાયેલા છો. તમે સ્વયં પુરુષોત્તમનારાયણ છો. તથા પોતાના આશ્રિત ભક્તજનોના મનોરથને પૂર્ણ કરવા કલ્પતરુ સમાન છો. એવા હે વર્ણિવેષધારી ! હે ભગવાન શ્રીહરિ ! હું તમને સદાય વંદન કરું છું.[૩૭]

હે હરિ ! અવ્યાકૃતધામમાં ભૂમાપુરુષરૂપે, શ્વેતદ્વિપધામમાં મહાપુરુષરૂપે, વૈકુંઠમાં વિષ્ણુરૂપે, ક્ષીરસાગરમાં યોગેશ્વરરૂપે, અગ્નિમંડળમાં યજ્ઞનારાયણરૂપે, સૂર્યમંડળમાં હિરણ્યમયપુરુષરૂપે તેમજ પૃથ્વી પર બદરિકાશ્રમને વિષે શ્રીનરનારાયણસ્વરૂપે તમે જ એક રહેલા છો.[૩૮] હે હરિ ! તમારો પૌઢ પ્રબળ આશ્રય છે તે કાળ, માયા અને યમદૂતના ભયંકર ભયને નિવૃત્તિ પમાડનારો છે. તમો અક્ષરાદિ ધામો અને તેમાં રહેલી શક્તિઓ, પાર્ષદો અને ઐશ્વર્ય આદિ સર્વને સાથે લઈ આ પૃથ્વી પર મનુષ્યોનાં આત્યંતિક કલ્યાણ કરવા માટે દયા કરીને ધર્મભક્તિને ત્યાં મનુષ્યસ્વરૂપે પ્રગટ થયા છો. છતાં આપના આશ્રિતોને યોગ સમાધિ કરાવી આપનાં પૂર્વોક્ત અનંત ઐશ્વર્યે યુક્ત દિવ્ય સ્વરૂપનાં દર્શન કરાવી આપ અહી સર્વોત્તમપણે શોભી રહ્યા છો. એવા હે ભગવન્ ! આપની સુંદરજી ભક્ત હું સ્તુતિ કરું છું.[૩૯] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ઉદાર બુદ્ધિવાળા સુંદરજી સુથારે આ પ્રમાણે ભગવાન શ્રીહરિની સ્તુતિ કરીને ફરી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પોતાના ભાઈ અને પુત્ર જે હીરજીભાઈ તથા રાઘવજીભાઈ આદિ પરિવારની પાસે વિધિપૂર્વક જુદી જુદી પૂજા કરાવી, અને તે સુંદરજીના પરિવારે અતિ

सुव्रत उवाच –

एवं स्तुत्वा पुनर्नत्वा निजभ्रातृसुतादिभिः । तमार्चिचद्यथावच्च पृथक्पृथगुदारधीः ॥ ४०
उपहारैर्महद्भिस्ते तमभ्यर्च्यातिभावतः । पृथक् पृथक् स्तुवन्ति स्म साक्षाद्दृष्टतदोजसः ॥ ४१
विरुद्धधर्मखण्डनं विशुद्धबुद्धिमण्डनं सकोपलोभतण्डनं रसस्पृहावकण्डनम् ।
कुसङ्गसङ्गिदण्डनं सदाभिमानिभण्डनं कुवर्त्ममूलकुण्डनं सकाममोहमुण्डनम् ॥ ४२
सदीश ! विश्वकारणं प्रपन्नजीवतारणं निजान्तरारिमारणं समग्रधर्मधारणम् ।
भवन्तमूर्मिदारणं विकारहेतुवारणं कृपारसप्रसारणं नमामि दुःखहारणम् ॥ ४३

---

ભાવપૂર્વક અનેક ઉપચારોથી ભગવાન શ્રીહરિની પૂજા કરી. ત્યારપછી તેઓએ ભગવાન શ્રીહરિનો જે પ્રત્યક્ષ પ્રતાપ નિહાળ્યો હતો તેને હૃદયમાં રાખી સૌ પૃથક્ પૃથક્ સ્તુતિ કરવા લાગ્યા.[૪૦-૪૧]

**સુંદરજીના પરિવારે કરેલી સ્તુતિ :–** હે હરિ ! તમે સત્શાસ્ત્ર વિરુદ્ધ એવા પાખંડ ધર્મનું ખંડન કરો છો. વિશુદ્ધબુદ્ધિવાળા ભક્તજનોને ધર્મજ્ઞાનાદિ ગુણોથી શોભાવો છો. ક્રોધે સહિત લોભનો વિનાશ કરો છો. રસાસ્વાદની આસક્તિને તોડનારા છો, કુસંગનો સંગ કરનાર મનુષ્યને મોટો દંડ આપો છો, સદાય અભિમાનમાં જીવતા પુરુષોના અભિમાનને તમે તોડો છો. કુમાર્ગના મૂળને ઉખેડો છો. કામે સહિત મોહનો મૂળમાંથી વિનાશ કરો છો.[૪૨] હે સત્પુરુષોના ઈશ્વર ! તમે વિશ્વનું કારણ છો, શરણાગત જીવોનો ઉદ્ધાર કરનારા છો, પોતાના ભક્તજનોના અંતઃશત્રુઓનો વિનાશ કરો છો, સમગ્ર ધર્મવંશને ભક્તજનોના અંતરમાં ધારણ કરો છો, ભક્તજનોમાંથી છ ઉર્મિઓને દૂર કરો છો. ચિત્તને વિકૃત કરનાર પંચવિષયોની વાસનાને ભક્તજનોમાંથી દૂર કરો છો, અપરિમિત જનોના કલ્યાણ માટે કૃપારસનો વિસ્તાર કરો છો, શરણાગતનાં સર્વદુઃખોને દૂર કરો છો. એવા આપને અમારા નમસ્કાર છે.[૪૩] હે ધર્મ ધુરંધર ! તમારો સર્વત્ર વિજય થાઓ, વિજય થાઓ. ઉત્તમોત્તમ આ સાધુ, બ્રહ્મચારીઓ પોતાનાં મસ્તક તમારાં ચરણોમાં મૂકી નિર્માનીપણે તમારી સેવા કરે છે. એવા તમે સુંદર મંદિરને વિષે સદાય નિવાસ કરો છો. તથા આ સુંદરજીના ભવનમાં નિવાસ કરી તેમને ધન્ય કરી રહ્યા છો, તમે સમગ્ર સુખના સ્વામી છો. હે લોકથી વિલક્ષણ સ્વરૂપવાળા ! તમારો સર્વત્ર વિજય થાઓ. તમે જ્ઞાનનો બોધ આપવામાં વિચક્ષણ છો, ચરણમાં રહેલાં સોળ ચિહ્નોનાં લક્ષણથી તમે પરમાત્મા છો. એવો બોધ અમને

जय जय धर्मधुरन्धर ! सन्नतकन्धरवर्णिपुरन्दरसेवित ! सुन्दरमन्दिरवास ! सुखाधिपते ! । जय जय लोकविलक्षणबोधविचक्षण ! लक्षितलक्षण ! भक्तसुरक्षण ! पद्मदलेक्षण ! कुम्भिगते ! ॥ जय जय निर्मदनन्दन ! शर्मदवन्दन ! नाशितबन्धन ! दुष्कृतरन्धन ! बोधसमिन्धननामतते ! । जय जय सन्मतिजोषण ! कापथरोषण ! सत्पथपूषण ! सज्जनभूषण ! दूषणमुक्त ! सदात्मरते ! ॥ ४४

जयजय कष्टविभञ्जन ! नित्यनिरञ्जन ! मुक्तसुरञ्जन ! चारुविलोचन ! बद्धविमोचन ! मुक्तपते ! । जयजय जीवदयाकर ! बोधसुधाकर ! योगकलाधर ! भक्तमहादर ! काममनोहर ! भक्तपते ! ॥ जयजय मन्दविखेदन ! दम्भविभेदन ! पापविनाशन ! धर्मविकाशन ! कामितदाशन ! भुक्तिपते ! । जयजय सन्ततसङ्गतदिक्पतिसन्नत ! विश्वपवन्दित ! नन्दितपण्डित ! खण्डितसंशय ! मुक्तिपते ! ४५

---

થાય છે. તમે ભક્તજનોનું સદાય રક્ષણ કરો છો. તમારાં નેત્રો કમળના પત્રની સમાન શોભી રહ્યાં છે. તમારી ગજગતિ ચાલ સર્વના મનને હરી લે છે, તેવી જ રીતે નિર્માની સંતોને આનંદ ઉપજાવતા હે પ્રભુ ! તમારો સર્વત્ર વિજય થાઓ. તમે વંદન કરવા માત્રથી સર્વને સુખ આપો છો. શરણાગત ભક્તનાં બંધનોને તમે તોડી નાખો છો. સમસ્ત દુષ્કૃતોનો નાશ કરો છો. તમારું નામ ઉચ્ચારણ કરવા માત્રથી માનવના અંતરમાં જ્ઞાન પ્રજ્વલ્લિત થાય છે. તેમજ સદ્‌બુદ્ધિવાળા મનુષ્યના હર્ષને વધારી તેને રાજી રાખનારા હે પ્રભુ ! તમારો જય થાઓ, જય થાઓ. તમે કુમાર્ગને વિનાશ કરનારા અને સન્માર્ગનું પોષણ કરનારા છો. સાધુ પુરુષોનું તમે આભૂષણ છો. તમે સદાય અનર્થોથી મુક્ત રહો છો. સંત પુરુષોમાં સદાય પ્રેમ વરસાવો છો તથા સ્વસ્વરૂપના આનંદમાં સદાય મગ્ન રહો છો.[૪૪]

તેમજ ભક્તજનોના કષ્ટનું ભંજન કરનારા હે પ્રભુ ! તમારો સર્વત્ર જય થાઓ, જય થાઓ. તમે નિત્ય નિરંજન છો. મુક્તોને રંજન કરાવો છો. રમણીય નેત્રોવાળા છો. તમે બદ્ધજીવોને મુક્તિ આપનારા છો. તમે મુક્તોના સ્વામી છો, તથા સમસ્ત જીવો ઉપર દયા કરનારા તમારો સર્વત્ર વિજય થાઓ. તમે જ્ઞાનનો બોધ આપી સર્વને ચંદ્રમાની સમાન શીતળતા આપો છો. તમે સમસ્ત યોગની કલાઓને ધારણ કરનારા છો. ભક્તજનોને તમે બહુ આદર આપી સન્માનો છો, કામદેવના મનને હરનારું એવું તમારું મનોહર સ્વરૂપ છે. ભક્તોના પતિ છો. તેમજ તમે સત્શાસ્ત્રમાં નહિ સમજનારા મંદબુદ્ધિ મનુષ્યોને ખેદ ઉપજાવનારા છો. એવા તમારો સદાય જય થાઓ. તમે દંભનો અને પાપનો વિનાશ કરનારા છો, ધર્મનો વિકાસ કરનારા છો. સકામી ભક્તોની પણ ઇચ્છા પૂરી કરો છો.

पूर्णेन्दुबिम्बनखमण्डलराजिराजच्छुभ्रांशुकान्तिहृतभक्तहृदन्धकारम्।
निःश्रेयसैकनिलयं लसदूर्ध्वरेखं पादाम्बुजं तव नमामि हरे ! प्रसीद ॥ ४६

**सुव्रत उवाच -**

इति स्तुत्वा हरिं भक्त्या निषेदुस्ते प्रणम्य तम्। भुक्तिं मुक्तिं च यच्छन्तं विना साधनसम्पदम् ॥ ४७
ततः सर्वेऽपि गृहिणः स्वस्वशक्त्यनुसारतः । पूजां विदधिरे तस्य वासोभूषाधनादिभिः ॥ ४८
पूजां विधाय तन्मूर्तिं पश्यन्तः सकला अपि। भक्ताः प्रपेदिरे सद्यः समाधिं तत्कृपाबलात् ॥ ४९
तत्र गोलोकमुख्येषु दिव्यधामसु संस्थितम्। तमेव ददृशुः साक्षात् सच्चिदानन्दविग्रहम् ॥ ५०
आनन्दं परमं सर्वे प्राप्य तं परमेश्वरम्। असंशयं च निश्चिक्युः तत्पदृढसमाश्रयाः ॥ ५१

---

અનેક પ્રકારના દિવ્ય ભોગોના તમે માલિક છો. ઈન્દ્રાદિ દિગ્પતિઓ પોતાના મુકુટથી તમારી ચરણમાં ધારણ કરેલી પાદુકાનો સ્પર્શ કરી સતત તમને વંદન કરે છે. એવા તમારો સર્વત્ર જય થાઓ. જય થાઓ. વિશ્વનું પાલન કરનારા વિષ્ણુ, બ્રહ્મા અને શિવ પણ તમને સદાય વંદન કરે છે, તમે વિદ્વાન પુરુષોને સદાય આનંદ ઉપજાવો છો. પોતાના ભક્તોને ઉપદેશ આપી તેના સંશયોને દૂર કરો છો. મુક્તિના અધિષ્ઠાતા પણ એક તમે જ છો. એવા તમારો જય થાઓ. જય થાઓ.[૪૫]

હે હરિ ! પૂર્ણિમાના ચંદ્રના બિંબ સરખા શોભાયમાન નખમંડળની પંક્તિઓનાં કિરણની શ્વેત કાંતિથી તમે ભક્તજનોના હૃદયમાં રહેલા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરો છો. આત્યંતિક કલ્યાણના એક સ્થાનરૂપ આપનાં લાંબી લાંબી ઉર્ધ્વરેખાથી શોભી રહેલાં ચરણકમળમાં હું વંદન કરું છું. તમે મારી ઉપર પ્રસન્ન થાઓ.[૪૬] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તપ આદિ સાધન સંપત્તિ વિના પણ પોતાના ભક્તને ભુક્તિ અને મુક્તિ આપનારા ભગવાન શ્રીહરિની આ પ્રમાણે અતિ સ્નેહથી સ્તુતિ કરી પ્રણામ કરી પરિવારે સહિત સુંદરજી સુથાર સભામાં બેઠા.[૪૭] ત્યારપછી પુરવાસી સર્વ ભક્તજનોએ પોતપોતાની શક્તિને અનુસાર વસ્ત્રો, આભૂષણ, ધન અને ચંદન પુષ્પાદિકે કરીને ભગવાન શ્રીહરિનું મહાપૂજન કર્યું. આ પ્રમાણે પૂજા કરી સર્વે ભક્તજનો ભગવાન શ્રીહરિના સ્વરૂપને એક ચિત્તથી નિહાળી રહ્યા હતા ત્યાં શ્રીહરિની કૃપાના બળથી તેઓને તત્કાળ સમાધિ થઈ.[૪૮-૪૯]

**ભુજના ભક્તોની સામુહિક સમાધિ અને પ્રાર્થના :–** હે રાજન્ ! તે સમાધિમાં ભગવાનના ગોલોકાદિ દિવ્યધામોમાં રહેલા સચ્ચિદાનંદરૂપ મૂર્તિવાળા

ततो बद्धाञ्जलिपुटा वीक्षमाणास्तदाननम् । सर्वे ते प्रार्थयामासुः भक्तचिन्तामणिं प्रभुम् ॥ ५२
विभो ! भवाभिधाम्बुधौ धनादिगर्धनभ्रमभ्रमत्कलत्रपुत्रमित्रनक्रचक्रकर्षणे ।
षडन्तरङ्गदुर्हृदुत्तरङ्गपातमज्जने नृदेहनावि खिद्यतस्त्वमेव कर्णधारकः ॥ ५३
यदीयनाममात्रमुच्चरन्तमुद्भटा भटा यमस्य यान्त्युदस्य दूरतोऽन्तकाल एकदा ।
भवन्तमेव तं मतं सतां च सन्ततं नता वयं भजामहे हरे ! जय त्वमुद्धराधमान् ॥ ५४

**सुव्रत उवाच –**

इति संस्तूय ते भक्ता निजस्वामिनमादरात् । नत्वोपविविशुः सर्वे प्राप्तानन्दभरा नृप ! ॥ ५५

---

**આ પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિને જ નિહાળી સર્વે ભક્તજનો અત્યંત વિસ્મયપૂર્વક પરમ આનંદ પામ્યા. આ પ્રત્યક્ષ શ્રીહરિ છે તે જ સાક્ષાત્ પરમેશ્વર છે, એવો નિઃસંશયપણે દૃઢ નિશ્ચય કર્યો, અને શ્રીહરિના જ ચરણનો એક દૃઢ આશ્રય કર્યો.[૫૦-૫૧] ત્યારપછી ભગવાન શ્રીહરિના મુખકમળ સામેજ એક સ્થિર દૃષ્ટિ રાખી બન્ને હાથ જોડી ભક્તજનોના પરમ ચિંતામણિરૂપ પરમાત્મા ભગવાન શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા.[૫૨]**

**હે વિભુસ્વરૂપ ! જેમાં ધન ક્ષેત્ર આદિની પ્રાપ્તિની અભિલાષારૂપી ભયંકર ભમરીઓ વારંવાર સર્જાય છે. ચારે તરફથી ખેંચાખેંચ કરતાં સ્ત્રી, પુત્ર તથા મિત્રરૂપ મગરમચ્છો જેમાં સતત ફર્યા કરે છે, તથા બાહ્યવૃત્તિથી વિષયોમાં ફરતી પાંચ જ્ઞાન ઇન્દ્રિયો તથા છઠ્ઠું મન આ છ શત્રુઓરૂપી ઉછળતા તરંગોથી જે જીવને વારંવાર ડુબાડી મારે છે એવા આ ભયંકર ભવસાગરમાં સદાય ભટકવાથી ખૂબજ ખેદ પામતા અને મનુષ્ય શરીરરૂપી નૌકામાં બેઠેલા જીવાત્માના તમે જ એક કર્ણધાર છો. આ સંસારમાંથી જીવને તારી અક્ષરધામમાં લઇ જનારા એક તમે જ છો.[૫૩]**

**હે હરિ ! અંતકાળે માત્ર એકવાર તમારાં હરિ, કૃષ્ણ, હરિકૃષ્ણ, સ્વામિનારાયણ એવા નામનું કોઇ મનુષ્ય ઉચ્ચારણ કરે તો, તનો ત્યાગ કરી ભયંકર યમના દૂતો તત્કાળ દૂર ભાગી જાય છે, આવા મહિમાવાળા તમને આ મુક્તાનંદ સ્વામી આદિ સંતોએ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ કહીને વર્ણવ્યા છે. એવા હે ભગવાન શ્રીહરિ ! અમે તમને નમસ્કાર કરી નિરંતર આપનું ભજન કરીએ છીએ. તમે અધમનો પણ ઉદ્ધાર કરો છો. એવા હે હરિ ! તમારો સદાય સર્વત્ર જય થાઓ. જય થાઓ.[૫૪]**

भक्तैरथार्पितं स्वस्मै वासोभूषाधनादि यत् । विप्रेभ्यस्तत्सर्वमपि हरिः सद्यः प्रदत्तवान् ॥ ५६
तद्दृष्ट्वा विस्मयं प्रापुः असुरा अपि तद्द्विषः । वशेष्टदेवः कोऽप्येष महानिति च तेऽविदन् ॥ ५७
ततः प्रातर्हरिर्विप्रांस्त्यागिनश्च सहस्रशः । भोजयामास विप्रेभ्यो ददौ विपुलदक्षिणाः ॥ ५८
एवं हि पौराः पुरुषोत्तमस्य साक्षात्समीक्षार्चनसेवनैश्च ।
चक्रुः स्वकीयं सफलं नृजन्म क्षमादयानीरनिधेर्धरेश ! ॥ ५९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे रामनवम्युत्सवे सुन्दरजिदादिकृतहरिस्तुतिनिरूपणनामाऽष्टादशोऽध्यायः ॥ १८ ॥*

---

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભુજનગરના સર્વે ભક્તજનો પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિની અતિ આદરપૂર્વક સ્તુતિ કરી, નમસ્કાર કરી બહુ આનંદ પામ્યા અને સભામાં શ્રીહરિની સમીપે બેઠા.[૫૫] હે રાજન્ ! ત્યારે શ્રીહરિએ ભક્તજનોએ પૂજન કરી અર્પણ કરેલાં વસ્ત્રો, આભૂષણો, ધન આદિ જે કાંઈ પણ હતું તે સર્વે તે જ ક્ષણે બ્રાહ્મણોને દાનમાં આપી દીધું.[૫૬] હે રાજન્ ! ભગવાન શ્રીહરિનું આવું મહાદાન જોઈ તેમનો દ્વેષ કરનારા આસુરીજનો હતા તે પણ અત્યંત વિસ્મય પામ્યા અને કહેવા લાગ્યા કે, આ નારાયણમુનિએ કોઈ પોતાના ઈષ્ટદેવને વશ કર્યા છે. તો કોઈ કહેતા હતા કે આ નારાયણમુનિ કોઈ સામાન્ય પુરુષ નથી, કોઈ મહાપુરુષ જરૂર છે.[૫૭]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ દશમીના પ્રાતઃકાળે હજારો વિપ્રોને અને ત્યાગી સાધુઓને ભોજનોથી તૃપ્ત કર્યા. અને બ્રાહ્મણોને ફરીથી ખૂબજ દક્ષિણા આપી રાજી કર્યા.[૫૮] હે ધરણીપતિ ! આ પ્રમાણે ક્ષમા તથા દયાના મહાસાગર એવા પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રીહરિનાં દર્શન, પૂજન અને સેવા કરીને ભુજનગરના ભક્તજનોએ પોતાના માનવ જન્મને સફળ કર્યો.[૫૯]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ભુજમાં રામનવમીનો ઉત્સવ તથા શ્રીહરિનો પ્રથમ જન્મોત્સવન ભુજના સુંદરજી આદિ ભક્તોએ ઉજવ્યો ને સ્તુતિ કરી એ નામે અઢારમો અધ્યાય પૂર્ણ થયો. --૧૮--***

---

## एकोनविंशोऽध्यायः ॥ १९ ॥

सुव्रत उवाच -

पुरे तत्र त्रयोऽमात्या राज्ञ आसन् द्विजातयः । कुबेरजिज्जगज्जीवो रामचन्द्र इति श्रुताः ॥ १
सनाभयो महाशाक्ता एतेऽर्जितमहाधनाः । मदोद्धता मानिनश्च हिंस्रयज्ञप्रियाः खलाः ॥ २
तत्र ज्येष्ठः सोमयागं कर्तुं सौत्रामणिं तथा । आरेभे भूरिसम्भारान् सम्पाद्य नृपदुर्लभान् ॥ ३
देशान्तरेभ्यो बहवो ब्राह्मणा यज्ञकोविदाः । शास्त्रज्ञाश्चागतास्तत्र तेनाहूता बहुश्रुताः ॥ ४
स च नारायणमुनिं वेदशास्त्रार्थपारगम् । जानन्भूरिप्रतापं च यज्ञमण्डप आह्वयत् ॥ ५
अनाहूतोऽध्वरं गच्छेत् आहूतः किं पुनस्तदा । इति स्मृतेः स्वयं स्वामी सह शिष्यैस्तमभ्यगात् ॥ ६
यथार्हं मानयित्वा तं यजमानः शुभासने । उपवेश्याग्रतस्तस्य निषसाद प्रणम्य च ॥ ७

---

## અધ્યાય – ૧૯

### જગજીવનના આમંત્રણથી તેમના યજ્ઞમાં પધરામણી અને હિંસામય યજ્ઞનો કરેલ નિષેધ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભુજનગરમાં કુબેરજી, જગજીવન અને રામચંદ્ર નામના ત્રણ બ્રાહ્મણો રહેતા હતા. તે રાજાના મંત્રીઓ હતા. એ ત્રણે સગાભાઈઓ હતા. મહાશક્તિ ઉપાસકોમાં તેઓ અગ્રેસર હતા. તેઓ ઘણું ધન કમાયા હોવાથી તેના મદમાં ઉધ્ધત થયા હતા, મહા અભિમાની એ ત્રણે સ્વભાવથી ખળ, ક્રૂર, નીચ અને અધમ હતા અને હિંસામય યજ્ઞમાં રુચિવાળા હતા.[૧-૨] હે રાજન્ ! તે ત્રણે ભાઈઓમાંથી મોટાભાઈ કુબેરજીએ રાજાઓને પણ દુર્લભ એવી ઘણી બધી સામગ્રી ભેળી કરીને સોમયાગ તથા સૌત્રામણીયજ્ઞનો પ્રારંભ કર્યો. તેમના આમંત્રણથી યજ્ઞવિધિ કરાવવામાં કુશળ, શાસ્ત્રવેત્તા અને સર્વે પુરાણોમાં પ્રવીણ એવા અનેક બ્રાહ્મણો દેશદેશાંતરમાંથી ત્યાં આવ્યા હતા.[૩-૪] હે રાજન્ ! તે સમયે કુબેરજીએ ભગવાન શ્રીહરિને વેદશાસ્ત્રમાં પારંગત તથા બહુ પ્રતાપી જાણીને યજ્ઞમાં પધારવા આમંત્રણ આપ્યું, આમંત્રણ વિના પણ યજ્ઞમાં તો જવું જોઈએ, તો આમંત્રણ આપે ત્યારે જવાનું જ હોય એમાં શું કહેવું ? આ પ્રકારનાં સ્મૃતિ વચનોને ધ્યાને લઈ સમુદાયને સાથે લઈ સ્વયં શ્રીહરિ તેમના યજ્ઞમાં પધાર્યા.[૫-૬]

તે સમયે યજમાન કુબેરજીએ શ્રીહરિનો યથાયોગ્ય સત્કાર કર્યો અને શ્રીહરિને ઉચિત સુંદર આસન ઉપર વિરાજમાન થવા વિનંતી કરી. ભગવાન

देशान्तरीया विद्वांसः तद्देशीयाश्च सर्वशः । नत्वा तं चाग्रतो राजन् निषेदुर्वह्निवर्चसः ॥ ८
उपविष्टेषु सर्वेषु यथार्हं तत्र संसदि । कुबेरजित्तं प्रणम्य प्रोवाच प्राञ्जलिर्वचः ॥ ९
स्वामिंस्त्वं वेदशास्त्रार्थपारगोऽसि बृहद्व्रतः । समाप्त्यवधि यज्ञस्य स्थातुमत्र पुरेऽर्हसि ॥ १०
सानुगस्य तवान्नाद्यैः अहं तावच्च सेवनम् । करिष्यामि त्वादृशा हि महायज्ञस्य भूषणम् ॥ ११
इह हि ब्राह्मणा वर्णिन् ! नानादेशेभ्य आगताः । सन्त्येते वेदशास्त्रज्ञाः पात्रभूताः कुलोद्भवाः ॥ १२
काश्याः केचिद्द्रविडाश्च महाराष्ट्राश्च केचन । केचिच्च गौडदेशीयाः सन्ति केचिच्च गौर्जराः ॥ १३
अतस्त्वमपि सद्बुद्धे ! वसात्र स्थिरमानसः । एष एवास्ति सर्वेषामस्माकं हि मनोरथः ॥ १४

**सुव्रत उवाच -**

श्रुत्वेति तस्य वचनं तत्र बद्धानजान् बहून् । वध्यांश्च क्रोशतः पश्यन् दयालुर्हरिरब्रवीत् ॥ १५

---

**શ્રીહરિ પણ તેમના આદરને માન આપી વિરાજમાન થયા, ત્યારે તેણે શ્રીહરિને નમસ્કાર કરી શ્રીહરિની આગળ જ પોતાનું સ્થાન લીધું, તે પછી અગ્નિ સમાન તેજસ્વી અને વિદ્વાન એવા દેશદેશાંતરમાંથી આવેલા તથા કચ્છદેશ નિવાસી બ્રાહ્મણો પણ ભગવાન શ્રીહરિને વિનયપૂર્વક પ્રણામ કરી તેમની સન્મુખ જ સમીપે બેઠા.[૭-૮] તે સભામાં વિદ્વાન બ્રાહ્મણો યથાયોગ્ય બેસી ગયા પછી યજમાન કુબેરજી ભગવાન શ્રીહરિને બે હાથ જોડી પ્રણામ કરી કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! તમે વેદશાસ્ત્રમાં પારંગત છો. નૈષ્ઠિક બ્રહ્મચારી છો. એથી મારા યજ્ઞની સમાપ્તિ પર્યંત અહીં નગરમાં જ નિવાસ કરીને રહો. એવી મારી ઇચ્છા છે અને તમે જ્યાં સુધી નિવાસ કરીને રહેશો ત્યાં સુધી હું સંતો ભક્તોના મંડળે સહિત આપની અન્ન વસ્ત્રાદિકે કરીને સેવા કરીશ, કારણ કે આપના જેવા મહાપુરુષો મારા યજ્ઞનું આભૂષણ છે.[૯-૧૧]**

**હે વર્ણીરાજ ! હે સ્વામિન્ ! દેશદેશાંતરમાંથી આવેલા આ સર્વે બ્રાહ્મણો વેદશાસ્ત્રના જ્ઞાતા છે. તેઓ સત્પાત્ર છે, અને ઉચ્ચકુળમાં જન્મ્યા છે.[૧૨] તેમાંથી કોઇ કાશીના નિવાસી છે, તો કોઇ દ્રવિડદેશના નિવાસી છે, કોઇ મહારાષ્ટ્રના નિવાસી છે, કોઇ ગૌડદેશના નિવાસી છે, તો કોઇ ગુજરાતના પણ નિવાસી છે.[૧૩] એટલાજ માટે હે સદ્બુદ્ધિમાન સ્વામી ! તમે પણ સ્થિર મન કરી અહીં નિવાસ કરીને રહો, એવો મારો મનોરથ છે.[૧૪] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે કુબેરજીનું વચન સાંભળી યજ્ઞમાં હોમ કરવા બાંધેલાં અને ઉચ્ચ સ્વરે આક્રોશ કરતાં અનેક બકરાંઓને જોઇ જેનું હૃદય અત્યંત દયાળુ છે એવા ભગવાન શ્રીહરિ**

**श्रीनारायणमुनिरुवाच -**

शृणु त्वं सानुजो विप्र ! शृण्वन्त्वन्ये च वाडवाः । हितं वदामि सर्वेषां युष्माकं धर्मचारिणाम् ॥ १६
सज्जनो न सभां गच्छेत् गतश्चेत्प्रवदेदृतम् । अब्रुवन्विब्रुवन्वापि पापी स्यात्तद्ब्रवीम्यृतम् ॥ १७
साक्षात्पश्वालम्भहीनः सर्वेषामुचितो मखः । ब्राह्मणानां विशेषेण सात्विकानां तथा नृणाम् ॥ १८
यज्ञशेषामिषप्राशः सहिंसे हि मखे भवेत् । स नोचितो ब्राह्मणानां धार्मिकाणां द्विजोत्तम ! ॥ १९
आक्रोशतः पशोर्हिंसा प्रसभं तद्विदारणम् । अशक्यं द्रष्टुमपि वै ब्राह्मणैस्तु दयालुभिः ॥ २०
एते विप्राः पात्रभूता इति वक्षि कुबेरजित् ! । त एते तत्कथं कर्म करिष्यन्त्यस्रपा इव ॥ २१
तत्कृतौ पात्रतैतेषां ब्राह्मणत्वं च नंक्ष्यति । वृत्तं विना तद्द्वयं तु न स्याद्भूरिश्रुतादिभिः ॥ २२
अत्रार्थे स्मृतिवाक्यानि विप्र ! हेमाद्रिसूरिणा । सन्त्युद्धृतानि भूरीणि तेषां ते कतिचिद्ब्रुवे ॥ २३

---

કુબેરજી પ્રત્યે કહેવા લાગ્યા.[૧૫] ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે કુબેરજી વિપ્ર ! ભાઈઓએ સહિત તમે અને આ સર્વે વિદ્વાન બ્રાહ્મણો મારું વચન સાંભળો. યજ્ઞ જેવા પવિત્ર ધર્માચરણને કરવા જઈ રહ્યા છો ત્યારે તમારા સર્વેના હિતની વાત હું કરું છું, સજ્જન પુરુષો સભામાં જતા નથી અને જો જાય તો સત્ય બોલે છે. સત્ય જાણવા છતાં બોલે નહિ અથવા કોઈની શરમમાં વિપરીત બોલે છે, તો તેને પાપ લાગે છે. તેથી હું તમને જેમ છે તેમ સત્ય જણાવીશ.[૧૬-૧૭]

હે વિપ્રો ! સત્ત્વગુણ પ્રધાન એવા ક્ષત્રિય અને વૈશ્ય જનોએ અને તેમાં પણ વિશેષપણે કરીને તો બ્રાહ્મણોએ પ્રત્યક્ષ પશુના વધ રહિતના યજ્ઞોનું અનુષ્ઠાન કરવું જોઈએ. હે શ્રેષ્ઠ વિપ્રો ! હિંસામય યજ્ઞમાં યજ્ઞના શેષભૂત માંસનું ભક્ષણ કરવાનું થાય એ ધાર્મિક બ્રાહ્મણો માટે ક્યારેય યોગ્ય નથી. તેમાં પણ આક્રોશ કરતાં નિર્દોષ પશુનો વધ કરી તેને ટુકડા કરીને કાપવું, એ દૃશ્ય કયો દયાળુ બ્રાહ્મણ જોવા સમર્થ થાય ?.[૧૮-૨૦] હે કુબેરજી ! તમે એમ કહો છો કે, આ બ્રાહ્મણો સર્વે સત્પાત્ર છે. તો એવા સત્પાત્ર બ્રાહ્મણો રાક્ષસની પેઠે આવું પશુ હિંસાનું ઘોર કર્મ તથા યજ્ઞના શેષભૂત માંસના ભક્ષણનું નિંદિત કર્મ કેમ કરી શકશે ? અને જો આવું કર્મ કરશે તો તેઓની પાત્રતા અને બ્રાહ્મણત્ત્વ નાશ પામી જશે. સદાચારના પાલન વિના કેવળ શાસ્ત્રોના બહુ અધ્યયનથી સત્પાત્રતા કે બ્રાહ્મણત્વ પ્રાપ્ત થઈ જતું નથી.[૨૧-૨૨]

**બ્રાહ્મણત્વનાં લક્ષણો :–** હે વિપ્ર ! આ સત્પાત્રનું સ્પષ્ટપણે પ્રતિપાદન કરનારાં સ્મૃતિ, શ્રુતિ, પુરાણો અને ધર્મશાસ્ત્રોમાંથી હેમાદ્રિ નામના વિદ્વાને ઘણાં

न जातिर्न कुलं राजन् न स्वाध्यायः श्रुतं न च । कारणानि द्विजत्वस्य वृत्तमेव तु कारणम् ॥ २४
किं कुलं वृत्तहीनस्य करिष्यति दुरात्मनः । कृमयः किं न जायन्ते कुसुमेषु सुगन्धिषु ॥ २५
नैकमेकान्ततो ग्राह्यं पठनं हि विशाम्पते ! । वृत्तमन्विष्यतां तात ! रक्षोभिः किं न पठ्यते ॥ २६
बहुना किमधीतेन नटस्येव दुरात्मनः । तेनाधीतं श्रुतं वापि यः क्रियामनुतिष्ठति ॥ २७
कपालस्थं यथा तोयं श्वदृतौ च यथा पयः । दूष्यं स्यात्स्थानदोषेण वृत्तहीनं तथा श्रुतम् ॥ २८
तस्माद्विद्धि महाराज ! वृत्तं ब्राह्मणलक्षणम् । चतुर्वेदोऽपि दुर्वृत्तः शूद्रादल्पतरः स्मृतः ॥ २९
सत्यं दमस्तपो दानमहिंसेन्द्रियनिग्रहः । दृश्यन्ते यत्र राजेन्द्र ! स ब्राह्मण इति स्मृतः ॥ ३०

---

બધાં વચનો એકઠાં કરેલાં છે. તેમાંથી અમુક વચનો તમને સંભળાવું છું.[૨૩] અગ્નિપુરાણના વચનોથી કહે છે, હે રાજન્ ! ઉત્તમ બ્રાહ્મણની જાતિ સારા કુળમાં જન્મ, વેદાધ્યયન અને અનેક શાસ્ત્રોનું અધ્યયન આમાંથી બ્રાહ્મણપણાનાં કોઇ કારણો કે લક્ષણો નથી. પરંતુ સદાચાર એ જ એક બ્રાહ્મણત્વનું સાચું લક્ષણ છે. સત્ય, અહિંસા આદિ સદાચારહીન અને તેથી જ દુષ્ટ પુરુષોનો ઉચ્ચ કુળમાં જન્મ પ્રાપ્ત થયો તેનાથી શું છે ? એતો સુગંધીમાન પુષ્પોમાં ઘણાય સૂક્ષ્મ કીડાઓ ઉત્પન્ન થાય છે. તેને કુળપણાનું સન્માન થોડું મળી શકે છે ?.[૨૪-૨૫]

હે રાજન્ ! હે તાત ! કેવળ વેદાધ્યયન કે શાસ્ત્રાધ્યયન માત્રથી બ્રાહ્મણત્વ આવી જતું નથી. તેતો માત્ર સદાચારના પાલનથી જ આવે છે. કેવળ શાસ્ત્રાધ્યયનથી બ્રાહ્મણત્વ પ્રાપ્ત થતું હોય તો રાક્ષસો ક્યાં નથી ભણતા ? બ્રાહ્મણ કુળમાં જન્મ અને શાસ્ત્રાધ્યયન કરેલું હોવા છતાં જગત તેને રાક્ષસો કહે છે. પરંતુ સત્પાત્ર બ્રાહ્મણ તરીકેનો કોઇ સ્વીકાર કરતું નથી. બહુ જ શાસ્ત્રોના અધ્યયન કર્યાં હોય છતાં હિંસા આદિ પાપમાં રુચિ હોય તો તેનું નટના વેષ જેવું નિરર્થક બ્રાહ્મણત્વપણું છે. માત્ર બ્રાહ્મણના વેષથી શું છે ? માટે સદાચાર સંપન્ન હોય તે જ સાચો બ્રાહ્મણ છે. તેને જ વેદાધ્યયન અને શાસ્ત્રાધ્યયન કર્યું છે.[૨૬-૨૭] બાકી માનવની ખોપરીમાં ભરેલું શુદ્ધપાણી અને કૂતરાંના ચામડાની કોથળીમાં ભરેલું દૂધ જેમ સ્થાન દોષથી દુષિત થાય છે. તેમ સદાચારહીન બ્રાહ્મણમાં રહેલી વિદ્યા દુષિત થાય છે.[૨૮] હે મહારાજા ! તે માટે સદાચારનેજ એક તમે બ્રાહ્મણત્વનું લક્ષણ જાણો. તે વિના ચાર વેદ ભણ્યો હોય છતાં દુરાચારી હોય તો તે શૂદ્ર કરતાં પણ તુચ્છ ગણાય છે.[૨૯] હે રાજેન્દ્ર ! જેમાં સત્ય, દમ, તપ, દાન, અહિંસા, ઈન્દ્રિયનિગ્રહ આદિ ગુણો જોવામાં આવે તેને જ બ્રાહ્મણ જાણવો.[૩૦] યમસ્મૃતિમાં કહેલું છે કે, અહિંસાધર્મ પરાયણ હોય,

अहिंसानिरतो नित्यं जुह्वानो जातवेदसम् । स्वदारनिरतो दाता स वै ब्राह्मण उच्यते ॥ ३१
सत्यं दानं क्षमा शीलमनृशंस्यं दया घृणा । दृश्यन्ते यत्र लोकेऽस्मिंस्तं देवा ब्राह्मणं विदुः ॥ ३२
तपो धर्मो दमो दानं सत्यं शौचं श्रुतं घृणा । विद्या विनयमस्तेयम् एतद्ब्राह्मणलक्षणम् ॥ ३३
यागस्तपो दया दानं सत्यं शौचं श्रुतं घृणा । विद्या विज्ञानमास्तिक्यम् एतद्ब्राह्मणलक्षणम् ॥ ३४
ये क्षान्तदान्ताः श्रुतपूर्णकर्णा जितेन्द्रियाः प्राणिवधान्निवृत्ताः ।
प्रतिग्रहे सङ्कुचिताग्रहस्तास्ते ब्राह्मणास्तारयितुं समर्थाः ॥ ३५
क्षान्तिर्दान्तिर्दया सत्यं दानं शीलं तपः श्रुतम् । एतदष्टाङ्गमुद्दिष्टं परमं पात्रलक्षणम् ॥ ३६

---

નિત્ય અગ્નિમાં હોમ હવન કરતો હોય, એક પત્નીવ્રતવાળો હોય, યથાશક્તિ સત્પાત્રમાં દાન કરતો હોય, આવાં લક્ષણો હોય તેજ બ્રાહ્મણ કહેવાયો છે.[૩૧] જેનામાં સત્ય, દાન, ક્ષમા, શીલ, માનવતા, દયા, શાસ્ત્ર વિરુધ્ધ વર્તનમાં ઘૃણા વગેરે સદાચારના સદ્‌ગુણો જોવા મળે તેને જ દેવતાઓ બ્રાહ્મણ કહે છે.[૩૨]

તેવીજ રીતે યમરાજાએ તથા શાતાતપે પણ કહેલું છે કે તપ, દમ, દાન, સત્ય, શૌચ, શાસ્ત્રાધ્યયન, દયા, વિદ્યા, વિનય, અસ્તેય, આર્ષપણું, જપ આદિ લક્ષણો જેનામાં જોવા મળે તેને જ બ્રાહ્મણ જાણવા.[૩૩]

વળી વસિષ્ઠમુનિએ પણ કહેલું છે કે, યાગ, તપ, દયા, દાન, સત્ય, શૌચ, શાસ્ત્રાભ્યાસ, અસત્કર્મ કરવામાં ઘૃણા, જ્ઞાન, વિજ્ઞાન, આસ્તિક્તા આદિ બ્રાહ્મણનાં લક્ષણો છે.[૩૪] જે ક્ષમા રાખે છે, ઇંદ્રિયોનું દમન કરે છે, શાસ્ત્ર શ્રવણથી જેના કાન તૃપ્ત થયા છે, ઇંદ્રિયો પર વિજય મેળવ્યો છે, પ્રાણીઓનો વધ જે મનથી પણ નથી કરતા અને દાનનો સ્વીકાર કરવામાં જેમનો હાથ સંકોચ કરે છે તેવા બ્રાહ્મણો છે તે જ અનેક જીવોને સંસારમાંથી તારવા સમર્થ થાય છે.[૩૫]

**સત્પાત્રતાનાં લક્ષણો :–** શ્રીહરિ કહે છે, હે વિપ્રો ! હવે તમને ભવિષ્યપુરાણમાં સત્પાત્રનાં જે લક્ષણો કહેલાં છે તે કહી દેખાડું છું. ક્ષમા, ઇંદ્રિયોનું દમન, દયા, સત્ય, દાન, શીલ, તપ અને વેદાધ્યયન આ આઠ અંગ છે તે ''સત્પાત્રતા'' નાં પરમ લક્ષણો છે, એમ શાસ્ત્રવેત્તાઓ કહે છે, તેથી યાજ્ઞવલ્ક્યઋષિ પણ કહે છે કે, કેવળ એક શાસ્ત્રમાત્રનું અધ્યયન કરવાથી કે કેવળ તપમાત્રનું આચરણ કરવાથી સત્પાત્રતા પ્રાપ્ત થતી નથી, પરંતુ જેનામાં પૂર્વોક્ત સદાચાર હોય ને તેની સાથે વિદ્યા અને તપ આ બે ગુણોનો સમાવેશ જોવામાં આવે તે બ્રાહ્મણ જ ઉત્તમ પાત્ર છે.[૩૬-૩૭]

न विद्यया केवलया तपसा वापि पात्रता । यत्र वृत्तमिमे चोभे तद्धि पात्रं प्रकीर्तितम् ॥ ३७
इत्यादीनि बहून्येव दयालुत्वेऽग्रजन्मनाम् । वाक्यानि सन्ति विप्रेन्द्र ! सन्तस्तानि च मन्वते ॥ ३८
यज्ञोऽयं भवता तस्मात् रहितः पशुहिंसया । कर्तव्यस्तेन सर्वेषां श्रेय एव भविष्यति ॥ ३९
एतादृशाः पात्रविप्रा यत्र स्युस्तत्र वाडव ! । मनसापि हि जीवानां स्याद्धिंसासम्भवः कथम् ॥ ४०
आक्रोशतः पशूनेतान् निबद्धान् पश्यतो मम । भृशं सञ्जायते खेदो मानसे हि दयावशात् ॥ ४१
अन्नैर्व्रीह्यादिभिर्यज्ञः पयोदधिघृतादिभिः । रसैश्च क्रियतां तेन तृप्तिं यास्यन्ति देवताः ॥ ४२
सात्विका देवताः प्रोक्ताः तामसा असुरास्तथा । राजसा मनुजाः शास्त्रे ह्यूर्ध्वाधोमध्यवासिनः ॥ ४३
मद्यमांसप्रिया दैत्याः तामसत्वाद्भवन्ति च । देवास्तु सात्विका ब्रह्मन्नन्नाज्यादिरसप्रियाः ॥ ४४
देवानां यजनं मांसैः अनापदि तु नोचितम् । सर्वथाऽन्नाद्यभावे तु कर्तव्यं तैरपि क्वचित् ॥ ४५

---

હે ઉત્તમ વિપ્ર કુબેરજી ! આ પ્રમાણે સત્પાત્ર બ્રાહ્મણત્વનાં અને તેની દયાળુતાનાં પ્રતિપાદન કરનારાં અનેક શાસ્ત્રોનાં વચનો છે જેને સદાચાર નિષ્ઠ વિદ્વાન સત્પુરુષોએ પ્રમાણપણે માન્ય ગણ્યાં છે.[૩૮] તેથી તમે પણ આ યજ્ઞનું અનુષ્ઠાન પશુહિંસા રહિતનું કરો. અહિંસામય યજ્ઞ કરવાથી તમારું સર્વેનું હિત થશે, કલ્યાણ થશે.[૩૯] હે વિપ્ર ! પૂર્વોક્ત લક્ષણે સંપન્ન સત્પાત્રભૂત બ્રાહ્મણો જે યજ્ઞમાં વિરાજતા હોય તે યજ્ઞમાં સંકલ્પમાત્રથી પણ જીવહિંસા કેમ થાય ? સંભવ જ નથી.[૪૦] હે વિપ્ર ! આક્રોશ કરતાં અને વધમાટે બાંધેલાં આ બકરાં આદિ પશુઓને જોઈને દયાવસાત્ મારા મનમાં અત્યંત ખેદ થઈ રહ્યો છે.[૪૧] ડાંગર, જવ, ઘઉં, તલ વિગેરે અન્નથી દુધ, દહીં, ઘી, સાકર આદિ રસોથી તમે યજ્ઞની ક્રિયા સંપાદન કરો, અને તેવા સાત્વિક યજ્ઞના અનુષ્ઠાનથીજ દેવતાઓ તૃપ્ત થશે.[૪૨]

હે વિપ્ર ! શાસ્ત્રોમાં એમ પણ કહેલું છે કે, દેવતાઓ સાત્વિક હોવાથી ઉપર સ્વર્ગમાં વસે છે, અસુરો તામસી હોવાથી નીચે પાતાળમાં વસે છે અને મનુષ્યો રાજસી હોવાથી વચ્ચે પૃથ્વીલોકમાં વસે છે.[૪૩] હે બ્રહ્મન્ ! અસુરો તામસી હોવાથી તેમને મદ્ય અને માંસ જ પ્રિય હોય છે, અને દેવતાઓ સાત્વિક હોવાથી તેમને ડાંગર આદિ અન્ન અને ઘી આદિ રસ પ્રિય લાગે છે.[૪૪] કોઈ આપત્કાળ ન હોવા છતાં અર્થાત્ ધાન્યરસાદિ વિદ્યમાન હોવા છતાં મદ્યમાંસથી દેવતાઓનું યજન પૂજન કરવું તે ઉચિત નથી. અન્નાદિનો અભાવ હોય તેવા આપત્કાળના સમયે કદાચ મદ્ય-માંસથી પૂજન કરવામાં આવે તો પોતાના પ્રાણ રક્ષણ માટે દોષ નથી.[૪૫] હે વિપ્ર ! તમારી પાસે તો અનેક પ્રકારનાં અન્ન તથા રસોની સમૃદ્ધિ છે. અને કોઈ

नानान्नरससत्त्वेऽपि युष्माभिरापदं विना । क्रियते हिंस्रयज्ञोऽयं लोकशास्त्रविगर्हितः ॥ ४६
मोचयित्वा पशूनेतान् हव्यैश्चेत्पायसादिभिः । यूयं करिष्यथ मखं तर्हि स्थास्याम्यहं त्विह ॥ ४७

सुव्रत उवाच -

इति श्रुत्वा हरेर्वाक्यं साशङ्कः स द्विजोऽभवत् । केचिच्च सात्विका विप्राः सदित्येव स्म मन्वते ॥ ४८
जगज्जीवो महामानी तदा काश्यादिभिर्द्विजैः । रजस्तमःप्रकृतिभिः प्रेरितस्तादृशोऽब्रवीत् ॥ ४९
यज्ञार्थं पशवः सृष्टा इति वै वैदिकी श्रुतिः । यज्ञानन्यत्र ये घ्नन्ति पशूंस्तेऽतोऽसुरा मताः ॥ ५०
या वेदविहिता हिंसा न सा हिंसा मता बुधैः । हिंस्रयज्ञास्ततो वर्णिन् ! कृताः पूर्वैः सहस्रशः ॥ ५१
पन्थानं वैदिकं प्रत्नं विधातुं कोऽन्यथा क्षमः । वयं देवोक्तरीत्यैव करिष्यामोऽध्वरं किल ॥ ५२

सुव्रत उवाच -

इति हिंसारुचेर्वेदतात्पर्यं चाविजानतः । श्रुत्वा तस्य वचः स्वामी पुनस्तद्धितमब्रवीत् ॥ ५३

---

જાતનો આપત્કાળ પણ તમને આવ્યો નથી. છતાં લોક અને શાસ્ત્રમાં નિંદિત હિંસામય યજ્ઞનું અનુષ્ઠાન તમે કરો છો તે યોગ્ય નથી કરતા. હે કુબેરજી ! જો તમે આ પશુઓને છોડી મૂકો અને ખીર આદિ હૂત દ્રવ્યોથી યજ્ઞનું અનુષ્ઠાન કરો તોજ હું અહીં રહી શકું, નહિં તો હું ચાલ્યો જઈશ.[૪૬-૪૭] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિનું વચન સાંભળી કુબેરજીનું મન શંકામાં પડ્યું, કે હવે શું કરવું ? તથા કેટલાક સાત્વિક પ્રકૃતિના બ્રાહ્મણો હતા તેણે પણ શ્રીહરિની વાત સાચી માની.[૪૮] પરંતુ તે સમયે રજોગુણ અને તમોગુણ પ્રકૃતિવાળા કાશી, મહારાષ્ટ્ર અને દ્રવિડદેશના કેટલાક બ્રાહ્મણો હતા, તેમણે પોતાના જેવા જ તમોગુણી અને મહાઅભિમાની જગજીવનને પ્રેર્યો તેથી તે શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યો.[૪૯]

હે શ્રીહરિ ! "યજ્ઞાર્થં પશવઃ સૃષ્ટાઃ" અર્થાત્ "પશુઓનું સર્જન કેવળ યજ્ઞ માટે જ થયું છે" એમ આ વેદની શ્રુતિ પ્રમાણ કરે છે. તેથી જે પુરુષો યજ્ઞ સિવાય અન્યત્ર પશુવધ કરે છે, તે પુરુષો અસુરો મનાયેલા છે.[૫૦] હે વર્ણિ ! જે હિંસાનું વેદમાં પ્રતિપાદન કરેલ છે, તેને હિંસા કહેવાય નહિ, એમ વિદ્વાન પુરુષો માને છે. અને તેથી જ આથી પહેલાં હજારો રાજા મહારાજાઓએ હિંસામય યજ્ઞોનું અનુષ્ઠાન કરેલું છે.[૫૧] આવી પુરાતન વૈદિક પરંપરાને મિથ્યા કરવા કયો પુરુષ સમર્થ છે ? અને તેથી જ અમે વેદોક્ત પરંપરા અનુસાર હિંસામય યજ્ઞ કરશું જ.[૫૨]

**વેદોક્ત હિંસાનું તાત્પર્ય :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે હિંસામાં રુચિ હોવાથી અને વેદનું તાત્પર્ય નહિં સમજતા એવા જગજીવનનું

श्रीनारायणमुनिरुवाच –

नहि वेदस्य तात्पर्यं हिंसायां वर्तते द्विज ! । किन्तु रागप्राप्तहिंसा सङ्कोचे सर्वथैव हि ॥ ५४
राजसानां तामसानां स्वाभाविक्येव वर्तते । प्रवृत्तिर्जीवहिंसायां चोदना नास्ति तत्र वै ॥ ५५
हिंसायां यदि रागः स्यात् कार्या सा तर्हि तु क्रतौ । इति वेदो वदन् हिंसां सङ्कोचयति वाडव ! ॥ ५६
निवृत्तावेव तात्पर्यं वर्तते निगमस्य हि । कृतोऽस्ति निर्णयश्चास्य श्रीमद्भागवते शृणु ॥ ५७

लोके व्यवायामिषमद्यसेवा नित्यास्तु जन्तोर्नहि तत्र चोदना ।
व्यवस्थितिस्तेषु विवाहयज्ञसुराग्रहैरासु निवृत्तिरिष्टा ॥ ५८

परोक्षवादो वेदोऽयं बालानामनुशासनम् । कर्ममोक्षाय कर्माणि विधत्ते ह्यगदं यथा ॥ ५९

---

વચન સાંભળી ભગવાન શ્રીસહજાનંદ સ્વામી તેનું હિત થાય તેવાં વચનો ફરી કહેવા લાગ્યા.[૫૩] શ્રીનારાયણમુનિ કહે છે, હે વિપ્ર ! વેદનું તાત્પર્ય હિંસાપરક નથી. તેમાં જે હિંસાનું વિધાન છે તેતો પોતાના માંસ ભક્ષણના રાગથી લોકો જ્યાં ત્યાં હિંસા કરતા હતા. તેનો ધીરે ધીરે સંકોચ થાય અને છેલ્લે સદંતર બંધ કરી દેવામાં આવે, એ તાત્પર્ય છે.[૫૪] રાજસી અને તામસી સ્વભાવના મનુષ્યોની પ્રવૃત્તિ જીવહિંસામાં સહજ રહેલી હોય છે. તેને કાંઇ વેદવાક્યોની પ્રેરણાની જરૂર પડે નહિ.[૫૫] હે વિપ્ર ! વેદનું તાત્પર્ય એજ રહ્યું છે કે, "જો તમને હિંસામાં રાગ હોય તો તે હિંસા માત્ર યજ્ઞમાં કરો. ગમે ત્યાં ગમે ત્યારે નહિ" આ પ્રમાણે કહીને વેદો હિંસાનો સંકોચ કરે છે.[૫૬] અને વેદનું સંપૂર્ણ તાત્પર્ય તો જીવહિંસાની ધીરે ધીરે નિવૃત્તિ કરવાનું છે. અને તે બાબતનો નિર્ણય શ્રીમદ્ ભાગવતમાં સ્પષ્ટપણે કરવામાં આવ્યો છે, તે તમને જણાવું છું, તમે સાવધાન થઈને સાંભળો.[૫૭]

હે વિપ્ર ! આ લોકમાં મનુષ્યોએ સહિત જીવપ્રાણી માત્રને મૈથુન, માંસ અને મદિરાના સેવનમાં સહેજે જ રાગ હોવાથી તેમાં પ્રવૃત્તિ સહેજે જ થાય છે. તેમાં શાસ્ત્રના ઉપદેશની કોઈ જરૂર પડતી નથી. પરંતુ તેમાંથી ધીરે ધીરે નિવૃત્ત થવા માટે જ મૈથુન માટે વિવાહ વ્યવસ્થા, માંસ માટે યજ્ઞ વ્યવસ્થા અને મદિરા માટે સૌત્રામણીયાગની વ્યવસ્થા કરવામાં આવી છે. આ રીતે વેદનું તાત્પર્ય તો સદન્તર હિંસાથી નિવૃત્ત થવું તે જ છે.[૫૮]

હે વિપ્ર ! વેદમાં બતાવેલ સ્વર્ગાદિ પ્રાપ્તિ આદિ કામ્યકર્મના વિધાનનો અભિપ્રાય તેવાં કર્મમાંથી નિવૃત્તિ લેવી તે જ છે. છતાં તે અભિપ્રાયને નહિ સમજી શક્તા અજ્ઞાનીજનોને સમજાવવા માટે પરોક્ષવાદનાં વચનો કહેલાં છે. જેમ રોગી

हिंसापरं ततो वेदं मा जानीहि कदाचन । महाननर्थो भविता ह्यन्यथा तु न संशयः ॥ ६०
पुरा राजोपरिचरो वसुनामाऽभवद्द्विज ! । तं देवा ऋषयश्चापि समपृच्छन्त संशयम् ॥ ६१
वेदो हिंसापरो नो वा पृष्ट इत्यब्रवीन्नृपः । हिंसापरो वेद इति ततोऽसावपतद्भुवि ॥ ६२
अधोगतिः सद्य आसीत् अन्तरिक्षचरोऽप्यसौ । कथैषा वायवीयेऽस्ति मात्स्येऽथो भारतादिषु ॥ ६३
यदि वेदस्य हिंसेष्टा भवेत्तर्हि वसुर्नृपः । तथोक्तिमात्रतः सद्यः पतेत्कथमधो द्विज ! ॥ ६४
हिंसानिवृत्तितात्पर्यं वेदं वेत्तु ततो भवान् । इत्युक्तः स पुनः कृष्णमाचिक्षेप रुषाज्वलन् ॥ ६५
यज्ञे समन्त्रं निहता याज्ञिकैः पशवोऽखिलाः । तिर्यग्योनिविनिर्मुक्ताः प्राप्नुवन्ति दिवं किल ॥ ६६

---

બાળકને ઔષધ પાવા માટે પિતા લાડુ દેખાડીને કહે બેટા ! આ ઔષધ પી જા તને આ લાડુ આપીશ. આ લાડુ આપવાના વિધાનનો પરોક્ષ અર્થ શું છે ? બાળક દવા પીએ અને રોગમુક્ત થાય, પરંતુ લાડુ ખવડાવીને તેનો રોગ વધારવાનો પ્રયત્ન કે અભિપ્રાય અહીં છે જ નહિ.[૫૯] હે વિપ્ર ! તેથી તમે પણ વેદને હિંસાના સમર્થન કરનારા ક્યારેય પણ ન માનો. અને જે વેદને હિંસાપર માને છે તેને મહા અનર્થો ઉત્પન્ન થાય છે તેમાં કોઇ સંશય નથી.[૬૦]

**ઉપરીચર વસુરાજાનું લાલચમાં પતન :–** શ્રીહરિ કહે છે, હે વિપ્ર ! પૂર્વે આકાશમાર્ગે વિચરણ કરતા ઉપરીચર નામના રાજા થયા. હિંસામય યજ્ઞ કરનારા ઈન્દ્રાદિ દેવતાઓ અને તેનો નિષેધ કરનારા ઋષિમુનિઓએ સાથે મળીને ઉપરીચર વસુરાજાને પોતાના સંશય વિષે પ્રશ્ન કર્યો કે, હે રાજન્ ! વેદોનું તાત્પર્ય હિંસા પરત્વે છે કે નથી ? આ પ્રમાણે પૂછ્યું ત્યારે ઈન્દ્ર સાથેની મિત્રતાની લાલચમાં આવી ઉપરીચર વસુરાજાએ કહ્યું કે, "વેદોનું તાત્પર્ય હિંસાપર છે" આટલું બોલતાં જ રાજા આકાશમાંથી પૃથ્વી પર પડ્યા.[૬૧-૬૨] રાજા આકાશમાં ગતિ કરતા હતા છતાં ખોટો અભિપ્રાય આપતાંની સાથે જ તેની અધોગતિ થઇ. આ કથા વાયુ પુરાણ, મત્સ્યપુરાણ, સ્કંદપુરાણ અને મહાભારત જેવા ઇતિહાસને વિષે વિસ્તારથી વર્ણવેલી છે.[૬૩]

હે વિપ્ર ! જો વેદનું તાત્પર્ય હિંસા પરત્વે હોય તો "વેદોનું તાત્પર્ય હિંસા પર છે" એટલું બોલવા માત્રથી ઉપરીચર વસુરાજાનું તત્કાળ પૃથ્વી પર પતન કેમ થાય ?[૬૪] તેથી તમે પણ વેદનું તાત્પર્ય હિંસાની નિવૃત્તિ પરત્વે છે, એમ નક્કી જાણો. આ પ્રમાણે શ્રીહરિએ કહ્યું તેથી જગજીવન વિપ્ર મહા ક્રોધથી બળવા લાગ્યો અને શ્રીહરિ ઉપર ફરી આક્ષેપ કરીને કહેવા લાગ્યો. કે, હે વર્ણિ ! યજ્ઞ કરનાર

हिंसाऽतो यज्ञिया वर्णिन् ! धर्म एवास्ति निश्चितम् । तामधर्मं ब्रुवन्नैव विद्वत्सदसि शोभसे ॥ ६७
यज्ञशेषामिषाद्याशे प्रमाणं भगवद्वचः । यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ॥ ६८

**सुव्रत उवाच -**

मांसाशनप्रियस्येत्थं यज्ञदम्भस्य तस्य ताम् । वाचं श्रुत्वाऽब्रवीत् स्वामी ह्यधर्मे धर्ममानिनः ॥ ६९

**नारायणमुनिरुवाच -**

पशुघातो धर्म इति त्वन्मतं न सतां मतम् । फलं धर्मस्य हि सुखं दुःखं पापस्य कर्मणः ॥ ७०
दुःखमेव फलं प्रोक्तं पशुघातस्य कर्मणः । श्रीमद्भागवते विप्र ! नारदेन वदामि तत् ॥ ७१
प्राचीनबर्हिषं भूपं कर्मस्वासक्तमानसम् । नारदोऽध्यात्मतत्त्वज्ञः कृपालुः प्रत्यबोधयत् ॥ ७२
भो भो प्रजापते ! राजन् ! पश्य त्वयाऽध्वरे । संज्ञापिताञ्जीवसङ्घान् निर्घृणेन सहस्रशः ॥ ७३

---

પુરુષો યજ્ઞમાં મંત્રના સંસ્કાર કરીને જે પશુઓનો વધ કરે છે તે પશુઓ તિર્યગ્યોનિમાંથી મુક્ત થઈ સ્વર્ગમાં દેવતા થાય છે. આ વાત વેદમાં પ્રસિદ્ધ છે.[૬૫-૬૬] હે વર્ણિ ! એથી યજ્ઞમાં કરવામાં આવતી હિંસા એક નક્કી ધર્મ જ છે. અને તેને વિદ્વાનોની સભામાં અધર્મ કહેવો તે તમારા જેવા પુરુષોને શોભતું નથી.[૬૭] અને બીજું કે, "યજ્ઞના શેષભૂત પ્રસાદનું ભક્ષણ કરનાર પુરુષો સર્વ પાપ થકી મુક્ત થઈ જાય છે." આવું ભગવદ્‌ગીતાનું પ્રમાણભૂત વાક્ય છે તેથી યજ્ઞના શેષભૂત માંસનું ભક્ષણ પણ કરવામાં કોઈ દોષ નથી.[૬૮]

સુવ્રતમુનિ કહ છે, હે રાજન્ ! માંસ પ્રિય અને યજ્ઞના અનુષ્ઠાનનો દંભ કરનાર તથા અધર્મને ધર્મ માનનારા જગજીવનનાં ઉપરોક્ત વચનો સાંભળી ભગવાન શ્રીહરિ ફરી કહેવા લાગ્યા.[૬૯] શ્રીનારાયણમુનિ કહે છે, હે વિપ્ર ! પશુના ઘાત કરવાને ધર્મ કહેવો એ કેવળ તમારો અભિપ્રાય છે. એ સંતપુરુષોનો મત નથી. ધર્મનું ફળ સુખ છે અને અધર્મનું ફળ દુઃખ છે.[૭૦] હે વિપ્ર ! શ્રીમદ્‌ભાગવતમાં દેવર્ષિ નારદે યજ્ઞમાં પશુઘાતના કર્મનું દુઃખ જ છે એમ કહેલું છે, તે તમને હું સંભળાવું છું.[૭૧] હે વિપ્ર ! અધ્યાત્મતત્ત્વને જાણનારા પરમ કૃપાળુ દેવર્ષિ નારદે હિંસામય યજ્ઞ કરવામાં આસક્ત પ્રાચીન બર્હિષ રાજાને બોધ આપતાં કહ્યું કે, હે પ્રજાપતિ ! યજ્ઞમાં નિર્દય થઈને તમે મારેલાં હજારો પશુઓના જીવ સમૂહોને આકાશમાં નિહાળો.[૭૨-૭૩] તે સર્વે તમે આપેલી પ્રાણઘાતની વેદનાનું સ્મરણ કરતાં કરતાં તમે મૃત્યુના માર્ગે ક્યારે સિધાવો છો તેની પ્રતીક્ષા કરી રહ્યાં છે. તમે

एते त्वां सम्प्रतीक्षन्ते स्मरन्तो वैशसं तव । सम्परेतमयःकूटैश्छिन्दन्त्युत्थितमन्यवः ॥ ७४
तं यज्ञपशवोऽनेन संज्ञप्ता येऽदयालुना । कुठारैश्चिच्छिदुः क्रुद्धाः स्मरन्तोऽमीवमस्य तत् ॥ ७५
इत्यादि नारदेनोक्तं स निशम्य नराधिपः । सहिंसयज्ञानुत्सृज्य ह्यहिंसं धर्ममाश्रयत् ॥ ७६
तस्मात्त्वमपि सुज्ञोऽसि विश्रुतो यशसा भुवि । पशुहिंसामृते यज्ञं कर्तुमर्हस्यशेषतः ॥ ७७

सुव्रत उवाच –

एवमुक्तेऽपि हरिणा स्वमतं स तु नात्यजत् । सद्यस्तदाऽगात्स्वस्थानं स तन्मदभरं विदन् ॥ ७८
द्वितीयेऽह्नि ततः स्थातुं धर्म आज्ञाप्य स स्वकान् । निर्ययौ नगरात्स्वामी ते च दूरं तमन्वयुः ॥ ७९
तान्निवर्त्य निजान्मार्गे जनान्सम्प्रीणयन्निजान् । दिनैः कतिपयैः प्रापद्धमकापुरमीश्वरः ॥ ८०
हरेरुल्लङ्घ्य वचनं सोऽथ विप्रो निजं मखम् । समारेभे पशूंश्चाहन्मदमानविमूढधीः ॥ ८१

---

જ્યારે મૃત્યુ પામી આકાશમાર્ગે પ્રસાર થશો ત્યારે અત્યંત ક્રોધે ભરાયેલાં તે પશુઓ લોહના યંત્રથી તમારા શરીરના ટુકડે ટુકડા કરી નાખશે.[૭૪] પૂર્વે પુરંજન રાજાએ નિર્દયપણે મારેલાં યજ્ઞનાં પશુઓ અત્યંત ક્રોધે ભરાઈને તે રાજા જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે તેની નિર્દયતાનું સ્મરણ કરતાં કરતાં લોહના કુઠારથી તેમના ટુકડે ટુકડા કર્યા હતા.[૭૫] હે વિપ્ર ! આ પ્રમાણે નારદજીનાં વચનો સાંભળી પ્રાચીન બર્હિષ રાજાએ હિંસામય યજ્ઞનો ત્યાગ કરી અહિંસામય યજ્ઞોવાળા ધર્મનું અનુસરણ કર્યું હતું. અને હે વિપ્ર ! તમે પણ સુજ્ઞ છો. આ પૃથ્વી પર તમે યશ, કીર્તિથી પ્રખ્યાત છો. તેથી સમગ્ર પણે પશુહિંસાનો ત્યાગ કરી અહિંસામય યજ્ઞનું અનુષ્ઠાન કરો.[૭૬-૭૭]

**શ્રીહરિનું ભુજથી ધમડકાપુરમાં આગમન :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ બહુ સમજાવ્યા, છતાં પણ જગજીવન વિપ્રે પોતે માનેલા મતનો ત્યાગ કર્યો નહિ તેથી તેમને મદથી ઉદ્ધત જાણી ભગવાન શ્રીહરિ તત્કાળ યજ્ઞમંડપને છોડી પોતાના નિવાસ સ્થાને આવતા રહ્યા.[૭૮] ત્યારપછી બીજે દિવસે ભુજનગરવાસી પોતાના ભક્તજનોને સ્વધર્મમાં રહેવાનો ઉપદેશ આપી ભગવાન શ્રીહરિ ભુજનગરથી રવાના થયા અને સર્વે ભક્તજનો દૂર પ્રદેશ સુધી તેમને વળાવવા પાછળ પાછળ આવ્યા.[૭૯] હે રાજન્ ! પરમેશ્વર ભગવાન શ્રીહરિ પોતાની પાછળ આવતા ભુજનગરના ભક્તોને પાછા વાળી માર્ગમાં આવતાં તે તે ગામના ભક્તજનોને પોતાનાં દર્શનનું સુખ આપતા કેટલાક દિવસે ધમડકાપુર પધાર્યા.[૮૦]

हरिवाक्यातिक्रमतो वेदस्य च जनाधिप ! । हिंसापरत्वकथनात्तस्याभद्रमभून्महत् ॥ ८२
राज्ञः कोपोऽभवत्तस्मिन्सहसैवेश्वरेच्छया । क्रुद्धः स तस्य तं यज्ञमुच्चिच्छेद ससैनिकः ॥ ८३
शिवावमन्तुर्यज्ञः प्राग्यथा दक्षप्रजापतेः । उच्छिन्नो वीरभद्रेण तथा तेनैष भूभुजा ॥ ८४
तस्य वित्तं च यानानि गृहोपकरणानि च । यज्ञपात्राणि पक्वान्नराशीन्सैन्यास्त्वपाहरन् ॥ ८५
तेऽपि क्रुद्धास्त्रयस्तर्हि सोदरा भूरिमानिनः । युद्धं कुबेरजिन्मुख्याश्चक्रुस्तैः सह सानुगाः ॥ ८६
सन्ताड्यमाना विप्राश्च श्मश्रुलैर्यवनादिभिः । रुदन्त उच्चैः काश्याद्यास्ततश्चक्रुः पलायनम् ॥ ८७
क्रोशतो द्रवतो भीत्या हृतस्वांश्च द्विजाननु । धावतः सैनिकान् राजा न्यषेधत्कालसन्निभान् ॥ ८८
तस्मिन् युद्धे शस्त्रपाणीं स्त्रींस्तानरुणलोचनान् । जघ्नू राजभटाः क्रूरा घ्नतः स्वानसिपाणयः । ८९
हतास्त्रयोऽपि ते तत्र भक्ष्यन्ते स्मामिषाशिभिः । कङ्कगृध्रादिभिः सद्यः ससुताश्च सहानुगाः ॥ ९०

**હરિ–અવજ્ઞાનું પરિણામ :–** હે રાજન્ ! શ્રીહરિએ ભુજનગર છોડ્યા પછી મદ અને માનથી બુદ્ધિભ્રષ્ટ થયેલા જગજીવન વિપ્રે ભગવાન શ્રીહરિનાં વચનનો અનાદર કરી પોતાના હિંસામય યજ્ઞનો પ્રારંભ કર્યો અને પશુઓનો વધ કરી હોમ કર્યો.[૮૧] હે જનાધિપ ! એક ભગવાન શ્રીહરિનાં વચનોનો અનાદર કરવાથી અને બીજું વેદને હિંસા પરક કહેવાથી તે જગજીવન વિપ્ર ઉપર કોઈ કારણવસાત્ ભુજનગરના રાજાનો કોપ થયો. અને ક્રોધાયમાન રાજાએ પોતાના સૈન્યને મોકલી તેના યજ્ઞનો ઉચ્છેદ કરી નાખ્યો.[૮૨-૮૩] જેવી રીતે પૂર્વે શિવજીનું અપમાન કરનાર દક્ષપ્રજાપતિના યજ્ઞનો વીરભદ્રગણે ઉચ્છેદ કર્યો હતો. તેવી જ રીતે ભુજનગરના રાજાએ જગજીવનના યજ્ઞનો ઉચ્છેદ કર્યો.[૮૪]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! રાજાએ મોકલેલા સૈનિકોએ જગજીવન વિપ્રની સમસ્ત સંપત્તિ, શિબિકા આદિક વાહનો, ઘરનાં સર્વે ઉપકરણો, યજ્ઞનાં પાત્રો તેમજ જલેબી, મોતૈયા આદિ અનેક પક્વાન્નના ઢગલાઓ હરી ગયા.[૮૫] તે સમયે મહા અભિમાની ત્રણે ભાઈઓ અત્યંત ક્રોધ પામી શસ્ત્રધારી પોતાના સેવકોની સાથે તે સૈનિકો સામે યુદ્ધ કરવા લાગ્યા.[૮૬] મોટી દાઢીવાળા મુસ્લીમ સૈનિકોનો માર પડવાથી કાશી આદિ સ્થાનોના બ્રાહ્મણો ઉચ્ચે સ્વરે રડતા રડતા ભુજનગરથી ભાગવા લાગ્યા, મારના ભયથી આક્રંદ કરતા અને ભાગતા તે બ્રાહ્મણોની સંપત્તિ સૈનિકોએ હરી લીધી અને તેમની પાછળ આ મહાકાળ જેવા સૈનિકો દોડતા હતા ત્યારે રાજાએ તેઓને અટકાવ્યા.[૮૭-૮૮] હે રાજન્ ! તે યુદ્ધમાં હાથમાં તીક્ષ્ણ તલવારો લઈ રાજાના ક્રૂર સૈનિકોએ લાલચોળ નેત્રો કરી પોતાને મારવા આવતા કુબેરજી

हाहाकारो महानासीत् पुरे तस्मिंस्तु सर्वतः । हरिवाक्यातिक्रमस्य फलं तद्विविदुर्जनाः ॥ ९१
उद्घोषः सर्वदेशेषु बभूव च ततो नृप ! । देवार्था जीवहिंसापि सर्वोच्छेदकरीति ह ॥ ९२
तत आरभ्य धरणौ धार्मिकाः पुरुषा नृप ! । तत्यजुर्जीवहिंसां च मद्यमांसाशनं तथा ॥ ९३
प्रताप इत्थं प्रथितो धरायां नारायणस्याऽऽसुरकर्महर्तुः ।
धर्मः सभार्यः ससुतश्च तेन प्रमोदमापातितरां प्रपुष्यन् ॥ ९४

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे*
*अहिंसाधर्मस्थापननामैकोनविंशोऽध्यायः ॥ १९ ॥*

---

**આદિ ત્રણે ભાઈઓનાં માથાં વાઢી નાખ્યાં.[૮૯] આ પ્રમાણે હથિયાર ધારી પોતાના પુત્રો અને અનુચરોની સાથે તે ત્રણે ભાઈઓ રણસંગ્રામમાં મૃત્યુ પામ્યા અને તે જ ક્ષણે માંસભક્ષી કાગડા, ગીધ, સમડા આદિ હિંસક પક્ષીઓ અને પ્રાણીઓ તેનું ભક્ષણ કરવા લાગ્યા.[૯૦] તે સમયે ભુજનગરને વિષે તેમનાં મૃત્યુથી ચારે બાજુ હાહાકાર વર્તાયો અને ભગવાન શ્રીહરિનાં વચનોના અનાદરનું આ ફળ તેઓને મળ્યું છે, એમ પુરવાસીજનો માનવા લાગ્યા.[૯૧] હે રાજન્ ! ત્યારથી આરંભીને સમગ્ર દેશમાં એવો ઉદ્‍ઘોષ વ્યાપી ગયો કે, દેવોને માટે પણ યજ્ઞમાં કરવામાં આવતી જીવ હિંસા મૂળે સહિત વંશનો વિનાશ કરનારી છે.[૯૨]**

**હે રાજન્ ! ત્યારથી આરંભીને પૃથ્વી પર ધાર્મિક પુરુષોએ પણ યજ્ઞાદિમાં જીવહિંસાનો અને દેવાદિકને નિવેદન કરી મદ્યમાંસ ભક્ષણ કરવાનો રિવાજ સદંતર છોડી દીધો.[૯૩] હે રાજન્ ! આ પ્રમાણે હિંસામય યજ્ઞાદિ આસુરી ક્રિયાનો વિનાશ કરતા ભગવાન શ્રીસ્વામિનારાયણનો પ્રતાપ આ ધરતીપર ચારે તરફ ફેલાયો અને તેણે કરીને પત્ની ભક્તિ અને પુત્ર જ્ઞાન, વૈરાગ્ય વગેરેની સાથે પોતાનું પોષણ થતાં ભગવાન શ્રીહરિના પિતા સાક્ષાત્ ધર્મદેવ અતિશય મહા આનંદન પામ્યા.[૯૪]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ભુજનગરને વિષે હિંસામય યજ્ઞનો નિષેધ કરી અહિંસામય ધર્મનું સ્થાપન કર્યું એ નામે ઓગણીસમો અધ્યાય પૂર્ણ થયો. –૧૯–***

---

विंशोऽध्यायः ॥ २० ॥

सुव्रत उवाच -

राजासील्लब्धजिन्नामा धमकाख्यपुरे नृप ! । स्वालये प्रभुमावास्य सिषेवे तं स दासवत् ॥ १
कल्याण इन्दुभो रामस्तथा राजधनाभिधः । पुत्रास्तस्य मुदा चक्रुः चत्वारः सेवनं हरेः ॥ २
जिज्जा मान्या वायुजीवा मोटिनी कर्णिकादयः । योषितोऽपि प्रभोर्भक्त्या विदधुस्तस्य सेवनम् ॥ ३
उषित्वा द्वे दिने तत्र भूचायग्राममाययौ । जयरामः कार्मणाद्या भक्ताः पर्यचरंश्च तम् ॥ ४
देविकाद्याः स्त्रियस्तं च भक्तिमत्यः सिषेविरे । तत्रोषित्वा स घस्त्रौ द्वौ कन्थकूटपुरं ययौ ॥ ५
मूलजित्कचराद्यैश्च तत्र भक्तैः स सेवितः । वायवीहरिबालादियोषाभिश्चावसद्दिनम् ॥ ६
ततोऽब्धिखाडीमुत्तीर्य देशमाभीरमभ्यगात् । तत्रासौ पिप्पलीग्राममियायात्मीयतुष्टये ॥ ७

---

## અધ્યાય - ૨૦

### ભગવાન શ્રીહરિનું ધમડકા અને ભચાઉમાં બે બે દિવસનું અને કંથકોટમાં એક દિવસનું રોકાણ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ધમડકાપુરીમાં લાધાજી નામે રાજા હતા, તે રાજા ભગવાન શ્રીહરિને પોતાના ભવનમાં નિવાસ કરાવી દાસભાવે સેવા કરવા લાગ્યા.[૧] તેમજ તેમના ચાર પુત્રો કલ્યાણજી, ઈન્દુજી, રામજી અને રાયધણજી પણ અતિ હર્ષથી શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૨] તેવીજ રીતે જીજીબા, માનીબા, વાયુ, જીવા, મોટીની અને કર્ણીબા આદિ ક્ષત્રિય નારી ભક્તો હતાં તે પણ ભક્તિભાવથી શ્રીહરિની સેવા કરવા લાગ્યાં.[૩]

હે રાજન્ ! ધમડકાપુરીમાં ભગવાન શ્રીહરિ બે દિવસ પર્યંત રોકાઈને ત્યાંથી ભચાઉ ગામમાં પધાર્યા. ત્યાંના જયરામ અને કર્મણ આદિ ભક્તોએ શ્રીહરિનો આદર કર્યો અને ભાવપૂર્વક સેવા કરવા લાગ્યા.[૪] ભગવાન શ્રીહરિમાં ભક્તિવાળી દેવિકા આદિ સ્ત્રી ભક્તજનો હતાં તે પણ શ્રીહરિની સેવા કરવા લાગ્યાં. ભચાઉ ગામમાં બે દિવસ નિવાસ કરીને ભગવાન શ્રીહરિ કંથકોટ પુરમાં પધાર્યા.[૫] ત્યાંના મુળજી અને કચરા આદિ પુરુષ ભક્તજનો તથા વાયવી અને હરિબાળા આદિ સ્ત્રી ભક્તજનોએ ભગવાન શ્રીહરિની ખૂબજ સેવા કરી, એક રાત્રી દિવસ ત્યાં રોકાઈને સૌને દર્શનનું ખૂબજ સુખ આપ્યું.[૬]

**શ્રીહરિની પિપળીથી રાજકોટમાં પધરામણી :-** હે રાજન્ !

तत्र देवगणेशाद्याः समसेवन्त तं विशः । स्त्रियश्च मान्यारामाद्याः स्वस्वशक्त्यनुसारतः ॥ ८
तत्रोषित्वा दिने द्वे च राजकूटं स आययौ । लक्ष्म्याख्या राजकन्या तं तत्रानर्चातिभावतः ॥ ९
स प्रसादाद्धरेः सर्वाः प्राप योगकला नृप ! । तत्रोषित्वा दिनं त्वेकं निर्ययौ भगवांस्ततः ॥ १०
क्रोधं संयमयन्मदं च दमयन्कामं समुन्मूलयन्मानं । सन्नमयन् स्पृहामपनयँल्लोभं च विच्छेदयन् ।
पापौघं दलयन्कलिं व्यपनयन् पाषण्डमुच्छेदयन्सत्यं । निर्मलयंश्चचार भगवान्धर्मं समुत्तेजयन् ॥ ११
आश्चर्यं जनयन्नृणां प्रतापं प्रथयन्भुवि । हरन्नज्ञानतिमिरं सोऽराजज्ज्ञानभास्करः ॥ १२
दृष्टश्रुतप्रतापं तं धर्मवर्त्मप्रवर्तकम् । आशिश्रियुश्च बहवो नरा नार्यश्च भूपते ! ॥ १३
उत्साहार्थं सोऽपि तेषां मतिदार्ढ्याय चात्मनि । स्वैश्वर्यं दर्शयामास यदनन्याश्रयं प्रभुः ॥ १४

---

ત્યાંથી આગળ ચાલ્યા તે ભગવાન શ્રીહરિ ગામોમાં વિચરણ કરતા કરતા સમુદ્રની ખાડી ઊતરી આભીર દેશમાં પધાર્યા. તે દેશમાં ભક્તજનોને રાજી કરવા પિપળી ગામે પધાર્યા.[૭] તે ગામના દેવજી તથા ગણેશ આદિ વૈશ્ય ભક્તજનોએ તથા માની અને રમા આદિ નારી ભક્તજનોએ પોતપોતાની શક્તિ અનુસાર ભગવાન શ્રીહરિની ખૂબજ સેવા કરી.[૮] ત્યાં બે દિવસ રોકાઈને શ્રીહરિ પ્રસિદ્ધ રાજકોટ નગરમાં પધાર્યા. ત્યાંનાં રાજકુંવરી લક્ષ્મીબાએ અતિભાવથી શ્રીહરિને પધરાવ્યા અને મોટા ઉપચારોથી પૂજન કર્યું.[૯] હે રાજન્ ! તે લક્ષ્મીબાઈ ભગવાન શ્રીહરિની પ્રસન્નતાથી સમગ્ર યોગકળાની સિદ્ધિને પામ્યાં. ભગવાન શ્રીહરિ એકદિવસ રોકાઈ રાજકોટપુરથી વિદાય થયા.[૧૦]

**શ્રીહરિનાં અદ્‌ભૂતચરિત્રોનું સંક્ષિપ્ત વર્ણન :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સકલ ઐશ્વર્ય સંપન્ન ભગવાન શ્રીહરિ ગામેગામ નગરે નગર વિચરણ કરી પોતાના સંબંધમાં આવતા ભક્તજનોના ક્રોધનું નિયમન, ગર્વનું દમન, કામનો મૂળમાંથી વિનાશ કરતા, અભિમાનને નમાવતા, સ્પૃહાની નિવૃત્તિ, લોભનો વિચ્છેદ કરતા અને પાપના પૂંજને પ્રજાળતા, કળિયુગના બળને નિર્બળ કરતા અને એકાંતિક ધર્મનું પોષણ કરતા ભગવાન શ્રીહરિ આ પૃથ્વી પર મનુષ્યોને આશ્ચર્ય ઉપજાવતા અને પોતાના અલૌકિક પ્રતાપને વિસ્તારતા હતા. તેમજ જ્ઞાનના ભાસ્કર ભગવાન શ્રીહરિ અનંત જીવોના અંતરના અજ્ઞાનરૂપી અંધકારને હરણ કરી અતિશય રાજાધિરાજપણે સ્વયં શોભવા લાગ્યા.[૧૧-૧૨]

હે રાજન્ ! એકાંતિક ધર્મમાર્ગનું પ્રવર્તન કરતા ભગવાન શ્રીહરિના અલૌકિક મહાપ્રતાપને પ્રત્યક્ષ નિહાળી, સાંભળીને હજારો નરનારીઓએ તેમનો

अनेकेषां स जीवानां प्राणवृत्तिनिरोधनम् । अचीकरद्ब्रह्मरूपे निजात्मनि समाधिना ॥ १५
दर्शयामास तत्रैव गोलोकं धाम चाक्षरम् । श्वेतद्वीपं च वैकुण्ठं सकलैश्वर्यसम्भृतम् ॥ १६
अव्याकृताख्यं लोकं च दिव्यं बदरिकावनम् । अग्निबिम्बं चार्कबिम्बं धाम च क्षीरसागरम् ॥ १७
तत्र तत्र निजामेव दिव्यां मूर्तिमदीदृशत् । सदैश्वर्येण जुष्टां च तत्तत्पार्षदशक्तिभिः ॥ १८
अश्रावयच्च केभ्यश्चित् सहसा प्रणवध्वनीन् । कोटिकोट्यर्कसङ्काशं निजं तेजोऽप्यदीदृशत् ॥ १९
परं यज्जाग्रदादिभ्यः सच्चिदानन्दलक्षणम् । द्रष्ट्राख्यं ब्रह्म तद्रूपं केभ्यश्चित्स्वमदीदृशत् ॥ २०
भूगोले च खगोले च देवतानां हरेस्तथा । स्थानैश्वर्याणि यान्यासन् केभ्यश्चित्तान्यदीदृशत् ॥ २१
आधारादिषु चक्रेषु गणेशाद्याश्च देवताः । केभ्यश्चिद्दर्शयामास संस्थिताः स पृथक् पृथक् ॥ २२

---

અનન્ય આશ્રય કર્યો.[૧૩] અને સમર્થ ભગવાન શ્રીહરિ પણ તેઓનો ઉત્સાહ વધારવા અને પોતાના સ્વરૂપનો અતિશય દૃઢ નિશ્ચય કરાવવા પોતાના સિવાય અન્ય ઈશ્વરો કે મુક્ત પુરુષોમાં પણ ન હોય તેવો અલૌકિક પ્રતાપ વારંવાર દેખાડવા લાગ્યા.[૧૪]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ અનંત જીવોને ત્રણ દેહથી વિલક્ષણ બ્રહ્મરૂપ એવા પોતાના આત્મસ્વરૂપમાં સમાધિદ્વારા પ્રાણવૃત્તિનો નિરોધ કરાવતા અને ત્યારપછી તે આત્મસ્વરૂપને વિષે જ ભગવાન શ્રીહરિ સકલ ઐશ્વર્યોએ યુક્ત પોતાનાં અક્ષરધામ, ગોલોકધામ, વૈકુંઠધામ અને શ્વેતદ્વિપ ધામનાં દર્શન કરાવતા હતા. તેવીજ રીતે દિવ્ય એવા અવ્યાકૃતધામ, બદરિકાશ્રમધામ, અગ્નિલોક, સૂર્યલોક અને ક્ષીરસાગર વગેરે રમણીય લોકનાં દર્શન કરાવતા હતા. અને તે તે ધામોને વિષે રહેલા સકલ ઐશ્વર્યો શક્તિઓ, પાર્ષદોથી નિરંતર સેવાયેલ ભિન્ન ભિન્ન પોતાનાં દિવ્ય સ્વરૂપોનાં પણ દર્શન કરાવતા હતા.[૧૫-૧૮]

હે રાજન્ ! વળી ભગવાન શ્રીહરિ કોઈ કોઈ ભક્તોને સમાધિમાં એકાએક પ્રણવનો નાદ સંભળાવતા તથા કોઈ કોઈ ભક્તજનોને પોતાની મૂર્તિમાંથી નીકળતાં કરોડેકરોડ સૂર્યના સમાન તેજોરાશિનાં દર્શન કરાવતા હતા.[૧૯] વળી કોઈક ભક્તોને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિથી પર તથા ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ ઈશ્વરની અવસ્થાઓથી પર રહેલા સચ્ચિદાનંદરૂપ અને દૃષ્ટારૂપ એવા પોતાના બ્રહ્મસ્વરૂપનું દર્શન આપતા હતા.[૨૦] કોઈ ભક્તોને ભૂગોળ અને ખગોળને વિષે બ્રહ્મા આદિ દેવતાઓનાં સ્થાનો તથા વિષ્ણુ ભગવાનનાં સ્થાનો તથા તે તે સ્થાનોનાં ઐશ્વર્યોનું પણ દર્શન કરાવતા હતા.[૨૧]

હે રાજન્ ! વળી ભગવાન શ્રીહરિ કેટલાક ભક્તજનોને શરીરની અંદરના

केभ्यश्चिदपि भक्तेभ्यो विराड्रूपमदीदृशत् । क्वचित्पुरुषसूक्तोक्तं ब्रह्माण्डाधारमीश्वरः ॥ २३
शतयोजनदूरस्थभक्तेभ्योऽपि क्वचित्क्वचित् । स्वदर्शनं स प्रददौ प्रीतः प्रत्यक्षमेव हि ॥ २४
अपि दूरस्थितैर्भक्तैः स्वगृहे प्रतिमान्तिके । नैवेद्यमर्पितं क्वापि ह्यश्नाद्विस्मापयञ्जनान् ॥ २५
म्रियमाणान्निजान् क्वापि निनीषुर्धाम चात्मनः । अप्यन्येभ्यः स तद्ग्रामे साक्षात्प्रादात्स्वदर्शनम् ॥ २६
मुमुक्षूनितरांश्चेत्थं दर्शयन्तमलौकिकम् । स्वैश्वर्यं वीक्ष्य तं प्रापुः अभक्ता अपि विस्मयम् ॥ २७
तेन साकं विवादार्थं बहवो मतवादिनः । आगता अपि वादैस्तं जेतुं नैवाशकन् क्वचित् ॥ २८

तं कार्ष्णा ददृशुश्च कृष्णमवनौ रामं च रामार्चकाः
शक्तिं शक्तिपरायणा रविमथो सौराश्च शैवाः शिवम् ।

---

મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુરક, અનાહત, વિશુદ્ધ અને જ્ઞાનચક્ર આ છ ચક્રોને વિષે રહેલા ગણપતિ આદિ છ દેવતાઓનાં જુદાં જુદાં દર્શન કરાવતા.[૨૨] વળી કોઈ ભક્તોને પરમેશ્વર શ્રીહરિ પુરુષસૂક્તમાં વર્ણન કરાયેલા તેમજ આખા બ્રહ્માંડના આધારરૂપ એવા વિરાટપુરુષનાં પણ દર્શન કરાવતા હતા.[૨૩] હે રાજન્ ! ક્યારેક અતિશય પ્રસન્ન થઈ જતા ભગવાન શ્રીહરિ કોઈ ભક્તોને સો સો યોજન કે પાંચસો યોજન દૂર રહેલા હોવા છતાં પોતાનું પ્રત્યક્ષ દર્શન આપી તેમના મનોરથ પૂર્ણ કરતા હતા.[૨૪] તેવીજરીતે દૂર દેશોમાં રહેલા ભક્તજનો પોતાના ઘરમાં પધરાવેલ ભગવાન શ્રીહરિની પ્રતિમાની આગળ ભોજનના થાળ ધરે, ત્યારે તે મૂર્તિમાંથી પ્રત્યક્ષ પ્રગટ થઈને પોતાને જોતા ભક્તજનોને વિસ્મય પમાડતા ભગવાન શ્રીહરિ પ્રગટપણે થાળને આરોગતા હતા.[૨૫] વળી હે રાજન્ ! કોઈ ભક્ત પ્રાણ છોડે ત્યારે પોતાના ધામમાં તે ભક્તને લઈ જવા માટે દિવ્ય સ્વરૂપે તે ગામમાં પધારે ત્યારે તે ગામના અન્ય મનુષ્યોને પણ પોતાનું પ્રત્યક્ષ દર્શન આપતા હતા.[૨૬] આ પ્રમાણે જ્યારે મુમુક્ષુઓને કે અન્યજનોને પોતાનાં અલૌકિક ઐશ્વર્યનું દર્શન કરાવતા ત્યારે તે જોઈને અભક્તો હતા તે પણ પરમ વિસ્મય પામી જતા.[૨૭] હે રાજન્ ! કેટલાક મતવાદીઓ ભગવાન શ્રીહરિની સાથે શાસ્ત્રાર્થ કરી જીતવા માટે આવતા પરંતુ વાદ-વિવાદમાં તેઓ શ્રીહરિને પરાભવ કરવા કોઈ સમર્થ થતા ન હતા.[૨૮]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ પૃથ્વી પર જ્યારે વિચરણ કરી રહ્યા હતા ત્યારે દર્શને આવતા જનોને સમાધિ કરાવતા. ત્યારે કૃષ્ણના ઉપાસકોને કૃષ્ણરૂપે દર્શન આપતા, શ્રીરામચંદ્રજીના ઉપાસકોને શ્રીરામરૂપે દર્શન થતાં આવી રીતે

विष्णुं वैष्णवधर्मिणः खलु तदा जैनाश्च तीर्थङ्करान्
दृष्ट्वाऽऽसन्स्वसमाधिना च यवनाः पिङ्गाम्बरान्विस्मिताः ॥ २९
एवं यो यस्तमभ्यागात्स स सद्यः समाधिना । स्वेष्टदेवं तमेवेशं विलोक्यासीत्सुविस्मितः ॥ ३०
त्यक्त्वा स्वस्वमतान्येव ततस्ते तमुपाश्रिताः । भक्त्या नारायणं नित्यं भेजिरे धर्मसंस्थिताः ॥ ३१
मद्यमांसादिसंसर्गं त्यक्त्वा सर्वे तदाश्रिताः । ज्ञानवैराग्यसम्पन्ना बभूवुः प्राकृता अपि ॥ ३२
हीनं जात्यापि तच्छिष्यमनधीतमपि क्वचित् । न शेकेऽधीतशास्त्रोऽपि विजेतुं ब्रह्मविद्यया ॥ ३३
इत्थं निजप्रतापेन मूलाज्ञानं विनाशयन् । सद्धर्मं स्थापयामास विनष्टं धरणीतले ॥ ३४
तत्र तत्रान्नसत्राणि कारयामास भूरिशः । यत्रागतानामन्यत्र नासीज्जिगमिषा नृणाम् ॥ ३५
यज्ञैश्च वैष्णवैर्विष्णुं याजयामास स प्रभुः । आढ्यान्निजजनान्प्रीत्या मुख्यकल्पैर्नरेश्वर ! ॥ ३६

શક્તિના, સૂર્યના કે શિવજીના ઉપાસકોને તે તે રૂપે દર્શન થતાં હતાં, અને વૈષ્ણવ ભક્તોને વિષ્ણુરૂપે શ્રીહરિનું દર્શન થતું હતું. તેવી જ રીતે જૈનોને મહાવીર આદિ તીર્થંકરના રૂપમાં અને યવનોને મહંમદ આદિ પયગંબરના રૂપમાં શ્રીહરિનું દર્શન થતું. ભગવાન શ્રીહરિની કૃપાથી પ્રાપ્ત થતી સમાધિમાં પોતપોતાના ઈષ્ટદેવનાં સ્વરૂપમાં ભગવાન શ્રીહરિને નિહાળી તેઓ અતિશય વિસ્મય પામતા હતા.[૨૯] હે રાજન્ ! આ પ્રમાણે જે જે જનો શ્રીહરિની સમીપે આવતા તેઓ ભગવાન શ્રીહરિની કૃપાથી પ્રાપ્ત થયેલી સમાધિમાં તત્કાળ પોતપોતાના ઈષ્ટદેવ સ્વરૂપે ભગવાન શ્રીહરિનાં દર્શન કરી અતિશય વિસ્મય પામ્યા, અને પોતપોતાના સંપ્રદાયનો ત્યાગ કરી ભગવાન શ્રીસ્વામિનારાયણનો આશ્રય કરી ભગવાને દેખાડેલી ધર્મમર્યાદામાં રહી ભક્તિભાવપૂર્વક નિરંતર તેમનું ભજન સ્મરણ કરતા હતા.[૩૦-૩૧] હે રાજન્ ! ભગવાન શ્રીહરિનો આશ્રય કરનારા જીવો પ્રથમ સાવ પામર જેવા હતા છતાં મદ્ય, માંસાદિકનો ત્યાગ કરી જ્ઞાન, વૈરાગ્યાદિ સદ્ગુણોથી સંપન્ન થઈ શોભવા લાગ્યા. અને કેટલાક શ્રીહરિના શિષ્યો તો હીન જાતિના અને અભણ હતા છતાં તેનો શાસ્ત્રોક્ત બ્રહ્મસ્વરૂપના નિરુપણમાં શ્રીહરિનો આશ્રય કર્યા વિનાના શાસ્ત્રવેત્તા વિદ્વાનો પુરુષો પણ પરાભવ કરી શકતા નહિ.[૩૨-૩૩]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ પોતાના અસાધારણ પ્રતાપથી જીવની અંદર પડેલા અનાદિ અજ્ઞાનનો વિનાશ કરી ધરણી પર વિનાશ પામેલા ભાગવતધર્મનું પુનઃ પ્રવર્તન કર્યું.[૩૪] હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ અનંત દેશોમાં અનંત જગ્યાએ અનંત સદાવ્રતો બંધાવ્યાં. તેને વિષે એકવાર જે કોઈ મનુષ્ય

विष्णुयागमहारुद्रादियज्ञेषु सहस्रशः । मिष्टान्नैस्तर्पयामास ब्राह्मणान्बहुवासरान् ॥ ३७
अदीदपच्च बहुशो विप्रेभ्यस्तत्र तत्र च । हेममुद्रा रूप्यमुद्रा उदारः स इवैकराट् ॥ ३८
घृतक्षीरादिभिर्यज्ञान् हविष्यान्नैश्च कारयन् । मकारपञ्चकविधिं वेदबाह्यमनीनशत् ॥ ३९
साधुभूदेवदेवानाम् अर्चनं प्रीणनं च सः । मुहुश्चकार चाधर्मपाषण्डोच्छेदनं प्रभुः ॥ ४०
धर्मज्ञानविरक्तीनां भक्तेर्भेदांश्च सर्वशः । तत्त्वतो बोधयामास तत्र तत्र स विस्तरात् ॥ ४१
सच्छास्त्रैः स्वप्रतापेन जित्वा चाधर्मिणो गुरून् । तेभ्यो मुमुक्षून् रक्षित्वा धर्मसर्गे ह्ययोजयत् ॥ ४२
चतुर्णामपि वर्णानाम् आश्रमाणां सनातनम् । धर्मं संस्थापयामास भगवान् धर्मरक्षकः ॥ ४३

---

**આવી જતા તે પછી તે સ્થળ છોડીને બીજી જગ્યાએ જવાની ઇચ્છા કરતા નહિ.[૩૫] હે નરેશ્વર ! સમર્થ ભગવાન શ્રીહરિ પોતાના ધનાઢ્ય હરિભક્તો દ્વારા મુખ્ય કલ્પથી મોટા મોટા વિષ્ણુયાગ કરી ભગવાન શ્રી વિષ્ણુનું યજન કરાવતા.[૩૬] વિષ્ણુયાગ અને મહારુદ્રાદિ યજ્ઞોમાં ભગવાન શ્રીહરિ હજારો બ્રાહ્મણોને બહુ દિવસો પ્રર્યંત મિષ્ટ ભોજનો જમાડી તૃપ્ત કરતા.[૩૭] તેમજ ચક્રવર્તી સમ્રાટ રંતિદેવ રાજાના જેવા અતિશય ઉદાર એવા ભગવાન શ્રીહરિ તે તે યજ્ઞોમાં પધારેલા અનેક વિપ્રોને સોના અને રૂપાની મુદ્રાઓનું ખૂબજ દાન કરતા.[૩૮]**

**હે રાજન્ ! આ પ્રમાણે સમર્થ ભગવાન શ્રીહરિએ ઘી, દૂધ, ડાંગર, જવ,ઘઉં,સાકર આદિ હવિષ્યાન્નથી વિષ્ણુયાગ આદિક યજ્ઞોનું અનુષ્ઠાન કરી વેદ બાહ્ય પંચ મકારના વિધિવાળા યજ્ઞોનો અર્થાત્ મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુનનું જેમાં વિધાન છે, તેવા શક્તિપંથીઓના દૂષિત યજ્ઞોનો વિનાશ કર્યો.[૩૯] તેમજ સાધુ, બ્રાહ્મણ અને દેવતાઓનું વારંવાર પૂજન અને અન્નથી તર્પણ કરી ભગવાન શ્રીહરિએ વેદવિરુદ્ધ પાખંડ ધર્મનો પણ વંશ સહિત વિનાશ કર્યો.[૪૦] હે રાજન્ ! ભગવાન શ્રીહરિ જુદા જુદા ગામો અને નગરોમાં વિચરણ દરમ્યાન ભક્તજનોને વિસ્તારથી યથાર્થ બોધ આપવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના અનંત પ્રકારનાં સૂક્ષ્મ ભેદોનું યથાર્થ નિરુપણ કર્યું, અને અધર્મી અસુરગુરુઓનો સત્શાસ્ત્રોનાં વચનોથી અને પોતાના પ્રભાવથી પરાભવ કરી ત્યાં ભરાઇ પડેલા મુમુક્ષુઓને તેમના થકી છોડાવીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત ભક્તિવાળા આ શુદ્ધ માર્ગમાં જોડ્યા.[૪૧-૪૨]**

**હે રાજન્ ! ધર્મ રક્ષક ભગવાન શ્રીહરિએ આ રીતે ચારેવર્ણ અને ચારે**

नैष्ठिकव्रतिनां धर्मान् प्रभुः सोऽथ प्रवर्तयन् । स्वयं नैष्ठिकधर्मेषु भेजे राजाधिराजताम् ॥ ४४
यथेष्टं पोष्यमाणाश्च भक्तिधर्मादयोऽपि तम् । सेवमाना नित्यमेव विरेजुः परया श्रिया ॥ ४५
दृश्या आसन् पुण्यवद्भिः दिव्याकृतिधरास्तु ते । क्वचिदेवेच्छया तस्य प्रभोर्न तु सदाऽखिलैः ॥ ४६
इति दिव्यचरित्रचित्रकृत्करुणावारिनिधिर्धरातले ।
विचरञ्छुचिमास आययौ शरधाराख्यपुरं हरिर्नृप ! ॥ ४७

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे विविधैश्वर्यप्रदर्शनेन नानाविधभक्तजनानन्दनं नाम विंशोऽध्यायः ॥ २० ॥*

---

**આશ્રમના સનાતન ધર્મની સ્થાપના કરી.[૪૩] તેમજ તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મોનું યથાર્થ પ્રવર્તન કરતા કરતા નૈષ્ઠિકબ્રહ્મચારીઓની મધ્યે રાજાધિરાજની જેમ શોભવા લાગ્યા.[૪૪] અને તેમના દ્વારા ધર્મ અને ભક્તિનું તથા જ્ઞાન, વૈરાગ્યાદિક તેમના પરિવારનું પણ યથાર્થ પોષણ થયું તેથી તે પુષ્ટ થયેલો ધર્મપરિવાર પ્રતિદિન દિવ્ય સ્વરૂપે શ્રીહરિની સમીપે રહી શ્રીહરિની સેવા કરતાં પરમ શોભાને પ્રાપ્ત કરી દીપવા લાગ્યો.[૪૫]**

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિની ઇચ્છાથી તેમની સમીપે દિવ્ય સ્વરૂપે રહેતાં ધર્મ અને ભક્તિ પોતાના પરિવાર સાથે કોઈવાર પુણ્યશાળી આત્માઓને પોતાનાં દિવ્ય સ્વરૂપનાં દર્શન આપતાં, પરંતુ સર્વે મનુષ્યોને નિરંતર દેખાતાં નહિ.[૪૬] હે રાજન્ ! આ રીતે પોતાનાં દિવ્ય ચરિત્રોથી મનુષ્યોને પરમ આશ્ચર્ય પમાડતા કરુણાના સાગર ભગવાન શ્રીહરિ પૃથ્વીપર વિચરણ કરતા અષાઢમાસમાં સરધારપુર પધાર્યા.[૪૭]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં વિચરણ દરમ્યાન ભગવાન શ્રીહરિએ વિવિધ ઐશ્વર્યોનું દર્શન કરાવી અનંત ભક્તોને આનંદ આપ્યો એ નામે વીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૦--***

---

## एकविंशोऽध्यायः ॥ २१ ॥

सुव्रत उवाच -

तत्र राजकुमारौ द्वौ सिषेवाते तमादरात् । तुङ्गजिद्वैरिजित्संज्ञौ तत्पदाब्जदृढाश्रयौ ॥ १
तत्राद्यः कृष्णपादाब्जरेणूनां स्वाङ्गधारणे । अक्रूरोपम एवासीत् द्वितीयो विदुरोपमः ॥ २
तथा वैरिभयो भीमो हिक्कजित्प्रमुखा अपि । क्षत्रवीरा असेवन्त भक्तास्तं परया मुदा ॥ ३
करिमो मूकहसनौ रयो हयजिदादयः । यवना अपि तं प्रीत्या भेजिरे दृढनिश्चयाः ॥ ४
निजांस्तान् प्रीणयन्भक्तान् वसंस्तुङ्गजिदालये । अज्ञानमहरन्नृणां तिमिरं तरणिर्यथा ॥ ५
भक्तैः सम्प्रार्थितस्तत्र चातुर्मास्यमुवास सः । महान्तमुत्सवं चक्रे जन्माष्टम्यां च पूर्ववत् ॥ ६
देशान्तरेभ्यो भक्ताश्च तत्राजग्मुः सहस्रशः । सगृहा अगृहाश्चापि तद्दिदृक्षाहृतान्तराः ॥ ७

---

## અધ્યાય – ૨૧

### સરધારમાં સંવત ૧૮૬૧ નો જન્માષ્ટમીનો ઉત્સવ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તે સરધારપુરમાં તુંગજી અને વૈરજી નામના બે રાજકુમારો રહેતા હતા. તેઓને શ્રીહરિના ચરણનો દૃઢ આશ્રય હતો. તે બન્ને ભગવાન શ્રીસહજાનંદ સ્વામીની પરમ આદરથી સેવા કરવા લાગ્યા.[૧] તેમાં તુંગજી ભગવાન શ્રીહરિની ચરણરજને મસ્તક ઉપર ધારણ કરતા હોવાથી અક્રૂરજી સમાન હતા અને વૈરજી કાર્ય અને અકાર્યના જ્ઞાનમાં તથા ભગવાનનો મહિમા સમજવામાં કુશળ હોવાથી વિદુરજી સમાન હતા.[૨] તેમજ વેરાભાઈ, ભીમાભાઈ તથા હકાભાઈ આદિ અનેક ક્ષત્રિય ભક્તજનો હતા તે પણ ભગવાન શ્રીહરિની પરમ હર્ષથી સેવા કરવા લાગ્યા.[૩] તથા કરીમ, મુક, હસન, રયો તથા હયજીત આદિ શ્રીહરિના દૃઢ આશ્રિત મુસ્લિમ ભક્તજનો હતા તે પણ અતિ પ્રીતિથી શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૪] ભગવાન શ્રીહરિ સર્વે સરધારવાસી ભક્તજનોને આનંદ ઉપજાવતા થકા તુંગજીના ભવનમાં નિવાસ કરીને રહ્યા અને સૂર્ય જેમ અંધકારનો નાશ કરે તેમ સર્વજનોનાં અજ્ઞાનરૂપ અંધકારને હરતા હતા.[૫]

હે રાજન્ ! તુંગજી આદિ સર્વે સરધારવાસી ભક્તજનોએ શ્રીહરિની ચાતુર્માસ પર્યંત રોકાવાની પ્રાર્થના કરી તેથી ત્યાં સુધી રોકાયા અને જેવો માણાવદરમાં જન્માષ્ટમીનો સમૈયો ઉજવ્યો હતો તેવો જ સંવત ૧૮૬૧ ના શ્રાવણવદ અષ્ટમીનો ઉત્સવ સરધારપુરમાં પણ ઉજવ્યો.[૬] તે સમયે ભગવાન

उपवासं जागरं च निशि कृष्णार्चनं तथा । भक्तैः सह हरिश्चक्रे सेतूनां परिपालकः ॥ ८
साधून्विप्रांश्च सन्तर्प्य नवम्यां कृतपारणः । आससाद सभां रम्यामपराह्ने सतांपतिः ॥ ९
अथोपविष्टं परमासने तं प्रणम्य विप्रा नृप ! साधवश्च ।
यथोचितं तस्य पुरो निषेदुः अन्ये जनास्तानभितश्च सर्वे ॥ १०
शृण्वत्सु सर्वेषु सदःस्थितेषु प्रणम्य तं तन्निकषोपविश्य ।
बद्धाञ्जलिस्तुङ्गजिदूर्जितश्रीः पप्रच्छ सर्वानुमतेन राजा ॥ ११

**तुङ्गजिदुवाच –**

भगवन्निह दृश्यन्ते सर्वेषामपि देहिनाम् । कामः क्रोधस्तथा लोभ इति वै वैरिणस्त्रयः ॥ १२
बलिष्ठस्तेषु कः स्वामिन् ! योऽवश्यं हि मुमुक्षुभिः । सर्वैरुपायैर्जेतव्यः तन्नः कथय तत्त्वतः ॥ १३

---

શ્રીહરિનાં દર્શન કરવાની અત્યંત ઉત્કંઠા વાળા હજારો દેશાંતરવાસી ગૃહસ્થ ભક્તો તથા ત્યાગી સંતોનાં મંડળો સરધારપુરમાં આવ્યાં.[૭] સત્શાસ્ત્રમાં કહેલી ધર્મમર્યાદાનું પાલન અને પોષણ કરતા શ્રીહરિએ સંતો ભક્તોની સાથે તે ગોકુળાષ્ટમીને દિવસે વ્રતનો ઉપવાસ કર્યો અને રાત્રે જાગરણ કરી ભગવાન શ્રીકૃષ્ણની વિધિવત્ પૂજા કરી.[૮] અને નવમીની તિથિએ સાધુ બ્રાહ્મણોને મિષ્ટાન્નવડે પારણાં કરાવી સંતોના સ્વામી ભગવાન શ્રીહરિએ સ્વયં પારણાં કર્યાં. બપોરપછીના સમયે મોટી રમણીય સભાનું આયોજન કર્યું અને તેમાં આવીને શ્રીહરિ વિરાજમાન થયા.[૯] હે નૃપ ! જ્યારે સભાની મધ્યે રમણીય સિંહાસન પર ભગવાન શ્રીહરિ વિરાજમાન થયા ત્યારે તેમને નમસ્કાર કરીને બ્રાહ્મણો તથા સંતો પણ યથાયોગ્ય સ્થાને ભગવાન શ્રીહરિની આગળજ પોતાનું સ્થાન લીધું અને અન્ય જનો હતા તે પણ તે સંતો વિપ્રોની ફરતે બેઠા.[૧૦]

**કામ, ક્રોધ અને લોભમાં બળવાન કોણ ? :-** હે રાજન્ ! રાજવૈભવથી શોભતા તુંગજી રાજા ભગવાન શ્રીહરિને પ્રણામ કરીને તેમની સમીપે બેઠા અને સર્વની અનુમતિ લઇ સર્વે સભાસદોના સાંભળતાંજ બે હાથ જોડી ભગવાન શ્રીહરિને પૂછવા લાગ્યા.[૧૧] તુંગજી પૂછે છે, હે ભગવાન ! આ લોકમાં દેહધારી મનુષ્યોને કામ, ક્રોધ અને લોભ આ ત્રણ અંતઃશત્રુઓ વિશેષ કરીને પીડતા દેખાય છે. હે સ્વામિન્ ! તે ત્રણના મધ્યે સૌથી બળવાન શત્રુ કયો છે ? જેને મુમુક્ષુજનોએ કોઇ પણ ઉપાયવડે જીતવો જ જોઇએ ? તે અમને જેમ હોય તેમ કહીને સમજાવો.[૧૨-૧૩]

**सुव्रत उवाच -**

इति पृष्टः स भगवान् भूभुजा तेन संशयम् । मनोभिरामया वाचा तं जगाद जगत्पतिः ॥ १४

**श्रीनारायणमुनिरुवाच -**

त्रयोऽपि शत्रवो ह्येते नृणां प्राणहरा मताः । मन्ये बलाधिकं तेषु लोभमेव दुरासदम् ॥ १५
विजेतव्यः प्रयत्नेन स एवात्र मुमुक्षुभिः । पापस्वरूपो गृहिभिः त्यागिभिस्तु विशेषतः ॥ १६
सांसारिकपदार्थेषु ये लुब्धा नितरां नराः । अचिरेण विनश्यन्ति ते नूनं हतबुद्धयः ॥ १७
लोभनिष्ठाः सन्ति दोषा महान्तो निरयप्रदाः । अधिष्ठानं हि पापस्य लोभश्चाघप्रवर्तकः ॥ १८
लोभात्कामः प्रभवति क्रोधो लोभाच्च जायते । मोहश्चेर्ष्या मत्सरश्च सर्वं लोभात्प्रवर्तते ॥ १९
विद्याविनयसम्पन्ना विख्याताश्च तपस्विनः । महर्षयोऽपि लोभेन बहवो दुर्गतिं ययुः ॥ २०

---

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે રાજા તુંગજીએ પૂછ્યું, તેથી સકલ ઐશ્વર્યે સંપન્ન જગત્પતિ ભગવાન શ્રીહરિ અત્યંત મનોહર વાણીથી તેને કહેવા લાગ્યા.[૧૪] શ્રી નારાયણમુનિ કહે છે, હે રાજન્ ! આ ત્રણે અંતઃશત્રુઓ મનુષ્યોના પ્રાણને હરનારા છે. છતાં પણ ત્રણની મધ્યે લોભ નામનો શત્રુ અતિશય બળવાન અને દુર્જય છે. એમ હું માનું છું. તેથી મુમુક્ષુ ગૃહસ્થ ભક્તોએ પાપરૂપ આ લોભ ઉપર પ્રયત્નપૂર્વક અવશ્ય વિજય મેળવવો જોઈએ. અને તેમાં પણ ત્યાગી સંતોએ તો વિશેષપણે અવશ્ય જીતવો જોઈએ.[૧૫-૧૬]

હે રાજન્ ! જે મનુષ્યો સાંસારિક ધન વસ્ત્રાદિક પદાર્થોમાં સતત અતિશય લોભવૃત્તિ રાખે છે. તેની બુદ્ધિનો નાશ થાય છે. બુદ્ધિનો નાશ થતાં અલ્પકાળમાં જ તે મનુષ્યનો પણ વિનાશ થઈ જાય છે.[૧૭] કારણ કે લોભદોષને આશરીને બીજા ઘણા બધા નરકમાં નાખનારા મોટા મોટા દોષો રહેલા છે તે આવીને રહે છે. મનુષ્યને પાપકર્મમાં પ્રવૃત્ત કરનારો લોભ, પાપનો મોટો આશ્રયદાતા છે. અર્થાત્ લોભ પાપનો બાપ છે. કારણ કે લોભને કારણે જ ક્રોધ ઉત્પન્ન થાય છે. અને લોભને કારણે જ કામ ઉત્પન્ન થાય છે. લોભ થકી જ મોહ, ઈર્ષ્યા અને મત્સરની પ્રવૃત્તિ થાય છે. વધુ શું કહું સર્વે દોષો લોભ થકી જ પ્રગટે છે.[૧૮-૧૯]

હે રાજન્ ! વિદ્યા અને વિનયથી સંપન્ન અને જગવિખ્યાત મોટા અનેક તપસ્વીઓ અને મહર્ષિઓ પણ લોભને કારણે મહા દુર્દશાને પામ્યા છે.[૨૦] તથા હિરણ્યકશિપુ આદિ મોટા મોટા અસુરો અને ઈન્દ્રાદિ સર્વે દેવતાઓ પણ એક લોભને કારણે વિનાશને પામ્યા છે.[૨૧] હે મહામતિ રાજન્ ! દુર્યોધન આદિક

तथा हिरण्यकशिपुः प्रमुखा ये सुरद्विषः । इन्द्रादयो देवताश्च लोभेनैव क्षयं ययुः ॥ २१
कौरवाणां क्षयो जातो लोभेन च महामते ! । अन्येऽपि बहवो भूपा लोभेन भुवि चिक्षियुः ॥ २२
तस्मान्मदीयैर्न क्वापि लोभः कार्यो हि वस्तुनि । अर्था अनर्थैर्निभृताः सन्त्येवेत्यपि वेत्थ च ॥ २३
चौर्यं हिंसाऽनृतं दम्भः कामः क्रोधः स्मयो मदः । भेदो वैरमविश्वासः संस्पर्धा व्यसनत्रयम् ॥ २४
एते पञ्चदशानर्था वर्तन्तेऽर्थेषु भूपते ! । अन्येऽपि बहवः सन्ति दोषा ह्यर्थाश्रिताः खलु ॥ २५
तस्मादनर्थमर्थाख्यं विदित्वैव मदाश्रितः । तत्रासक्तिं न कुर्वीत कृष्णभक्त्यन्तरायके ॥ २६

**सुव्रत उवाच –**

दौरात्म्यमिति लोभस्य श्रुत्वा भगवतोदितम् । स राजा मुनयश्चान्ये गृहिणोऽपि मुदं ययुः ॥ २७
तत आज्ञापयामास भक्तान् देशान्तरागतान् । प्रातर्यायात विषयान् स्वस्वान्सर्व इति प्रभुः ॥ २८

---

કૌરવોનો વિનાશ લોભથી જ થયો હતો. તેમજ બીજા અનેક રાજાઓ પણ લોભથી જ વિનાશ પામ્યા છે.[૨૨]

**અર્થમાં રહેલા પંદર અનર્થો :–** હે રાજન્ ! તેથી જ મારા આશ્રિત ભક્તજનોએ ક્યારેય પણ કોઈ પદાર્થમાં લોભ ન રાખવો. કારણ કે સકલ પદાર્થોની ઉત્પત્તિ ધનમાંથી થાય છે. માટે અર્થ છે એજ સમગ્ર અનર્થનું મૂળ છે. એમ તમે જાણો.[૨૩] ચોરી, હિંસા, અસત્ય, દંભ, કામ, ક્રોધ, ગર્વ, મદ, ભેદભાવ, વૈર, અવિશ્વાસ, સ્પર્ધા તથા ત્રણ પ્રકારનાં વ્યસન એવાં સ્ત્રી, દ્યુત અને મદ્ય આ પંદર પ્રકારના અનર્થો ધનમાં નિવાસ કરીને રહ્યાં છે. તે સિવાયના બીજા ઘણાક દોષો પણ ધનને આશરીને રહેલા છે.[૨૪-૨૫] તેથી હે રાજન્ ! મારા આશ્રિત ભક્તજનો એવા તમોએ આ અર્થ છે તે ભગવાનની ભક્તિ કરવામાં અંતરાય કરનારા બીજા અનંત પ્રકારનાં અનર્થોનું સર્જન કરે છે. એમ સમજીને ધનના લોભમાં આસક્ત થાવું નહિ.[૨૬]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિના મુખથી સર્વે અનર્થોનું સર્જન કરનારા લોભનું આવું દુષ્ટપણું સાંભળીને રાજા, સર્વે સંતો તથા ગૃહસ્થ સભાજનો બહુ જ રાજી થયા, અને લોભ ન રાખવાનું વચન મસ્તક ઉપર ચડાવ્યું.[૨૭] ત્યારપછી ભગવાન શ્રીહરિએ કહ્યું, હે ભક્તજનો ! તમે સર્વે પ્રાતઃકાળે પોતપોતાના દેશ પ્રત્યે જજો. એમ દેશદેશાંતરમાંથી ઉત્સવમાં પધારેલા ભક્તજનોને આજ્ઞા આપી.[૨૮]

तदा कार्यायनग्रामात् आगतस्तत्र सन्मतिः । खट्वाङ्गो नाम राजर्षिः तं प्रार्थयितुमुत्थितः ॥ २९
स हि भक्तो धर्मनिष्ठो नैष्ठिकं व्रतमास्थितः । मकरालयपुर्यां प्राग् जन्माष्टम्यामुपागतः ॥ ३०
तत्र प्रतापं च हरेः दृष्ट्वा तच्छिष्यतां गतः । कृष्णवार्तासु निपुणो जितेन्द्रिय उदारधीः ॥ ३१
मणिभद्रपुरे चासौ जन्माष्टम्यां पुनर्नृप ! । आगतोऽप्याज्ञयेशस्य गतो निजनिकेतनम् ॥ ३२
पुनरत्रागतस्तं च नेतुकामो निजालयम् । तदन्तिकमुपेत्यासौ नत्वा प्राञ्जलिरब्रवीत् ॥ ३३

**खट्वाङ्ग उवाच –**

भगवंस्तव दासोऽस्मि त्वं चास्यात्मीयवत्सलः । आयातुमर्हसि ग्रामं मदीयं कृपया मयि ॥ ३४
सेवनेन तव स्वीयं सानुगस्य धनादिकम् । सफलं हि विधित्सामि मानुषं च जनुर्निजम् ॥ ३५

---

**કારીયાણીના માચાભક્તની વિનંતી :–** હે રાજન્ ! તે સમયે કારીયાણી ગામથી ત્યાં પધારેલા બુદ્ધિમાન ખટવાંગ નામના રાજા શ્રીહરિને પ્રાર્થના કરવા ઊભા થયા.[૨૯] આ ખટવાંગરાજા ભગવાનના ભક્ત હતા. ધર્મમાં નિષ્ઠાવાળા હતા. બાળપણથી જ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતને ધારણ કર્યું હતું. પરોક્ષભાવે ભગવાન શ્રીકૃષ્ણનું ભજન સ્મરણ કરતા હતા. પૂર્વે માંગરોળપુરમાં શ્રીહરિએ ઉજવેલા જન્માષ્ટમી ઉત્સવમાં દર્શન કરવા આવેલા તે સમયે ભગવાન શ્રીહરિનો અતિશય પ્રતાપ જોઈ તેમના શિષ્ય થયા હતા. મનુષ્યો આગળ પ્રગટ ભગવાન શ્રીહરિકૃષ્ણની વાતો કરવામાં તે નિપુણ હતા. જિતેન્દ્રિય અને ઉદારબુદ્ધિવાળા તે શૂરવીર પણ હતા.[૩૦-૩૧]

હે રાજન્ ! આ ખટવાંગરાજા ફરી શ્રીહરિએ જ્યારે માણાવદરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો ત્યારે પણ પધાર્યા હતા. અને પરમેશ્વર શ્રીહરિની આજ્ઞાથી પાછા પોતાને ગામ કારિયાણી ગયા હતા.[૩૨] આ વખતે ફરી ત્રીજીવાર સરધારપુરમાં પધાર્યા અને ભગવાન શ્રીહરિને પોતાના ગામે લઈ જવાની ઈચ્છાથી તેમની સમીપે આવી બે હાથ જોડી નમસ્કાર કરી કહેવા લાગ્યા.[૩૩]

ખટવાંગ રાજા કહે છે, હે ભગવાન ! હું તમારો અનન્ય ચરણસેવક છું. તમે ભક્તવત્સલ છો. એથી મારા ઉપર કૃપા કરી મારે ગામ પધારો.[૩૪] હે સ્વામિન્ ! વર્ણી, સાધુ અને પાર્ષદ વગેરે ભક્તજનોની સાથે આપની સેવા કરીને મારી ધન, ઘર, ધાન્ય આદિ સર્વે સંપત્તિને તથા મારા મનુષ્યજન્મને સફળ કરવા ઈચ્છું છું.[૩૫] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણેની ખટવાંગ રાજાની પ્રાર્થનાથી

सुव्रत उवाच -

एवं सम्प्रार्थितस्तेन प्रसन्नो हरिरब्रवीत् । आयास्यामि तव ग्रामं राजर्षे ! नात्र संशयः ॥ ३६
साम्प्रतं तु मया स्थातुं प्रतिज्ञातमिहास्त्यतः । प्रबोधन्युत्सवं कृत्वा तत्रायास्याम्यहं खलु ॥ ३७
इत्थं प्रसन्नमनसा हरिणोदिते तं नत्वा प्रहृष्ट उदिते तरणौ दशम्याम् ।
गन्तुं ततः स निरगान्नृपते ! स्वखेटं प्रापच्च दुर्गपुरमध्वगतं परेद्युः ॥ ३८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे लोभदोषनिरूपणनामैकविंशोऽध्यायः ॥ २१ ॥*

---

**ભગવાન શ્રીહરિ બહુજ પ્રસન્ન થયા અને તેમને કહેવા લાગ્યા કે, હે રાજર્ષિ ! હું તમારાં ગામમાં જરૂરથી પધારીશ તેમાં કોઈ જાતનો સંશય નથી. પરંતુ અત્યારે મેં સરધારપુરમાં ચાતુર્માસ પર્યંત રહેવાની પ્રતિજ્ઞા કરેલી છે. તેથી અહીં કાર્તિક પ્રબોધની એકાદશીનો ઉત્સવ ઉજવી તમારા ગામ કારિયાણી હું ચોક્કસ આવીશ.[૩૬-૩૭]**

**હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ અતિ પ્રસન્ન થઈને કહ્યું તેથી ખટવાંગ રાજા અંતરમાં ખૂબજ રાજી થઈ શ્રીહરિને નમસ્કાર કર્યા. પછી દશમીની તિથિએ સૂર્ય ઉદય પામતાં કારિયાણી ગામે જવા નીકળ્યા અને બીજે દિવસે એકાદશીના સાંજે માર્ગમાં આવતાં ગઢપુર નગરમાં પધાર્યા.[૩૮]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં સર્વ કરતાં મોટા શત્રુ તરીકેનું લોભદોષનું નિરૂપણ કર્યું એ નામે એકવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૧--***

---

द्वाविंशोऽध्यायः ॥ २२ ॥

सुव्रत उवाच -

अस्ति पश्चिमपञ्चालदेशेषु जनपावनी । उन्मत्तगङ्गेति नदी विख्याता निर्मलोदका ॥ १
यस्यां चक्रे जलक्रीडां मुनिभिः सह सोऽच्युतः । स्नानं च बहुशस्तेन महापातकहृज्जला ॥ २
तस्यास्तटेऽतिपुण्यायाः सरितो दुर्गसंज्ञितम् । पुरं तदस्ति नृपते ! चातुर्वर्ण्यजनाश्रयम् ॥ ३
द्वारिकानगरस्यासीत् यच्छाखानगरं पुरा । क्रीडास्थानं भगवतो वसुदेवात्मजस्य च ॥ ४
तत्रासीदभयो नाम्ना नृपतिर्भक्तिमान्हरौ । क्षात्रधर्मरतः शूरः सच्छास्त्रश्रवणादरः ॥ ५
करियानपुरेशस्य नागेशनृपतेः सुताम् । स पूर्णाख्यस्त्रियां जातामुपयेमे सुरप्रभाम् ॥ ६
बुट्टदाख्यपुरेशस्य तनयां रणगामिनः । सोमादेवीति विख्याताम् उपयेमेऽपरां च सः ॥ ७

---

## અધ્યાય – ૨૨

## ગઢપુરનું વર્ણન અને અભયરાજાનો પવિત્ર પરિવાર.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પશ્ચિમ પાંચાલ દેશમાં મનુષ્યોને પાવન કરનારી નિર્મળ જળવાળી ઉન્મત્તગંગા નામની પ્રખ્યાત નદી વહે છે. આ ગંગામાં અચ્યુત ભગવાન શ્રીહરિ મુનિ મંડળોની સાથે અનંતવાર જળક્રીડા કરેલી હોઈ આ નદીનું જળ માનવીઓનાં બ્રહ્મહત્યાદિ મહાપાપોને ધોનારું છે.[૧-૨]

હે રાજન્ ! આવી આ પાવનકારી ઉન્મત્તગંગાને કિનારે દુર્ગપુર નામનું નગર આવેલું છે. એ નગરમાં ચારે વર્ણના જનો નિવાસ કરીને રહે છે. પૂર્વે આ નગર દ્વારિકાપુરીનું શાખાનગર તરીકે પ્રસિદ્ધ હતું. કારણ કે દ્વારિકેશ ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવ અહીં વિહાર કરવા પધારતા.[૩-૪]

હે રાજન્ ! આવાં ઉત્તમ પવિત્ર નગરમાં ભગવાનના પરમ ભક્ત અભયરાજા રહેતા હતા. તે ક્ષત્રિયધર્મનું યથાર્થ પાલન કરતા અને સ્વભાવે શૂરવીર હતા. તેમજ શ્રીમદ્‌ભાગવતની કથાનું હમેશાં આદરથી શ્રવણ કરતા રહેતા.[૫] તે અભયરાજા, કારિયાણીના નાગેશ રાજા અને પૂર્ણાદેવી થકી જન્મેલી પુત્રી સુરપ્રભાદેવી સાથે પરણ્યા હતા.[૬] તેમજ બોટાદના રણગામી નામના રાજાની પુત્રી સોમાદેવીની સાથે તેણે બીજાં લગ્ન પણ કર્યાં હતાં.[૭] આવી રીતે અભયરાજાને બે પત્નીઓ હતાં અને બન્ને પતિવ્રતાના ધર્મમાં નિષ્ઠાવાળાં હતાં. તેમાં જે સુરપ્રભા નામનાં મોટાં પત્ની હતાં તેને ચાર કન્યાઓ હતી. તેમાં પહેલાં જયાબા, બીજાં

पतिव्रताधर्मनिष्ठे उभे अपि बभूवतुः । सुरप्रभायां तत्रासीत् तस्य कन्याचतुष्टयम् ॥ ८
आद्या तत्र जयासंज्ञा द्वितीया ललिता तथा । पाञ्चाली च तृतीयोक्ता नानीसंज्ञा तथान्तिमा ॥ ९
सोमादेव्यां बभूवैको गुणवानुत्तमः सुतः । सुशीलो मृदुवाक् शान्तः प्रह्लाद इव सन्मतिः ॥ १०
जया च ललिता तत्र भगिन्यौ द्वे महामती । बाल्ये वैधव्यमापन्ने विरक्ते विषयेषु च ॥ ११
उरीकृतब्रह्मचर्ये कृच्छ्रादिव्रततत्परे । आस्तां स्वधर्मनिष्ठे च पितृवेश्मकृतस्थिती ॥ १२
राज्ञः स्वसाऽऽसीत्सोमाख्या शालको गालवाभिधः । सर्वेऽप्येते स्वधर्मस्थाः कृष्णभक्तिपरास्तथा १३
एतैः सह स भूपालः प्रत्यहं नियमेन च । श्रीमद्भागवतं राजन् शुश्राव परमादरात् ॥ १४
श्रुतां कथां भगवतः सङ्गत्य निशि तैः सह । कथयामास चित्ते च मुहुस्तां स व्यचिन्तयत् ॥ १५
श्रुत्वा पुराणं सकलं दत्त्वा विप्राय दक्षिणाम् । पुनस्तदशृणोत्प्रीत्या चक्र एवं स सप्तशः ॥ १६

---

**લલીતાબા, ત્રીજા પાંચાલી, અને ચોથા નાનુબા હતાં.[૮-૯] અને બીજાં પત્ની સોમાદેવીને એક ઉત્તમ નામે ગુણવાન પુત્ર હતો. તે સ્વભાવે શાંત, સુશીલ અને મૃદુભાષી હતા અને પ્રહ્લાદજી જેવા સદ્‌બુદ્ધિમાન હતા.[૧૦]**

**હે રાજન્ ! તે અભયરાજાની ચાર પુત્રીઓમાં મોટી બે પુત્રીઓને બાળપણથી જ વિધવાપણું પ્રાપ્ત થતાં તે પિતાને જ ઘેર નિવાસ કરીને રહેતાં હતાં. વિષયોથી અત્યંત વૈરાગ્ય પામી નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતાં તે બન્ને ચાંદ્રાયણ આદિ તપપરાયણ અને સ્વધર્મપરાયણ જીવન જીવી ભગવાનનું ભજન કરતાં હતાં.[૧૧-૧૨] તે અભયરાજાને સોમાબા નામે એક બહેન હતાં અને ગાલવ નામે તેમના સાળા કે જે નાની પત્ની સોમાદેવીના ભાઈ હતા. આ રીતે અભયરાજાનો સમસ્ત પરિવાર ગઢપુરમાં રહી ધાર્મિક જીવન જીવતો અને ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ પરાયણ રહેતો હતો.[૧૩]**

**હે રાજન્ ! અભયરાજા ઉપરોક્ત પોતાના સમસ્ત પરિવારની સાથે પ્રતિદિન નિયમપૂર્વક શ્રીમદ્ ભાગવતપુરાણની કથાનું પરમ આદરથી શ્રવણ કરતા હતા.[૧૪] દિવસે પુરાણીના મુખેથી સાંભળેલી ભાગવતની કથાને અભયરાજા રાત્રીએ દરબારમાં ભેળાં થયેલાં પોતાનાં સંબંધીજનોની આગળ ફરી કહી સંભળાવતા અને તેનું પોતાના ચિત્તમાં વારંવાર ચિંતવન પણ કરતા રહેતા.[૧૫] તેણે સમગ્ર શ્રીમદ્‌ભાગવતને સાંભળ્યા પછી વક્તા વિપ્રને બહુ દક્ષિણાઓ આપી ફરી તેમની પાસેથી આખું ભાગવત અતિ પ્રેમથી સાંભળ્યું. આ પ્રમાણે સાત વખત શ્રીમદ્ ભાગવતપુરાણની કથાનું શ્રવણ કર્યું.[૧૬]**

यर्हि यर्ह्यशृणोत्तच्च तर्हि तर्हि व्यचिन्तयत् । यदा यदा हि धर्मस्येत्यादिपद्यार्थमात्मनि ॥ १७
अधर्मोपचयो यर्हि स्याद्धर्मापचयो भुवि । तदावतारं भगवान् गृह्णातीत्येव निश्चयः ॥ १८
अधर्मः साम्प्रतं भूमौ विवृद्धो दृश्यते नृषु । अतो हर्यवतारस्य कालोऽयमित्यवैद् हृदि ॥ १९
अयमेव प्रतिदिनं विचारस्तस्य चेतसि । अवर्तत नरेशस्य विरक्तिं समुपेयुषः ॥ २०
एकदा श्रावणे मासि कृष्णैकादशिकादिने । महोपचारैः कृष्णस्य पूजां स विधिनाऽकरोत् ॥ २१
एकादशीव्रतप्रोक्तान् नियमान् पालयन् स च । पूजान्ते कृष्णपद्यानि गापयामास भूरिशः ॥ २२
अपराह्णे भागवतीं गीतां शुश्राव सादरम् । कथान्ते भगवद्वार्ताम् अकरोत्स्वयमेव च ॥ २३
शृण्वन्तु बन्धवः सर्वे वदामि स्वमनोगतम् । श्रेयः स्यादिह सर्वेषां भक्त्या कृष्णस्य वै नृणाम् २४
प्रत्यक्षकृष्णे भक्तिस्तु सद्य एव फलप्रदा । प्रतिमायां तस्य सा च चिरेण फलदा मता ॥ २५

---

**હે રાજન્ ! અભયરાજા જ્યારે કથાનું શ્રવણ કરતા ત્યારે નવમા સ્કંધના**

**यदा यदा हि धर्मस्य क्षयो वृद्धिश्च पाप्मनः ।**
**तदा तु भगवानीश आत्मानं सृजते हरिः ॥**

**આ શ્લોકના પદનો અર્થ પોતાના મનમાં વિચારતા કે, પૃથ્વી પર જ્યારે જ્યારે અધર્મની વૃદ્ધિ થાય અને ધર્મનો ક્ષય થાય ત્યારે ભગવાન શ્રીવાસુદેવ નક્કી અવતાર ધારણ કરે છે.[૧૭-૧૮] તો અત્યારે પૃથ્વી પર સર્વત્ર મનુષ્યોમાં અધર્મવૃદ્ધિ પામેલો દેખાય છે. એથી આ સમય જરૂર ભગવાનને પ્રગટ થવાનો છે. આ પ્રમાણે અભયરાજા પોતાના મનમાં જાણતા હતા.[૧૯]**

**હે રાજન્ ! સર્વે પદાર્થોમાંથી વૈરાગ્ય પામેલા તે અભયરાજાને મનમાં પ્રતિદિન આવા જ વિચારો આવ્યા કરતા.[૨૦] એક સમયે શ્રાવણવદી એકાદશીની તિથિએ અભયરાજાએ મોટા ઉપચારોથી વિધિપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરી, એકાદશીના વ્રતવિધિમાં કહેલા નિયમોનું યથાર્થ પાલન કરવાની સાથે મહાપૂજાને અંતે ભગવાન શ્રીકૃષ્ણના ગુણ ચરિત્રોવાળાં અનેક પદોનું સંકીર્તન કર્યું.[૨૧-૨૨] અને બપોર પછીના સમયે આદરપૂર્વક શ્રીમદ્‌ભગવદ્ ગીતાનું શ્રવણ કર્યું. કથાને અંતે સ્વયં સંબંધીજનો આગળ ભગવદ્ વાર્તા કહેવા લાગ્યા.[૨૩] હે સંબંધીજનો ! હું મારા મનમાં રહેલા વિચારો તમારી આગળ રજૂ કરું છું. તમે સર્વે સાવધાન થઈને સાંભળો. આ લોકમાં સર્વે મનુષ્યોનું આત્યંતિક કલ્યાણ કેવળ એક ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિથી જ થાય છે.[૨૪] તેમાં પણ જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યક્ષપણે વિરાજતા હોય ને તેની મનુષ્ય જો ભક્તિ કરે તો તત્કાળ**

धन्या हि पुरुषा लोके यैः साक्षात्कृष्ण ईक्षितः । पूजितश्च यथाशक्ति प्राप्तास्ते तु परां गतिम् ॥ २६
अवतारो भवेद्यर्हि कृष्णस्य धरणीतले । तर्हि प्रत्यक्षभक्तिः स्याद्दुर्लभा सा तु देहिनाम् ॥ २७
अवतारस्य हेतुस्तु कृष्णस्याधर्मपुष्टता । भुवि धर्मस्य च ग्लानिः अत्र कृष्णवचो ब्रुवे ॥ २८
यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ! । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ २९
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥ ३०
आरम्भे हि कलेः पूर्वम् अधर्मोऽतिव्यवर्धत । तदा कृष्णः स्वयं जज्ञे देवक्यां वसुदेवतः ॥ ३१
अधर्माश्रयिणो हत्वा सोऽसुरांश्च सहस्रशः । वर्णाश्रमोचितं धर्मं भूमौ सम्यगपप्रथत् ॥ ३२
परीक्षित्सहदेवाद्यै रिपुञ्जयसमापनैः । चन्द्रवंश्यै रक्षिता वै तन्मर्यादा ततो नृपैः ॥ ३३

---

ફળને આપનારી થાય છે. પરંતુ અર્ચા સ્વરૂપને વિષે કરવામાં આવતી ભક્તિ બહુ કાળે ફળે છે.[૨૫] જે પુરુષોએ પ્રત્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણનું દર્શન કર્યું છે અને શક્તિને અનુસારે સેવાપૂજા કરી છે. તે ધન્ય થયા છે અને ભગવાનના ધામની પ્રાપ્તિરૂપ પરમશ્રેષ્ઠ ગતિ પણ પામ્યા છે.[૨૬]

હે સંબંધીજનો ! આ પૃથ્વી પર જ્યારે ભગવાન શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થાય ત્યારે જ ભગવાનની પ્રગટ ભક્તિ થઈ શકે, પરંતુ અત્યારે તે ભક્તિ મનુષ્યો માટે દુર્લભ છે. ભગવાન પ્રાદુર્ભાવ પામે તો જ પ્રગટ ભક્તિ શક્ય બને તેમ છે. અને ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રગટ થવાનાં કારણો પણ પૃથ્વીપર અધર્મની વૃદ્ધિ અને ધર્મનો ક્ષય થાય, તે જ શાસ્ત્રોમાં કહેલાં છે. આ સંદર્ભમાં ભગવાન શ્રીકૃષ્ણનાં વચનો જ પ્રમાણભૂત છે તે તમને સંભળાવું છું.[૨૭-૨૮]

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, હે ભરતકુળમાં ઉત્પન્ન થયેલા અર્જુન ! આ પૃથ્વી પર જ્યારે જ્યારે વેદોક્ત ધર્મમર્યાદાની હાનિ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે હું અવતાર ધારણ કરું છું. અને ધર્મશીલ મારા એકાંતિક ભક્ત એવા સંતજનોના રક્ષણને માટે અને અધર્મીના વિનાશને માટે તથા વૈદિક ધર્મના સ્થાપન માટે હું યુગયુગને વિષે પ્રગટ થાઉં છું.[૨૯-૩૦]

હે સંબંધીજનો ! પૂર્વે જ્યારે કલિયુગનો પ્રારંભ થયો ત્યારે અધર્મ અત્યંત વૃદ્ધિ પામ્યો તે સમયે ભગવાન શ્રીકૃષ્ણ વસુદેવ અને દેવકી થકી પ્રગટ થયા અને અધર્મનો આશ્રય કરનારા હજારો અસુરોનો વિનાશ કરી પૃથ્વીપર વર્ણાશ્રમ ધર્મને સારી રીતે સ્થાપન કર્યો હતો.[૩૧-૩૨] ભગવાન શ્રીકૃષ્ણના તિરોધાન પછી પરીક્ષિત, સહદેવ, રિપુંજય આદિ ચંદ્રવંશી રાજાઓએ શ્રીકૃષ્ણ ભગવાને સ્થાપેલી

बृहद्रणादिभिर्भूपैः सुमित्रचरमैस्तथा । रक्षिता सूर्यवंश्यैश्च मर्यादा सा स्वशक्तितः ॥ ३४
कालेन क्षीयमाणाऽथ विक्रमार्केण भूभुजा । शालिवाहननाम्ना च यथावत्सा सुरक्षिता ॥ ३५
ततः श्रीशङ्कराचार्यो नास्तिकादीन्विजित्य च । धरण्यां स्वप्रतापेन धर्मसेतूनतिष्ठिपत् ॥ ३६
विष्णुस्वामी ततो रामानुजाचार्यश्च वीर्यवान् । मध्वाचार्यश्च निम्बार्को धर्माध्वानमपीपलन् ॥ ३७
ततः श्रीवल्लभाचार्यः सह गोस्वामिना भुवि । अपालयद्धर्मसेतून् कृष्णभक्तिं प्रवर्तयन् ॥ ३८
तयोरितोऽन्तर्हितयोः कलिः प्राप्तबलोऽद्य तु । साधर्मः सम्प्रवृत्तोऽस्ति गृहित्यागिनृपादिषु ॥ ३९
प्राप्तोऽस्ति धर्मः साङ्कर्यं नृषु वर्णाश्रमात्मकः । अधर्मरुचयः सन्ति प्रायशो ह्युत्तमा जनाः ॥ ४०
शूद्रा द्विजसमाचाराः शूद्राचारा द्विजातयः । त्यागिनः सगृहाः प्रायो गृहिणो भिक्षुका इव ॥ ४१
पतिव्रताधर्महीना व्यभिचारपराः स्त्रियः । सन्त्युत्तमाश्चापि नरा हिंसामांससुराप्रियाः ॥ ४२

---

ધર્મમર્યાદાનું રક્ષણ કર્યું.[૩૩] તથા બૃહદ્રણ, સુમિત્ર આદિ સૂર્યવંશી રાજાઓએ પણ પોતપોતાની શક્તિ અનુસાર ભગવાને સ્થાપેલી મર્યાદાનું રક્ષણ કર્યું.[૩૪] હે સંબંધીજનો ! ત્યારપછી કાળે કરીને ક્ષીણ થયેલી તે ધર્મ મર્યાદાનું વિક્રમાદિત્ય તથા શાલિવાહન રાજાએ યથાર્થપણે રક્ષણ કર્યું.[૩૫] પછી શ્રીશંકરાચાર્યે નાસ્તિક એવા બૌધો ઉપર વિજય મેળવી આ ધરતી પર પોતાના પ્રતાપથી ધર્મ મર્યાદાનું પુનઃ સ્થાપન કર્યું.[૩૬] ત્યારપછી અતિસમર્થ એવા આચાર્યો શ્રી વિષ્ણુસ્વામી, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય અને નિમ્બાર્કાચાર્યે ધર્મ મર્યાદાઓનું ખૂબજ પાલન પોષણ કર્યું.[૩૭] ત્યારપછી શ્રીવલ્લભાચાર્યે પોતાના પુત્ર ગોસ્વામી વિઠ્ઠલનાથજીની સાથે આ પૃથ્વી પર શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિનું પ્રવર્તન કરવાની સાથે સાથે ધર્મમર્યાદાનું પણ પાલન પોષણ કર્યું.[૩૮]

હે સંબંધીજનો ! તેઓના આલોકમાંથી અંતર્ધાન થયા પછી આ સમયમાં બહુજ બળવાન થયેલો અધર્મ સહિત કલિયુગ ગૃહસ્થો, ત્યાગીઓ અને રાજાઓમાં પ્રવેશ કરીને બહુ પ્રસરેલો દેખાય છે.[૩૯] મનુષ્યોના ધર્મમાં વર્ણસંકરતા પેદા થઈ ગઈ છે. બ્રાહ્મણાદિ ઉત્તમ મનુષ્યો પણ મોટાભાગે અધર્મમાં રુચિ રાખનારા થયા છે.[૪૦] બહુધા તો શૂદ્રજનો ત્રણવર્ણના દ્વિજો જેવા આચારવાળા થયા છે. અને દ્વિજો શૂદ્ર જેવા આચારવાળા થયા છે. ત્યાગી, વૈરાગી અને સંન્યાસીઓ તો ગૃહસ્થ જેવા થયા છે. અને ગૃહસ્થો તો રાંકની જેમ સ્ત્રી ન મળતાં ત્યાગી જેવા થઈ ફરે છે.[૪૧] સ્ત્રીઓ પતિવ્રતાના ધર્મનો ત્યાગ કરી વ્યભિચાર પરાયણ થઈ છે. સારા સારા મનુષ્યો પણ હિંસા, માંસભક્ષણ અને મદિરાનું પાન કરતા થયા છે.[૪૨]

स्त्रीरसद्रविणाद्याप्त्यै दम्भप्रायैव दृश्यते । भक्तिस्तथा तपोयोगौ धर्माचारश्च बन्धवः ॥ ४३
पुम्भिर्हास्यविनोदादौ तत्स्पर्शे चाधवाः स्त्रियः । रसाशने च सक्ताः सद्वासोभूषादिधारणे ॥ ४४
एवं बहुविधा भूमौ सम्प्रवृत्तिर्हि दृश्यते । अधर्मस्य कलेश्चापि दुर्दृश्या भगवज्जनैः ॥ ४५
तत्कृष्णस्यावतारस्य कालोऽयं शास्त्रदर्शितः । धर्मरक्षाव्रतधृतः प्राप्तोऽस्तीत्येव भाति मे ॥ ४६
यत्र कुत्रापि भगवान् प्रादुर्भूत इति ध्रुवम् । सच्छास्त्रवाक्यप्रामाण्यात् अधर्मोन्मूलनोद्यतः ॥ ४७
कृष्णः स भगवानस्मान् स्वकीयानिति वेत्तु च । रक्षत्वधर्मपाषण्डात् दत्ताच्च कृपयेक्षणम् ॥ ४८

**सुव्रत उवाच –**

इत्थं वदत्यभयभूमिपतौ तदैव खट्वाङ्गराजऋषिरस्य गृहं स आयात् ।
वृद्धस्य चात्मसुहृदः स च तस्य सम्यगातिथ्यमात्महितकारिण आचचार ॥ ४९

***इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे अभयराजगृहे खट्वाङ्गागमननामा द्वाविंशोऽध्यायः ॥ २२ ॥***

---

હે બંધુજનો ! મનુષ્યો ભક્તિ કરે છે તથા તપ, યોગ અને ધર્મનું પાલન કરે છે તે કેવળ સ્ત્રીનો ઉપભોગ પ્રાપ્ત થાય, રસાસ્વાદે કરીને દેહનું પોષણ થાય અને ધનની પ્રાપ્તિ થાય તે માટે જ માત્ર દંભથી કરે છે.[૪૩] વળી વિધવા સ્ત્રીઓ પણ લાજ છોડી પર પુરુષ સાથે હાસ્ય વિનોદ અને વ્યભિચાર પણ કરે છે. વળી રસાસ્વાદમાં લોલુપતા અને અંગો દેખાય તેવાં ઝીણાં વસ્ત્રો અને આભૂષણો ધારી શરીરપર ઘણા પ્રકારના અંગરાગ પણ કરે છે.[૪૪] આ પ્રમાણે આ ભૂમિ ઉપર ભગવાનના સાચા ભક્તોથી જોઈ ન શકાય તેવી અધર્મ અને કલિયુગની બહુધા પ્રવૃત્તિઓ ચારે તરફ થતી જોવા મળે છે.[૪૫] તે કારણથી ધર્મરક્ષાનું નિયમ લેનારા ભગવાન શ્રીકૃષ્ણના પ્રાદુર્ભાવનો શાસ્ત્રે જણાવેલો સમય અત્યારે આવ્યો હોય એવું જણાય છે.[૪૬] શાસ્ત્રોનાં વચનો પ્રમાણભૂત હોવાથી મારું મન કહે છે કે અધર્મનાં મૂળ ઉખેડવામાં તત્પર ભગવાન કોઈના કોઈ સ્થળે જરૂરથી પ્રગટ થયા હોવા જોઈએ.[૪૭] આ પ્રગટ થયેલા ભગવાન શ્રીકૃષ્ણ આપણને પોતાના જાણી અધર્મ અને પાખંડથી આપણું રક્ષણ કરે અને કૃપા કરીને પોતાનું દર્શન આપે તો કેટલું સારું થાય ?.[૪૮]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! અભયરાજા આ પ્રમાણે જ્યાં પોતાના પરિવાર સાથે વાતો કરી રહ્યા છે ત્યાં તે જ ક્ષણે કારિયાણીના ખટવાંગ રાજર્ષિ તેમના રાજદરબારમાં પધાર્યા. તે સમયે અભયરાજા તત્કાળ ઊભા થઈ વયોવૃદ્ધ

त्रयोविंशोऽध्यायः ॥ २३ ॥

सुव्रत उवाच

सन्मानितं तं नृपते ! स्वागतासनवारिभिः । फलाहारेण चोपेत्य निषसादाभयो नृपः ॥ १
सुखोपविष्टं विश्रान्तं खट्वाङ्गं स महामतिः । अनूपविष्टस्त्रीपुत्रपुत्र्यादिः समपृच्छत ॥ २
कुत आगम्यते धीमंस्त्वया धर्मविदाऽधुना । स्वजनानां हितायैव त्वदागमनमस्ति नः ॥ ३

---

અને પોતાના પરમ મિત્ર અને તેથી જ પોતાનું સદાય હિતકરનારા તે ખટવાંગ રાજર્ષિનું યથાયોગ્ય આતિથ્ય સત્કાર કરી સન્માન કર્યું.[૪૯]

**આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ભક્તિ પરાયણ અભય પરિવારમાં ભગવાનના પ્રાદુર્ભાવ સમયની ગોષ્ટી થઇ ને ખટવાંગ રાજા ત્યાં પધાર્યા એ નામે બાવીસમો અધ્યાય પૂર્ણ થયો. –૨૨–**

---

## અધ્યાય – ૨૩

### અભય પરિવારને ખટ્વાંગ રાજાએ પ્રભુ પ્રાગટ્યના શુભ સમાચાર આપ્યા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! જળ, આસન અને ફલાહાર અર્પણ કરી ખટવાંગ રાજાનું સન્માન કરી અભયરાજા તેમની સમીપે આવીને બિરાજમાન થયા. તેમની પાછળ સુરપ્રભા અને સોમાદેવી બે પત્નીઓ, પુત્ર ઉત્તમ અને જયા, લલીતા, પાંચાલી અને નાનું આ ચાર પુત્રીઓ તથા બહેન સોમા અને સાળા ગાલવ પણ આવીને બેઠા. ત્યારે મહા ઉદાર બુદ્ધિવાળા અભયરાજા સુખપૂર્વક વિસામો લઈ વિરાજતા ખટ્વાંગ રાજર્ષિને પૂછવા લાગ્યા.[૧-૨]

હે બુદ્ધિમાન મિત્ર ! ધર્મને જાણનારા આપનું અત્યારે કયા પ્રદેશમાંથી અહીં આગમન થયું છે ? ધાર્મિક પુરુષોનું ચાતુર્માસમાં બહાર નીકળવું અનુચિત છે, છતાં તેના કરતાં પણ કેટલું વધુ આવશ્યકનું પ્રયોજન હશે તેથી તમે ઘરથી બહાર નીકળ્યા છો. અમારા દરબારગઢમાં આપનું આગમન સ્વજન એવા અમારા કોઈના કોઇ હિતને માટે થયું છે. એમ મને જણાય છે.[૩]

इति पृष्टः स तं प्राह शरधाराख्यपत्तने । सहजानन्दनामाऽस्मद्गुरुरस्ति समागतः ॥ ४
तद्दर्शनार्थमगममहं परिमितानुगः । सहस्रशो जनास्तत्र मिलिता अभयाभवन् ॥ ५
तत्र तेन महांश्चक्रे कृष्णजन्माष्टमीतिथौ । उत्सवस्तमहं दृष्ट्वा स्वग्रामं यन्निहागमम् ॥ ६
खट्वाङ्गेनैवमुक्तोऽसौ नृपः प्रोवाच तं पुनः । सम्पन्नः कैर्गुणैः सोऽस्ति गुरुस्तव महाव्रत ! ॥ ७
महानेव पुमान्कश्चित्स भवेदिति तर्कये । त्वादृग्वर्षास्वन्यथा तं द्रष्टुं गच्छेत्कथं सुधीः ॥ ८
सामान्यः स गुरुर्नेति ततः सम्भावयाम्यहम् । वक्तुमर्हसि तस्य त्वं गुणानस्मान्सुहृत्तम ! ॥ ९

**खट्वाङ्ग उवाच –**

कथयिष्ये गुणांस्तस्य किन्तु ते भवदादिभिः । मन्येरन्सत्यभावेनेत्यत्र मे त्वस्ति संशयः ॥ १०

---

હે રાજન્ ! આ પ્રમાણે અભયરાજાએ વિનય વચનોથી પૂછ્યું ત્યારે ખટ્વાંગ રાજા તેમને કહેવા લાગ્યા કે, હે અભયભૂપતિ ! સરધારપુરમાં મારા ગુરુ શ્રી સહજાનંદ સ્વામી પધાર્યા છે.[૪] હે અભય ! તેમનાં દર્શન કરવા હું મારા પરિવાર સાથે ત્યાં ગયો હતો. ત્યાં મારા ગુરુનાં દર્શન કરવા માટે બીજા દેશાંતરોમાંથી હજારો મનુષ્યો આવ્યાં હતાં.[૫] સરધારપુરમાં અમારા ગુરુએ મોટો જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો હતો. તેમનાં દર્શન કરી હું મારાં ગામ કારિયાણી જતાં વચ્ચે આપને મળવા અહીં આવ્યો છું.[૬]

હે રાજન્ ! ખટ્વાંગ રાજાએ આ પ્રમાણે ઉત્તર આપ્યો, ત્યારે અભયરાજા ફરી તેમને પૂછવા લાગ્યા કે, હે મહાવ્રતવાળા મિત્ર ! તમારા ગુરુ કોઈ સામાન્ય મનુષ્ય ન હોવા જોઈએ, તે કેવા પ્રકારના સદ્‌ગુણોએ સંપન્ન છે ? તમારા ગુરુ કોઈ મહાન પુરુષ હોવા જોઈએ એમ મને લાગે છે. નહીં તો તમારા જેવા બુદ્ધિમાન પુરુષો આવી વર્ષા ઋતુમાં તેમનાં દર્શન કરવા ઘર છોડીને બહાર કેમ નીકળે ? તેથી તમારા ગુરુ શ્રી સહજાનંદ સ્વામી બીજા ગુરુઓ જેવા સામાન્ય તો નહિ જ હોય. એમ હું ચોક્કસ માનું છું. હે મિત્રવર્ય ! તે માટે તમારા ગુરુના ગુણો અમને યથાર્થ સંભળાવો.[૭-૯]

આ રીતનાં અભયરાજાનાં વચનો સાંભળી ખટ્વાંગ રાજા કહે છે, હે અભય ! મારા ગુરુના સદ્‌ગુણો વિષે હું તમને કાંઈ વાત કરું તો તેમાં તમને વિશ્વાસ આવશે કે કેમ ? એ બાબતમાં મને સંશય થાય છે.[૧૦] આ પ્રમાણે ખટ્વાંગ રાજાનાં વચનો સાંભળી અભયરાજા કહેવા લાગ્યા કે, હે મિત્રવર્ય ! તમે ધાર્મિક અને સત્ય વક્તા છો. તે પ્રસિદ્ધ છે, તેથી તમારાં વચનોમાં અવિશ્વાસ કરવાનું કોઈ કારણ જ

अभय उवाच -

प्रतीतिर्धर्मनिष्ठस्य तव सत्यगिरोऽस्ति नः । मन्यामहे भवन्तं तु ज्येष्ठपाण्डववद्वयम् ॥ ११
अतस्तस्य प्रतापादि स्वसुतानिव नो भवान् । वक्तुमर्हति राजर्षे ! वयं स्मो हि मुमुक्षवः ॥ १२
खट्वाङ्ग ऊचे भद्र ! त्वं मनो दत्त्वा निशामय । शृण्वन्त्वन्ये बन्धवोऽपि वच आश्चर्यकृन्मम ॥ १३
इत्युक्त्वा कथयामास प्रतापं तस्य सोऽखिलम् । यथावलोकितं स्वेन संश्रुतं च सतां मुखात् ॥ १४
मकरालयपुर्यादौ प्रतापो यः प्रदर्शितः । तेन तं कथयामास तस्य साधुगुणांस्तथा ॥ १५
अलौकिकं तदैश्वर्यं स निशम्य धरापतिः । साश्चर्यः सकुटुम्बोऽभूद्धृष्टरोमा जहर्ष च ॥ १६
अवतारो भगवतो जात एष न संशयः । इति निश्चित्य मनसा तं पप्रच्छ पुनः स च ॥ १७
महामते ! त्वया प्रोक्तं यद्वचः सत्यमेव तत् । स कृष्णोपासकः स्वामी कृष्ण एव न संशयः ॥ १८

---

નથી. અમને પૂર્ણ વિશ્વાસ છે. કારણ કે અમે તમને પાંડવોના વડીલ બંધુ યુધિષ્ઠિર સમાન સત્ય વક્તા માનીએ છીએ.[૧૧] હે રાજર્ષિ ! તેથી અમને તમારા પુત્રો જાણી અમારા હિત ખાતર આપના ગુરુના પ્રતાપની, પ્રભાવની તથા સદ્‌ગુણોની વાતો કરો. કારણ કે અમારાં સર્વેના અંતરમાં પણ તમારી જેમ સાંસારિક બંધનોમાંથી મુક્ત થવાની ઇચ્છા વર્તે છે. આ પ્રમાણે અભયરાજાનું વચન સાંભળી ખટ્‌વાંગ રાજર્ષિ કહેવા લાગ્યા કે, હે કલ્યાણ પ્રિય રાજા ! તમે તથા તમારાં આ સર્વે સંબંધીજનો મન દઇને આશ્ચર્યકારી મારી વાતો સાંભળો.[૧૨-૧૩] આ પ્રમાણે કહીને પોતે ખટ્‌વાંગ રાજા ભગવાન શ્રીહરિનો પ્રતાપ જે પ્રત્યક્ષ નિહાળ્યો હતો. અને સંતોના મુખેથી જે સાંભળ્યો હતો તે સર્વેનું યથાર્થ વર્ણન અભય પરિવારની સન્મુખ કહ્યું તથા માંગરોળપુરમાં ભગવાન શ્રીહરિએ જે પોતાનું સમાધિ દ્વારા તથા દિવ્ય દર્શન દ્વારા જે પ્રતાપ જણાવ્યો હતો તેનું પણ યથાર્થ વર્ણન કરી દેખાડ્યું, તેવીજ રીતે ભગવાન શ્રીહરિના દયા તથા વાત્સલ્યાદિ ભગવાનપણાના બોધક સદ્‌ગુણો હતા તે એક એક ગુણોનું વિસ્તારપૂર્વક વર્ણન ખટ્‌વાંગ રાજાએ અભય પરિવાર સન્મુખ કહી દેખાડ્યું.[૧૪-૧૫] હે રાજન્ ! પોતાના પરિવારની સાથે અભયરાજા ભગવાન શ્રીહરિનાં અલૌકિક ઐશ્વર્ય સાંભળીને અતિશય આશ્ચર્ય પામ્યા અને રોમાંચિતગાત્ર થઇ બહુજ આનંદ પામ્યા.[૧૬] ત્યારપછી અભયરાજા 'એ નક્કી ભગવાનનો અવતાર થયો લાગે છે. એમાં કોઇ જાતનો સંશય નથી'. એમ મનમાં વિચારીને ફરી ખટવાંગ રાજાને પૂછવા લાગ્યા.[૧૭]

હે મહાબુદ્ધિમાન્ ! તમે જે વચન મને કહ્યું તે સંપૂર્ણ સત્ય છે. શ્રીકૃષ્ણ

कस्य पुत्रोऽभवत्सोऽत्र कस्मिन्देशे च सत्तम ! । सौराष्ट्रानागतः कर्हि कं च देशं गमिष्यति ॥ १९
जन्मकर्माणि तस्य त्वं वक्तुमर्हसि तत्त्वतः । अस्मद्भाग्यवशादेव त्वमत्रासि समागतः ॥ २०
कुर्वे विष्ण्ववतारस्य चिन्तनं ह्यहमन्वहम् । तद्वार्ताऽद्य श्रुता दिष्ट्या तां वदाऽऽदित एव मे ॥ २१
अस्मत्सम्बन्धिनोऽप्येते शुश्रूषन्तीदमुत्सुकाः । प्रामाण्यादाप्तवाक्यस्य त्वं तद्वद हितोऽसि नः ॥ २२

**सुव्रत उवाच –**

इत्थं स भक्तऋषभः परमादरेण पृष्टोऽभयेन सह बन्धुजनैः प्रसन्नः ।
श्रीनीलकण्ठचरितस्मृतिसम्भवायाम् आनन्दसारसरिति प्रममज्ज सद्यः ॥ २३

---

ભગવાનને પોતાના ઈષ્ટદેવ તરીકે માનતા શ્રી સહજાનંદ સ્વામી સ્વયં જ પ્રગટ થયેલા શ્રીકૃષ્ણ જ છે તેમાં લેશમાત્ર પણ સંશય નથી.[૧૮] હે શ્રેષ્ઠપુરુષ ખટ્વાંગરાજા ! આ પૃથ્વી પર પ્રગટ થયેલા તે સહજાનંદ સ્વામી કોના પુત્ર છે ? કયા કુળમાં પ્રગટ થયા છે ? કયા દેશમાં તેમનો જન્મ છે ? આ સૌરાષ્ટ્રદેશમાં ક્યારે પધાર્યા ? સરધારપુરથી કયા દેશમાં જવાના છે ?[૧૯] તમે તેમનાં જન્મ અને કર્મનું વર્ણન કરી અમને સંભળાવો. અમારાં કોઈ ઉદય થયેલાં ભાગ્યને કારણે અત્યારે આપનું અહીં આગમન થયું છે.[૨૦]

હું પ્રતિદિન ભગવાન વિષ્ણુનો પ્રાદુર્ભાવ આ પૃથ્વી પર થયો હોવો જોઈએ એવો વિચાર કરતો હતો. પરંતુ આજે તો તમારા મુખેથી ભગવાનના પ્રાદુર્ભાવનું વૃત્તાંત સાંભળીશ. શું મારાં ભાગ્ય ઉદય થયાં ! મને બહુ આનંદ થઈ રહ્યો છે. તમે આરંભથી માંડીને તેમનાં ચરિત્રોની કથા મને સંભળાવો.[૨૧] આપ જેવા આપ્તપુરુષોનાં વચન અત્યંત પ્રમાણભૂત હોવાથી અમારાં સંબંધીજનો પણ અત્યંત ઉત્કંઠાવાળાં થઈ તમારા મુખેથી આ ભગવાનના પ્રાદુર્ભાવની કથા સાંભળવા ઈચ્છે છે, તેથી તમે અમને ભગવાનની કથા સંભળાવો. કારણ કે તમે અમારા હિતકારી છો.[૨૨]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પોતાના બંધુજનોએ સહિત અભયરાજાએ ઉપરોક્ત ખટ્વાંગ રાજાને ભગવાન શ્રીનીલકંઠનાં ચરિત્રોની સ્મૃતિ થઈ આવી, તેણે કરીને ઉત્પન્ન થયેલા આનંદરૂપ જલથી પૂર્ણ સરિતામાં તત્કાળ નિમગ્ન થયા.[૨૩] એ સમયે પોતાના આનંદિત અંતઃકરણમાં પ્રગટ થયેલા ભગવાન શ્રીહરિનાં ચરણકમળમાં તેમનું ચિત્ત આસક્ત થયું. તેથી તેમને દેહની સ્મૃતિ ભુલાઈ ગઈ, એક મુહૂર્ત પર્યંત તો તે મૂર્તિમાં મગ્ન રહેવાથી એકદમ મૌન બેસી રહ્યા. પછી ધીરે

स्वान्तःस्फुरद्धरिपदाम्बुजलग्नचेतां तूष्णीं मुहूर्तमभवच्च गतस्मृतिः सः ।
देहस्मृतिं त्वथ शनैः समवाप्य भक्त्या हर्षाश्रुदृक् पुलकिताङ्गरुहोऽवदत्तम् ॥ २४

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे खट्वाङ्गाभयसंवादनामा त्रयोविंशोऽध्यायः ॥ २३ ॥*

**चतुर्विंशोऽध्यायः ॥ २४ ॥**

**खट्वाङ्ग उवाच -**

कोसलेषूत्तरेष्वस्ति ग्रामश्छुप्पयआह्वयः । तत्र धर्मावतारोऽभूत् देवशर्मा द्विजः सुधीः ॥ १
सावर्णिगोत्रसम्भूतिः सामगो धर्मसंस्थितिः । भक्त्याख्या तस्य भार्याऽऽसीत् साध्वी धर्मे दृढस्थितिः २

---

ધીરે શરીરની સ્મૃતિ પ્રાપ્ત થઇ ત્યારે ભગવાન શ્રીહરિમાં અતિશય પ્રેમ ઉભરાવાથી નેત્રોમાંથી હર્ષનાં આંસુઓ વહેવા લાગ્યાં. શરીર પુલકિત થયું. તથા રોમાવલી બેઠી થઇ અને પછી પ્રેમસભર વાણીથી અભય પરિવાર પ્રત્યે ભગવાન શ્રીહરિનાં ચરિત્રોનું વર્ણન કરવા લાગ્યા.[૨૪]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ખટાંગ અને અભય રાજાના અદ્‌ભૂત સંવાદનું નિરૂપણ કર્યું એ નામે ત્રેવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૩--***

---

## અધ્યાય - ૨૪

## ખટ્‌વાંગરાજાના મુખે ભગવાન શ્રીહરિનાં જન્મથી લઇ સર્વે ચરિત્રોનું સંક્ષિપ્ત વર્ણન.

ખટ્‌વાંગરાજા કહે છે, હે અભયભૂપતિ ! ઉત્તર કૌશળદેશમાં અયોધ્યા પાસે એક છપૈયા નામે નાનું ગામ આવેલું છે. તે ગામમાં સાક્ષાત્ ધર્મના અવતાર અને અત્યંત સુબુદ્ધિમાન દેવશર્મા નામે વિપ્ર થયા તે સાવર્ણિગોત્રમાં જન્મ્યા હતા. તે સામવેદી અને સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણ હતા. તેઓને પતિવ્રતા ધર્મમાં નિષ્ઠાવાળાં ભક્તિદેવીનામે સુશીલ પત્ની હતાં.[૧-૨] પત્ની ભક્તિદેવીની સાથે દેવશર્મા વિપ્રે વૃંદાવન તીર્થમાં અતિ મોટા વિષ્ણુયાગદ્વારા પરમ ભક્તિભાવથી અતિ આદરપૂર્વક વૃંદાવનવિહારી શ્રીકૃષ્ણનું આરાધન કર્યું. તેમના પર પ્રસન્ન થઇ સ્વયં ભગવાન

श्रीकृष्णं स सपत्नीको विष्णुयागेन भूयसा । वृन्दावने परमया भक्त्याऽऽराधयदादृतः ॥ ३
प्रसन्नो भगवांस्तस्मै भुवि धर्मप्रवृत्तये । अधर्मोच्छेदनार्थं च जज्ञे तस्मात्तु तत्स्त्रियाम् ॥ ४
हरिनाम्ना स विख्यातो बाल्यात्सर्वमनोहरः । निजेक्षणादिभिर्जीवान् बहून् पापादमोचयत् ॥ ५
सोऽनिर्दशाहो बालः स्वं जिघांसूनर्भकग्रहान् । कोटराप्रमुखान् सद्यो दहन्नद्रावयद्दृशा ॥ ६
कृत्यासृजं त्रिवर्षोऽसौ कालीदत्तं महासुरम् । व्यमोहयद्दृशा तेन स ममार परिभ्रमन् ॥ ७
कृत्योत्पातादिभीतेन ततः पित्रा स बालकः । अयोध्यायां समानिन्ये प्राक्तनं निजकेतनम् ॥ ८
मानुष्यनाट्यसञ्छन्ननिजैश्वर्य उदारधीः । आनन्दयामास जनांस्तत्र कौमारलीलया ॥ ९
सम्पन्नोऽभूत्स पौगण्डे सर्वैः साधुगुणैरपि । पित्रा कृतोपनयनो नैष्ठिकं व्रतमास्थितः ॥ १०
गुरुं विस्मापयन्विद्याः सकला निगमादिकाः । अध्यैताल्पेन कालेन गृह एव वसन्निजे ॥ ११

---

આ પૃથ્વી પર એકાંતિક ધર્મની પ્રવૃત્તિ કરવા અને અધર્મનો ઉચ્છેદ કરવા તેમના થકી ભક્તિદેવીને વિષે પુત્રરૂપે પ્રગટ થયા.[૩-૪]

સર્વે મનુષ્યોના મનને પોતાની મૂર્તિમાં એકાએક આકર્ષણ કરી લેનારા અને "હરિ" નામથી વિખ્યાત થયેલા ભગવાન શ્રીહરિ બાલ્યાવસ્થાથી આરંભીને જ પોતાની કરુણામય દૃષ્ટિથી અનંત જીવાત્માઓને પાપમાંથી મુક્ત કર્યા.[૫] હજુ દશ દિવસ પણ નો'તા થયા ત્યારે પોતાને મારવા આવેલ કોટરા આદિ કૃત્યાઓને દૃષ્ટિમાત્રથી બાળીને તે જ ક્ષણે ત્યાંથી નસાડી મૂકી. તેમજ ત્રણ વર્ષના બાળ શ્રીહરિએ કૃત્યાઓનું સર્જન કરનાર મહા અસુર કાલિદત્તને દૃષ્ટિમાત્રથી મોહ ઉપજાવી પૃથ્વીપર પડેલા અને તૂટેલા આંબાના વૃક્ષો સાથે આમ તેમ અથડાવી મરણને શરણ કર્યો.[૬-૭]

હે અભય ! પછી કૃત્યાઓ આદિ અસુરોના થતા વારંવારના ઉત્પાતોથી ભય પામી પિતા ધર્મદેવ પોતાના પુત્ર ભગવાન શ્રીહરિને અયોધ્યાપુરીમાં લાવ્યા અને પોતાના પૂર્વના મકાનમાં નિવાસ કરીને રહ્યા.[૮] મનુષ્યનાટકનું અનુકરણ કરી પોતાના ઐશ્વર્યને છુપાવતા ઉદારબુદ્ધિવાળા ભગવાન શ્રીહરિ પોતાનાં બાળચરિત્રોથી સમસ્ત અયોધ્યાવાસી જનોને આનંદ ઉપજાવ્યો.[૯] પછી પૌગંડ અવસ્થામાંજ તે સર્વ સાધુગુણે સંપન્ન થયા. ત્યારે પિતા ધર્મદેવે તેમનો વિધિ પ્રમાણે ઉપનયન સંસ્કાર કર્યો અને સંસ્કાર પ્રાપ્ત થતાં શ્રીહરિ પણ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવા લાગ્યા.[૧૦]

હે અભય ! પોતાના જ ભવનમાં નિવાસકરી ભગવાન શ્રીહરિએ વિદ્યાગુરુ

जनन्यै जनकायाथ ददौ दिव्यगतिं प्रभुः । एकादशाब्दिको गेहात् विरक्तः प्राव्रजत्ततः ॥ १२
स्वयमाचरणेनैव नैष्ठिकब्रह्मचारिणाम् । धर्मान् स दर्शयामास तीर्थानि विचरन्भुवि ॥ १३
तपस्विभ्यस्तपोरीतिं तपस्तप्त्वा ह्यदर्शयत् । योगरीतिं च योगिभ्यो युञ्जन् योगमदर्शयत् ॥ १४
सिद्धाभिमानिशाक्तानां जह्रे सीरपुरे मदम् । दुष्प्रतिग्रहकृष्णाङ्गं विप्रं दृष्ट्याकरोत्सितम् ॥ १५
वीरान् कृत्या महाशाक्तान्निर्जिगाय सहस्रशः । सहस्रशः स्वाश्रितानां पापकर्माण्यहापयत् ॥ १६
असुराणां सहस्राणि शतानि च दुरात्मनाम् । जगन्नाथपुरेऽन्योन्यं विमोह्यासावघातयत् ॥ १७
धर्मद्रुहां चासुराणां सहस्रं मानसे पुरे । सत्रधर्मनृपद्वारा धर्मगुप्त्या अजीघनत् ॥ १८
नानातीर्थानि विचरंस्तत्र तत्र जनान्बहून् । स्ववीक्षास्पर्शभाष्याद्यैः मोचयामास संसृतेः ॥ १९

---

એવા પિતા ધર્મદેવને અત્યંત વિસ્મય પમાડી અલ્પકાળમાંજ સમસ્ત વેદાદિ સત્શાસ્ત્રોનો અભ્યાસ પૂર્ણ કર્યો.[૧૧] ત્યારપછી અગિયાર વર્ષની વય પ્રાપ્ત થતાં સકલ ઐશ્વર્યે સંપન્ન ભગવાન શ્રીહરિ જનની ભક્તિદેવીને અને જનક ધર્મદેવને દિવ્યગતિ આપી ઘરમાંથી વૈરાગ્ય પામી વનની વાટ લીધી.[૧૨] પૃથ્વીપર પુલહાશ્રમાદિ તીર્થોમાં વિચરણ કરતા કરતા સ્વયં શ્રીહરિએ ધર્મોનું આચરણ કરી નૈષ્ઠિક બ્રહ્મચારીઓને તેમનો નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતના ધર્મોનું શિક્ષણ આપ્યું.[૧૩] હે અભય ! ભગવાન શ્રીહરિએ ઉગ્ર તપશ્ચર્યા કરી તપસ્વીઓને તપ કરવાની રીતિ દેખાડી અને અષ્ટાંગયોગની સાધના કરી યોગીજનોને અષ્ટાંગયોગ સાધનાની રીતિ શીખવાડી.[૧૪] ત્યારપછી શ્રીહરિએ સિરપુર શહેરમાં સિદ્ધાઈનું અભિમાન ધરાવતા શક્તિપંથી સિદ્ધોનો ગર્વ હર્યો અને હાથી આદિનું મહાદાન સ્વીકારવાથી શ્યામવર્ણના થઈ ગયેલા તૈલંગદેશના વિપ્રને કરુણામય દૃષ્ટિથી પુનઃ ગૌરવર્ણવાળો કર્યો.[૧૫] તથા હજારો વીરવિદ્યાના ઉપાસકો, કૃત્યાઓના ઉપાસકો અને મહાકાલીના ઉપાસકો એવા પિબેક આદિકનો પરાભવ કરી પોતાને શરણે આવેલા હજારો આશ્રિતોને પાપના પંથથી પાછા વાળ્યા.[૧૬]

હે અભય ! ભગવાન શ્રીહરિ જગન્નાથપુરીને વિષે દુષ્ટ કર્મ કરવામાં આસક્ત દશ હજાર અસુરોમાં પરસ્પર પોતાની માયાથી મોહ ઉપજાવી તેઓનો વિનાશ કર્યો.[૧૭] અને માનસપુરને વિષે રહેતા ધર્મના દ્રોહી એકહજાર જેટલા અસુરોનો ધર્મમાર્ગનું રક્ષણ કરવા માટે સત્રધર્મારાજા દ્વારા વિનાશ કરાવ્યો.[૧૮] આમ અનેક તીર્થોમાં વિચરણ કરતા ભગવાન શ્રીહરિએ તે તે તીર્થોમાં નિવાસ કરીને રહેલા અનંત જીવોને પોતાનાં દર્શન, સ્પર્શ અને ભાષણાદિનું સુખ આપી

उच्छेदयन्नधर्मं च धर्मं संस्थापयन्निह । लोजाख्यं पुरमागच्छत् सौराष्ट्रेषु स सन्मते ! ॥ २०
कृष्णभक्तेः प्रथयितृ रामानन्दमहामुनेः । वैष्णवाचार्यवर्यस्य शिष्यैस्तत्र स मानितः ॥ २१
धर्मज्ञानतपोयोगविद्यावैराग्यभक्तिभिः । सर्वातिशायिभिः सर्वाः तद्वतस्तानचित्रयत् ॥ २२
साकं तैः पिप्पलग्रामे तमाचार्यमुपेयिवान् । उद्धवस्यैवावतारं वृतं शिष्यैः सहस्रशः ॥ २३
दीक्षारीतिप्रवृत्त्यर्थं भुवि तस्मात्स वैष्णवीम् । महतीमग्रहीद्दीक्षां गुरूणां गुरुरप्यसौ ॥ २४
सहजानन्द इत्याख्या गुरुणा विदधेऽस्य च । तेन नारायणमुनिरिति चार्थवती मुदा ॥ २५
सम्पन्ने सद्गुणैः सर्वैः तस्मिन्धर्मधुरं निजाम् । विन्यस्य भगवद्धाम कालेन प्राप्तवान्स च ॥ २६
तस्याज्ञायामवर्तन्त सतीर्थ्याः सकला अपि । नारायणमुनेर्नित्यं गृहिणस्त्यागिनोऽपि च ॥ २७

---

**સંસારમાંથી મુક્ત કર્યા.[૧૯] આ પ્રમાણે ભગવાન શ્રીહરિ પૃથ્વીપર રહેલા અધર્મનો ઉચ્છેદ કરી ધર્મનું સ્થાપન કરતા કરતા સૌરાષ્ટ્રપ્રાંતમાં આવેલ લોજપુર ગામે પધાર્યા.[૨૦] એ લોજપુરમાં કૃષ્ણ ભક્તિનું પ્રવર્તન કરી રહેલા વૈષ્ણવાચાર્યોમાં અગ્રેસર ઉધ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીના શિષ્યો મુક્તાનંદ સ્વામી આદિ સંતો રહેતા હતા તેમણે ભગવાન શ્રીહરિનું સ્વાગત કરી ત્યાં રોક્યા.[૨૧] સર્વ કરતાં અધિક શ્રેષ્ઠ એવા ધર્મ, જ્ઞાન, તપ, યોગ, વિદ્યા, વૈરાગ્ય અને ભક્તિ આદિક અનંત સદ્‌ગુણોથી સંપન્ન એવા ભગવાન શ્રીહરિએ તેવા જ ધર્મવાળા મુક્તાનંદ સ્વામી આદિ સંતોને બહુ જ આશ્ચર્ય ઉપજાવ્યું.[૨૨]**

**હે અભય ! ત્યારપછી ભગવાન શ્રીહરિ મુક્તાનંદ સ્વામી આદિ સંત મંડળની સાથે પિપલાણા ગામે પધાર્યા. ત્યાં હજારો શિષ્યોની વચ્ચે શોભતા આચાર્યશ્રી ઉધ્ધવાવતાર રામાનંદ સ્વામી સાથે મિલન થયું.[૨૩] સ્વયં ભગવાન શ્રીહરિ સર્વે ગુરુઓના પણ ગુરુ હોવા છતાં આ પૃથ્વીપર દીક્ષાગ્રહણની રીતિ પ્રવર્તાવવાને માટે ગુરુ શ્રીરામાનંદ સ્વામી થકી વૈષ્ણવી મહાદીક્ષાનો સ્વીકાર કર્યો.[૨૪] અને સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિનાં અતિ હર્ષપૂર્વક "સહજાનંદ સ્વામી" અને "નારાયણમુનિ" એવાં બે સાર્થક નામ રાખ્યાં.[૨૫] પછી સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામી સમગ્ર સદ્‌ગુણોથી સંપન્ન એવા તેમને પોતાની ધર્મધુરા સોંપી ટૂંક સમયમાં જ ભગવાનના ધામમાં સિધાવ્યા.[૨૬]**

**હે અભયનૃપ ! સમગ્ર ગૃહસ્થભક્તો તથા ત્યાગી સંતો ભગવાન શ્રીહરિના ગુરુભાઈઓ હતા, છતાં શિષ્યોની જેમ તેમની આજ્ઞામાં નિરંતર વર્તવા લાગ્યા.[૨૭] ત્યારપછી શ્રીહરિ પૃથ્વીપર ભાગવતધર્મના પ્રવર્તનને અર્થે વિચરણ કરતા કરતા**

सद्धर्मस्य प्रवृत्त्यर्थं ततोऽसौ व्यचरद्भुवि । आदावगादब्धितटे मकरालयपत्तनम् ॥ २८
विक्रमार्कशकस्याब्दे वसुभूतगजेन्दुभिः । प्रमिते तत्पुरं ह्यायात् स पौषे पूर्णिमातिथौ ॥ २९
अधर्मादवितुं जीवान् स्वप्रतापं प्रदर्शयन् । तत्र मासानुवासाष्टौ धर्मं चाद्यं प्रवर्तयन् ॥ ३०
पूर्तकर्मोत्सवे प्रादात् विप्रेभ्यः स्वस्य दर्शनम् । विष्णुरूपेण तेऽथाऽऽर्चन् मन्त्रैस्तं वैदिकैर्मुदा ॥ ३१
महान्तमुत्सवं चक्रे जन्माष्टम्यां स तत्र च । प्रादर्शयत्कृष्णरूपं सर्वान्स्वीयमलौकिकम् ॥ ३२
रामानन्दमुनेः शिष्याः स्वोपास्यं राधिकापतिम् । तदा तमेव निश्चित्य तं समाश्रित्य भेजिरे ॥ ३३
मुमुक्षवोऽन्येऽपि नरा नार्यश्च बहवस्तदा । तमेव शरणं प्राप्य भेजिरे परमादरात् ॥ ३४
तदा सदःस्थेन मया साक्षात्कृष्णोऽयमेव हि । इति निश्चित्य मनसा भेजे तच्छिष्यताऽनघ ! ॥ ३५
स्वैश्वर्यं प्रकटीकुर्वन् निजमूर्तावकारयत् । प्राणवृत्तिनिरोधं स स्त्रीपुंसां च सहस्रशः ॥ ३६

---

પ્રથમ સંવત ૧૮૫૮ ના પોષ સુદિ પૂનમના દિવસે સમુદ્ર કિનારે આવેલા માંગરોળપુરમાં પધાર્યા.[૨૮-૨૯] ત્યાં દૈવી જીવાત્માઓનું અધર્મ થકી રક્ષણ કરવા પોતાના અલૌકિક પ્રતાપનું દર્શન કરાવી વેદોક્ત સનાતન ધર્મનું પ્રવર્તન કરતા કરતા ભગવાન શ્રીહરિ ત્યાં આઠ માસ પર્યંત નિવાસ કરીને રહ્યા.[૩૦] તે માંગરોળપુરમાં ભગવાન શ્રીહરિએ મીઠા જળની મોટી વાવ ગળાવી. તેના પૂર્તકર્મમાં મહામોટો વિષ્ણુયાગ ઉત્સવ ઉજવ્યો. તેમાં પોતાનું ચતુર્ભુજ વિષ્ણુરૂપનું બ્રાહ્મણોને દર્શન કરાવ્યું. ત્યારે બ્રાહ્મણોએ ભગવાન શ્રીહરિની અતિ હર્ષપૂર્વક વૈદિક મંત્રોથી સાક્ષાત્ ભગવાનપણે પૂજા કરી.[૩૧] ત્યારપછી માંગરોળપુરમાં મોટો જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવ્યો. તે ઉત્સવમાં પણ દેશાંતરોમાંથી આવેલા સર્વે જનોને પોતાનાં અલૌકિક દિવ્ય કૃષ્ણસ્વરૂપનું દર્શન કરાવ્યું.[૩૨] તે સમયે સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામીના શિષ્યો મુક્તાનંદ સ્વામી વગેરે ભગવાન શ્રીહરિને પોતાના ઈષ્ટદેવ રાધિકાપતિ શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યક્ષ પધાર્યા છે, એમ નિશ્ચય કરી તેમનો આશરો કરી તેમનું જ ત્યારથી ભજન સ્મરણ કરવા લાગ્યા.[૩૩] અને બીજા અનેક મુમુક્ષુ નરનારીઓ પણ ભગવાન શ્રીહરિનું શરણું સ્વીકારી પરમ આદરથી તેમનું જ ભજન સ્મરણ કરવા લાગ્યા.[૩૪]

હે નિષ્પાપ અભયરાજા ! તે અવસરે હું પણ તે સભામાં ઉપસ્થિત હતો. મને પણ તેનું સાક્ષાત્ દર્શન થયું તેથી આ શ્રીહરિ છે તેજ સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે, એમ મનથી નિશ્ચય કરી તેમનો આશ્રય કર્યો, અને ત્યારથી તેમનું જ ભજન-સ્મરણ કરું છું.[૩૫] તેણે પોતાનું અલૌકિક ઐશ્વર્ય દર્શાવી હજારો નરનારીઓને સમાધિદ્વારા

तत्राधिकारिणो ह्येते सन्त्येतेऽनधिकारिणः । नापश्यदित्यसौ किञ्चित् प्रावृषीव घनाघनः ॥ ३७
अत्याश्चर्यं जनाः प्रापुः तेनैवाद्भुतकर्मणा । तस्याश्रयं ततः कृत्वा तस्थुः सद्धर्मवर्त्मनि ॥ ३८
सर्वेभ्यो मतवादिभ्यः तत्तदिष्टामरात्मना । ददौ स दर्शनं तेन विस्मितास्ते तमाश्रयन् ॥ ३९
कालवाण्यां स बहुधा योगैश्वर्यमलौकिकम् । दर्शयामास भगवान् सर्वसंशयनुत्तये ॥ ४०
सहस्रशः स्वभक्तानां समाधौ च स्वतन्त्रताम् । कृपयाऽचीकरत्स्वामी विना साधनसम्पदम् ॥ ४१
महान्तं विष्णुयागं च चक्र ओजस्वतीतटे । यथेष्टं भोजयामास वत्सरार्धं स वाडवान् ॥ ४२
द्रविणं हेमरूप्यादि विप्रेभ्यश्च ददौ भृशम् । घनाघन इवाम्बूनि यानानि वसनानि च ॥ ४३
उत्सवान्महतः कुर्वन् प्रतिग्रामं स मानद ! । साम्प्रतं शरधाराख्यं पुरमेत्योषितोऽस्ति हि ॥ ४४

તેમની પ્રાણવૃત્તિનો નિરોધ પોતાની મૂર્તિને વિષે કરાવ્યો.[૩૬] એ સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરવામાં કેટલાક જનો અધિકારી હતાં અને કેટલાક અનધિકારી હતાં, છતાં વર્ષાઋતુના મેઘની સમાન નિષ્પક્ષપાતી ભગવાન શ્રીહરિએ યોગ્યાયોગ્યનો ભેદ રાખ્યા વિના સર્વેને સમાધિ કરાવી.[૩૭] તેમાં ભગવાન શ્રીહરિનાં અદ્‌ભૂત ઐશ્વર્યને નિહાળી સર્વેજનો બહુજ આશ્ચર્ય પામ્યા. ત્યારપછી ભગવાન શ્રીહરિનો આશ્રય કરી ધર્મમાર્ગમાં વર્તવા લાગ્યાં.[૩૮] અને સર્વમતવાદીઓને પણ પોતપોતાના ઈષ્ટદેવરૂપે દર્શન આપ્યાં અને તેઓ પણ અતિ આશ્ચર્ય પામી પોતપોતાના મતનો ત્યાગ કરી ભગવાન શ્રીહરિનો અનન્ય ભાવે આશ્રય કરવા લાગ્યા.[૩૯] વળી સકલ ઐશ્વર્ય સંપન્ન શ્રીહરિએ કાલવાણી ગામમાં સમગ્ર જનોને તેમના સર્વ સંશયો દૂર કરવા માટે સમાધિ કરાવવારૂપ બહુ પ્રકારનાં અલૌકિક યોગૈશ્વર્યનાં દર્શન કરાવ્યાં.[૪૦]

હે અભયનૃપ ! આ રીતે ભગવાન શ્રીસ્વામિનારાયણ સાધન સંપત્તિ વિના માત્ર કૃપા દૃષ્ટિથી પોતાના હજારો ભક્તોને સમાધિમાં સ્વતંત્રતા અર્પણ કરી અને ઓજસ્વતીનદીને તીરે છ મહિના સુધીનો મહામોટો વિષ્ણુયાગ ઉત્સવ ઉજવી તેમાં બ્રાહ્મણોને ઈચ્છિત ભોજનો જમાડી તૃપ્ત કર્યા.[૪૧-૪૨] અને વર્ષાઋતુના જળની માફક કોઈ પણ જાતનો પક્ષપાત કર્યા વિના ઉદાર હાથે બ્રાહ્મણોને સોના, રૂપા આદિ દ્રવ્યો, રથ, ઘોડા આદિ વાહનો અને મહામૂલાં વસ્ત્રોનાં ઘણાં બધાં દાન અર્પણ કર્યાં.[૪૩]

હે માનદ ! આવા ભગવાન શ્રીહરિ પોતાના ભક્તોનાં ગામે ગામ મોટા મોટા ઉત્સવો ઉજવી અત્યારે સરધારપુરમાં આવીને વિરાજે છે.[૪૪] ત્યાં વિશાળ ભક્તજનોની સભાને મધ્યે મેં ઊભા થઈ બે હાથ જોડી મારે ગામ કારિયાણી

मया स्वग्राममानेतुं प्रार्थितो जनसंसदि । कार्तिक्यामागमिष्यामीत्येवं प्रत्यशृणोत्किल ॥ ४५
सैष नारायणमुनिः सहजानन्दनामकः । स्वामिनारायणाख्यश्च स्वाम्याख्यश्च विराजते ॥ ४६
हरिकृष्णो हरिः कृष्णो नीलकण्ठश्च स श्रुतः । गौणानि तस्य नामानि सन्त्यन्यानि बहूनि च ॥ ४७
सहस्रशस्त्यागिजनैः गृहिभिश्च सहस्रशः । योषाभिर्धर्मनिष्ठाभिः सेव्यते स च भक्तितः ॥ ४८
भक्तिधर्मादयोऽप्येनं सेवन्ते दिव्यविग्रहाः । केचित्तान् पुण्यवन्तोऽत्र वीक्षन्त इति शुश्रुम ॥ ४९
केभ्यश्चित्कृष्णरूपेण राधिकापार्षदादिभिः । ददाति दर्शनं स्वामी गोलोकेन सहैव च ॥ ५०
केभ्यश्चिद्विष्णुरूपेण साकं लक्ष्म्या च पार्षदैः । ददाति दर्शनं स्वामी वैकुण्ठेन च स प्रभुः ॥ ५१
साकं निरन्नमुक्तैश्च श्वेतद्वीपेन भास्वता । महापुरुषरूपेण दत्ते केभ्यश्च दर्शनम् ॥ ५२
केभ्यश्चिद्भूमरूपेण सह लक्ष्म्यादिशक्तिभिः । पार्षदैश्चेक्षणं दत्ते सहैवाव्याकृतेन सः ॥ ५३

---

આવવાની પ્રાર્થના કરી. ત્યારે તેમણે કાર્તિકી પૂનમ ઉપર કારિયાણી આવવાની પ્રતિજ્ઞા કરી છે. અને તે ચોક્કસ મારે ગામ પધારવાના છે.[૪૫] તે અત્યારે નારાયણમુનિ, સહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ અને સ્વામી એવા નામે જગતમાં પ્રસિદ્ધિ પામેલા છે. તેમના ગુણ અને ચરિત્રો આધારિત બીજાં હરિકૃષ્ણ, હરિ, કૃષ્ણ, નીલકંઠ આદિ મંગળકારી અનંત નામો રહેલાં છે.[૪૬-૪૭]

હે અભય ! હજારો ત્યાગી એવા બ્રહ્મચારી, સાધુઓ તથા હજારો ગૃહસ્થ ભક્તજનો તથા હજારો સ્ત્રી ભક્તજનો પોતપોતાના ધર્મમાં દૃઢ રહી ભક્તિભાવ પૂર્વક તે ભગવાન શ્રીહરિની સેવાપૂજા કરે છે.[૪૮] દિવ્યદેહધારી સાક્ષાત્ ધર્મ પણ પોતાનાં પત્ની ભક્તિદેવી તથા જ્ઞાન, વૈરાગ્યાદિ પુત્ર પરિવારની સાથે રહી શ્રીસ્વામિનારાયણ ભગવાનની સેવાપૂજા કરે છે. ભગવાન શ્રીહરિની ઇચ્છાથી કોઈક જ પુણ્યશાળી ભક્તજનોને તેમનાં દિવ્ય સ્વરૂપનાં દર્શન થાય છે. એમ મારા સાંભળવામાં આવ્યું છે.[૪૯] હે અભયરાજા ! તે સ્વામિનારાયણ ભગવાન કોઈ ભક્તજનોને ગોલોકધામ તથા તેને વિષે રહેલાં રાધિકા તથા નંદ, સુનંદ, શ્રીદામા આદિક પાર્ષદોએ સહિત તથા ધામનાં સકલ ઐશ્વર્યોએ સહિત પોતાનું શ્રીકૃષ્ણ સ્વરૂપનું દિવ્ય દર્શન આપે છે.[૫૦] વળી કોઈ કોઈ ભક્તોને વૈકુંઠધામે સહિત તેને વિષે વિરાજમાન લક્ષ્મીજી તથા ગરુડજી વિગેરે પાર્ષદોએ સહિત વિષ્ણુસ્વરૂપે પોતાનું અલૌકિક દર્શન આપે છે.[૫૧] તેમજ કોઈ કોઈ ભક્તોને અતિશય તેજોમય શ્વેતદ્વીપધામ અને તેને વિષે વિરાજમાન નિરન્નમુક્તોએ સહિત મહાપુરુષરૂપે પોતાનું દર્શન આપે છે.[૫૨] વળી કેટલાક ભકતોને અવ્યાકૃતધામ

केभ्यश्चिद्दर्शनं दत्ते नरनारायणात्मना । विशालया च मुनिभिः सहानेकैस्तपस्विभिः ॥ ५४
योगेश्वरस्वरूपेण सह शेषेण च श्रिया । केभ्यश्चिद्दर्शनं स्वस्य दत्ते क्षीराब्धिना च सः ॥ ५५
हिरण्मयस्वरूपेण केभ्यश्चित्स्वस्य दर्शनम् । दत्ते सहार्कबिम्बेन भगवान्स सतां पतिः ॥ ५६
ददाति यज्ञपुरुषस्वरूपेणात्मदर्शनम् । सहाग्निमण्डलेनासौ केभ्यश्चिद्भक्तवत्सलः ॥ ५७
तस्मात्साक्षाद्धि भगवान्स एवास्ति जगत्प्रभुः । तस्मात्परतरं किञ्चिन्नैवास्तीति विनिश्चयः ॥ ५८
विनैवाष्टाङ्गयोगं च समाधावीदृशं स वै । नाडीप्राणान्निरोध्यैव ददाति स्वस्य दर्शनम् ॥ ५९
तेन सर्वेऽपि मनुजा आश्चर्यं प्राप्नुवन्ति हि । मुमुक्षवस्तु ये तत्र ते भजन्ति च तं प्रभुम् ॥ ६०
प्रतापमन्यमप्यस्य प्रसिद्धं भूतलेऽखिले । कथयामि महाभाग ! प्रत्यक्षं योऽनुभूयते ॥ ६१
ये केचिद्भुवि तद्भक्ता ज्ञानिनोऽज्ञानिनोऽपि वा । शिशवस्तरुणा वृद्धा नरा योषाश्च षण्डकाः ॥ ६२

---

તથા લક્ષ્મીઆદિ શક્તિઓ તથા સુનંદ આદિ પાર્ષદોએ સહિત ભૂમાપુરુષરૂપે પોતાનું દિવ્ય દર્શન આપે છે.[૫૩] તથા કોઈક ભક્તજનોને બદરિકાશ્રમધામ તથા તેને વિષે રહેલા તપોનિષ્ઠ અનેક મુનિઓએ સહિત શ્રીનરનારાયણસ્વરૂપે પોતાનું દિવ્ય દર્શન આપે છે.[૫૪] તેમજ કોઈ કોઈ ભક્તજનોને ક્ષીરસાગર તથા તેને વિષે વિરાજમાન શેષ અને લક્ષ્મીએ સહિત યોગેશ્વરસ્વરૂપે પોતાનું દિવ્ય દર્શન આપે છે.[૫૫]

હે અભયનૃપ ! સંતોના સ્વામી ભગવાન શ્રીહરિ વળી કોઈ કોઈ ભક્તજનોને સૂર્યમંડળે સહિત વિરાજમાન હિરણ્યમય પુરુષરૂપે પોતાનું અલૌકિક દર્શન આપે છે.[૫૬] આવી રીતે ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ કોઈ કોઈ ભક્તજનોને અગ્નિમંડળે સહિત તેમાં વિરાજમાન યજ્ઞનારાયણ સ્વરૂપે પોતાનું અલૌકિક દર્શન આપે છે.[૫૭] તે કારણથી ભગવાન શ્રીસ્વામિનારાયણ છે તે જ સાક્ષાત્ ભગવાન છે. જગતના સ્વામી છે. તેમનાથી કોઈ પર નથી, શ્રેષ્ઠ પણ નથી. તે જ સર્વે કારણના કારણ પરમેશ્વર છે. એમ મેં સત્શાસ્ત્રોને અનુરૂપ નિશ્ચય કર્યો છે.[૫૮]

હે અભયનૃપ ! તે ભગવાન શ્રીહરિ અષ્ટાંગયોગના અભ્યાસ વિના પણ નાડીપ્રાણનો નિરોધ કરાવી સમાધિમાં પોતાનું આવું દિવ્ય દર્શન આપે છે. તેથી સર્વે મનુષ્યો અતિશય આશ્ચર્ય પામે છે. અને તે મનુષ્યોની મધ્યે જે મુમુક્ષુઓ હોય છે, તે સર્વે તેમનું ભજન સ્મરણ કરે છે.[૫૯-૬૦] હે ભાગ્યશાળી અભયનૃપ ! આ અખિલ ભૂમંડળમાં ભગવાન શ્રીહરિનો બીજો ઘણો બધો પ્રતાપ પ્રસિદ્ધ છે જેનો સર્વે મનુષ્યો પ્રત્યક્ષ અનુભવ કરે છે. તે તમને સંભળાવું છું.[૬૧]

હે અભયનૃપ ! આ પૃથ્વી પર ભગવાન શ્રીહરિનું ભજન સ્મરણ કરતા

साक्षात्तद्दर्शनं प्राप्ता न प्राप्ता वा कदाचन । स्मरन्ति केवलं तं तद्भक्तवाक्प्राप्तनिश्चयाः ॥ ६३
सर्व एतेऽप्यन्तकाले दुःखमप्राप्य किञ्चन । विमानस्थं तमेवेशं वीक्षन्ते सहपार्षदम् ॥ ६४
आरोपिता विमानं ते पार्षदैर्दिव्यमद्भुतम् । धाम तस्य प्रयान्त्येव योगिनामपि वाञ्छितम् ॥ ६५
म्रियमाणा जना एव वीक्षन्ते तं न केवलम् । अन्येऽप्यभक्ता अपि तं तत्रेक्षन्ते क्वचित्क्वचित् ॥ ६६
साश्चर्यं तमवेक्ष्यैव गतानीश्वरसंशयाः । तस्यैवाश्रयणं सद्यः सुधियो ह्यत्र कुर्वते ॥ ६७
ईदृक् सामर्थ्यमन्यस्य न भवेद्धरिमन्तरा । अतो यूयं च तं वित्त सर्वेऽसौ भगवानिति ॥ ६८
ततश्च तस्य ध्यानेन यूयं स्वहृदये प्रभुम् । तथाविधं द्रक्ष्यथेति निश्चयो नात्र संशयः ॥ ६९

**सुव्रत उवाच -**

इति तद्वाक्यमाश्रुत्य स राजा चास्य बन्धवः । कृष्ण एवैष इत्येव निश्चयं चक्रिरे दृढम् ॥ ७०

---

કોઈ જ્ઞાની, અજ્ઞાની, બાળક, યુવાન, વૃદ્ધ તેમજ નર, નારી અને નપુંસક હોય તે સર્વેને પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિનું દર્શન કરવાનું કે સેવન કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હોય કે ન થયું હોય છતાં કેવળ શ્રીહરિના સંતો કે ભક્તોના વચનોમાં વિશ્વાસ રાખી મહિમાએ સહિત નિશ્ચય કર્યો હોય કે આ શ્રીહરિ છે તે જ સાક્ષાત્ ભગવાન છે. અને પછી તેનું ભજન, સ્મરણ કરતા હોય તો એવા સર્વે ભક્તજનોને અંત સમયે કોઈ પણ જાતની પીડાનો અનુભવ થયા વિના વિમાનમાં બેઠેલા પાર્ષદોએ સહિત ભગવાન શ્રીહરિનું દિવ્ય દર્શન થાય છે.[૬૨-૬૪] અને શ્રીહરિની સાથે આવેલા પાર્ષદો તેમને અલૌકિક અને આશ્ચર્યકારી તે દિવ્ય વિમાનમાં બેસારી યોગીજનોને પ્રાપ્ત કરવા યોગ્ય ભગવાનનાં ધામમાં સાથે લઈ જાય છે.[૬૫] એ સમયે કેવળ શરીરનો ત્યાગ કરનારાઓને જ દર્શન થાય એમ નથી, તે સિવાયના તેમની સમીપે રહેલા અન્ય ભક્તજનો અને અભક્તોને પણ ભગવાન શ્રીહરિનું સાક્ષાત્ દર્શન થાય છે.[૬૬] ત્યારે બુદ્ધિમાન મનુષ્યો પણ આશ્ચર્ય પૂર્વક ભગવાન શ્રીહરિનાં દર્શન કરી આ પરમેશ્વર છે કે નહિ એવા પ્રકારના સંશયોને છોડીને તત્કાળ તેમનો આશ્રય કરે છે.[૬૭] પરમેશ્વર સિવાય આવા પ્રકારનું સામર્થ્ય કે ઐશ્વર્ય અન્ય કોઈ દેવ મનુષ્યાદિકમાં સંભવે નહિ તેથી તમે પણ ભગવાન શ્રીહરિ છે તે સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે એમ દઢ નિશ્ચય કરો અને તમો સર્વે તમારાં હૃદયમાં તેમનું ધ્યાન કરો. જેથી તમારાં હૃદયમાં તે પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિનાં ચોક્કસ દર્શન થશે. તેમાં કોઈ જાતનો સંશય નથી.[૬૮-૬૯]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણેનાં ખટ્વાંગ રાજાનાં વચનો સાંભળી અભયરાજા અને તેનાં સર્વે સંબંધીજનો આ શ્રીહરિ છે તે જ સાક્ષાત્

ततोऽतिहृष्टास्ते तस्य प्रशंसां बहुधा नृप ! । चक्रुस्तं पुनरप्राक्षीदभयः सर्वसम्मतात् ॥ ७१

**अभय उवाच –**

राजर्षे ! यत्त्वया प्रोक्तं सर्वं तत्तथ्यमेव हि । धन्योऽसि येन साक्षाच्छ्रीकृष्णो दृष्टश्च निश्चितः ॥ ७२

अद्यप्रभृति तस्य स्मो वयं सर्व इति ध्रुवम् । तस्य ध्यानं यथाकार्यं वक्तुमर्हसि नस्तथा ॥ ७३

**सुव्रत उवाच –**

सम्पृष्ट इत्थमभयेन महादरेण हृष्टः स कृष्णपदपद्मषडंघ्रिचेताः ।
ध्यानं हरेर्गदितुमारभतोर्ध्वरेताः सम्प्रीणयन्सपरिवारममुं नरेश ! ॥ ७४

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे संक्षेपेण हरिचरित्रवर्णननामा चतुर्विंशोऽध्यायः ॥ २४ ॥*

---

શ્રીકૃષ્ણ ભગવાન છે. એવો દૃઢ નિશ્ચય કર્યો.[૭૦] હે પ્રતાપસિંહ રાજન્ ! અભયરાજા અને તેના પરિવારનાં સર્વેજનો પ્રસન્ન થઇ ખટ્વાંગ રાજાની ખૂબજ પ્રશંસા કરવા લાગ્યાં. ત્યારપછી સર્વેની સંમતિથી અભયરાજા ફરી ખટ્વાંગ રાજાને પૂછવા લાગ્યા.[૭૧]

હે ખટ્વાંગ રાજર્ષિ ! તમે જે ભગવાનનું પ્રાગટ્ય સંબંધી વૃત્તાંત કહ્યું તે સર્વે સત્ય છે. તમે ધન્ય છો. કારણ કે તમને પ્રગટ ભગવાનનાં દર્શન થયાં છે. અને શાસ્ત્રોના આધારે તેમનો અંતરમાં નિશ્ચય પણ કર્યો છે.[૭૨] આજથી આરંભીને અમે સર્વે ભગવાન શ્રીહરિનાં છીએ એ નિશ્ચય વાત છે. હે રાજર્ષિ ! તેમના ધ્યાનની તમે જે વાત કરી તે ધ્યાન અમારે કેમ કરવું ? તે અમને કહો.[૭૩]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આવી રીતે અતિ આદરપૂર્વક અભયરાજાએ જ્યારે વિનંતી કરી ત્યારે ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણકમળને વિષે ભ્રમરની પેઠે આસક્ત થયેલા ચિત્તવાળા અને નૈષ્ઠિક બ્રહ્મચારી એવાં ખટ્વાંગ રાજા અતિશય હર્ષ પામ્યા અને પરિવારે સહિત અભયરાજાને પ્રસન્ન કરવા ભગવાન શ્રીહરિના ધ્યાનનો પ્રકાર કહેવાનો આરંભ કર્યો.[૭૪]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ખટ્વાંગરાજાના મુખે કહેવાયેલાં ભગવાન શ્રીહરિનાં ચરિત્રોનું સંક્ષેપથી વર્ણન કર્યું એ નામે ચોવીસમો અધ્યાય પૂર્ણ થયો. -૨૪-***

---

पञ्चविंशोऽध्यायः ॥ २५ ॥

खट्वाङ्ग उवाच -

शुचिर्भूत्वा शुचौ देशे मुमुक्षुर्निरुपद्रवे । स्वस्तिकासनमासीन ऋजुकायो भवेन्मुनिः ॥ १
हस्तौ स्वोत्सङ्ग आधाय स्वनासाग्रनिरीक्षणः । अव्यग्रमनसा ध्यायेत्तं स्वीयहृदयाम्बुजे ॥ २
आसीनं वा स्थितं ध्यायेन्नारायणमुनिं पुरः । अतिरम्यनराकारं तारुण्ये वयसि स्थितम् ॥ ३
रूपानुरूपावयवं नवपद्मदलेक्षणम् । अतीव दर्शनीयं च शान्तं कोमलभाषणम् ॥ ४
नूत्नरक्तारविन्दाभहस्ताङ्घ्रितलशोभितम् । चञ्चत्तुङ्गारुणनखचन्द्रावलिविराजितम् ॥ ५
मितस्मितस्फुरत्तुल्यदन्तमुक्तावलिप्रभम् । प्रलम्बपीवरभुजं विशालहृदयस्थलम् ॥ ६

---

## અધ્યાય - ૨૫

### શ્રીહરિની મનોહર મૂર્તિના ધ્યાનની રીત.

ખટ્વાંગ રાજા કહે છે, હે અભયનૃપતિ ! ભગવાન શ્રીહરિનું ધ્યાન કરનારા મુમુક્ષુએ પ્રથમ અંદર બહાર પવિત્ર થઈ ઉપદ્રવ રહિતના પવિત્ર પ્રદેશમાં સરળપણે સ્વસ્તિક આસને બેસી મૌન ધારણ કરવું.[1] પછી બન્ને હાથને ખોળામાં રાખી નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ સ્થિર કરી, એકાગ્રચિત્તે હૃદયકમળમાં ભગવાન શ્રીહરિનું ધ્યાન કરવું.[2] તે સમયે સિંહાસન પર બિરાજતા અથવા પોતાની સન્મુખ સ્વેચ્છાએ ઊભા રહેલા અને અતિશય રમણીય મનુષ્યાકૃતિને ધારણ કરતા તરુણમૂર્તિ એવા ભગવાન શ્રીનારાયણમુનિનું મુમુક્ષુએ ધ્યાન કરવું.[3]

**ઉપાંગ ધ્યાન :-** ભગવાન શ્રીહરિ પરસ્પર રૂપને અનુરૂપ દિવ્ય અવ્યવોવાળા છે. નવીન કમળની પાંખડી સમાન સહજ લાલ નેત્રોવાળા, અતિશય દર્શનીય છે પ્રશાંતમૂર્તિ જેમની એવાં એ કોમળ વાણીને બોલે છે.[4] નવાં ખીલેલાં કમળની રક્તકાંતિ સમાન જેના હાથ અને પગનાં તળિયાં છે, હાથ અને પગની આંગળીઓનાં ચળકતા અને ઉપડતા લાલનખરૂપી ચંદ્રમાની પંક્તિઓ શોભી રહી છે.[5] મંદમંદ હાસ્યને કરતા, સરખા દાંતરૂપી મુક્તાવલીની કાંતિથી અતિશય શોભી રહેલા તેમની જાનુ પર્યંત લાંબી બન્ને ભુજાઓ વિલસી રહી છે. વિશાળ વક્ષઃસ્થળથી શોભી રહેલા, વિશાળ અને ઉપડતા ભાલથી શોભતા એવા ભગવાનનું હૃદય કમળમાં ધ્યાન કરવું. વળી શોભાયમાન બન્ને ગાલ અને લાલ પરવાળા જેવા અધરોષ્ટ શોભી રહ્યા છે. ભાલમાં કેસર ચંદનનું ઊર્ધ્વપુંડ્ર તિલકે સહિત

पृथुतुङ्गललाटं च सुकपोलारुणाधरम् । दधतं कैसरे पुण्ड्रे भाले कुङ्कुमचन्द्रकम् ॥ ७
घनश्यामं च तुलसीमालिकां दक्षिणे करे । दधतं च द्वितीयेन ददतं पाणिनाऽभयम् ॥ ८
बिभ्रतं तुलसीकाष्ठसूक्ष्ममालाद्वयं गले । शुभ्रं यज्ञोपवीतं च वामस्कन्धे सुशोभनम् ॥ ९
वासः शुभ्रं मुदुपरिदधतं दृढकच्छकम् । वसानमुत्तरपटं हंसपक्षसितं तथा ॥ १०
सूक्ष्मं सितं च पटकं बध्नन्तं शीर्ष्णि मञ्जुलम् । उत्सवं भक्तसम्प्रीत्यै दधानं भूरिभूषणम् ॥ ११
नानाविधैः पुष्पहारैश्चन्दनेनार्चितं निजैः । लम्बद्भिः शेखरै रम्यं मन्दस्मितमनोहरम् ॥ १२
तारामण्डलमध्यस्थपूर्णचन्द्रमिवोदितम् । भक्तमण्डलमध्यस्थं सर्वलोकनमस्कृतम् ॥ १३
हृदयानि हरन्तं च निजानां करचेष्टया । करुणाभृतया दृष्ट्या वीक्षमाणं च चिन्तयेत् ॥ १४

अथ मनसि शनैः स्थिरत्वमाप्ते भगवति मानुषमूर्तिवासुदेवे ।
निजहृदि पृथगेकमेकमङ्गं चरणतलादि विचिन्त्यमस्य पुंसा ॥ १५

---

કુંકુમના ચાંદલાથી શોભતા તેમનો નવીન મેઘની સમાન શ્યામ સુંદર શરીરનો વર્ણ છે, જમણા હાથમાં તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી જપમાળા ફેરવી રહેલા અને ડાબે હાથે ભક્તજનોને અભયદાન આપતા, કંઠમાં તુલસીના કાષ્ઠની સૂક્ષ્મ બેવડી કંઠી અને ડાબા ખભા ઉપર શ્વેત યજ્ઞોપવિતને ધારણ કરી રહેલા એવા ભગવાન શ્રીહરિનું હૃદય કમળમાં ધ્યાન કરવું.[૬-૯]

શ્વેત અને સુંવાળાં વસ્ત્રને કેડ સાથે તાણીને બાંધ્યું છે. રાજહંસની પાંખની સમાન બીજાં એક શ્વેતવસ્ત્રને ઉપર ધારણ કરી રહેલા તેમણે મસ્તક ઉપર સૂક્ષ્મ તંતુઓથી નિર્મિત શ્વેત સુંદર પટકો બાંધ્યો છે ઉત્સવ ઉપર ભક્તજનોને રાજી કરવા અનેક આભૂષણો અંગ ઉપર ધારીને વિરાજે છે.[૧૦-૧૧] ભક્તજનોએ ભાવથી અનેક પ્રકારના પુષ્પોની માળાઓ ધારણ કરાવી છે. અને ચંદનની અર્ચાપૂર્વક પૂજા કરી છે. તેથી અતિશય શોભી રહ્યા છે. મસ્તક ઉપર ધારણ કરેલી પાઘમાં સુંદર તોરા લટકી રહ્યા છે. અખંડ મંદમંદ હાસ્ય કરવાથી અતિશય મનોહર લાગે છે.[૧૨] તારામંડળની મધ્યે વિરાજતા પૂર્ણ ચંદ્રમાની સમાન ભક્તજનોના મંડળ મધ્યે વિરાજીત ભગવાન શ્રીહરિ શોભી રહ્યા છે. સર્વેજનો અતિ ભાવથી જેને વંદન કરે છે.[૧૩] પોતાના હાથનાં લટકાંથી ભક્તજનોનાં ચિત્તને હરે છે. કરુણામૃત ભરેલી દૃષ્ટિથી ભક્તજનોને વારંવાર નિહાળી રહ્યા છે આવા ભગવાન શ્રીહરિનું ધ્યાન કરવું.[૧૪]

**સાંગ ધ્યાન :–** આ રીતે ભગવાન શ્રીહરિની નખશિખ મૂર્તિનું ધ્યાન

निजहृदि दृशि गोचरे तदीये ह्यवयव एकक एकके पृथक् च ।
चपलमपि मनः स्थिरं विधेयं व्रजति लयं खलु तेन तन्मलौघः ॥ १६
ध्वजकमलयवाङ्कुशोर्ध्वरेखाप्रमुखसुलक्षणलक्षिते च रम्ये ।
अतिशयमृदुले च यावकाभे चरणतले मनसाऽस्य चिन्तनीये ॥ १७
अरुणनखशशाङ्कराजिकान्त्या हृतनिजचिन्तकहृत्तमोऽङ्घ्रियुग्मम् ।
क्रमलघुसमकोमलाङ्गुलीभिर्हृतनवपल्लवकान्ति चास्य चिन्त्यम् ॥ १८
निजजनमनसः प्रहर्षणार्थं परिधृतनूपुरशिञ्जितातिरम्यम् ।
स्वगतनिजजनाक्षिवृत्तिचोरं चरणयुगं हृदि चिन्तनीयमस्य ॥ १९
किसलयमृदुले सुवृत्तजङ्घे क्रमपृथुलेऽथ सुवर्तुलौ च जानू ।
करिकरसदृशं समं च पीनं निजहृदि सक्थियुगं च चिन्त्यमस्य ॥ २०

---

કર્યા પછી ભગવાનની મનુષ્યસ્વરૂપ મૂર્તિને વિષે જ્યારે ધીરે ધીરે મન સ્થિર થાય ત્યારે ધ્યાનના કરનારા પુરુષે પોતાના હૃદયકમળમાં પગનાં તળિયાંથી લઈ એક એક અંગનું ધ્યાન કરવું.[૧૫] પોતાના હૃદયમાં દૃષ્ટિગોચર થયેલા શ્રીહરિના એક એક અવયવને વિષે સ્વભાવથી ચંચળ હોવા છતાં મનને સ્થિર કરવું, તેણે કરીને અનાદિ કાળના મનના મેલ ધોવાઈ જાય છે.[૧૬]

ધ્વજ, કમળ, જવ, અંકુશ, ઉર્ધ્વરેખા આદિ સોળ ચિહ્નોથી અંકિત રમણીય, અતિશય કોમળ અને લાલકાંતિથી શોભતા શ્રીહરિના ચરણતળાનું મુમુક્ષુ ભક્તે ધ્યાન કરવું.[૧૭] લાલ નખરૂપી ચંદ્રમાઓની પંક્તિની કાંતિથી ધ્યાન કરનાર ભક્તજનના અંતરના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનારાં તથા અનુક્રમથી એકએકથી નાની સરખી અને મોટી કોમળ આંગળીઓથી નવીન પાંદડાંના કૂંપળિયાંઓની કાંતિને હરણ કરતાં બન્ને ચરણ કમળનું મુમુક્ષુ ભક્તે ધ્યાન કરવું.[૧૮] પોતાના ભક્તજનોના મનને આનંદ ઉપજાવવા માટે ધારણ કરેલાં ઝાંઝરના ઝણકારથી અતિશય રમણીય જણાતાં અને પોતાની મૂર્તિમાં નેત્રોને જોડતા ભક્તજનોની મનની વૃત્તિને ચોરનારાં બન્ને ચરણ કમળનું મુમુક્ષુ ભક્તે ધ્યાન કરવું.[૧૯] નવીન પાંદડાંની સમાન કોમળ, નીચેથી અનુક્રમે પહોળાં થતાં જણાતાં અને શોભાયમાન ગોળાકાર જંઘા પ્રદેશનું, તથા શોભાયમાન ગોળાકાર ઉરુપ્રદેશનું, અને હાથીની સૂંઢ સમાન પીના હૃષ્ટપુષ્ટ સમાન સાથળોનું પોતાના હૃદયકમળમાં મુમુક્ષુ ભક્તે ધ્યાન કરવું.[૨૦] સુવર્ણની ઉત્તમ કટિમેખલાથી કસીને

मृदुघनसितसूक्ष्मदीर्घवासः परिदधदुत्तमहैमकाञ्चिनद्धम् ।
पृथुलकटियुगं च चिन्तनीयं निजहृदये चिरमस्य भक्तभर्तुः ॥ २१
उदरमपि लसद्वलित्रयान्तर्गतशुभसभ्रमनिम्ननाभिकूपम् ।
हृदयमुरुसुगन्धिपुष्पहारं समविततं हृदि चिन्त्यमस्य तुङ्गम् ॥ २२
कनककटकशृङ्खलोर्मिकाभिर्लसदरुणाब्जनिभं करद्वयं च ।
दृढतरमतिरम्यबाहुयुग्मं निजहृदयेऽस्य विचिन्त्यमङ्गदार्ढ्यम् ॥ २३
विविधमणिविशुद्धहेमसूत्रग्रथितसुमौक्तिकहारहारिकण्ठः ।
विगतशशकलङ्क आस्यचन्द्रः स्थिरमनसाऽस्य चिरं च चिन्तनीयः ॥ २४
मितहसितविसर्पिदन्तकान्तिप्रथनसमुज्ज्वलगण्डयुग्ममस्य ।
नवनलिनदलायतं विचिन्त्यं निजहृदि चञ्चललोचनद्वयं च ॥ २५
श्रवणयुगलमस्य कुण्डलश्रीबहुविधपुष्पमयावतंसरम्यम् ।
तरदलघुविशालभालराजत्सतिलककुङ्कुमचन्द्रकश्च चिन्त्यः ॥ २६

બાંધેલા એવા કોમળ, ઘટાદાર, શ્વેત અને સૂક્ષ્મ તંતુઓથી નિર્માણ કરેલા લાંબા વસ્ત્રને ધારણ કરેલા ભક્તપતિ ભગવાન શ્રીહરિના બન્ને વિશાળ કટિપ્રદેશનું મુમુક્ષુ ભક્તે ધ્યાન કરવું.[૨૧]

શોભાયમાન ત્રિવળી મધ્ય ભાગમાં પડવાથી સુંદર જણાતા તથા ભ્રમરાકાર, ગોળ ગંભીર નાભીથી શોભતા ઉદરનું તથા અનેક પ્રકારનાં સુગંધીમાન પુષ્પોની માળાઓ ધારણ કરવાથી શોભતા વિશાળ વક્ષઃસ્થળનું હૃદયમાં મુમુક્ષુ ભક્તે ધ્યાન કરવું.[૨૨] સુવર્ણનાં કડાં, સાંકળા અને વીંટીથી શોભતા અને લાલ કમળની સમાન સુંદર બન્ને હસ્તકમળ અને સુદઢરીતે બાજુબંધ બાંધેલી બન્ને ભૂજાઓનું મુમુક્ષુ ભક્તે ધ્યાન કરવું.[૨૩] વિશુદ્ધ સુવર્ણના સૂત્રમાં પરોવેલી સુંદર મોતીઓની માળાઓ તથા અનેક પ્રકારના મણિઓની માળાઓ ધારણ કરેલા મનોહર કંઠનું અને નિષ્કલંક ચંદ્રમા સરખા મુખચંદ્રનું સ્થિર મનથી બહુકાળ પર્યંત મુમુક્ષુ ભક્તે ધ્યાન કરવું.[૨૪] મંદમંદ હાસ્યથી સહજ પ્રસરતી દંતપંક્તિઓની કાંતિથી અતિશય દીપતા અને ઉપડતા ગાલ પ્રદેશનું ધ્યાન કરવું, તેમજ નૂતન કમળના પત્રની સમાન વિશાળ અને ચંચળ એવાં બન્ને નેત્રકમળનું ભક્તજને અંતરમાં ધ્યાન કરવું.[૨૫] ધારણ કરેલાં કુંડળની કાંતિથી તથા બહુ પ્રકારના પુષ્પોના તોરા ધારણ કરવાથી રમણીય એવા ભગવાન શ્રીહરિના બન્ને કાનનું મુમુક્ષુ ભક્તે

असिततिलकलक्ष्म दक्षगण्डे तिलकुसुमोत्तमनासिकान्तिकेऽस्ति ।
विलसदसितबिन्दुरस्य वामे श्रवणपुटे भवतीति चिन्तनीयः ॥ २७
विविधकुसुमशेखरालिराजत्पटमुकुटं च शिरोऽस्य चिन्तयित्वा ।
वदनकमलमेव चिन्तकेन स्मितमधुरं चिरकालमस्य चिन्त्यम् ॥ २८
इति ध्यानं भगवतो नारायणमुनेर्मया । कथितं तत्तथा यूयं नित्यं कुर्यात सद्धियः ! ॥ २९
ध्यायन्त इत्थं नित्यं ते श्रीकृष्णेति मनोर्जपम् । कुर्वतोऽल्पेन कालेन यूयं प्राप्स्यथ तं ध्रुवम् ॥ ३०

**सुव्रत उवाच -**

एवमुक्त्वा स राजर्षिस्तूष्णीमासीन्नराधिप ! । तद्वचो धारयामासुर्हृदि तेऽप्यभयादयः ॥ ३१
कुर्वाणानामादरात्कृष्णवार्ता इत्थं तेषां सा व्यतीयाय सर्वा ।
एकादश्या यामिनीव क्षणार्धं क्षोणीपालात्यन्तशुद्धान्तराणाम् ॥ ३२

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे श्रीहरिस्वरूपध्याननिरूपणनामा पञ्चविंशोऽध्यायः ॥ २५ ॥*

---

**હૃદયમાં ધ્યાન કરવું, સહજ ઉપડતા એવા વિશાળ ભાલ પ્રદેશમાં ધારણ કરેલા ઊર્ધ્વપુંડ્ર તિલકના મધ્ય ભાગમાં શોભતા ગોળ કુંકુમના ચાંદલાનું મુમુક્ષુ ભક્તે ધ્યાન કરવું.[૨૬] તિલપુષ્પ અને દીપશિખાની સમાન સુંદર જણાતી નાસીકાના સમીપે જમણા ગાલ ઉપર શોભતી શ્યામ ટીબકડી (તિલ) વિરાજે છે. તથા ડાબા કાનને વિષે અંદરના મધ્યભાગે શોભતા શ્યામ બિન્દુનું મુમુક્ષુ ભક્તે ધ્યાન કરવું.[૨૭] અનેક પ્રકારના પુષ્પોના તોરાઓની પંક્તિઓથી શોભતી સુંદર વસ્ત્રની પાઘડી ધારણ કરેલા શ્રીહરિના મસ્તકનું ધ્યાન કરવું, તેમજ મંદમંદ હાસ્યથી સુમધુર જણાતા મુખારવિંદનું મુમુક્ષુ ભક્તજને બહુ લાબાં સમય સુધી પોતાના હૃદયમાં ધ્યાન કરવું.[૨૮]**

**હે સદ્‌બુદ્ધિમાન અભયનૃપ ! આ પ્રમાણે ભગવાન શ્રીનારાયણમુનિનું ધ્યાન મેં તમને બતાવ્યું. તમે સર્વે તેનો પ્રતિદિન અભ્યાસ કરજો અને ત્રણ અક્ષરના શ્રીકૃષ્ણ મંત્રનો જપ કરવાથી અલ્પ સમયમાંજ તમને ભગવાન શ્રીનારાયણમુનિનાં દર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત થશે. એમાં કોઈ જાતનો સંશય નથી.[૨૯-૩૦] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! રાજર્ષિ ખટ્વાંગ રાજા આ પ્રમાણે કહીને વિરામ પામ્યા ત્યારે અભયરાજા અને તેના પરિવારે પણ તેમનાં વચનો અંતરમાં ધારણ કર્યાં. હે**

षड्विंशोऽध्यायः ॥ २६ ॥

सुव्रत उवाच –

विधाय पारणां प्रातः स्वग्रामं यान्तमादरात् । अभयः प्राह खट्वाङ्गं विनीतोऽथाश्रुलोचनः ॥ १
त्वद्भक्तिवशतो ग्राममायायात्ते यदा हरिः । तर्हि नः सूचनां कुर्याः सद्यो दूतेन सुव्रत ! ॥ २
वयं तु साम्प्रतं भद्र ! तुदतां निर्निमित्तकम् । अधार्मिकाणां शत्रूणां प्राप्ताः स्मो वा उपद्रवम् ॥ ३
बहिर्गंतुमतो युक्तं नैवास्ति हि पुरादितः । नोचेदद्यैव गच्छेम शरधारं तमीक्षितुम् ॥ ४

---

પ્રતાપસિંહ રાજન્ ! અતિ આદરપૂર્વક ભગવાન શ્રીહરિનાં ચરિત્રોની ગોષ્ઠી કરતા અને સાંભળતા વિશુદ્ધ અંતરવાળા ખટ્વાંગરાજા અને અભયપરિવારની શ્રાવણવદ એકાદશીની રાત્રી અડધા ક્ષણની જેમ તત્કાળ પસાર થઈ ગઈ.[૩૧-૩૨]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ખટ્વાંગ રાજાએ શ્રીહરિના સ્વરૂપના ધ્યાનનું નિરૂપણ કર્યું એ નામે પચીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૫--***

---

## અધ્યાય – ૨૬

### શત્રુઓના ઉપદ્રવના તત્કાળ વિનાશનો ઉપાય.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવદ્ ચરિત્રોનું ગાન કરતાં કરતાં રાત્રી પૂર્ણ થઈ પ્રાતઃકાળે નિત્ય વિધિથી પરવારી પારણાં કરી પોતાને ગામ કારિયાણી જવાની તૈયારી કરતા ખટ્વાંગરાજા પ્રત્યે અભયરાજા આંખમાં અશ્રુઓ સાથે વિનમ્રપણે કહેવા લાગ્યા કે, હે જીવનપર્યંત નૈષ્ઠિકબ્રહ્મચર્યવ્રતનું નિયમ ધારણ કરનારા ખટ્વાંગ રાજર્ષિ ! શ્રીસ્વામિનારાયણ તમારી ભક્તિને વશ થઈ તમારે ગામ જ્યારે પધારે ત્યારે તત્ક્ષણ દૂત મોકલી અમને જાણ કરજો.[૧-૨] કદાચ તમે એમ કહેશો કે, અત્યારેજ સરધારપુર જઈ ભગવાન શ્રીહરિનાં દર્શન કરી આવો. તો તે પણ શક્ય નથી. કારણ કે, હે કલ્યાણમૂર્તિ ! અત્યારે અમે વિના કારણે પરેશાન કરતા અધાર્મિક શત્રુઓના ઉપદ્રવમાં છીએ. તેથી ગઢપુર છોડી બહાર જવું અમારાં માટે યોગ્ય નથી. નહીં તો આજે જ ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા સરધારપુર જઈ આવીએ.[૩-૪] માટે હે ખટ્વાંગ રાજર્ષિ ! જે ઉપાયથી શત્રુઓના

सपत्नादिभयं नश्येद्येनोपायेन सत्वरम् । तं वेत्सि चेत्तदा ब्रूहि शीघ्रं पश्येम यद्धरिम् ॥ ५
बहुश्रुतोऽथ खट्वाङ्गस्तमाह शृणु सत्तम ! । दशावतारस्तोत्रं ते हरेर्वच्म्यवधारय ॥ ६
कृष्णमभ्यर्च्य तन्नित्यं पठनीयं त्वयादरात् । सर्वेभ्योऽपि भयेभ्यस्त्वं तेन मुक्तो भविष्यसि ॥ ७
इत्युक्त्वोपादिशत्स्तोत्रं तत्सर्वभयभञ्जनम् । अभयो धारयामास तच्च बुद्धिमतां वरः ॥ ८
मात्स्यं रूपमलौकिकं भुवि दधत्कल्पान्तकाले नृपं साकं भूतरणौ महर्षिभिरपात्सत्यव्रतं तोयगः ।
तस्मै मत्स्यपुराणमाह च हयग्रीवं निहत्यासुरं धात्रेऽदान्निगमांश्च यः स हरतात्कष्टं समग्रं हरिः ॥ ९
पीयूषाय पयोनिधिं स्वमहसा देवासुराणामनाधारं चोन्मथतां तु मन्दरगिरिं मज्जन्तमम्भोनिधौ ।
पृष्ठे कूर्मतनुर्दधार सहसा कारुण्यतो यो जगौ सद्धर्मांश्च मुनिभ्य एष हरतात्कष्टं समग्रं हरिः ॥ १०

---

ઉપદ્રવનો સત્વરે વિનાશ થાય તે ઉપાય જો તમે જાણતા હો તો અમને જણાવો. કારણ કે શત્રુઓની ઉપાધી દૂર થતાં શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં દર્શન અમને જલદી થશે.[૫]

**શ્રીહરિનું દશાવતારસ્તોત્ર :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે અભયરાજાનું વચન સાંભળી અનેક શાસ્ત્રોમાં પારંગત ખટ્વાંગ રાજા તેમને કહેવા લાગ્યા કે, હે સદ્‌ગુણી રાજન્ ! ભગવાન શ્રીહરિનું દશાવતાર સ્તોત્ર હું તમને કહું છું તેને તમો એકાગ્ર મનથી અંતરમાં ધારણ કરો.[૬] શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કરી પ્રતિદિન આદર પૂર્વક આ સ્તોત્રનો પાઠ કરવો. તેમ કરવાથી તમે સર્વે પ્રકારના ભયથી મુક્ત થશો.[૭] હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે કહીને ખટ્વાંગ રાજાએ સર્વપ્રકારના ભયને દૂર કરનાર દશાવતાર સ્તોત્રનો ઉપદેશ કર્યો. તે સમયે બુદ્ધિમાન પુરુષોમાં શ્રેષ્ઠ અભયરાજાએ પણ એકાગ્ર મનથી અંતરમાં ધારણ કર્યો.[૮]

**૧. મત્સ્યાવતાર :–** હે ભગવાન શ્રીહરિ ! તમે જ્યારે કલ્પનો સમય પૂર્ણ થતાં પૃથ્વી પર પ્રલયકાળનો સમય આવ્યો ત્યારે દિવ્ય અલૌકિક મત્સ્યાવતારને ધારણ કરી સ્વયં પ્રલયકાળના જળમાં નિવાસ કર્યો અને સપ્તર્ષિઓએ સહિત સત્યવ્રત રાજાને આ પૃથ્વીરૂપી નાવમાં બેસાડી તેનું વહન કરતાં કરતાં તેઓનું પ્રલયકાળના જળ થકી રક્ષણ કર્યું. અને સત્યવ્રત રાજાને મત્સ્યપુરાણનો ઉપદેશ કર્યો તથા હયગ્રીવનામના અસુરનો સંહાર કરીને તેમને ચોરેલા ચારેવેદો જગતસ્રષ્ટા બ્રહ્માજીને પરત કર્યા. એવા હે ભગવાન શ્રીહરિ મારું સમગ્ર કષ્ટ થકી રક્ષણ કરો.[૯]

यो वाराहतनू रसातलगतां क्षोणीं क्षणादुद्दधौ दैतेयं च जघान संयति हिरण्याक्षं तनुस्थाध्वरं ।
धर्मानाह भुवेऽभवाय च नृणां यज्ञान्वितत्याखिलान्कल्पादौ प्रतिवासरं स हरतात्कष्टं समग्रं हरिः ।११
दैत्यानामधिपं हिरण्यकशिपुं हत्वा नृसिंहाकृतिः प्रह्लादं च ततोऽभिरक्ष्य परमं भक्तं निजं निर्जरान् ।
इन्द्रादीन्सुरसद्मसौख्यमुदितांश्चक्रे य उग्रेक्षणो भक्ताभीष्टफलप्रदः स हरतात्कष्टं समग्रं हरिः ॥ १२
याचित्वा त्रिपदच्छलेन च बलिं त्रैलोक्यमिन्द्राय यः प्रादाद्वामनमूर्तिरस्य च पुनर्दौवारिकत्वं स्वयम् ।
चक्रेऽथ त्रिदिवस्थितोऽपि च मनोर्वैवस्वतस्यावनं सुत्रामावरजः स मेऽपहरतात्कष्टं समग्रं हरिः । १३

---

**૨. કૂર્માવતાર :–** વળી હે શ્રીહરિ ! અમૃત પ્રાપ્તિને માટે પોતાનાં બાહુબળથી સમુદ્ર મંથન કરતા દેવતાઓએ જ્યારે મંદ્રાચળ પર્વતને સમુદ્રમાં પધરાવ્યો ત્યારે નિરાધાર તે પર્વત ક્ષીરસાગરમાં ડૂબવા લાગતાં તત્કાળ તમે કૂર્માવતાર ધારણ કરી તેને પોતાની પીઠ ઉપર ધારણ કર્યો અને કરુણા કરી નારદાદિ મુનિઓને કૂર્મપુરાણને ઉદ્દેશીને ભાગવતધર્મનો બોધ આપ્યો એવા હે ભગવાન શ્રીહરિ ! મારું સમગ્ર કષ્ટ થકી રક્ષણ કરો.[૧૦]

**૩. વરાહ અવતાર :–** હે ભગવાન શ્રીહરિ ! પોતાના દિવ્ય શરીરમાં સર્વ પ્રકારના યજ્ઞોને સ્થાન આપનારા વરાહ અવતારને ધારણ કરનારા તમે રસાતળમાં રહેલી પૃથ્વીને એક ક્ષણવારમાં જળ ઉપર લાવીને સ્થાપન કરી અને તેના ચોર હિરણ્યાક્ષ દૈત્યનો સંહાર કર્યો તથા કલ્પની શરૂઆતમાં જ સમસ્ત યજ્ઞોનો વિસ્તાર કરી મનુષ્યોના મોક્ષને માટે વરાહપુરાણથકી ભૂદેવીને અનેક વિધ ધર્મોનો ઉપદેશ કર્યો એવા હે ભગવાન શ્રીહરિ ! મારું સમગ્ર કષ્ટ થકી રક્ષણ કરો.[૧૧]

**૪. નૃસિંહાવતાર :–** હે ભગવાન શ્રીહરિ ! તમે ઉગ્રનેત્રોવાળા નૃસિંહ અવતારને ધારણ કરી દૈત્યોના અધિપતિ હિરણ્યકશિપુનો વધ કરી પોતાના પરમ એકાંતિક ભક્તરાજ શ્રીપ્રહ્લાદજીનું રક્ષણ કર્યું અને ઈન્દ્રાદિ દેવતાઓને સ્વર્ગલોકનાં સુખ પરત કરીને સુખી કર્યાં એવા પોતાના ભક્તજનોના મનોરથ પૂર્ણ કરનારા હે ભગવાન શ્રીહરિ ! મારું સમગ્ર કષ્ટ થકી રક્ષણ કરો.[૧૨]

**૫. વામનાવતાર :–** હે ભગવાન શ્રીહરિ ! તમે વામન અવતારને ધારણ કરી ત્રણ પગલાં ભૂમિ માંગવાના મિષથી બલિરાજા પાસેથી ત્રિલોકી મેળવી ઈન્દ્રને અર્પણ કરી ફરી સ્વયં બલિરાજાની ભક્તિને વશ થઈ તેના દ્વારપાલ થયા. ત્યારપછી સ્વર્ગલોકમાં રહી ઈન્દ્રના નાનાભાઈ ઉપેન્દ્રરૂપે તમે વૈવસ્વત-મનુનું રક્ષણ કર્યું એવા હે ભગવાન શ્રીહરિ ! મારું સમગ્ર કષ્ટ થકી રક્ષણ કરો.[૧૩]

क्षत्रं घोरतरं च कापथगतं त्रिःसप्तकृत्वश्च यो हत्वा सान्वयकार्तवीर्यनृपतिप्राणापहृद्भार्गवः ।
रामः पर्शुकरो धरामरकरप्रत्तासमुद्रक्षितिः सिद्धर्षिस्तुतसद्यशाः स हरतात्कष्टं समग्रं हरिः ॥ १४
धर्मात्मा पितुराज्ञया सदयितासौमित्रिरासो वनं बद्ध्वा सेतुमपांनिधौ स्वमहसा लङ्केश्वरं सान्वयम् ।
योषाहारिणमाशु यो निहतवान्धर्मेण सर्वाः प्रजा रामः स्मावति पुत्रवत्स हरतात्कष्टं समग्रं हरिः ॥ १५
कंसादीनसुरान्निहत्य नृपतीन्भारान्भुवो भूरिशो गोभूसाधुधरामरामरवृषान् पाति स्म यः सर्वतः ।
लोकक्षेमकरस्वरूपचरितो विघ्नौघविद्रावणः श्रीकृष्णः स यदूत्तमोऽपहरतात्कष्टं समग्रं हरिः ॥ १६
श्रीबुद्धोऽसुरबुद्धिमोहचरितः सद्धर्मसंस्थापकः पाषण्डादवितात्मभक्तनिकरः कारुण्यवारांनिधिः ।
हिंसाहीनमखप्रवर्तनयशा यः शुद्धबुद्धिप्रदः संसारार्णवतारकः स हरतात्कष्टं समग्रं हरिः ॥ १७

---

**૬. પરશુરામાવતાર** :– હે ભગવાન શ્રીહરિ ! તમે ભૃગુવંશમાં પરશુરામ સ્વરૂપે પ્રગટ થઈ હાથમાં ભયંકર પરશુ (કુહાડી) ધારણ કરી વંશે સહિત સહસ્રાર્જુન રાજાનો વિનાશ કર્યો અને પછી તે રાજાના નિમિત્તે ઉદ્ધત થઈ ગયેલા તથા કુમાર્ગે ચઢી ગયેલા અનેક ક્ષત્રિય રાજવીઓને મારી એકવીશ વખત પૃથ્વી પર ફરી સંહાર કર્યો અને સમુદ્ર પર્યંતની પૃથ્વીનું રાજ્ય શ્રેષ્ઠ બ્રાહ્મણોના હાથમાં સોંપ્યું તથા સિદ્ધો અને ઋષિઓ તમારાં એ ચરિત્રનું અદ્યાપિ પર્યંત સતત યશોગાન કરે છે એવા હે ભગવાન શ્રીહરિ ! મારું સમગ્ર કષ્ટ થકી રક્ષણ કરો.[૧૪]

**૭. રામાવતાર** :– હે ભગવાન શ્રીહરિ ! તમે રઘુવંશમાં દશરથના પુત્ર મર્યાદા પુરુષોત્તમથી રામસ્વરૂપે પ્રગટ થયા અને પિતાની આજ્ઞાથી ધર્મમર્યાદાનું સ્થાપન કરવા માટે પત્ની જાનકી અને નાના ભાઈ લક્ષ્મણની સાથે વનમાં સિધાવ્યા. પોતાના પ્રતાપથી દક્ષિણ સમુદ્ર ઉપર સેતુ બાંધ્યો અને સીતાજીનું હરણ કરનારા દશાનન લંકેશ્વર રાવણનો વંશે સહિત વિનાશ કર્યો તથા પોતાની પ્રજાનું પિતાની જેમ પુત્રવત્ ધર્મમર્યાદાથી પાલન કર્યું એવા હે ભગવાન શ્રીહરિ ! તમે મારું સમગ્ર કષ્ટ થકી રક્ષણ કરો.[૧૫]

**૮. શ્રીકૃષ્ણાવતાર** :– હે ભગવાન શ્રીહરિ ! તમે ઉત્તમ યદુકુળમાં લીલાપુરુષોત્તમ સ્વરૂપે પ્રગટ થઈ પૃથ્વીના ભારભૂત અનંત કંસાદિ અસુર રાજાઓનો વિનાશ કરી ગાય, પૃથ્વી, સાધુ, બ્રાહ્મણ, દેવતા અને ધર્મનું સર્વ પ્રકારે રક્ષણ કર્યું તથા લોકોનું પરમ કલ્યાણ કરનારાં દિવ્ય લીલાચરિત્રોનો વિસ્તાર કર્યો અને પોતાના ભક્તજનોના સમગ્ર વિઘ્નોને દૂર કર્યાં એવા હે ભગવાન શ્રીહરિ ! તમે મારું સમગ્ર કષ્ટ થકી રક્ષણ કરો.[૧૬]

आरुह्याश्वममर्त्यदत्तमवनौ निस्त्रिंशपाणिश्चरन्कल्की पापिनराधिपांश्च बहुशो हत्वाऽवसाने कलेः ।
धर्मं स्थापयिता विशुद्धमखिलं यः स्वाङ्गसङ्गानिलस्पर्शोच्छिन्नकुबुद्धिरेष हरतात्कष्टं समग्रं हरिः ।१८
स्तोत्रस्य श्रवणाद्दशाकृतिधृतः स्यान्नास्य पाठाच्च
भीस्तोयार्तेर्निरयार्तितोऽसुरगणाद्व्याघ्रादितो दुःस्थलात् ।
राजभ्यश्च कदध्वतो रिपुगणादज्ञानतोऽथो कलेर्देहान्ते
सुगतिर्नृणां करुणया स्याद्दीनबन्धोर्हरिः ॥ १९

---

**૯. બુધ્ધાવતાર :–** હે ભગવાન શ્રીહરિ ! તમે વિશુદ્ધ બુધ્ધાવતારને ધારણ કરી અસુરોની બુદ્ધિને સદૈવ મોહ ઉપજાવે તેવાં ચરિત્રોને કરી અહિંસા, બ્રહ્મચર્ય આદિ સદાચારનું સ્થાપન કર્યું તથા અહિંસામય યજ્ઞોનું પૃથ્વી પર પ્રવર્તન કરી સત્કીર્તિ પ્રાપ્ત કરી, તેમજ શરણાગત જીવોનો સંસારસમુદ્રમાંથી ઉદ્ધાર કર્યો એવા કરુણાના સાગર તથા વિશુદ્ધ બુદ્ધિને આપનારા એવા હે ભગવાન શ્રીહરિ ! તમે મારું સમગ્ર કષ્ટ થકી રક્ષણ કરો.[૧૭]

**૧૦. કલ્કી અવતાર :–** હે ભગવાન શ્રીહરિ ! તમે કલિયુગને અંતે કલ્કી અવતારને ધારણ કરશો. તે સમયે દેવતાઓએ અર્પણ કરેલા અશ્વ ઉપર વિરાજમાન થઈ હાથમાં તીક્ષ્ણ તલવાર ધારણ કરી પૃથ્વી પર વિચરણ કરશો અને અનેક મલેચ્છધર્મ પરાયણ થઈ ગયેલા પાપી રાજાઓનો વિનાશ કરી પોતાના દિવ્ય અંગનો સ્પર્શ કરી પ્રસાર થતા વાયુના સ્પર્શમાત્રથી જનોની દુર્બુધ્ધિનો વિનાશ કરશો અને પૃથ્વી પર વિશુદ્ધ વર્ણાશ્રમ ધર્મનું પુનઃ સ્થાપન કરશો એવા હે ભગવાન શ્રીહરિ ! તમે મારું સમગ્ર કષ્ટ થકી રક્ષણ કરો.[૧૮]

**સ્તોત્રપાઠની ફલશ્રુતિ :–** આ પ્રમાણે દશાવતારને ધારણ કરનારા અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સંબંધવાળા આ સ્તોત્રનો પાઠ કરવાથી તથા તેનું શ્રવણ કરવાથી મનુષ્યમાત્રને જળ સંબંધી, સર્વ નરક સંબંધી, અસુર સમુદાય સંબંધી, વાઘ આદિક હિંસક પ્રાણી સંબંધી, દુર્ગમસ્થાન સંબંધી, દુષ્ટરાજાઓ સંબંધી, કુમાર્ગ સંબંધી, શત્રુઓ સંબંધી, અજ્ઞાન સંબંધી તથા કલિયુગ સંબંધી પીડા કે ભય ઉત્પન્ન થતા નથી તેમજ દીનબંધુ ભગવાન શ્રીહરિકૃષ્ણની નિષ્કારણ અતિશય દયાથી મનુષ્યોને દેહને અંતે ભગવાનના ધામની પરમ પ્રાપ્તિ થાય છે.[૧૯]

सुव्रत उवाच -

इत्युक्त्वा स तु राजर्षिर्ययौ कार्यायनं नृप ! । सकुटुम्बोऽभयोऽप्यासीद्धर्याराधनतत्परः ॥ २०
घृतदुग्धैक्षवान् हित्वा धारणापारणाव्रतम् । हरीक्षणावधि दधौ यमैः सह निजैः सह ॥ २१
सर्वान्तरात्मा भगवान् सर्वभावविदीश्वरः । दर्शनं दास्यतेऽत्रैव स आगत्य दयानिधिः ॥ २२
निश्चित्येत्थं निजगृहे श्रीकृष्णं तं जगद्गुरुम् । कृतावतारं हि भुवि सम्यगाराधयंश्च ते ॥ २३
खट्वाङ्गोक्तप्रकारेण ध्यायन्तो नियतव्रताः । भेजिरे स्वामिनं भक्त्या भक्तवत्सलमादृताः ॥ २४
तपोदग्धाङ्गरुधिरा विशुद्धहृदयाश्च ते । निराहारा मिताहारा फलाहाराश्च कुत्रचित् ॥ २५
लोष्टादिवदनादृत्य राजभोगोचितास्तनूः । आराधनं भगवतो विदधुर्वनिनो यथा ॥ २६

---

**અભયપરિવારનું આકરું તપ :-** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ખટ્વાંગ રાજા દશાવતાર સ્તોત્રનો અભયનૃપતિને ઉપદેશ કરી કારિયાણી પધાર્યા અને પરિવાર સહિત રાજા ભગવાન શ્રીહરિની આરાધના કરવા લાગ્યા. તથા શ્રીહરિનું જ્યાં સુધી દર્શન ન થાય ત્યાં સુધી પોતાની સ્ત્રીઓ, પુત્ર, પુત્રી આદિ પરિવારની સાથે અભયરાજાએ ઘી, દૂધ અને સાકરમાંથી બનતા પદાર્થોનો ભોજનમાં ત્યાગ કરી નિયમપૂર્વક ધારણાપારણા વ્રતનું પાલન કરવા લાગ્યા.[૨૦-૨૧]

સર્વાન્તર્યામી ભગવાન સર્વ ભક્તજનોના અંતરના અભિપ્રાયને જાણનારા સર્વ સમર્થ ઈશ્વર છે. તેથી દયાનિધિ ભગવાન શ્રીહરિ સ્વયં અહીં પધારી જરૂર આપણ સૌને પોતાનું દર્શન આપશે.[૨૨] આ પ્રમાણે પાકે પાયે નિશ્ચય કરી પરિવાર સહિત અભયરાજા આ પૃથ્વીપર અવતાર ધારણ કરી જગદ્ગુરુરૂપે વિચરતા ભગવાન શ્રીકૃષ્ણની પોતાના ભવનમાં વિધિપૂર્વક આરાધના કરવા લાગ્યા.[૨૩] અને ખટ્વાંગ રાજાએ કહેલી રીત પ્રમાણે ભગવાન શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરવા લાગ્યા. આ પ્રમાણે નિયમમાં તત્પર થઈ અતિ આદરપૂર્વક અભયરાજા અને તેનો પરિવાર ભક્તવત્સલ ભગવાન શ્રીસ્વામિનારાયણનું પ્રેમલક્ષણાયુક્ત નવધા ભક્તિની સાથે ભજન સ્મરણ કરવા લાગ્યા.[૨૪]

હે રાજન્ ! તપશ્ચર્યા કરી રુધિરને બાળી શરીરને કૃશ કરી દેનારા પરિવારે સહિત અભયરાજા ક્યારેક નિરાહાર, મિતાહાર અને ફલાહાર કરી રાજવૈભવ ભોગવવાને લાયક એવા પોતાનાં શરીરનો માટીના પીંડાની પેઠે સાવ અનાદર કરી વાનપ્રસ્થ ગૃહસ્થની જેમ ભગવાન શ્રીહરિની આરાધના કરવા લાગ્યા.[૨૫-

राज्यं स्वं मन्त्रिसात्कृत्वा तत्कथाश्रवणादिषु । प्रसक्तोऽभून्नृपः स्तोत्रं कृष्णार्चान्ते च तत्पठन् ॥ २७
ध्यायन्तस्तं जपन्तश्च सर्वे ते हृदयाम्बुजे । यथाश्रुतं तं ददृशुः प्रत्यहं स्फुरितं हरिम् ॥ २८
प्रत्यक्षदर्शनेच्छा तु तथाप्यन्वहमैधत । तदर्थमेव देहांश्च शोषयन्ति स्म ते निजान् ॥ २९
इत्थं हरिं तमनुवासरमेव तेषां भक्त्या नरेन्द्र ! भजतां विमलाशयानाम् ।
साक्षात्तदाप्तिमनसां व्यगमत्तु सार्धमासद्वयं निजसपत्नभयेन साकम् ॥ ३०

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे सङ्कष्टहरस्तोत्रोपदेशहर्याराधननिरूपणनामा षड्विंशोऽध्यायः ॥ २६ ॥*

---

[૨૬] રાજ્યવ્યવહારનો સમગ્ર ભાર પોતાના મંત્રીઓને અધીન કરી પ્રતિદિન ભગવાનની પૂજાને અંતે દશાવતાર સ્તોત્રનો પાઠ કરી શ્રીહરિના કથા શ્રવણ અને કીર્તન ગાયન પરાયણ જીવન જીવવા લાગ્યા.[૨૭]

હે રાજન્ ! ખટ્વાંગ રાજર્ષિના મુખથકી ભગવાન શ્રીહરિના જેવા સ્વરૂપનું વર્ણન સાંભળ્યું હતું તેવા સ્વરૂપનું હૃદયમાં વારંવાર ધ્યાન કરવાથી અને તેનો મંત્ર જાપ કરવાથી પરિવારે સહિત અભયરાજાના હૃદયકમળમાં સ્ફુરાયમાન થયેલા ભગવાન શ્રીહરિનાં પ્રતિદિન દર્શન થવા લાગ્યાં.[૨૮] આ પ્રમાણે અંતરમાં દર્શન થતાં હતાં છતાં તેઓના મનમાં પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિના દર્શનની ઈચ્છા ઉત્તરોત્તર પ્રતિદિન વધતીજ જતી હતી. તેથી તેઓ પોતાનાં શરીરને વધુને વધુ તપશ્ચર્યા કરી કૃશ કરી રહ્યા હતા.[૨૯]

હે નરેન્દ્ર ! આ પ્રમાણે શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શનની મનમાં ઈચ્છા રાખી પ્રતિદિન ભક્તિ ભાવથી તેમનું ભજન સ્મરણ કરતા રહેતા વિશુદ્ધ અંતરવાળા તે અભય પરિવારને અઢીમાસ વ્યતીત થઈ ગયા અને શત્રુઓનો ભય પણ નાશ પામી ગયો.[૩૦]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં સંકટહર દશાવતાર સ્તોત્ર અને અભય પરિવારે કરેલી આરાધનાનું નિરૂપણ કર્યું એ નામે છવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૬--***

---

सप्तविंशोऽध्यायः - २७

सुव्रत उवाच -

प्रबोधन्युत्सवं कृत्वा शरधारपुरे हरिः । कार्यायनमथ प्रायात्स्ववाक्यं प्रतिपालयन् ॥ १
आयान्तं कृष्णमाश्रुत्य खट्वाङ्गो हर्षविह्वलः । प्रतीक्षमाणस्तं नित्यं तत्संमुखमगाद्द्रुतम् ॥ २
वृतोऽश्ववारैर्बहुभिर्नानावादित्रनिःस्वनैः । निनादयन्दिशोऽद्राक्षीदायान्तं प्रभुमध्वनि ॥ ३

आरूढं जविवाजिनं परिवृतं वर्णिव्रजैर्नैष्ठिकैः
प्रीत्या चन्दनपुष्पहारततिभिः सम्पूज्यमानं जनैः ।
आयद्भिर्मुनिभिस्तथा गृहिजनैरुद्वीक्षितं पृष्ठतस्तं
नत्वा च तदाश्रितान्निजगृहं तैः साकमायान्नृपः ॥ ४

---

## અધ્યાય - ૨૭

### ભગવાન શ્રીહરિનું કારિયાણી ગામે આગમન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિ સરધારપુરમાં પ્રબોધનીનો ઉત્સવ ઉજવી પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા માર્ગમાં આવતા ભક્તજનોને આનંદ આપતા આપતા કારિયાણી ગામે પધાર્યા. ખટ્વાંગ રાજા પ્રતિદિન પ્રતિક્ષા કરી રહ્યા હતા. ભગવાન શ્રીહરિના આગમનના સમાચાર સાંભળ્યા તેથી અતિશય ભાવવિભોર થયા અને તત્કાળ સ્વાગત કરવા માટે સન્મુખ ગયા. શ્રીહરિના સન્માનને માટે અનેક પ્રકારનાં વાજિંત્રોનો નાદ કરી દશે દિશાઓને ગજવતા અનેક અસવારોની સાથે રહેલા ઘોડેસવાર ખટ્વાંગ રાજાએ માર્ગમાં પધારી રહેલા ભગવાન શ્રીહરિનાં દર્શન કર્યાં.[૧-૩] હે રાજન્ ! તે સમયે ભગવાન શ્રીહરિ અતિશય વેગવંતા અશ્વ ઉપર વિરાજમાન હતા. તેમની ચારેબાજુ મુકુન્દ બ્રહ્મચારી આદિક ત્યાગીઓનાં વૃંદ શોભતાં હતાં. માર્ગમાં ભક્તજનોએ કેસર, ચંદન તથા પુષ્પોની માળા ધારણ કરાવી પ્રેમથી પૂજન કર્યું હતું, તેથી ખૂબજ શોભી રહ્યા હતા. તેમ જ શ્રીહરિની સાથે ચાલતા મુક્તાનંદ સ્વામી આદિ સંતો તથા અનંત ગૃહસ્થ ભક્તજનો અશ્વ ઉપર વિરાજમાન શ્રીહરિની મૂર્તિનું દર્શન કરતા કરતા પાછળ ચાલ્યા આવતા હતા. આવા ભગવાન શ્રીહરિને ખટ્વાંગ રાજાએ પ્રણામ કર્યા તથા સાથે આવેલા સર્વે વર્ણી-સંતો અને ભક્તજનોને પણ પ્રણામ કર્યા. ત્યારપછી ગાજતે વાજતે પોતાના ભવનમાં પધરાવ્યા.[૪]

आवासं स्वगृहे तस्य प्रभोः सम्यगकारयत् । अन्येषां तु तदीयानां ग्राम एव यथोचितम् ॥ ५
सानुगस्य हरेः सेवां निर्मानः स तु दासवत् । चकार परमप्रीत्या तथान्येऽपि जना नृप ! ॥ ६
राघवाख्यश्च वैकुण्ठप्रमुखा ब्राह्मणोत्तमाः । वास्तू रामस्तथा वेलो विक्रमाद्याश्च बाहुजाः ॥ ७
वीरः कामो राघवश्च कर्णो देवश्च गोवरः । पञ्चायनश्च हीराद्या वैश्यास्तं च सिषेविरे ॥ ८
देविकाद्या योषितोऽपि भक्त्या पर्यचरंश्च तम् । यथाधनं यथाशक्ति विशुद्धमनसोऽखिलाः ॥ ९
कार्तिकी पौर्णमास्यासीद्दिने तस्मिन्नराधिप ! । खट्वाङ्गप्रमुखाः सर्वे तमाचर्चुस्तदा मुदा ॥ १०
गन्धपुष्पस्रगापीडनूत्नवासोधनादिभिः । सम्पूज्य भक्त्या परया तं प्रणेमुश्च सादरम् ॥ ११
ततो बद्धाञ्जलिपुटाः पश्यन्तो वर्णिनं हरिम् । साक्षात्कृष्णमपश्यंस्ते मुरलीवादनोद्यतम् ॥ १२

---

હે રાજન્ ! ખટ્વાંગ રાજાએ ભગવાન શ્રીહરિનો ઉતારો પોતાના રાજભવનમાં જ કરાવ્યો, અને સાથે આવેલા વર્ણી, સાધુ અને ભક્તજનોનો ઉતારો ગામમાં જુદી જગ્યાએ યથાયોગ્ય સ્થાને કરાવ્યો. પછી ખટ્વાંગરાજા નિર્માનીપણે દાસની જેમ વર્તી સાથે આવેલા સંતો ભક્તોની સાથે ભગવાન શ્રીહરિની સેવા પરમ પ્રીતિથી કરવા લાગ્યા અને અન્ય ગામવાસીજનો હતા તે પણ પ્રેમપૂર્વક સેવા કરવા લાગ્યા.[૫-૬]

હે રાજન્ ! તે ભક્તજનોમાં રાઘવ, વૈકુંઠ આદિ ઉત્તમ વિપ્રભક્તજનો હતા. વસ્તો, રામજી, વેલજી, વિક્રમ આદિ ક્ષત્રિય ભક્તજનો હતા, તેમજ વીરદાસ, કામજી, રાઘવ, કર્ણ, દેવજી, ગોવર, પચાણ, હીરજી આદિ વૈશ્ય ભક્તજનો હતા. તે સર્વે ભગવાન શ્રીહરિની અતિ પ્રેમથી ખૂબજ સેવા કરવા લાગ્યા. અને દેવીકા આદિ સ્ત્રી ભક્તજનો હતાં તે પણ અત્યંત ભક્તિભાવથી ભગવાન શ્રીહરિની ખૂબજ સેવા કરવા લાગ્યાં. આ પ્રમાણે વિશુદ્ધ અંતરવાળા સર્વે ભક્તજનો પોતપોતાની શક્તિ અને સંપત્તિને અનુસારે ભગવાન શ્રીહરિની સેવાથી જીવન ધન્ય કરવા લાગ્યા.[૭-૯]

હે રાજન્ ! કારિયાણી ગામમાં ભગવાન શ્રીહરિનું જે દિવસે આગમન થયું તે કાર્તિકી પૂર્ણિમાનો મોટો દિવસ હોવાથી ખટ્વાંગ રાજા આદિક સર્વે ભક્તજનોએ શ્રીહરિનું પ્રેમથી પૂજન કર્યું. પ્રથમ ચંદન, પુષ્પોના હાર, તોરા, નૂતન વસ્ત્રો, ધન તેમજ સુવર્ણનાં તથા રૂપાનાં આભૂષણોથી ભગવાન શ્રીહરિની મહાપૂજા કરી સૌએ પ્રેમથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.[૧૦-૧૧]

**ખટ્વાંગાદિ ભક્તોને શ્રીહરિનું દિવ્ય દર્શન :–** હે રાજન્ !

पुनः प्रणम्य साश्चर्यं यावत् पश्यन्ति तेऽथ तम् । तावत्स भगवानासीद्यथापूर्वं हि वर्णिराट् ॥ १३
सर्वावतारधर्तारं श्रीकृष्णं पुरुषोत्तमम् । तमेव जानन् खट्वाङ्गस्तुष्टाव प्राञ्जलिस्ततः ॥ १४

**खट्वाङ्ग उवाच -**

श्रीनीलकण्ठ ! जय बद्धविमोचनाय शुद्धाय बुद्धिनिधयेऽसुरमोहनाय ।
भक्त्यङ्गजाय शरणागतजीवनाय कृष्णाय ते भगवते सततं नमोऽस्तु ॥ १५
अक्षरात्पर इति श्रुतिवर्ण्यं ह्यक्षरे बृहति धाम्निवसन्तम् ।
त्वामवाप्य पुरुषोत्तममद्य श्रीहरेऽभवमहं हि कृतार्थः ॥ १६
ब्रह्मतामुपगतैरपि जीवैर्नैकसाधनसमृद्धिबलेन ।
त्यक्तमायिकगुणत्रयकार्यैस्त्वं बृहत्परममेष उपास्यः ॥ १७

---

ખટ્વાંગરાજા આદિ સર્વે ભક્તજનો બે હાથ જોડી નૈષ્ઠિક બ્રહ્મચારીના વેષમાં વિરાજતા ભગવાન શ્રીહરિનાં દર્શન કરી રહ્યા હતા. તેવામાં અચાનક મોરલીને વગાડતા શ્રીકૃષ્ણ ભગવાનનાં સ્વરૂપમાં શ્રીહરિનાં દર્શન થયાં. તે સમયે તત્કાળ ફરી સર્વે ભક્તજનોએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને ફરીવાર જ્યાં શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરે છે ત્યાં તે સ્વરૂપની જગ્યાએ પૂર્વની માફક નૈષ્ઠિક બ્રહ્મચારીના વેષમાં ભગવાન શ્રીહરિનાં દર્શન થયાં. ત્યારે આ શ્રીહરિ છે તેજ સર્વે અવતારોને ધારણ કરનારા સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રીકૃષ્ણજ છે એમ જાણી ખટ્વાંગ રાજા બન્ને હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા.[૧૨-૧૪]

**ખટ્વાંગ રાજાએ કરેલી સ્તુતિ :–** ખટવાંગ રાજા કહે છે, હે નીલકંઠ ! તમારો સદાય વિજય થાઓ. તમે બદ્ધજીવોને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી આ સંસારમાંથી મુક્ત કરો છો. તમે સદાય શુદ્ધ સ્વરૂપ જ્ઞાનના નિધિ છો. દૈત્યોને મોહ ઉપજાવવા ભક્તિ ધર્મથકી પ્રગટ થઈ આવું મનુષ્ય નાટક કરો છો. તમે શરણાગત મનુષ્યોના જીવનરૂપ છો. એવા હે સકલ ઐશ્વર્ય સંપન્ન ભગવાન શ્રીહરિકૃષ્ણ ! તમને હું નિરંતર વંદન કરું છું.[૧૫] હે હરિ ! "અક્ષરાત્ પરતઃ પરઃ" એ વેદની શ્રુતિમાં વર્ણન કરાયેલા તમે દિવ્ય અક્ષર બ્રહ્મધામને વિષે સદાય પુરુષોત્તમ નારાયણ સ્વરૂપે વિરાજો છો. એવા આપને અત્યારે અહીં મારા ભવનમાં પ્રાપ્ત કરીને હું ખૂબજ કૃતાર્થ થયો છું.[૧૬] સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિ અનંત સાધન સમૃદ્ધિથી પ્રતિદિન વૃદ્ધિ પમાડેલા સામર્થ્યથી માયાના સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણોના કાર્યનો ત્યાગ કરી બ્રહ્મભાવને પામેલા જીવાત્માઓના

स त्वं विश्वं सृजसि रजसा ब्रह्मदक्षादिरूपः सत्त्वेनेदं ह्यवसि च दधद्यज्ञधर्मादिमूर्तीः ।
अन्ते सर्वं हरसि तमसा रुद्रशेषादिरूपस्तत्राबद्धस्त्रिगुणपतिरिति श्रीमहाराज उक्तः ।१८
धत्से परंब्रह्म तनूः स्वतन्त्रस्त्वं स्वेच्छयैवानुयुगं हि दिव्याः ।
कालेन नष्टं निगमोक्तधर्मं प्रवर्तयन् पासि सतोऽप्यसद्भ्यः ॥ १९
असुरसदनतः स्वदंष्ट्रोद्धृतां गिरिगहनयुतां वराहाकृतिः ।
प्रबलदितिसुतं च हत्वा न्यधास्त्वमुपरि पयसां स्वशक्तिं धराम् ॥ २०
प्रार्थनया बहुधा रुचिनाऽऽप्तः कामद ! दक्षिणया सह जातः ।
यज्ञतनुर्भुवनत्रयपाता स त्वमहन्मनवेऽसुरसङ्घम् ॥ २१

પણ તમે પરબ્રહ્મ પુરુષોત્તમ ઉપાસ્ય ઇષ્ટદેવ છો.[૧૭]

હે પ્રભુ ! તમે પુરુષોત્તમનારાયણ સ્વતંત્ર છો, છતાં પોતાની ઇચ્છાથી રજોગુણનો સ્વીકાર કરી બ્રહ્મા અને દક્ષ પ્રજાપતિ સ્વરૂપે વિશ્વનું સર્જન કરો છો. સત્ત્વગુણનો સ્વીકાર કરી વિષ્ણુ સ્વરૂપે તથા ધર્મપ્રજાપતિ સ્વરૂપે વિશ્વનું પોષણ કરો છો અને તમોગુણનો સ્વીકાર કરી શિવ અને શેષ સ્વરૂપે વિશ્વનો સંહાર કરો છો. છતાં પણ આપનું સ્વરૂપ સત્ત્વાદિ ત્રણ ગુણથી ન્યારું છે. તમે તેમાં બંધાતા નથી. કારણ કે તમે જ ત્રણે ગુણોના નિયામક રાજાધિરાજ છો. એમ વેદની શ્રુતિઓ વર્ણન કરે છે.[૧૮] સર્વતંત્ર સ્વતંત્ર પરબ્રહ્મ પરમાત્મા આપ જ સ્વેચ્છાથી યુગયુગને વિષે દિવ્ય અવતારને ધારણ કરો છો. તે સમયે કાળના બળે નષ્ટ થયેલા વેદોક્ત વર્ણાશ્રમ ધર્મનું પ્રવર્તન કરી અધર્મ અને અસુરો થકી સાધુ પુરુષોનું રક્ષણ કરો છો.[૧૯]

**વરાહ અવતાર :–** હે હરિ ! તમે વરાહ અવતાર ધારણ કરી મહાબળવાન દિતિપુત્ર હિરણ્યાક્ષ અસુરનો વધ કરી વન-પર્વતોથી યુક્ત અને પોતાની શક્તિરૂપ એવી પૃથ્વીને અસુરભવન એવા પાતાળમાંથી પોતાના દાંતના અગ્રભાગ ઉપર રાખીને બહાર લાવી જળરૂપ સમુદ્ર ઉપર પુનઃ સ્થાપન કરી હતી.[૨૦]

**યજ્ઞાવતાર :–** હે ભક્તજનોના મનોરથ પૂર્ણ કરનારા શ્રીહરિ ! તમે રુચિક પ્રજાપતિની બહુ પ્રાર્થનાથી પ્રસન્ન થઇ દક્ષિણાદેવીના નામે અવતરેલાં પત્ની લક્ષ્મીજીની સાથે યજ્ઞનારાયણ સ્વરૂપે પ્રગટ થયા તથા ત્રિલોકીનું રક્ષણ કરનારા અને સર્વજનોના હિતકારી તમે તે સમયે સ્વાયંભુમનુના રક્ષણને માટે અસુરોના સમૂહનો વિનાશ કર્યો હતો.[૨૧]

भुवि भारतवर्षजन्मनां भजतां पुण्यधियां नृणां सताम् ।
हृदि धर्मकुलाभिवृद्धये नरनारायणरूपमादधाः ।। २२
साङ्ख्यज्ञानं त्वं कपिलः सन्निजमात्रे कालग्रस्तं कर्दमसूनुश्च पुराऽदाः ।
शिष्यायेदं चासुरयेऽपि प्रददाथ द्वीपेऽम्भोधेः कल्पितकेतोऽथ ततप्थ ॥ २३
चातुर्वर्ण्याचारसमेताश्रमधर्मान्सम्यग्भूमौ स्थापितवानत्रितनूजः ।
त्वं प्राक् प्रादा भुक्तिसमेतामपि मुक्तिं दत्तात्रेयो हैहयराजे यदवे च ॥ २४
दधदरिजलजौ गदां च पद्मं ध्रुववरदो वरदोश्चतुष्टयेन ।
नवजलदतनुश्च वासुदेवो मधुवनवासिजनांस्त्वमुद्दधर्थ ।। २५
पृथुरथ पृथिवीं दुदुग्धौषधीः सममिदमकरोर्धरायास्तलम् ।
अघिनमपि दिवं च वेनं नयन्प्रथमनृपतिस्त्वमासीः पुरा ।।२६

---

**શ્રીનરનારાયણાવતાર :–** હે હરિ ! આ પૃથ્વીપર ભારતદેશમાં જન્મલેનારા પુણ્ય બુદ્ધિવાળા, તમારું ભજન કરનારા અને તમને વહાલા એવા સત્પુરુષોના હૃદયમાં જ્ઞાન, વૈરાગ્યાદિ ધર્મવંશની વૃદ્ધિ પમાડવા તમે નરનારાયણ અવતાર ધારણ કરેલો છે.[૨૨]

**કપિલાવતાર :–** હે શ્રીહરિ ! તમે કર્દમઋષિના પુત્ર કપિલરૂપે પ્રગટ થઈ કાળે કરીને નષ્ટ થઈ ગયેલા સાંખ્યજ્ઞાનનો પ્રથમ બોધ માતા દેવહૂતિને આપ્યો અને પછી પોતાના શિષ્ય આસુરી નામના ઋષિને આપ્યો તથા પૂર્વના મહાસમુદ્રના બેટમાં બેસી તપશ્ચર્યા કરી હતી.[૨૩]

**દત્તાત્રેયાવતાર :–** હે શ્રીહરિ ! તમે અત્રિનંદન દત્તાત્રેય સ્વરૂપે પ્રગટ થઈ ચારે વર્ણ અને ચારે આશ્રમના ધર્મોને પૃથ્વી પર પ્રથમ સારી રીતે સ્થાપન કર્યા અને સહસ્રાર્જુન રાજાને તથા યદુરાજાને અસાધારણ રાજવૈભવરૂપ ભુક્તિની સાથે પરમપુરુષાર્થરૂપ મુક્તિ પણ આપી હતી.[૨૪]

**ધ્રુવાવતાર :–** હે શ્રીહરિ ! તમે નવીનમેઘની સમાન શ્યામ સુંદરરૂપ ધારી વાસુદેવરૂપે ધ્રુવજી આગળ પ્રગટ થયા અને વરદાનને આપનાર ચારે હસ્તમાં શંખ,ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરી ધ્રુવજીને અવિચળ પદનું વરદાન આપી મધુવનવાસી અન્ય જનોને પોતાનું દર્શન આપી ઉદ્ધાર કર્યો હતો.[૨૫]

**પૃથુ અવતાર :–** હે શ્રીહરિ ! તમે વેનરાજાના પુત્ર પૃથુરૂપે પ્રગટ થઈ ઔષધીઓનું દોહન કરી આ ધરતીને સમતળ કરી હતી તથા મહાપાપી એવા

नाभेर्जातो देव ! सुदेव्यां शतकृत्वं कृत्वा यज्ञान्स्वीयसुतादीनुपदिश्य ।
प्राशा धर्मांस्त्यागिजनानामृषभस्त्वं निर्मानादीन् पारमहंस्याचरणेन ॥ २७
त्वं हयग्रीवरूपोऽददा वेधसे वेदवृन्दं दिनान्ते मुखेभ्यः सृतम् ।
मत्स्यरूपोऽपि भक्तेश ! कुर्वंस्तथा धर्ममात्थ स्म सत्यव्रतायाखिलम् ॥ २८
त्वमेव मुनिशापतः सुरगणं गतश्रीपदं विपद्व्यसनतोऽवितुं जलधिमन्थने मन्दरम् ।
दधाथ कमठाकृतिर्विततपृष्ठभागे विभो ! ततोऽमृतमपायय: कपटमोहिनीस्त्रीवपुः ।२९
भवानुग्ररंहोऽतिसिंहो नृसिंहः प्रचण्डोऽट्टहासस्वनस्फोटिताण्डः ।
नखाग्रैर्ददारादिदैत्यं च मत्तं विरक्तं स्वभक्तं प्रभुत्वे न्ययुंक्तः ॥ ३०

પિતા વેનરાજાને સ્વર્ગની પ્રાપ્તિ કરાવી તમે પૃથ્વીપરના પ્રથમ મહારાજાધિરાજ પણે પ્રસિદ્ધિ પામ્યા હતા.[૨૬]

**ઋષભ અવતાર :–** હે શ્રીહરિ ! હે દેવ ! તમે નાભિરાજા અને મેરુદેવીને ત્યાં ઋષભદેવ નામથી પ્રગટ થઇ સો યજ્ઞો કર્યા અને પોતાના પુત્રો આદિ સર્વેજનોને પ્રવૃત્તિધર્મમાં રહેલા એકાંતિક ધર્મનો ઉપદેશ આપ્યો અને સ્વયં પરમહંસોના નિર્માની વિગેરે ધર્મોનું આચરણ કરી ત્યાગી એવા પરમહંસોના ધર્મનું શિક્ષણ આપ્યું હતું.[૨૭]

**હયગ્રીવ અવતાર :–** હે ભક્તપતિ ! હે ભગવાન શ્રીહરિ ! તમે બ્રહ્માજીના દિવસને અંતે હયગ્રીવ અવતારને ધારણ કરી બ્રહ્માજીના ચારે મુખમાંથી સ્રવી ગયેલા ચારે વેદને ફરી લાવીને આપ્યા હતા. તથા તમે **મત્સ્યાવતાર** ધારણ કરી સત્યવ્રતરાજાને સમગ્ર વર્ણાશ્રમના સદાચારનો ઉપદેશ આપ્યો હતો.[૨૮]

**કૂર્માવતાર :–** હે વિભુ ! હે શ્રીહરિ ! તમેજ કૂર્માવતાર ધારણ કરી દુર્વાસામુનિના શાપથી સમુદ્રમાં લીન પામેલી લક્ષ્મીને કારણે અતિદુઃખી થઇ ક્ષીરસાગરનું મંથન કરવા તત્પર થયેલા દેવતાઓનું રક્ષણ કર્યું હતું. **મોહિનીરૂપ અવતાર :–** સમુદ્રમંથનના અંતે અમૃતને અસુરો હરી ગયા ત્યારે કપટથી અસુરોને મોહ ઉપજાવવા મોહિની અવતાર ધારણ કરી તેઓની પાસેથી અમૃતકુંભ લઇ દેવતાઓને અમૃતનું પાન કરાવ્યું હતું.[૨૯]

**નૃસિંહ અવતાર :–** હે શ્રીહરિ ! તમે પૂર્વે ભક્ત પ્રહ્લાદનું રક્ષણ કરવા માટે તથા અસુર હિરણ્યકશિપુનો વધ કરવા માટે પ્રચંડ વેગવાન, ન પૂર્ણ માનવ અને ન પૂર્ણ સિંહ એવી તથા કેસરી સિંહને પણ પાછળ રાખે એવી ભયંકર આકૃતિને

वामननामा विनयनतांसो विप्रबटुस्त्वं त्रिपदमिषाप्तम् ।
देववराय त्रिभुवनराज्यमासुरराज्यं पृथु बलयेऽदाः ॥ ३१
मनूनां मुनीनां च बर्हिर्मुखानां सुराधीश्वराणां च कर्तुं प्रवृत्तिम् ।
त्रिलोक्याः सदा रक्षणे राजराजाभिधानावतारान्दधासि त्वमेषः ॥ ३२
आयुर्वेदं रुगपनुदभिधः प्राशाद्धन्वन्तरिरिह च भवान् ।
रुद्धं भागं प्रतिमखममरैर्दत्तं नम्नैरलभत महसा ॥ ३३
पर्शुं तीक्ष्णं बिभ्रदारक्तनेत्रः क्षत्रं घोरं कार्तवीर्येण साकम् ।
हत्वा हत्वा नष्टराजन्यबीजामेको भूमिं जामदग्न्यश्चकर्थ ॥ ३४

---

ધારણ કરનારા અને ભયાનક અટહાસ્યના ધ્વનિથી આખા બ્રહ્માંડને તોડી નાખે તેવો શબ્દ કરી મદથી અતિ ઉદ્ધત થયેલા અસુર હિરણ્યકશિપુનો હાથના તીક્ષ્ણ નહોરથી ચીરીને વિનાશ કર્યો અને સકલ વિષયોમાંથી વિરક્ત હોવા છતાં બલાત્કારે ભક્ત પ્રહ્લાદજીને સર્વેનું શાસન કરવા પિતાની ગાદી ઉપર બેસાડ્યાહતા.[૩૦]

**વામનાવતાર :–** હે શ્રીહરિ ! તમે વિનયથી નમ્ર એવા બ્રાહ્મણ બટુના વેષે કશ્યપપ્રજાપતિના પુત્રરૂપે વામનાવતાર ધારણ કરી ત્રણ ડગલાં ધરતી માગવાના મિષથી બલિરાજા પાસેથી વિશાળ ત્રિલોકીનું આધિપત્ય પડાવી ઈન્દ્ર મહારાજાને આપ્યું હતું. અને સુતલલોકનું આધિપત્ય મહારાજા બલિને અર્પણ કર્યું હતું.[૩૧]

**શ્રીહરિ અવતાર :–** (રાજરાજ અવતાર) હે શ્રીહરિ ! તમે સ્વયંભુવાદિ મનુઓ, સપ્તર્ષિઓ, યજ્ઞનો ભાગ ભોગવનારા દેવતાઓ તથા ઈન્દ્રાદિ સર્વેને નિરંતર પોતપોતાના અધિકારની પ્રવૃત્તિમાં સ્થિર રખાવવાના હેતુથી અને ત્રિલોકીનું નિરંતર રક્ષણ થાય તે માટે સમયે સમયે પ્રત્યેક મનવંતરમાં "રાજરાજ" અવતારને ધારણ કરો છો.[૩૨]

**ધન્વંતરી અવતાર :–** હે શ્રીહરિ ! તમે આલોકમાં નામમાત્રથી સમગ્ર રોગની નિવૃત્તિ થઈ જાય તેવા ધન્વંતરી અવતારને ધારણ કરી આયુર્વેદ શાસ્ત્રનું પ્રવર્તન કર્યું અને દરેક યજ્ઞને વિષે પ્રથમ અટકાવી રાખેલા અને પાછળથી નમ્ર થઈ સામેથી દેવતાઓએ અર્પણ કરેલા દરેક યજ્ઞના ભાગને તમે તમારા સામર્થ્યથી પ્રાપ્ત કર્યા હતા.[૩૩]

**પરશુરામ અવતાર :–** હે શ્રીહરિ ! તમે જમદગ્નિ ઋષિના પુત્ર રામરૂપે પરશુરામ અવતાર ધારણ કરી હાથમાં તીવ્ર પરશુ ધારણ કરી લાલચોળ

जातो रामः स च त्वं दशरथतनयस्ताडकां यज्ञहन्तॄन् ।
हत्वोद्धृत्याप्यहल्यामुवहिथ पुरभिच्चापमाभज्य सीताम् ।
यातः पित्राज्ञयाऽथो वनमनुजकलत्रानुयातः स्वसारं ।
रक्षोभर्तुर्विरूपां विदधदृषिरिपून् भूरिरक्षांस्यहिंसीः ।। ३५
रक्षोनीतां च शोचन्नुरु जनकसुतां त्वं जटायुःकबन्धौ ।
भिल्लीं चोद्धृत्य वालिक्षपणगतभयप्रीतसुग्रीवदूतैः ।
तामत्रान्वेष्य लङ्कां विततजलनिधौ सेतुमाबध्य गत्वा हत्वा ।
कीशर्क्षसैन्यो युधि दशवदनं चाप्य सम्राडभूस्ताम् ।। ३६
बुध्वा बुद्धीरल्पतरास्त्वं च जनानां व्यासो भूत्वा वेदकदम्बं प्रविभज्य ।
पैलादिभ्यस्तं प्रददाथाथ दुरुह्यान् प्रावोचोऽर्थान्सूत्रपुराणादिभिरस्य ।। ३७

---

નેત્રોવાળા થઈ એકલાજ સહસ્રાર્જુન રાજાએ સહિત અતિશય ક્રૂર સમસ્ત ક્ષત્રિયોનો ઘોર સંહાર કરી એકવીસ વાર આ પૃથ્વીને ક્ષત્રિય રહિત કરવા ફર્યા હતા.[૩૪]

**રામાવતાર :–** હે શ્રીહરિ ! તમે આ પૃથ્વીપર દશરથપુત્ર શ્રીરામચંદ્રરૂપે અવતાર ધારણ કરી તાડકા રાક્ષસીનો તથા વિશ્વામિત્રના યજ્ઞમાં વિઘ્ન કરનારા સુબાહુ તથા મારીચ આદિ રાક્ષસોનો વિનાશ કર્યો, ત્યારપછી ગૌતમપત્ની અહલ્યાનો ઉધ્ધાર કરી જનકપુરીમાં જઇ શિવધનુષનો ભંગ કરી સીતાને પરણ્યા હતા. અને પિતાની આજ્ઞાથી અનુજ લક્ષ્મણ અને પત્ની સીતાજીની સાથે વનમાં પધાર્યા, ત્યારે પોતાને વરવા આવેલી રાક્ષસરાજ રાવણની બહેન સૂર્પણખાનાં લક્ષ્મણદ્વારા નાક-કાન કપાવી વિરૂપ બનાવી તથા ઋષિઓને પરેશાન કરતા ઘણાક રાક્ષસોને માર્યા હતા.[૩૫] રાવણે અપહરણ કરેલાં પત્ની જાનકીજીનો શોક પણ કર્યો અને માર્ગમાં ગીધરાજ જટાયુ અને કબંધને દિવ્યગતિ આપી. ત્યાંથી અનન્ય ભક્ત ભીલ શબરીનો ઉધ્ધાર કરી, વાલીનો વધ કરવાથી નિર્ભય થયેલા સુગ્રીવ વાનરરાજના દૂત હનુમાનજી દ્વારા સીતાજીની શોધ કરાવી વિશાળ દક્ષિણ સમુદ્ર ઉપર સેતુબાંધીને લંકાપુરીમાં જઇ વાનર, રીંછ આદિ સૈન્યને સાથે રાખી યુદ્ધમાં રાવણનો નાશ કરી પવિત્ર સીતાજીને પુનઃ પ્રાપ્ત કરી અયોધ્યાપુરીમાં આવી રાજ્ય સિંહાસન ઉપર વિરાજમાન થઇ રાજાધિરાજ થયા હતા.[૩૬]

**વ્યાસાવતાર :–** હે શ્રીહરિ ! તમે પરાશર પુત્ર વ્યાસ અવતાર ધારણ કરીને કલિયુગના માનવોની બુદ્ધિ અલ્પ થવાની છે એમ જાણી એક વેદના ચાર વિભાગ કરી પૈલાદિ મુનિઓને તેનો અભ્યાસ કરાવ્યો અને વેદોના દુર્ગમ અર્થનો

क्षितिभरमपहर्तुमासीद्भवान् कृष्णनामाऽकरोद्गोकुले पूतनान्तं तृणावर्तघातं दृढानोविभङ्गं मुखे विश्वभानं च बाल्योचितक्रीडनं मन्थनीभङ्गयुग्मार्जुनोन्मूलपातं बकस्याथ दैत्यस्य वृन्दावनेऽन्तं च वत्सासुरस्याघनाशं स्ववत्सादिरूपैर्विधेर्मोहनम्। अगनगखगशंसनं मर्दनं कालियाहेश्च पानं दवाग्नेः कुमारीव्रतेष्टस्य दानं च यज्ञाङ्गनाप्रीणनं धारणेन व्रजस्यावनं स्वेष्टगोवर्धनस्येन्द्रदर्पापनोदं

---

સુગમ બોધ થાય તે માટે બ્રહ્મસૂત્રો, શ્રીમદ્ ભાગવત આદિ પુરાણો અને મહાભારત આદિ ઈતિહાસોની રચના કરી છે.[૩૭]

**શ્રીકૃષ્ણાવતાર :–** હે શ્રીહરિ ! તમે ધરતીનો ભાર ઉતારવા શ્રીકૃષ્ણ અવતાર ધારણ કર્યો અને ગોકુળમાં પધારી ત્યાં પૂતનાનો વિનાશ કર્યો, તૃણાવર્તનો અને શકટાસુરનો વિનાશ કર્યો અને માતા યશોદાને પોતાના અલ્પ મુખમાં વિશ્વરૂપનું દર્શન કરાવ્યું. બાલ્યાવસ્થાને ઉચિત અનેક બાળલીલાને કરતા દહીંની મટકી ફોડી, યમલાર્જુન નામનાં બન્ને વૃક્ષોને મૂળમાંથી ઉખેડી ધરાશાયી કર્યાં, તેમજ વૃંદાવનમાં બકાસુર, વત્સાસુર, અઘાસુરનો વિનાશ કર્યો. વાછરડાં તથા ગોપબાળકોનાં સ્વરૂપ ધારણ કરી બ્રહ્માજીને મોહ ઉપજાવ્યો, વળી કોઈ વખત ગિરિરાજ ગોવર્ધન, વૃંદાવનનાં વૃક્ષો અને તેના પર બેઠેલાં પક્ષીઓનાં મહાભાગ્યની મોટાભાઈ બલરામ પાસે પ્રશંસા કરી હતી. ગરુડના વેરી કાલિયનાગનું દમન કરી યમુનાના જળને નિર્વિષ કર્યું, નંદાદિને બાળવા તત્પર થયેલા દાવાનળનું પાન કર્યું. કાત્યાયની દેવીનું વ્રત કરતી વ્રજકુમારીકાઓને ઈચ્છિત વરદાન આપ્યું. યજ્ઞનું અનુષ્ઠાન કરી રહેલા મથુરાવાસી બ્રાહ્મણપત્નીઓના થાળ જમી તેમને પ્રસન્ન કરી હતી. પોતાને અતિશય પ્રિય ગોવર્ધન પર્વતને સાત દિવસ સુધી ટચલી આંગળી ઉપર ધારણ કરી વ્રજવાસીઓનું રક્ષણ કરીને ઇંદ્રનો ગર્વ ઉતાર્યો. નંદરાયને વરુણ પાસેથી પાછા લાવ્યા. પોતાને અતિપ્રિય નંદાદિ વ્રજવાસીઓને પોતાનાં ધામમાં લઈ જઈ પોતાનું દિવ્ય દર્શન કરાવ્યું, ગોપીઓની સાથે રાસ રમી રમણ કર્યું, રાધિકાજીને ગોપીઓના યૂથથી અલગ એકાંત સ્થળમાં લઈ જઈને બહુજ પ્રીતિ ઉપજાવી હતી. અજગરના મુખમાંથી નંદરાયજીને મુકાવ્યા, શંખચૂડ, અરિષ્ટાસુર, વ્યોમાસુર તથા કેશી આદિ અસુરોનો વિનાશ કર્યો. પિતાનું વચન પાળવા અક્રુરજીના કહેવાથી મથુરાપુરી પધાર્યા. રંગકાર ધોબીનો શિરછેદ કર્યો, દરજી, કુબ્જા તથા શ્રીદામા નામના માળી ઉપર અનુગ્રહ કર્યો. કંસે પૂજેલાં ધનુષનો

प्रचेतोन्तिकादानयनं नन्दराजस्य नीतिं स्वधाम्नि प्रियाणां विलासं च गोपीजनै राधिकारञ्जनम् । अहिधृतपितृमोचनं शङ्खचूडर्षभव्योमकेश्यन्तमक्रूरवाक्यात्स्वपुर्यागमं नाशनं रङ्गकारस्य चानुग्रहं तुन्नवायस्य कुब्जासुदाम्नोर्धनुर्भङ्गमत्तेभमल्लेशकंसप्रणाशं गुरोः कामपूर्तिं च गोपीमनःशान्तिक्रूरकुब्जापृथातोषणं द्वारिकानिर्मितम् । यवनमगधराडनीकक्षयं राजसङ्घं विजित्याष्टपट्टाङ्गनाषोडशस्त्रीसहस्रोपयामं नृगोद्धारणं बाणदोश्छेदनं पार्थयज्ञावनं चैद्यसाल्वादिनाशं सुहृद्विप्रदारिद्र्यभङ्गं कुरुक्षेत्रयात्रोत्सवं स्वाग्रजानन्दनं मोहनाशं वैदेहपार्थोद्धवानां हरे ! ॥ ३८

वैदिकं विधिमुपाश्रितानपि प्राणिनां त्रिभुवनौकसां हरे ! । ।
अर्दनं विदधतोऽसुरव्रजान् बुद्धरूपधृदमूमुहद्भवान् ॥ ३९

---

ભંગ કર્યો, કુવલયાપીડ હાથીનો વિનાશ કર્યો, મલ્લોમાં મુખ્ય ચાણૂર, મુષ્ટિક આદિકનો અને મામા કંસનો પણ વધ કર્યો. સંયમીનીપુરી માંથી મૃતપુત્રને લાવી વિદ્યાગુરુ સાંદીપનિ ઋષિનો મનોરથ પૂર્ણ કર્યો. પોતાના એકાંતિક ભક્ત ઉદ્ધવજીને વ્રજમાં મોકલી પોતાના વિયોગમાં દુઃખી ગોપીજનોનાં મન શાંત કર્યાં. અક્રૂર, કુબ્જા તથા કુંતીને સંતોષ પમાડ્યો, દ્વારિકાપુરીનું નિર્માણ કર્યું, કાળયવન અને મગધરાજ જરાસંધના સૈન્યનો વિનાશ કર્યો. રાજાઓના સમૂહને જીતી સોળ હજાર એકસો કન્યાઓ સહિત અષ્ટપટરાણીઓની સાથે લગ્ન કર્યાં. વિપ્રના અપરાધથી કાકીંડાના શરીરને પામેલા નૃગરાજાનો ઉદ્ધાર કર્યો. બાણાસુરના હાથનું છેદન કર્યું, યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞનું જરાસંધ આદિ રાજાઓને મારી રક્ષણ કર્યું. શિશુપાળ, શાલ્વ અને દંતવક્ર આદિનો વિનાશ કર્યો. પોતાના મિત્ર સુદામાવિપ્રની દરિદ્રતા દૂર કરી, કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણ નિમિત્તે ઉત્સવ ઉજવ્યો. માતા દેવકીજીની પ્રાર્થનાથી કંસે મારી નાખેલા છ મોટાભાઈઓનાં દર્શન કરાવી તેમનો મનોરથ પૂર્ણ કર્યો. મિથિલાધિપતિ બહુલાશ્વ નામના રાજા, અર્જુન અને ઉધ્ધવજીને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ઉપદેશ આપી માયામોહનું અજ્ઞાન દૂર કર્યું. હે શ્રીહરિ ! આ સર્વે ચરિત્રો આપે કૃષ્ણાવતાર ધારણ કરીને કર્યાં છે.[૩૮]

**બુદ્ધાવતાર** :– હે શ્રીહરિ ! તમે પૃથ્વીપર બુદ્ધાવતારને ધારણ કરી વેદોક્ત વિધિનો કપટથી આશ્રય કરી પોતાને શરણે હોવા છતાં ત્રિલોકવાસી સર્વે મનુષ્યોને પીડા આપતા અસુરોના સમૂહોને મોહ ઉપજાવવા ઉપધર્મનો ઉપદેશ કર્યો હતો.[૩૯]

म्लेच्छप्रायान् पापिजनान् कुमनीषांस्तिष्यस्यान्ते विष्णुयशोद्विजसूनुः ।।
भूत्वा कल्की घोरमहासिकरस्त्वं हन्ता नूनं भूमितले विचरन्वै ॥ ४०
धर्महानिमीक्षसे यदा यदा सुरारिभिस्त्वं कृतां तदा तदा दधासि भूतले तनूः ।
मातृताततयोगतः कदा कदाचिदेकतः क्वाप्यतर्कितः स्वयं प्रकाशसे निजेच्छया ॥ ४१
तवावतारधारणं हि रक्षणं विधातुमेव धर्मवर्त्मनः प्रभो ! । ।
भवत्यतोऽत्र दुर्जनैरुपद्रुतं तदद्य साधु पालयन्विराजसे ॥ ४२
त्वमात्मतन्त्रो भुवि यानि यानि करोषि कर्माणि कृतावतारः । ।
भवन्ति तापत्रयभर्जितानां हितावहान्येव हि तानि तानि ॥ ४३
जन्मानि कर्माणि च ते दिव्यानि पुरुषोत्तम ! । अनन्तत्वान्न शक्यन्ते सङ्ख्यातुं क्वापि केनचित् । ४४

---

**કલ્કી અવતાર :–** હે શ્રીહરિ ! તમે કલિયુગના અંતે વિષ્ણુયશ નામના વિપ્રના પુત્ર કલ્કીરૂપે અવતાર ધારણ કરી હાથમાં અતિશય તીવ્ર તલવાર ધારણ કરી દેવદત્ત નામના અશ્વ ઉપર વિરાજીને પૃથ્વીપર વિચરણ કરી મ્લેચ્છ પરાયણ થઈ ગયેલા કુબુદ્ધિ અને પાપી મનુષ્યોનો વિનાશ કરશો.[૪૦]

હે ભગવાન શ્રીહરિ ! તમે જ્યારે જ્યારે અસુરોએ વેદોક્ત વર્ણાશ્રમ ધર્મની હાની કરેલી જુઓ છો. ત્યારે ભારતભૂમિને વિષે અવતાર ધારણ કરો છો. તેમાં ક્યારેક માતાપિતાના સંબંધથી અવતાર ધારણ કરો છો. ક્યારેક માત્ર પિતા થકી જ અવતાર ધારણ કરો છો. અને ક્યારેક તો કલ્પના ન કરી શકાય તે રીતે પોતાની સ્વતંત્ર ઈચ્છાથી ગમે ત્યાં પ્રગટ થાઓ છો. હે પ્રભુ ! તમારે અવતાર ધારણ કરવાનો હેતુ કેવળ ધર્મમાર્ગનું રક્ષણ કરવાનો જ છે. એથી આ અવસરે પૃથ્વી પર દુર્જન એવા અસુરાંશ ગુરુઓ અને રાજાઓએ વિનાશ કરેલા ધર્મ માર્ગનું સારી રીતે રક્ષણ કરતા એવા સર્વ અવતારને ધારણ કરનારા પુરુષોત્તમનારાયણ તમે સર્વોત્કર્ષપણે શોભી રહ્યા છો.[૪૧-૪૨]

હે સ્વતંત્ર સર્વતંત્ર ભગવાન શ્રીહરિ ! તમે પૃથ્વી પર અવતાર ધારણ કરી જે જે ચરિત્રોને કરો છો તે તે સર્વ ચરિત્રો ત્રિવિધ તાપથી તપેલા જનોના હિતને કરનારાં છે. હે પુરુષોત્તમ ! તમારાં જન્મ અને કર્મ દિવ્ય છે અને એ જન્મો અને કર્મો અનંત હોવાથી કોઈ પણ પુરુષ તેની ગણના કરવા શક્તિમાન નથી.[૪૩-૪૪]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભક્તરાજ ખટ્વાંગ રાજર્ષિ આ પ્રમાણે ભગવાન શ્રીહરિની સ્તુતિ કર્યા પછી મનમાં ભગવાન શ્રીહરિની સેવા કરવાની

सुव्रत उवाच -

इति स्तुत्वा हरिं भक्त्या प्रार्थयामास भक्तराट् । स तच्छुश्रूषणमनाः प्रश्रयावनतः सुधीः ॥ ४५
भगवन् ! करुणां कृत्वा मयि भक्ते त्वदात्मनि । स्वस्थोऽत्र कतिचिन्मासान्वस्तुमर्हसि सत्पते ! । ४६

श्रीभगवानुवाच -

वसन्तोत्सवपर्यन्तमत्र वत्स्याम्यहं ननु । प्रीतये तव राजर्षे ! धर्मनिष्ठस्य सर्वदा ॥ ४७

सुव्रत उवाच -

ततः संसेव्यमानोऽसौ खट्वाङ्गादिभिरादरात् । तत्रोवास हरी राजन् ! सुखयन्स्वाश्रितान्सुखम् ॥ ४८
पत्रं लिखित्वाऽथ स दूतमेकं सम्प्रैषयद्दुर्गपुरं नृपर्षिः ।
स शीघ्रयायी त्वरितं नृपेन्द्रं तत्राभयं प्राप्य ददौ तदङ्ग ! ॥ ४९

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे कार्यायनग्रामागमन - खट्वाङ्गकृतहरिस्तुतिनिरूपणनामा सप्तविंशोऽध्यायः ॥ २७ ॥*

---

ઈચ્છા ધરાવતા તે બુદ્ધિમાન રાજા અતિશય સ્નેહપૂર્વક વિનયથી વંદન કરી ફરી પ્રાર્થના કરવા લાગ્યા કે હે ભગવન્ ! મારું મન તમારા ચરણકમળમાં જ એક આસક્ત છે, હું તમારો ચરણ સેવક છું. તેથી હે સંતોના પતિ ! તમે મારા પર કરુણા કરી કેટલાક માસ પર્યંત મારા રાજ ભવનમાં શાંતિથી નિવાસ કરીને રહો.[૪૫-૪૬] આ પ્રમાણે ખટ્વાંગ રાજાની યાચના સાંભળી ભગવાન શ્રીહરિ કહે છે. હે રાજર્ષિ ! તમે સદાય ધર્મમાં નિષ્ઠાવાળા છો તેથી તમને રાજી કરવા વસંતપંચમીના ઉત્સવ પર્યંત તમારા ભવનમાં હું નિવાસ કરીને રહીશ.[૪૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યારપછી પોતાના ભક્તજનોને સુખ આપી રહેલા ભગવાન શ્રીહરિ કારિયાણી ગામમાં નિવાસ કરીને રહ્યા અને ખટ્વાંગ રાજા આદિ સર્વે ભક્તજનો આદરપૂર્વક અતિ ભાવથી સેવા કરવા લાગ્યા. હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિનું વસંતપંચમી સુધી રોકાવાનું નક્કી થયા પછી ખટ્વાંગ રાજાએ શ્રીહરિના આગમનના શુભ સમાચારને જણાવતી એક મંગલપત્રિકા લખીને કોઈ એક પોતાના દૂતને દુર્ગપુર પ્રત્યે મોકલ્યો. ઉતાવળી ગતિએ ચાલનારો તે દૂત તત્કાળ ગઢપુરમાં આવી અભયરાજાને મળીને તેમના હાથમાં તે પત્રિકા અર્પણ કરી.[૪૮-૪૯]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્***

अष्टाविंशोऽध्यायः - २८

सुव्रत उवाच

तत्प्राप्य पत्रं भगवानुपेतः कार्यायनग्राममिति प्रहर्षात् ।
प्राहाभयः स्वानथ ते तदैव सज्जा बभूवुर्गमनाय राजन् ! ॥ १
हरेः प्रसादाद्गतवैरिभीतिर्नृपस्ततः स्वैः सह बन्धुभिः सः ।
ग्रामं तमायात्परिमेयपद्गो यानैस्त्वरद्भिर्दिन एव तस्मिन् ॥ २
आयातमात्मीयसुहृत्तमं तं सम्मानयित्वैव यथार्हमाशु ।
खट्वाङ्ग आवासयति स्म तुष्टः सहानुगैरात्मपरप्रतीतिम् ॥ ३
कृतावतारं प्रगृहीतकृष्णपूजोपहारं स्वजनैः समेतम् ।
तं दर्शनोत्कं भगवत्समीपमुपानयद्राजऋषिः स शीघ्रम् ॥ ४

---

***સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ભગવાન શ્રીહરિ કારિયાણી પધાર્યા અને સત્કાર કરી ખટ્વાંગ રાજાએ પૂજા કરીને સ્તુતિ કરી એ નામે સત્તાવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૭--***

-----------------------------------

## અધ્યાય – ૨૮

### પરિવારે સહિત અભયરાજાનું કારિયાણીમાં આગમન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! અભયરાજાને તે મંગલ પત્રિકા મળી કે તરતજ વાંચીને તે પત્રદ્વારા ભગવાન શ્રીહરિ કારિયાણીપુર પધાર્યા છે. એવા આનંદના સમાચાર પોતાના પુત્ર ઉત્તમ આદિ સર્વ સંબંધીઓને કહ્યા. શ્રીહરિના આગમનના સમાચાર જાણી તે સર્વે પરિવારજનો તેજ ક્ષણે અભયરાજાની સાથે કારિયાણી ગામ જવા તૈયાર થયા.[1]

હે રાજન્ ! સંકટહર દશાવતાર સ્તોત્રનો પાઠ કરવાથી ભગવાન શ્રીહરિની પ્રસન્નતા થતાં શત્રુઓનો ભય દૂર થયો. તેથી અતિશય ખુશ થયેલા અભયરાજા બીજા કેટલાક પદાતિઓની સાથે તથા સંબંધીઓની સાથે ઉતાવળી ગતિએ ચાલનારા રથ, અશ્વાદિ વાહનોમાં બેસી તેજ દિવસે કારિયાણી ગામે આવ્યા.[2] હે રાજન્ ! પોતાના અતિશય વિશ્વાસુ આત્મીય સખા અભયરાજા પરિવાર સાથે કારિયાણી પધાર્યા તેથી ખટ્વાંગ રાજા ખૂબજ પ્રસન્ન થયા અને તેઓનું સન્માન કરી યથાયોગ્ય સ્થાને ઉતારા કરાવ્યા, પછી પરિવારે સહિત અભયરાજાને ખટ્વાંગરાજા તરત

श्रीकृष्णदेवं मनुजाकृतिं तं प्रत्यक्षमालोक्य यथाश्रुतं ते ।
सहस्रशस्त्यागिगृहस्थवृन्दैर्वृतं मुदा पूर्णहृदः प्रणेमुः ॥ ५
तं मानयामास हरिः सबन्धुं खट्वाङ्गविज्ञापितसर्वभावम् ।
सर्वान्तरात्मा निजवाञ्छितार्थसम्पूरणे कल्पतरूपमानः ॥ ६
सिंहासने संस्थितमीश्वरं तं भक्त्या पुपूजुः परया ततस्ते ।
वस्त्रैरमूल्यैर्विविधैरनेकैर्विभूषणैश्चन्दनपुष्पहारैः ॥ ७
तं पूजितं प्रेमभरेण भक्त्या नीराजयित्वा नमनं विधाय ।
बद्ध्वाऽञ्जलींस्ते तदुदारमूर्तौ लग्नेक्षणास्तुष्टुवुरादरेण ॥ ८

**अभयादय ऊचुः -**

सद्धर्मरक्षात्तजने ! सदीश ! प्रतापनिर्मूलितदैत्ययूथ ! ।
पाषण्डमार्गावितभूरिभक्त ! प्रशान्तमूर्ते ! जय नीलकण्ठ ! ॥ ९

---

જ શ્રીહરિની સમીપે લાવ્યા, તે સમયે પરિવારે સહિત અભયરાજા ભગવાન શ્રીહરિની પૂજા માટે હાથમાં અનેક પ્રકારની પૂજાસામગ્રી અને ભેટ સામગ્રીઓ ધારણ કરી હતી તે વડે ભગવાનની પૂજા કરી.[૩-૪] ખટ્વાંગરાજાના મુખેથી મનુષ્યાકૃતિ શ્રીકૃષ્ણ ભગવાનનું જેવું વર્ણન સાંભળ્યું હતું, તેવા જ સ્વરૂપમાં પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિનાં દર્શન કરી પરિવારે સહિત અભયરાજાના અંતરમાં ખૂબજ આનંદ થયો. હજારો સંતો અને ભક્તજનોની વચ્ચે શોભતા ભગવાન શ્રીહરિને તેઓ પ્રેમથી પ્રણામ કરવા લાગ્યા. તે સમયે ભગવાન શ્રીહરિ સર્વ જીવપ્રાણી માત્રના અંતર્યામી છે અને ભક્તજનોના મનોરથો પૂર્ણ કરવામાં કલ્પતરુ સમાન છે. એમ જાણતા હોવા છતાં ખટ્વાંગ રાજાએ શ્રીહરિને અભયપરિવારના પ્રેમનો પરિચય આપ્યો અને ભગવાન શ્રીહરિએ પણ પરિવારે સહિત અભયરાજાનું યથાયોગ્ય સન્માન કર્યું.[૫-૬] ત્યારપછી અભય પરિવારે સિંહાસન પર વિરાજમાન ભગવાન શ્રીહરિનું અમૂલ્ય વિવિધ આભૂષણો તથા નાના પ્રકારનાં વસ્ત્રો, ચંદન અને પુષ્પના હારોથી પૂજન કરીને આરતી ઉતારી, દંડવત્ પ્રણામ કરી, મૂર્તિ સમક્ષ નેત્રની વૃત્તિ સ્થિર કરીને બન્ને હાથ જોડી આદરપૂર્વક ભગવાન શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા.[૭-૮]

**સપરિવાર અભયરાજાએ કરેલી સ્તુતિ :-** હે સદ્ધર્મનું રક્ષણ કરનારા અને મનુષ્ય શરીરને ધારણ કરનારા ! હે સંતોના સ્વામી ! હે સ્વપ્રતાપથી

निःश्रेयसायैव कलौ नराणां भक्त्या सदोपास्यमनोज्ञमूर्ते ! ।
अतिक्षमाब्धेऽतिदयानिधान ! प्रशान्तमूर्ते ! जय नीलकण्ठ ! ॥ १०
स्वभक्तगोलोकनयात्मनिष्ठ ! प्रभो ! सदैकान्तिकधर्मधर्तः ! ।
प्रवर्तितक्षेमदसाङ्ख्ययोग ! प्रशान्तमूर्ते ! जय नीलकण्ठ ! ॥ ११
अधर्ममायाकलिकालनानादोषाशुनाशश्रवणादिभक्ते ! ।
धर्मक्रियातत्पर ! चारुवेष ! प्रशान्तमूर्ते ! जय नीलकण्ठ ! ॥ १२
महामुने ! योगकलाप्रवृत्ते ! योगेश्वरानन्तगुणप्रभाव ! ।
विभो ! वराभीतिद ! दिव्यरूप ! प्रशान्तमूर्ते ! जय नीलकण्ठ ! ॥ १३

---

દૈત્યોના સમૂહને નિર્મૂળ કરનારા ! હે પાખંડ માર્ગથકી અનંત ભક્તોની રક્ષા કરનારા ! હે પ્રશાંત મૂર્તિ ! હે નીલકંઠ ! તમારો સદાય સર્વત્ર જય થાઓ જય થાઓ.[૯] હે મનોહર મૂર્તિ ભગવાન શ્રીહરિ ! તમોએ આ કળિયુગની અંદર મનુષ્યોનાં આત્યંતિક કલ્યાણને માટે તેઓ સદાયને માટે, તમારી શુદ્ધ ઉપાસના કરી શકે તેવી મનોહર સુંદર મનુષ્ય મૂર્તિને ધારણ કરી છે. તમે અતિશય ક્ષમા અને દયાના સાગર છો. એવા હે પ્રશાંતમૂર્તિ ! શ્રી નીલકંઠ ! તમારો સદાય સર્વત્ર જય થાઓ.[૧૦]

હે પ્રભુ ! તમે તમારા એકાંતિક ભક્તજનોને ગોલોકધામ પ્રત્યે લઈ જાઓ છો. તમે સર્વે જીવપ્રાણી માત્રના અંતર્યામીરૂપ આત્મા છો. તમે નિરંતર એકાંતિક ધર્મને ધારણ કરનારા છો અને ભક્તજનોનું પોષણ કરનારા છો. આશ્રિતજનોમાં કલ્યાણકારી અને સેશ્વરવાદી સાંખ્ય અને યોગમાર્ગનું પ્રવર્તન કરો છો. એવા હે પ્રશાંતમૂર્તિ ! શ્રી નીલકંઠ ! તમારો સદાય સર્વત્ર જય થાઓ.[૧૧] હે પ્રભુ ! તમારી નવ પ્રકારની ભક્તિ છે તે અધર્મ, માયા, કલિયુગ, મહાકાળ આદિ અનેક પ્રકારના દોષોનો તત્કાળ વિનાશ કરે છે. તમે ધર્મસંબંધી ક્રિયા કરવામાં સદાય તત્પર રહો છો. તમે સુંદર વર્ણિવેષને ધારી રહ્યા છો. એવા હે પ્રશાંતમૂર્તિ ! શ્રી નીલકંઠ ! તમારો સદાય સર્વત્ર જય થાઓ.[૧૨]

હે મહામુનિના વેષમાં વિરાજતા પ્રભુ ! તમે અત્યારે પૃથ્વીપર સમગ્ર અષ્ટાંગયોગકળાની પ્રવૃત્તિ કરી છે. તમે યોગેશ્વર છો અને અષ્ટાંગયોગની સાધના કરનારા યોગીજનોને પણ ઈચ્છવા યોગ્ય છો, તેમજ કારુણ્ય, સૌશીલ્ય આદિ અનંત મહાગુણો તથા મહા પ્રભાવને ધારણ કરી રહ્યા છો, તમે વિભુસ્વરૂપ છો, તમારી કરમુદ્રાથી હમેશાં ભક્તજનોને વર અને અભય આપો છો. તમે અપ્રાકૃત

कामाद्यरित्रासदचिन्तनेश ! पापौघविद्रावणनामधेय ! ।
अज्ञानविध्वंसनबोधशक्ते ! प्रशान्तमूर्ते ! जय नीलकण्ठ ! ॥ १४
हारिप्रसादे ! हरिकृष्ण ! कृष्ण ! स्वामिन् ! हरे ! तापसनैष्ठिकेन्द्र ! ।
नारायण ! प्रेमवतीतनूज ! प्रशान्तमूर्ते ! जय नीलकण्ठ ! ॥ १५
अदीनदिव्याचरित ! स्वतन्त्र ! ब्रह्मर्षिराजर्षिसमर्चिताङ्घ्रे ! ।
श्रीस्वामिनारायण ! देशिकेन्द्र ! प्रशान्तमूर्ते ! जय नीलकण्ठ ! ॥ १६
सकलजनभवाब्धिमज्जनेक्षोत्थितकरुणार्द्रितहृन्निजेच्छयैव ।
धृतनृतनुरहो त्वमेव कृष्णो भवसि भुवि स्वयमेव नीलकण्ठ ! ॥ १७
जय जय निजभक्तजीवनेश ! प्रचुरदयोदय ! पूर्णकाम ! विष्णो ! ।
सकलसुरसुरेन्द्रसेवितांघ्रे ! सकलमनोरथदानदक्ष ! जिष्णो ! ॥ १८

---

સુંદર દિવ્યમૂર્તિ છો. એવા હે પ્રશાંતમૂર્તિ ! શ્રી નીલકંઠ ! તમારો સદાય સર્વત્ર જય થાઓ.[૧૩] હે સર્વના નિયામક પરમેશ્વર ! તમારું સ્મરણ માત્ર કામરૂપી શત્રુને મોટો ભય ઉપજાવે છે. તમારું નામ સ્મરણ પાપના પુંજને પણ બાળી દે છે. તમારા જ્ઞાન ઉપદેશનું સામર્થ્ય જીવોના અજ્ઞાનનો તત્કાળ વિનાશ કરે છે. એવા હે પ્રશાંતમૂર્તિ ! શ્રી નીલકંઠ ! તમારો સદાય સર્વત્ર જય થાઓ.[૧૪] હે હરિપ્રસાદજીના પુત્ર ! હે હરિકૃષ્ણ ! હે કૃષ્ણ ! હે સર્વના માલિક ! હે હરિ ! હે નૈષ્ઠિક તપસ્વીઓના સ્વામી ! હે નારાયણ ! હે પ્રેમવતી પુત્ર ! હે પ્રશાંતમૂર્તિ ! શ્રી નીલકંઠ ! તમારો સદાય સર્વત્ર જય થાઓ.[૧૫]

હે સ્વતંત્રમૂર્તિ શ્રીહરિ ! તમે અતિશય મહાપ્રભાવશાળી દિવ્ય ચરિત્રોનો વિસ્તાર કરી રહ્યા છો. મોટા મોટા બ્રહ્મર્ષિઓ અને રાજર્ષિઓ પણ તમારા ચરણકમળનું સેવન કરે છે. તમે આચાર્યોના આચાર્ય, ગુરુઓના ગુરુ છો. ચમત્કારી શ્રીસ્વામિનારાયણ નામને ધારણ કરનારા. એવા હે પ્રશાંતમૂર્તિ ! શ્રી નીલકંઠ ! તમારો સદાય સર્વત્ર જય થાઓ.[૧૬] હે નીલકંઠ ! અગણિત જીવાત્માઓને સંસારરૂપી સાગરમાં ડૂબતા જોઈને તમારા હૃદયમાં કરુણા ઉત્પન્ન થઈ તેથી તમારું હૃદય આર્દ્ર થયું અને તેઓનો ઉદ્ધાર કરવા માટે તમે તમારી સ્વતંત્ર ઈચ્છાથી આ પૃથ્વી પર મનુષ્યાકૃતિ ધારણ કરીને પધાર્યા છો. ખરેખર તમે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવ છો.[૧૭] હે પોતાના ભક્તોના જીવનપ્રાણ પ્રભુ ! તમારો જય થાઓ જય થાઓ. તમે તો દયાના દરિયાવ છો. પૂર્ણકામ છો. સાક્ષાત્ વિષ્ણુ છો. સમસ્ત

तव जगदुदयावनान्तहेतोः स्थिरचरदेहभृदात्मनो मुकुन्द ! ।
प्रकृतिघनतमःपरे स्वधाम्नि स्थितवत एव सदा नुतौ क ईशः ॥ १९
भवदवदहनप्रशान्तिहेतुं सुखनिलयं हि भवन्तमर्थयामः ।
अतिशयितदयाप्रदर्शितेऽस्मिन्वपुषि तवास्तु रतं मनोऽस्मदीयम् ॥ २०
मुहुरिह दयया स्वतो हि निर्यत्स्मितकिरणोज्ज्वलकुण्डलाभगण्डे ।
परिसरदुरुशेखरालिशोभे तव वदनाम्बुरुहेऽस्तु नो मनोऽलिः ॥ २१
शुभवरतिलकेन साक्षतेन भ्रुकुटियुगेन च वक्रितेन रम्ये ।
प्रविततनयने तवास्यचन्द्रे नयनचकोरयुगानि नो रमन्ताम् ॥ २२

**सुव्रत उवाच –**

इति स्तुतः सुप्रसन्नो भगवान्भक्तवत्सलः । अभयं प्रददौ तेभ्यो वाञ्छितं यन्मुमुक्षुभिः ॥ २३

---

દેવતાઓ અને રાજા મહારાજાઓ પણ તમારા ચરણ કમળનું સેવન કરે છે. તમે ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવામાં અત્યંત ચતુર છો. તમે સર્વત્ર વિજય જ પ્રાપ્ત કરો છો.[૧૮] હે મુકુન્દ ! તમે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના મૂળ કર્તા છો. તમે જ સમસ્ત સ્થાવર અને જંગમ જીવપ્રાણીમાત્રના આધાર છો. તમે માયાના ગાઢ અંધકારથી પર તેજોમય પોતાના અક્ષરબ્રહ્મધામને વિષે સદાય નિવાસ કરીને રહ્યા છો. આવા મહિમાવાળા આપની સ્તુતિ કરવા કોણ સમર્થ થઈ શકે ?.[૧૯] હે દયાળુ ! તમે આ સંસારરૂપી દાવાનળથી બળતા જીવાત્માઓને શાંતિ આપો છો. સાચા સુખના ધામ છો. અમે તમારી પાસેથી યાચના કરીએ છીએ કે, નિરતિશય અપાર દયાના કારણે અત્યારે અમારી દૃષ્ટિની આગળ વિરાજમાન આપની આ મનુષ્યાકાર દિવ્યમૂર્તિમાં અમારું મન સદાય આસક્ત રહો.[૨૦] હે દયાળુ ! તમારા અતિશય દયાળુ સ્વભાવને કારણે સ્વાભાવિક રીતે જ પ્રસરતા મંદ મંદ હાસ્યનાં કિરણોથી જે દેદીપ્યમાન છે. તથા કર્ણમાં ધારણ કરેલાં મકરાકાર કુંડળથી યુક્ત બન્ને ગાલ વડે જે શોભાયમાન છે. તથા પાઘમાં લટકતા અનેક પ્રકારના પુષ્પોના તોરાઓની પંક્તિથી જે શોભી રહ્યું છે એવા આ તમારા મુખારવિંદને વિષે અમારો મનરુપી ભમરો સદાય આસક્ત થઈને સ્થિર રહે.[૨૧]

હે પ્રભુ ! તમારું જે આ મુખ ચોખા ચોડેલા કુંકુમના ચાંદલાએ સહિત ઊર્ધ્વપુંડ્ર્ તિલક ધારણ કરવાથી અને વાંકડી ભ્રૂકુટિથી અત્યંત રમણીય લાગે છે કર્ણ સુધી લાંબા બન્ને વિશાળ નેત્રોથી જે શોભી રહ્યું છે. એવા આ મુખચંદ્રને વિષે

ततस्तं प्रार्थयामास प्रणम्य स नृपः पुनः । स्वामिन् ! दासस्य मेऽभीष्टं सम्पूरयितुमर्हसि ॥ २४
सानुगं त्वामहं नेतुं भगवन् ! दुर्गपत्तनम् । आयातोऽस्मि सबन्धुस्तदनुमान्यं त्वयाऽधुना ॥ २५

श्रीभगवानुवाच -

तवाऽऽशयमहं वेद्मि सबन्धोः शुद्धमेव हि । आगमिष्यामि नगरं तवाहं नात्र संशयः ॥ २६
अत्र स्थातुं प्रतिज्ञातं खट्वाङ्गाय मयास्ति हि । मध्वारम्भावधि ततः साम्प्रतं नैतुमुत्सहे ॥ २७
पुष्पदोलोत्सवं तस्मात् पुरे तव महीपते ! । मुन्यादिभिः सहैवैत्य करिष्यामि न संशयः ॥ २८
तदाभयः प्राह हरिं तावदत्र सह स्वकैः । वत्स्याम्यहं त्वया साकं गमिष्यामि गृहं निजम् ॥ २९
इत्युक्त्वा स तु तत्रैव राजा हर्यनुमोदितः । न्यवसत्स्त्रीपुत्रपुत्रीसहितो दृढनिश्चयः ॥ ३०

---

અમારાં નેત્રોરૂપી ચકોર પક્ષીઓ સદાયને માટે રમણ કરો.[૨૨] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! અભયરાજાએ પોતાના પરિવારની સાથે આ પ્રમાણે સ્તુતિ કરી તેથી ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ અત્યંત રાજી થયા અને મુમુક્ષુઓ જેની સતત ઇચ્છા રાખતા હોય છે એવું અભયદાન તેઓને આપ્યું.[૨૩] હે રાજન્ ! પછી અભયરાજા ભગવાન શ્રીહરિને પ્રણામ કરીને ફરી પ્રાર્થના કરવા પૂર્વક કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! હું તમારા ચરણ કમળનો સેવક છું. તમે મારો મનોરથ પૂર્ણ કરો. હે ભગવાન ! આપના સેવક સર્વ સંતો ભક્તોએ સહિત આપને મારા દુર્ગપુર પ્રત્યે લઇ જવા માટે હું મારા પરિવારની સાથે અહીં તમારી પાસે આવ્યો છું. તો આપ કૃપા કરીને મારું આમંત્રણ સ્વીકારો.[૨૪-૨૫]

હે રાજન્ ! અભયરાજાનાં ઉપરોક્ત વચનો સાંભળી ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા કે, હે અભયનૃપતિ ! તમારા સર્વેના પ્રેમપૂર્ણ નિર્દોષભાવને હું સમજું છું. તેથી હું તમારાં દુર્ગપુર પ્રત્યે ચોક્કસ પધારીશ. તેમાં કોઇ જાતનો સંશય નથી.[૨૬] પરંતુ અત્યારે મેં વસંતપંચમી સુધી કારિયાણી રોકાવાની ખટ્વાંગ રાજા પાસે પ્રતિજ્ઞા કરી છે. તેથી અત્યારે તો હું તમારે ત્યાં આવી શકું તેમ નથી.[૨૭] તેથી હે મહીપતિ ! પછી હું મુનિમંડળે સહિત આપનાં દુર્ગપુર પ્રત્યે ચોક્કસ પધારીશ અને ત્યાં પુષ્પદોલોત્સવની ઉજવણી કરીશ. તેમાં કોઇ જાતનો સંશય નથી.[૨૮]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળી અભયરાજા કહેવા લાગ્યા કે, હે શ્રીહરિ ! જ્યાં સુધી દુર્ગપુર નહિ પધારો ત્યાં સુધી મારા પરિવાર જનોની સાથે હું અહીં જ રહીશ અને તમો જ્યારે મારે ઘેર પધારશો ત્યારે તમારી સાથે જ મારે ઘેર દુર્ગપુર પ્રત્યે પધારીશ.[૨૯] હે રાજન્ ! આ

हरीक्षणावधिधृतं व्रतं स्वीयं समापयत् । मेने स्वं पूर्णकामं स तथा तस्य सुतादयः ॥ ३१
गालवं गृहकार्यार्थं प्रैषयद्दुर्गपत्तनम् । स्वयं स हरिसेवायां तत्परोऽवर्ततान्वहम् ॥ ३२
स्वामिनारायणः सोऽपि खट्वाङ्गस्य गृहे वसन् । तडागं खनयामास सर्वजीवसुखावहम् ॥ ३३
आत्मनो वित्तमखिलं सुवर्णरजतादि यत् । तस्मै निवेदयामास खट्वाङ्गस्तदुदारधीः ॥ ३४
महान्तं वैष्णवं यागं पिप्पलग्रामवत्प्रभुः । विदधे तेन तत्रैव जनयञ्जनविस्मयम् ॥ ३५
देशान्तरेभ्योऽपि जनास्तत्रायान्ति स्म भूरिशः । सोपायनकरा राजंस्तं प्राप्यापुः परां मुदम् ॥ ३६
इष्टकर्मोत्सवे तत्र सोमं सूरं च मान्त्रिकम् । चक्रेऽलर्कं च जीवाख्यं स मुख्यान् क्षत्रियोत्तमान् । ३७
बहुशो ब्राह्मणान् भोज्यैर्विविधैर्मोदकादिभिः । स्वर्णादिदक्षिणाभिश्च तोषयामास वर्णिराट् ॥ ३८

---

પ્રમાણે કહીને ભગવાન શ્રીહરિની અનુમતિથી તેમને ગઢપુર લઈ જવાનો મનમાં દૃઢ સંકલ્પ કરીને પોતાની બન્ને સ્ત્રીઓ, પુત્ર અને ચારે પુત્રીઓની સાથે કારિયાણી ગામમાંજ નિવાસ કરીને રહ્યા.[૩૦] ભગવાન શ્રીહરિનાં દર્શનની અવધિ સુધી લીધેલાં ધારણાં પારણાં આદિ વ્રતના નિયમોની અભયરાજાએ પરિવારની સાથે સમાપ્તિ કરી અને પોતાના આત્માને કૃતાર્થ તથા પૂર્ણકામ માનવા લાગ્યા.[૩૧]

હે રાજન્ ! અભયરાજાએ ગૃહકાર્ય ચલાવવા માટે પોતાના ગાલવ નામના સાળાને ગઢપુર મોકલ્યા અને સ્વયં પ્રતિદિન તત્પર થઈ ભગવાન શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૩૨] ખટ્વાંગરાજાનાં ઘેર કારિયાણીમાં નિવાસ દરમ્યાન શ્રીસ્વામિનારાયણ ભગવાને પાણીનું દુઃખ ટાળવા સર્વ જીવપ્રાણીમાત્રના સુખને માટે સુંદર તળાવ ગળાવ્યું.[૩૩] તેના ખર્ચને પહોંચી વળવા ઉદાર બુદ્ધિવાળા ખટ્વાંગરાજાએ પોતાની પાસે રહેલી સુવર્ણ, રૂપું, રત્ન અને ધન આદિ સર્વે સંપત્તિનો શ્રીહરિના ચરણમાં ઢગલો કર્યો.[૩૪]

**કારિયાણીમાં મહાવિષ્ણુયાગ અને મહારુદ્રયાગની ઉજવણી** :– હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ પિપલાણા ગામની પેઠે મનુષ્યોને વિસ્મય પમાડે તેવો મહા વિષ્ણુયાગ કારિયાણી ગામમાં ઉજવ્યો.[૩૫] હે રાજન્ ! આ ઉત્સવમાં દેશાંતરોમાંથી હજારો ભક્તો અનેક પ્રકારની ભેટો સામગ્રી લઈને આવવા લાગ્યા. સૌ ભગવાન શ્રીહરિનાં દર્શન કરી પરમ આનંદને પામ્યા.[૩૬] આ મહાવિષ્ણુયાગ ઉત્સવનું કાર્ય સફળ રીતે પૂર્ણ કરી શકાય તે માટે ભગવાન શ્રીહરિએ સોમલાખાચર, સુરાખાચર, માતરાધાધલ, અલૈયા ખાચર અને જીવાખાચર આ ઉત્તમ ક્ષત્રિયોની અગ્રેસર તરીકે નિમણૂક કરી.[૩૭]

मखं तत्रातिरुद्रं च सम्भारेणैव भूयसा । चकार प्रीणयन्विप्रान्वैदिकान्स सहस्रशः ॥ ३९
यज्ञं वसन्तपञ्चम्यां विधिना स समापयत् । रक्षको धर्मसेतूनां नश्यतां कालवेगतः ॥ ४०
भूरिदानपरितोषितविप्रैर्वीक्षितक्रतुमहैश्च गृहस्थैः ।
गीतमस्य तु यशः श्रुतवन्तश्चित्रमापुरवनौ क्षितिपालाः ॥ ४१

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे श्रीनारायणाभयराजसमागमपूजनस्तवननिरूपणनामाऽष्टाविंशोऽध्यायः ॥ २८ ॥*

---

હે વર્ણિરાજ ! આ વિષ્ણુયાગ મહોત્સવમાં ભગવાન શ્રીહરિએ લાડુ આદિ વિવિધ પ્રકારનાં ભોજનોથી અને સુવર્ણ આદિ અનેક પ્રકારની દક્ષિણાઓથી બ્રાહ્મણોને ખૂબજ સંતુષ્ટ કર્યા.[૩૮] તેવી જ રીતે હે રાજન્ ! શ્રીહરિએ હજારો વૈદિક વિપ્રોને પ્રસન્ન કરી અનંત પ્રકારની મહાસામગ્રીથી ભરપુર મહારૂદ્ર યજ્ઞની પણ કારિયાણીમાં ઉજવણી કરી.[૩૯] આ રીતે કાળના વેગથી વિનાશ પામેલા ધર્મસેતુનું રક્ષણ કરનારા ભગવાન શ્રીહરિએ વસંત પંચમી (મહાસુદી પંચમી) ની તિથિએ મહારુદ્રયાગની સમાપ્તિ કરી.[૪૦]

હે રાજન્ ! મહા વિષ્ણુયાગ અને મહારુદ્રયાગમાં અનેક પ્રકારનાં ભોજન, દાન અને દક્ષિણાથી અત્યંત સંતુષ્ટ થયેલા વિપ્રો તથા યજ્ઞોનું દર્શન કરનારા ઈતર મનુષ્યો તથા ધનવાન મનુષ્યો ભગવાન શ્રીહરિના અનુપમ યશનું ગાન કરવા લાગ્યા, સર્વત્ર ફેંલાયેલું એ યશોગાન સાંભળીને પૃથ્વી પરના સર્વે રાજાઓ પણ અત્યંત વિસ્મય પામ્યા.[૪૧]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં કારિયાણી ગામે ભગવાન શ્રીસ્વામિનારાયણ અને ગઢપુર પતિ અભયરાજાનું મિલન થયું અને રાજાએ પૂજન કરી સ્તુતિ કરી તેનું નિરૂપણ કર્યું એ નામે અઠ્યાવીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૮--***

---

एकोनत्रिंशोऽध्यायः ॥ २९ ॥

सुव्रत उवाच –

अथो हरिर्यज्ञविधिं यथावत्समाप्य सन्तोष्य स विप्रसङ्घान् ।
उपाविशत्संसदि तुङ्गपीठे नृप ! स्वभक्तैः परिपूज्यमानः ॥ १
तस्याग्रतस्त्यागिजना निषेदुस्तांश्चाभितोऽन्ये पुरुषा यथार्हम् ।
पुंसोऽस्पृशन्त्यः स्त्रिय एकतश्च दृढव्रतास्तत्र तदा निषेदुः ॥ २
तान्भक्तसङ्घानभिवीक्ष्य सर्वानवस्थितान् स्वाननदत्तदृष्टीन् ।
आनन्दयन्प्रीतमनाः स्ववाचा जगाद नारायण ऊर्जितश्रीः ॥ ३

श्रीनारायणमुनिरुवाच –

भक्ताः ! श्रृणुत मद्वाक्यं सर्वेषां वो हितं ब्रुवे । परोपकारसदृशं नान्यत्सुकृतमस्ति हि ॥ ४

## અધ્યાય – ૨૯

### કારિયાણી ગામમાં મહારુદ્ર યજ્ઞને અંતે મોટી સભાનું આયોજન.

સુવ્રતમુનિ કહે છે, રાજન્ ! ભગવાન શ્રીહરિએ શાસ્ત્રવિધિ અનુસાર યજ્ઞની સમાપ્તિ કરી અને હજારો બ્રાહ્મણોને દાન દક્ષિણા આપી સંતોષ પમાડ્યા. પછી ભગવાન શ્રીહરિ મોટી સભામાં ઊંચા સિંહાસન પર વિરાજમાન થયા અને સંતો-ભક્તોએ કેશર, ચંદન અને પુષ્પના હારોથી પૂજન કર્યું.[૧]

ત્યારપછી તે સભામાં ભગવાન શ્રીહરિના મુખારવિંદની આગળ જ અચળ નિયમવાળા ત્યાગી એવા સાધુ અને બ્રહ્મચારીઓ બેઠા. તે ત્યાગીઓની ફરતે ચારે બાજુ અન્ય ગૃહસ્થ ભક્તજનો પણ પોતપોતાના યોગ્ય સ્થાને બેઠા. તથા પુરુષોનો સ્પર્શ ન થાય તે રીતે સભાના એક વિભાગમાં સ્ત્રીભક્તજનો પણ બેઠાં. તે સમયે દેદીપ્યમાન કાંતિથી અતિશય શોભી રહેલા શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતાના મુખકમળ ઉપર જ એક દૃષ્ટિ કરીને બેઠેલા સમગ્ર ભક્તજનો ઉપર કરુણામય દૃષ્ટિથી નિહાળી પ્રસન્ન મને સર્વેને આનંદ ઉપજાવતા થકા અમૃત વચનો કહેવા લાગ્યા.[૨-૩]

**પરોપકારનો મહિમા :–** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! મારું વચન તમે સાંભળો. હું તમારા હિતની વાત કરું છું. આ લોકમાં પરોપકાર જેવું બીજું કોઈ મોટું પુણ્ય નથી.[૪] બાકી માત્ર પોતાનું જ પેટ ભરનારા

अपि कीटपतङ्गाद्याः सन्त्येव स्वोदरम्भराः । परोपकारिणो लोके विरलाः सन्ति पूरुषाः ॥ ५
स्वयं सोढ्वापि ये कष्टं परेषां कुर्वते हितम् । तैरेव साधितः स्वार्थ इति जानीत निश्चितम् ॥ ६
अन्यस्य दुःखमालोक्य यथाशक्त्यत्र यः पुमान् । न तन्निवारणं कुर्यान्निर्दयः स पशुर्मतः ॥ ७
धन्यो हि रन्तिदेवाख्यो राजा यस्य यशोऽमलम् । अद्यापि गीयते लोके परोपकरणाज्जनैः ॥ ८

**सुव्रत उवाच –**

इति भक्तपतेस्तस्य श्रुत्वा वाक्यं तु तेऽखिलाः । प्रोचुर्भक्ता नमस्कृत्य तमहेतुकृपानिधिम् ॥ ९

**भक्ता ऊचुः –**

भगवञ्छ्रोतुमिच्छामो वयं सर्वेऽपि भूपतेः । आख्यानं रन्तिदेवस्य परोपकृतिशालिनः ॥ १०

**श्रीनारायणमुनिरुवाच –**

आसीद्राजा पुरा धीमांश्चन्द्रवंशसमुद्भवः । संकृतिर्नामतस्तस्य रन्तिदेवोऽभवत्सुतः ॥ ११

---

કીટ, પશુ, પક્ષી આદિ હજારો જંતુઓ રહેલાં છે. પરંતુ આ લોકમાં પરોપકાર કરનારા તો વિરલા પુરુષો જ જોવા મળે છે.[૫] જે પુરુષો કષ્ટને સહન કરી પરનું હિત કરે છે. તેઓ જ ખરેખર પોતાના સ્વાર્થની સિદ્ધિને નિશ્ચય પ્રાપ્ત કરે છે, એમ તમે નક્કી જાણો.[૬] જે પુરુષો પારકાનાં દુઃખને જોઈને તેનું નિવારણ કરવા પ્રયત્ન નથી કરતા તે નિર્દય પુરુષો છે, એમ ડાહ્યા મનુષ્યો જરૂર કહે છે.[૭]

હે ભક્તજનો ! ધન્ય છે રંતિદેવ રાજાને, કારણ કે આજ દિવસ સુધી તે પરોપકારી રંતિદેવ રાજાના નિર્મળ યશનો મહિમા મનુષ્યો ગાઈ રહ્યા છે.[૮] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભક્તપતિ ભગવાન શ્રીહરિનું આવું અમૃતની સમાન વચન સાંભળીને સભામાં બેઠેલા સર્વે ત્યાગી તથા ગૃહસ્થ ભક્તજનો કોઈ પણ હેતુ વિના માત્ર દયા વરસાવી રહેલા ભગવાન શ્રીહરિને નમસ્કાર કરીને કહેવા લાગ્યા.[૯]

**પરોપકારી રંતિદેવ રાજાનું આખ્યાન :–** ભક્તજનો કહેછે, હે ભગવાન્ ! અમે સર્વે આપના મુખેથી પરોપકારી રંતિદેવ રાજાનું આખ્યાન સાંભળવા ઈચ્છીએ છીએ.[૧૦] તે સમયે ભક્તજનોનાં વચનો સાંભળી ભગવાન શ્રીનારાયણ મુનિ કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! પૂર્વે ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલા સંકૃતિ નામના રાજાના બુદ્ધિમાન પુત્ર રંતિદેવ રાજા થયા.[૧૧] તે શાસ્ત્રોમાં કહેલા રાજ ચિહ્નોથી યુક્ત હતા. અતિશય દયાળુ સ્વભાવના, મહાબુદ્ધિમાન તે રાજા બહાર અને અંદર પવિત્ર જીવન જીવતા હતા. તે રંતિદેવ રાજા પિતાના

सर्वलक्षणसम्पन्नो दयालुर्मतिमाञ्छुचिः । पितर्युपरते राज्यं धर्मेणैव चकार सः ॥ १२
परोपकारशीलोऽसौ मखानुद्दिश्य भूरिशः । निजां समृद्धिमखिलां विप्रेभ्यः प्रददौ नृपः ॥ १३
यद्यत्किञ्चिदभूत्प्राप्तं वस्त्रपात्रधनादि च । तत्तत्सर्वं ददाति स्म ब्राह्मणेभ्यस्तदैव सः ॥ १४
निष्किञ्चनोऽतिधीरश्च सकुटुम्बोऽपि भूपतिः । आश्रित्यायाचितां वृत्तिं वर्तते स्मानुवासरम् ॥ १५
क्वचित्स्निग्धं क्वचिद्रूक्षं क्वचिदल्पं च भूरि वा । अन्नं वाप्युदकं राजा यत्प्राप्तं स्यात्तदग्रहीत् ॥ १६
वर्तमानस्य तस्येत्थमेकदा त्वीश्वरेच्छया । अष्टचत्वारिंशदीयुर्दिनान्यन्नोदकं विना ॥ १७
एकोनपञ्चाशत्तमे दिवसे कश्चन द्विजः । पक्कमन्नं च पानीयं ददौ तच्चाग्रहीन्नृपः ॥ १८
विभज्य पुत्रादिभ्यस्तद्यावद्भोक्तुमुपाविशत् । अतिथिर्ब्राह्मणस्तावदन्नार्थी प्राप तं नृपम् ॥ १९
स तस्मै श्रद्धयैवान्नं हरिबुद्ध्या ददौ ततः । स भुक्त्वा प्रययौ तावदन्योऽतिथिरुपाययौ ॥ २०
वृषलायाप्यतिथये तस्मै श्रद्धादरान्वितः । हरिं स्मरन् ददावन्नं नृपतिः स दयार्द्रहृत् ॥ २१

પરલોકગમન પછી પણ ધર્મથી જ રાજ્ય વ્યવહાર ચલાવતા હતા.[૧૨] હે ભક્તજનો ! એ રંતિદેવ રાજાએ પરોપકારી સ્વભાવને કારણે અનેક યજ્ઞોનાં અનુષ્ઠાન કરી પોતાની સમસ્ત ધન, સંપત્તિ બ્રાહ્મણોને દાનમાં અર્પણ કરી દીધી.[૧૩] પોતાને વસ્ત્ર, પાત્ર, ધન, રત્ન આદિ જે કાંઇ પણ વસ્તુ પ્રાપ્ત થાય તે સર્વે વસ્તુ તે જ ક્ષણે બ્રાહ્મણોને અર્પણ કરી ખુશ થતા.[૧૪] સર્વસ્વનું દાન કરવાથી કુટુંબે સહિત રાજા સ્વયં પણ ધન અને ધાન્યે રહિત થયા, છતાં તેમની ધીરજ તો ધીરજશાળી પૃથ્વીને પણ શરમાવે તેવી અખૂટ રહી. નિષ્કિંચન તે રંતિદેવ રાજા અયાચકવૃત્તિથી પ્રાપ્ત થતા અન્ન, જળાદિકથી પ્રતિદિન પોતાનું ગુજરાન ચલાવતા રહેતા.[૧૫]

હે ભક્તજનો ! તેમને ક્યારેક ઘી યુક્ત રસવાળું, ક્યારેક રસ વગરનું લૂખું, ક્યારેક ઘણું અને ક્યારેક સાવ થોડું અન્ન કે જળ વગેરે જે કાંઇ પણ મળે તેનો રંતિદેવ રાજા સ્વીકાર કરતા.[૧૬] આ પ્રમાણે જીવનનિર્વાહ ચલાવતા તેમના રાજ્યમાં એકવાર ભયંકર દુષ્કાળ પડ્યો. તે સમયે રાજપરિવારમાં ઈશ્વર ઈચ્છાએ અડતાલીસ દિવસ સુધી અન્ન કે જળ કાંઇ પણ પ્રાપ્ત થયું નહિ.[૧૭] અને એમને એમ દિવસો પસાર થતા રહ્યા, છતાં ધીરજ છોડી નહિ. પછી ઓગણ પચાસમે દિવસે કોઈ બ્રાહ્મણે રાંધેલું અન્ન તથા જળ અર્પણ કર્યાં. તેનો રાજાએ સ્વીકાર કર્યો.[૧૮] તેના વિભાગ કરી પોતાના પુત્ર અને પત્નીને તેનો ભાગ અર્પણ કરી જ્યાં રંતિદેવ રાજા સ્વયં પોતાના ભાગનું અન્ન જમવાની તૈયારી કરે છે, ત્યાં કોઈ અન્નાર્થી એક અતિથિ બ્રાહ્મણ રાજાની પાસે આવ્યો. તેણે અન્નની યાચના

अथ शूद्रे गते भुक्त्वा तमन्योऽतिथिरभ्यगात् । श्वभिर्वृतः क्षुधाक्षामो राजानं तमुवाच सः ॥ २२
अन्नं मे दीयतां राजन्सगणाय बुभुक्षवे । इति तेनार्थितो राजा प्रसन्नोऽभून्निजान्तरे ॥ २३
ततोऽन्नमवशिष्टं यत्तत्सर्वं श्रद्धयाऽऽदरात् । दत्त्वा तस्मै श्वपतये हरिबुद्ध्या ननाम सः ॥ २४
अथावशिष्टमुदकं तच्चैकपरितर्पणम् । यावत्पिपासति नृपस्तावत्तं पुष्कसोऽभ्यगात् ॥ २५
स नृपं प्राह भो राजन्नपो देह्यशुभाय मे । इति दीनां तस्य वाचं श्रुत्वा राजा तमैक्षत ॥ २६
ततो निसर्गकरुणस्तृषार्तोऽपि नृपोत्तमः । हरिबुद्ध्या जलं तस्मै दास्यन्प्राहामृतं वचः ॥ २७

न कामयेऽहं गतिमीश्वरात्परामष्टर्द्धियुक्तामपुनर्भवं वा ।
आर्तिं प्रपद्येऽखिलदेहभाजामन्तःस्थितो येन भवन्त्यदुःखाः ॥ २८

કરી. રાજાએ તેમના પર પરમેશ્વરની બુદ્ધિ કરી શ્રદ્ધાપૂર્વક પોતાનું અન્ન તે બ્રાહ્મણને આપી દીધું, પછી જ્યારે તે બ્રાહ્મણ તૃપ્ત થઇ રજા લીધી કે તરત જ બીજો કોઇ શૂદ્ર અતિથિ આવ્યો.[૨૦] તે સમયે દયાથી આર્દ્ર હૃદયવાળા રંતિદેવ રાજાએ ફરી હરિ સ્મરણ કરી પત્નીના ભાગનું અન્ન આસ્તિક બુદ્ધિથી શૂદ્ર અતિથીને અપાવી દીધું.[૨૧] તે અતિથિ પણ જ્યાં ભોજન કરીને વિદાય થાય છે ત્યાં અન્ય એક અતિથિ રાજાની સમીપે આવ્યો. કૂતરાંઓને સાથે લઇ ફરતો અને ભૂખના દુઃખની પીડાથી કૃશ થઇ ગયેલો એ અતિથિ રંતિદેવ રાજા પ્રત્યે કહેવા લાગ્યો કે, હે રાજન્ ! આ કૂતરાંઓએ સહિત હું ભૂખ્યો છું. મને અન્ન આપો. આવી રીતે તે અતિથિએ યાચના કરી તે સંભળી રાજા પોતાના અંતરમાં અતિશય પ્રસન્ન થયા અને હવે બાકી રહેલું જે કાંઇ પુત્રના ભાગનું અન્ન હતું તે સર્વ કૂતરાંના માલિક અતિથિને આદર પૂર્વક અર્પણ કરાવ્યું. અને શ્રીહરિની બુદ્ધિ કરી તેમને પ્રણામ કર્યા.[૨૨-૨૪]

હે ભક્તજનો ! હવે રાજા પાસે એક માણસની તૃષા શાંત થાય તેટલું જળ માત્ર રહ્યું છે. તે જળ પીવાની જ્યાં તે ઇચ્છા કરે છે ત્યાં તેમની સમીપે એક ચંડાલ આવીને ઊભો રહ્યો અને રાજાને કહેવા લાગ્યો કે, હે રાજન્ ! મને તૃષા બહુ લાગી છે તો અશુભ એવા મને જળ આપો. આ પ્રમાણે ચંડાલની દીનવાણી સાંભળી દયાળુ રંતિદેવ તેમના તરફ નજર કરી.[૨૫-૨૬] ત્યારે સ્વભાવિક દયાળુ સ્વભાવના તે રંતિદેવ રાજા સ્વયં તૃષાતુર હોવા છતાં ચંડાલ પ્રત્યે પણ ભગવાનપણાની બુદ્ધિ રાખી જળ અર્પણ કરી દીધું. પછી અમૃત સમાન વચનો કહેવા લાગ્યા.[૨૭]

રંતિદેવ રાજા કહે છે, હું ઇશ્વર પાસેથી અણિમાદિ અષ્ટ સિધ્ધિએ સહિત સર્વોત્તમ માયિક ભોગોની ઇચ્છા કે ચતુર્ધા મુક્તિની ઇચ્છા પણ રાખતો નથી.

क्षुत्तृट्श्रमो गात्रपरिश्रमश्च दैन्यं क्लमः शोकविषादमोहाः ।
सर्वे निवृत्ताः कृपणस्य जन्तोर्जिजीविषोर्जीवजलार्पणान्मे ॥ २९
एवं प्रभाष्य पानीयं म्रियमाणः पिपासया । पुष्कसायाददाद्धीरो निसर्गकरुणो नृपः ॥ ३०
ततस्त्रिभुवनाधीशा ब्रह्मविष्णुमहेश्वराः । परोपकारसन्तुष्टा ददुस्तस्मै स्वदर्शनम् ॥ ३१
स तु तेभ्यो नमश्चक्रे निःसङ्गो विगतस्पृहः । अनुरक्तो वासुदेवे न त्वयाचत किञ्चन ॥ ३२
परोपकृतिशीलस्य दयालोस्तस्य भूपतेः । माया गुणमयी भक्ताः ! स्वप्नवत्प्रत्यलीयत ॥ ३३
तत्प्रसङ्गानुभावेन ये वै तस्यानुवर्तिनः । तेऽभवन् योगिनः सर्वे नारायणपरायणाः ॥ ३४
एवम्भूतः स राजर्षिः पुण्यकीर्तिरभूद्भुवि । परोपकृतिधर्मेण विख्यातो दृढभक्तिमान् ॥ ३५
तस्माद्यूयं च भो भक्ताः ! यथाशक्ति निरन्तरम् । स्वयं सोढ्वापि विपदं कुर्यातान्यहितं मुदा ॥ ३६

---

પરંતુ સમસ્ત જીવપ્રાણીમાત્રના અંતરમાં રહી તેમની સાથે એકાત્મભાવ કેળવી તેમનાં સમસ્ત દુઃખો હું ભોગવું અને તે સર્વે સુખી થાય.[૨૮] આ જીવન જીવવા ઈચ્છતા તૃષાતુર ગરીબ ચંડાલને મેં જીવનના હેતુભૂત જળ આપવાનો માત્ર સંકલ્પ કર્યો. એટલામાં જ મારાં ભૂખ અને તરસ નિવૃત્ત થયાં, મારી ઈન્દ્રિયોની શિથિલતા, શરીરનો પરિશ્રમ, દીનતા અને ચિત્તની ગ્લાનિ દૂર થઈ તેમજ મારા શોક, વિષાદ અને મોહ પણ દૂર થઈ ગયા.[૨૯]

હે ભક્તજનો ! આ પ્રમાણે બોલી સ્વભાવસિદ્ધ દયાળુ અને મહાધીરજશાળી રંતિદેવ રાજાએ તૃષાને કારણે મરવા પડેલા ચંડાલ પ્રત્યે ઈશ્વર પણાની બુદ્ધિથી જેવું જળ અર્પણ કર્યું.[૩૦] તેવામાં જ ત્રિભુવનના અધીશ્વરો બ્રહ્મા, વિષ્ણુ અને શિવ રાજાના પરોપકારની પરાકાષ્ઠા જોઈ તત્કાળ તેમને પોતાનું દિવ્ય દર્શન આપ્યું.[૩૧] તે સમયે સંસારમાં અનાસક્ત, નિસ્પૃહી અને ભગવાન શ્રીવાસુદેવને વિષે જ એક અનુરાગવાળા રંતિદેવ રાજાએ ત્રણે દેવોને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને તેમની પાસેથી કાંઈ પણ માગ્યું નહિ.[૩૨]

હે ભક્તજનો ! આવા સ્વભાવથી જ પરોપકારી અને દયાળુ રંતિદેવ રાજાની ત્રિગુણમય અજ્ઞાનરૂપ માયા સ્વપ્નની જેમ ઊડી ગઈ, અને તે રંતિદેવ રાજાના જે અનુયાયીઓ હતા તે સર્વે પણ રાજાના પ્રસંગથી ભક્તિયોગનિષ્ઠ અને ભગવાન નારાયણ-પરાયણ થયા.[૩૩-૩૪] આ પ્રમાણે પુણ્ય કીર્તિવાળા અને દૃઢ ભક્તિવાળા રંતિદેવ રાજા એક પરોપકાર કરવાના ધર્મથી આ પૃથ્વી પર વિખ્યાત થયા.[૩૩-૩૫]

सुव्रत उवाच -

इत्याश्रुत्य प्रभोस्तस्य वचः पीयूषसन्निभम् । सर्वे भक्तजना हृष्टास्तद्गृहीत्वा ववन्दिरे ॥ ३७

स्वं स्वं देशं गन्तुमाज्ञाप्य भक्तान्वर्णिस्वामी स्थानमायात्ततः स्वम् ।
खट्वाङ्गोऽपि प्राप हर्षं महान्तं मेने भक्तः पूर्णकामं ततः स्वम् ॥ ३८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे परोपकारोपदेशे रन्तिदेवाख्याननिरूपणनामैकोनत्रिंशोऽध्यायः ॥ २९ ॥*

---

માટે હે ભક્તજનો ! તમે સર્વે પણ આવતી વિપત્તિઓને સહન કરી નિરંતર પોતાની શક્તિ પ્રમાણે અતિ હર્ષથી અન્યનું હિત થાય તેવા જ પરોપકારના પ્રયત્નો કરતા રહેજો.[૩૬]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિનાં અમૃત સમાન વચનો સાંભળી સર્વે ભક્તજનો ખૂબ જ રાજી થયા અને તેમનાં વચનો મસ્તક ઉપર ધારણ કરી ભગવાન શ્રીહરિને પ્રેમપૂર્વક વંદન કર્યાં.[૩૭] હે રાજન્ ! નૈષ્ઠિક બ્રહ્મચારીઓના સ્વામી ભગવાન શ્રીહરિએ દેશ-દેશાંતરોથી પોતાનાં દર્શન માટે આવેલા સર્વે ભક્તજનોને પોત પોતાના દેશ પ્રત્યે જવાની આજ્ઞા આપી અને સ્વયં શ્રીહરિ પણ તે સભામાંથી ઉઠી પોતાને નિવાસ સ્થાને પધાર્યા. આ રીતે ખટ્વાંગ રાજર્ષિ પણ ભગવાન શ્રીહરિ પોતાને ઘેર આટલો સમય નિવાસ કરીને રહ્યા તેથી ખૂબજ રાજી થયા અને પ્રગટ ભગવાનની સેવા મળવાથી પોતાના મનુષ્ય જન્મને પૂર્ણકામ માનવા લાગ્યા.[૩૮]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ભક્તજનોને પરોપકારનો ઉપદેશ કરતાં ભગવાન શ્રીહરિએ રંતિદેવ રાજાનું આખ્યાન સંભળાવ્યું એ નામે ઓગણત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૨૯***

---

त्रिंशोऽध्यायः ॥ ३० ॥

सुव्रत उवाच -

भक्तकल्पद्रुमं कृष्णं तं सुखासीनमेकदा । प्रणम्याभयभूपालः प्रोवाच प्राञ्जलिर्नृप ! ॥ १

अभय उवाच -

प्रतिज्ञातस्त्वया कालो दुर्गपुर्यागमाय यः । भगवन्वर्तते सोऽद्य विधेह्यस्मास्वतः कृपाम् ॥ २

सुव्रत उवाच -

सत्यप्रतिश्रुतः स्वामी श्रुत्वेति नृपतेर्वचः । सज्जो भवाद्यैव यामस्त्वत्पुरं हीत्युवाच तम् ॥ ३
माघमासस्य शुक्लायां दशम्यां रजनौ हरिः । साकमृष्यादिभिर्ग्रामान्निर्ययौ साभयस्ततः ॥ ४
खट्वाङ्गस्तु सहैवागादुपशल्यावधीतरे । ग्राम्या अनुव्रज्य हरिं न्यवर्तन्त तदाज्ञया ॥ ५
एकादश्यां प्रातरसौ प्राविशद्दुर्गपत्तनम् । अभियातो गालवेन नानावादित्रनिःस्वनैः ॥ ६

---

## અધ્યાય – ૩૦

## દુર્ગપુર પધારવા અભય રાજાની પ્રાર્થના અને શ્રીહરિનું ગઢપુરમાં આગમન .

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ખટ્વાંગરાજાના દરબારમાં એકવખત સુખપૂર્વક વિરાજમાન અને ભક્તજનોને માટે કલ્પવૃક્ષ સમાન ભગવાન શ્રીહરિકૃષ્ણને પ્રણામ કરી દુર્ગપુરપતિ અભયરાજા બન્ને હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા.[1] અભયરાજા કહે છે, હે ભગવન્ ! તમે દુર્ગપુર પધારવા જે સમયની પ્રતિજ્ઞા કરી હતી તે સમય તો આવી ગયો છે. તેથી અમારા ઉપર કૃપા કરો અને હવે અમારા ગઢપુર પ્રત્યે પધારો.[2]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે અભયનૃપતિનું વચન સાંભળી સત્યપ્રતિજ્ઞાવાળા ભગવાન શ્રી સહજાનંદ સ્વામી તેમને કહેવા લાગ્યા કે, હે નૃપ ! તમે સૌ તૈયાર થાઓ, આજે જ તમારા પુર પ્રત્યે પ્રયાણ કરવાનું છે.[3] એમ કહીને ભગવાન શ્રીહરિ મહાસુદ દશમીની રાત્રીએ જ સંતમંડળ તથા પરિવારે સહિત અભયરાજાને સાથે લઈને કારિયાણી ગામથી રવાના થયા.[4] તે સમયે ખટ્વાંગ રાજા પણ ભગવાન શ્રીહરિની સાથે ચાલ્યા. અને અન્ય ગામવાસી જનો ભગવાન શ્રીહરિને વળાવવાને માટે પાછળ પાછળ ગામની ભાગોળ સુધી આવી શ્રીહરિની આજ્ઞાથી તેઓ પાછાં વળ્યાં.[5]

હે રાજન્ ! બીજે દિવસે વહેલી સવારે પ્રાતઃકાળે સંવત ૧૮૬૧ ના

स्वदुर्गेऽथाभयो गेहे तदर्थं ह्येव कल्पिते । न्यवासयद्धरिं चान्यान्यथार्हं सोऽन्यवेश्मसु ॥ ७
आत्मना सह सर्वस्वं तदैव हरये मुदा । त्वदीयमेतत्सर्वं हीत्येवं राजा न्यवेदयत् ॥ ८
अनन्यभावेन ततो दासवत्सात्मजोऽन्वहम् । तस्यावर्तत सेवायां सानुगस्य यथोचितम् ॥ ९
तथाऽकरोत्तस्य सेवां सानुगस्य नृपो यथा । स ह्यागन्तुकतां हित्वा मेने स्वं तत्पुराधिपम् ॥ १०
तेनान्नतोयवासाद्यैः सन्तोऽपि सेवितास्तथा । यथाऽन्यैः प्राक् कृतां सेवां गुर्वीं वा ते विसस्मरुः ११
गोपीभट्टो बर्हिचरो लालजिद्भगवांस्तथा । रामचन्द्रश्च कृष्णाद्या विप्रास्तत्सेवनं व्यधुः ॥ १२
नाथोऽलयश्च राष्ट्रोढो नाङ्गमालादयश्च तम् । क्षत्रियप्रवरा भक्त्या नित्यदैव सिषेविरे ॥ १३

---

માઘસુદ એકાદશીને દિવસે ગઢપુરના પાદરમાં અભયરાજાના ગાલવ નામના સાળાએ વિવિધ પ્રકારનાં વાજિંત્રોનો ધ્વનિ કરતા કરતા સન્મુખ પધારીને ભગવાન શ્રીહરિનું સ્વાગત કર્યું.[૬] પછી ગાજતે વાજતે શ્રીહરિએ ગઢપુરમાં પ્રવેશ કર્યો, અભયરાજાએ પોતાના રાજદરબારમાં જ ભગવાન શ્રીહરિને અર્થે અલગ એક ભવનનું નિર્માણ કરાવેલ તેમાં તેમનો નિવાસ કરાવ્યો. અને શ્રીહરિની સાથે પધારેલા અન્ય સંતો-ભક્તોનો બીજા હરિભક્તોના ભવનમાં નિવાસ કરાવ્યો.[૭]

**અભયપરિવારનું અપૂર્વ આત્મનિવેદન :–** ત્યારે અભય રાજાએ પરિવારે સહિત આત્મનિવેદન કરતાં કહ્યું કે, હે શ્રીહરિ ! મારા પરિવારે સહિત હું, આ મારું શરીર, રાજ્યકોશ, રાજદરબાર આદિ સર્વે સંપત્તિ આજથી તમારી છે. આ પ્રમાણે કહીને અતિ હર્ષપૂર્વક સર્વોત્તમ પાત્રભૂત એવા ભગવાન શ્રીહરિના ચરણમાં સર્વસ્વનું સમર્પણ કરી દીધું.[૮] ત્યારપછી પોતાના પુત્ર આદિ પરિવારે સહિત અભયરાજા વેતન વિનાના ચાકરની જેમ સંતો, બ્રહ્મચારી અને ભક્તોની સાથે ભગવાન શ્રીહરિની અનન્ય ભાવથી પ્રતિદિન યથાયોગ્ય સેવા કરવા લાગ્યા.[૯]

હે રાજન્ ! પુત્ર આદિ પરિવારે સહિત અભયરાજાએ ભગવાન શ્રીહરિની એવી સેવા કરી કે તેના પ્રભાવથી શ્રીહરિ પોતે એક મહેમાન છે. એવું ભૂલીને પોતેજ દુર્ગપુરના ધણી છે એમ માનવા લાગ્યા.[૧૦] તેવી જ રીતે અભયરાજા અન્ન, જળ અને વસ્ત્રોવડે સાધુની પણ એવી જ સેવા પરિચર્યા કરી કે પૂર્વે બીજા ભક્તજનોએ કરેલી મોટી મોટી સેવાને પણ વિસરી ગયા.[૧૧]

હે રાજન્ ! તે ગઢપુરમાં ગોપીભટ્ટ, બેચર, લાલજી, ભગવાનજી, રામચંદ્ર, કૃષ્ણજી આદિ વિપ્ર ભક્તજનો હતા તે પણ શ્રીહરિની દાસભાવે સેવા કરવા લાગ્યા.[૧૨] તેમજ નાંજા જોગીયા, અલૈયાખાચર, રાઠોડ, નાગમાલો આદિ ક્ષત્રિય

मालजित्कृष्णजिच्चाम्ब उत्करो हरजित्तथा । रामो योधादयो वैश्या अप्यसेवन्त तं मुदा ॥ १४
रमाऽमर्यमला क्षेमा देवी स्वर्णा यमी रतिः । फुल्ला दिव्या च रामाद्याः स्त्रियः पर्यचरंश्च तम् ॥ १५
पुष्पदोलोत्सवं तत्र करिष्यन् भगवानथ । भक्तान्देशान्तरेभ्योऽपि राज्ञो दूतैरजूहवत् ॥ १६
राजाप्यभारयद्रङ्गैर्मन्थनीकृत्रिमह्रदान् । अकारयद्गुलालस्य राशींश्च महतो नृप ! ॥ १७
होलाद्वितीयदिवसे नक्षत्रेऽर्यमदैवते । अबन्धयत्पुष्पदोलां हरिर्भक्तैः सुशोभनाम् ॥ १८
श्रीकृष्णप्रतिमां तत्र निधायाभ्यर्च्य वर्णिराट् । स्वयमान्दोलयामास दोलापद्यानि गापयन् ॥ १९
वीणातालमृदङ्गाद्यैः साधवो गायकास्तदा । होलाक्रीडनपद्यानि कृष्णस्य जगुरादरात् ॥ २०
क्रीडति स्म ततो भक्तैः साकं कृष्णाग्रतो हरिः । गुलालरङ्गप्रक्षेपैर्भक्ताश्चान्योन्यमुत्सुकाः ॥ २१

---

ભક્તો હતા તે પણ અત્યંત ભક્તિભાવપૂર્વક નિરંતર ભગવાન શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૧૩] તેમજ માલજી, કૃષ્ણજી, આંબો, ઉકો, હરજી, રામજી અને યોધો આદિ વૈશ્ય હરિભક્તો હતા તે પણ અતિ હર્ષથી શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૧૪] સ્ત્રીભક્તોમાં રમા, અમરી, અમુલા, ક્ષેમા, દેવી, સ્વર્ણા, રતિ, ફુલ્લી અને દિવ્યા આદિ અનેક સ્ત્રીઓ પણ ભગવાન શ્રીહરિની પ્રેમથી સેવા કરવા લાગ્યાં.[૧૫]

**પુષ્પદોલોત્સવની ભવ્ય ઉજવણી :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિ ગઢપુરમાં પુષ્પદોલોત્સવ ઉજવવાના હોઇ અભયરાજાએ દેશદેશાંતરમાં સંદેશવાહક દૂતો મોકલી સર્વે ભક્તજનોને ગઢપુર પધારવા નિમંત્રણ મોકલ્યું.[૧૬] અહીં શ્રીહરિના આદેશથી અભયરાજાએ ગાગરો, કળશો, તથા મોટા હોજ રંગથી ભરાવ્યા અને ગુલાલના મોટા મોટા ઢગલા તૈયાર કરાવ્યા.[૧૭] ભગવાન શ્રીહરિએ હોળીના બીજા દિવસે અર્યમાદેવતાના ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં હરિભક્તોદ્વારા અતિશય શોભાયમાન પુષ્પોનો હિંડોળો તૈયાર કરીને બંધાવ્યો.[૧૮] તે પુષ્પદોલમાં વર્ણિરાટ્ ભગવાન શ્રીહરિએ ભગવાન શ્રીબાલમુકુન્દને પધરાવ્યા અને વિધિપૂર્વક તેમનું પૂજન કર્યું. ત્યારપછી સંતો ભક્તોને પુષ્પદોલોત્સવનાં પદોનું ગાન કરવા કહ્યું અને સ્વયં શ્રીહરિ બાલમુકુન્દને ઝુલાવવા લાગ્યા.[૧૯]

હે રાજન્ ! તે સમયે ગાયકવૃંદમાં મુક્તાનંદાદિ સંતોએ વીણા, તાલ, મૃદંગ આદિ વાજિંત્રોના ધ્વનિની સાથે ભગવાનનાં હોળી ખેલવાનાં પદોનું ઘણીવાર સુધી ગાયન કર્યું.[૨૦] પછી ભગવાન શ્રીહરિ બાલમુકુન્દ ભગવાનની આગળ જ ભક્તજનોની સાથે ગુલાલ અને રંગની ઝડીઓ વરસાવતા ખેલવા લાગ્યા. અને

एकतः सधवा योषाश्चिक्रीडुश्च परस्परम् । कृष्णबालचरित्राणि गायन्त्यो जनमङ्गलम् ॥ २२
यथा रङ्गो गुलालं च न स्पृशेत्स्वं तथाऽधवाः । योषितो दूरतः स्थित्वा पश्यन्ति स्म हरिं नृप ! । २३
कृष्णप्रसादिनं रङ्गं रेचकैर्हरिणा मुदा । क्षिप्यमाणं गुलालं च जना जगृहुरादरात् ॥ २४
मध्याह्नावधि संक्रीड्य ततो भक्तजनैः सह । सस्नावुन्मत्तगङ्गायां निर्मलाम्भसि धर्मजः ॥ २५
ततो निवेद्य कृष्णाय महानैवेद्यमुत्तमम् । महानीराजनं चक्रे स्थापयामास तं ततः ॥ २६
चतुर्विधैश्च सुरसैरन्नैर्भक्तान्स सर्वशः । यथेष्टं भोजयित्वैव बुभुजे स्वयमीश्वरः ॥ २७
अपराह्णे सभां तत्र कारयामास शोभनाम् । न्यषीदत्तन्मध्यपीठे स जनास्तं च सर्वतः ॥ २८
त्यागिनो गृहिणश्चैव सधवा विधवाः स्त्रियः । भक्ता यथोचितं तत्र निषेदुस्तद्गतेक्षणाः ॥ २९
तानथानन्दयन्स्वामी प्रोवाच मधुरं वचः । सर्वेषामप्यसुभृतां हितकृच्छास्त्रसम्मतम् ॥ ३०

---

ઉત્સાહી ભક્તજનો પણ પરસ્પર પણ રંગ રમવા લાગ્યા.[૨૦-૨૧]

હે રાજન્ ! એકબાજુની જગ્યાએ સધવા નારીઓ પણ ભગવાનના મંગલમય બાલચરિત્રોનું ગાયન કરતી કરતી પરસ્પર રંગ રમવા લાગી અને વિધવા નારીઓ હતી તે જે રીતે રંગ કે ગુલાલનો પોતાને સ્પર્શ ન થાય એ રીતે દૂર ઊભા રહીને ભક્તજનોની સાથે રંગ રમતા ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા લાગી.[૨૨-૨૩] હે રાજન્ ! ભગવાન શ્રીહરિ અતિ મોજમાં આવી સુવર્ણની પિચકારીથી ભક્તજનોપર રંગનો છટકાવ કરતા હતા અને મુઠીઓ ભરી ગુલાલ ઉડાડતા હતા. તેને ભક્તજનો અતિ આદરથી ગ્રહણ કરી આનંદ માણતા હતા.[૨૪] આ રીતે ભગવાન શ્રીહરિ ભક્તજનોની સાથે મધ્યાહ્ન સમય સુધી રંગક્રીડા કરી. પછી સૌની સાથે ઉન્મત્તગંગાનાં નિર્મળ જળમાં સ્નાન કર્યું.[૨૫] ત્યારપછી ભગવાન શ્રીહરિએ પોતાની પૂજાની મૂર્તિ એવા બાલમુકુન્દ ભગવાનને ઉત્તમ પ્રકારનું મહા નૈવેદ્યનું નિવેદન કર્યું અને મહા આરતી કરી તેમને શયન કરાવ્યું.[૨૬]

હે રાજન્ ! પછી પરમેશ્વર ભગવાન શ્રીહરિ ચાર પ્રકારના અતિ સ્વાદુ મિષ્ટાન્ન આદિ ભોજન વડે સમસ્ત સંતો ભક્તોને ઇચ્છાનુસાર તૃપ્ત કરીને સ્વયં શ્રીહરિએ ભોજન સ્વીકાર્યું.[૨૭] અને પછી તેજ દિવસે બપોરપછી ચોથા પહોરમાં અતિશય રમણીય સભાનું આયોજન કર્યું. તે સભાની મધ્યે સ્થાપન કરેલા રત્નના સિંહાસન ઉપર સ્વયં શ્રીહરિ વિરાજમાન થયા અને સંતો ભક્તો શ્રીહરિને ફરતે ચારે તરફ વીંટળાઈને બેઠા.[૨૮]

હે ભગવાન ! ભગવાન શ્રીહરિના મુખારવિંદ ઉપર જ એક દૃષ્ટિ રાખી

श्रीभगवानुवाच -

शृण्वन्तु सर्वेऽप्यव्यग्राः श्रेयोहेतुं वदामि वः । सतां समागमो नित्यं कर्तव्यः सर्वथा जनाः ! ॥ ३१
ये ये मुक्ताः पुराप्यासन्निह संसृतिबन्धनात् । सत्सङ्गेनैव ते ते तु ज्ञातव्यमिति निश्चितम् ॥ ३२
कृष्णमाहात्म्यमतुलं यत्तत्सद्भ्योऽवगम्यते । उदेति भक्तिश्च ततो भवबन्धविमोचनी ॥ ३३
अज्ञानतमसान्धेभ्यः सन्तो ददति वै दृशः । धर्माधर्मस्वरूपं च तेभ्य एवावबुद्ध्यते ॥ ३४
वेदशास्त्रपुराणानां दुर्बोधानां विदामपि । सिद्धान्तं सन्त एवात्र सुष्ठु जानन्ति नेतरे ॥ ३५
कामादियाद आत्तानां मज्जतां भववारिधौ । नृणामुद्धरणे शक्ताः सन्त एव भवन्ति हि ॥ ३६
अधर्मिकृष्णनागोपदेशोग्रगरलाग्निना । नराणां म्रियमाणानां सन्तो जाङ्गुलिका ननु ॥ ३७

---

સર્વે ત્યાગી એવા સંતો તથા બ્રહ્મચારીઓ તથા ગૃહસ્થ ભક્તજનો તથા સધવા અને વિધવા નારીઓ પોતપોતાને ઉચિત યથાયોગ્ય સ્થાને સભામાં બેઠાં.[૨૯] ત્યારે તે સર્વે ભક્તજનોને આનંદ ઉપજાવતા ભગવાન શ્રીસહજાનંદ સ્વામી સર્વ જીવ-પ્રાણી માત્રનું મંગલ કરનારી શાસ્ત્રસંમત મધુરવાણીથી કહેવા લાગ્યા.[૩૦]

**સંતસમાગમનો મહિમા :–** ભગવાન શ્રીહરિ કહે છે, હે ભક્તજનો ! તમે સર્વે સાવધાન થઈને મારાં વચનો સાંભળો. હું તમારા આત્યંતિક કલ્યાણને કરનારું ઉત્તમ સાધન બતાવું છું. તમારે સર્વેએ નિત્યે કાયા, મન અને વાણીથી સંતોનો સમાગમ કરવો.[૩૧] અને આથી પૂર્વે જે જે જનો આલોકના બંધનમાંથી મુક્ત થયા છે તે સર્વે સંતોનો સમાગમ કરીને જ થયા છે. એમ તમે નક્કી જાણો.[૩૨] કારણ કે ભગવાન શ્રીકૃષ્ણનો અનુપમ મહિમા પૂર્ણપણે સંતોના સમાગમથી જ મુમુક્ષુજનો જાણી શકે છે. તે મહિમા જાણ્યા પછી જ તેનામાં ભવબંધનમાંથી મુકાવનારી ભગવાનની નવ પ્રકારની ભક્તિ ઉત્પન્ન થાય છે.[૩૩]

હે ભક્તજનો ! અનાદિના અજ્ઞાનથી જેનાં જ્ઞાનચક્ષુઓ બંધ છે એવા જનોને માત્ર સંતો જ જ્ઞાનચક્ષુઓ આપી શકે છે. ધર્મ શું છે ? અને અધર્મ શું છે ? તેનું યથાર્થ જ્ઞાન પણ સંત થકી જ પ્રાપ્ત થાય છે.[૩૪] વિદ્વાન પુરુષો થકી પણ ન સમજી શકાય તેવા વેદ, શાસ્ત્ર અને પુરાણના હાર્દો માત્ર સંત પુરુષો થકી જ રૂડી રીતે સમજી શકાય છે. સંતો સિવાય વિદ્વાનજનો પણ શાસ્ત્રના રહસ્યને જાણી શકતા નથી.[૩૫] સંસાર સમુદ્રમાં ડૂબકાં ખાતા અને કામ, ક્રોધાદિ મોટા મગરમચ્છોની પકડમાં આવી ગયેલા જનોનો ઉદ્ધાર માત્ર સંતો જ કરી શકે છે. એ નક્કી વાત છે.[૩૬]

सद्भ्यो यथावद्विज्ञानमात्मकृष्णस्वरूपयोः । भवेत्तेऽप्यत्र विज्ञेया लक्षणैः शास्त्रसम्मतैः ॥ ३८
जितकामा जितक्रोधा जितलोभा जितेन्द्रियाः । निर्मत्सराश्च निर्माना निःस्वादा जननिःस्पृहाः ३९
निर्ममा निरहङ्कारा अहिंसाधर्मसंस्थिताः । यथोक्तब्रह्मचर्यस्थाः सत्यवाचो दयालवः ॥ ४०
कृष्णेऽनुरक्ता नितरां विरक्ता विषयेषु च । आत्मना ब्रह्मरूपेण कृष्णोपासनतत्पराः ॥ ४१
इत्यादिलक्षणोपेताः सन्तो ज्ञेया मुमुक्षुभिः । तेषां समागमः कार्यो हृदि धार्याश्च तद्गिरः ॥ ४२
सन्त एव हि जीवानां सर्वथा हितकारिणः । सन्तीति तेषां विश्वासः कर्तव्यः कृष्णचेतसाम् ॥ ४३
मान्याः पूज्या भोजनीयाः सेवनीया यथोचितम् । साधवः कृष्णहृदयं तेभ्योऽन्यन्नास्ति वै महत् ॥ ४४

---

હે ભક્તજનો ! અધર્મ અને આસુરી ગુરુઓ રૂપી કાળાનાગના મુખમાંથી નીકળતા વિપરીત જ્ઞાનના ઉપદેશરૂપી હળાહળ ઝેરનું પાન કરવાથી મરણને શરણ થઈ ગયેલા મનુષ્યોનાં ઝેરને સાચું જ્ઞાન આપીને ઉતારનારા એક સત્પુરુષો જ સાચા વિષવૈદ્યો છે.[૩૭] તેવી જ રીતે હે ભક્તજનો ! આત્મા અને પરમાત્માના સ્વરૂપનું યથાર્થ વિજ્ઞાન પણ માત્ર સંતોના સમાગમથી જ સમજાય છે. માટે તેવા સંતોને શાસ્ત્ર સંમત લક્ષણોથી જાણી રાખવા.[૩૮]

**સંતસમાગમ કરવા યોગ્ય સંતનાં લક્ષણ :–** હે ભક્તજનો ! સમાગમ કરવા યોગ્ય સંતોનાં લક્ષણો તમને કહું છું. જેણે કામ અને ક્રોધ ઉપર વિજય મેળવ્યો હોય, ઇંદ્રિયોને જીતીને પોતાને વશ રાખી હોય, મત્સર રહિત હોય, નિર્માની અને નિઃસ્વાદી હોય, લોકો પાસેથી જેને કોઈ જાતની સ્પૃહા ન હોય, મમતા અને અહંકારે રહિત હોય, મન, કર્મ, વચને અહિંસા ધર્મનું યથાર્થ પાલન કરતા હોય, યથાશાસ્ત્ર બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતા હોય, સત્ય અને મીઠી વાણી બોલતા હોય, સ્વભાવે દયાળુ હોય, ભગવાન શ્રીકૃષ્ણને વિષે ગાઢ અનુરાગવાળા હોય, માયિક શબ્દાદિ પંચ વિષયોના ભોગમાં વિરક્ત હોય અને પોતાના આત્માને વિષે બ્રહ્મરૂપની ભાવના કરી પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણની ઉપાસના કરવામાં જ એક આસક્ત હોય.[૩૯-૪૦] હે ભક્તજનો ! આવાં પ્રકારનાં લક્ષણોથી યુક્ત સંતોને મુમુક્ષુઓએ બરાબર ઓળખવા અને પછીથી જ તેનો નિરંતર સમાગમ કરવો. તેનાં અમૃત સમાન વચનો પોતાના હૃદયમાં ધારણ કરવાં અને પછી સંતો જેમ કહે તે પ્રમાણે સદાય વર્તન કરવું.[૪૨]

હે ભક્તજનો ! આવા પ્રકારનાં લક્ષણોથી સંપન્ન સંતો જ જીવપ્રાણીમાત્રનું

सुव्रत उवाच -

इति भगवता प्रोक्तां वाणीं निशम्य हितावहां सद उपगता भक्ताः सर्वे दधुः शिरसा नृप !
निजनिजपुरं गन्तुं सर्वानथाऽऽदिशदीशिता नृपतिरभयः प्रोवाचेदं तदा हरिमुत्थितः ॥ ४५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे दुर्गपुरे पुष्पदोलोत्सवे सत्सङ्गप्रशंसननामा त्रिंशोऽध्यायः ॥ ३० ॥*

---

સર્વ પ્રકારે હિત કરે છે. તેથી ભગવાનના સ્વરૂપમાં આસક્ત મનવાળા સંતોને વિષે જ મુમુક્ષુઓએ પૂર્ણ વિશ્વાસ કરવો.[૪૩] તેઓને માનવા, પૂજવા, જમાડવા અને યથાયોગ્ય સેવા કરવી. કારણ કે, આવા સંતો છે તે જ ભગવાન શ્રીકૃષ્ણનું હૃદય છે. હવે તેના થકી આ જગતમાં કાંઇ અધિક છે નહિ. મોટામાં મોટી પ્રાપ્તિ સંત સમાગમ છે.[૪૪]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિની સર્વ જીવપ્રાણીમાત્રનું હિત કરનારી વાણી સાંભળીને સભામાં ઉપસ્થિત સર્વે ભક્તજનોએ તે શ્રીહરિનાં વચનોને પોતાનાં મસ્તક નમાવી ધારણ કર્યાં. ત્યારપછી સર્વેશ્વર ભગવાન શ્રીહરિએ સર્વે ભક્તજનોને પોતપોતાના પુર પ્રત્યે જવાનો આદેશ આપ્યો. તે સમયે અભયરાજા પોતાનાં આસન ઉપરથી ઊભા થયા અને ભગવાન શ્રીહરિને પ્રણામ કરીને કહેવા લાગ્યા.[૪૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં શ્રીહરિ દુર્ગપુર પધાર્યા અને ત્યાં પુષ્પદોલોત્સવની સત્સંગ સભામાં સંતોના સમાગમની પ્રશંસા કરી એ નામે ત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૦--***

---

## अथ एकत्रिंशोऽध्यायः - ३१

अभय उवाच–

साधूनेतान्वर्णिनश्च चातुर्मास्यावधि प्रभो ! । इहैव रक्ष शुश्रूषां कर्तास्म्येषां स्वशक्तितः ॥ १
मुनिमण्डलमध्यस्थं त्वां दिदृक्षामि नित्यदा । अतः सहैव मुनिभिस्त्वमत्र स्थातुमर्हसि ॥ २
तवैवानन्यभक्तोऽस्मि त्वं चासि भक्तवत्सलः । अतो मत्प्रार्थितं ह्येतत्कृपया दातुमर्हसि ॥ ३

सुव्रत उवाच -

एवं सम्प्रार्थितो राज्ञा तेनासौ शुद्धभावतः । भावगम्यः प्रशंसंस्तं प्रोवाच मधुरं वचः ॥ ४

श्रीभगवानुवाच -

राजंस्त्वदाशयं शुद्धं यथावद्वेद्मि धार्मिक ! । मनोरथोऽयं सफलो भविष्यति तव ध्रुवम् ॥ ५
स्थास्याम्यत्रर्षिभिः साकमूर्जैकादशिकावधि । इत्युक्त्वा तं ततो भक्तान्सर्वान्प्रति जगाद सः ॥ ६

---

## અધ્યાય - ૩૧

### અભયરાજાની પ્રાર્થનાથી સંતમંડળે સહિત શ્રીહરિએ પ્રબોધની સુધી રોકાવાનો નિર્ણય કર્યો.

અભયરાજા કહે છે, હે પ્રભુ ! આ સર્વે સંતો તથા બ્રહ્મચારીઓને ચાતુર્માસ પર્યંત અહીં દુર્ગપુરમાંજ રોકાવાનો આદેશ આપો. હું મારી શક્તિ પ્રમાણે તેઓની ખૂબજ સેવા કરીશ.[1] હે શ્રીહરિ ! મુનિઓના મંડળને મધ્યે સિંહાસન પર વિરાજીત હરહંમેશ આપનાં દર્શન કરવાની મારી અભિલાષા છે. એથી તમો મુનિમંડળે સહિત અહીં નિવાસ કરીને રહો.[2] હું તમારો અનન્ય ભક્ત છું. તમે ભક્તવત્સલ ભગવાન છો. તેથી કૃપા કરીને મારી પ્રાર્થનાનો આપ સ્વીકાર કરો.[3]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે વિશુદ્ધભાવથી અભયરાજાએ પ્રાર્થના કરી તેથી વિશુદ્ધભાવનાના ભૂખ્યા ભગવાન શ્રીહરિ અભયરાજાની પ્રશંસા કરવા લાગ્યા અને મધુર વચનો કહેવા લાગ્યા.[4] ભગવાન શ્રીહરિ કહે છે, હે ધર્મનિષ્ઠ રાજન્ ! હું તમારા અંતરના નિર્મળ ભાવને યથાર્થ સમજુ છું. તેથી તમારો મનોરથ નક્કી સફળ થશે.[5] હે ભૂપતિ ! કાર્તિક સુદિ એકાદશી સુધી સંતમંડળે સહિત હું તમારા રાજભવનમાં નિવાસ કરીને રહીશ. આ પ્રમાણે કહી શ્રીહરિ હરિભક્તો પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! સંતો સિવાયના ભક્તજનો આવતી કાલે પ્રાતઃકાળે સૌ પોતપોતાના દેશ પ્રત્યે જવાનું પ્રયાણ કરજો અને સંતો તથા

ऋषिवर्जं स्वस्वदेशान् यान्तु सर्वे जनाः प्रगे । वसन्तु स्वस्थमेवात्र मुनयो नृपमन्दिरे ॥ ७
इत्युक्त्वा प्रशशंसास्य राज्ञो भक्तिं च भूयसीम् । धर्मस्थितिं च वैराग्यं श्रद्धां ज्ञानं सदादरम् ॥ ८
राज्ञः पुत्रस्य पुत्रीणां भार्ययोश्चात्मनि स्थिराम् । भक्तिं च धर्मस्थित्यादीन् गुणान् हरिरवर्णयत् ॥ ९
ततः सहर्षिभिरसौ तत्रोवास सुखं पुरे । देशान्तरागता भक्ताः स्वं स्वं स्थानं ययुर्नृप ! ॥ १०
सखिभावं भगवति सम्प्राप्ता मुनयोऽखिलाः । तद्विक्षणादिनाऽऽनन्दं प्रत्यहं लेभिरेऽधिकम् ॥ ११
जयाललितयोर्भक्तिस्तस्मिन्सर्वातिशायिनी । आसीदनन्यमनसोः सर्वदा शुद्धभावयोः ॥ १२
सपुत्रो नृपतिर्नित्यं दिवा निशि च सादरम् । प्रीत्याऽनुवर्तमानस्तं सिषेवे समुनिं हरिम् ॥ १३
मधुशुक्लनवम्यां तं तज्जन्मदिनविन्नृपः । पुपूज परमप्रेम्णा निजसम्बन्धिभिः सह ॥ १४

---

બ્રહ્મચારીઓ અહીં રાજદરબારમાં જ સુખેથી નિવાસ કરીને રહે.[૬-૭]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ આ પ્રમાણે સંતો અને ભક્તોને આજ્ઞા આપી, અભયરાજાની પ્રશંસા કરી. તેમાં અભયરાજાના નવધા ભક્તિ કરવામાં અને ધર્મપાલનમાં અડગ નિષ્ઠાની તથા વૈરાગ્ય, શ્રદ્ધા, જ્ઞાન અને સંતોની સેવા કરવામાં અતિશય આદર ભાવ આદિ અનેક સદ્‌ગુણોની પ્રસંશા કરી.[૮] તેમજ રાજાના પુત્ર ઉત્તમની, પુત્રીઓ જયા આદિની તથા સુરપ્રભા અને સોમાદેવી બે પત્નીઓની પણ પોતાના સ્વરૂપમાં નિશ્ચળ ભક્તિ, સ્વધર્મમાં નિષ્ઠા, વૈરાગ્ય આદિ અનેક સદ્‌ગુણોનું વર્ણન કરી સભામાં પ્રશંસા કરી.[૯]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યારપછી ભગવાન શ્રીહરિ સંતો વર્ણીઓની સાથે દુર્ગપુરમાં સુખપૂર્વક નિવાસ કરીને રહ્યા, અને દેશદેશાંતરમાંથી આવેલા ભક્તજનો પોતપોતાના દેશ, ગામ, પુર પ્રત્યે ગયા.[૧૦] ભગવાન શ્રીહરિમાં દુર્વાસામુનિના બદરિકાશ્રમમાં થયેલા શાપને કારણે સખાભાવને પામેલા સમગ્ર સંતો તેમનાં નિરંતર દર્શન, સ્પર્શ, વાર્તાલાપ આદિથી બહુજ આનંદ પામવા લાગ્યા.[૧૧] તેવી જ રીતે ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં અનન્ય મનથી અને વિશુદ્ધ ભાવથી નિરંતર જોડાયેલા તથા નિષ્કામાદિ સ્વધર્મમાં દઢ નિષ્ઠાવાળાં જયાબા અને લલિતાબાના અંતરમાં અભય આદિ સર્વ કરતાં અધિક ભક્તિભાવ છલકાવા લાગ્યો.[૧૨] પુત્ર પરિવારે સહિત અભયરાજા રાત્રિ દિવસ આદર અને પ્રીતિએ સહિત નિરંતર અનુવૃત્તિમાં રહીને સંતોનાં મંડળે સહિત પોતાના ભવનમાં નિવાસ કરીને રહેલા ભગવાન શ્રીહરિની નિરંતર સેવા કરવા લાગ્યા.[૧૩]

नूत्नैरनर्घ्यैर्वसनैर्नानाविधविभूषणैः । वरकेसरमिश्रेण चन्दनेन सुगन्धिना ॥ १५
शेखरैरवतंसैश्च पौष्पैर्हारैः सुगन्धिभिः । पुपूज हेममुद्राभिर्महानीराजनेन च ॥ १६
ततः प्रणम्य साष्टाङ्गं बद्धाञ्जलिपुटः प्रभुम् । तस्थौ निरीक्षमाणोऽसौ तथा तस्य सुतादयः ॥ १७
ऋषिमण्डलमध्यस्थं वर्णिवेषधरं हरिम् । पश्यंस्तं सहसा ज्योतिर्दिशो व्याप्नुवदैक्षत ॥ १८
ब्रह्मसंज्ञे तत्र धाम्नि दिव्ये वृन्दावने वने । रासमण्डलमध्ये तं क्रीडन्तं कृष्णमैक्षत ॥ १९
निनादयन्तं मुरलीं किशोरं श्यामसुन्दरम् । मयूरबर्हमुकुटं राधावक्त्रेन्दुलोचनम् ॥ २०
शृङ्गारिकद्रव्यकरैर्गोपीवृन्दैश्च सर्वतः । कटाक्षैर्वीक्षमाणास्यं कोटिमन्मथमोहनम् ॥ २१

---

હે રાજન્ ! ભગવાન શ્રીહરિના પ્રાગટ્ય દિવસને જાણતા અભયરાજા પોતાના પરિવારે સહિત સંવત્ ૧૮૬૧ ના ચૈત્ર સુદ નવમી તિથિના રોજે અતિશય સ્નેહપૂર્વક મહામૂલ્યવાન નૂતન વસ્ત્રો, અનેક પ્રકારનાં આભૂષણો, સુંદર કુંકુમ અને કેસર મિશ્રિત સુગંધીમાન ચંદન, પુષ્પોના હાર, તોરા અને ગુચ્છ તથા સુવર્ણમુદ્રા અને મહાઆરતી વગેરે મોટા રાજોપચારોથી ભગવાન શ્રીહરિની પૂજા કરી.[૧૪-૧૬] ત્યારપછી અભયરાજા શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને બન્ને હાથ જોડી તેમના સ્વરૂપને નિરખતાં સ્થિર ઊભા રહ્યા. તેવીજ રીતે પુત્ર, પુત્રીઓ આદિ પરિવાર પણ ભગવાન શ્રીહરિનાં સ્વરૂપનાં દર્શન કરતાં કરતાં સ્થિર ઊભો રહ્યો.[૧૭]

**અભયપરિવારને થયેલું સમાધિવિના અલૌકિક દિવ્યદર્શન :–** હે રાજન્ ! સંતમંડળની મધ્યે સિંહાસન પર વિરાજમાન બ્રહ્મચારીના વેષમાં શોભી રહેલા ભગવાન શ્રીહરિનાં દર્શન કરતાં અભયરાજાને દશે દિશામાં પ્રસરતાં મહાતેજ પૂંજનાં દર્શન થયાં.[૧૮] પછી અક્ષરબ્રહ્મધામરૂપ તે તેજને વિષે દિવ્ય વૃંદાવનમાં રાસમંડળની મધ્યે રાસરમણ કરી રહેલા શ્રીકૃષ્ણના સ્વરૂપનાં દર્શન થયાં.[૧૯] શ્રીકૃષ્ણ ભગવાન મોરલીને વગાડી રહ્યા હતા. સોળવર્ષની કિશોર અવસ્થામાં નવીન મેઘની સમાન શ્યામ સુંદર તેમનું શરીર શોભી રહ્યું હતું. મયૂર-પીંછના મુગટને મસ્તક ઉપર ધારણ કર્યો હતો. રાસેશ્વરી રાધાના મુખચંદ્રની સામે ચકોર પક્ષીની જેમ એક દૃષ્ટિથી જોઈ રહ્યા હતા.[૨૦] હાથમાં શૃંગારિક દ્રવ્યોને ધારણ કરી રહેલી ગોપીઓનાં વૃંદો ચારે બાજુથી પ્રેમ ભરેલા કટાક્ષોથી તેમનાં મુખકમળનું દર્શન કરી રહ્યાં હતાં. ભગવાન કોટિ કોટિ કામદેવને પણ મોહ ઉપજાવે તેવી શોભાને ધરી રહ્યા હતા.[૨૧]

ससम्भ्रमं तमालोक्य प्रणनाम स सान्वयः । ततोऽपश्यद्यथापूर्वं वर्णीन्द्रं मुनिसंसदि ॥ २२
संपूर्णसर्वकामोऽथ सबन्धुर्नृपसत्तमः । पुनर्नत्वा प्राञ्जलिस्तं तुष्टाव प्राप्तमुद्भरः ॥ २३

**अभय उवाच -**

सिताम्बरं नैष्ठिकवर्णिवेषं पीताम्बरं तं नटवर्यवेषम् ।
नवाम्बुदश्यामलसुन्दराङ्गं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥ २४
शान्तान्तरस्वाश्रितमण्डलस्थं शृङ्गारिगोपीगणमण्डलस्थम् ।
सरोजपत्राभविलोलनेत्रं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥ २५
वृन्देन्धनस्रग्धरपद्मपाणिं वृन्दावने सुस्वरवेणुपाणिम् ।
विचित्रपुष्पोत्तमचारुहारं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥ २६

---

હે રાજન્ ! આ પ્રમાણે પરિવારે સહિત અભયરાજાએ ભગવાન શ્રીહરિનાં શ્રીકૃષ્ણ સ્વરૂપમાં આશ્ચર્યયુક્ત દર્શન કરી નમસ્કાર કર્યા. તેવામાં તો પૂર્વની જેમ જ મુનિઓની સભામાં બ્રહ્મચારીના વેષમાં વિરાજમાન ભગવાન શ્રીહરિનાં દર્શન થયાં.[૨૨] આ રીતે ભગવાન શ્રીહરિનાં દિવ્ય દર્શન થવાથી પરિવારે સહિત અભયરાજાના અંતરનો મનોરથ પૂર્ણ થયો. તેથી ફરી શ્રીહરિને નમસ્કાર કરી અતિશય હર્ષપૂર્વક બન્ને હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યા.[૨૩]

**અભયરાજાએ કરેલી ઊભયરૂપની અદ્ભૂત સ્તુતિ :-** અભયરાજા કહે છે, હે શ્રીહરિ ! તમે નૈષ્ઠિક બ્રહ્મચારીના વેષમાં શ્વેત વસ્ત્ર ધારણ કરી શોભો છો અને બીજા સ્વરૂપે તમે નટવરના વેષમાં પીતાંબર ધારણ કરી શોભો છો. બન્ને વખતે તમારું શરીર તો નવીન મેઘની સમાન શ્યામ સુંદર જ શોભે છે. એવા સમાધિમાં મને શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન આપનારા હે ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ આપને હું નમસ્કાર કરું છું.[૨૪]

હે શ્રીહરિ ! એક સ્વરૂપે તમે શાંત અંતરવાળા છો અને બીજા સ્વરૂપે શૃંગારરસવાળી ગોપીઓના મંડળને મધ્યે વિરાજો છો. બન્ને વખતે તમે વિક્સિત કમળના પત્ર સમાન વિશાળ ચંચળ નેત્રોથી શોભી રહ્યા છો. એવા સમાધિમાં મને શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન આપનારા હે ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ ! આપને હું નમસ્કાર કરું છું.[૨૫]

હે શ્રીહરિ ! એક સ્વરૂપે તમે તુલસીના કાષ્ટમાંથી નિર્મિત જપમાળાને હસ્તકમળમાં ધારણ કરી ફેરવી રહ્યા છો. અને બીજા સ્વરૂપે વૃંદાવનને વિષે

समाधिविस्मापितसर्वलोकं रासक्रियाचित्रितदेवलोकम् ।
कन्दर्पदर्पोत्खननातिदक्षं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥ २७
स्वभक्तसत्सद्मविराजमानं वृन्दावनाक्रीडसुशोभमानम् ।
स्वानां हरन्तं हृदयानि दृष्ट्वा वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥ २८
शिरःपटापीडनिजात्मलोभं मयूरपत्रालिकिरीटशोभम् ।
पद्मादिलक्ष्माङ्कितपादयुग्मं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥ २९
स्वदत्तभूषाः सहसा ददानं स्वाङ्गेषु भूषा विविधा दधानम् ।
सकालमायाभयदाभिधानं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥ ३०

---

સુંદર સ્વરવાળી વેણુને બન્ને હાથે ધારણ કરી વગાડી રહ્યાં છો અને બન્ને સ્વરૂપમાં પુષ્પોની મનોહર માળાઓને ધારણ કરી શોભી રહ્યા છો. એવા સમાધિમાં મને શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન આપનારા હે ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ ! આપને હું નમસ્કાર કરું છું.[૨૬]

હે શ્રીહરિ ! એક સ્વરૂપે તમે પોતાનાં દર્શનમાત્રથી સમાધિ કરાવી અનેક જનસમુદાયને અતિ આશ્ચર્યમાં ગરકાવ કરી રહ્યા છો, અને બીજા સ્વરૂપે ગોપીઓની સાથે રાસક્રીડા કરી દેવલોકના દેવતાઓને આશ્ચર્યમાં ગરકાવ કરી રહ્યા છો. અને બન્ને સ્વરૂપે ગર્વિષ્ઠ કામદેવના ગર્વને મૂળે સહિત ઉખાડવામાં મહાચતુર જણાવો છો. એવા સમાધિમાં મને શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન આપનારા હે ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ ! આપને હું નમસ્કાર કરું છું.[૨૭]

હે શ્રીહરિ ! એક સ્વરૂપે તમે પોતાના ભક્તજનોના સુંદર ભવનમાં આવીને વિરાજો છો. અને બીજાં સ્વરૂપે વૃંદાવનની રમણભૂમિમાં વિરાજો છો. અને બન્ને સ્વરૂપે પોતાની કરુણામય દૃષ્ટિમાત્રથી ભક્તજનોનાં મનને પોતા તરફ આકર્ષો છો. એવા સમાધિમાં મને શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન આપનારા હે ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ ! આપને હું નમસ્કાર કરું છું.[૨૮]

હે શ્રીહરિ ! એક સ્વરૂપે તમે મસ્તક ઉપર ધારણ કરેલી પાઘમાં લટકતા અનેક પ્રકારના સુગંધીમાન પુષ્પોના તોરાઓથી ભક્તજનોનાં મન લલચાવો છો. અને બીજાં સ્વરૂપે મોરપીંછની પંક્તિથી યુક્ત મુગટની શોભાથી શોભી રહ્યા છો. અને બન્ને સ્વરૂપમાં પદ્મ આદિ ચિહ્નોથી શોભી રહ્યા છો. એવા સમાધિમાં મને શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન આપનારા હે ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ ! આપને હું

भक्तान्तरारिक्षपणप्रतापं गोगोपगोपीरिपुदैत्यतापम् ।
पादानमत्स्वीयजनैकबन्धुं वन्दे हरिं धर्मसुतं च कृष्णम् ॥ ३१

**सुव्रत उवाच -**

इति स्तुत्वा हरिं भक्त्या प्रणम्य स नृपोत्तमः । प्रसन्नस्याज्ञया तस्य निषसाद तदन्तिके ॥ ३२
नष्टसंशयजालोऽसौ पूर्णाखिलमनोरथः । प्रीत्या नित्यं सिषेवे तं तथोत्तमजयादयः ॥ ३३
भगवानपि तं राजन् ! प्रीणयन्सात्मजं सदा । धर्ममैकान्तिकं सम्यग्बोधयन्न्यवसत्सुखम् ॥ ३४

---

**નમસ્કાર કરું છું.[૨૯]**

**હે શ્રીહરિ ! એક સ્વરૂપે પોતાના ભક્તજનોએ પૂજામાં અર્પણ કરેલા અનેક પ્રકારનાં કડાં,વેઢ, વીંટી આદિક આભૂષણોને તત્કાળ બ્રાહ્મણોને દાનમાં આપી દો છો. અને બીજાં સ્વરૂપે પોતાનાં એક એક અંગ ઉપર વિવિધ પ્રકારનાં આભૂષણો ધારણ કરીને શોભી રહ્યા છો, અને બન્ને સ્વરૂપમાં કાળ-માયાના ભયને ભેદતા શુભ નામને ધારણ કરો છો. એવા સમાધિમાં મને શ્રીકૃષ્ણસ્વરૂપે દર્શન આપનારા હે ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ ! આપને હું નમસ્કાર કરું છું.[૩૦]**

**હે શ્રીહરિ ! એક સ્વરૂપે તમે પોતાના પ્રતાપથી આશ્રિત ભક્તજનોના કામાદિ અંતઃશત્રુઓનો વિનાશ કરો છો. અને બીજા સ્વરૂપે પોતાના આશ્રિત ગાયો, ગોપ અને ગોપીઓના શત્રુ એવા અઘાસુર આદિ દૈત્યોનો વિનાશ કરો છો. અને બન્ને સ્વરૂપમાં પોતાના ચરણકમળમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા પોતાના ભક્તજનોના અનન્ય આત્મબંધુ થઇ વર્તો છો. એવા સમાધિમાં મને શ્રીકૃષ્ણ સ્વરૂપે દર્શન આપનારા હે ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ ! આપને હું નમસ્કાર કરું છું.[૩૧]**

**સુવ્રત મુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે શ્રેષ્ઠ અભયરાજાએ ભક્તિભાવની સાથે ભગવાન શ્રીહરિની સ્તુતિ કરીને નમસ્કાર કર્યા. આવી તેમની ભક્તિથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિના આદેશથી તેમની સમીપે જ તે વિરાજમાન થયા. ભગવાન શ્રીહરિની પ્રાપ્તિ થતાં અભયરાજાના સંશયોની માયાજાળ નષ્ટ પામી અને તેમના સર્વે મનોરથો પૂર્ણ થયા તેથી અતિશય આનંદિત થઇ નિરંતર પ્રીતિથી ભગવાન શ્રીહરિની સેવા કરવા લાગ્યા. તેવી જ રીતે પુત્ર ઉત્તમ અને જયા, લલિતા આદિ પુત્રીઓ પણ નિરંતર પ્રીતિથી સેવા કરવા લાગ્યાં.[૩૨-૩૩]**

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિ પણ પુત્રાદિ પરિવારે સહિત અભયરાજાને**

वसंस्तत्र नभोमासे जन्माष्टम्यां महोत्सवम् । चकार पूर्ववत्स्वामी प्रत्येकादशि चोत्सवम् ॥ ३५

मुनिभिः सह दुर्गपत्तने वसतस्तस्य तु भक्ततुष्टये ।
विमलोडुगणेन्दुमण्डला समियाय क्षितिपेषपूर्णिमा ॥ ३६

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे*
*अभयराजकृतश्रीनारायणस्तुतिर्नामैकत्रिंशोऽध्यायः ॥ ३१ ॥*

---

એકાંતિક ધર્મનો બોધ આપી નિરંતર આનંદ આપતા ત્યાં જ સુખપૂર્વક નિવાસ કરીને રહ્યા. આ રીતે અભયરાજાના રાજભવનમાં નિવાસ દરમ્યાન ભગવાન શ્રીહરિએ પૂર્વે માંગરોળ, માણાવદર અને સરધારપુરમાં ઉજવેલા જન્માષ્ટમીના ઉત્સવોની જેમ જ સંવત ૧૮૬૨ ના શ્રાવણવદ ગોકુળાષ્ટમીનો મોટો ઉત્સવ ગઢપુરમાં ઉજવ્યો અને પ્રત્યેક એકાદશી વ્રતના ઉત્સવો પણ ઉજવતા હતા.[૩૪-૩૫]

હે રાજન્ ! આ પ્રમાણે અભયરાજા આદિ પોતાના ભક્તજનોની પ્રસન્નતાને અર્થે સંતમંડળે સહિત ભગવાન શ્રીહરિ નિવાસ કરીને રહ્યા. તેવામાં સ્વચ્છ તારા મંડળના મધ્યે વિરાજતા અને સોળે કળાએ ખીલેલા ચંદ્રમાથી શોભી રહેલી આસો મહિનાની શરદપૂર્ણિમા પ્રાપ્ત થઈ.[૩૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં અભયરાજાએ શ્રીસ્વામિનારાયણ ભગવાનની ઉભય સ્તુતિ કરી એ નામે એકત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૧--***

---

अथ द्वात्रिंशोऽध्यायः ॥ ३२ ॥

सुव्रत उवाच -

पूर्णचन्द्रोदये रात्रौ तस्यां नारायणो नृप ! । संस्नाय चन्द्रशालायां सिंहासनमतिष्ठिपत् ॥ १
तस्मिञ्छ्रीकृष्णमास्थाप्य पुपूज स यथाविधि । नवान्नपृथुकान् दुग्धशर्करादि न्यवेदयत् ॥ २
महानीराजनं कृत्वा गीतवाद्यादिभिः सह । श्रीकृष्णरासलीलायाश्चारुपद्यान्यगापयत् ॥ ३
वीणामृदङ्गतालाद्यैर्मुनीनां गायतां निशः । यामत्रयं व्यतीयाय कृष्णं सोऽस्वापयत्ततः ॥ ४
तद्दर्शनार्थमायाता नरास्तर्हि सहस्रशः । स्त्रियश्च स्वस्वनिलयान् जग्मुर्नत्वा प्रभुं ततः ॥ ५
सात्मजश्च ययौ राजा स्वावासं हर्यनुज्ञया । केवलं मुनयस्तस्थुरन्तिके धर्मजन्मनः ॥ ६

---

## અધ્યાય – ૩૨

## શ્રીહરિએ શરદપૂર્ણિમાનો ઉત્સવ ઉજવ્યો અને સંતોને પૂર્વરૂપનાં દર્શન કરાવ્યાં.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શરદપૂર્ણિમાની રાત્રીએ આકાશમાં જ્યારે સોળે કળાએ યુક્ત ચંદ્રમાનો ઉદય થયો ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાને ઉન્મત્તગંગાનાં જળથી સ્નાન કર્યું અને દરબારગઢની અગાસી ઉપર સુંદર સિંહાસનની સ્થાપના કરાવી તેમાં પોતાની પૂજાના બાલમુકુન્દને પધરાવી શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કર્યું અને દૂધ-સાકર મિશ્રિત ઉત્તમ પૌવાનું નૈવેદ્ય ધરાવ્યું.[૧-૨]**

**હે રાજન્ ! પછી ભગવાન શ્રીહરિએ ગીત તથા વાજિંત્રના ધ્વનિની સાથે શ્રીબાલમુકુન્દ ભગવાનની મહા આરતી કરી. મુક્તાનંદ સ્વામી આદિ કવિ સંતોએ રચેલાં ભગવાન શ્રીકૃષ્ણની રાસલીલાનાં સુંદર પદોનું ગાયકવૃંદ પ્રેમાનંદ સ્વામી આદિ સંતો દ્વારા ગાયન કરાવ્યું. આ રીતે વીણા, મૃદંગ, તાલ, ઝાંઝ આદિ વાજિંત્રોના નાદની સાથે સંતોને સંકીર્તન કરતાં કરતાં રાત્રીના ત્રણ પ્રહર વીતી ગયા. પછી ભગવાન શ્રીહરિએ બાલમુકુન્દ ભગવાનને શયન કરાવ્યું.[૩-૪] ત્યારે શરદપૂર્ણિમાના રાસોત્સવનાં અને ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા પધારેલાં હજારો નરનારીઓ પ્રભુને નમસ્કાર કરી પોતપોતાના નિવાસ સ્થાન પ્રત્યે ગયાં.[૫]**

**હે રાજન્ ! ભગવાન શ્રીહરિની આજ્ઞાથી પોતાના પુત્ર પરિવારે સહિત અભયરાજા પોતાના દરબારગઢમાં ગયા. પછી કેવળ સંતો જ શ્રીહરિની સમીપે બેઠા રહ્યા.[૬] સંતોના અંતરનો અતિશય પ્રેમ જોઈ અનેક ઐશ્વર્યોના નિધિ ભગવાન**

तेभ्यः प्रसन्नो भगवांस्तत्प्राग्जन्मादिवेदनम् । दास्यंस्तान् कृपया प्राह स्वाननैकार्पितेक्षणान् ॥ ७
भक्ता ! द्विजातयः सर्वे शृण्वन्तु मम भाषितम् । यूयं सर्वे हि मुनयो भवथाब्जभवोपमाः ॥ ८
शापाद्दुर्वाससस ऋषेः प्राप्ता जन्म नृषु क्षितौ । रहस्यमिति जानीत यूयमात्मीयमात्मनि ॥ ९
एवमुक्ता भगवता तेऽपि सद्यस्तदिच्छया । ददृशुः स्वं स्वमात्मानं दिव्यदृष्ट्या यथा पुरा ॥ १०
तपोयोगसमाधीनां सकलैश्वर्यसंयुतम् । स्वं स्वं दृष्ट्वा मरीच्यादिं महर्षिं लेभिरे मुदम् ॥ ११
तं च नारायणमृषिं भगवन्तमवेत्य च । अतिप्रसन्ना मुनयो हरिमूचुः प्रणम्य ते ॥ १२
ईदृशं ज्ञानमस्माकं प्रसादात्तव सत्पत्ते ! । सर्वदा स्यादिति वयं चेतसा कामयामहे ॥ १३
तानुवाच तदा स्वामी मुनयः ! श्रूयतामिदम् । भवद्भिरिष्यते यत्तत्सर्वदा न हिताय वः ॥ १४

શ્રીહરિ તેમના પર અતિશય પ્રસન્ન થયા અને તેઓને તેમના પૂર્વજન્મ અને ઐશ્વર્યનું જ્ઞાન કરાવવાની ઇચ્છાથી પોતાના મુખકમળ ઉપર જ એક દૃષ્ટિ કરી બેઠેલા સંતો પ્રત્યે કરૂણા કરી કહેવા લાગ્યા કે, હે સંતો ! બ્રાહ્મણાદિ ત્રણ વર્ણના દ્વિજાતિકુળમાં જન્મ લેનારા તમે સર્વે મારું વચન સાંભળો. તમે સર્વે ભવ, બ્રહ્મા આદિકની સમાન જગતની ઉત્પત્તિ કરવી આદિ ઐશ્વર્યને ધરનારા મરીચ્યાદિ મુનિઓ છો.[૭-૮]

હે સંતો ! તમે દુર્વાસા ઋષિના શાપથી આ પૃથ્વીપર મનુષ્યના ત્રણ વર્ણમાં પ્રગટ થયા છો. આ સમગ્ર રહસ્યનું ગુપ્તવૃત્તાંત તમે સર્વે તમારા અંતરમાં જ જાણી રાખો.[૯] એમ કહીને ભગવાન શ્રીહરિએ પોતાના દિવ્ય સંકલ્પથી સર્વે સંતોને પોતપોતાના પૂર્વ જન્મનો પરિચય કરાવ્યો. ત્યારે સર્વે સંતોને તત્કાળ દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઇ તેથી પોતપોતાના પૂર્વ જન્મનું અને આત્મસ્વરૂપનું દર્શન થયું.[૧૦] તપશ્ચર્યા, યોગ અને સમાધિની સિદ્ધિ આદિ સકલ ઐશ્વર્ય સંપન્ન પોતાનાં મરીચિ, અત્રિ વગેરે પૂર્વરૂપનાં દર્શન કરી મહર્ષિઓ પરમ આનંદને પામ્યા.[૧૧]

ભગવાન શ્રીહરિને સર્વે ઐશ્વર્યે સંપન્ન સાક્ષાત્ ભગવાન નારાયણ ઋષિ જાણી સર્વે સંતોનાં મન અતિશય પ્રસન્ન થયાં અને પ્રણામ કરી ભગવાન શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સંતોના સ્વામી ! આપની પ્રસન્નતાથી પ્રાપ્ત થયેલું આ જ્ઞાન અમોને સર્વકાળે રહે, એવી અમારા અંતરની ઇચ્છા છે.[૧૨-૧૩] હે રાજન્ ! સંતોનાં વચનો સાંભળી ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા કે, હે સંતો ! તમે મારું વચન સાંભળો. તમો સર્વે તમારા મૂળ સ્વરૂપના જ્ઞાનની સર્વકાળે ઇચ્છા રાખો છો તે તમારાં હિતમાં નથી.[૧૪]

घोरं कलियुगं ह्यद्य वर्तते तत्र मानवाः । प्रायशः पापिनः सन्ति श्रिताः सम्पदमासुरीम् ॥ १५
युष्मन्माहात्म्यमज्ञात्वा ते द्रुह्युर्यर्हि वस्तदा । युष्माभिस्तदशक्यं हि सोढुं स्वबलवेदिभिः ॥ १६
युष्माकं च यदा क्रोधो भवेत्स्वैश्वर्यशालिनाम् । क्षय आकस्मिको नूनं तदा स्यात्सर्वदेहिनाम् ॥ १७
सत्यप्येकस्यापराधे तत्संसर्गाद्धि भूयसाम् । दुःखं स्यादिन्द्रदोषेण त्रैलोक्यस्य पुरा यथा ॥ १८
तादृक्क्षये निमित्तं च यूयं स्यातापि साधवः । तपःक्षपयश्च युष्माकं भवेत्क्रोधोदयेन च ॥ १९
तस्मात्स्वरूपविज्ञानं सर्वदा नोचितं हि वः । क्वचित्क्वचिद्ध्यानकाले तद्भविष्यति निश्चितम् ॥ २०
इत्युक्तवति सर्वेशे ज्ञानं तेषां तु तन्नृप ! । आसीत्तिरोहितं सद्यस्तस्यैवेच्छावशात्प्रभोः ॥ २१
तावदासीदुषःकालः स्वाम्यगान्नित्यकर्मणे । ययुरुन्मत्तगङ्गां ते स्नानाद्यर्थं द्विजा अपि ॥ २२

---

હે સંતો ! કારણ કે અત્યારે ઘોર કળિયુગ ચાલે છે. તેમાં મનુષ્યો આસુરી સંપત્તિનો આશ્રય કરી બહુપ્રકારનાં પાપકર્મોને આચરી રહ્યા છે.[૧૫] તેથી તે પાપીઓ, સંતો એવા તમારો મહિમા સમજી શકે તેમ નથી. અને તે પાપીઓમાંથી કોઈ તમારો દ્રોહ કરી તમને પીડશે, ત્યારે પોતાનું બળ અને ઐશ્વર્યને જાણતા તમે તેને સહન કરી શકશો નહિ.[૧૬] સમગ્ર ઐશ્વર્યના નિધિ તમને તે સમયે દ્રોહ કરનાર દુર્જનો ઉપર ક્રોધ ઉત્પન્ન થશે. ત્યારે તેના પરિણામમાં ઉત્પન્ન થયેલા ક્રોધથી સર્વે દેહધારીઓનો આકસ્મિક વિનાશ થવો નક્કી છે.[૧૭]

હે સંતો ! જેમ પૂર્વે એક માત્ર ઈન્દ્રના અપરાધથી દુર્વાસાનો શાપ થતાં સમગ્ર ત્રિલોકીનો વિનાશ સર્જાયો હતો. તેમ તમારો અપરાધ કરનાર કોઈ એકાદ પાપી હશે, પરંતુ તેને લઈને ઘણા બધા નિરપરાધી જનોનો વિનાશ થઈ શકે છે.[૧૮] માટે હે સંતો ! ક્ષમાશીલગુણવાળા તમે જો બહુજનોના પીડાજનક વિનાશમાં નિમિત્ત બનો તો ક્રોધ કરવામાત્રથી તમારા મહાતપનો પણ વિનાશ થઈ જાય.[૧૯] હે સંતો ! એટલા જ માટે તમને તમારાં સ્વરૂપનું જ્ઞાન સર્વકાળ રહે તે ઉચિત નથી. પરંતુ ક્યારેક ક્યારેક તમે જ્યારે ધ્યાનમાં બેઠા હશો ત્યારે મારી ઈચ્છાથી એ જ્ઞાન તમને પ્રાપ્ત થશે. એ નક્કી વાત છે.[૨૦]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે સર્વેશ્વર ભગવાન શ્રીહરિ જ્યાં વાત કરે છે તેવામાં જ તેમના સંકલ્પથી સર્વે સંતોને પૂર્વજન્મના જ્ઞાનની તત્કાળ વિસ્મૃતિ થઈ ગઈ.[૨૨] તે સમયે પ્રભાતનો સમય થયો તેથી શ્રીસ્વામિનારાયણ ભગવાન સ્નાનાદિ નિત્યકર્માનુષ્ઠાન કરવા પોતાના નિવાસ સ્થાને પધાર્યા, અને સર્વે સંતો પણ ઉન્મત્તગંગામાં સ્નાન કરવા પધાર્યા.[૨૨]

एवं भगवता राजन्स्वभक्तानां हि सर्वथा । विधीयते हितं नित्यं पित्रार्भाणामिवादरात् ॥ २३
क्षेमं विधातुं सर्वेषामथ भूमौ मुमुक्षताम् । मुनीन् प्रेषयितुं स्वामी मनसैच्छद्दयानिधिः ॥ २४
देशान्तरेभ्यो भक्ताश्च तमुपेत्य पुनः पुनः । स्वस्वग्रामागमायैव प्रार्थयन्बहुधा नृप ! ॥ २५
आगमिष्यामि वो ग्रामानिति सर्वेभ्य एव सः । प्रतिजज्ञे भाववशाद्धर्मस्थापनोद्यतः ॥ २६
किन्तु राज्ञे प्रतिज्ञातं स्वेन यत्तत्स पालयन् । चातुर्मासीसमाप्त्यन्तं तत्रैवोवास सद्विजः ॥ २७
एकादश्यां प्रबोधिन्यां तत्र कृत्वा महोत्सवम् । सदःस्थोऽथाभयं भूपं स प्रोचे भक्तिनन्दनः ॥ २८
चातुर्मास्यावधि मया मुनयः प्रीतये तव । रक्षिता इह सर्वेऽपि सम्राजोऽप्यतिदुर्लभाः ॥ २९
अधुना प्रेषयाम्येतान् भूमौ विचरितुं नृप ! । मुमुक्षूणां हितायैव यत्सन्तो भवतारकाः ॥ ३०

---

હે રાજન્ ! આ રીતે જેમ પિતા પોતાના બાળકનું હિત કરે તેમ જગતપિતા ભગવાન શ્રીહરિ પોતાના સંતો, ભક્તોનું સર્વ પ્રકારે હિત થાય તેમજ આદર પૂર્વક નિત્યે કરતા હતા.[૨૩] દયાના નિધિ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ પૃથ્વી પર સમગ્ર મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરવા સંતોને વિચરણ કરવા મોકલવાની મનમાં ઈચ્છા કરી.[૨૪]

હે રાજન્ ! દેશાંતરમાંથી આવેલા ભક્તજનો ભગવાન શ્રીહરિને પોતપોતાને ગામ લઈ જવાની ઈચ્છાથી વારંવાર બહુ પ્રકારે તેમની પ્રાર્થના કરવા લાગ્યા.[૨૫] પૃથ્વી પર સર્વત્ર વિચરણ કરી ધર્મની સ્થાપના કરવા તત્પર ભગવાન શ્રીહરિ હું તમારા ગામે ચોક્કસ આવીશ, આ પ્રમાણે સર્વે ભક્તોના ભાવને વશ થઈ પ્રતિજ્ઞા કરતા હતા.[૨૬] છતાં અત્યારે અભયરાજા આગળ કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરતા ભગવાન શ્રીહરિ સંતમંડળની સાથે ચાતુર્માસ પર્યંત દુર્ગપુરમાં જ નિવાસ કરીને રહ્યા છે.[૨૭]

ત્યારપછી ભક્તિનંદન ભગવાન શ્રીહરિ દુર્ગપુરમાં અભયરાજાના દરબારમાં પ્રબોધિની એકાદશીનો મોટો ઉત્સવ ઉજવ્યો. સંતો ભક્તોની મહાસભાના મધ્ય ભાગમાં સિંહાસન ઉપર વિરાજમાન થઈ અભયનૃપતિને કહેવા લાગ્યા, કે હે રાજન્ ! મોટા મોટા ચક્રવર્તી સમ્રાટોને પણ જેમનો યોગ દુર્લભ છે એવા આ સમર્થ સંતોને તમને રાજી કરવાનો અવસર મળ્યો અને તમારી ઈચ્છા પ્રમાણે અમે ચાતુર્માસ સુધી તેઓને અહીં નિવાસ કરાવ્યો.[૨૮-૨૯] અને હવે આ પૃથ્વી ઉપર મુમુક્ષુ જીવોનાં કલ્યાણને માટે દેશ પરદેશમાં વિચરણ કરવા તેઓને હું મોકલું છું. આ પવિત્ર સંતો ભવસાગરમાં ડૂબતા જનોનો ઉધ્ધાર કરનારા છે.

देशान्तरीया भक्ताश्च प्रतीक्षन्ते ममागमम् । ततोऽहमपि यास्यामि सौवीरानधुनाऽनघ ! ॥ ३१
त्वं तु साकं निजजनैः कृष्णस्यैव निरन्तरम् । भक्तिं कुर्या अहिंसादीन् यमान्सम्परिपालयन् ॥ ३२

**सुव्रत उवाच -**

एतच्छ्रुत्वा हरेर्वाक्यं नृपश्चास्य सुतादयः । रुदन्तः प्रार्थयामासुस्तं प्रणम्य मुहुर्मुहुः ॥ ३३
त्वत्प्राणानत्र नो हित्वा क्व यासि करुणाम्बुधे ! । गते त्वयि शरीरेषु न स्थास्यन्त्यसवो हि नः ॥ ३४
गन्तव्यं चेदवश्यं ते तर्ह्यस्मानात्मना सह । नेतुमर्हसि नाथ ! त्वं सौवीरानत्र वा वस ॥ ३५
सोढुं शक्ता वयं नैव विरहं तव सत्पते ! । साकमेवागमिष्यामस्त्वयातो नात्र संशयः ॥ ३६
राज्यस्य चिन्ता नास्त्येव तत्तु ते यत्समर्पितम् । ब्रह्माण्डपोषकस्त्वं हि सर्वत्रान्नं तु दास्यसि ॥ ३७

---

એટલા માટે જ મોકલું છું.[૩૦] ભગવાન કહે છે, હે નિષ્પાપ અભયનૃપતિ ! તેમજ દેશદેશાંતરથી આવેલા ભક્તજનો પણ મારા આગમનની રાહ જોઇ રહેલા છે. તેથી હું પણ અત્યારે જ સૌવીરદેશ પ્રત્યે વિચરણ કરવા જઇશ.[૩૧] તમે તમારા પરિવારજનોની સાથે અહિંસા આદિ ધર્મ અને યમ આદિ નિયમોનું પાલન કરતા નિરંતર ભગવાન શ્રીકૃષ્ણની ભાવથી નવધા ભક્તિ કરજો.[૩૨]

**અભયપરિવારનો અપૂર્વ પ્રેમ :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિનાં ઉપરોક્ત વચનો સાંભળી પરિવારે સહિત અભયરાજા રુદન કરવા લાગ્યા, અને વારંવાર ભગવાન શ્રીહરિને પ્રણામ કરી પગે લાગીને પ્રાર્થના કરવા લાગ્યા કે, હે કરુણાના સિન્ધુ ! તમેજ એક અમારા જીવનપ્રાણ છો. અમને એકલાં ગઢપુરમાં છોડીને તમે ક્યાં જશો ? હે પ્રાણનાથ ! તમારા જવાથી અમારા શરીરમાંથી પ્રાણ ચાલ્યા જશે.[૩૩-૩૪] હે નાથ ! જો તમને અવશ્ય દેશાંતરમાં જવું જ હોય તો અમને સર્વેને તમારી સાથે લઇ જાઓ. અથવા તો તમે જ અહીં ગઢપુરમાં રોકાઇ જાઓ.[૩૫] હે સંતોના સ્વામી ! અમે તમારો વિરહ સહન કરી શકીએ તેમ નથી. તેથી અમે પણ તમારી સાથે આવીશું. તેમાં કોઇ જાતનો સંશય નથી.[૩૬] કદાચ તમે કહેશો કે, તમે અમારી સાથે આવશો તો તમારાં રાજ્યનું શું થશે ? તમારા દેહ નિર્વાહનું કેમ કરશો ? તો કહીએ છીએ કે, હે ભગવાન્ ! અમને રાજ્યની જરા પણ ચિંતા નથી. કારણ કે તેતો તમે પધાર્યા ત્યારથી તમને સમર્પણ કરી દીધું છે. અને બ્રહ્માંડના સર્વ જીવપ્રાણી માત્રનું તમે ભરણપોષણ કરો છો. તો અમે તમારી સાથે જ્યાં ચાલીશું ત્યાં અન્નજળ તમે આપવાના જ છો. તેમાં કોઇ સંશય નથી.[૩૭]

इति निष्कपटं वाक्यं सान्वयस्य नरेशितुः । निशम्य तद्भक्तिवशः प्रीतः प्रोवाच स प्रभुः ॥ ३८
त्यज चिन्तां धराधीश ! त्वयाहं हि वशीकृतः । तवैकान्तिकधर्मेण प्रसन्नोऽस्मीति विद्धि भो ! ॥ ३९
वत्स्याम्यत्रैव नियतमहं नास्त्यत्र संशयः । भक्तानां तुष्टयेऽन्यत्र गत्वैष्यामि पुनः पुनः ॥ ४०
राज्यं त्वेतत्त्वया राजन् ! पालनीयं मदाज्ञया । मदर्थमृषयोऽप्यत्र मुहुरेष्यन्ति सर्वतः ॥ ४१
तव त्वत्पुत्रपुत्र्यादेर्भक्त्या चादम्भया भृशम् । वशीकृतस्य मे वाक्यं सत्यमेतन्नराधिप ! ॥ ४२

**सुव्रत उवाच –**

इति दत्तवरः स भक्तभर्त्रा नृपतिः सान्वय आप भूरि तोषम् ।
न्यवसद्धरिरप्युदारकीर्तिर्निलये तस्य सुखं सुखप्रदाता ॥ ४३

---

**શ્રીહરિની પ્રતિજ્ઞા "ગઢડું મારું ને હું ગઢડાનો" :–** હે રાજન્ ! પરિવારે સહિત અભયરાજાનું આવા પ્રકારનું નિષ્કપટ વચન સાંભળી તેની ભક્તિને વશ થઈ પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા, હે અભયનૃપતિ ! તમે ચિંતા ન કરો. તમારા એકાંતિક ધર્મથી પ્રસન્ન થયેલા મને તમે વશ કરી લીધો છે એ તમે નક્કી જાણો.[૩૮-૩૯] હે અભયરાજા ! હવેથી હું આ દુર્ગપુરમાં નિરંતર નિવાસ કરીને રહીશ, તેમાં કોઈ સંદેહ રાખશો નહિ. કોઈક સમયે દેશાંતરોમાં રહેતા ભક્તજનોને રાજી કરવા માટે જરૂર ત્યાં જઈ, તેમને રાજી કરી, ફરી પાછો અહીંજ પધારીશ.[૪૦] હે રાજન્ ! મારી આજ્ઞાથી આ સમગ્ર રાજ્યનો કારભાર તમે સંભાળો, કારણ કે હું અહીંજ રોકાઈશ તેથી સર્વે ઋષિઓ અર્થાત્ સંતો-ભક્તો મારાં દર્શન કરવા દેશવિદેશમાં વિચરણ કરી ફરી ફરીને અહીં પધારશે, તેથી સંતો ભક્તોની સેવામાં ઉપયોગી આ રાજ્યનો મારી આજ્ઞાથી વ્યવહાર તમે સંભાળો.[૪૧] હે અભયરાજા ! તમારી અને તમારા પરિવારજનોની નિર્દંભ નિષ્કામ ભક્તિથી હું અત્યંત વશ થયો છું. આ મારું વચન સત્ય માનો.[૪૨]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભક્તપતિ ભગવાન શ્રીહરિની પાસેથી આ પ્રમાણેનું વરદાન પ્રાપ્ત થયું, તેથી પરિવારે સહિત અભયરાજા અતિશય આનંદ પામ્યા. ઉદારકીર્તિવાળા અને ભક્તજનોને સદાય સુખ આપનારા શ્રીસ્વામિનારાયણ ભગવાન અભયરાજાના રાજદરબારમાં સુખપૂર્વક નિવાસ કરીને રહેવા લાગ્યા.[૪૩] પોતાના ભક્તજનોના મનોરથ પૂર્ણ કરવામાં સમર્થ ભગવાન શ્રીહરિએ અભયરાજાના રાજદરબારમાં રમણીય મંદિરમાં શ્રીરાધીકાએ સહિત ભગવાન શ્રી વાસુદેવની શાસ્ત્રવિધિ અનુસાર સ્થાપના કરી. આ

विधिना क्षितिपस्य तस्य दुर्गे प्रभुरस्थापयदुत्तमालये सः ।
सह राधिकयैव वासुदेवमहमत्रापि महान्तमाततान ।। ४४
राजा कर्तुं तस्य सेवां यथार्हं विष्णोर्भक्तं विप्रवर्यं सुशीलम् ।
दत्त्वा वृत्तिं रक्षति स्माथ राजंश्चक्रे सेवां सोऽपि तस्यानुकालम् ॥ ४५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे दुर्गपत्तननिवासप्रतिज्ञाविधाननामा द्वात्रिंशोऽध्यायः ॥ ३२ ॥*

---

अथ त्रयस्त्रिंशोऽध्यायः - ३३

सुव्रत उवाच

नानादेशान् प्रेषयिष्यन् स्वज्ञानाय मुमुक्षताम् । शिक्षयामास स मुनीन् भूयस्त्वाद्भुवि दुर्धियाम् ॥ १

---

પ્રતિષ્ઠાવિધિમાં મોટો ઉત્સવ ઉજવ્યો.[૪૪] હે રાજન્ ! અભયરાજાએ તે વાસુદેવનારાયણની યથાયોગ્ય પ્રતિદિન સેવા પૂજા થાય તે માટે સ્વભાવથી સરળ એવા ભગવદ્ભક્ત શ્રીબેચરવિપ્રની આજીવિકા આપી પૂજારી તરીકેની નિયુક્તિ કરી. બ્રાહ્મણ શ્રેષ્ઠ બેચરવિપ્ર પણ શ્રીવાસુદેવનારાયણ ભગવાનની સમયને અનુસારે પાંચે વખત સ્નેહપૂર્વક સેવા પૂજા કરવા લાગ્યા.[૪૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં અભયપરિવારના નિષ્કામ પ્રેમને વશ થઇ ભગવાને કાયમ માટે દુર્ગપુરમાં રહેવાની પ્રતિજ્ઞા કરી એ નામે બત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૨--***

---

## અધ્યાય - ૩૩

## દેશાંતરમાં વિચરણ કરવા જતા સંતોને સાવધાનીનો સદ્બોધ આપતા શ્રીહરિ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પૃથ્વી પર મુમુક્ષુજનોને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપવા માટે સંતોને દેશદેશાંતરમાં વિચરણ માટે મોકલતા શ્રીહરિ પૃથ્વીપર કળિયુગને લીધે દુષ્ટજનોનો ઘણો વધારો થયો હોવાથી તેઓથી સાવધાન રહેવા સંતોને બોધ આપવા લાગ્યા.[૧]

**श्रीभगवानुवाच -**

मुनयो ! भुवि बोधाय नराणां यात यूथशः । चरतानेकदेशेषु कृष्णभक्तिप्रवर्तकाः ॥ २
तत्र ये शरणं यायुर्युष्माकं तु मुमुक्षवः । उपदेश्या कृष्णभक्तिस्तेभ्यो बन्धविमोचनी ॥ ३
दृढं स्थितिः स्वस्वधर्मेऽथाहिंसाप्रमुखा यमाः । उपदेश्या मनुर्जप्यः श्रीकृष्णेति च नित्यदा ॥ ४
स्त्रीभ्यस्तदीयसम्बन्धिपुरुषेणायमेव च । उपदेशः कारणीयो मुनयः ! क्वापि न स्वयम् ॥ ५
युष्माभिस्त्विह योषाभ्यो राक्षसीभ्य इवार्भकैः । भेतव्यमष्टधा ताश्च वर्ज्याः स्पृश्या न कर्हिचित् ॥ ६
स्थित्वा स्वधर्मे कृष्णस्य भक्तिश्च श्रवणादिका । कर्तव्या कारणीया च पालनीया यमास्तथा ॥ ७
आसुर्या सम्पदा मत्ता दुर्जना भुवि भूरिशः । सद्द्रोहशीला वर्तन्ते दम्भभक्ताश्च केचन ॥ ८
तेषां तु विषया एव सन्ति प्रेष्ठा दुरात्मनाम् । न कृष्णो न स्वधर्मश्च नास्ति भीश्चाघकर्मणः ॥ ९

---

શ્રીહરિ કહે છે, હે સંતો ! તમે તો પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિના પ્રવર્તક છો, તેથી પૃથ્વી પર મુમુક્ષુજનોને શ્રીકૃષ્ણના સ્વરૂપનો બોધ આપવા પોતપોતાનાં મંડળની સાથે રહી અનેક દેશોમાં વિચરણ કરો.[૨] જ્યાં વિચરણ કરો ત્યાં જે મુમુક્ષુઓ તમારે શરણે આવે તેઓને ભવબંધનમાંથી મુકાવનારી કૃષ્ણભક્તિનો ઉપદેશ આપજો.[૩] હે સંતો ! મુમુક્ષુઓને પોતપોતાના વર્ણાશ્રમને ઉચિત અહિંસાદિક ધર્મમાં દઢતા થાય તેવો પણ ઉપદેશ કરજો. તેમજ નિત્યે જપવા યોગ્ય ''શ્રીકૃષ્ણ'' એવા ત્રણ અક્ષરના મંત્રનો ઉપદેશ કરજો.[૪]

હે સંતો ! મુમુક્ષુ નારીઓને ઉપરોક્ત જ્ઞાન કે ધર્મનો ઉપદેશ તમે તેમના સંબંધી પુરુષોના મારફતે કરાવજો પણ સ્વયં પ્રત્યક્ષ કરશો નહિ.[૫] બ્રહ્મચર્યનું સર્વપ્રકારે રક્ષણ કરવા બાળક જેમ રાક્ષસી થકી ભય પામે તેમ તમારે સ્ત્રીઓ થકી ભય પામવું. અષ્ટપ્રકારે તેમનો ત્યાગ રાખવો અને તેમનો સ્પર્શ તમારે ક્યારેય પણ ન કરવો.[૬] હે સંતો ! પોતાના ત્યાગીઓના ધર્મમાં દઢપણે રહી શ્રીકૃષ્ણ એવા અમારી શ્રવણ, કીર્તનાદિ નવપ્રકારની પ્રગટભક્તિ કરવી, અને શરણે આવતા મુમુક્ષુઓને પણ સ્વધર્મમાં દઢ રાખવા પૂર્વક પ્રગટ ભક્તિનો જ ઉપદેશ કરવો. તેવી જ રીતે અહિંસા આદિ યમોનું તમારે પાલન કરવું અને મુમુક્ષુઓ પાસે પાલન કરાવવું.[૭]

હે સંતો ! આ પૃથ્વીપર આસુરી સંપત્તિવાળા અને ઉદ્ધત કેટલાય દુર્જનો વસે છે. ગુરુના અને રાજાના રૂપમાં તે દુર્જનો શાસ્ત્રોક્ત લક્ષણવાળા તમારા જેવા સંતોનો સહજતાથી ઉત્પીડન કરી દ્રોહ કરે છે, તેમાં કેટલાક તો લોકોને છેતરવા

अस्ति तद्विपरीतैव क्रिया सर्वापि वोऽनघाः ! । तस्माद्द्रोहं करिष्यन्ति युष्माकं तेऽतिनिर्दयाः ॥ १०
युष्मत्तादृक्क्रियामूलं ज्ञात्वा मां ते विशेषतः । ध्रोक्ष्यन्ति मत्प्रतापस्य श्रुतेः प्रागात्तमत्सराः ॥ ११
ईदृशैर्दुर्जनैः क्वापि कृतेऽपि व उपद्रवे । सहनं तस्य कर्तव्यं न तु क्रोधः कदाचन ॥ १२
तत्प्रतीकारसामर्थ्ये सत्यपि स्वस्य सर्वथा । सहनं तस्य कर्तव्यं साधूनां लक्षणं हि तत् ॥ १३
अन्योपरि कृते क्रोधे तपः संक्षीयते निजम् । साधवोऽतः सहन्ते वै परैः कृतमुपद्रवम् ॥ १४

दृश्यन्ते बहवोऽत्र साधुपुरुषास्तावत्क्षमासागरा ।
यावन्नैव दुरुक्तमीषदुदितं केनापि संशृण्वते ।
सामर्थ्ये ह्यतुले तु सत्यपि मनः क्षोभं न येषां व्रजे-
द्दुर्वाच्यैः कुधियामुपद्रवशतैस्ते साधवो दुर्लभाः ॥ १५

---

ભક્તપણાનાં ચિહ્નો ધારીને વિચરે છે.[૮] તે દુષ્ટજનોને ઓળખવા સહેલા છે. તેઓને પંચવિષયના ભોગ અતિશય પ્રિય હોય છે. પરંતુ તેમને ભગવાનના સ્વરૂપમાં કે સ્વધર્મમાં જરાય પ્રેમ હોતો નથી. પાપકર્મ કરવામાં તેને મનમાં જરાય ડર પણ લાગતો નથી.[૯] હે નિષ્પાપ સંતો ! તમારી સમગ્ર ક્રિયાઓતો તે અસુરો કરતાં તદન ઉલટી છે. તેથી તે નિર્દય સ્વભાવના દુષ્ટજનો તમારો જરૂર દ્રોહ કરશે. તે તમારા વૈરાગ્યને કે ધર્મપાલનના વર્તનને સહન કરી શકશે નહિ.[૧૦] તેઓ કર્ણોપકર્ણ પ્રસરેલા મારા અતિશય પ્રતાપને પહેલેથી જ સાંભળ્યો છે. તેથી તમારી તમામ સત્ક્રિયાનું મૂળ મને જાણી મત્સરગ્રસ્ત થયેલા દુષ્ટ પુરુષો ઉત્કર્ષને સહન નહિ કરીને તમારો વિશેષપણે દ્રોહ કરશે.[૧૧]

હે સંતો ! આવા દુર્જન પુરુષો ક્યારેય ક્યાંય પણ તમારો દ્રોહ કરે તો તમે તેને ધીરજ રાખી સહન કરજો. પણ તમે કદાપિ ક્રોધ તો કરતા જ નહિ.[૧૨] પોતાનામાં દુર્જન પુરુષોનો પ્રતિકાર કરવાનું સામર્થ્ય હોવા છતાં સર્વ પ્રકારે સહનશીલતા રાખવી એજ સાધુઓનું લક્ષણ છે.[૧૩] અન્ય ઉપર ક્રોધ કરવાથી પોતાનું તપ ક્ષીણ થાય છે. તેથી સાધુઓએ દુર્જન પુરુષોએ કરેલા ઉપદ્રવને સહન જ કરવો જોઈએ.[૧૪]

હે સંતો ! જ્યાં સુધી કોઈ પણ પુરુષો પોતાને ન કહેવા યોગ્ય વચનોથી અલ્પ સરખો પણ તિરસ્કાર કરતા નથી. ત્યાં સુધી ક્ષમા ધારણ કરનારા તો આલોકમાં અનંત સાધુ પુરુષો જોવા મળે છે. પણ પોતા પાસે અપાર સામર્થ્ય હોવા છતાં દુષ્ટબુદ્ધિવાળા દુર્જનોનાં નિંદા કરવા રૂપ અનેક દુર્વચનોથી કે અનેક

मदाश्रितानां साधूनां परोपकृतिशालिनाम् । दयार्द्रहृदयानां वः क्षमैवैकास्ति भूषणम् ॥ १६
यथा ऋषभदेवः प्राक् तत्सुतो भरतस्तथा । आसीत्तथैव निर्माना यूयं चरत भूतले ॥ १७
परेषामतिवादान् यः सहते पुरुषो भुवि । जितं सर्वमिदं तेन त्रैलोक्यं क्षमया किल ॥ १८
क्रोधं यो हृदये जातं क्षमयैव निरस्यति । त्वचं जीर्णामहिरिव स एव मुनिरुच्यते ॥ १९
यो यजेत्क्रतुराजेन प्रतिमासं शतं समाः । न क्रुद्ध्येद्यश्च कस्मैचित् तयोरक्रोधनोऽधिकः ॥ २०
क्रोधं कुर्याद्यदि ज्ञानी लोके प्राकृतजीववत् । ज्ञानेन किं फलं तस्य तदा मूर्खसमस्य हि ॥ २१
दानं व्रतं च नियमा अतिश्रमकृतं तपः । भस्मीभवति तत्सर्वं स्वस्य क्रोधाग्निना खलु ॥ २२
शमो दमस्तपो दानमार्जवं ह्रीस्तथा दया । द्वाराणि सप्त स्वर्गस्य साधवोऽत्र वदन्ति हि ॥ २३
क्रोधस्तु नरकस्यैव द्वारमित्युदितो बुधैः । अतो दूरात्त्यजन्त्येनं शीघ्रसिद्धिमभीप्सवः ॥ २४

---

પ્રકારના ઉપદ્રવોથી જેમનું મન ક્ષોભ ન પામે તેવા સત્પુરુષો તો વિરલા જ હોય છે.[૧૫] હે સંતો ! તમે સર્વે મારા આશ્રિત સાધુ છો, પરોપકારી સ્વભાવના અને દયાથી પીગળેલા હૃદયવાળા છો. તેથી ક્ષમા એજ તમારું સાચું આભૂષણ છે.[૧૬] પૂર્વે ભગવાનના અવતાર એવા ઋષભદેવ તથા તેમના પુત્ર ભરતજી જેવી રીતે નિર્માનીપણે વર્તી ગયા છે તેવી જ રીતે તમે સર્વેને નિર્માનીપણે આ પૃથ્વી પર મારી આજ્ઞાથી વિચરણ કરવાનું છે.[૧૭] હે સંતો ! જે સાધુપુરુષો આ ભૂમિ પર દુર્જન પુરુષોનાં દુર્વચનો સહન કરે છે તે પુરુષો ક્ષમાથી આ સમગ્ર ત્રિલોકીને નક્કી વશ કરી લે છે.[૧૮] સર્પ જેમ કાચળીનો ત્યાગ કરી દે છે તેમ એ સાધુપુરુષો પોતાના હૃદયમાં ઉત્પન્ન થયેલા ક્રોધને ક્ષમાવડે તત્કાળ ત્યાગ કરી દે છે તેને જ સાચા સાધુપુરુષો કહેલા છે.[૧૯] હે સંતો ! કોઈ પુરુષો સો વર્ષ પર્યંત દર મહિને યજ્ઞનું અનુષ્ઠાન કરે એવો એક પુરુષ છે. તથા બીજો મનુષ્ય પોતાનો દ્રોહ કરનાર વ્યક્તિ ઉપર પણ ક્રોધ કરતો નથી. આ બેની મધ્યે ક્ષમા રાખી ક્રોધ નહીં કરનારો શ્રેષ્ઠ છે.[૨૦]

હે સંતો ! આલોકમાં જ્ઞાની પુરુષો જો પ્રાકૃત જીવની પેઠે ક્રોધ કરે તો, તે મૂર્ખ સમાન છે. આવા જ્ઞાની પુરુષોના જ્ઞાનનો લાભ શું ? તેનું જ્ઞાન નિરર્થક છે.[૨૧] સુપાત્રમાં કરેલું દાન, વ્રત, નિયમો અને અતિશય પરિશ્રમથી કરેલું તપ આદિ સર્વે સત્કર્મો ક્રોધરૂપી અગ્નિથી ભસ્મીભૂત થાય છે.[૨૨] શમ, દમ, તપ, દાન, સરળતા, લજ્જા અને દયા આ સાત સ્વર્ગ પ્રાપ્તિનાં દ્વાર છે. એમ સાધુ પુરુષો કહે છે, જ્યારે ક્રોધ છે તે નરકનું દ્વાર છે એમ વિવેકી સજ્જનો કહે છે.

क्रोधमूलो विनाशो हि जनानामिह दृश्यते । तं कथं साधवो धीराः स्वीकुर्युर्लोकनाशनम् ॥ २५
क्रुद्धः पापं नरः कुर्यात् क्रुद्धो हन्याद्गुरूनपि । क्रुद्धः परुषया वाचा श्रेष्ठानप्यवमन्यते ॥ २६
वाच्यावाच्ये हि कुपितो नैव जानाति कर्हिचित् । नाकार्यमस्ति क्रुद्धस्य नावाच्यमपि किञ्चन ॥ २७
क्रुद्धः कार्यं न जानाति न मर्यादां च पश्यति । अवाच्यैर्दुर्वचोभिश्च गुरून् क्रुद्धस्तुदत्यपि ॥ २८
आत्मानमपि च क्रुद्धः प्रेषयेद्यमसादनम् । एतान्दोषान्विलोक्यैव क्रोधस्त्याज्यो मनीषिभिः ॥ २९
इच्छद्भिः परमं श्रेय इहामुत्र च सर्वदा । धीरैर्विवर्जितं क्रोधं कथं युष्मद्विधश्चरेत् ॥ ३०
क्रुध्यन्तं प्रति न क्रुध्येन्नात्मानं च परानपि । महतो रक्षति भयात्सर्वथा पुरुषो भुवि ॥ ३१
बलीयसे यदि क्रुध्येदशक्तः पुरुषः क्वचित् । जह्यादेव स आत्मानमात्मना तेन वा हतः ॥ ३२
आत्महन्तुर्न वै लोकाः सन्त्यमुत्र शुभाः क्वचित् । अशक्तस्य ततः पुंसो मन्योर्नियमनं हितम् ॥ ३३

---

**તેથી પોતાનાં તપ, યોગ આદિની તત્કાળ સિદ્ધિ ઇચ્છતા સાધુપુરુષોએ ક્રોધને દૂરથી જ છોડી દેવો.[૨૩-૨૪] હે સંતો ! આ લોકમાં મનુષ્યોનો જે વિનાશ જોવામાં આવે છે, તેનું મૂળ ક્રોધ જ છે. તેથી સમગ્ર લોકોનો વિનાશ કરતા ક્રોધનો ધીર અને દયાળુ સંતો કેમ સ્વીકાર કરે ?[૨૫] ક્રોધાતુર મનુષ્ય પાપ કર્મ કરે છે. પિતા, ભાઈ, ગુરુ આદિકની હત્યા કરે છે. વળી ક્રોધી મનુષ્ય કઠોરવાણી બોલે છે અને પોતાનાથી ગુણોમાં શ્રેષ્ઠ પુરુષોને પણ ન કહેવાનાં વચનો કહે છે.[૨૬] ક્રોધમાં આવેલો પુરુષ બોલવા યોગ્ય કે નહિ બોલવા યોગ્ય વસ્તુમાં વિવેકહીન થઈ જાય છે અને તેને નહિ કરવા યોગ્ય કે નહિ બોલવા યોગ્ય જેવું કાંઈ હોતું નથી. એ બધું જ કરે છે.[૨૭]**

**હે સંતો ! ક્રોધી માનવ કરવા યોગ્ય કાર્યને પણ જાણતો નથી. સત્પુરુષોએ અને સત્શાસ્ત્રોએ બાંધેલી ધર્મમર્યાદાને પણ જાણતો નથી, તે નહીં બોલવા યોગ્ય કઠોર વચનોથી ગુરુજનોને પણ વ્યથા પહોંચાડે છે.[૨૮] ક્રોધી મનુષ્ય પોતાના જીવને પણ યમસદન પહોંચાડે છે. તેથી હે સંતો ! પૂર્વોક્ત દોષોને નજર સામે રાખી ક્રોધનો સદંતર ત્યાગ કરી દેવો.[૨૯] હે સંતો ! આલોક તથા પરલોકમાં સર્વકાળે પરમ સુખને પામવા ઇચ્છતા ધીર પુરુષોએ જે ક્રોધનો ત્યાગ કરી દીધો હતો તેને તમારા જેવા સંતો શા માટે સ્વીકારે ?.[૩૦]**

**હે સંતો ! આ પૃથ્વી પર જે મનુષ્ય પોતાના ઉપર ક્રોધ કરનાર વ્યક્તિ ઉપર ક્રોધ કરતો નથી તે પોતાનું અને પરનું મોટા ભયથી સર્વ પ્રકારે રક્ષણ કરે છે.[૩૧] ક્યારેય પણ કોઈ અશક્ત પુરુષ બળવાનની સામે ક્રોધ કરે છે. ત્યારે તેને કોઈ સહાય ન મળવાથી પોતે જ પોતાના દેહનો ઘાત કરે છે. અથવા તો બળવાન**

शक्तोऽपि विद्वानन्येन क्लिश्यमानो न कुप्यति । यदि तर्हि यशो ह्यत्र प्राप्यामुत्र स मोदते ॥ ३४
अशक्तस्येव शक्तस्य क्रोधत्यागे महर्षयः । आत्मनश्च परस्यापि रक्षणात्सुकृतं महत् ॥ ३५
तस्माद्बलवताप्यत्र निर्बलेन च नित्यदा । परापराधः सोढव्य आपत्स्वपि विजानता ॥ ३६
क्रुद्धस्य न जयं क्वापि प्रशंसन्तीह साधवः । क्षमावतो जयो नित्यं साधोरिति सतां मतम् ॥ ३७
सदुपद्रवदोषेण स्वतो जीवन्मृताय च । कः क्रुध्येत् पण्डितो लोके यतस्तन्मृतमारणम् ॥ ३८
दुष्टैः शस्त्रैर्वध्यमाना अपि युष्मादृशाः कथम् । तेजस्विनो महाप्राज्ञाः क्रुध्येयुर्दीर्घदर्शिनः ॥ ३९
यस्तु क्रोधं समुत्पन्नं प्रज्ञया प्रतिबाधते । तेजस्विनं तं विद्वांसो मन्यन्ते दीर्घदर्शिनः ॥ ४०
क्रोधस्त्वपण्डितैर्लोके तेज इत्यभिधीयते । परिणामो हि रजसः क्रोधो ज्ञेयो नृनाशनः ॥ ४१

---

પુરુષના હાથે શસ્ત્રાદિકથી તેનું મૃત્યુ થાય છે.[૩૨]

હે સંતો ! આત્મહત્યા કરનાર પુરુષની ક્યારેય પણ પરલોકમાં શુભ ગતિ થતી નથી, અસુરોને પામવા યોગ્ય ઘોર નરકની પ્રાપ્તિ થાય છે. તેથી આસક્ત પુરુષોએ ક્રોધને નિયમમાં કરવામાં જ પોતાનું હિત સમાયેલું છે.[૩૩] અન્ય પુરુષથી કષ્ટ પામવા છતાં જે સમર્થ વિદ્વાન પુરુષ તેમના પર ક્રોધ કરતો નથી તે આ લોકમાં યશકીર્તિને પ્રાપ્ત કરે છે. અને પરલોકમાં સ્વર્ગાદિના ઉત્તમ સુખને પામી બહુજ મોજ કરે છે.[૩૪] હે સંતો ! અશક્ત પુરુષની જેમ શક્તિમાન પુરુષ પણ જો ક્રોધનો ત્યાગ કરી દે છે તો તેને પોતાના અને પરના રક્ષણનું મોટું પુણ્ય પ્રાપ્ત થાય છે.[૩૫] તેથી આ લોકમાં બળવાને અને નિર્બળ પુરુષે હમેશાં આપત્કાળમાં પારકા અપરાધોને સહન કરવા પણ ક્રોધ તો ક્યારેય કરવો નહિં.[૩૬]

હે સંતો ! આલોકમાં ક્રોધી પુરુષના વિજયની સંતો ક્યારેય પણ પ્રશંસા કરતા નથી, પરંતુ ક્ષમાવાન પુરુષના વિજયની જ સંતો નિત્યે પ્રશંસા કરે છે. અથવા આલોકમાં ક્રોધી પુરુષનો ક્યારેય પણ જય થતો નથી પરંતુ ક્ષમાવાન સંતોનો સદાય જય થાય છે. આવો સત્પુરુષોનો મત છે.[૩૭] સત્પુરુષોના અપરાધથી જીવતાં જ મરી ગયેલા પુરુષ ઉપર કયો વિવેકી પુરુષ ક્રોધ કરીને તેને મારે ? કારણ કે, તેને મારવો એતો મડદાંને મારવા તુલ્ય નિર્રથક છે.[૩૮]

હે સંતો ! દુષ્ટ મનુષ્યો શસ્ત્રાદિકથી કદાચ તમારો વધ કરે છતાં તમારા જેવા તેજસ્વી, મહા મેધાવી અને દીર્ઘદષ્ટિ ધરાવતા સત્પુરુષો શા માટે ક્રોધ કરે ?[૩૯] જે સાધુ પુરુષ કોઇ પણ નિમિત્તે ઉત્પન્ન થયેલા ક્રોધને બુદ્ધિપૂર્વક વિચારીને શમાવે છે. તે સાધુ પુરુષને વિદ્વાન પુરુષો તેજસ્વી પુરુષ માને છે.[૪૦] આ લોકમાં

राजर्षीणामपि क्रोधः स्वधर्मत्वान्न वै हितः । वरं स्वधर्मसन्त्यागो नतु क्रोधस्य संग्रहः ॥ ४२
बलिना ताडितोऽशक्तो जयेत् क्रोधं यथा तथा । शक्तो नित्यं जितक्रोधो यो भवेत्स सदा सुखी ॥ ४३
क्षमा धर्मः क्षमा यज्ञः क्षमा वेदः क्षमा श्रुतम् । क्षमाहीनेन यत्पुण्यं क्रियते तन्निरर्थकम् ॥ ४४
अतिक्रम्य क्रतुमतां लोकान्वै क्षमिणो नराः । तत ऊर्ध्वं दिव्यलोकान् प्राप्नुवन्ति न संशयः ॥ ४५
क्षमा तेजस्विनां तेजः क्षमा ब्रह्म तपस्विनाम् । क्षमा सत्यं सत्यवतां क्षमा शौचं क्षमा शमः ॥ ४६
क्षन्तव्यमेव सततं पुरुषेण विजानता । यदा हि क्षमते सर्वं ब्रह्म सम्पद्यते तदा ॥ ४७
क्षमावतामयं लोकः परश्चैव क्षमावताम् । सन्मानोऽस्तीह तेषां हि परत्र च शुभा गतिः ॥ ४८
प्रशंसन्ति क्षमां नित्यं जगतामीश्वरा अपि । वैकुण्ठनाथो ब्रह्मा च शङ्करश्चातिवीर्यवान् ॥ ४९

---

મૂર્ખજનો છે તે જ ક્રોધને એક પ્રકારનું તેજ કહે છે. પરંતુ મનુષ્યોનો વિનાશ કરનાર ક્રોધને તેજ નહિ પણ રજોગુણ અને તમોગુણનું પરિણામ છે એમ તમે જાણો.[૪૧] ક્રોધ રાજર્ષિઓનો ધર્મ હોવા છતાં તેને માટે પણ હિતકારક નથી. ક્રોધરૂપ પોતાના ધર્મનો ત્યાગ કરવો તેજ શ્રેષ્ઠ છે, પણ ક્રોધરૂપ સ્વધર્મનો સ્વીકાર કરવો હિતાવહ નથી.[૪૨] જેવી રીતે બળવાન પુરુષ નિર્બળને તાડન કરે છતાં તે ક્રોધ કરતો નથી. ને ક્રોધને વશમાં રાખીને વર્તે છે. તેમ શક્તિમાન પુરુષ પણ ક્રોધને વશ કરી જીત મેળવે છે, તે સદાય સુખી થાય છે.[૪૩]

**ક્ષમાગુણની પ્રસંશા :–** હે સંતો ! ક્ષમા એજ ધર્મ છે, યજ્ઞ છે. ક્ષમા એજ સાચું વેદાધ્યયન છે અને ક્ષમા એ જ શાસ્ત્રનું શ્રવણ છે. માટે ક્ષમા સહિત જ ધર્માદિકનું આચરણ કરવું. ક્ષમા રહિત થઈને પુરુષ જે કાંઈ પુણ્ય કર્મ કરે છે. તે બધું જ નિરર્થક છે. તેનું કાંઈ પુણ્ય થતું નથી.[૪૪] હે સંતો ! ક્ષમાવાન પુરુષો યજ્ઞાનુષ્ઠાનથી પ્રાપ્ત થતા સ્વર્ગાદિ લોકથી પણ ઉપરના રાત્રી પ્રલયમાં પણ નાશ ન પામતા મહર્લોક આદિ દિવ્યલોકને પ્રાપ્ત કરે છે. તેમાં કોઈ જાતનો સંશય નથી.[૪૫]

હે સંતો ! ક્ષમા તેજસ્વી પુરુષોનું તેજ છે. તપસ્વીઓનું તપ છે. સત્યવાન પુરુષોનું સત્ય છે અને પવિત્ર પુરુષોની પવિત્રતા છે. તથા ક્ષમા અંતઃકરણનું શમન કરનાર પુરુષોનું શમ છે.[૪૬] ક્ષમાના મહિમાને જાણતા પુરુષે નિરંતર ક્ષમા જ રાખવી. દૈવ ઈચ્છાથી પ્રાપ્ત થતા દુઃખને જેમ જેમ ક્ષમાવાન પુરુષ સહન કરતો જાય છે તેમ તેમ તે પરમાત્માની નજીક સરકતો જાય છે.[૪૭]

હે સંતો ! ક્ષમાવાન પુરુષને આલોકમાં સારા કુળમાં જન્મ અને રાજ્ય વૈભવાદિકના સુખની પ્રાપ્તિ થાય છે અને પરલોકમાં સ્વર્ગાદિકના સુખની પ્રાપ્તિ

ममापि सर्वदा प्रेष्ठा क्षमैव मुनयः ! किल । तस्मान्मदीयैर्युष्माभिः क्षमा धार्या सदा भुवि ॥ ५०
क्षमावन्तः साधुशीला बोधयन्तो निजाश्रितान् । कृष्णभक्तिं सस्वधर्मां यूयं चरत भूतले ॥ ५१

**सुव्रत उवाच -**

इत्याज्ञप्ता भगवता तदिङ्गितविदो द्विजाः । आज्ञां गृहीत्वा शिरसा प्रोचुः प्राञ्जलयश्च तम् ॥ ५२
एवमेवाचरिष्यामो वयं नारायण ! प्रभो ! । न भविष्यति साधुत्वे दूषणं नस्त्वदोजसः ॥ ५३
मनसा वचसा वपुषा च हरे ! भवतः स्म वयं भवतः स्म वयम् ॥
त्वदृते न परा गतिरस्ति हि नस्तव दर्शनमस्तु पुनस्त्वरितम् ॥ ५४

**सुव्रत उवाच -**

इति सम्प्रार्थ्य ते सर्वे तं प्रणम्य च यूथशः । जग्मुर्नैकान् जनपदान् दिक्ष्वष्टस्वपि भूमिप ! ॥ ५५

---

**થાય છે. તેવી જ રીતે ક્ષમાવાન પુરુષને આલોકમાં માન, સન્માન, પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે અને પરલોકમાં દેવતાઓ પણ આદર કરે તેથી શુભ ગતિ પ્રાપ્ત થાય છે.[૪૮] અતિશય પ્રતાપી વૈકુંઠનાથ વિષ્ણુ, બ્રહ્મા અને શિવ આ જગતના ઈશ્વરો પણ નિત્યે ક્ષમાની પ્રશંસા કરે છે.[૪૯] હે સંતો ! મને પણ ક્ષમાવાન સર્વદા અતિશય પ્રિય લાગે છે. તેથી મારા આશ્રિત આ પૃથ્વી પર રહેલા તમારે સર્વએ પણ નિરંતર ક્ષમાવાન થવું.[૫૦]**

**હે સંતો ! તમે સર્વે ક્ષમાવાન અને સાધુ સ્વભાવના થઇ ધર્મે સહિત કૃષ્ણભક્તિનો શરણાગત જીવોને ઉપદેશ આપતા આપતા પૃથ્વી પર વિચરણ કરો, એવી મારી આજ્ઞા છે.[૫૧]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે આજ્ઞા કરી તેથી શ્રીહરિના અંતરના અભિપ્રાયને જાણતા સંતોએ તેમની આજ્ઞા મસ્તક નમાવી ધારણ કરી. પછી બન્ને હાથ જોડી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિને કહેવા લાગ્યા કે, હે નારાયણ ! હે પ્રભુ ! અમે સર્વે તમે કહ્યું તેમ જ કરીશું. અને તમારા પ્રતાપથી અમારી સાધુતામાં ક્રોધાદિ દોષોનું દૂષણ આવવા નહીં દઈએ.[૫૨-૫૩] હે હરિ ! અમે સર્વે સંતો મન, વચન અને દેહે તમારા જ છીએ, તમારા જ છીએ. તમારા સિવાય અમારી બીજી કોઈ ગતી નથી. તેથી તમારાં પાવનકારી દર્શન અમને જલદીથી થાય એવી અમારી વિનંતી છે.[૫૪]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે સંતોએ ભગવાન શ્રીહરિની પ્રાર્થના કરી પ્રણામ કર્યા અને પોતપોતાના મંડળની સાથે આઠે દિશાઓમાં અને**

चक्रुश्च भगवद्वार्तास्तत्र तत्र च ते गताः । धर्मद्विषोऽपि याः श्रुत्वा सत्या एवेति मेनिरे ॥ ५६
यथार्थवादिनः सुज्ञाञ्छास्त्रज्ञा बहवोऽपि तान् । न जेतुमीशिरे वादैर्जिग्युः सद्यश्च ते तु तान् ॥ ५७
तद्वार्ताश्रवणादापुराश्चर्यमखिला जनाः । मुमुक्षवस्तु तांस्तत्र शरणं दृढनिश्चयाः ॥ ५८
कृष्णस्य भक्तिं तेभ्यस्ते हरिनाम्न उपादिशन् । धर्मान्वयस्य चादानं त्यागं चाधर्मसन्ततेः ॥ ५९
त्यक्त्वा स्वस्वमतान्येव गुरूंश्च भुवि मानवाः । तानाश्रित्य हरिं भेजुस्तत्र तत्र सहस्रशः ॥ ६०
मिलित्वा यूथशो लोकस्तत्र तत्र पुरे पुरे । ग्रामे ग्रामे च राजेन्द्र ! वार्तास्तस्यैव चक्रिरे ॥ ६१
मुनीन्प्रपद्य ये भेजुर्हरिं तेषां सहस्रशः । नराः प्रपेदिरे सद्यः समाधिमपि भूपते ! ॥ ६२
गोलोकादीनि धामानि समाधौ ते व्यचक्षत । तत्र कृष्णस्य रूपाणि सहैश्वर्यादिभिस्तथा ॥ ६३
अन्तकाले हरेस्तस्य भक्तान् नॄन् योषितस्तथा । तत्पार्षदा एव निन्युःर्विमानैः कृष्णधाम हि ॥ ६४

---

દેશદેશાંતરમાં વિચરણ કરવા નીકળ્યા.[૫૫] ભગવાન શ્રીહરિની આજ્ઞાથી દેશદેશાંતરોમાં ગયેલા સંતો જ્યાં જ્યાં વિચરણ કરતા ત્યાં ત્યાં પ્રગટ ભગવાનના પ્રાદુર્ભાવ આદિકની સઘળી વાતો કરતા. ત્યારે ધર્મના દ્વેષી જનો હતા તે પણ તે વાતોને સત્ય માનવા લાગ્યા.[૫૬] યથાર્થ બોલનારા ને સુજ્ઞ એવા તે સર્વે સંતોને શાસ્ત્રવેત્તા વિદ્વાનો પણ વાદવિવાદમાં જીતવા સમર્થ થતા નહિ. પરંતુ તે સંતો જ પંડિતોને તત્કાળ પરાજિત કરી દેતા.[૫૭]

હે રાજન્ ! સંતોના મુખેથી ભગવાન સંબંધી અને એકાંતિક ધર્મસંબંધી વાતો સાંભળી સર્વેજનો આશ્ચર્ય પામતા અને તેમાં જે મુમુક્ષુઓ હતા તે દઢનિશ્ચય કરી તે સંતોનું શરણું સ્વીકારતા હતા.[૫૮] તે સમયે સંતો શરણે આવેલા મુમુક્ષુઓને હરિનામનો અને પ્રગટ ભગવાન શ્રીહરિકૃષ્ણની ભક્તિનો ઉપદેશ આપતા. તથા જ્ઞાન, વૈરાગ્યાદિ ધર્મવંશનો આશ્રય કરાવી દંભાદિ અધર્મવંશના દુર્ગુણોનો ત્યાગ કરાવતા હતા.[૫૯] હે રાજેન્દ્ર ! પૃથ્વીપર તે તે દેશોમાં રહેલા હજારો મનુષ્યો સંતોનું શરણું સ્વીકારી પોતપોતાના મત અને ગુરુઓનો ત્યાગ કરી પ્રત્યક્ષ શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવા લાગ્યા.[૬૦] તે સમયે દેશાંતરમાં પુરે પુરે અને ગામે ગામે સર્વે મનુષ્યો ભેળા મળીને ભગવાન શ્રીહરિની જ વાર્તા કરતા હતા.[૬૧] હે રાજન્ ! જે મનુષ્યો સંતોનું શરણું સ્વીકારી ભગવાન શ્રીહરિનું ભજન સ્મરણ કરતા તેમાં હજારો મનુષ્યોને તો તે જ ક્ષણે સમાધિની સ્થિતિ પ્રાપ્ત થતી હતી.[૬૨]

હે રાજન્ ! સમાધિમાં તેઓને ગોલોક આદિક ધામોનાં દર્શન થતાં અને તે

भक्ता अभक्ता अप्येतदाश्चर्यं हि क्वचित्क्वचित् । प्रत्यक्षमेव ददृशुर्म्रियमाणे तदाश्रिते ॥ ६५
एवं हि कृष्णो भगवान् दयालुर्विनापि साक्षान्निजदर्शनं सः ।
प्रतापमात्मीयमदीदृशन्नृन्मानुष्यनाट्यं दधदूर्जितश्रीः ॥ ६६

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे क्रोधनियमनोपदेशनामा त्रयस्त्रिंशोऽध्यायः ॥ ३३ ॥*

---

તે ધામોમાં રહેલાં ઐશ્વર્યો, પાર્ષદો અને શક્તિઓએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનાં દિવ્ય સ્વરૂપોનાં દર્શન થતાં.[૬૩] સંતોના યોગે પ્રગટ ભગવાન શ્રીહરિનો આશ્રય કરી તેનું ભજન-સ્મરણ કરતા હજારો નરનારીઓનો જ્યારે અંતકાળ આવે ત્યારે શ્રીહરિના પાર્ષદોજ વિમાનમાં બેસાડી ધામમાં લઈ જતા હતા.[૬૪] આ પ્રમાણે ભક્તજનોને અંતકાળે તેઓનાં શરીરનો ત્યાગ કરાવી દિવ્ય વિમાનમાં બેસાડીને લઈ જતા ત્યારે ક્યારેક ક્યારેક ભક્તો અને અભક્તોને પણ આશ્ચર્યકારી પ્રત્યક્ષ દર્શન થતાં.[૬૫]

હે રાજન્ ! આ રીતે મનુષ્યનાટકને ધરી રહેલા અને અતિશય પ્રભાવશાળી દયાળુ સકલ ઐશ્વર્ય સંપન્ન શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતાનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં ન હતાં, પરંતુ સંતોના કહેવાથી શરણે થયા હતા તેવા જનોને પણ પોતાના અલૌકિક પ્રતાપનાં દર્શન કરાવતા હતા.[૬૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં દેશદેશાંતરોમાં વિચરણ કરવા જતા સંતોને ક્રોધને નિયમમાં કરવાનો ઉપદેશ કર્યો એ નામે તેત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. –૩૩–***

---

अथ चतुस्त्रिंशोऽध्यायः - ३४

सुव्रत उवाच -

प्रतापो व्यानशे तस्य प्रभोर्दिक्षु दशस्वपि । दैवा जीवा मुमुदिरे तेन चुक्षुभुरासुराः ॥ १
दैत्यांशा गुरवो ये ते निजशिष्यांस्तदाश्रयम् । कुर्वाणान्वीक्ष्य नो तस्य प्रतापं सोढुमीशिरे ॥ २
द्विषतस्तं च ते राज्ञो दैतेयांशसमुद्भवान् । मिलित्वा सह तैः सर्वेऽदुध्रुक्षन् हरये नृप ! ॥ ३
तत्र केचिन्महावीरान्कालीभैरवसंश्रितान् । तं हन्तुं प्रैषयन्नुग्रान् बुभुक्षून्कष्टसाधितान् ॥ ४
हरेस्ते त्वीक्षणादेव दह्यमाना इतस्ततः । क्रोशन्तश्च भ्रमन्तश्च तानेवैत्याऽऽर्दयन् भृशम् ॥ ५
सद्वेषं धारयित्वैके तदन्तिकमुपेत्य च । प्रच्छन्नं प्राक्षिपंस्तस्मिन् माषमुष्टीन् सुमन्त्रितान् ॥ ६

---

## અધ્યાય - ૩૪

### ભગવાન શ્રીહરિનો પ્રતાપ સહન ન થવાથી અસુર ગુરુઓ અને રાજાઓ ક્રોધે ભરાયા અને શ્રીહરિને મારવા કરેલા અનેક ઉપાયો.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! અતિ સમર્થ ભગવાન શ્રીહરિનો પ્રતાપ દશે દિશાઓમાં ફેલાયો. તેથી દૈવી સંપત્તિવાળા જનો હતા તે ખૂબ જ રાજી થવા લાગ્યા. અને આસુરી સંપત્તિવાળા દુષ્ટજનો હતા તે અત્યંત ખેદ પામવા લાગ્યા.[૧] સંતોના ઉપદેશથી પોતાના શિષ્યોને ભગવાન શ્રીહરિનો આશ્રય કરતા જોઇ દૈત્યાંશ ગુરુઓ અત્યંત દાઝવા લાગ્યા અને ભગવાન શ્રીહરિના પ્રતાપને સહન કરવા સમર્થ થયા નહિ.[૨]

હે રાજન્ ! દૈત્યાંશ ગુરુઓ શ્રીહરિની સાથે દ્વેષ કરતા દૈત્યાંશ રાજાઓની સાથે મળીને ભગવાન શ્રીહરિને પીડવાની ઇચ્છા કરી.[૩] તેઓમાંથી કેટલાક મહાકાલીના અને કેટલાક ભૈરવના ઉપાસકો હતા. તેઓએ મહાકષ્ટથી સાધીને વશ કરેલા મહાભયંકર અને ભૂખ્યાડાંસ મહાવીરોને ભગવાન શ્રીહરિને મારવા પ્રેરણા કરી.[૪] તે મહાવીરો તો શ્રીહરિની દૃષ્ટિ માત્રથી બળવા લાગ્યા અને આમતેમ ભાગવા લાગ્યા તથા ચીસો પાડવા લાગ્યા, ત્યાંથી જઇ પ્રેરણા કરનારા અસુરાંશ ગુરુઓનેજ વળગી તેઓને અત્યંત પીડવા લાગ્યા.[૫]

હે રાજન્ ! તેમાંથી એક અસુરાંશ ગુરુએ તો ઉપરથી સૌમ્યવેષ ધારણ કરી ભગવાન શ્રીહરિની સમીપે આવી છૂપી રીતે મંત્રેલા અડદની મૂઠી શ્રીહરિ

केचिद्विषप्रयोगांश्च तस्मिंश्चक्रुः सुदुःसहान् । प्रलोभ्य स्त्रीः कार्मणानि ताभिः केचिदकारयन् ॥ ७
इत्याद्यैर्मारणोपायैर्हरिस्त्वाप न विक्रियाम् । तत्कारिणस्तु सम्प्रापुर्महारोगान् स्वपातकैः ॥ ८
वंशोच्छेदश्च केषाञ्चिदाढ्यानां च धनक्षयः । आसीत्तद्द्रोहिणां राज्ञां राज्यभ्रंशश्च भिक्षुता ॥ ९
हरेरध्वानमाबद्ध्य व्रजतः क्वापि केचन । मिलित्वा यूथशस्तस्थुस्तं हन्तुं चोद्यतायुधाः ॥ १०
मायया मोहितास्तेऽपि हरेरद्भुतकर्मणः । पश्यन्तोऽपि न तं शेकुर्हन्तुं गच्छन्तमग्रतः ॥ ११
यथाशक्ति यथाबुद्धि यथावित्तं यथासुहृत् । एवं तन्मारणोपायांश्चक्रुः सर्वेऽपि दुर्जनाः ॥ १२
तथाप्यजेयं देवेशैरपि तं ते कथञ्चन । पराभावयितुं राजन्न शेकुर्भूरितेजसम् ॥ १३
साक्षाद्धरेर्यदा द्रोहं कर्तुं शेकुर्न ते क्वचित् । तदा तस्यानन्यभक्तान् रुरुजुस्तानितस्ततः ॥ १४

ઉપર ફેંકી, છતાં શ્રીહરિને કાંઈ જ થયું નહિ.[૬] કેટલાક અસુરોએ તો સહન ન કરી શકાય તેવા કાતિલ ઝેરના પ્રયોગો નાગરવેલના પાનબીડાંમાં મૂકીને કર્યા અને કેટલાક અસુરો કામણટૂમણ જાણતી સ્ત્રીઓને ધનનું પ્રલોભન આપી મંત્રતંત્રના પ્રયોગો કરાવ્યા.[૭]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિને મારવા માટે આવા અનેક ઉપાયો કરવામાં આવ્યા, છતાં ભગવાન શ્રીહરિને તેની લેશમાત્ર અસર થઈ નહિ. ઉલટાના મારવાના પ્રયોગ કરનાર ઉપર જ તેની માઠી અસર થઈ અને તેઓ મરણ પમાડે તેવા મહારોગથી ઘેરાયા.[૮] તેમાંથી કેટલાકના વંશનો ઉચ્છેદ થયો. ધનવાનોના ધનનો નાશ થયો, રાજાઓનાં રાજ્ય નાશ પામ્યાં અને સૌ ભિખારીઓ થઈ ભમવા લાગ્યા.[૯]

આમ છૂપી રીતે ભગવાન શ્રીહરિને મારવા સફળ ન થયા ત્યારે કેટલાક ગુરુરૂપ અસુરો ભેળા મળ્યા અને હાથમાં ખુલ્લાં શસ્ત્રો ધારણ કરી ભગવાન શ્રીહરિને જે તે સ્થળે આવવા જવાના માર્ગને આંતરીને તેમને મારવા માટે બેઠા.[૧૦] આશ્ચર્યકારી ચરિત્રો કરતા ભગવાન શ્રીહરિની માયાથી મોહ પામેલા મૂઢ રાજારૂપ અને ગુરુરૂપ અસુરો તો શ્રીહરિ પોતાની આગળથી નિર્ભયપણે ચાલ્યા જાય છે, તેને પ્રત્યક્ષ જુએ છે, છતાં પણ તેમને મારવા સમર્થ થયા નહિ.[૧૧]

હે રાજન્ ! આ પ્રમાણે દુર્જન અસુરો પોતાની શક્તિ, બુદ્ધિ, ધન અને સખાઓના સામર્થ્ય અનુસાર ભગવાન શ્રીહરિને મારવાના ઘણા બધા ઉપાયો કર્યા.[૧૨] હે રાજન્ ! બ્રહ્મા, શિવ આદિ ઈશ્વરોથી પણ જે પરાભવ ન પામે એવા મહા તેજસ્વી મહાપ્રતાપી શ્રીહરિને તેઓ કોઈ પણ ઉપાયે કાંઈ પણ કરી શક્યા નહિ.[૧૩]

चरन्तः पुण्यतीर्थानि मुनयो यत्र यत्र ते । जग्मुस्तत्तद्देशनृपा गुरवश्चार्दयन् हि तान् ॥ १५
श्रीकृष्णस्य प्रतिकृतीः क्वचिदाच्छिद्य केचन । दुर्धियः खण्डयन्ति स्म भंक्त्वा सिंहासनानि च ॥ १६
कण्ठेभ्यस्तुलसीमालास्त्रोटयन्ति स्म केचन । प्रामृजन्नूर्ध्वपुण्ड्राणि ललाटेभ्यश्च केचन ॥ १७
जहुर्वासःपुस्तकादि बभञ्जुश्च कमण्डलून् । अभक्ष्यं मत्स्यमांसादि केचिद्भैक्ष्ये च चिक्षिपुः ॥ १८
अस्पृश्यस्त्र्यादिसंस्पर्शं दुष्टाः केचिदचीकरन् । अभाषयंश्च नारीभिरवदांस्तांस्त्वताडयन् ॥ १९
अस्फाटयन् गुह्यपटान् भैक्षे धूलिं च चिक्षिपुः । केचित्तु पाकपात्राणि बभञ्जुरतिकोपतः ॥ २०
अपशब्दान् ब्रुवन्तश्च तान् वृथा केऽप्यताडयन् । तदुत्कर्षासहा इत्थं तेऽपचक्रुरनेकधा ॥ २१

**નિર્માની સંતોને અસુરોએ આપેલી પીડા :–** હે રાજન્ ! સાક્ષાત્ ભગવાન શ્રીહરિનો પરાભવ કરવા અસુરો જ્યારે સમર્થ થયા નહિ, ત્યારે પૃથ્વી પર વિચરણ કરતા શ્રીહરિનો અનન્ય આશ્રય કરતા સંતોને ચારે બાજુએથી તે અસુરો બહુ જ પીડવા લાગ્યા.[૧૪] પુણ્ય ક્ષેત્રમાં સંતો જ્યાં જ્યાં વિચરણ કરતા હતા તે તે દેશના અસુર રાજાઓ તથા ગુરુઓ સંતોને બહુ જ કષ્ટ આપવા લાગ્યા.[૧૫] તેમાં કેટલાક દુષ્ટ બુદ્ધિવાળા અસુરાંશ ગુરુઓ સંતોને પૂજવાની ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિઓને બલાત્કારે ઉઠાવી જતા અને સિંહાસનો ભાંગી નાખતા હતા.[૧૬] કેટલાક અસુરો તો સંતોના કંઠમાંથી તુલસીની કંઠીઓ તોડી નાખતા, કેટલાક ભાલમાં કરેલાં ઉર્ધ્વપુંડ્ર્ તિલકને ભૂંસી નાખતા.[૧૭] કેટલાક અસુરો સંતોનાં વસ્ત્ર, પુસ્તકો આદિકને ઉઠાવી જતા અને કમંડલુને ભાંગી નાખતા હતા. તથા કેટલાક અસુરો સંતોના ભિક્ષાપાત્રોમાં મરેલાં માછલાં આદિક અભક્ષ્ય પદાર્થો નાખતા.[૧૮] કેટલાક દુષ્ટ ગુરુરૂપે કે રાજારૂપે રહેલા અસુરો સંતો સ્ત્રીઓનો સ્પર્શ ન કરતા જાણી સ્ત્રીઓને પ્રેરી બળજબરીથી સ્પર્શ કરાવતા અને સ્ત્રીઓ સાથે બલાત્કારે બોલાવતા અને ન બોલે તો સંતોને લાકડીઓના બહુ માર મારતા હતા.[૧૯] હે રાજન્ ! કેટલાક અસુરો અતિશય ક્રોધ કરીને સંતોનાં કંથા, કૌપીન આદિ વસ્ત્રો ફાડી નાખતા અને કેટલાક સંતોને ભિક્ષામાં મળેલા અન્નના પાત્રમાં ધૂળ નાખીને ભાગી જતા. તથા કેટલાક અસુરો તો ભગવાનને નૈવેદ્ય ધરવાના પાત્રો તોડી નાખતા.[૨૦] કેટલાક સંતોને અપશબ્દો, ગાળો અને કઠોર વચનો બોલીને કારણ વિના ખૂબજ માર મારતા. હે રાજન્ ! આ પ્રમાણે જન સમુદાયમાં વધી રહેલા સંતોના ઉત્કર્ષને સહન ન કરી શકવાથી તે રાજાઓ અને ગુરુરૂપ અસુરો અનેક ઉપાયોથી સંતોનો મોટો તિરસ્કાર અને અપમાન કરવા લાગ્યા.[૨૧]

तत्र तत्रान्नसत्रेषु हरिणा स्थापितानपि । साधून्सन्ताड्य निष्कास्य बभञ्जुस्तानि केचन ॥ २२
मुनयस्ते तु तत्सर्वं सेहिरे क्षमिणोऽर्दनम् । शुकर्षभार्षभनिभा जितक्रोधा जितेन्द्रियाः ॥ २३
दुष्टैर्निष्कास्यमानास्ते दिग्भ्योऽष्टभ्य इतस्ततः । नारायणमुनेः पार्श्वमाययुर्यूथशस्ततः ॥ २४
तानागतान् स भगवान्मानयित्वा यथोचितम् । तेषां वृत्तान्तमप्राक्षीत्ततस्ते सर्वमूचिरे ॥ २५
नीलकण्ठः स तच्छ्रुत्वा प्राह तान्सर्ववित्प्रभुः । आगतः क्षयकालो हि तेषां युष्मदतिक्रमात् ॥ २६
यदा निरपराधानां साधूनां कोऽप्यतिक्रमम् । कुर्यात्स शिवतुल्योऽपि सानुबन्धो विनश्यति ॥ २७
आयुः श्रियं यशो धर्मं लोकानाशिष एव च । हन्ति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रमः ॥ २८
राजानो गुरवश्चैते दैत्यांशाः सन्ति भूतले । ते क्षीणसुकृता जाता युष्मद्द्रोहेण साम्प्रतम् ॥ २९

---

હે રાજન્ ! કેટલાક અસુરો જે તે દેશને વિષે ભગવાન શ્રીહરિએ સ્થાપન કરેલાં અન્નક્ષેત્રોનું સંચાલન કરતા સંતોને માર મારી બહાર કાઢી મૂકી અન્નક્ષેત્રોનો ધ્વંસ કરી નાખતા હતા.[૨૨] હે રાજન્, ક્રોધને જીતી જિતેન્દ્રિયપણે વર્તતા સંતો શુકદેવજી, ઋષભદેવ અને જડભરતની જેમ નિર્માની ભાવે ક્ષમા રાખી તે અસુરોએ ઊભી કરેલી સર્વે પીડાને સહન કરતા હતા.[૨૩] હે રાજન્ ! આમ આઠે દિશામાંથી અસુરોએ પીડા આપી સંતોને કાઢી મૂક્યા ત્યારે તેઓ પોતપોતાના મંડળના સંતોની સાથે મળી ભગવાન શ્રીહરિની સમીપે આવ્યા.[૨૪]

**શ્રીહરિએ આપેલું સંતોને આશ્વાસન :–** હે રાજન્ ! દેશદેશાંતરોમાં વિચરણ કરી પોતાની સમીપે આવેલા સર્વે સંતોનો શ્રીહરિએ યથાયોગ્ય માન આપી સત્કાર કર્યો, પછી સંતોને સમગ્ર વૃત્તાંત પૂછ્યું. ત્યારે સંતોએ પોતે અનુભવેલું સમગ્ર વૃત્તાંત શ્રીહરિને કહી સંભળાવ્યું.[૨૫] સર્વજ્ઞ એવા શ્રીહરિ આ સર્વ વૃત્તાંત જાણતા હતા છતાં સંતોની વાત સાંભળી તેઓના પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સંતો ! તમને દુઃખ આપનાર અસુરોનો વિનાશકાળ નજીક આવ્યો છે, કારણ કે તેઓએ તમારા જેવા પવિત્ર અને નિરપરાધી સંતોનો અપરાધ કર્યો છે. માટે તમારો અપરાધ કરનાર જો શિવતુલ્ય શક્તિશાળી હોય છતાં પરિવારે સહિત વિનાશને પામે છે.[૨૬-૨૭]

હે સંતો ! તમારા જેવા પવિત્ર સંતોનો અપરાધ, માત્ર શરીરના વિનાશનો જ હેતુ નથી, પરંતુ બહુ જ અનર્થકારી છે. તમારા જેવા મહાપુરુષોનો અપરાધ કરનાર પુરુષના આયુષ્યનો નાશ થાય છે. ધનનો નાશ થાય છે. તેની કીર્તિમાં કલંક લાગે છે, અને ધર્મનું અનુષ્ઠાન કરી ભેળું કરેલું પુણ્ય પણ નાશ પામી જાય છે. તેમજ સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિ થાય તેવાં કરેલાં સુકૃતો અને વડીલોના મળેલા

स्वपापेनैव ते सर्वे कालेनाल्पेन पापिनः । विनश्यन्ति यथापूर्वं कंसकेशिबकादयः ॥ ३०
सतां वो रक्षणार्थं हि राधिकारमणेच्छया । शास्तैतेषां नृपः कोऽपि वायोरस्त्यागतो दिशः ॥ ३१
ननु श्रीरामचन्द्रेण यः किंपुरुषराट् कृतः । तद्वंशो नीतिविच्छिष्य ईशानस्य कलानिधिः ॥ ३२
गौराङ्गो मुण्डितश्मश्रुर्दधत्केशांश्च शीर्षणि । मलहीनानि वस्त्राणि शस्त्राणि च धरत्यसौ ॥ ३३
गुणेषु षट्सूपायेषु चतुर्षु निपुणोऽस्ति च । अष्टादशविधस्यापि व्यवहारस्य निर्णये ॥ ३४
गारुडं माकरं क्रौञ्चं चक्रं सूचीमुखं महत् । वज्रं च सर्वतोभद्रमर्धचन्द्रं च शाकटम् ॥ ३५
शृङ्गाटकादीनि चासौ वेत्ति व्यूहानि सर्वशः । व्यूहान्यतः स्वसैन्यानि स चारयति भूतले ॥ ३६
तपस्विवेषो राजापि त्यक्तस्वर्णाद्यलंकृतिः । गुरुप्रोक्तं दशविधं स्वधर्मं पालयत्यसौ ॥ ३७

---

આશીર્વાદ પણ નાશ પામે છે. વધુ શું કહું ? જે કાંઇ પુણ્ય કર્મ કરેલું હોય તે સર્વેનો વિનાશ થાય છે.[૨૮] હે સંતો ! તમારો દ્રોહ કરવાથી અત્યારે પૃથ્વીપર રહેલા અસુરરાજાઓ અને અસુર ગુરુઓનાં સુકૃતોનો નાશ થઇ ગયો છે.[૨૯] જેમ પૂર્વે કૃષ્ણાવતાર વખતે કંસ, કેશી, બકાસુર વિગેરે અસુરોનો વિનાશ થયો હતો. તેવી જ રીતે અત્યારે ટૂંક સમયમાં જ તે પાપી અસુર ગુરુઓ અને અસુર રાજાઓનો તમારાં અપરાધને કારણે વિનાશ થશે.[૩૦]

હે સંતો ! તમારા જેવા પવિત્ર સંતોના રક્ષણ માટે ભગવાનના અસાધારણ સંકલ્પથી વાયુ દિશામાંથી આ અસુર ગુરુઓ અને રાજાઓને શિક્ષા કરનાર કોઇ રાજા આવશે.[૩૧] એ રાજા ભગવાન શ્રીરામચંદ્રજીએ કિંપુરુષ ખંડના અધિપતિ સ્થાને નિયુક્ત કરેલા વાલીપુત્ર અંગદના વંશમાં જન્મેલ છે, નીતિશાસ્ત્રમાં નિપુણ છે, ઇસુનો ઉપાસક છે, નાના નાના રાજાઓને પોતાના તાબે કરવાની કળામાં તે ચતુર છે.[૩૨] ગૌર શરીરવાળો છે, દાઢી મુછને મુંડાવે છે અને મસ્તક ઉપર કેશ વધારે છે, સ્વચ્છ વસ્ત્રો પહેરે છે. શસ્ત્રને ધારણ કરનારો.[૩૩] તે છ ગુણોમાં અર્થાત્ સંધિ, વિગ્રહ, યાન, આસન, સંશ્રય, દ્વૈધીભાવમાં નિપુણ છે. સામ, દામ, દંડ અને ભેદ આ ચાર ઉપાયોમાં પણ તે નિપુણ છે. તેવીજ રીતે ઋણ લેવું, દેવું આદિ અઢાર પ્રકારના વ્યવહારમાં પણ તે નિપુણ છે. (આ અઢાર પ્રકારના વ્યવહારને પંચમ પ્રકરણમાં રાજધર્મમાંથી જાણીલેવા.)[૩૪] એ રાજા સૈન્યની ગોઠવણીના અનેક પ્રકારના વ્યૂહને જાણે છે. જેવાં કે, ગરુડાકારવ્યૂહ, મકરાકાર, ક્રૌંચપક્ષ્યાકાર, ચક્રવ્યૂહ, સૂચિમુખ, મહદ્, વજ્રાયુધ, સર્વતોભદ્ર મંડલાકારવ્યૂહ, અર્ધચંદ્રાકાર, સકટ અને શૃંગાટકફલાકાર વ્યૂહ આદિ અનેક ઉપરોક્ત વ્યૂહના

प्रत्यक्षमेकमीशानं विनाऽन्यदैवतं न हि । इत्येकस्तस्य धर्मोऽस्ति द्वितीयश्च निगद्यते ॥ ३८
मनोनुरागः कर्तव्यस्तस्मिन्नेव प्रभाविति । नानृते शपथः कार्य ईशस्येति तृतीयकः ॥ ३९
आर्केऽह्न्याऽऽराधनं कार्यं तस्यैव च दिवानिशम् । जननी जनकश्चोभौ माननीयौ सदेति च ॥ ४०
न घातः कस्यचित्कार्यः षष्ठो धर्म इतीरितः । परदारा न गन्तव्याः स्तैन्यं कार्यं न कस्यचित् ॥ ४१
मिथ्या साक्ष्यं न कर्तव्यं नवमो धर्म इत्यसौ । परेषां च धनादीनि कामनीयानि न क्वचित् ॥ ४२
इत्थं दशविधं धर्मं पालयन्स नृपोत्तमः । संशिक्ष्य तानधर्मिष्ठान्करिष्यत्यवनं हि वः ॥ ४३
अलक्ष्यलिङ्गा वर्तध्वं तावद्यूयमिहानघाः ! । देशकालानुसारेण वर्तनं नीतिरस्ति हि ॥ ४४
पाण्डवाः कृष्णसाहाय्या अपि शात्रवसङ्कटे । अलक्ष्यलिङ्गा न्यवसन्विराटनगरे पुरा ॥ ४५

---

માધ્યમથી સમગ્ર સૈન્યને પૃથ્વીપર બધા જ સ્થળે ફેરવી શકે છે.[૩૫-૩૬] સ્વયં રાજા હોવા છતાં સુવર્ણાદિ અલંકારોને છોડીને તપસ્વીના જેવો વેષ રાખે છે. પોતાના ગુરુ ઈસુએ કહેલા દશ પ્રકારના સ્વધર્મનું સારી રીતે પાલન કરે છે.[૩૭]

**અંગ્રેજના દશ પ્રકારના ધર્મો :-** ૧. એક ઈસુ સિવાય બીજો કોઈ દેવ નથી આ એમનો પ્રથમ ધર્મ છે, ૨. સમર્થ તે ઈસુને વિષે જ પ્રેમ કરવો, ૩. અસત્યવાદમાં ઈસુના ક્યારેય પણ સોગંદ ન લેવા. ૪. રવિવારે રાત્રી દિવસ ઈસુની આરાધના કરવી અને વ્યવહારિક કાર્યમાં રજા રાખવી, ૫. માતાપિતાને સદાય આદર આપી માનવાં, ૬. કોઈ પણ મનુષ્યનો ઘાત ન કરવો, ૭. પરસ્ત્રી સાથે વ્યભિચાર ન કરવો, ૮. કોઈની કોઈપણ વસ્તુની ચોરી ન કરવી, ૯. કોઈની ખોટી સાક્ષી ન પૂરવી, અને ૧૦. લાંચ આદિ વડે પારકા ધનને લેવાની મનથી પણ ક્યારેય ઈચ્છા કરવી નહિ એ એમનો દશમો ધર્મ છે.[૩૮-૪૨]

હે સંતો ! આ પ્રમાણે દશ પ્રકારના ધર્મોનું યથાર્થ પાલન કરતો તે ઉત્તમરાજા અધર્મીઓને શિક્ષા કરી તમારું સર્વ પ્રકારે રક્ષણ કરશે.[૪૩] હે નિષ્પાપ સંતો ! એ રાજાનું આગમન ન થાય ત્યાં સુધી તમે સર્વે કોઈ ઓળખી ન શકે તેવા વેષને ધારણ કરો. કારણ કે, દેશકાળને અનુસારે વર્તન કરવું એ પણ એક પ્રકારની શાસ્ત્રની નીતિરૂપ ધર્મ જ છે.[૪૪] હે સંતો ! ભગવાન શ્રીકૃષ્ણની સહાય હોવા છતાં પૂર્વે પાંડવો શત્રુઓના સંકટ સમયે વિરાટનગરીમાં એક વર્ષ પર્યંત અલક્ષ્ય લિંગે એટલે કે, છૂપાવેષે નિવાસ કરીને રહ્યા હતા.[૪૫]

હે સંતો ! અંતે ધર્મનો જ જય થાય છે, અધર્મનો નહિ. સત્યનો જ જય થાય છે, અસત્યનો નહિ. આ પ્રમાણે આર્ષ વચનોને સત્યમાની તમે ચિંતામુક્ત

धर्मो जयति नाधर्मः सत्यं जयति नानृतम् । इत्यार्षवचनं सत्यं मत्वा निश्चिन्तमुष्यताम् ॥ ४६

**सुव्रत उवाच –**

इत्युक्ता नीलकण्ठेन मुनयस्ते तथैव हि । किञ्चित्कालमवर्तन्त क्षितौ ध्यायन्त एव तम् ॥ ४७

अविदिता असुरैर्गुरुभिर्नृभिर्मुनिगणा भुवि रङ्कजना इव ।
प्रथितवैष्णवचिह्नमपास्य ते नृप ! विचेरुरहंममतोज्झिताः ॥ ४८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे असुरांशगुरुनृपादिकृतसमुपद्रवनामा चतुस्त्रिंशोऽध्यायः ॥ ३४*

---

**થાઓ અને કોઇ ઓળખી ન શકે તેવા વેષે સુખપૂર્વક નિવાસ કરીને રહો.[૪૬]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીનીલકંઠવર્ણીએ જ્યારે કહ્યું, ત્યારે સર્વે સંતો તેમનું જ અંતરમાં ધ્યાન સ્મરણ કરતા કેટલોક કાળ સુધી પૃથ્વી પર કોઇ ઓળખી ન શકે એ રીતે ફરવા લાગ્યા.[૪૭] હે રાજન્ ! અહંતા અને મમતાનો સદંતર ત્યાગ કરીને વર્તતા સંતોએ સત્સંગના પ્રસિદ્ધ વૈષ્ણવ ચિહ્નોનો ત્યાગ કરી અસુરાંશ ગુરુઓ તથા તેમના શિષ્ય અસુરાંશ રાજાઓ જે રીતે આ સ્વામિનારાયણના સાધુ છે એમ ન જાણી શકે તે રીતે પૃથ્વી પર રંક જનોની રીતિ ધારણ કરી વિચરવા લાગ્યા.[૪૮]**

***આ પ્રમાણે અવતારી શ્રીનારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં દેશાંતરમાં વિચરણ કરવા ગયેલા સંતોને અસુરોએ બહુ ઉપદ્રવ કર્યો એ નામે ચોત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૪--***

---

अथ पञ्चत्रिंशोऽध्यायः - ३५

सुव्रत उवाच -

वर्धमानप्रतापेन तावत्तस्येच्छया प्रभोः । सद्द्रोहिणो नृपास्तेन विजिग्ये सकला भुवि ॥ १
अनायासेन सर्वेऽपि सद्द्रोहक्षीणमङ्गलाः । वशीकृता नृपास्तेन सद्रक्षोर्जिततेजसा ॥ २
हृतराज्या हृतस्थानास्ते नृपाला गतश्रियः । विनष्टबन्धुसुहृदो न्यूषुश्छन्नाः क्वचिद्भुवि ॥ ३
सदसल्लक्ष्मविद्राजा हरिभक्तेतरान् गुरून् । यथार्हं दण्डयामास दाम्भिकान् विषयैषिणः ॥ ४
औद्धवे सम्प्रदाये ये त्यागिनो गृहिणोऽपि वा । तान् यस्त्वपीडयत्कोऽपि राजा वान्येऽपि दाम्भिकाः ५
गृहीत्वा तांस्त्वसौ बद्ध्वा कण्ठपाशेन भूपतिः । सद्यो हन्ति स्म तेनाभूदाक्रोशो भूतले महान् ॥ ६
सद्द्रोहिणस्तदा ये ये ते ते भीतास्ततो भृशम् । यत्र तत्र निलीयैव निन्युः कृच्छ्रेण वासरान् ॥ ७

---

## અધ્યાય - ૩૫

## હરિ ઇચ્છાએ અંગ્રેજ સરકારનું શાસન આવ્યું અને સંતોના દ્રોહીઓને શિક્ષા કરી સીધાદોર કર્યા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સંતો પૃથ્વી પર અન્ય વેષે વિચરી રહ્યા હતા, તેવામાં અતિ સમર્થ ભગવાન શ્રીહરિની ઇચ્છાથી જેનો પ્રભાવ પ્રતિદિન વધતો જ રહ્યો હતો એવા વાયુ દિશામાંથી આવેલા અંગ્રેજ રાજાઓ પૃથ્વી પર સંતોનો દ્રોહ કરનારા સમસ્ત અસુર રાજાઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યો.[૧] ભગવાન શ્રીહરિના સંતોનું રક્ષણ કરવાથી જેનો પ્રભાવ આપોઆપ ખૂબજ વૃદ્ધિ પામ્યો છે. એવા અંગ્રેજ રાજાએ સંતોનો દ્રોહ કરવાથી જેનાં સર્વે સુકૃત નાશ પામ્યાં છે એવા આ આસુરી રાજાઓને લેશમાત્રના પ્રયાસ વિના પોતાને અધીન કર્યા.[૨]

હે રાજન્ ! સંતોનો દ્રોહ કરવાથી આસુરીરાજાઓનાં રાજ્ય ગયાં, સ્થાનો છિનવાઇ ગયાં, શોભા વિલીન થઇ, સગાસંબંધી, હેતુ સંતોષી, મિત્રવર્ગની સમાપ્તિ થઇ, તેથી તેઓ પૃથ્વીપર કોઇ ગુપ્ત જગ્યાએ સંતાઇને રહેવા લાગ્યા.[૩] સંત તથા અસંતનાં લક્ષણોને જાણતા તે અંગ્રેજ રાજાએ શ્રીહરિના આશ્રિત સંતો સિવાયના દંભી અને વિષયાસક્ત અસુરગુરુઓને યથાયોગ્ય દંડ કર્યો.[૪]

હે રાજન્ ! ઉદ્ધવસંપ્રદાયના અનુયાયી સંતો કે ગૃહસ્થ હરિભક્તોને જે કોઇ આસુરીરાજાઓ કે દંભી ગુરુઓ હેરાન કરતા, તેઓને આ અંગ્રેજ રાજા પકડી પકડી ગળે ફાંસો આપી તત્કાળ મોતને ઘાટ ઉતારતા તેથી પૃથ્વીપર અતિશય આક્રોશ વ્યાપી ગયો.[૫-૬] તે સમયે જે જે સંતોના દ્રોહીઓ હતા તે સર્વે

भारते सकले वर्षे तथा किंपुरुषेऽपि च । तस्यैव राज्यमभवत्सन्मार्गस्यैव रक्षितुः ॥ ८
कुर्वन्दिग्विजयं सोऽथ सौराष्ट्रेषु नृपः पुरम् । राजकूटाभिधं प्राप्य मासमेकमुवास च ॥ ९
हेतुं जानन्निजोत्कर्षे भक्तरक्षां हरेः सुधीः । तं द्रष्टुमासीदुत्कण्ठस्तस्मै दूतं निसृष्टवान् ॥ १०
स दुर्गपत्तने प्राप्य शीघ्रगस्तं प्रणम्य च । प्राञ्जलिर्भूपतेर्वाक्यं न्यवेदयदनाकुलः ॥ ११

**राजदूत उवाच –**

स्वामिन् ! दूतोऽस्मि नृपतेर्गवेन्द्रस्य महौजसः । राजकूटपुरे सोऽस्ति सेवितः शतशो नृपैः ॥ १२
स विजित्य दिशः सर्वाः प्रतापेन तवैव हि । भवन्तं द्रष्टुमुत्कोऽस्ति यास्यन्मुम्महिपत्तनम् ॥ १३
सोऽत्रागच्छेत्त्वदाज्ञा चेत्तत्राऽऽयाहि त्वमेव वा । यथेच्छं कुरु वर्णीन्द्र ! स्वतन्त्रोऽसि त्वमत्र हि ॥ १४
तव त्वदाश्रितानां च तद्राज्ये कुत्रचिद्भुवि । दुर्जनेभ्यो भयं नास्ति सर्वथेत्यवगम्यताम् ॥ १५

---

અંગ્રેજ રાજાથી અત્યંત ભય પામી જ્યાં ત્યાં ગુપ્ત સ્થળે છૂપાઇને મહા કષ્ટથી દિવસો પસાર કરતા હતા.[૭]

**શ્રીહરિ અને ગવર્નરનું રાજકોટમાં મિલન :–** હે રાજન્ ! કિંપુરુષખંડ ઉપરાંત સમગ્ર ભારતખંડમાં સત્યમાર્ગનું રક્ષણ કરતા એ અંગ્રેજ સરકારના એકાધિપત્ય ઉપર દિગ્વિજય પ્રાપ્ત કરતો તે અંગ્રેજ ગવર્નર સૌરાષ્ટ્ર પ્રાંતના રાજકોટ નામના નગરમાં આવ્યો. ત્યાં એક માસ સુધીનો તેનો પડાવ હતો.[૮-૯] "શ્રીસ્વામિનારાયણ ભગવાનના સંતો ભક્તોનું રક્ષણ કરવાથી મારો ઉત્કર્ષ થયો છે" આ પ્રમાણે તે અંગ્રેજ રાજા જાણતો હતો તેથી ભગવાન શ્રીહરિનાં દર્શન કરવાની તેને અત્યંત ઉત્કંઠા જાગી. ત્યારપછી પોતાનું નિવેદન જણાવવા એક દૂતને ભગવાન શ્રીહરિની પાસે મોકલ્યો. તે દૂત તત્કાળ ગઢપુર આવી શ્રીહરિને પ્રણામ કર્યા અને બે હાથ જોડી સ્વસ્થ મને ગવર્નરનું નિવેદન શ્રીહરિને સંભળાવવા લાગ્યો.[૧૦-૧૧]

ગવર્નરનો દૂત કહે છે, હે સ્વામિન્ ! મહાબળવાન અંગ્રેજ ગવર્નરનો હું રાજદૂત છું. તે ગવર્નર અત્યારે રાજકોટ નગરમાં આવ્યા છે. અન્ય સેંકડો રાજાઓ તેમની સેવા કરી રહ્યા છે.[૧૨] તેમણે આપના પ્રતાપથી જ દશે દિશાઓમાં વિજય પ્રાપ્ત કર્યો છે. અત્યારે તે આપનાં દર્શનની અંતરમાં ખૂબજ ઉત્કંઠા ધરાવે છે. પછી તે મુંબઇ જવા ઇચ્છે છે.[૧૩] હે વર્ણીરાજ સ્વામીજી ! જો આપની આજ્ઞા હોય તો તે ગવર્નર અહીં ગઢપુર આપનાં દર્શને આવે. અથવા આપ રાજકોટ પુર પધારી તેને ધન્ય કરો. તમે સ્વતંત્ર છો, તેથી તમારી ઇચ્છામાં આવે તે નિર્ણય લઇ

उत्तरं देहि मे स्वामिन् ! यथा तव चिकीर्षितम् । इति दूतवचः श्रुत्वा प्रसन्नो हरिरब्रवीत् ॥ १६

**श्रीनारायणमुनिरुवाच –**

स्वस्ति स्तात्तस्य भूभर्तुर्येनास्मत्साधवोऽविताः । रक्षोभ्य इव दुष्टेभ्यः सदसद्व्यक्तिवेदिना ॥ १७
दुर्लभः खलु भूपाल ईदृशः साम्प्रतं भुवि । अहमेवागमिष्यामि ततस्तं निकषा ननु ॥ १८
इत्युक्त्वा तं भोजयित्वा दूतं प्राह पुनर्हरिः । गच्छ त्वमग्रतो राज्ञे ब्रूह्याऽऽयाम्यहमद्य वै ॥ १९
इत्युक्तो हरिणा दूतः स्वभर्तारमुपेत्य तत् । यथावत्प्राह स ततो हृष्टः प्राह निजानुगान् ॥ २०
अत्र नारायणमुनिरद्य श्वो वाऽऽगमिष्यति । यदाऽऽगच्छेत्तदा सद्यो वाच्यं मेऽपि रहोजुषे ॥ २१
इत्यादिश्यानुगान् राजा हर्यर्चासाधनानि सः । एकत्रानीय हर्षेण प्रत्यैक्षत तदागमम् ॥ २२

---

શકો છો.[૧૪] આ પૃથ્વીપર તે ગવર્નરના રાજ્યમાં કોઈ પણ સ્થળે આપના આશ્રિત સંતો-ભક્તોને દુષ્ટપુરુષોથી હવે કોઈ પણ પ્રકારનો ભય રહ્યો નથી. તે પણ આપ નક્કી જાણો.[૧૫] હે સ્વામિન્ ! આપના અંતરમાં જે ઈચ્છા હોય તે મને જણાવો હું તે ગવર્નરને નિવેદન કરીશ. આ પ્રમાણે રાજદૂતનાં વચનો સાંભળી ભગવાન શ્રીહરિ ખૂબજ પ્રસન્ન થયા અને રાજદૂતને કહેવા લાગ્યા.[૧૬]

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે રાજદૂત ! આપના ગવર્નર સાહેબનું મંગળ થાઓ. કારણ કે, સત્અસત્ના વિવેકી તે ગવર્નરે અમારા સાધુઓનું દુષ્ટજનો થકી રક્ષણ કર્યું છે.[૧૭] અત્યારે પૃથ્વીપર આવો રાજા મળવો દુર્લભ છે. તેથી હું તેની સમીપે આવીશ.[૧૮] આ પ્રમાણે કહી ભગવાન શ્રીહરિએ રાજદૂતને ભોજન કરાવ્યું, અને ફરી તેને કહેવા લાગ્યા કે, હે રાજદૂત ! તમે અત્યારેજ આગળથી પ્રયાણ કરો અને ગવર્નરને મારા આગમનના શુભ સમાચાર જણાવો. હું અત્યારે જ ત્યાં આવવા નીકળું છું.[૧૯]

ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે રાજદૂતને આજ્ઞા આપી તેથી તે શુભ સંદેશો લઈ પોતાના માલિક ગવર્નર પાસે આવ્યો અને શ્રીહરિનાં વચનો યથાર્થ કહી સંભળાવ્યાં. તે સમયે રાજદૂતનાં વચનો સાંભળી ગવર્નર અતિશય ખુશ થયા અને પોતાના સેવકોને કહેવા લાગ્યા કે, હે સેવકો ! નારાયણમુનિ આજે અથવા આવતીકાલે અહીં પધારશે અને જ્યારે આ નગરમાં તેનું શુભ આગમન થાય ત્યારે હું ગમે તેવા ગુપ્ત સ્થળે હોઉં છતાં પણ મને તેમના શુભ સમાચાર તત્કાળ આપવા.[૨૦-૨૧] આ પ્રમાણે પોતાના સેવકોને આજ્ઞા આપી ગવર્નર ભગવાન શ્રીહરિના સન્માન અને પૂજા માટેની સામગ્રી ભેળી કરી એક જગ્યાએ રાખીને

तं मानयन् हरिरपि प्रथितप्रतापः प्रायात्परेद्यवि युतः परिमेयपद्भैः ।
आरुह्य चारुशिबिकां कतिभिश्चिदात्मसेवापरैरपि च वर्णिवरैः पुरं तत् ॥ २३
मार्गे जनास्तु शतशश्च सहस्त्रशस्तं श्रेयस्तनुं ह्यनुययुः क्षपितान्यकार्याः ।
भक्तास्तु तेषु तदवेक्षणमात्रकामा आसन् परे तु नृपमानदिदृक्षवोऽस्य ॥ २४
तद्राजपत्तनमवाप दिने द्वितीये नारायणो मुनिरहर्दशमक्षणान्ते ।
नैकक्षितीशशिबिरावलिमत्तनागवाहोष्ट्रगोरथपदातिगणावृतं च ॥ २५
दूरान्निशम्य जनताजयशब्दमुच्चैः सम्भ्रान्तराजकुलसैनिकपौरवृन्दैः ।
त्यक्तासनाशनशयादि समीक्ष्यमाणं राज्ञे शशंसुरनुगा हरिमागतं ते ॥ २६
श्रुत्वाऽऽगतं तमतिहर्षभृतः स सद्यस्त्यक्तान्यराजकुलकार्य उदारबुद्धिः ।
प्रत्युज्जगाम हरिमाशु चलन् पदातिस्तं चान्वधावदखिलोऽपि च राजसङ्घः ॥ २७

---

અતિ હર્ષપૂર્વક શ્રીહરિના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા.[૨૨]

હે રાજન્ ! આ પૃથ્વી પર પ્રસિદ્ધ પ્રતાપવાળા ભગવાન શ્રીહરિ પણ ગવર્નરના આમંત્રણને માન આપી પોતાની સેવામાં સદાય તત્પર રહેતા કેટલાક પદાતિઓ, પાર્ષદો, બ્રહ્મચારીઓ અને સંતોની સાથે સુંદર શિબિકામાં બેસીને બીજે જ દિવસે રાજકોટ નગર પ્રત્યે જવા નીકળ્યા.[૨૩] માર્ગમાં સેંકડો અને હજારો મનુષ્યો પોતપોતાનાં કાર્યો છોડી કલ્યાણમૂર્તિ ભગવાન શ્રીહરિની પાછળ પાછળ ચાલવા લાગ્યા, તેમાંથી જે હરિભક્તો હતા તેમના અંતરમાં કેવળ ભગવાન શ્રીહરિનાં દર્શનની ઈચ્છા હતી અને બીજા મનુષ્યો હતા તે સર્વેને તો ગવર્નર સરકાર શ્રીહરિનું કેવું સન્માન કરે છે, તે જોવાની ઈચ્છા હતી.[૨૪]

ભગવાન શ્રીનારાયણમુનિ ગઢપુરથી નીકળ્યા એને બીજે દિવસે બપોર પછીના સમયે રાજકોટ પ્રત્યે પધાર્યા. તે શહેર અનેક રાજાઓ અને તેનાં સૈન્યને રહેવા માટે બનાવેલા તંબુઓની શિબિરથી અને તેમાં રહેલા મદોન્મત્ત હાથીઓ, ઘોડાઓ, ઊંટો, બળદો, રથો અને પાયદળો વગેરે અનેક રાજસમુદાયથી શોભી રહ્યું હતું.[૨૫] શ્રીહરિની સાથે આવેલો જનસમુદાય ઉચ્ચે સ્વરે શ્રીહરિના નામનો જયઘોષ કરતા હતા. દૂર દૂર થતો શ્રીહરિનો જયઘોષ સાંભળી રાજસૈનિકો તથા પુરવાસીજનો પોતપોતાનાં આસન, ભોજન, શયન આદિ સર્વે ક્રિયાઓનો ત્યાગ કરી શ્રીહરિનાં દર્શન કરવા દોડાદોડી કરવા લાગ્યા. તે જ અવસરે રાજસેવકોએ ગવર્નરને શ્રીહરિના આગમનના શુભ સમાચાર આપ્યા.[૨૬]

तं धावनोच्छ्वसितफुल्लमुखं नरेन्द्रं हर्षाश्रुनेत्रमवलोक्य हरिश्च यानात् ।
उत्तीर्य यावदभियाति नृपः स तावत्तत्पादपद्मनिहितात्मशिरा ननाम ॥ २८
उत्थापितोऽथ हरिणा चिरमाश्लिषत्तं तस्थौ कृताञ्जलिपुटश्च मुखं स पश्यन् ।
दृग्भ्यां निपेतुरुदबिन्दव उन्मुदोऽस्य साकं हि सद्रिपुमदोद्यममानसौख्यैः ॥ २९
परस्परं सुखप्रश्नं कुर्वन्तौ तावथो जनाः । दृष्ट्वा सर्वे चिरस्निग्धौ सखायाविव मेनिरे ॥ ३०
वासस्थानं तदीयेभ्यो दापयित्वाऽथ भूपतिः । तत्करं स्वकरेणैव धृत्वाऽगाच्छिबिरं निजम् ॥ ३१
सामर्षा अपि भूपालास्तत्र ये सङ्गतास्तु ते । विस्मितास्तं नमश्चक्रुर्निर्मदा निरहंकृताः ॥ ३२
न्यवीविशद्रवेन्द्रस्तं स्वानीतेऽनर्घ्य आसने । तदीयांश्च मुनीन्नानापीठेषु स यथोचितम् ॥ ३३

---

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ કરુણા કરીને અહીં પધાર્યા છે, એવા શુભ સમાચાર સાંભળતાંની સાથે અતિશય હર્ષઘેલા થયેલા ઉદાર બુદ્ધિવાળા ગવર્નર પોતાના અન્ય રાજકાજનો તત્કાળ ત્યાગ કરી શ્રીહરિની સન્મુખ પગે દોડવા લાગ્યા. તે સમયે તેમની પાછળ સમસ્ત રાજાઓનો સમુદાય પણ દોડવા લાગ્યો.[૨૭] શ્રીહરિને મળવાની અતિ આતુરતા હોવાથી દોડતા આવતા ગવર્નરના શ્વાસોશ્વાસની ગતિ વધવાથી મુખ પણ પહોળું થયું અને આંખોમાંથી આનંદનાં અશ્રુઓ વહેવા લાગ્યાં. આવી સ્થિતિમાં દોડતા આવતા સાર્વભોમ ગવર્નરને જોઈને ભગવાન શ્રીહરિ શિબિકામાંથી ઉતરીને તેમની સન્મુખ જવા લાગ્યા, ત્યારે ગવર્નરે પણ સામે આવી શ્રીહરિના ચરણકમળમાં પોતાનું મસ્તક મૂકી નમસ્કાર કર્યા.[૨૮]

તે સમયે ભગવાન શ્રીહરિએ અતિ વહાલથી તેમને ઉઠાડ્યા ત્યારે ગવર્નર બહુવાર સુધી શ્રીહરિને હાથ જોડી ભગવાન શ્રીહરિના મુખકમળ સામેજ એક દૃષ્ટિ કરી ઊભા રહ્યા. તે સમયે અતિશય હર્ષને કારણે તેમના નેત્રોમાંથી હર્ષનાં અશ્રુઓ પડતાં હતાં, તે અશ્રુની સાથે જાણેકે શ્રીહરિના સંતોનો દ્રોહ કરનારા અસુર ગુરુઓ અને રાજાઓના ગર્વ, ઉદ્યમ, અભિમાન અને સુખનું પણ જાણે પતન થતું હોય તેમ જણાતું હતું.[૨૯]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ત્યારપછી તે બન્ને પરસ્પર કુશળ સમાચાર પૂછતા ભગવાન શ્રીહરિ અને ગવર્નરનું આવું મિલન જોઈ જાણે બન્ને જણા આગળના જન્મના ગાઢ મિત્ર હોયને શું ? આ પ્રમાણે સર્વે મનુષ્યો માનવા લાગ્યા.[૩૦] ગવર્નરે ભગવાન શ્રીહરિની સાથે પધારેલા સર્વે સંતો ભક્તોને ઉતારા અપાવી શ્રીહરિનો હાથ પોતાના હાથમાં લઈ પોતાની શિબિરમાં આવ્યા.[૩૧]

देशान्तरागतान् भूपान्निष्कास्य सदसोऽखिलान् । द्वित्रैः साकं स्वकै राजा तदन्तिक उपाविशत् ॥ ३४
दूरस्थितास्तं शतशो नृपालास्तस्यानुगाः शस्त्रभृतश्च सर्वे ।
नताननाः प्राञ्जलयो विनीताः सत्रासमैक्षन्त हरेः पुरःस्थम् ॥ ३५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे राजकूटपुरे भगवतो गवेन्द्रनृपसमागमो नाम पञ्चत्रिंशोऽध्यायः ॥ ३५ ॥*

---

તે સમયે રાજકોટપુરમાં ગવર્નર પાસે પોતાનું કાર્ય સિદ્ધ કરવા આવેલા સર્વે અસુરાંશ રાજાઓ ભગવાન શ્રીહરિ ઉપર ઈર્ષ્યાભાવ રાખતા હોવા છતાં ગવર્નર અને શ્રીહરિના પ્રેમભાવ સાથેનું મિલન જોઈ અતિશય વિસ્મય પામ્યા અને પોતાના મદ અને અહંકારનો ત્યાગ કરી ભગવાન શ્રીહરિને પણ નમસ્કાર કરવા લાગ્યા.[૩૨]

હે રાજન્ ! તે સમયે ગવર્નરે પોતાના હાથે ઉપાડી લાવી મહામોંઘી મોટી ખુરશી મૂકી અને તેના ઉપર ભગવાન શ્રીહરિને બેસાડ્યા. ત્યારપછી સાથે આવેલા મુક્તાનંદાદિ સંતો ભક્તોને પણ નાની નાની ખુરશીઓ મૂકી તેમના પર બેસાડ્યા.[૩૩] પછી ગવર્નરે દેશદેશાંતરમાંથી આવેલા રાજાઓને તથા પોતાના સેવકોને વિશાળ તંબુમાંથી બહાર મોકલ્યા અને માત્ર પોતાના બે ત્રણ મંત્રીઓની સાથે શ્રીહરિની સમીપે આવી ખુરશીઓ ઉપર બેઠા.[૩૪] તે સમયે બહાર રહેલા સેંકડો રાજાઓ તથા શસ્ત્રધારી તે ગવર્નરના સેવકો દૂર ઊભા રહી તંબુની બારીઓના ગોખમાંથી શ્રીહરિનું આવું ભવ્ય સન્માન જોઈને નમ્ર ભાવે બન્ને હાથ જોડી વિનયપૂર્વક શ્રીહરિની સન્મુખ બેઠેલા ગવર્નરને ભય સહિત જોઈ રહ્યા હતા.[૩૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ભગવાન શ્રીહરિ તથા ગવર્નરનું રાજકોટમાં મિલન થયું એ નામે પાંત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૫--***

---

### अथ षट्त्रिंशोध्यायः - ३६

सुव्रत उवाच -

ततो नारायणं नत्वा बद्धाञ्जलिपुटः स च । उवाच प्रश्रयानम्रो नीतिशास्त्रविशारदः ॥ १
स्वामिंस्त्वद्दर्शनाज्जातो ममानन्दोऽद्य वै महान् । त्वामहं न्राकृतिच्छन्नमवैमीश्वरमेव हि ॥ २
ब्रह्माण्डक्षोभकान्कामक्रोधादीनात्मवैरिणः । विजित्योपशमं यायुस्त्वदीयाः कथमन्यथा ॥ ३
त्वदाश्रितान् सतो ज्ञात्वा सच्छास्त्रोदितलक्षणान् । तद्द्रुहो दाम्भिका दुष्टा असन्तो दण्डिता मया ॥ ४
सद्द्रुहो गुरवो भूपा उच्छेदं प्रापिता मया । क्वचित्क्वचिच्च प्रच्छन्नं वसन्ति भुवि केचन ॥ ५
प्रतापोऽयं तवैवास्ति राजानो यन्मया भुवि । अनायासेन वर्णीन्द्र ! प्रायशः स्ववशीकृताः ॥ ६

---

## અધ્યાય - ૩૬

## ગવર્નર અને શ્રીહરિનો અદ્‌ભૂત સંવાદ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યારપછી નીતિશાસ્ત્રમાં પારંગત તે ગવર્નર રાજા બે હાથ જોડી વિનયથી નમ્ર થઈ ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! આજે તમારાં દર્શનથી મને બહુજ આનંદ થયો છે. હું તમને માનવના સ્વરૂપમાં છૂપાયેલા સાક્ષાત્ પરમેશ્વરજ જાણું છું. તમે સાક્ષાત્ પરમેશ્વર છો, એ વાત નક્કી જ છે.[૧-૨] કારણ કે, જો એમ ન હોય તો તમારા આશ્રિત ભક્તજનો અને આ સંતો કામ, ક્રોધાદિ મહા બળવાન અંતઃશત્રુઓ ઉપર વિજય મેળવી સાંસારિક વિષયોમાંથી કેવી રીતે વિરામ પામે ? કારણ કે તે કામ, ક્રોધાદિ અંતઃશત્રુઓ આ બ્રહ્માંડમાં નિવાસ કરી રહેલા બ્રહ્માદિ દેવોથી માંડી કીટ પર્યંતના સમસ્ત જીવપ્રાણીમાત્રને ક્ષોભ પમાડનારા છે. માટે પરમેશ્વરની કૃપા વિના અન્ય તેને કોઈ જીતી જ ન શકે.[૩]

હે સ્વામિન્ ! તમારા આશ્રિત સંતોને સચ્છાસ્ત્રમાં કહેલાં લક્ષણોએ યુક્ત સાચા જાણી, તેમનો દ્રોહ કરનારા અને દંભથી જીવન જીવતા અતિદુષ્ટ અસાધુઓને મેં દંડ કર્યો છે.[૪] તમારા સાચા સંતોનો દ્રોહ કરનારા આસુરી ગુરુઓ અને રાજાઓનો પણ મેં વિનાશ કર્યો છે. તેમ છતાં કેટલાક તે અસુરો પૃથ્વી પર ગુપ્ત સ્થળે ક્યાંક ક્યાંક નિવાસ કરીને રહે છે.[૫]

હે વર્ણિરાજ ! હે સ્વામિન્ ! આ પૃથ્વી પરના ઘણા ખરા રાજાઓને મેં અનાયાસે અધિન કર્યા છે તે આપના પ્રતાપનું જ પરિણામ છે, એમ હું જાણું છું.[૬]

चरन्त्वेते यथापूर्वं भुवि जीवहितावहाः । त्वदीयद्रोहिणो घात्या इति मेऽस्ति व्रतं किल ॥ ७
इति क्षोणीपतेर्वाक्यं निशम्य हरिरब्रवीत् । सुज्ञोऽसि भूपते ! सर्वं करोषि न्याय्यमेव हि ॥ ८
धर्मस्य च सतां रक्षा दण्डनं चापि तद्द्रुहाम् । पालनं स्वप्रजानां च धर्मो राज्ञः परो मतः ॥ ९
सद्धर्मरक्षया भूमावुत्कर्षो जायते तव । अधर्माश्रयणादन्ये क्षयं यान्ति च भूमिपाः ॥ १०
तव किम्पुरुषात् खण्डाद्यदिहागमनं नृप ! । ईशस्यैवेच्छेया धर्मगुप्त्यै जातमिति ध्रुवम् ॥ ११
एवमेव हि धर्मेण भवान्वर्तिष्यते यदि । तदा तु सर्वराजेन्द्रश्चक्रवर्ती भविष्यति ॥ १२
ये ये वृद्धिं गताः पूर्वं भूपाला भुवि विश्रुताः । ते ते संरक्षणेनैव सद्धर्मस्येति विद्धि भोः ॥ १३

---

સર્વ જીવપ્રાણી માત્રનું અકારણ હિત કરતા આપના આ સંતો હવે ભલે પૂર્વની માફક જ પૃથ્વીપર સુખપૂર્વક વિચરણ કરે. કારણ કે આપનો કે આપના સંતો ભક્તોનો દ્રોહ કરનારા દુષ્ટજનોનો વધ જ કરવો, એવો મેં નિર્ણય લીધો છે.[૭] હે રાજન્ ! આ પ્રમાણેનું પૃથ્વીપતિ ગવર્નરનું વચન સાંભળી ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા કે, હે ભૂપતિ ! તમે બહુ સુજ્ઞ છો. જે કાંઇ કરતા હશો તે ન્યાય સંગત જ કરતા હશો.[૮] ધર્મનું અને ધર્મનું રક્ષણ કરનાર સંતોનું સર્વથા રક્ષણ કરવું અને તેનો દ્રોહ કરનાર દુષ્ટ જનોને યથાયોગ્ય દંડ આપવો, તેમજ પ્રજાનું પુત્રની જેમ પાલન પોષણ કરવું, તે જ રાજાનો શ્રેષ્ઠ ધર્મ છે. એમ સત્પુરુષો કહે છે. સદ્ધર્મનું રક્ષણ કરવાથી આ પૃથ્વી પર તમારો ઉત્કર્ષ વધી રહ્યો છે અને અધર્મનો પક્ષ લેનારા અન્ય રાજાઓનો દિન પ્રતિદિન ક્ષય થઇ રહ્યો છે.[૯-૧૦]

હે નૃપ ! કિંપુરુષ ખંડમાંથી અહીં ભારતદેશમાં તમારું જે આગમન થયું છે તે પરમેશ્વરના સંકલ્પથી ધર્મની રક્ષા કરવા માટેજ થયું છે. આટલું નક્કી છે.[૧૧] તમે જો આવી રીતે ધર્મમાર્ગ ઉપર નીતિથી વર્તતા રહેશો તો સર્વે રાજાઓના અધિપતિ સાર્વભૌમ રાજા થશો.[૧૨] પૂર્વે જે જે પ્રસિદ્ધ રાજાઓ આ પૃથ્વી ઉપર મહા ઉત્કર્ષને પામ્યા છે, તે સર્વે રાજાઓ સદ્ધર્મનું અને સંતોનું રક્ષણ કરવાથી અને નીતિનું પાલન કરવાથી જ વૃદ્ધિ પામ્યા છે. બીજા કોઇ ઉપાયથી નહિ. આટલી વાત પણ તમે નક્કી માનજો.[૧૩] ભગવાન શ્રીહરિનું આવું વચન સાંભળી ભવબંધનમાંથી મુક્ત થવા ઇચ્છતા મુમુક્ષુ ગવર્નર રાજા પોતાના કલ્યાણનો ઉપાય શ્રીહરિને પૂછવા લાગ્યા કે, હે સ્વામિન્ ! આપની કૃપાથી હું આલોકના સમસ્ત રાજ્ય વૈભવાદિ સુખને પામ્યો છું. પરંતુ દેહના મૃત્યુ પછી પણ મને પરમસુખ પ્રાપ્ત થાય એમ હું ઇચ્છુ છું.[૧૪-૧૫] હે જગદ્ગુરુ ! તમે તમારા આશ્રિત જીવોને

इति श्रुत्वा हरेर्वाक्यं तं पप्रच्छ स भूपतिः । उपायं श्रेयसः स्वस्य मुमुक्षुर्भवबन्धनात् ॥ १४
प्राप्तं राज्यसुखं ह्येतत्कृपयैव तवाखिलम् । मयैहिकमथेच्छामि देहान्तेऽपि सुखं परम् ॥ १५
जीवानां स्वाश्रितानां त्वं संसृतेरसि मोचकः । अतोऽहमपि सम्प्राप्तः शरणं त्वां जगद्गुरो ! ॥ १६
तस्मान्निःश्रेयसोपायं ब्रूहि मे तव सम्मतम् । येनाञ्जसा विमुच्येय संसृतेरहमापदः ॥ १७

श्रीनारायणमुनिरुवाच –

एतद्व्यवसितं सम्यक् त्वया यद्धितमात्मनः । सच्छास्त्रसम्मतं वच्मि मया यन्निश्चितं नृप ! ॥ १८
सुखं वैषयिकं यत्तज्जीवैः सर्वत्र लभ्यते । अनादिबन्धमुक्तिस्तु नृदेहेनैव साध्यते ॥ १९
स त्वस्ति दुर्लभो नूनं क्षणिकश्चार्थसाधकः । अवश्यमेव तन्नाशो भविता नात्र संशयः ॥ २०
चिन्तामणिसमो यावत्स्ववशे वर्तते स च । सम्पादनीयं सुधिया कल्याणं तावदात्मनः ॥ २१
भक्तिर्भगवति श्रेयःसाधनं मे मतं परम् । स्वधर्मज्ञानवैराग्यैर्युक्ता कार्या च सा दृढम् ॥ २२

---

જન્મ મરણરૂપ સંસૃતિના બંધનમાંથી મુક્ત કરો છો. એથી હું પણ આજથી તમારે શરણે આવ્યો છું.[૧૬] તે કારણથી તમે મને મારી મુક્તિનો ઉપાય કહો. જેનું અનુષ્ઠાન કરવાથી હું પણ મહા આપત્તિરૂપ આ સંસૃતિમાંથી તત્કાળ મૂકાઇ જાઉં.[૧૭]

ગવર્નર રાજાનાં વચનો સાંભળી ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા કે, હે નૃપ ! તમે આ બહુ સારો નિર્ણય કર્યો છે. આવા પ્રકારના નિર્ણયથી તમારું આત્મકલ્યાણ અવશ્ય થશે અને તેથી જ મેં નક્કી કરેલું સચ્છાસ્ત્ર સંમત જીવના કલ્યાણનું સાધન હું તમને કહું છું, તેને તમે સાંભળો.[૧૮] પ્રાકૃત શબ્દાદિ પંચવિષય સંબંધી જે સુખ છે, તે તો જીવાત્માઓને સર્વે પ્રકારની જાતિના દેહોમાં પ્રાપ્ત થવું સુલભ છે. પરંતુ અનાદિ સંસૃતિના બંધનમાંથી મુક્તિ તો કેવળ એક મનુષ્ય દેહ થકી જ સિદ્ધ થાય છે.[૧૯] સર્વે પુરુષાર્થો જેના થકી મેળવી શકાય એવો આ માનવજન્મ મળવો ઘણો દુર્લભ છે. બહુ પુણ્યને અંતે મળ્યા પછી પણ ક્ષણભંગુર એવા મનુષ્યશરીરનો નાશ પણ અવશ્ય થાય છે. તેમાં કોઇ જાતનો સંશય નથી.[૨૦] એટલા માટે ક્ષણભંગુર છતાં ચિંતામણિ-તુલ્ય આ માનવશરીર જ્યાં સુધી પોતાના વશમાં હોય ત્યાં સુધીમાં ડાહ્યા મનુષ્યોએ આત્મકલ્યાણ સાધી લેવું જોઇએ.[૨૧] તેમાં ભગવાનની ભક્તિ કરવી એ આત્મકલ્યાણનું સર્વોત્તમ સાધન છે. એમ મારું માનવું છે. પરંતુ તે ભક્તિ સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત જ દૃઢપણે કરવી, એકલી ભક્તિ સિદ્ધ થાય નહિ.[૨૨] અને મેં કહેલાં આ અંગે સહિત ભક્તિ કરવાનો સિદ્ધાંત તે સમગ્ર સત્શાસ્ત્રનો સિદ્ધાંત છે. તેથી હે રાજન્ ! તમે સ્વધર્માદિ

सच्छास्त्राणां च सर्वेषां सिद्धान्तोऽस्त्ययमेव हि। साङ्गां भक्तिं ततः कृष्णे कुरु मोक्ष्यसि संसृतेः ॥ २३
एवमुक्तः स हरिणा प्रीतः पप्रच्छ तं पुनः । स्वधर्मज्ञानवैराग्यभक्तीनां लक्षणानि च ॥ २४
कथयामास भगवांस्ततस्तानपि तत्त्वतः । ततः सोऽतिप्रसन्नस्तं प्रोवाचातिविचक्षणः ॥ २५
स्वामिंस्त्वमेव भगवान्नराकृतिरसि ध्रुवम् । अतो भक्तिं करिष्यामि तवैवाहं निरन्तरम् ॥ २६
अद्यप्रभृत्यहं देव ! सकुटुम्बस्तवास्मि हि । इत्युक्त्वा दण्डवद्राजा प्रणनाम तमादरात् ॥ २७
तमुत्थाप्य हरिः प्राह प्रसन्नोऽस्मि वरं वृणु । इत्युक्तः प्राञ्जली राजा तमुवाचाश्रुलोचनः ॥ २८
स्वामिनारायण ! हरे ! मुच्येयाखिलदुष्कृतैः । बुध्द्यबुद्धिकृतैरद्येत्येतत्त्वत्प्रार्थयाम्यहम् ॥ २९
तस्मै तथास्त्विति वरं दत्त्वा च नियमान् हरिः । उपदिश्य स्वतन्त्रोऽसावुदतिष्ठासदासनात् ॥ ३०
उपहारान्समानीय स तावन्मन्त्रिभिः सह । चकारास्य महापूजां मुनीनां चातिभावतः ॥ ३१

---

ત્રણે અંગે સહિત ભગવાનની ભક્તિ કરો. તેનાથી તમો સંસારમાંથી મુક્ત થશો.[૨૩] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિનાં વચનો સાંભળી ગવર્નર રાજા બહુ જ પ્રસન્ન થયા અને સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત ભક્તિનાં લક્ષણો ફરી શ્રીહરિને પૂછ્યાં.[૨૪] ત્યારે ભગવાન શ્રીહરિએ તેમને સર્વેનાં યથાર્થ લક્ષણો સમજાવ્યાં. તે સાંભળી અતિશય વિચક્ષણ અને પ્રસન્ન થયેલા ગવર્નર શ્રીહરિને કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! તમે જ મનુષ્યાકૃતિમાં રહેલા પ્રગટ ભગવાન છો. તેથી નિરંતર હું આપની જ ભક્તિ કરીશ.[૨૫-૨૬] હે દિવ્ય મૂર્તિ પ્રભુ ! આજ દિવસથી આરંભીને હું મારા કુટુંબ પરિવારે સહિત આપનો છું. આ પ્રમાણે કહી ગવર્નર ભગવાન શ્રીહરિને આદરપૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૨૭]

ત્યારે શ્રીહરિએ તેમને ઊભા કર્યા અને કહેવા લાગ્યા કે, હે રાજન્ ! હું તમારા ઉપર ખૂબજ પ્રસન્ન થયો છું. તેથી મારી પાસેથી તમે કાંઈક વરદાન માગો. ત્યારે ગવર્નરના નેત્રોમાંથી આનંદનાં અશ્રુઓ વહેવા લાગ્યાં અને બે હાથ જોડી ભગવાન શ્રીહરિને કહેવા લાગ્યા કે, હે સ્વામિનારાયણ ! હે હરિ ! આજે આપનાં શ્રીચરણોમાં મારી એવી પ્રાર્થના છે કે મારાથી જાણે અજાણે થયેલાં સમગ્ર પાપકર્મમાંથી આજે જ મને મુક્તિ મળે.[૨૮-૨૯]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તે સમયે ભગવાન શ્રીહરિએ ''તથાસ્તુ'' કહીને ગવર્નરને વર આપ્યો અને અહિંસા આદિક મુખ્ય નિયમોનો ઉપદેશ કરી સ્વતંત્ર હોવાથી પોતાના આસન થકી ઉઠવાની ઈચ્છા કરી.[૩૦] ભગવાનનો અભિપ્રાય જાણીને તે સમયે જ રાજાએ તરત ભેળા કરી મૂકેલા પૂજાના ઉપચારો

अनर्घ्यैर्वसनै रम्यैः पौष्पैर्हारैश्च शेखरैः । हैमैर्विभूषणैः पूगताम्बूलादिभिरर्चिचत् ॥ ३२
ततः स्थितं प्राञ्जलिं तमाज्ञाप्य हरिराययौ । तेनानुयातः स्वावासं तं निवर्त्य बलात्पथि ॥ ३३
विस्मयं परमं प्राप्तास्तद्द्विषोऽपि नृपास्तदा । त्यक्तमानाः प्रणेमुस्तं पथि सङ्गत्य यूथशः ॥ ३४
गवेन्द्रः प्राह सर्वांस्तान् सद आहूय भूपतीन् । नारायणमुनिर्मान्यः सर्वैस्तत्साधवोऽपि च ॥ ३५
यः करिष्यति तद्द्रोहं स मे घात्यो न संशयः । इत्युक्तास्तेऽपि तद्वाक्यं शिरसा जगृहुर्नताः ॥ ३६
तत आरभ्य भुव्यासीद्ग्रामे ग्रामे पुरे पुरे । नारायणमुनिर्मान्यः सर्वैरित्येव घोषणा ॥ ३७
नृपानुगकृतातिथ्य उषित्वा तत्र तां निशाम् । प्रातर्दुर्गपुरं स्वामी गन्तुमैच्छन्नराधिप ! ॥ ३८

---

લાવીને મંત્રીઓની સાથે શ્રીહરિની પૂજા કરી. પછી મુક્તાનંદ સ્વામી આદિક મુનિમંડળની સ્નેહથી પૂજા કરી.[૩૧] પછી બહુ મૂલ્યવાળાં રમણીય વસ્ત્રો તથા સુવર્ણનાં આભૂષણો પણ શ્રીહરિના ચરણમાં અર્પણ કર્યાં. અને પુષ્પ નિર્મિત મનોહર હારો, તોરાઓથી તથા મહાથાળમાં ભરેલી સોપારી, તાંબૂલ, એલાયચી આદિકથી પૂજા કરી.[૩૨] પછી બે હાથ જોડી ઉભા રહેલા ગવર્નર રાજાની રજા લઇ ભગવાન શ્રીહરિ ત્યાંથી રવાના થયા. ત્યારે રાજા પણ શ્રીહરિને વળાવવા ઘણે દૂર સુધી પાછળ પાછળ આવ્યા. તે સમયે શ્રીહરિએ તેમને આગ્રહપૂર્વક પાછા વાળ્યા અને સ્વયં પોતાને ઉતારે પધાર્યા.[૩૩]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિને ગવર્નર આટલો બધો આદર આપી રહ્યા હતા ત્યારે શ્રીહરિનો દ્વેષ કરનાર અસુર રાજાઓ પણ પરમ વિસ્મય પામી ગયા અને પોતાનું અભિમાન છોડી માર્ગમાં ચાલ્યા જતા શ્રીહરિને કતારબંધ ઊભા રહીને પ્રણામ કરતા હતા.[૩૪] હે રાજન્ ! ગવર્નર પાછા પોતાના ભવનમાં જઇ સભામાં સર્વે રાજાઓને બોલાવ્યા અને કહેવા લાગ્યા કે, હે રાજાઓ ! તમારે સર્વેને આ શ્રીસ્વામિનારાયણનો અને તેમના સંતોનો હમેશાં આદર સત્કાર કરવો.[૩૫] મારાં વચનનો અનાદર કરી કોઇ પણ રાજા તેઓને ઉપદ્રવ કરી પીડા આપશે, તો તેનો હું વધ કરીશ. તેમાં કોઇ સંશય નથી. આ પ્રમાણે ગવર્નરે સર્વે રાજાઓને આદેશ આપ્યો, ત્યારે તે સર્વે રાજાઓ નમ્ર થઇ ગવર્નરનાં વચનો પોતાનાં મસ્તક ઉપર ચડાવ્યાં.[૩૬]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યારથી આરંભીને પૃથ્વી પર ગામે ગામ અને નગરે નગર એક એવો ઉદ્‌ઘોષ વ્યાપી ગયો કે શ્રીનારાયણમુનિ અને તેમના સંતોને રાજા આદિ સર્વેએ આદરસત્કાર કરવો, પરંતુ કોઇએ અપમાન કરવું નહિ.[૩૭]

स्वसेवानिरतं स्वामी नृपामात्यमथाब्रवीत् । राज्ञे निवेदयामात्य ! शीघ्रं जिगमिषां मम ॥ ३९
ततस्तूर्णमुपेत्यासौ भूपतिं प्राह तद्वचः । सोऽपि स्वतन्त्रं तं जानंस्तदन्तिकमगाद्द्रुतम् ॥ ४०
भगवन्तं प्रणम्यासौ तेन सम्मानितोऽस्मयः । गमनोद्यममालक्ष्य तस्य प्राञ्जलिरब्रवीत् ॥ ४१
महाननुग्रहः स्वामिंस्त्वयाऽतिकृपया मम । ततो मया नृदेहस्य साफल्यं प्राप्तमेव हि ॥ ४२
त्वां रक्षितुमिहेच्छा मे ह्यासीद्दिनपञ्चकम् । त्वं त्वद्यैवोद्यतो गन्तुं स्वतन्त्रं को निवारयेत् ॥ ४३

**श्रीनारायणमुनिरुवाच –**

त्वयास्मत्साधवो राजन्साधुलक्ष्मविदा यदा । रक्षिता दुष्टभूपालदेशिकादिकृतार्दनात् ॥ ४४

હે નરાધિપ ! અહીં ઉતારે પણ ગવર્નરના સેવકોએ ભગવાન શ્રીહરિનો ખૂબ જ ભાવથી આતિથ્ય સત્કાર કર્યો. ને ત્યાં રાજકોટ પુરમાં એક રાત્રી નિવાસ કરીને પ્રાતઃકાળે ભગવાન શ્રીહરિ આગળ જવાની ઈચ્છા કરી.[૩૮]

ત્યારપછી શ્રીસહજાનંદ સ્વામીએ પોતાની સેવામાં નિયુક્ત કરાયેલા ગવર્નરના રાજમંત્રીને બોલાવીને કહ્યું કે, હે મંત્રીઓ ! મારે ગઢપુર જવાની ઉતાવળ છે. તેથી તમે તત્કાળ ગવર્નરને અમારા જવાના સમાચાર જણાવો.[૩૯] શ્રીહરિનું વચન સાંભળી મંત્રી તત્કાળ ગવર્નરની સમીપે આવી શ્રીહરિના જવાના સમાચાર આપ્યા. ત્યારે તે ગવર્નરે પણ શ્રીહરિને પરમાત્મા હોવાથી સ્વતંત્ર છે એમ જાણતા હોવાથી તત્કાળ તેમની સમીપે આવ્યા ને પ્રણામ કર્યાં. ત્યારે શ્રીહરિએ પણ તેમને આદર આપ્યો. પછી શ્રીહરિ જવા તૈયાર થયા છે એમ જાણીને ગવર્નર નિર્માની થઈ બેહાથ જોડી ને કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! અતિ કૃપા કરીને તમે મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો છે. આપના આવવાથી આજ મારા માનવ જન્મનું સુકૃત સફળ થયું.[૪૦-૪૨] હે હરિ ! તમને અહીં પાંચ દિવસ રોકવાની મારા અંતરમાં ઈચ્છા હતી, પરંતુ આપ તો આજ જ જવા તૈયાર થયા છો. હે સ્વામી ! તમે તો સ્વતંત્ર છો, તમને કોણ રોકી શકે.[૪૩]

શ્રીનારાયણમુનિ પણ ગવર્નરના બહુ મહિમાપૂર્વકના ભાવને જોઈ કહેવા લાગ્યા કે, હે રાજન્ ! તમે સત્શાસ્ત્રોક્ત સાચા સાધુનાં લક્ષણ જાણતા હોવાથી અમારા સંતોનું દુષ્ટ રાજાઓ અને ગુરુઓના ત્રાસ થકી રક્ષણ કર્યું છે.[૪૪] ત્યારથી આરંભીને મારો તમારા ઉપર બહુ રાજીપો થયો છે. પરંતુ અત્યારે તમારી નિષ્કામ ભક્તિ જોઈને પરિવારે સહિત તમારા ઉપર હું ખૂબજ પ્રસન્ન થયો છું.[૪૫] હે રાજન્ ! તમારી નિષ્કપટ ભક્તિને વશ થઈ બે ત્રણ દિવસ અહીં રોકાવાનું મન થાય છે.

तत:प्रभृति मे प्रीतिस्त्वय्यासीदथ साम्प्रतम् । निश्छद्मभक्तिमालोक्य भृशं प्रीतोऽस्मि सानुगः ॥ ४५
त्वद्भक्तिवशतोऽत्राहं वसेयं द्वित्रिवासरान् । किन्तु दुर्गपुरे भक्ता आयाताः सन्ति दूरतः ॥ ४६
साधुसन्तर्पणादीनि तेषां कार्याणि सन्ति हि । तथापि त्वत्प्रीतिवशादिहाहं सद्य आगतः ॥ ४७
आवयोर्मेलनं जातं सिद्धस्तव मनोरथः । तद्भक्ततुष्ट्यै त्वधुना गमने क्रियते त्वरा ॥ ४८
धर्मेण पालयेदुर्वीं रक्षेः साधूंश्च भूसुरान् । दुर्बलेषु दयां कुर्या यामि दुर्गपुरे नृप ! ॥ ४९

राजोवाच -

यद्येवमेव कर्तव्यं तव तर्हि कृपां मयि । कृत्वा भुजिं विधायैव सानुगो गन्तुमर्हसि ॥ ५०

सुव्रत उवाच -

एवमुक्तः स भगवांस्तथेत्याहाथ भूपतिः । पाकं विधापयामास यथायोग्यं चतुर्विधम् ॥ ५१
तत्प्रीतये हरिः सम्यग्भोजयित्वाखिलान्निजान् । स्वयं च भुक्त्वा गमनेऽपराह्णे सज्ज आस सः ॥ ५२

---

પરંતુ દૂર દેશાંતરોમાંથી આવીને ભક્તજનો ગઢપુરમાં મારી રાહ જોઇ રહ્યા છે.[૪૬] તેઓને સંતોનાં તર્પણ કરવાં આદિક અનેક ઇચ્છાઓ છે. તેથી તે સંબંધી અનેક કાર્યો મારે કરવાનાં છે. છતાં તમારા પ્રેમને વશ થઇ હું તત્કાળ અહીં તમને મળવા આવ્યો.[૪૭] દૈવ ઇચ્છાએ આપણાં બન્નેનું મિલન થયું. અને તમારા મનની ઇચ્છા હતી તે પણ પૂરી થઇ તેથી હવે દેશદેશાંતરમાંથી આવેલા તે ભક્તોને રાજી કરવા માટે ગઢપુર જવાની ઉતાવળ છે.[૪૮]

હે રાજન્ ! ધર્મથી પૃથ્વીનું પાલન કરજો. સાધુ તથા બ્રાહ્મણોનું રક્ષણ કરજો, દુર્બળ ગરીબજનો ઉપર હમેશાં દયા રાખજો. હવે હું ગઢપુર જવા પ્રયાણ કરું છું.[૪૯] ત્યારે ગવર્નર રાજા પ્રેમથી કહેવા લાગ્યા કે, હે પ્રભુ ! આપ અહીંથી અવશ્ય પધારવાના જ હો તો કાંઇ વાંધો નહિ. પરંતુ સંતો અને ભક્તોએ સહિત આપ ભોજન કરીને પછી પધારો.[૫૦]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ગવર્નર રાજાનું વચન સાંભળી ભગવાન શ્રીહરિએ તેમને "તથાસ્તુ" કહ્યું. તેથી ગવર્નરે ચાર પ્રકારનાં યથાયોગ્ય ભોજનો તૈયાર કરાવ્યાં.[૫૧] ત્યારપછી ભગવાન શ્રીહરિએ ગવર્નરને રાજી કરવા માટે પોતાના સમસ્ત સંતો બ્રહ્મચારીઓ અને ભક્તોને ખૂબ જમાડ્યા, પછી પોતે પોતાને હાથે તૈયાર કરેલ ભોજન ઠાકોરજીને નૈવેદ્ય ધરીને જમ્યા. અને બપોર પછી ગઢપુર જવા માટે સૌ સજ્જ થયા.[૫૨] પોતાના નિવાસ સ્થાનેથી બહાર નીકળી ભગવાન શ્રીહરિ સુંદર અશ્વ ઉપર આરુઢ થયા. ત્યારે ગવર્નર પણ પોતાની

स्वावासतो निर्गतमश्वसंस्थं तमन्वगाद्भूमिपतिः ससैन्यः ।
विचित्रवादित्रनिनादिताशो देशान्तरीयक्षितिपानुयातः ॥ ५३
दूरागतं तं स निवर्त्य कृष्णो बलादनिच्छन्तमपि स्वभक्तम् ।
साकं निजैर्वर्णिमुखैः प्रसन्नः समाययौ दुर्गपुरं नरेन्द्र ! ॥ ५४
प्रत्युद्गतः पौरजनैः सभूपैर्वादित्रगीतैः सह भूपसद्म ।
उपेत्य तत्रावसदात्मतन्त्र आनन्दयन्स्वाश्रितजीवजातम् ॥ ५५
देशान्तरगतान् सर्वान् मुनीनाहूय सर्वतः । सभायामाह तान्सर्वं वृत्तं तद्राजकूटजम् ॥ ५६

**श्रीहरिरुवाच –**

श्रीकृष्णेन नृपद्वारा ह्युच्छेदः पापकर्मणाम् । असुराणां कृतो नृणां भुवि युष्मद्द्रुहां खलु ॥ ५७

---

ચતુરરંગીણી સેનાની સાથે બેન્ડ વાજાં આદિક અનેક પ્રકારનાં વાજિંત્રોને વગાડતા વગાડતા શ્રીહરિને વળાવવા તેમની પાછળ પાછળ ચાલ્યા અને ગવર્નર પાસે પોતાનું કાર્ય સિદ્ધ કરવા આવેલા દેશ દેશાંતરના રાજાઓ પણ શ્રીહરિની પાછળ વળાવવા ચાલ્યા.[૫૩]

**શ્રીહરિનું ગઢપુરમાં પ્રત્યાગમન :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ગવર્નર દૂર દૂર સુધી શ્રીહરિને વળાવવા પાછળ આવ્યા, અને શ્રીહરિને છોડીને પાછા જવાની મનમાં લેશ માત્ર ઈચ્છા થતી ન હતી, છતાં પણ ભગવાન શ્રીહરિએ પોતાના અનન્ય ભક્ત ગવર્નરને બહુ પ્રકારના પ્રયાસથી સમજાવી પાછા વાળ્યા, અને સ્વયં બહુજ પ્રસન્ન થતાં સાધુ, બ્રહ્મચારી, અને પાર્ષદોની સાથે દુર્ગપુર પરત પધાર્યા.[૫૪] તે સમયે અભયરાજાએ સહિત સમસ્ત ગઢપુરવાસી જનો વાજિંત્રોના નાદની સાથે ભગવાન શ્રીહરિનું સ્વાગત કરવા માટે પુરની બહાર સન્મુખ આવ્યા. તેઓની સાથે સ્વતંત્ર ભગવાન શ્રીહરિ અભયરાજાના રાજભવનમાં પધારી સર્વે પોતાના આશ્રિત સંતો ભક્તોને આનંદ ઉપજાવતા ત્યાંજ નિવાસ કરવા લાગ્યા.[૫૫]

પછી દેશદેશાંતરમાં વિચરણ કરતા સર્વે સંતોને ભગવાન શ્રીહરિએ ગઢપુર પ્રત્યે બોલાવ્યા, અને મોટી સભા કરીને સર્વે સંતો પ્રત્યે રાજકોટપુરનું સમગ્ર વૃત્તાંત કહી સંભળાવ્યું.[૫૬] પછી ભગવાન શ્રીહરિ કહે છે. હે સંતો ! આ પૃથ્વી પર પાપકર્મ કરતા અને તમને ઉપદ્રવ પમાડતા આસુરી રાજાઓ અને ગુરુઓનો વિનાશ ભગવાન શ્રીકૃષ્ણે ગવર્નર રાજા દ્વારા કરેલો છે.[૫૭] તેથી હે નિષ્પાપ સંતો ! તમે સર્વે પૂર્વની માફક જ આપણા ઉદ્ધવ સંપ્રદાયની રીત પ્રમાણે

अतो यूयं यथापूर्वं सम्प्रदायानुसारतः । धृतवेषाः सुखेनैव भूमौ विचरतानघाः ! ॥ ५८
इत्युक्तास्ते मुदं प्रापुश्चावर्तन्त यथा पुरा । प्रतापं तत्तु तस्यैव विदन्तो दृढनिश्चयाः ॥ ५९
हर्याज्ञयाऽथ व्रजत उषित्वा दिनपञ्चकम् । मुनींस्तान्वासयामास मासं तत्राभयो नृपः ॥ ६०
विक्रमार्कशकस्याब्दे वेदाङ्गवसुभूमिते । वर्तमाने तपोमासे हरेश्चरितमित्यभूत् ॥ ६१

एवं स धर्मप्रतिपक्षशान्तिं विधाप्य नारायण ऊर्जितश्रीः ।
उवास साकं मुनिभिः समेतैस्तत्रैव धर्मप्रिय आप्तकामः ॥ ६२
महाप्रतापस्य हरेश्चरित्रं यः कीर्तयेद्वा शृणुयादपीदम् ।
प्राप्नोति सर्वत्र जयं स नूनं तस्य प्रसादाच्च पुमर्थसिद्धिम् ॥ ६३

---

ઊર્ધ્વપુંડ્ર તિલક આદિ ચિહ્નો ધારણ કરીને સુખેથી ભૂમિપર વિચરણ કરો.[૫૮] હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળી સર્વે સંતો અતિશય આનંદ પામ્યા અને ગવર્નરનું આગમન અને અસુર ગુરુઓ અને રાજાઓનો થયેલો ઉચ્છેદરૂપ સમગ્ર પ્રભાવ તો આ ભગવાન શ્રીહરિનો જ છે. એ પ્રમાણે અંતરમાં જાણી શ્રીહરિના સ્વરૂપમાં દઢ નિશ્ચયવાળા સર્વે સંતોએ પૂર્વની પેઠે જ ઉદ્ધવસંપ્રદાયનાં ચિહ્નો ધારણ કરી વર્તવા લાગ્યા.[૫૯] તે સમયે સમસ્ત સંતો પાંચ દિવસ સુધી ગઢપુરમાં શ્રીહરિની સમીપે નિવાસ કરીને રહ્યા, અને ત્યારપછી શ્રીહરિની આજ્ઞાથી દેશાંતરમાં વિચરણ કરવા જવા તૈયાર થયા ત્યારે અભયરાજાએ ભગવાન શ્રીહરિને સંતોને ગઢપુરમાંજ રોકાવાની પ્રાર્થના કરી તેથી ભગવાને સર્વ સંતોને એક માસ સુધી ત્યાંજ નિવાસ કરવાનો આદેશ આપ્યો.[૬૦]

હે રાજન્ ! વિક્રમ સંવત ૧૮૬૪ ના માઘ માસના સમયગાળામાં ઉપરોક્ત રાજકોટપુરમાં ગવર્નરને મળવાનાં ચરિત્રનો ભગવાન શ્રીહરિએ વિસ્તાર કર્યો.[૬૧] આ પ્રમાણે અતિશય પ્રતાપશાળી, ધર્મપ્રિય, પૂર્ણકામ એવા શ્રીસ્વામિનારાયણ ભગવાને ધર્મના દ્વેષી અસુર ગુરુઓ અને અસુર રાજાઓનો પરાભવ ગવર્નર રાજા દ્વારા કરાવ્યો અને દેશાંતરમાંથી બોલાવેલા સંતો સાથે ગઢપુરમાંજ નિવાસ કરીને રહેવા લાગ્યા.[૬૨]

**આ ચરિત્રની ફલશ્રુતિ :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! મહાપ્રતાપી ભગવાન શ્રીહરિનનું આ પાવનકારી ચરિત્રનું જે ભક્તજન કીર્તન કરશે અથવા સાંભળશે તે ભક્તજનને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાથી સર્વદેશ અને સર્વકાળમાં વિજય પ્રાપ્ત થશે, તેમજ તેને ચારે પુરુષાર્થની સિદ્ધિ પણ થશે. આટલી વાત નક્કી છે.[૬૩]

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे भगवत्कृतगवेन्द्रवरप्रदानदुर्गपुरप्रत्यागमननिरूपणनामा षट्त्रिंशोऽध्याय: ॥ ३६ ॥*

---

**अथ सप्तत्रिंशोध्याय: - ३७**

**सुव्रत उवाच -**

एकादश्यां शुक्लपक्षे तपस्यस्य हरिर्नृप ! । कृताह्निकश्चकाराथ कृष्णपूजामहोत्सवम् ॥ १
सभामकारयदथाभयराजालयाङ्गणे । तत्रोपविष्टा अभवन् यथार्हं वैष्णवा निशि ॥ २
तन्मध्य उच्चपीठस्थ: स्वामी स शुशुभे स्वयम् । तारामण्डलमध्यस्थ: शारदेन्दुरिवाम्बरे ॥ ३
पृथक् पृथक् तमर्चन्तस्त्यागिनो गृहिणस्तथा । चक्रुर्जागरणं भक्ता: कृष्णसङ्कीर्तनादिभि: ॥ ४

---

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ભગવાન શ્રીહરિએ ગવર્નરને આપેલ ઉપદેશ અને ભક્તિનાં વરદાનનું નિરૂપણ કર્યું તથા ગઢપુરમાં પાછા પધારી સંતોને બોલાવી ત્યાં નિવાસ કરાવ્યો એ નામે છત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૬--***

---

## અધ્યાય - ૩૭

### શિયાણીના શિવરામવિપ્રે ગઢપુરમાં આવી ભગવાન શ્રીહરિને પૂછેલા ઉદ્ધવ સંપ્રદાયને પ્રકાશન કરનારા અઢાર પ્રશ્નો અને તેના ઉત્તરો.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સંવત ૧૮૬૪ ના ફાગણસુદ એકાદશીને દિવસે પ્રાતઃકાળે સ્નાન, સંધ્યા આદિ નિત્ય કર્મમાંથી પરવારી ભગવાન શ્રીહરિએ શ્રીકૃષ્ણ ભગવાનની પૂજાનો મોટો ઉત્સવ ઉજવ્યો. પછી અભયરાજાના દરબારના ચોકમાં રાત્રીના સમયે સુંદર સભાનું આયોજન કર્યું. તે સમયે ભગવાન શ્રીહરિના આશ્રિત સંતો-ભક્તો પોતપોતાની મર્યાદા પ્રમાણે સભામાં બેઠા હતા.[૧-૨] તે સભાની મધ્યે ઊંચા સિંહાસન ઉપર સ્વયં શ્રીહરિ જેમ આકાશને વિષે તારામંડળની મધ્યે શરદઋતુનો ચંદ્રમા શોભે તેમ શોભી રહ્યા હતા.[૩]

હે રાજન્ ! તે સમયે ત્યાગી સંતોએ તથા ગૃહસ્થ ભક્તજનોએ જુદુંજુદું

तदैक आयाद्विप्रेन्द्रः शिवरामाभिधः सुधीः । शर्वाणीग्रामवसतिर्मुमुक्षुर्धार्मिकः कविः ॥ ५
सौवीरदेशभूपेन हरिसिंहाभिधेन च । प्रेषितः स्वामिनस्तस्य ज्ञात्यध्वादिबुभुत्सुना ॥ ६
तं तदीयांश्च नत्वाऽसौ मानितस्तेन सादरम् । पृष्टश्चागमने हेतुमुपविष्टोऽब्रवीद्द्विजः ॥ ७
स्वामिन् ! सौवीरभूपस्त्वां स्तूयमानं जनैर्भुवि । कैश्चित्कैश्चिन्निन्द्यमानं नूतनाध्वप्रवर्तकम् ॥ ८
श्रुत्वा साश्चर्यचित्तोऽसौ तद्याथार्थ्यबुभुत्सया । द्रुतं मां प्रेषयद्विप्रं निकषा त्वां निजाश्रितम् ॥ ९
सोऽहं त्वां तावकीनांश्च दृष्ट्वैवाद्य सतोऽखिलान् । गतासन्मार्गशङ्कस्त्वां तत्प्रश्नान्वच्मि सत्पते ! ॥ १०
को ? देशो जन्मभूः का ? ते को ? ज्ञातिर्जनकश्च कः ? ।
को वेदः ? का च ? शाखा ? किं गोत्रं ? च प्रवराः कति ? ॥ ११

---

શ્રીહરિનું પૂજન કર્યું. તથા રાત્રિને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનાં સંકીર્તન સાથે જાગરણ કરવા લાગ્યા.[૪] તે સમયે શિવરામ વિપ્ર નામના એક ઉત્તમ બ્રાહ્મણ ત્યાં આવ્યા. તે બહુ બુદ્ધિમાન હતા. શિયાણી ગામના એ વિપ્ર મુમુક્ષુ અને ધાર્મિકવૃત્તિવાળા અને કવિત્વશક્તિને ધરનારા હતા.[૫] સર્વત્ર ભગવાનપણાની પ્રસિદ્ધિને પામેલા શ્રીસ્વામિનારાયણ ભગવાનની જ્ઞાતિ, સંપ્રદાય અને દેશ આદિ જાણવાની ઈચ્છાથી સૌવીરદેશના રાજા હરિસિંહે તેમને ગઢપુર મોકલ્યા હતા.[૬]

હે રાજન્ ! સભામાં પધારેલા શિવરામવિપ્રે શ્રીહરિ તથા સંતોને પ્રણામ કર્યા. તે સમયે શ્રીહરિએ તેમનો આદર સત્કાર કર્યો અને આસન આપી સભામાં બેસાડી તેમને આગમનનું કારણ પૂછ્યું. તેથી તે વિદ્વાન વિપ્ર શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! આ પૃથ્વીપર નવીન સંપ્રદાયનું પ્રવર્તન કરનારા તમારી કેટલાક લોકો ખૂબજ પ્રશંસા કરે છે. અને કેટલાક લોકો આક્ષેપો સાથે નિંદા પણ કરે છે.[૭-૮] તે બન્ને પ્રકારની વાતો સાંભળી અતિ આશ્ચર્યચકિત થયેલા અમારા રાજા હરિસિંહજીને એ બન્ને પ્રકારની વાતોમાંથી સત્ય શું છે તે જાણવાની ઈચ્છા છે. તેથી આપનો ચરણસેવક મને તત્કાળ આપની સમીપે મોકલેલ છે.[૯]

હે સંતોના સ્વામી ! શંકાશીલ રાજાએ સત્ય જાણવા મને તમારી પાસે મોકલ્યો છે તેથી હું અહીં તમારી પાસે આવ્યો છું. આપના અને આપના આશ્રિત સમસ્ત સંતો-ભક્તોનાં દર્શન કરતાંજ આપનો અસત્સંપ્રદાય સંબંધી સંશય તો દૂર થઈ ગયો છે. છતાં અમારા મહારાજાએ પૂછાવેલા કેટલાક પ્રશ્નો છે જે હું તમને પૂછુ છું.[૧૦]

कः ? सम्प्रदायस्तव को ? विष्णुदीक्षाप्रदो गुरुः ? । किं च शास्त्रमभीष्टं ते ? भक्तिर्भवति कीदृशी ।१२
अर्च्यन्ते बहवो देवाः स्थाप्यन्ते च त्वदाश्रितैः । तत्रेष्टः कोऽस्ति वोऽन्ये च मान्यन्ते केन हेतुना ? ॥ १३
का देवी ? सम्प्रदायेऽथ भवदीयेऽस्ति ? मालिका ।
कीदृशी कण्ठधार्योक्ता ? तिलकं चास्ति कीदृशम् ? ॥ १४
साधवो भवदीया ये लोकसाधुविलक्षणाः । कथं ? परमहंसाख्या उच्यन्ते भवदाश्रितैः ॥ १५
एते प्रश्नाः प्रभो ! राज्ञः सन्ति तस्य बुभुत्सतः । यथावदुत्तरं तेषां कृपया वक्तुमर्हसि ॥ १६

**सुव्रत उवाच** –

इत्थं स तेन सम्पृष्टो राजप्रश्नान्महामुनिः । ऊचे तदुत्तरं तथ्यं कुर्वन् स्वानप्यसंशयान् ॥ १७

**श्रीनारायणमुनिरुवाच** –

कोसलेषूत्तरेष्वस्ति नाम्नाऽयोध्यापुरी द्विज ! । योजनद्वितये तस्या ग्रामोऽस्ति छुप्पया उदक् ॥ १८

---

**અઢાર પ્રશ્નો :–** હે સ્વામિન્ ! આપશ્રીનો દેશ કયો છે ? જન્મભૂમિ કઈ છે ? જ્ઞાતિ કઈ છે ? આપશ્રીના પિતાનું નામ શું છે ? આપનો વેદ કયો છે ? શાખા કઈ છે ? ગોત્ર કયું છે ? પ્રવર કેટલા છે ? આપશ્રીનો સંપ્રદાય કયો છે ? આપને વૈષ્ણવી દીક્ષા આપનાર ગુરુ કોણ છે ? આપને કયું શાસ્ત્ર પ્રિય છે ? આપ કઈ રીતની ભક્તિ કરવામાં માનો છો ? આપના આશ્રિતો અનેક દેવતાઓનું પૂજન અને સ્થાપન કરે છે તેમાંથી તમે કોને ઈષ્ટદેવ માનો છો ? અન્ય દેવતાઓનું સ્થાપન અને પૂજન શા માટે કરો છો ? તમારા સંપ્રદાયમાં કુળદેવીના સ્થાને કોણ છે ? કંઠમાં ધારણ કરવા યોગ્ય કંઠી કેવા પ્રકારની માન્ય કરેલ છે ? તિલક કેવા પ્રકારનું માન્ય કરેલ છે ? તમારા સાધુઓ બીજા લૌકિક સાધુઓ કરતાં જ્ઞાન વૈરાગ્યાદિક લક્ષણોમાં ભિન્ન જણાય છે અને તેને તમારા ભક્તો પરમહંસ એવા શબ્દથી શા માટે સંબોધે છે ?.[૧૧-૧૫]

હે પ્રભુ ! આપણા વિષેની સત્ય હકીકત જાણવાની ઈચ્છાથી અમારા મહારાજાએ આ અઢાર પ્રશ્નો પૂછાવ્યા છે, તેથી આપ કૃપા કરીને આના યથાર્થ ઉત્તરો આપો.[૧૬] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે હરિસિંહ રાજાએ પૂછાવેલા પ્રશ્નોનું શિવરામ વિપ્રના મુખેથી શ્રવણ કરી શ્રીનારાયણમુનિ પોતાના આશ્રિત ભક્તજનોને પણ નિઃસંશય કરવા પ્રશ્નોના ઉત્તરો યથાર્થ આપવા લાગ્યા.[૧૭] શ્રીહરિ કહે છે, હે વિપ્ર ! ઉત્તર કૌશલદેશમાં અયોધ્યા નામે નગર આવેલું છે તેનાથી ઉત્તર દિશામાં બે યોજન દૂર છપૈયા નામનું ગામ આવેલું છે.[૧૮]

स मेऽस्ति जन्मभूस्तत्र बभूव ब्राह्मणोत्तमः । नाम्ना हरिप्रसादश्च सारवज्ञातिविश्रुतः ॥ १९
सुरनेतृनराधीशकुलपूज्यपदाम्बुजः । पण्डितोपाभिधः प्राज्ञो धर्मकीर्तिरुदारधीः ॥ २०
स मे पिताऽथ सावर्णिर्गोत्रर्षिः प्रवरास्त्रयः । भार्गवो वैतहव्यश्च सावेतस इति श्रुताः ॥ २१
वेदः सामाभिधो मेऽस्ति शाखा भवति कौथुमी । नीलकण्ठ इति प्राहुर्नाम्ना मां जनकादयः ॥ २२
समागमं सतामेव बाल्येऽप्याचरमन्वहम् । भृशारुचिरसत्सङ्गे बालक्रीडनकेषु च ॥ २३
उपनीतोऽष्टमे वर्षे पित्राऽहं जन्मतो द्विज ! । ब्रह्मचर्यव्रतं प्रीत्या पालयामि स्म चाञ्जसा ॥ २४
प्राचीनसंस्कारवशान्महतां च प्रसादतः । कृष्णे भक्तिः साहजिकी ममासीद्धृदयेऽमला ॥ २५
श्रीमद्भागवतादीनि पुराणान्यथ शृण्वतः । साक्षात्कृष्णदिदृक्षा मे ह्यासीच्चारुचिर्गृहे ॥ २६
ततोऽहं तीव्रवैराग्यो हित्वा गेहं सदैहिकम् । पर्यव्रजमरण्यानीं साक्षात्कृष्णेक्षणोत्सुकः ॥ २७

---

તે છપૈયા ગામ અમારી જન્મભૂમિ છે. ત્યાં એક સરવરિયા જ્ઞાતિના ઉત્તમ બ્રાહ્મણ રહેતા હતા. તેમનું નામ હરિપ્રસાદજી હતું, પાંડે અટકના એ વિપ્ર બહુજ બુદ્ધિમાન, ઉદાર સ્વભાવના અને ધાર્મિકવૃત્તિના હોવાથી સ્વયં ધર્મદેવ છે એવી મહાકીર્તિથી પ્રસિદ્ધિ પામ્યા હતા. તેઓ સુરનેતૃ રાજવંશના કુલગુરુ હતા. તે વંશના રાજાઓ હમેશાં તેમના ચરણકમળની સેવા કરતા રહેતા.[૧૯-૨૦] એ વિપ્ર અમારા પિતા છે. તેમ જ સાવર્ણિ અમારું ગોત્ર છે. ભાર્ગવ, વૈતહવ્ય અને સાવેતસ આ પ્રસિદ્ધ ત્રણ અમારા પ્રવર છે.[૨૧] અમારો સામવેદ છે. કૌથુમી શાખા છે. મારા પિતા આદિ સંબંધીજનો મને નીલકંઠ એવા નામે બોલાવતા એ રીતે મારું નામ નીલકંઠ છે.[૨૨] મને બાલ્યાવસ્થાથી જ અસત્પુરુષોનો પ્રસંગ ગમતો નહિ અને બાલક્રીડામાં પણ બિલકુલ રુચિ થતી નહિ તેથી નિરંતર હું સત્પુરુષોનો સમાગમ કરતો રહેતો.[૨૩] હે વિપ્ર ! જન્મથી આઠમે વર્ષે પિતાજી થકી યજ્ઞોપવિત સંસ્કાર મને પ્રાપ્ત થયા, ત્યારથી આરંભીને અત્યારસુધી અતિ આદરપૂર્વક યથાર્થ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરું છું.[૨૪] પૂર્વના શુભ સંસ્કારોને કારણે તથા મોટા પુરુષોની મારા ઉપર થયેલી પ્રસન્નતાને કારણે મારા અંતરમાં ભગવાન શ્રીકૃષ્ણને વિષે સ્વાભાવિક નિર્મળ ભક્તિ વર્તે છે.[૨૫]

હે વિપ્ર ! શ્રીમદ્ભાગવત આદિક પુરાણોનું શ્રવણ કરતાં મને અંતરમાં ભગવાન શ્રીકૃષ્ણનાં સાક્ષાત્ દર્શન કરવાની ઇચ્છા જાગ્રત થઇ અને ઘર આદિ પદાર્થોમાં અત્યંત અરુચિ ઉત્પન્ન થઇ.[૨૬] પછી તીવ્ર વૈરાગ્યના વેગે મેં ભાઇ આદિ સંબંધીજનોનો અને ઘરનો ત્યાગ કરી વિકટવનની વાટ લીધી, અંતરમાં પ્રત્યક્ષ

श्रीमुक्तनाथमुख्यानि पुण्यक्षेत्राणि भूतले । एकाकी व्यचरं कृष्णदर्शनं मार्गयन् गुरुम् ॥ २८
यो यः ख्यातो गुरुत्वेन महान् सिद्धः प्रतिष्ठितः । तं तं गत्वा प्रश्नमेतमपृच्छं प्रश्रितो भुवि ॥ २९
मम येन भवेत्सद्यः साक्षाच्छ्रीकृष्णदर्शनम् । कृपया तमुपायं मे ब्रूहि जानासि चेदिति ॥ ३०
प्रश्नमेनं मम श्रुत्वा केचिन्मौनमुपाश्रयन् । केचित्क्रुधाऽपमानं मे चक्रुः सद्यो दुरुक्तिभिः ॥ ३१
तदुत्तरं न कुत्रापि प्रायः प्राप्तो दुरुत्तरम् । तत्तत्कृतं भर्त्सनादि मृष्यंस्तं तं समत्यजम् ॥ ३२
अज्ञलोककृतं पूर्वमार्षभो भरतो यथा । दुश्चेष्टितं दुरुक्तादि सेहेऽहं च तथा सहे ॥ ३३
चिन्तयन्कृष्णमेवैकमहं तीर्थानि भूरिशः । सेवमानो रैवतकं सौराष्ट्रेष्वाप्तवान् गिरिम् ॥ ३४
उपत्यकासु तस्याहं ग्रामे पिप्पलसंज्ञके । रामानन्दस्वामिसंज्ञमपश्यं वैष्णवेश्वरम् ॥ ३५
विक्रमार्कक्ष्मेशशके गुहास्याक्षकरीन्दुभिः । प्रमिते वर्तमाने च शुक्रकृष्णे तिथौ हरेः ॥ ३६

**શ્રીકૃષ્ણનાં દર્શનની મને ઉત્કટ ઇચ્છા વર્તતી હતી, તેથી તેવાં દર્શન કરાવનારા સદ્‌ગુરુની શોધમાં પૃથ્વીપર એકલાજ ફરતાં ફરતાં શ્રીમુક્તનાથ આદિ અનંત પુણ્યક્ષેત્રોની મેં તીર્થયાત્રા કરી.[૨૭-૨૮]**

**હે વિપ્ર ! પૃથ્વી પર જે જે પુરુષો મોટા ગુરુ, સદ્‌ગુરુ તરીકે, મહાપુરુષ તરીકે, મહાસિદ્ધપુરુષ કે પ્રકાંડ પંડિત તરીકે પ્રસિદ્ધ હતા, તે તે સર્વે પુરુષોની સમીપે જઇ હું વિનમ્રભાવે પ્રશ્ન પૂછતો કે જે ઉપાયે કરીને મને સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણનું દર્શન થાય તે ઉપાય જો તમે જાણતા હો તો કૃપા કરીને મને કહો, તો મને ભગવાનનું પ્રગટ દર્શન થાય.[૨૯-૩૦] હે વિપ્ર ! મારો આ પ્રશ્ન સાંભળી કેટલાક ગુરુઓ, મહાપુરુષો મૌન ધારણ કરી લેતા. કેટલાક તો ક્રોધ કરી તે જ ક્ષણે મારું કુત્સિત વચનોથી અપમાન કરી લેતા.[૩૧] આ રીતે મને મારા પ્રશ્નનો ઉત્તર ક્યાંયથી મળ્યો નહિ. અને જે જે ઉત્તરો આપતા તે અવળા ઉત્તરો જ આપતા, છતાં તેઓએ કરેલા અપમાન અને તિરસ્કારોને હું સહન જ કરતો કે જાણે મારી તે પરીક્ષા કરતા હશે. પરંતુ અંતે તો તેમનો ત્યાગ કરી આગળ વધતો.[૩૨]**

**હે વિપ્ર ! હું એમ માનતો કે પૂર્વે ઋષભદેવના પુત્ર જડભરતે અજ્ઞાની જનોએ કરેલા અપમાન તિરસ્કાર આદિ કુચેષ્ટાઓને અને દુર્વચનોને સહન કરતા તેમ મારે પણ ગુરુઓ અને સદ્‌ગુરુઓએ કરેલાં અપમાન અને દુર્વચનોને સહન કરવાં જોઇએ. તેથી હું તે સર્વે સહન કરતો રહેતો.[૩૩] આ રીતે એક ભગવાન શ્રીકૃષ્ણનું જ મનમાં ચિંતવન કરતો હું અનેક તીર્થોનું સેવન કરી સૌરાષ્ટ્ર પ્રદેશના ગિરનાર પર્વતની તળેટીમાં આવેલા પિપલાણા ગામે વિરાજમાન વૈષ્ણવોના આચાર્ય**

तं प्राप्य विनयेनाहमपृच्छं पूर्ववद्द्विज ! । तदा सोऽतिप्रसन्नो मामुवाच मधुरं वचः ॥ ३७
अद्यैवेहोपविश्य त्वं सुस्थिरासन आत्मनि । ध्याय श्रीराधिकाकृष्णमष्टार्णं तन्मनुं जपन् ॥ ३८
द्रष्टाऽसि सद्य एव त्वं साक्षात्स्वेशं समाधिना । इत्युक्तोऽहं तेन तदा तथैवाकरवं मुदा ॥ ३९
अथ तर्ह्येव हृदये प्रसादात्तस्य सत्पतेः । तीर्णावस्थात्रयोऽपश्यं तेजः पुञ्जमलौकिकम् ॥ ४०
तत्र श्रीकृष्णमद्राक्षं वृन्दावनविहारिणम् । श्रीराधाभ्यामर्च्यमानं वेणुवादनतत्परम् ॥ ४१
तं प्रणम्य प्रसीदेति बद्धाञ्जलिपुटोऽब्रवम् । प्रसन्नो भगवानाह मां ततः प्रीणयन्वचः ॥ ४२
रामानन्दाभिधो योऽत्र वर्तते वैष्णवाग्रणीः । तं ममैकान्तिकं भक्तमवगच्छ त्वमुद्धवम् ॥ ४३

---

**સમર્થ સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીનાં સંવત્ ૧૮૫૬ ના જેઠ વદ બારસની તિથિએ મને પુણ્ય દર્શન થયાં.[૩૪-૩૬]**

**હે વિપ્ર ! તે સમયે મેં સદ્‌ગુરુ રામાનંદ સ્વામીને પૂર્વની માફક જ અતિ વિનયથી ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શનનો પ્રશ્ન કર્યો. મારો પ્રશ્ન સાંભળીને તો તે મારા ઉપર બહુજ રાજી થયા. અને અતિશય મધુર વચનો વડે મને કહેવા લાગ્યા કે, હે વર્ણીરાજ ! તમે અત્યારે અહીં આસન સ્થિર કરીને બેસો અને હૃદયમાં ભગવાન શ્રીરાધાકૃષ્ણનું ધ્યાન કરી તેમનો અષ્ટાક્ષરમંત્રનો જપ શરું કરો.[૩૭-૩૮] તેમ કરવાથી તમને અત્યારે જ સમાધિમાં સાક્ષાત્ ઈષ્ટદેવ ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન થશે. આ પ્રમાણે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ કહ્યું તેથી હું તો ખૂબજ આનંદ પામ્યો અને અતિ હર્ષથી સ્વામીના કહેવા પ્રમાણે અંતરમાં ધ્યાન કરવા લાગ્યો.[૩૯] અને તેજ ક્ષણે તેમની કૃપાથી હું ત્રણ અવસ્થાથી પર થઈ સમાધિમાં ઉતરી ગયો. ત્યારે મને મારા હૃદયકમળમાં અલૌકિક તેજપૂંજનું દર્શન થયું.[૪૦] તે તેજને વિષે શ્રીવૃંદાવનવિહારી ભગવાન શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષ દર્શન થયું. તે સમયે ભગવાન શ્રીકૃષ્ણની રાધા, રમા આદિક શક્તિઓ સેવા કરી રહ્યાં હતાં, અને સ્વયં ભગવાન વેણુ વગાડવામાં મશગુલ હતા.[૪૧]**

**હે વિપ્ર ! મેં તે સમયે સાક્ષાત્ શ્રીકૃષ્ણને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં અને બે હાથજોડી પ્રાર્થના કરી કે, હે શ્રીકૃષ્ણ ભગવાન્ ! આપ મારા ઉપર પ્રસન્ન થાઓ. ત્યારે અતિશય પ્રસન્ન મુદ્રામાં જણાતા ભગવાન શ્રીકૃષ્ણ મને આનંદ પમાડવા મધુર વચનો કહેવા લાગ્યા કે, હે વર્ણી ! અત્યારે આ લોકમાં વૈષ્ણવગુરુઓમાં અગ્રેસર આ રામાનંદ સ્વામી નામે પ્રસિદ્ધ સદ્‌ગુરુ છે તે મારા અનન્ય સખા અને એકાંતિક ભક્ત એવા સાક્ષાત્ ઉદ્ધવજીનો અવતાર છે, એમ**

तद्वशत्वान्मया दत्तं तुभ्यं साक्षात्स्वदर्शनम् । स हि लोकानुग्रहार्थं प्रकटोऽस्ति मदिच्छया ॥ ४४
तत्सेवनात्पूर्णकामो भविता त्वं न संशयः । येऽन्ये च तं श्रयिष्यन्ति मोक्ष्यन्ते तेऽपि संसृतेः ॥ ४५
अनन्यभावा ये तत्र मयि तस्मिंस्तथा दृढम् । विश्वासमाप्तास्तेऽत्रैव देहे द्रक्ष्यन्ति मां सति ॥ ४६
अज्ञातभूरिमाहात्म्या अपि वर्त्मास्य ये भुवि । अघिनोऽप्याश्रयिष्यन्ति पुरुषा योषितस्तथा ॥ ४७
तेषामपि च देहान्ते कृत्वा पातकसंक्षयम् । दत्त्वा स्वदर्शनं सर्वान्स्वकं नेष्यामि धाम तान् ॥ ४८
अतस्त्वमपि तं प्रीत्या समाश्रित्य सुखी भव । इत्यमृतं वचः पीत्वा हरेराप्तोऽतिनिर्वृतिम् ॥ ४९
व्युत्थायाथास्य शिष्यत्वं प्राप्तोऽहं द्विजसत्तम ! । सहजानन्द इति मे नाम कृत्वा स आह माम् ॥ ५०
स्वरूपनिर्णयो ज्ञेयो जीवमायापरात्मनाम् । रामानुजाचार्यकृतग्रन्थेभ्यस्तत्त्वतस्त्वया ॥ ५१

---

તમે જાણો.[૪૨-૪૩] હું તેમને આધીન છું. તેથી જ તમને મેં મારું પ્રત્યક્ષ દર્શન આપ્યું છે. તે ઉદ્ધવજી સર્વજનોનાં કલ્યાણ કરવા માટે જ મારી ઇચ્છાથી જ આ પૃથ્વીપર પ્રગટ થયા છે.[૪૪] તમે તેમની સેવા પરિચર્યા કરશો તો તમને અખંડ મારાં પ્રત્યક્ષ દર્શનનો મનોરથ છે તે પૂર્ણ થશે, તેમાં કોઇ સંશય રાખશો નહિ. અને જે અન્ય મનુષ્યો પણ શરણું સ્વીકારશે, તે સર્વેજનો પણ આ સંસારનાં બંધનમાંથી મુક્ત થશે.[૪૫] તથા તેમના આશ્રિતોમાં જે જે મનુષ્યો મારામાં અનન્ય ભાવ રાખી તેમનો દૃઢ વિશ્વાસ પ્રાપ્ત કરશે તે સર્વેજનો આ ને આ દેહે કરીને મારાં પ્રત્યક્ષ દર્શન કરશે.[૪૬]

હે વર્ણિ ! આ પૃથ્વીપર જે કોઇ નરનારીઓ કદાચ જેવો રામાનંદ સ્વામીનો મહિમા છે તેવો સમજી ન શકે, છતાં પણ તેમણે પ્રવર્તાવેલા આ નૂતન સંપ્રદાયનો આશ્રય કરશે, તો તેઓ ગમે તેવા મહાપાપે યુક્ત હશે.[૪૭] છતાં પણ હું તેમનાં સમસ્ત પાપનો વિનાશ કરી દેહને અંતે મારું મંગલકારી દર્શન આપી તે સર્વેને મારા ધામમાં લઇ જઇશ.[૪૮] એથી હે વર્ણી ! તમે પણ શ્રીરામાનંદ સ્વામીનો પ્રેમથી આશ્રય કરો અને સુખી થાઓ. હે વિપ્ર ! આ પ્રમાણેનાં ભગવાન શ્રીકૃષ્ણનાં અમૃત સમાન વચનો સાંભળી મને અંતરમાં બહુ જ આનંદ થયો.[૪૯] પછી હું સમાધિમાંથી જાગ્રત થયો અને સદ્‌ગુરુ શ્રીરામાનંદ સ્વામીનું મેં શિષ્યપદ સ્વીકાર્યું. ત્યારે શ્રી સ્વામી મને દીક્ષા આપી સહજાનંદ સ્વામી એવું નામાભિધાન કરી કહેવા લાગ્યા.[૫૦]

હે વર્ણિ ! તમારે જીવ, માયા અને પરમાત્મા આ ત્રણના સ્વરૂપનો નિર્ણય જાણવો હોય તો તે રામાનુજાચાર્યે કરેલા શ્રીભાષ્ય, ગીતાભાષ્ય આદિ ગ્રંથો દ્વારા

कृष्णव्रतोत्सवानां तु सर्वेषामपि निर्णयः । श्रीविठ्ठलेशगोस्वामिरचितो ग्राह्य उत्तमः ॥ ५२
रीतिः श्रीकृष्णसेवाया अपि ग्राह्या तदीरिता । प्रेम्णा सेवेदृशी नान्यैराचार्यैरुदिता यतः ॥ ५३
लोकसच्छास्त्रगर्ह्यं यत्कर्म स्यान्महता कृतम् । तत्तु नैव ग्रहीतव्यं दोषत्वात्कर्हिचित्त्वया ॥ ५४
महतो वाल्पकात् पुंसो गुणः सारश्च शास्त्रतः । दत्तात्रेयवदादेय इति मेऽनुग्रहं व्यधात् ॥ ५५
सोऽप्यासीत्सारवज्ञातिर्देशेषु कोसलेषु हि । रामशर्माभिधो विप्रो बह्वृचः सद्गुणालयः ॥ ५६
पूर्वाभ्यासवशात्तस्य कृष्णे भक्तिस्तु शैशवात् । आसीत्स्वाभाविकी विप्र ! विरक्त्या तीव्रया सह ॥ ५७
कृतोपनयनः पित्रा वेदाभ्यासमिषेण सः । हित्वा गृहं वनं यात एकाकी निःस्पृहः शुचिः ॥ ५८
हृदये कृष्णमेवैकं चिन्तयन्विजितेन्द्रियः । तीर्थयात्रां चरन्प्रागात्सौराष्ट्रान् लोकपावनः ॥ ५९

જ તત્ત્વપૂર્વક જાણવો.[૫૧] તથા ભગવાન શ્રીકૃષ્ણનાં સર્વે વ્રતો અને ઉત્સવોનો નિર્ણય જો તમારે કરવો હોય તો તે શ્રીવલ્લભાચાર્યના પુત્ર શ્રીવિઠ્ઠલેશ ગોસ્વામીએ બતાવેલો નિર્ણય સ્વીકારવો. કારણ કે તેમનો નિર્ણય સર્વોત્તમ છે.[૫૨] અને ભગવાન શ્રીકૃષ્ણની સેવારીતિ પણ તેમણે જે બતાવેલી છે તે ગ્રહણ કરવી. તેમની સમાન સ્નેહપૂર્વક કરવાની સેવાની રીત બીજા આચાર્યોએ કહેલી નથી.[૫૩] વળી હે નીલકંઠવર્ણી ! લોક અને શાસ્ત્ર નિંદિત કર્મ હોય તેનું ભલે ને મોટા પુરુષોએ આચરણ કર્યું હોય, છતાં તે દોષરૂપ હોવાથી તમારે ક્યારેય પણ ગ્રહણ કરવું નહિ.[૫૪] મોટા પુરુષો હોય કે સામાન્ય પુરુષો હોય, તે સર્વેમાંથી દત્તાત્રેયની જેમ ગુણ જ ગ્રહણ કરવો. તેવીજ રીતે ઘણા શ્લોકોવાળાં મોટાં શાસ્ત્રો હોય કે અલ્પ શ્લોકોવાળાં નાનાં શાસ્ત્રો હોય તેમાંથી ધર્મે સહિત ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરવારૂપ સારનું ગ્રહણ કરવું. હે વિપ્ર ! આ પ્રમાણે રામાનંદ સ્વામીએ મને બોધ આપી મારા ઉપર મોટો અનુગ્રહ કરેલો છે.[૫૫]

હે વિપ્ર ! તે રામાનંદ સ્વામી પણ રામશર્મા નામે ઉત્તર કૌશલદેશમાં અયોધ્યાપુરીમાં સરવરિયા બ્રાહ્મણ કુળમાં પ્રગટ થયા હતા. તે સર્વે ગુણ સંપન્ન ઋગ્વેદી બ્રાહ્મણ હતા.[૫૬] હે વિપ્ર ! પૂર્વજન્મના સંસ્કારોને લીધે તે રામશર્માને બાલ્યાવસ્થાથી જ અતિશય તીવ્ર વૈરાગ્યની સાથે ભગવાન શ્રીકૃષ્ણને વિષે સહજપણે ભક્તિ વર્તતી હતી.[૫૭] તેમના પિતા અજયવિપ્રે તેમનો યજ્ઞોપવિત સંસ્કાર કર્યો પછી નિઃસ્પૃહ અને પવિત્ર જીવન જીવતા રામશર્મા વેદાધ્યયન કરવાને બહાને એકલા ઘરમાંથી વનમાં વિચરવા ચાલી નીકળ્યા.[૫૮] જિતેન્દ્રિય તે રામશર્મા વિપ્ર સર્વ લોકને પાવન કરી હૃદયમાં ભગવાન શ્રીકૃષ્ણનુંજ ચિંતવન કરતા અને

तत्रात्मानन्दनामानं महायोगिनमैक्षत । ब्रह्मचर्यं पालयन्तं तीव्रवैराग्यशालिनम् ॥ ६०
गोपालानन्दसंज्ञस्य नैष्ठिकब्रह्मचारिणः । गोपनाथशिवस्थानवसतेः शिष्यमुत्तमम् ॥ ६१
तच्छिष्यतां स सम्प्राप्य नैष्ठिकं व्रतमास्थितः । रामानन्द इति ख्यातः साङ्गं योगं ततोऽध्यगात् ॥ ६२
ब्रह्मतेजो निराकारं समाधौ वीक्ष्य देशिकम् । स प्राहाथ दिदृक्षामि कृष्णं साकृत्यहं बृहत् ॥ ६३
गुरुराहायमेवास्ति सत्यः कृष्णो न चेतरः । इत्युक्तः सोऽतिखिन्नात्मा हित्वा तं निर्ययौ ततः ॥ ६४
साकारकृष्णनित्यत्वस्थापकं तत्प्रदर्शकम् । जानन् श्रीवैष्णवाचार्यं श्रीरङ्गक्षेत्रमाययौ ॥ ६५
तत्र रामानुजाचार्यं समाराध्य प्रसाद्य च । जग्राह वैष्णवीं दीक्षां पञ्चसंस्कारलक्षणाम् ॥ ६६

---

તીર્થયાત્રાને વિષે ફરતા સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવ્યા.[૫૯]

હે વિપ્ર ! તે સૌરાષ્ટ્ર પ્રાંતમાં રામશર્માને મહાયોગી આત્માનંદમુનિનાં દર્શન થયાં. તે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરતા તીવ્રવૈરાગ્યવાળા હતા.[૬૦] અને નૈષ્ઠિક બ્રહ્મચારી એવા ગોપાળાનંદ નામના મહાયોગીના ઉત્તમ શિષ્ય હતા. તે ગોપનાથ શિવમંદિરમાં હમેશાં નિવાસ કરીને રહેતા હતા.[૬૧] નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતા રામશર્મા આત્માનંદ સ્વામીના શિષ્ય થઈ રામાનંદ સ્વામીના નામથી પ્રસિદ્ધ થઈ ત્યાં રહેવા લાગ્યા. અને ગુરુ પાસેથી અષ્ટાંગયોગ શીખ્યા.[૬૨] ત્યારપછી રામાનંદ સ્વામીને સમાધિની સિદ્ધિ પ્રાપ્ત થઈ તેમાં નિરાકાર બ્રહ્મતેજ માત્ર જોવામાં આવ્યું. તેથી ગુરુને કહ્યું કે હે ગુરુવર્ય ! હું બ્રહ્મતેજને વિષે રહેલી ભગવાન શ્રીકૃષ્ણની સદાય સાકાર દિવ્યમૂર્તિનાં દર્શન કરવા ઈચ્છું છું.[૬૩] ત્યારે આત્માનંદ સ્વામીએ તેમને કહ્યું કે, હે રામાનંદ ! એ નિરાકાર તેજ છે તે જ શ્રીકૃષ્ણનું સાચું સ્વરૂપ છે. તેમાંથી અન્ય સાકાર સ્વરૂપે શ્રીકૃષ્ણ છે નહિ. આ પ્રમાણે ગુરુએ શ્રીકૃષ્ણ ભગવાનના આકારને ખોટો કહ્યો તેથી રામાનંદ સ્વામી અતિશય દુઃખી થયા અને નિરાકારવાદી ગુરુનો તત્કાળ ત્યાગ કરી ત્યાંથી તે ચાલી નીકળ્યા.[૬૪]

હે વિપ્ર ! ત્યારપછી શ્રીકૃષ્ણ ભગવાન સદાય સાકાર દિવ્ય મનોહર મૂર્તિવાળા છે. એવી રીતે પરમાત્માના સદાય સાકારપણાનું સ્થાપન કરનારા અને દિવ્ય દર્શન કરાવનારા, આ પૃથ્વીપર એક પરમ શ્રીવૈષ્ણવાચાર્ય શ્રીરામાનુજાચાર્ય છે એમ જાણીને રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રમાં આવ્યા.[૬૫] ત્યાં રામાનુજાચાર્યની આરાધના કરી અને સમાધિમાં તેમનું પ્રત્યક્ષ દર્શન પામી તેમની પાસેથી પંચ સંસ્કારના લક્ષણવાળી વૈષ્ણવી દીક્ષા ગ્રહણ કરી. અર્થાત્ સમાધિમાંજ રામાનુજાચાર્યે તેમને તપ્તમુદ્રા આપી, બાર ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરાવ્યાં,

तदुक्तान्भागवद्धर्मान् पालयंस्तत्प्रसादतः । हृदि ध्यानेऽर्चनेऽर्चायां कृष्णं प्रत्यक्षमैक्षत ॥ ६७
पूर्णकामोऽभवत्तेन ततो गुरुनिदेशतः । कृष्णभक्तिं मुमुक्षुभ्य आदिशन्व्यचरद्भुवि ॥ ६८
ये ये तस्याभवन् शिष्यास्ते ते तस्य प्रसादतः । भक्तिनिष्ठां परां प्रापुर्धर्मनिष्ठास्तथाभवन् ॥ ६९
समाधौ ददृशुः कृष्णं केचिच्च पुरुषाः स्त्रियः । मद्यमांसादिसंसर्गं जहुः सर्वे तदाश्रिताः ॥ ७०
निर्दम्भभक्त्या ज्ञानेन यमैश्च नियमैर्धिया । विरक्त्या च स्वधर्मेण विश्रुतोऽभूत्स सर्वतः ॥ ७१
तं चानर्चुर्बहुविधैर्वस्त्रभूषाधनैर्जनाः । अयोजयद्धर्मकार्ये तत्सर्वं सोऽपरिग्रहः ॥ ७२
वस्त्रभूषादि विप्रेभ्यो बहुशः स ददौ महान् । महान्ति चान्नसत्राणि कारयामास वाडव ! ॥ ७३
जितेन्द्रियं च निष्कामं निर्लोभमपरिग्रहम् । अरोषणं च निर्मानं तं जना बहु मेनिरे ॥ ७४
तदान्ये वैष्णवजनाः स्त्रीद्रव्यरसलालसाः । दाम्भिकास्तं तदुत्कर्षं सोढुं शेकुर्न दुर्धियः ॥ ७५

નામકરણ કર્યું, અષ્ટાક્ષરમંત્રનો ઉપદેશ કર્યો અને યાગવિધિ પણ કરાવ્યો. આ પ્રમાણે દીક્ષા આપી ભાગવતધર્મનો બોધ કર્યો.[૬૬] હે વિપ્ર ! ગુરુ રામાનુજાચાર્યજીએ કહેલા ભાગવતધર્મનું પાલન કરતા તેમની પ્રસન્નતાથી ધ્યાન સમયે હૃદયમાં અને પૂજાના સમયે મૂર્તિમાં પ્રત્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન થવા લાગ્યાં.[૬૭]

સદાય સાકાર મૂર્તિ ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષ દર્શન થવાથી રામાનંદ સ્વામીનો મનોરથ પૂર્ણ થયો. પછી ગુરુની આજ્ઞાથી મુમુક્ષુઓને કૃષ્ણભક્તિનો ઉપદેશ આપવા પૃથ્વી પર વિચરણ કરવા લાગ્યા.[૬૮] જે જે મનુષ્યો તેમના શિષ્ય થતા તે સર્વેજનો તેમની કૃપાથી સર્વોત્તમ ધર્મ અને ભક્તિનિષ્ઠાવાળા થઈ નિર્મળ જીવન જીવતા.[૬૯] તેમાંથી કેટલાક નરનારીઓને સમાધિમાં સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણનું દર્શન થતું. તે રામાનંદ સ્વામીનો આશ્રય કરનારાઓ મદ્ય, માંસ, વ્યભિચાર આદિ કુકર્મનો તત્કાળ ત્યાગ કરી દેતા.[૭૦]

હે વિપ્ર ! નિર્દંભ ભક્તિ તથા સર્વોત્તમ જ્ઞાનને કારણે તથા અહિંસાદિ યમો અને શૌચાદિ નિયમોના પાલનના કારણે તથા ઉત્કૃષ્ટબુદ્ધિ, તીવ્રવૈરાગ્ય અને સ્વધર્મનું પાલન કરવું આદિ અનંત સદ્‌ગુણોને કારણે રામાનંદ સ્વામી પૃથ્વી પર સર્વ કરતાં સર્વપ્રકારની શ્રેષ્ઠ સિદ્ધિને પામ્યા.[૭૧] તેથી મનુષ્યો તેમનું બહુ પ્રકારનાં વસ્ત્રો, આભૂષણો, ધન વગેરેથી ખૂબજ પૂજા કરવા લાગ્યા. પરંતુ અપરિગ્રહ સ્વભાવના તે ગુરુ રામાનંદસ્વામી દાનમાં અને ધર્મકાર્યમાં વાપરી નાખતા.[૭૨] હે વિપ્ર ! આ રીતે અનેક વિપ્રોને વસ્ત્રો તથા અલંકારોનાં દાન આપ્યાં અને મોટાં મોટાં અન્નક્ષેત્રોનાં નિર્માણ કરાવ્યાં તેથી જિતેન્દ્રિય, નિષ્કામી, નિર્લોભી,

तन्मानहानिमिच्छन्तस्तस्मिन् दोषं तु कञ्चन । अप्राप्य निन्दां कुर्वन्तस्ते मिथ्यापावदन् खलाः ॥ ७६
विवदन्ते स्म बहुधा तेन ते ब्रह्मविद्यया । प्रापुः पराजयं सर्वे न तु कोऽपि जयं द्विज ! ॥ ७७
तदाऽतिक्रुद्धास्ते भूय उपदुद्रुवुरक्रुधम् । भर्त्सयामासुरपि तमपशब्दैररुन्तुदैः ॥ ७८
प्रामार्जयंस्तत्तिलकं केचिन्नीत्वैव तं रहः । अत्रोटयन्कण्ठमालां चकर्तुश्च शिखां परे ॥ ७९
सिंहासनमपीशस्य बभञ्जुः केचिदुन्मदाः । जह्रुश्च कृष्णप्रतिमाः केचिद्वासांसि तस्य च ॥ ८०
केचित्तदन्नसत्राणि साधून्निष्कास्य तच्छ्रितान् । बभञ्जुरुद्धताकारा वैष्णवाः शस्त्रपाणयः ॥ ८१
सहमानः स तं सर्वं दुर्जनोपद्रवं मुहुः । वृन्दावनमुपेत्याशु विजने क्वचिदावसत् ॥ ८२
ध्यायंस्तत्रैकमनसा कृष्णं स न्यवसत्सुधीः । तदिच्छया मतिं प्राप नूतनाध्वप्रवर्तिनीम् ॥ ८३

---

**અપરિગ્રહી, અક્રોધી, નિર્માની એવા સ્વામીને બહુ લોકો માનવા લાગ્યા.[૭૩-૭૪]**

**હે વિપ્ર ! તે સમયે સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદમાં આસક્ત અને દંભી તથા દુર્બુદ્ધિવાળા અન્ય વૈષ્ણવો હતા તેઓ શ્રીરામાનંદ સ્વામીનો ઉત્કર્ષ સહન કરી શક્યા નહિ.[૭૫] તેથી તેમની પ્રતિષ્ઠાનો ભંગ કરી માનહાનિકરવાની ઇચ્છાથી કેટલાક અધર્મી વૈષ્ણવો સ્વામીમાં કોઇ દોષ ન હોવા છતાં નિંદા કરવા પૂર્વક મિથ્યાપવાદનું આરોપણ કરવા લાગ્યા.[૭૬] હે વિપ્ર ! તે દુષ્ટ વૈષ્ણવો રામાનંદ સ્વામી સાથે બહુ પ્રકારના શાસ્ત્રાર્થ કરી બ્રહ્મવિદ્યા ઉપર વાદવિવાદ કરવા લાગ્યા, છતાં પણ કોઇ તેમને જીતવા સમર્થ થયા નહિ અને તેઓનો વારંવાર પરાજય થવા લાગ્યો.[૭૭] તેથી તેઓ અતિશય ક્રોધાયમાન થઇ રામાનંદ સ્વામીને વારંવાર ઉપદ્રવ આપવા લાગ્યા અને મર્મભેદી અશ્લીલ શબ્દો બોલી સ્વામીની ભર્ત્સના કરવા લાગ્યા.[૭૮] કેટલાક દુષ્ટજનો હતા તે રામાનંદ સ્વામીને એકાંત સ્થળમાં લઇ જતા અને તેમનું તિલક ભૂંસી નાખતા, તથા કંઠી તોડી નાખતા. કેટલાક દુષ્ટો તો સ્વામીની શિખા કાપી નાખતા.[૭૯] હેવિપ્ર ! અતિશય અભિમાની અને ઉદ્ધત અસુરાંશ પુરુષો સ્વામીના પૂજાના ઠાકોરજીનાં સિંહાસનને ભાંગીને ફેંકી દેતા અને કેટલાક ભગવાનની મૂર્તિનું અપહરણ કરી જતા. તેમજ કેટલાક તો સ્વામીનાં વસ્ત્રો હરી જતા હતા.[૮૦] હે વિપ્ર ! કેટલાક ભયંકર શસ્ત્રધારી અને વિકરાળ આકૃતિવાળા વૈષ્ણવો રામાનંદ સ્વામીના આશ્રિત સંતોને અન્નક્ષેત્રોમાંથી બહાર કાઢી અન્નક્ષેત્રોને છિન્નભિન્ન કરી નાખતા હતા.[૮૧] હે વિપ્ર ! આવી રીતે દુર્જનોના સર્વપ્રકારના ઉપદ્રવોને સહન કરતા સ્વામી તત્કાળ વૃંદાવનતીર્થમાં આવી કોઇ એકાંત સ્થળમાં નિવાસ કરવા લાગ્યા.[૮૨]**

बाह्यं श्रीवैष्णवाचार्यलिङ्गं सोपद्रवं ततः । हित्वा शास्त्रानुसारेण नवीनं तदकल्पयत् ॥ ८४
रामानुजकृतान् ग्रन्थांस्त्वध्यात्मज्ञानसिद्धये । तानेव रक्षन्भगवद्धर्मं प्रावर्तयत्पुनः ॥ ८५
धर्मेण सहितामेव भक्तिं स्वाध्वनि वर्तयन् । तीर्थानि व्यचरद्भूमौ मुमुक्षुहितकारकः ॥ ८६
गुरुकृष्णप्रसादाच्च सोऽनुजग्राह भूतले । यं यं स स पुमान्सद्यः समाधौ कृष्णमैक्षत ॥ ८७
कृत्वा स द्वारिकायात्रां रैवताचलमाययौ । कृष्णक्रीडास्थले तत्र न्यवसद्धितकृन्नृणाम् ॥ ८८
स गुरुर्मम विप्रेन्द्र ! साक्षादुद्धव एव हि । कृष्णादप्यणुरन्यूनः कृष्णभक्तिप्रवर्तकः ॥ ८९
तदाश्रितानथावोचं तत्र सर्वांश्च वैष्णवान् । एष नः सद्गुरुः साक्षादुद्धवोऽस्ति स्वयं किल ॥ ९०

---

હે વિપ્ર ! તે સ્થળમાં એકાગ્રચિત્તથી ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન કરતા હતા. તે સમયે તેમણે સમાધિ થઇ, તેમાં શ્રીકૃષ્ણ ભગવાન થકી સત્શાસ્ત્ર સંમત એક અલગ નવીન સંપ્રદાય સ્થાપનાની પ્રેરણા પ્રાપ્ત થઇ.[૮૩] ત્યારપછી વૈષ્ણવોના ઉપદ્રવને કારણે બાર ઉર્ધ્વપુંડ્ર તિલક આદિ ચિહ્નોનો ઉપરથી ત્યાગ કરી તેની જગ્યાએ શ્રીમદ્ભાગવત આદિ સત્શાસ્ત્રોનાં વચનોને અનુસારે પોતાના ઉદ્ધવ સંપ્રદાયનાં નવીન ચિહ્નોનું પ્રવર્તન કર્યું. (ચિહ્નો બદલાવ્યાં પરંતુ સંપ્રદાયની જ્ઞાન પરંપરા બદલાવી નહિ).[૮૪] અધ્યાત્મજ્ઞાનની સિદ્ધિને માટે તો શ્રીરામાનુજાચાર્યે કરેલા શ્રીભાષ્યાદિ ગ્રંથોનો જ સ્વીકાર કર્યો અને પોતાના સંપ્રદાયના દ્યોતક ભાગવતધર્મનું પુનઃ પ્રવર્તન કર્યું.[૮૫] ધર્મે સહિત જ ભક્તિ કરવી. આવો આ ઉદ્ધવસંપ્રદાયનો મુખ્ય ઉદ્દેશ છે. તેનું પ્રવર્તન કરતા કરતા મુમુક્ષુજનોના હિતકારી સ્વામી પૃથ્વી પર તીર્થોમાં વિચરણ કરવા લાગ્યા.[૮૬]

હે વિપ્ર ! શ્રીરામાનંદ સ્વામી જે જે મનુષ્યો ઉપર અનુગ્રહ કરતા તે તે મનુષ્યોને પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણની પ્રસન્નતાથી સમાધિમાં તત્કાળ પ્રત્યક્ષ દર્શન થતાં.[૮૭] આ રીતે મનુષ્યોનું હિત કરતા ગુરુ શ્રીસ્વામી દ્વારિકાની યાત્રા કરી ગિરનાર પર્વતની તળેટીમાં પધાર્યા, અને ભગવાન શ્રીકૃષ્ણની લીલાભૂમિ જાણી ત્યાં નિવાસ કરવા લાગ્યા.[૮૮] હે શિવરામવિપ્ર ! આ પ્રમાણે જે શ્રીકૃષ્ણ ભગવાન થકી અણુમાત્ર પણ ન્યૂન નથી એવા સાક્ષાત્ ઉધ્ધવના અવતાર અને આ પૃથ્વી પર કૃષ્ણભક્તિના પ્રવર્તક એવા શ્રીરામાનંદ સ્વામી છે તે મારા ગુરુ છે.[૮૯]

હે વિપ્ર ! આ પ્રમાણે મારા દીક્ષાગુરુ રામાનંદ સ્વામી પાસેથી દીક્ષા ગ્રહણ કર્યા પછી તેમની સમીપે જ બેઠેલા સર્વે તેમના આશ્રિત ભક્તજનોને મેં કહ્યું કે, હે ભક્તજનો ! આપણા આ ગુરુ શ્રીરામાનંદ સ્વામી છે તે સાક્ષાત્ ઉધ્ધવજીનો અવતાર

अतो नः सम्प्रदायोऽयं सर्ववैष्णवसम्मतः । औद्धवाख्योऽस्त्विति श्रुत्वा तथोचुस्तेऽखिला अपि ॥ ९१
स गुरुर्मयि विन्यस्य निजधर्मधुरं प्रभुः । तिरोदधे तत्प्रतापान्मया सैवोह्यतेऽधुना ॥ ९२
नवीनं सम्प्रदायं नो ज्ञात्वाऽन्ये मतवादिनः । भृशमस्मत्साधुजनान्प्रतिग्राममपीडयन् ॥ ९३
यथा यथा भवेत्तेषामापत्काले तथाविधे । सुखं तथा तथा तेऽथ वर्तिता भुवि वै मया ॥ ९४
प्रतापात्सद्गुरोस्तस्य पातुर्धर्मस्य च प्रभोः । साम्प्रतं स्वास्थ्यमापन्नाः प्राग्वद्वर्तामहे वयम् ॥ ९५
उक्तस्ते सम्प्रदायोऽथ श्रीकृष्णोऽस्तीष्टदेवता । परमात्मा परं ब्रह्म सर्वकारणकारणम् ॥ ९६
स हि राधिकया युक्तो राधाकृष्ण इतीर्यते । युक्तः स लक्ष्म्या रुक्मिण्या लक्ष्मीनारायणस्तथा ॥ ९७
सोऽर्जुनेन युतो ब्रह्मन्नरनारायणाभिधः । योगेन बलभद्रादेस्तत्तन्नाम्नोच्यते च सः ॥ ९८

**છે.[૯૦] તેથી આપણા આ સંપ્રદાયને સર્વ શાસ્ત્રસંમત લક્ષણોવાળા વૈષ્ણવોએ માન્ય કરેલો "ઉધ્ધવ સંપ્રદાય" એવા નામથી જાહેર કરવામાં આવે છે. ત્યારે હે શિવરામ વિપ્ર ! આ પ્રમાણે મારું વચન સાંભળી રામાનંદ સ્વામીના આશ્રિત સર્વે સંતો ભક્તોએ પણ કહ્યું કે, ભલે આજથી આપણા આ સંપ્રદાયનું નામ "ઉધ્ધવ સંપ્રદાય" છે. તેનો અમે ઉદ્‌ઘોષ કરીએ છીએ.[૯૧]**

**હે વિપ્ર ! અતિસમર્થ તે સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી પોતાની ધર્મધુરાનો ભાર મને સોંપી આલોકમાંથી અંતર્ધાન થયા, અને તેમના પ્રતાપથી અત્યારે હું એ ધર્મધુરાનું વહન કરું છું.[૯૨] આ અમારા સંપ્રદાયને નવીન સંપ્રદાય જાણી અન્ય મતવાદીઓ ગામડે ગામડે અમારા સાધુઓને અત્યંત પીડવા લાગ્યા.[૯૩] ત્યારે આવા આપત્કાળમાં તેઓને જેમ સુખ ઉપજે તેમ મેં આ ભૂમિપર વર્તન કરાવ્યું, પરંતુ અત્યારે સદ્ધર્મના રક્ષક ગુરુ રામાનંદ સ્વામી અને ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાનના પ્રતાપથી સર્વેને સુખશાંતિ વર્તે છે. તેથી આપત્કાળ પૂર્વે જેમ સ્વસ્થચિત્તે વર્તતા હતા તેમજ અત્યારે વર્તીએ છીએ.[૯૪-૯૫]**

**હે વિપ્ર ! આ પ્રમાણે મેં તમને અમારા સંપ્રદાય સંબંધી કરેલા પ્રશ્નનો ઉત્તર આપ્યો. હવે અમારા ઈષ્ટદેવ કોણ છે ? તેની વાત કરું છું. અમારા ઈષ્ટદેવ સર્વકારણના કારણ પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાન છે.[૯૬] તેજ શ્રીકૃષ્ણ જ્યારે રાધિકાએ સહિત વિરાજમાન હોય ત્યારે "રાધાકૃષ્ણ" એવા નામથી કહેવાય છે. તથા રૂક્મિણીરૂપ જે લક્ષ્મીજી તેણે યુક્ત હોય ત્યારે "લક્ષ્મીનારાયણ" એવે નામે કહેવાય છે.[૯૭] તેવીજ રીતે હે વિપ્ર ! તે શ્રીકૃષ્ણ નરના અવતારરૂપ અર્જુને યુક્ત હોય ત્યારે "નરનારાયણ" એવે નામે કહેવાય**

श्रीवासुदेवप्रमुखाश्चतस्रस्तस्य मूर्तयः । चतुर्विंशतिसङ्ख्याकाः केशवप्रमुखास्तथा ॥ ९९
पद्मनाभवराहाद्या भगवन्मूर्तयोऽपि च । श्रीकृष्णस्यावतारत्वान्मान्याः सन्त्येव नोऽखिलाः ॥ १००
आदिवैष्णवराजश्चेत्युपदेष्टा प्रचेतसाम् । शङ्करः सह पार्वत्या मतः पूज्यतयाऽस्ति नः ॥ १०१
पूज्यः कृष्णावतारत्वाच्छ्रीगणेशो मतस्तथा । अस्माकं कुलदेवत्वात् पूज्यो भवति मारुतिः ॥ १०२
गायत्र्या अधिदेवत्वादस्माकं च द्विजन्मनाम् । पूज्योऽस्ति सविता देवोऽथेष्टशास्त्राणि मे ब्रुवे ॥ १०३
वेदाः सहोपनिषदो द्वैपायनकृतान्यथ । शारीरकाभिधान्येव सूत्राणि ब्राह्मणोत्तम ! ॥ १०४
श्रीमद्भागवताभिख्यं पुराणं दशलक्षणम् । या चास्ति भगवद्गीता भारते भीष्मपर्वणि ॥ १०५
विष्णोर्नामसहस्रं च भारते भीष्मकीर्तितम् । नीतिश्च विदुरप्रोक्ता तत्रैवोद्योगपर्वणि ॥ १०६
श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् । याज्ञवल्क्यस्मृतिश्चेति शास्त्राणीष्टानि सन्ति मे ॥ १०७

---

છે. અને તે શ્રીકૃષ્ણ જ્યારે રોહિણીપુત્ર બળદેવજી સાથે હોય કે પત્ની સત્યભામા આદિ પટરાણીઓ સાથે હોય ત્યારે **''બલકૃષ્ણ'' ''સત્યાકૃષ્ણ''** વગેરે નામોથી તેમને બોલાવાય છે.[૯૮] હે વિપ્ર ! વાસુદેવાદિ ચતુર્વ્યૂહ તથા કેશવાદિક ચોવીસ રૂપો અને શેષશાયી, પદ્મનાભ, વારાહ, વામન આદિ અનંત અવતારો પણ ભગવાન શ્રીકૃષ્ણનાજ અવતાર સ્વરૂપો હોવાથી અમને માન્ય છે. અને પૂજ્ય પણ છે.[૯૯-૧૦૦]

હે વિપ્ર ! પાર્વતી દેવીએ સહિત શંકરને અમે માનીએ છીએ, તેનું કારણ તે પરદેવતા છે એ રીતે નહિ પરંતુ તે આદિ વૈષ્ણવ છે. અને સર્વે વૈષ્ણવોમાં શ્રેષ્ઠ અગ્રગણ્ય વૈષ્ણવ છે. અને પ્રાચીન બર્હિષ રાજાના પુત્ર પ્રચેતાઓને તેમણે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપી આ પૃથ્વી પર બ્રહ્મવિદ્યાની ખૂબજ સારી પ્રવૃત્તિ કરી છે તેથી તેને માનીએ અને પૂજીએ છીએ.[૧૦૧] તેમજ ગણપતિજીને જે રીતે અમે માનીએ કે પૂજીએ છીએ તેનું કારણ એ છે કે, તે ભગવાન શ્રીકૃષ્ણનો અવતાર છે. એમ બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહેલું છે. તથા વાયુપુત્ર હનુમાનજીને અમે માનીએ છીએ અને પૂજીએ છીએ તેનું કારણ અમારા કુળદેવતા છે.[૧૦૨] અને સૂર્યનારાયણ તો ગાયત્રીના અધિષ્ઠાતા દેવ છે તેથી દ્વિજ એવા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એવા આપણ સૌને માટે માન્ય અને પૂજ્ય છે જ. હવે તમને હું અમારાં પ્રિય શાસ્ત્રોનો પરિચય કરાવું છું.[૧૦૩]

હે ઉત્તમ વિપ્ર ! ઉપનિષદોએ સહિત ચારવેદ, કૃષ્ણદ્વૈપાયન એવા વ્યાસજીએ કરેલ શારીરિક નામનાં બ્રહ્મસૂત્રો, દશ લક્ષણોવાળું શ્રીમદ્ ભાગવત પુરાણ, મહાભારતના ભીષ્મપર્વમાં રહેલી શ્રીમદ્ ભગવદ્ગીતા, મહાભારતના

तत्र शारीरसूत्राणि गीता भागवतीति च । द्वयं रामानुजाचार्यभाष्योपेतं मतं मया ॥ १०८
आचारव्यवहाराघनिष्कृतिज्ञानहेतवे । मता मिताक्षरायुक्ता याज्ञवल्क्यस्य तु स्मृतिः ॥ १०९
विशेषात्कृष्णमाहात्म्यज्ञानाय तु मतौ मया । श्रीमद्भागवतस्यैव स्कन्धौ दशमपञ्चमौ ॥ ११०
अन्यानि यानि शास्त्राणि वेदार्थानुसृतानि ह । तानि सन्ति मतेऽस्माकं प्रमाणान्यास्तिकत्वतः ॥ १११
आद्या शक्तिर्भगवतो लक्ष्मीर्देव्यस्ति नो मते । धार्ये च तुलसीकाष्ठमाले कण्ठे द्विजातिभिः ॥ ११२
चन्दनादीन्धनभवे कृष्णांघ्रिस्पर्शपाविते । धार्ये सूक्ष्ममणी माले कण्ठे शूद्रैश्च भूसुर ! ॥ ११३
सचन्द्रकं चोर्ध्वपुण्ड्रं गोपीचन्दनमृत्स्नया । कृष्णपूजावशिष्टेन क्रियते चन्दनेन वा ॥ ११४
राधालक्ष्मीप्रसादेन कुङ्कुमेनापि चन्द्रकः । तन्मध्ये क्रियते ब्रह्मन्सम्प्रदाय इहौद्धवे ॥ ११५
सन्ति ये साधवोऽस्माकं त्यक्तग्राम्यसुखा इह । भरतस्यार्षभस्येव भक्तिस्तेषां ममापि च ॥ ११६

---

અનુશાસન પર્વમાં રહેલું શ્રીવિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર, મહાભારતના ઉદ્યોગ પર્વમાં રહેલ વિદુરનીતિ, સ્કંદપુરાણના છેલ્લા વિષ્ણુખંડમાં રહેલું શ્રીવાસુદેવ માહાત્મ્ય અને યાજ્ઞવલ્ક્યસ્મૃતિ આ આઠ સચ્છાસ્ત્રો અમને અતિશય પ્રિય છે.[૧૦૪-૧૦૭] આ આઠ સચ્છાસ્ત્રોમાં પણ શારીરકસૂત્રો અને ભગવદ્ગીતા એ બે ગ્રંથ રામાનુજાચાર્યે કરેલાં ભાષ્યે યુક્ત અમને માન્ય છે.[૧૦૮] અને યાજ્ઞવલ્ક્યસ્મૃતિ તે મીતાક્ષરાટીકાએ યુક્ત હોય તેવી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત આ ત્રણના નિર્ણયને માટે માન્ય છે.[૧૦૯] ભગવાન શ્રીકૃષ્ણનો અધિક ને અધિક મહિમા સમજવા માટે શ્રીમદ્ભાગવત પુરાણના દશમ અને પંચમ આ બે સ્કંધ અમને વધુ પ્રિય છે.[૧૧૦] તેમજ વેદના અર્થને અનુસરતાં હોય એવાં બીજાં કોઈ પણ શાસ્ત્રો છે તે પણ આસ્તિક ગ્રંથો હોવાથી અમને પ્રમાણપણે માન્ય છે.[૧૧૧]

હે વિપ્ર ! ભગવાન શ્રીકૃષ્ણની આદ્યશક્તિ જે લક્ષ્મીજી છે તે અમારા સંપ્રદાયની કુળદેવી છે. હે વિપ્ર ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ વર્ણના દ્વિજાતિઓએ તુલસીના કાષ્ઠમાંથી સૂક્ષ્મ મણીકાવાળી બેવડી કંઠી કંઠમાં ધારણ કરવાની અમે માન્ય કરેલી છે.[૧૧૨] અને શૂદ્રજનોએ તો ચંદન આદિકના કાષ્ઠમાંથી બનાવેલી અને ભગવાન શ્રીકૃષ્ણના ચરણારવિંદના સ્પર્શથી પવિત્ર કરેલી સૂક્ષ્મ મણકાવાળી બેવડી કંઠી કંઠમાં ધારણ કરવા અમે માન્ય કરેલી છે.[૧૧૩]

હે વિપ્ર ! અમારા સંપ્રદાયના આશ્રિત માત્ર પુરુષો હોય તેમણે ગોપીચંદનની માટીથી કે ભગવાનની પૂજા કરતાં બાકી રહેલાં કેસર મિશ્રિત ચંદનથી વચ્ચમાં ગોળ ચાંદલાએ સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું અમે માન્ય કરેલ

निर्मानत्वमसङ्गत्वमहिंसाहंममत्यजिः । आत्मनिष्ठा च तस्यैव सन्ति भक्तेरलंक्रियाः ॥ ११७
सालंक्रियेद्दृशी कृष्णभक्तिर्यस्य भवेन्न सः । त्यागी बहिष्कृत इति ज्ञेय उद्धववर्त्मनः ॥ ११८
गृहस्थाश्रमिणो येऽत्र सन्त्यस्माकं तु वाडव ! । अम्बरीषनृपस्येव तेषां भक्तिः स्वधर्मयुक् ॥ ११९
इत्थं द्वेधा भक्तिरीतिः सम्प्रदायेऽस्ति नः किल । उक्ताधिकारिभेदेन योग्यत्वाद्द्विजसत्तम ! ॥ १२०
अस्मदीयाः साधवस्तु भरतस्यैव योगिनः । मार्गं परमहंसस्य श्रिता भागवतस्य यत् ॥ १२१
अतः परमहंसाख्या उच्यन्तेऽस्मदुपाश्रितैः । प्रश्नानामिति सर्वेषामुत्तरं कथितं तव ॥ १२२

**सुव्रत उवाच –**

इति स्वामिवचः श्रुत्वा मुमुक्षुः स तु वाडवः । तमेव सद्गुरुं ज्ञात्वा समाश्रयदसंशयः ॥ १२३

---

છે.[૧૧૪] હે બ્રહ્મન્ ! આ ઉદ્ધવ સંપ્રદાયમાં ઊર્ધ્વપુંડ્ર તિલકના મધ્યે ખાસ કરીને રાધા અને લક્ષ્મીના પ્રસાદિભૂત કાશ્મીરી કુંકુમનો ચાંદલો કરવાનું વિશેષ પ્રમાણ છે.[૧૧૫] અમારા સંપ્રદાયમાં બે પ્રકારથી ભક્તિ થાય છે, એક છે જડભરતની રીત અને બીજી અંબરીષરાજાની રીતમાં રહીને ભક્તિ કરવાનો માર્ગ.[૧૧૬] તેમાં જે અમારા સંપ્રદાયના ત્યાગી સાધુઓ છે તે સંસારના વિષયભોગના સુખમાં અનાસક્ત રહી ઋષભદેવના પુત્ર જડભરતની જેમ વર્તીને ભક્તિ કરે છે, નિર્માનીપણું, પંચ વિષયમાં અનાસક્તપણું, કાયા, મન, વાણીથી અહિંસાપણું, અહંતા મમતાથી રહીતપણું અને આત્મનિષ્ઠા, આ પાંચ સદ્ગુણો ભક્તિના અલંકારભૂત છે. તે અમારા સાધુઓમાં જડભરતજીની જેમ રહેલા છે.[૧૧૭] હે વિપ્ર ! ઉપરોક્ત પાંચ સદ્ગુણોના અલંકારે યુક્ત એવી જડભરતજીના જેવી ભક્તિ જે ત્યાગી સાધુના અંતરમાં ન હોય તે ત્યાગી સાધુ અમારા ઉધ્ધવસંપ્રદાય થકી બહાર જાણવા.[૧૧૮] હે વિપ્ર ! તેવીજ રીતે અમારા સંપ્રદાયમાં જે ગૃહસ્થ ભક્તજનો છે, તેને બીજી રીતે અંબરીષરાજાની પેઠે ધર્મસહિત ભક્તિ કરવાની કહેલી છે.[૧૧૯] હે ઉત્તમ બ્રાહ્મણ ! આ પ્રમાણે અધિકારના ભેદથી યોગ્યતાનુસારે અમારા સંપ્રદાયમાં બે પ્રકારની ભક્તિની રીતિ કહેલી છે.[૧૨૦]

હે વિપ્ર ! અમારા સંતો ભાગવત પરમહંસ એવા જડભરતજીના જેવો યોગીમાર્ગ લીધો હોવાથી અને તેના જેવું નિર્માનાદિ ગુણોએ યુક્ત વર્તતા હોવાથી અમારા આશ્રિત હરિભક્તો તેમને ''પરમહંસ'' એવા નામથી સંબોધે છે. હે વિપ્ર ! આ પ્રમાણે મેં તમારા અઢાર પ્રશ્નોના ઉત્તર આપ્યા છે. તેમાં ક્રમભેદ કર્યો છે. તે તો વ્યાખ્યા કરવાની સાનુકૂળતાને લીધે કર્યો છે[૧૨૧-૧૨૨]

प्रसादात्तस्य चापश्यत्सद्यस्तं स समाधिना । श्रीकृष्णं राधया साकं कृतार्थस्तेन चाभवत् ॥ १२४
ततः स्वयजमानाय हरिसिंहाय भूभुजे । तत्सर्वमवदद्विप्रो यथादृष्टं यथाश्रुतम् ॥ १२५
ततः सोऽपि सुधीर्हृष्टस्तमेव शरणं हरिम् । प्राप्यानन्दं परं लेभे तदीयाश्च नराधिप ! ॥ १२६

श्रुत्वर्षयस्ते निजसम्प्रदायप्रकाशमीशेन कृतं प्रहृष्टाः ।
दोलोत्सवं तत्र विधाय भूमौ सुखं विचेरुर्गतवैरिभीकाः ॥ १२७

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे*
*उद्धवसम्प्रदायप्रकाशनामा सप्तत्रिंशोऽध्यायः ॥ ३७ ॥*

---

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે શ્રીસ્વામિનારાયણ ભગવાનનું વચન સાંભળી મુમુક્ષુ એવા શિવરામવિપ્રે તેમને શાસ્ત્રોક્ત લક્ષણ સંપન્ન સાચા સદ્ગુરુ જાણીને નિઃસંશયપણે તેમનો આશ્રય કર્યો.[૧૨૩] પછી શ્રીહરિના અનુગ્રહથી તે વિપ્રને તેજ ક્ષણે સમાધિદશા પ્રાપ્ત થઈ અને સમાધિમાં તેમને રાધિકાએ સહિત ભગવાન શ્રીકૃષ્ણનાજ રૂપમાં ભગવાન શ્રીહરિનાં દિવ્ય દર્શન થયાં. તેથી શ્રીહરિનું એકાંતિક ભાવે ભજન કરતા તે કૃતકૃત્ય થયા[૧૨૪]

હે રાજન્ ! ત્યારપછી શિવરામવિપ્ર પોતાના યજમાન હરિસિંહ રાજાની પાસે જઈને પોતે જાતે જે અનુભવ્યું હતું તે તથા શ્રીહરિના મુખે જે સાંભળ્યું હતું તે સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું.[૧૨૫] હે નરાધિપ ! ત્યારે સદ્બુદ્ધિમાન હરિસિંહ રાજા પણ અત્યંત રાજી થયા અને ભગવાન શ્રીસ્વામિનારાયણનો આશ્રય કરી પરમ આનંદ પામ્યા. અને તેમના મંત્રીઓ પણ શ્રીહરિનું શરણું સ્વીકારી પરમ આનંદ પામ્યા[૧૨૬] સભામાં બેઠેલા તે સર્વે સંતો પણ પોતાના ઇષ્ટદેવ શ્રીહરિએ ઉદ્ધવસંપ્રદાયના રહસ્યનું પ્રકાશન કર્યું તે સાંભળીને અતિશય આનંદ પામીને, ગઢપુરમાં ફુલડોલનો ઉત્સવ કરીને ભગવાનની આજ્ઞા થતાં હવે આસુરી ગુરુઓ અને રાજાઓનો ભય નિવૃત્ત પામ્યો હોવાથી પૃથ્વી પર નિર્ભયપણે વિચરણ કરવા લાગ્યા. [૧૨૭]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં શિવરામવિપ્રના પ્રશ્નોત્તરમાં શ્રીહરિએ ઉદ્ધવસંપ્રદાયનું પ્રકાશન કર્યું એ નામે સાડત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૭--***

---

## अथ अष्टत्रिंशोऽध्यायः - ३८

सुव्रत उवाच -

पुरे वसंस्तत्र मुनीश्वरोऽथ महोत्सवान्सोऽभयसद्मनि प्रभुः ।
चकार कृष्णस्य जनुर्दिनेषु सर्वासु चैकादशिकासु राजन् ! ॥ १
शुश्राव नित्यं च महापुराणं स प्रीतिमान्भागवताभिधानम् ।
अचीकरद्दानममुष्य चासौ पाठांश्च विप्रैर्विधिवच्छतानि ॥ २
श्रीभारतोक्तस्य सहस्रनामस्तोत्रस्य विष्णोः श्रवणं च पाठान् ।
स्वयं चकाराथ च वाडवेन्द्रैः स कारयामास यथाविधानम् ॥ ३
तं प्रार्थयन्ति स्म पुरान्तरेभ्यो भक्ताः समेत्य स्वपुरागमाय ।
यदा तदा सोऽप्यभयं नृपं तमापृच्छ्य तत्तत्पुरमप्ययाच्च ॥ ४
साकं स्वकैर्बन्धुभिरन्वयात्तं क्वचित्क्वचिद्भूमिपतिर्निजेष्टम् ।
क्वचित्क्वचित्तस्य निदेशतोऽसौ पुरे स्वकेऽस्थाद्धृदि चिन्तयंस्तम् ॥ ५

---

## અધ્યાય - ૩૮

### ગઢપુરમાં શ્રીહરિના નિવાસ દરમ્યાન અનંત સંતો ભક્તોની હાજરીમાં વ્રતો-ઉત્સવોનું વર્ણન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! સંતોનાં મંડળો દેશદેશાંતરોમાં વિચરણ કરવા ગયાં. પછી ગઢપુરમાં અભયરાજાના દરબારમાં બિરાજમાન સંતોના સ્વામી અને મહા સમર્થમૂર્તિ ભગવાન શ્રીહરિ જન્માષ્ટમી આદિ ભગવાનના જન્મોત્સવો તથા સર્વે એકાદશીના ઉત્સવો ઉજવતા.[૧] અને અતિપ્રસન્ન મને શ્રીમદ્ ભાગવતની કથા પ્રતિદિન સાંભળતા. જ્યારે ભાગવતની પારાયણ પૂર્ણ થાય ત્યારે અભયરાજા પાસે શ્રીમદ્ભાગવતપુરાણ ગ્રંથનું વિધિપૂર્વક વક્તાને દાન કરાવતા. અને પોતાના આશ્રિત બ્રાહ્મણો પાસે આ શ્રીમદ્ ભાગવતના સો સો પાઠોનાં પુરશ્ચરણ પણ કરાવતા.[૨] હે રાજન્ ! મહાભારતમાં કહેલાં વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું શ્રીહરિએ પોતે શ્રવણ કરી પાઠ પણ કર્યા તથા પોતાના આશ્રિત ઉત્તમ વિપ્રો પાસે તેના પાઠ અને પુરશ્ચરણો કરાવ્યાં.[૩]

હે રાજન્ ! બીજા નગરો કે ગામડેથી આવેલા ભક્તજનો ભગવાન શ્રીહરિને પોતાને ગામ કે નગરમાં પધારવાની વિનંતિ કરતા ત્યારે ભગવાન શ્રીહરિ પણ અભયરાજાને પૂછીને તે તે ભક્તોનાં નગર કે ગામડે જતા.[૪] તેમાં ક્યારેક

हरिश्च तत्तन्नगरे स्वभक्तानानन्दयित्वा प्रथितप्रतापैः ।
महोत्सवैः श्रीरमणस्य भूयः पुरं तदेति स्म ततः क्षितीश ! ॥ ६
प्रत्युत्सवं जनास्तत्र समायान्ति स्म यूथशः । स्त्रियो वृद्धाश्च शिशवो गृहिणो मुनयस्तथा ॥ ७
त्यागिनां तत्र भक्तानां यूथानि तु सहस्रशः । आजग्मुर्जग्मुरूषुश्च नैरन्तर्येण चान्वहम् ॥ ८
त्यागिनां हरिभक्तानां यूथानि गणका अपि । सङ्ख्यातुं शेकिरे नैव तत्रायान्त्यपयान्ति च ॥ ९
यावन्तो नृपमन्दिरे हरिजनास्तावन्त आसन् पुरे । गङ्गायां च परावरे तटयुगे तावन्त एवाभवन् ।
तावन्तः किल वाटिकासु पथिषु छायासु च क्ष्मारुहां
तत्रैवं मनुजाकृतौ विलसति श्रीवासुदेवे प्रभौ ॥ १०
तत्रत्यानां तु भक्तानां नित्यमेव महोत्सवाः । बभूवुः सेवमानानामनुवेलं तमीश्वरम् ॥ ११

---

અભયરાજા પોતાના પુત્ર આદિ સંબંધીજનોની સાથે શ્રીહરિની સાથે જતા, અને ક્યારેક શ્રીહરિની આજ્ઞાથી ગઢપુરમાં જ રહી ભજન-સ્મરણ કરતા.[૫] હે ભૂમિપતિ ! ભગવાન શ્રીહરિ તે તે ગામડે કે પુરમાં પધારી ભક્તજનોને પોતાનો પ્રસિદ્ધ પ્રગટ પ્રતાપ જણાવીને તથા મહાન ઉત્સવ ઉજવીને ખૂબજ આનંદ પમાડતા અને ફરી ત્યાંથી પાછા ગઢપુર પધારી નિવાસ કરતા.[૬]

હે રાજન્ ! શ્રીહરિ જ્યારે ગઢપુરમાં ઉત્સવો ઉજવતા ત્યારે પ્રત્યેક ઉત્સવમાં હજારો નરનારીઓ, વૃદ્ધો, બાળકો અને ત્યાગીસંતો સંઘે સંઘમાં ભેળા મળીને આવતા.[૭] હે રાજન્ ! ઉત્સવો હોય કે ન હોય છતાં હજારોની સંખ્યામાં સંતો અને હરિભક્તોના સમૂહો દુર્ગપુરમાં પ્રતિદિન આવતા ને જતા. વચ્ચે ઘણા સમય સુધી ભગવાન શ્રીહરિની સમીપે તેમની આજ્ઞાથી નિવાસ કરીને રહેતા પણ ખરા.[૮] હે રાજન્ ! સંખ્યાની ગણના કરવામાં નિપુણ પુરુષો પણ ભગવાન શ્રીહરિની સમીપે આવતા ત્યાગી તથા ગૃહસ્થ-ભક્તોના જનસમુદાયને ગણવામાં સમર્થ થતા નહિ.[૯] હે રાજન્ ! અક્ષર, કાળ, માયાના નિયંતા સ્વયં સાક્ષાત્ વાસુદેવ મનુષ્યાકૃતિ ધરીને ગઢપુરમાં બિરાજતા હોવાથી તેમનાં દર્શને આવતા હજારો મનુષ્યોની ભીડ જામતી. જેટલા ભક્તજનો રાજદરબારમાં હોય તેટલાજ નગરમાં અને તેટલાજ ઉન્મત્તગંગાને બન્ને કિનારે હોય, તથા તેટલા જ જળમાં સ્નાન કરતા હોય. તેમજ લક્ષ્મીવાડીમાં, પુષ્પવાટિકામાં, વૃક્ષોની છાયામાં અને રાજ-દરબારમાં તથા રાજમાર્ગમાં પણ એટલાજ હરિભક્તોની ભીડ જોવામાં આવતી.[૧૦] હે રાજન્ ! આ રીતે ભગવાન શ્રીહરિની સેવા કરનારા સંતો-ભક્તોને તથા ગઢપુરવાસી સર્વે ભક્તોને નિત્યે ઉત્સવનો મહા આનંદ પ્રાપ્ત થતો રહેતો.[૧૧]

राजोवाच -

धन्यो राजाऽभयो ब्रह्मन् ! येन भक्त्या वशीकृतः । उवास तद्गृहे साक्षाद्भगवान्निःस्पृहोऽपि सः ॥ १२
त्वया यदुक्तं भगवान् पुरान्तरजनैर्मुने ! । प्रार्थितो ह्यभयं पृष्ट्वा तत्तत्पुरमगादिति ॥ १३
पुरान्तरे कुत्र कुत्र ततो गत्वा स सत्पतिः । कृत्वा महोत्सवान्भूयस्तत्रायाद्वद तच्च माम् ॥ १४
तव नाविदितं किञ्चिच्चरितं तस्य सन्मते ! । तत्प्रसादात्सर्वविदस्तथा तत्पार्श्ववर्तिनः ॥ १५
एवं प्रतापसिंहेन पृष्टो भागवतो मुनिः । स्मरन्नारायणं चित्ते तमुवाच नराधिपम् ॥ १६

सुव्रत उवाच -

शृणु राजन् ! भगवतश्चरित्राणि वदामि ते । धर्मरक्षावतारस्य कुर्वतो भक्ततोषणम् ॥ १७
वसन्तं तं दुर्गपुरे भक्तसङ्घाः सहस्रशः । ग्रामान् पुराणि च स्वेषां नेतुं सम्प्रार्थयन्भृशम् ॥ १८
कृपानिधिः स भगवान्भक्तवत्सल ईश्वरः । तं तं ग्रामं पुरं प्रायात्तत्तत्प्रियचिकीर्षया ॥ १९

---

પ્રતાપસિંહ રાજા કહે છે, હે બ્રહ્મન્ ! હે સુવ્રતમુનિ ! અભયરાજાને ખરેખર ધન્ય છે કે જેની નિષ્કામ ભક્તિએ સાક્ષાત્ પરમેશ્વરને પણ વશ કરી લીધા. શ્રીહરિ નિઃસ્પૃહી છે છતાં તેની ભક્તિને વશ થઇ તેના રાજદરબારમાં અખંડ નિવાસ કરીને રહે છે.[૧૨] હે મુનિવર ! તમે એમ કહ્યું કે, ભગવાન શ્રીહરિનાં દર્શને આવતા અન્ય ગામ કે નગરના ભક્તજનોની પ્રાર્થના સાંભળી શ્રીહરિ અભયરાજાને પૂછીને તે તે ભક્તોનાં પુર કે ગામમાં જઇ ઉત્સવો ઉજવી પાછા ગઢપુર પધારતા.[૧૩] તો હે મુનિવર ! ભગવાન શ્રીહરિ ગઢપુરથી કયા કયા ગામ કે નગરમાં પધારી મહોત્સવો ઉજવી પાછા દુર્ગપુર પધારતા. તો તે ગામ કે પુરમાં ઉજવેલા ઉત્સવોની કથારૂપ શ્રીહરિનાં પાવન ચરિત્રો મને સંભળાવો.[૧૪] હે સદ્બુદ્ધિવાળા ! હે મુનિવર ! ભગવાન શ્રીહરિની કૃપાથી આપને સર્વજ્ઞપણું પ્રાપ્ત થયું છે, અને નિરંતર તેમની સમીપે જ આપ નિવાસ કરીને રહો છો, તેથી શ્રીહરિ નાં એક પણ ચરિત્રથી તમે અજાણ નથી. માટે મને તે સર્વે ચરિત્રોની કથા સંભળાવો.[૧૫] ત્યારે સુવ્રતમુનિ પોતાના હૃદયમાં પ્રગટ શ્રીહરિનું સ્મરણ કરી પ્રતાપસિંહ રાજાને કહેવા લાગ્યા. હે રાજન્ ! ધર્મની રક્ષા કરવા માટે અને પોતાનાં એકાંતિક ભક્તોના સંતોષને માટે આ પૃથ્વી પર પ્રાદુર્ભાવ પામેલા ભગવાન શ્રીહરિનાં પાવનકારી ચરિત્રોની કથા હું તમને કહું છું તેને તમે સાવધાન થઇ સાંભળો.[૧૬-૧૭] હે રાજન્ ! જ્યારે હજારો ભક્તજનો શ્રીહરિને પોતાનાં ગામ કે પુરમાં પધારવાની બહુજ પ્રાર્થના કરતા, ત્યારે કૃપાના સાગર, ભક્તવત્સલ, સર્વનિયંતા ભગવાન શ્રીહરિ તે ભક્તજનોનું

जन्माष्टम्यादितिथिषु तत्र तत्र महोत्सवान् । चक्रे सच्छास्त्रवार्ताश्च धर्मं भक्तिं च पोषयन् ॥ २०
बहवः सन्ति हि ग्रामाः पुराणि च नराधिप ! । कृतोत्सवानि हरिणा वृतेन मुनिमण्डलैः ॥ २१
तानि सर्वाणि तु मया वक्तुं शक्यानि न ध्रुवम् । वदामि कतिचित्तत्र तल्लीलाश्च समासतः ॥ २२
सौवीरदेशनृपतिः सुरसिंहस्तमार्थयत् । सहैव मुनिभिर्नेतुं स्वीयं मत्स्याह्वयं पुरम् ॥ २३
संवत्सरे प्रमाथ्याख्ये कृत्वा वासन्तिकोत्सवम् । हरिस्तन्नगरं प्रायादश्वारूढः सपार्षदः ॥ २४

संस्थापयन्वैदिकधर्मसेतून्निजप्रतापं प्रथयञ्जनेषु ।
हरन्नधर्मं परिलीयमानं मासं न्यवात्सीत्स च तत्र पुर्याम् ॥ २५
भक्तस्य राज्ञः सुरसिंहनाम्नो गृहे वसंस्तत्र मुनिः पुराणः ।
देशान्तरेभ्यो बहुशः स्वभक्तान्समाह्वयामास स पत्रदूतैः ॥ २६

---

પ્રિય કરવા તેમનાં ગામ કે પુર પ્રત્યે પધારતા.[૧૮-૧૯] વર્ણાશ્રમને ઉચિત ધર્મનું તથા પ્રેમે સહિત નવધા ભક્તિનું પોષણ કરતા, ભગવાન શ્રીહરિ તે ગામ કે પુરને વિષે જન્માષ્ટમી આદિના મોટા મોટા ઉત્સવો કરતા અને સત્શાસ્ત્ર સંબંધી અનેક વાર્તાઓ કરી ભક્તજનોનો ઉત્સાહ વધારતા હતા.[૨૦]

**શ્રીહરિનું મછિયાવપુરમાં આગમન :–** હે રાજન્ ! સંતમંડળની સાથે રહીને ભગવાન શ્રીહરિએ જ્યાં જ્યાં મોટા મોટા ઉત્સવો ઉજવેલા છે. એવાં ગામ અને નગરો તો બહુ મોટી સંખ્યામાં છે.[૨૧] તે સર્વે ગામોની કથા હું તમને કહી શકું તેમ નથી. છતાં પણ કોઈ ગામ કે નગરમાં ભગવાન શ્રીહરિએ ઉત્સવ ઉજવી લીલાચરિત્રો કરેલાં છે તેને સંક્ષેપથી કહું છું.[૨૨] હે રાજન્ ! સૌવીરદેશના સુરસિંહ રાજાએ ભગવાન શ્રીહરિની સંતોનાં મંડળે સહિત પોતાનાં મછિયાવપુર પધારવાની પ્રાર્થના કરી, તેથી ભગવાન શ્રીહરિ પ્રમાથિ નામના સંવત્સરમાં સંવત ૧૮૬૫ ના મહાસુદ વસંત પંચમીનો ઉત્સવ ગઢપુરમાં ઉજવીને અશ્વ ઉપર વિરાજમાન થઈ વર્ણીઓ, સંતો અને પાર્ષદોનાં મંડળોએ સહિત મછિયાવપુરમાં પધાર્યા.[૨૩-૨૪] હે રાજન્ ! સનાતન વૈદિક ધર્મમર્યાદાનું સ્થાપન કરતા અને સર્વેજનોમાં પોતાનો અલૌકિક પ્રતાપ વિસ્તારતા શ્રીહરિ જે તે જનસમુદાયમાં છૂપાઈને રહેલા અધર્મનો ઉચ્છેદ કરી તે મછિયાવપુરમાં એકમાસ પર્યંત નિવાસ કરીને રહ્યા.[૨૫]

હે રાજન્ ! તે મછિયાવપુરમાં પોતાના એકાંતિક ભક્ત એવા સુરસિંહ રાજાના રાજમંદિરમાં બિરાજતા પુરાણ પુરુષ શ્રીસ્વામિનારાયણ ભગવાને દેશાંતરમાં રહેલા પોતાના ભક્તજનોને સંદેશવાહક દૂતો મોકલી મછિયાવપુરમાં

राजा तमार्चद्वसनैरनर्घ्यैर्विभूषणैर्हेममयैरनेकैः ।
सच्चन्दनेनोत्तमपुष्पहारैः सहस्रशो राजतमुद्रिकाभिः ॥ २७
राज्ञः स्त्रिया देविकयाऽतिभक्त्या तेजोवतीसंज्ञिकया च पुत्र्या ।
सहेमसूत्रैर्विविधैः पुपूजे वस्त्रैः सुभोज्यैश्च धनैः प्रभुः सः ॥ २८
तं केशिनी श्यालकयोषिदस्य महोपचारैः सुपुपूज भक्त्या ।
अन्याश्च नार्यः शतशः सहस्रशः प्रीत्या तमार्चन् पुरुषाश्च राजन् ! ॥ २९
देशान्तरेभ्यश्च समागता ये नराश्च नार्यश्च हरेः सपर्याम् ।
संवीक्ष्य हर्षं बहुविस्मयं च प्रापुः स्तुवन्तो भगवत्प्रतापम् ॥ ३०
भक्ष्यभोज्यैर्बहुविधैः साधून्विप्रांश्च वर्णिनः । हरेरनुचरान्सर्वान्नृपोऽतर्पयदन्वहम् ॥ ३१
मुनिमण्डलमध्यस्थं सिंहासनमधिष्ठितः । लक्षशः पुरुषैर्भक्तैः स्त्रीभिश्च परिवेष्टितः ॥ ३२

---

**પધારવા નિમંત્રણ મોકલી બોલાવ્યા.[૨૬] ત્યારે સુરસિંહ રાજાએ અમૂલ્ય વસ્ત્રો, અનેક પ્રકારનાં સુવર્ણમય આભૂષણો, સુગંધીમાન ચંદન તથા પુષ્પના ઉત્તમ હારો તેમજ હજારો રૂપામોરોથી શ્રીહરિનું પૂજન કર્યું.[૨૭] તે રાજાના દેવિકા નામનાં રાણી અને તેજોવતી નામનાં રાજકુમારી પણ સુવર્ણના તારવાળાં અનેક પ્રકારનાં અમૂલ્ય વસ્ત્રો અને સુંદર સ્વાદિષ્ટ ભોજન વડે અતિ પ્રેમથી ભગવાન શ્રીહરિની પૂજા કરી.[૨૮]**

**હે રાજન્ ! સુરસિંહ રાજાના શાળાની પત્ની કેશિનીદેવીએ પણ મોટા ઉપચારોથી ભક્તિ ભાવથી શ્રીહરિની પૂજા કરી. આવી રીતે સેંકડો અને હજારો નરનારીએ અતિ પ્રેમથી ભગવાન શ્રીહરિની પૂજા કરી.[૨૯] તે સમયે દેશાંતરમાંથી આવેલા હજારો નરનારીઓએ ભગવાન શ્રીસહજાનંદ સ્વામીની રાજા આદિકે કરેલી પૂજા જોઈને તેમના પ્રતાપની અત્યંત પ્રશંસા કરવા લાગ્યા અને અતિ આનંદની સાથે અતિશય વિસ્મય પામ્યા.[૩૦] હે રાજન્ ! સુરસિંહ રાજા બહુપ્રકારનાં ભક્ષ્ય અને ભોજ્યાદિ પદાર્થોથી ભગવાન શ્રીહરિના સર્વે સંતો, બ્રહ્મચારીઓ, સાધુઓ અને પાર્ષદોને પ્રતિદિન જમાડી તૃપ્ત કરતા હતા.[૩૧]**

**હે રાજન્ ! સુરસિંહરાજાના દરબારમાં મુનિમંડળને મધ્યે ઊંચા સિંહાસન ઉપર ભગવાન શ્રીહરિ બિરાજમાન થયા છે. તેમની ચારેબાજુ હજારો નરનારીઓની મર્યાદા પ્રમાણે સભા ભરાઈને બેઠી છે.[૩૨] મુક્તાનંદ સ્વામી આદિ સંતોનું ગાયકવૃંદ અતિશય પ્રેમથી ભગવાન શ્રીહરિના ગુણોનું સંકીર્તન કરી રહ્યું**

गायकैः संस्तुतो भक्त्या पूज्यमानश्च सज्जनैः । वादित्रघोषं तुमुलं शृण्वंस्तत्र हरिर्बभौ ॥ ३३
दोलोत्सवदिने खेलन्भक्तैर्मुनिगणैः सह । क्षिपन् गुलालप्रसृतीर्हर्षयामास सोऽखिलान् ॥ ३४
पीतै रक्तैश्च रङ्गैर्दृतिभिरभिधृतैः स्नापयन्नेव भक्तान्
रङ्गक्लिन्नाङ्गवासाः श्रमजनितपरिस्वेदमुक्तालिभालः ।
गृह्णन्नाशु स्वपार्श्वस्थितमुनिकरतः पुष्टमुष्ट्या गुलालं
लिम्पंस्तद्वक्त्रमेव स्मितरुचिरमुखो हासयामास स स्वान् ॥ ३५
लीलामेवंविधां कुर्वन्नरनाट्यानुसारिणीम् । जहार जनचेतांसि स्वस्वरूपेऽखिलेश्वरः ॥ ३६
राजर्षेश्च गृहे तस्य नारायणमुनिर्हरिः । मूर्तेर्दामोदराख्यायाः स्थापनं चाप्यचीकरत् ॥ ३७
एकदा तत्र सदसि पूजितश्च नृपेण सः । वीज्यमानश्चामरेण बोधयंस्तं जगाद ह ॥ ३८

હતું. અનેક સંતોદ્વારા પૂજાયેલા ભગવાન શ્રીહરિ અનેક પ્રકારનાં વાજિંત્રોના નાદની સાથે ગવાતાં કીર્તનો ધ્યાનથી સાંભળી રહ્યા હતા.[૩૩]

હે રાજન્ ! સમય જતાં ફુલડોલનો ઉત્સવ આવ્યો ત્યારે ભગવાન શ્રીહરિએ અનંત ગૃહસ્થ ભક્તજનો તથા સંતોની સાથે ગુલાલ ઉડાડી રંગ રમીને સર્વે ભક્તજનોને ખૂબજ આનંદ પમાડ્યા.[૩૪] તે સમયે ભગવાન શ્રીહરિ સુવર્ણની પિચકારીમાં ભરેલા રાતા-પીળા રંગોનો ભક્તજનો ઉપર છંટકાવ કરીને તેઓનાં અંગોએ સહિત વસ્ત્રોને ભીંજવી ખુશ કરતા હતા. રંગ રમવાના પરિશ્રમથી ભગવાન શ્રીહરિના વિશાળ ભાલમાં ઉપસેલાં પરસેવાનાં બિંદુઓ શ્વેત રંગના મોતીની સમાન શોભતા હતા. પોતાની બાજુમાં ગુલાલનો થાળ ભરી ઊભેલા સંતના હાથમાંથી ગુલાલની મૂઠી ભરી તે સંતનાં જ મુખ ઉપર લેપન કરી મંદમંદ હાસ્ય કરતા ભગવાન શ્રીહરિ સર્વે ભક્તજનોને ખૂબજ હસાવતા હતા.[૩૫]

હે રાજન્ ! આ પ્રમાણે મનુષ્ય લીલા કરતા અખિલેશ્વર પોતાના ભક્તજનોનાં મનને પોતાના સ્વરૂપમાં આકર્ષિત કરતા હતા.[૩૬] હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ તે સુરસિંહરાજાના દરબારમાં વિધિપૂર્વક શ્રીદામોદર ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા કરી.[૩૭]

હે રાજન્ ! એક વખત તે સુરસિંહરાજાના રાજભવનમાં મોટી સભામાં શ્રીહરિ બિરાજમાન હતા. રાજા પૂજા કરી ભગવાન શ્રીહરિને ચામર ઢોળી રહ્યા હતા. તે સમયે તેમને બોધ આપવા માટે શ્રીહરિ રાજા પ્રત્યે કહેવા લાગ્યા કે, હે રાજન્ ! મારા આશ્રિત સર્વે ભક્તજનોએ બ્રહ્મવિદ્, વેદવિત્ અને તપોનિષ્ઠ

श्रीनारायणमुनिरुवाच -

ब्राह्मणानां ब्रह्मविदां सेवा कार्या मदाश्रितैः । सर्वे मनोरथाः पूर्णास्तत्प्रसादाद्भवन्ति हि ॥ ३९
गृहस्थानां विशेषेण ब्राह्मणा दैवतं परम् । माननीया नृपैस्ते च राज्यवृद्धिमभीप्सुभिः ॥ ४०
सन्तुष्टाः सेवया विप्राः किं किं न नृपवाञ्छितम् । साधयेयुः स्वतपसा देवान्कुर्युर्हि सेवकान् ॥ ४१
ब्राह्मणानां प्रसादेन पार्थिवा बहवः पुरा । कृत्वा महान्ति पुण्यानि प्राप्ताः सिद्धिं सुदुर्लभाम् ॥ ४२
ब्रह्मण्यानां धार्मिकाणां तेषामद्यापि गीयते । यशः सर्वत्र सुमहन्नारदादिभिरुज्ज्वलम् ॥ ४३

सुव्रत उवाच -

इति प्रोक्तं भगवता विप्रमाहात्म्यमुत्तमम् । निशम्य सुरसिंहस्तं पप्रच्छ विनयानतः ॥ ४४

सुरसिंह उवाच -

के के नृपाः पुरा स्वामिन् ! केनोपायेन भूसुरान् । इह सन्तोषयामासुस्तन्मे त्वं वक्तुमर्हसि ॥ ४५

---

બ્રાહ્મણોની સેવા કરવી. આવા ભૂદેવોના અનુગ્રહથી માનવના સર્વ મનોરથો પૂર્ણ થાય છે.[૩૮-૩૯] તેમાં પણ ગૃહસ્થ તમોએ તો વિશેષપણે કરીને બ્રાહ્મણોનું મોટા દેવતા માનીને પૂજન કરવું. અને રાજ્ય સમૃદ્ધિની વૃદ્ધિ ઇચ્છતા હોય એવા રાજાઓએ પણ ખાસ કરીને બ્રાહ્મણોને પૂજવા.[૪૦]

હે રાજન્ ! નિષ્કપટ સેવા કરવાથી પ્રસન્ન થયેલા બ્રાહ્મણો રાજાઓએ ઇચ્છેલાં ક્યાં કાર્યો સિદ્ધ કરી શકતા નથી ? બધાંજ કાર્યો સિદ્ધ થાય છે. કારણ કે પોતાના તપના પ્રભાવથી બ્રાહ્મણો દેવતાઓને પણ પોતાને વશ કરી શકે છે.[૪૧] પૂર્વે અનેક રાજાઓએ બ્રાહ્મણોની પ્રસન્નતાથી મહાન પુણ્યકર્મો કરી દેવતાઓને પણ અતિશય દુર્લભ એવી મોટી સિદ્ધિઓને પામ્યા હતા.[૪૨] બ્રાહ્મણોનું દેવની સમાન પૂજન કરનારા અનેક ધાર્મિક રાજાઓની ઉજ્જ્વલ યશકીર્તિનું આલોકમાં અદ્યાપિ સુધી નારદાદિ જેવા મુનિઓ ગાન કરે છે.[૪૩]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ બ્રાહ્મણોનું ઉત્તમ માહાત્મ્ય કહ્યું. તેને સાંભળીને સુરસિંહરાજા વિનયપૂર્વક ફરીથી ભગવાન શ્રીહરિને પૂછવા લાગ્યા કે, હે સ્વામિન્ ! આગળના કયા કયા રાજાઓએ આલોકમાં કેવાં પ્રકારના ઉપાયોથી બ્રાહ્મણોને પ્રસન્ન કર્યા હતા તે મને જણાવો.[૪૪-૪૫]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! વિશુદ્ધ બુદ્ધિવાળા અને વિનયી સુરસિંહરાજાએ આ પ્રમાણે વિસ્તારથી જાણવા પૂછ્યું, તે સાંભળીને શ્રીહરિ તેમના પર અતિશય પ્રસન્ન થયા અને આગળના, રાજાઓનાં આશ્ચર્યકારી આખ્યાનો

सुव्रत उवाच -

इत्थं विशुद्धमतिना विनयेन पृष्टः सौवीरनीवृदधिपेन हरिः प्रसन्नाः ।
प्रोवाच सादरमुदारनराधिपानां चित्रं चरित्रमवनीश ! समासतस्तम् ॥ ४६

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे मत्स्याह्वयपुरे सुरसिंहनृपादिकृतनारायणार्चनादिनिरूपणनामाऽष्टत्रिंशोऽध्यायः ॥ ३८*

---

## एकोनचत्वारिंशोऽध्यायः - ३९

श्रीनारायणमुनिरुवाच -

भूप ! पृष्टं त्वया साधु ब्राह्मणेष्वादरोऽस्ति ते । अतोऽहं कथयामि त्वां चरित्रं भूभुजामपि ॥ १
सन्तोषका ब्राह्मणानां भूरिदानैः सहस्रशः । आसन्नृपतयो भूमौ वंशयोः सूर्यसोमयोः ॥ २
कथा न शक्या सर्वेषां वक्तुं वर्षशतैरपि । अतः संक्षेपतः किञ्चित्केषाञ्चिच्चरितं ब्रुवे ॥ ३

---

સંક્ષેપથી સુરસિંહ રાજાને સંભળાવવા લાગ્યા.[૪૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં શ્રીહરિ મછિયાવપુર પધાર્યા અને સુરસિંહરાજાએ તથા અન્ય સર્વેએ શ્રીહરિની પૂજા કરી એ નામે આડત્રીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૮--***

---

## અધ્યાય - ૩૯

### શ્રીહરિએ કહેલાં દાનેશ્વરી રાજાઓનાં સંક્ષિપ્ત આખ્યાનો.

નારાયણમુનિ કહે છે, હે રાજન્ ! તમે બહુ જ સરસ પૂછ્યું છે. તમને બ્રાહ્મણો ઉપર અતિશય શ્રદ્ધા છે તેથી હું તમને બ્રાહ્મણોને પૂજ્યપણે માનનારા રાજાઓનાં ચરિત્રો સંભળાવું છું.[૧] આ પૃથ્વી પર અનેક પ્રકારનાં દાન આપી બ્રાહ્મણોને સંતોષ પમાડનારા રાજાઓ સૂર્યવંશમાં અને ચંદ્રવંશમાં હજારોની સંખ્યામાં થઇ ગયા છે. અને તેઓની કથા કહેવા માંડીએ તો સો વર્ષે પણ પાર પામી શકાય તેમ નથી. તેથી સંક્ષેપમાં જ તેમાંથી કેટલાક રાજાઓનાં ચરિત્રો હું તમને સંભળાવું છું.[૨-૩]

मरुत्तो नाम नृपतिरासीद्ब्राह्मणपूजकः । यस्याययुर्महायज्ञे सेन्द्रा देवा सहर्षिभिः ॥ ४
यस्मै पस्पर्ध देवेन्द्रो गुरुस्तत्प्रीतये च यम् । यज्ञं माकुर्विति प्राह संवर्तोऽयाजयत्ततः ॥ ५
यस्य यज्ञे दिव्यरूपा विश्वेदेवाः सभासदः । मरुतः परिवेष्टारः साध्याश्चासन्महात्मनः ॥ ६
नाशकन्दक्षिणा वोढुं यद्यज्ञे ब्राह्मणा अपि । अकृष्टपच्या पृथ्व्यासीद्यस्मिन् राज्यं प्रशासति ॥ ७
तथा सुहोत्रो नृपतिर्द्विजभक्तः पुराऽभवत् । यद्राष्ट्रे मघवाऽवर्षत्सुवर्णं परिवत्सरम् ॥ ८
अन्वर्थाख्या वसुमती नद्यः स्वर्णाम्बुमण्डिताः । नक्रकूर्मादिभिर्हैमैर्युक्तास्तस्मिन्नृपेऽभवन् ॥ ९
सौवर्णान् पातितान् दृष्ट्वा मघोना मकरादिकान् । चक्रोऽर्थिसाच्च तद्द्रव्यं यो नृपः सर्वमेव हि ॥ १०

---

**દાનેશ્વરી મરુત્ત રાજા :–** પૂર્વે બ્રાહ્મણોના પૂજક મરુત્ત નામના પ્રસિદ્ધ રાજા થયા. તેમના મહાયજ્ઞમાં પોતાનો ભાગ સ્વીકારવા સાક્ષાત્ ઈન્દ્રદેવ અન્ય સર્વે દેવતાઓ અને ઋષિમુનિઓની સાથે પ્રત્યક્ષ પધારતા. સો યજ્ઞ કરનારા સ્વયં ઈન્દ્રદેવે પૃથ્વીપરના આ મરુત્ત રાજા સાથે સ્પર્ધા કરવા માંડી.[૪] તે જોઈ ગુરુ બૃહસ્પતિએ પોતાના શિષ્ય ઈન્દ્રદેવને પ્રસન્ન કરવા માટે મરુત્ત રાજાને કહ્યું કે, તમે હવે યજ્ઞ કરશો નહિ. એમ કહીને યજ્ઞ અટકાવી દીધો. તેથી તેમના જ નાનાભાઈ સંવર્તમુનિએ મરુત્તરાજાનો યજ્ઞ પૂર્ણ કરાવ્યો.[૫] હે રાજન્ ! મહાત્મા એ મરુત્ત રાજાના યજ્ઞમાં દિવ્ય રૂપધારી વિશ્વદેવો સભાસદ સ્વરૂપે બિરાજતા અને વાયુદેવના ગણો અને સાધ્યદેવના ગણો યજ્ઞમાં ભોજન પીરસવાની સેવા કરતા.[૬] આ મરુત્ત રાજાના યજ્ઞમાં રાજાદ્વારા દાનમાં અપાયેલી દક્ષિણાઓનો ભાર ઉપાડવા સ્વયં બ્રાહ્મણો સમર્થ થતા નહિ. તેમજ એ રાજાના રાજ્ય-શાસનમાં પૃથ્વી ખેડ્યા વિના ધાન નીપજાવતી હતી.[૭]

**દાનેશ્વરી સુહોત્ર રાજા :–** હે રાજન્ ! તેવી જ રીતે પૂર્વે બ્રાહ્મણ ભક્ત સુહોત્ર નામના રાજા થયા તેમના રાજ્ય શાસનકાળમાં ઈન્દ્રદેવે એક વર્ષ પર્યંત સુવર્ણની વૃષ્ટિ કરી હતી.[૮] તેમના શાસન દરમ્યાન પૃથ્વીનું વસુમતી, વસુંધરા નામ સાર્થક થયેલું. કારણ કે નદીઓનાં નીર સુવર્ણનાપ્રવાહ રૂપે સતત વહેતાં રહેતાં અને તેમાં નિવાસ કરીને રહેલાં મગરમચ્છો, કાચબાઓ વગેરે જળચર પ્રાણીઓ પણ સુવર્ણમય જણાતાં હતાં.[૯] તે સમયે સુહોત્ર રાજાએ જાણ્યું કે સુવર્ણનાં મગરો, માછલાંઓ આદિ સર્વે દ્રવ્ય ઈન્દ્રે સ્વર્ગમાંથી વરસાવ્યું છે, તેથી તે સર્વે દ્રવ્ય અતિથિ બ્રાહ્મણોને દાનમાં અર્પણ કરી દીધું.[૧૦]

तथाङ्गाख्योऽभवद्राजा यो यज्ञे दक्षिणां ददौ । लक्षमश्वांस्तथा कन्या लक्षं हेमपरिष्कृताः ॥ ११
लक्षं धेनूर्वृषान् लक्षं स्वर्णमालाद्यलंकृतान् । ददौ विष्णुपदे चन्द्रं सोमेनातर्पयन्नृपः ॥ १२
चक्रे यज्ञान् शतं चैव प्रीणयन्ब्राह्मणान्सुरान् । अप्रमत्तो विनीतश्च ब्राह्मणाज्ञानुपालकः ॥ १३
यदङ्गः प्रददौ वित्तं सोमसंस्थासु सप्तसु । न जातो जनिता चान्यः पुमान् यस्तत्प्रदास्यति ॥ १४
शिबिरौशीनरश्चासीत्पूर्वं राजातिधार्मिकः । रथघोषेण यः पृथ्वीं चर्मवत्समवेष्टयत् ॥ १५
जैत्रेणैकरथेनैव दिशो जित्वा स्वयं च यः । एकच्छत्रां महीं चक्रे ब्रह्मण्यश्चात्युदारधीः ॥ १६
यावद्भुवि गवाश्वादि तत्सर्वमददात्क्रतौ । न वोढा यद्धुरां कोऽपि राजेत्याह प्रजापतिः ॥ १७

---

**દાનેશ્વરી અંગ રાજા :–** હે રાજન્ ! તેવીજ રીતે એક અંગ નામના મહારાજા થયા. તેમણે યજ્ઞમાં સુવર્ણથી શણગારેલા એક લાખ કુળવાન અશ્વો, તથા સુવર્ણના અલંકારોથી અલંકૃત એકલાખ કન્યાઓનાં દાન કરાવ્યાં.[૧૧] અને સુવર્ણના અલંકારોથી એકલાખ ગાયો અને તેવા અલંકૃત બળદોનું બ્રાહ્મણોને દાન આપ્યું. તથા આકાશમાં રહેલા ચંદ્રદેવને સોમયાગના મિષથી હવિર્ભાગ અર્પણ કરી તૃપ્ત કર્યા.[૧૨] હે રાજન્ ! આ પ્રમાણે દક્ષિણાઓ આપવાની સાથો સાથ બ્રાહ્મણોની આજ્ઞા પાડવામાં સાવધાન અને વિનયયુક્ત થઇ અંગરાજાએ બ્રાહ્મણો તથા દેવતાઓને પ્રસન્ન કરવા એકસો યજ્ઞોનું અનુષ્ઠાન કરેલું.[૧૩] અંગરાજાએ "સપ્ત સંસંસ્થા" નામના યજ્ઞમાં જેટલા દ્રવ્યનું દાન કર્યું તેટલા દ્રવ્યનું દાન કરનાર કોઇ પુરુષ હજુ સુધી પૃથ્વીપર જન્મ્યો નથી ને કદાચ જન્મશે પણ નહિ.[૧૪]

**દાનેશ્વરી શિબિ રાજા :–** હે રાજન્ ! પૂર્વે ઉશીનર દેશના શિબિ નામે રાજા થયા, તે અતિશય ધાર્મિક પુરુષ હતા. તે રાજાએ સમસ્ત પૃથ્વીને ચર્મથી મઢી હોય તેમ પોતાના રથના ધ્વનિથી યુકત કરી દીધી હતી.[૧૫] બ્રાહ્મણોના પરિપાલક અને ઉદારબુદ્ધિવાળા એ શિબિ રાજાએ હમેશાં વિજય જ અપાવે તેવા વિજયશીલ રથ ઉપર બેસી, એકલા હાથે સમસ્ત દેશોના રાજાઓને જીતીને આ પૃથ્વીને પોતાના એક છત્ર શાસન હેઠળ મૂકી દીધી.[૧૬] આ પૃથ્વીપર જેટલી ગાયો અને જેટલા અશ્વો તથા હાથી આદિ હતા તે સર્વેનું તે શિબિરાજાએ યજ્ઞોમાં બ્રાહ્મણોને દાન કર્યું હતું. એ શિબિરાજાની રાજ્યધુરાના ભારને અન્ય કોઇ રાજા વહન કરવા સમર્થ થઇ શકતા નહિ તેથી પ્રજાપતિ બ્રહ્માજીએ તેમની પ્રશંસા કરતાં કહેલું કે, પ્રજાનું રંજન કરનારા આ પૃથ્વી ઉપર તમે જ એક રાજા છો, બાકી બધાય નૃપ છે પણ રાજા નહિ. એવા જબરા એ શિબિરાજા હતા.[૧૭]

तथासीद्भरतो राजा दौष्यन्तिर्भूरिविक्रमः । योऽश्वमेधसहस्रेण राजसूयशतेन च ॥ १८
ईजे विस्मापयन्देवान्ददावतुलदक्षिणाः । यज्ञेषु बद्वशो यस्य ब्राह्मणा गा विभेजिरे ॥ १९
रत्नानि कण्वाय ददौ यः पद्मानां सहस्रकम् । खं मर्त्य इव बाहुभ्यां को राजाऽऽप्नोति तद्यशः ॥ २०
तथा भगीरथो राजा पूर्वमासीच्च यत्क्रतौ । पीत्वा सोमं मदोत्सिक्तो जिग्य इन्द्रोऽसुरान्बहून् ॥ २१
यो हेमभूषिताः कन्या ददौ यज्ञेषु लक्षशः । सर्वा रथगताः कन्याश्चतुरश्वाश्च ते रथाः ॥ २२
शतं शतं प्रतिरथं गजा हेमविभूषणाः । गजं गजं चानुहयाः सहस्रं प्रतिवाजि च ॥ २३
व्यतरद्गोसहस्रं यो यश्च तप्त्वा महत्तपः । गङ्गां पित्रर्थमानिन्ये ख्याता भागीरथीति सा ॥ २४

**દાનેશ્વરી દુષ્યન્ત પુત્ર ભરત રાજા :–** હે રાજન્ ! પૂર્વે એક દુષ્યંત પુત્ર અને મહાપરાક્રમી ભરત નામના રાજા થયા. તે રાજાએ એક હજાર અશ્વમેધયજ્ઞો તથા સો રાજસૂયયજ્ઞો કરી દેવતાઓને અત્યંત વિસ્મય પમાડી તેમનું પૂજન કર્યું હતું.[૧૮] અને તે યજ્ઞોમાં બ્રાહ્મણોને અનુપમ મહામોંઘી અનંત દક્ષિણાઓ અર્પણ કરી તૃપ્ત કર્યા હતા. તે યજ્ઞમાં એક એક બ્રાહ્મણના ભાગમાં તેરહજાર અને ચોર્યાસી ગાયો આવી, તેવા દશ કરોડ બ્રાહ્મણોને ગાયોના ભાગ પાડીને દાન કર્યાં હતાં.[૧૯] ભરતરાજાએ એકહજાર શ્રેષ્ઠ રત્નો અને એકહજાર હાથીઓનું કણ્વમુનિને દાન કર્યું હતું. જેમ કોઇ માણસ પોતાના ટૂંકા હાથથી આકાશને બાથ ભીડી શકે નહિ તેમ આવા મહા દાનેશ્વરી ભરતરાજાની કીર્તિને પાર પામવા કોઇ સમર્થ થઇ શકશે નહિ.[૨૦]

**દાનેશ્વરી ભગીરથ રાજા :–** હે રાજન્ ! પૂર્વે ભગીરથ નામના રાજા થયા. તે ભગીરથ રાજાના યજ્ઞમાં અર્પણ કરાયેલા સોમરસનું પાન કરી અતિશય મદોન્મત્ત થયેલા ઈન્દ્રદેવે અનંત અસુરો ઉપર જીત મેળવી હતી.[૨૧] એ ભગીરથ રાજાએ યજ્ઞોમાં સુવર્ણના અલંકારોથી સુશોભિત એક લાખ કન્યાઓનું બ્રાહ્મણોને દાન કર્યું. અને તેમની સાથે ચાર ચાર અશ્વ જોડેલા સુવર્ણ જડિત રથોનું પણ દાન કર્યું.[૨૨] આવા એક એક રથની સાથે સુવર્ણના અલંકારોથી સુશોભિત સો સો હાથીઓ દાનમાં અર્પણ કર્યાં. તેવા એક એક હાથીની પાછળ સુવર્ણના શણગારથી વિભૂષિત એક એક હજાર અશ્વોનાં દાન કર્યાં.[૨૩] તે એક એક અશ્વની પાછળ હજાર હજાર ગાયોનાં દાન કર્યાં. આવા દાનેશ્વરી ભગીરથ રાજાએ પોતાના પિતૃઓના ઉદ્ધાર માટે તીવ્ર તપશ્ચર્યા કરી સ્વર્ગમાંથી ગંગાજીનું આ પૃથ્વી ઉપર અવતરણ કરાવ્યું. તેથી તે ગંગાજી ભાગીરથી એવા નામથી પ્રસિદ્ધિ પામ્યાં છે.[૨૪]

तथा दिलीपो राजासीद्यत्पुरोधाः प्रतिक्रतु । सहस्रं वारणान्हैमान्दक्षिणां प्राप्तवान्किल ॥ २५
सौवर्णे यन्महायूपे ननृतुर्देवगायकाः । जगुश्च षट्सहस्राणि यद्गीतेनावृतं जगत् ॥ २६
नाजीर्यन्त त्रयः शब्दा दिलीपस्य निवेशने । स्वाध्यायघोषो ज्याघोषो दीयतामिति च ध्वनिः ॥ २७
ददौ यश्च महायज्ञे वसुधां वसुसम्भृताम् । ब्राह्मणेभ्यो महाबाहुर्भूतलं स्वश्चकार यः ॥ २८
मान्धातासीत्तथा राजा पृषदाज्यसमुद्भवः । युवनाश्वोदराज्जातस्त्रैलोक्यविजयी पुरा ॥ २९
देवैरुक्ते मात्रभावात्कं धास्यत्ययमित्यथ । मां धातेत्याह मघवा मान्धाताख्यस्ततोऽभवत् ॥ ३०
योऽश्वमेधसहस्रेण राजसूयशतेन च । ईजे तत्र ददौ मत्स्यान् हैमान्रोहितसंज्ञितान् ॥ ३१
शतयोजनदीर्घांश्च तुङ्गांश्चाप्येकयोजनम् । यश्च सर्वान्नृपान् जिग्येऽत्रासयद्रावणादिकान् ॥ ३२

**દાનેશ્વરી દિલીપ રાજા :–** હે રાજન્ ! એવી જ રીતે પૂર્વે દિલીપ નામે એક રાજા થયા. તે દિલીપ રાજાના યજ્ઞ કરાવનારા પુરોહિતોએ પ્રત્યેક યજ્ઞમાં રાજા પાસેથી સુવર્ણમાંથી બનાવેલા એક એક હજાર હાથીઓની દક્ષિણા પ્રાપ્ત કરી હતી.[૨૫] તે દિલીપરાજાના મહાયજ્ઞમાં સ્થાપન કરેલા અષ્ટપદવાળા સુવર્ણ સ્થંભને વિષે છ હજાર દેવતાઓના ગાયક ગંધર્વોએ નૃત્ય કરી રાજાની કીર્તિનું એવું ગાન કર્યું કે જેનાથી આખું જગત એમ માનવા લાગ્યું કે આ ગાયન આપણી સમીપે જ થઇ રહ્યું છે. એવો એનો ધ્વનિ આકાશમાં ગુંજી રહ્યો હતો.[૨૬] દિલીપરાજાના રાજભવનમાં વેદપારાયણનો ધ્વનિ, ધનુર્વિદ્યાનો અભ્યાસ કરનારાઓના ધનુષ્યોનો ધ્વનિ અને બ્રાહ્મણોને ખૂબજ દક્ષિણાઓ આપજો, એવો ધ્વનિ. આ ત્રણ શબ્દધ્વનિ ક્યારેય પણ જીર્ણ થતા ન હતા. પરંતુ તે સંબંધી સતત પ્રવૃત્તિને કારણે હમેશાં નવાને નવા રહેતા હતા.[૨૭] તે મહાબાહુ દિલીપરાજાએ પોતાના મોટા યજ્ઞોમાં સુવર્ણની પાંખોએ યુક્ત પૃથ્વીનું બ્રાહ્મણોને દાન કર્યું હતું, અને તેણે આખી પૃથ્વીને સ્વર્ગ સમાન બનાવી હતી.[૨૮]

**દાનેશ્વરી માંધાતા રાજા :–** હે રાજન્ ! પૂર્વે પૃષદ્‌રાજ્યમાં યુવનાશ્વ રાજા થકી ત્રિલોકવિજયી માંધાતા નામે રાજા થયા.[૨૯] પુત્રપ્રાપ્તિ માટે યુવનાશ્વ રાજાએ યજ્ઞ કરાવેલો તેમાં દહીં અને ઘીથી યુક્ત પૃષદાજય નામનું હવિષ્યાન્ન ઋષિએ તૈયાર કરેલું, તે રાજા રાત્રીએ સ્વયં પાન કરી ગયેલા. તેથી તે યુવનાશ્વ રાજાના કુખે પુત્રનો જન્મ થયો. આ કુમારની માતા સ્ત્રી ન હોવાથી દેવતાઓ પૂછવા લાગ્યા કે, આ કોને ધાવશે ? આ બાળક કોને ધાવશે ? ત્યારે ઇન્દ્રદેવ બોલ્યા કે, ‘‘માં ધાતા’’ એ મને ધાવશે. ત્યારથી તે કુમારનું નામ માંધાતા રાખવામાં આવ્યું.[૩૦] આ માંધાતા રાજાએ એક હજાર અશ્વમેધયજ્ઞો તથા સો રાજસૂય યજ્ઞો

यावत्सूर्य उदेतिस्म यावच्च प्रतितिष्ठति । सर्वं तद्यौवनाश्वस्य मान्धातुः क्षेत्रमुच्यते ॥ ३३
तथा ययाती राजासीद्यः सहस्त्रं क्रतून्पुरा । चक्रे शतं वाजपेयान् जिग्ये पृथ्वीं ससागराम् ॥ ३४
शम्यापातो भवेद्यावदन्तरेण च तावता । पुरःपुरो महीं चित्रां चक्रे यः क्रतुवेदिभिः ॥ ३५
तर्पयामास यो विप्रान् त्रिभिः काञ्चनपर्वतैः । जघ्ने दैत्यान्मृधे चान्ते त्यक्त्वा राज्यं वनं गतः ॥३६
तथाम्बरीषो राजासीद्यो युयोज पुरा नृपान् । अयुतं यज्वनो विप्रातिथ्यार्थं स्वमहामखे ॥ ३७
ददौ यथेष्टं विप्रेभ्यो दक्षिणा विविधाश्च यः । यत्प्रसादेन भूपालाः प्राप्ता मुक्तिं सहस्त्रशः ॥ ३८

---

કરેલા. તેમાં તેણે સુવર્ણમાંથી બનાવેલાં સો યોજન લાંબાં અને એક યોજન ઊંચાં રોહિત નામનાં મત્સ્યોનું બ્રાહ્મણોને દાન કર્યું હતું. તથા માંધાતા રાજાએ રાવણ આદિક સર્વે રાજાઓને જીતીને તેમના અંતરમાં ત્રાસ ઉપજાવ્યો હતો.[૩૧-૩૨] જ્યાંથી સૂર્યોદય થાય અને જ્યાં અસ્ત થાય તેટલી પૃથ્વી પર આ યુવનાશ્વ પુત્ર માંધાતા રાજાનું રાજ્ય હતું. એમ કહેવાય છે.[૩૩]

**દાનેશ્વરી યયાતિ રાજા :–** હે રાજન્ ! પૂર્વે એક યયાતિ નામે રાજા થયા. તે રાજાએ એકહજાર ને એકસો વાજપેયી યજ્ઞોનું અનુષ્ઠાન કર્યું હતું. અને સાતે સમુદ્રોએ સહિત આખી પૃથ્વીને જીતીને પોતાને વશ કરી હતી.[૩૪] અત્યંત બલવાન પુરુષ સમ્યા નામનો કાષ્ઠ દંડ બળથી દૂર ફેંકે અને જેટલે દૂર જઈને પડે તે પૃથ્વી પર યજ્ઞવેદિકાનું નિર્માણ કરવામાં આવે. આમ આગળને આગળ વધતાં યયાતિરાજાએ ઋત્વિજો દ્વારા યજ્ઞવેદિકાઓનું નિર્માણ કરાવી આખી પૃથ્વીને તેનાથી જ ચીતરી દીધી હતી.[૩૫] આ રાજાએ ત્રણ સુવર્ણના પર્વતો થાય તેટલું સુવર્ણનું દાન બ્રાહ્મણોને આપી સંતુષ્ટ કર્યા હતા. (એક પર્વતમાં કેટલું સુવર્ણ જોઈએ તેનો માપ આગળ ત્રીજા પ્રકરણમાં કહેલ છે.) અને રણસંગ્રામમાં દૈત્યો ઉપર વિજય મેળવી તેનો ઘાત કર્યો હતો. વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતાં તે રાજ્યવૈભવનો ત્યાગ કરી વનમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા હતા.[૩૬]

**દાનેશ્વરી અંબરીષ રાજા :–** હે રાજન્ ! આગળમાં એક અંબરીષ નામે રાજા થયા. તેમણે પોતાના અશ્વમેધ આદિક અનંત યજ્ઞો કરાવનારા બ્રાહ્મણોનો આતિથ્ય સત્કાર કરવા માટે દશહજાર અન્ય પોતાનાથી નીચેના રાજાઓની નિયુક્તિ કરી હતી.[૩૭] અંબરીષ રાજાએ યજ્ઞકર્તા બ્રાહ્મણોને તેમની ઇચ્છાનુસાર અનંત પ્રકારની અપાર દક્ષિણાઓ આપી હતી. તેમજ અંબરીષ રાજાનો સમાગમ કરી હજારો રાજાઓ ભવબંધનમાંથી મુક્તિ પામ્યા હતા.[૩૮]

शशबिन्दुर्नृपश्चासील्लक्षं यस्याभवन् स्त्रियः । दशलक्षं च तनया धन्विनो हेमकण्टकाः ॥ ३९
शतं कन्या राजपुत्रमेकैकं पृथगन्वयुः । कन्यां कन्यां शतं नागाः प्रतिनागं शतं रथाः ॥ ४०
शतमश्वाः प्रतिरथं प्रत्यश्वं गोशतं तथा । एतद्धनं ब्राह्मणेभ्यो योऽश्वमेधे ददौ मखे ॥ ४१
गयश्चाभून्नृपो वर्षशतं यो हुतशेषभुक् । वह्नेर्वरेण चाक्षीणवित्तः श्राद्धश्च सत्यवाक् ॥ ४२
दर्शे च पौर्णमासे च चातुर्मास्ये पुनः पुनः । अयजद्धयमेधेन सहस्रं परिवत्सरान् ॥ ४३
गवां लक्षं ब्राह्मणेभ्यो यो ददौ प्रत्यहं नृपः । सोमेनातर्पयद्देवान् कव्यैः पितृन् धनैर्द्विजान् ॥ ४४
दशव्यामां वाजिमेधे हैमीं भूमिं द्विरायताम् । ब्राह्मणेभ्यो ददौ यश्च गङ्गावालुमिताश्च गाः ॥ ४५
तथासीत्सगरो राजा य एकच्छत्रभूपतिः । पुत्राः षष्टिः सहस्राणि यस्यासन्भूरिविक्रमाः ॥ ४६

---

**દાનેશ્વરી શશબિન્દુ રાજા :–** પૂર્વે એક શશબિન્દુ નામના રાજા થયા. તેમને એક લાખ જેટલી પત્નીઓ હતી અને સુવર્ણના કવચને ધારણ કરનાર ધનુર્ધારી દશ લાખ પુત્રો હતા.[૩૯] તેમાં પ્રત્યેક પુત્રને સો સો કન્યાઓ જન્મી હતી. તેમાં એક એક કન્યાની પાછળ વિવાહમાં સો સો હાથીઓ એકએક હાથીની પાછળ સો સો રથો અને એક એક રથની પાછળ સો સો ઘોડાઓ અને એક એક ઘોડાની પાછળ સો સો ગાયો આદિ સમગ્ર પોતાની વૈભવ સંપત્તિ તે શશબિન્દુ રાજાએ સાથે યોજેલા અશ્વમેધ યજ્ઞમાં બ્રાહ્મણોને દાનમાં અર્પણ કરી હતી.[૪૦-૪૧]

**દાનેશ્વરી ગય રાજા :–** હે રાજન્ ! પૂર્વે એક ગયા રાજા થયા. તે શ્રદ્ધાવાન અને યથાર્થ વક્તા હતા. તેમણે સો વર્ષ પર્યંત હવિષ્યાન્નને ગ્રહણ કરનારા દેવતાઓને યજ્ઞદ્વારા પ્રથમ તૃપ્ત કરી પછીથી જ તે યજ્ઞશેષનો પ્રતિદિન પ્રસાદ લેતા. તેમણે અગ્નિદેવ પાસેથી અખૂટ ધનનું વરદાન પ્રાપ્ત કર્યું હતું.[૪૨] આ ગય રાજા પ્રત્યેક અમાવાસ્યા, પૂર્ણિમા અને ચાતુર્માસના દિવસોમાં વારંવાર અશ્વમેધયજ્ઞ કરતા. અને તેવા એક હજાર વર્ષ પર્યંત યજ્ઞનું અનુષ્ઠાન કરી દેવતાઓનું પૂજન કર્યું હતું.[૪૩] ગય રાજા પ્રતિદિન એકલાખ ગાયોનું બ્રાહ્મણોને દાન કરતા. સોમ હવિષ્યથી તેઓ હમેશાં દેવતાઓને તૃપ્ત કરતા, કવ્યાન્નવડે અગ્નિસ્વાતા આદિ પિતૃઓને તૃપ્ત કરતા, અને ધન આપી બ્રાહ્મણોને તૃપ્ત કરતા.[૪૪] ગય રાજાએ અશ્વમેધ યજ્ઞોમાં સો સો હાથ લાંબી સુવર્ણ મઢેલી ભૂમિનું દાન બ્રાહ્મણોને અર્પણ કર્યું હતું. તેમજ ગંગાજીની રેતીના જેટલા કણ છે, તેટલી ગાયોનું દાન પણ કર્યું હતું.[૪૫]

**દાનેશ્વરી સગર રાજા :–** હે રાજન્ ! પૂર્વે એક સગર રાજા થયા તે રાજા એક છત્રધારી ચક્રવર્તી સમ્રાટ હતા. તેમને અત્યંત પરાક્રમી સાઠ હજાર

योऽश्वमेधसहस्रेण तर्पयामास देवताः । ब्राह्मणानां कामितानि पूरयामास चोत्सुकः ॥ ४७
यः प्रादात्काञ्चनस्तम्भं प्रासादं स्वस्य शोभनम् । भृतं हैमोपकरणैर्ब्राह्मणेभ्यो विभज्य च ॥ ४८
यः पुत्रैः खनयामास पृथिवीं परितो नृपः । यस्य नाम्ना समुद्रश्च सागरत्वमुपागतः ॥ ४९
एवमन्येऽपि बहवो रन्तिदेवादयो नृपाः । ब्राह्मणप्रीणनात्ख्याताः प्राप्ता ऋद्धिं च दुर्लभाम् ॥ ५०
अवमानाद्ब्राह्मणानां प्रणष्टा नहुषादयः । स्वर्गगा अपि राजानो देवा दैत्याः सहस्रशः ॥ ५१
कथाविस्तर एतेषां वर्तते भारतादिषु । तस्य तात्पर्यमेतद्धि विप्राः पूज्या नृपैरिति ॥ ५२
तस्मान्नित्यं ब्राह्मणानां कुर्वीत प्रीणनं नृपः । श्रेयोर्थी निर्मदो भूत्वा भ्रश्यत्येवान्यथा श्रियः ॥ ५३
अन्येऽपि ये जनास्ते च ब्राह्मणानां महात्मनाम् । सर्वथा पूजनं कुर्युर्मच्छ्रितास्तु विशेषतः ॥ ५४

---

પુત્રો હતા.[૪૬] અત્યંત ઉત્સાહી તે સગર રાજાએ સો અશ્વમેધ યજ્ઞો કરી ઈન્દ્રાદિ દેવતાઓને તૃપ્ત કર્યા હતા. અને બ્રાહ્મણોની મનોકામનાઓને પૂર્ણ કરી હતી.[૪૭] સગર રાજાએ સુવર્ણના સ્થંભવાળા અને અંદર સુવર્ણના ઉપકરણોથી ભરપૂર તેમજ અતિશય શોભાયમાન પોતાના રાજમહેલનો વિભાગ કરી બ્રાહ્મણોને દાનમાં અર્પણ કરી દીધો હતો.[૪૮] સગર રાજાએ પોતાના સાઠહજાર પુત્રો પાસે પૃથ્વીને ચારે બાજુએથી ખોદાવી તેથી સમુદ્રરૂપે થઈ. એટલાજ માટે તે સમુદ્રનું નામ સાગર રાખવામાં આવ્યું.[૪૯]

દાનેશ્વરી રંતિદેવ આદિક રાજાઓ :- હે રાજન્ ! આવી રીતે પૂર્વે રંતિદેવ આદિક અનેક રાજાઓ થયા કે જે રાજાઓએ બ્રાહ્મણોને અત્યંત રાજી કરવાને કારણે મહાકીર્તિને પામ્યા હતા. અને દેવતાઓને પણ દુર્લભ એવી સમૃદ્ધિને પણ પામ્યા હતા.[૫૦]

**બ્રાહ્મણોના અપમાનનું ફળ :-** હે રાજન્ ! બ્રાહ્મણોનું અપમાન કરનારા નહૂષ આદિક રાજાઓ સ્વર્ગના સુખને પામ્યા હોવા છતાં ત્યાંથી ભ્રષ્ટ થઈ અત્યંત દુઃખી થયા છે. તેમજ બીજા હજારો દેવતાઓ અને દૈત્યો પણ બ્રાહ્મણોનું અપમાન કરવાથી પતન પામ્યા છે.[૫૧] હે રાજન્ ! ઉપરોક્ત બન્ને પ્રકારના રાજાઓની કથા મહાભારત આદિ ગ્રંથોમાં વિસ્તારથી વર્ણવેલી છે. આ સર્વે કથાઓનું તાત્પર્ય એ જ છે કે રાજાઓએ બ્રાહ્મણોનો આદર સત્કાર કરી માનવા અને પૂજવા.[૫૨]

માટે હે રાજન્ ! પોતાનું કલ્યાણ ઈચ્છતા રાજાએ મદનો ત્યાગ કરી હમેશાં બ્રાહ્મણોને રાજી રાખવા. જો એમ કરવામાં ન આવે તો રાજાઓ રાજ્ય લક્ષ્મીથી જરૂર ભ્રષ્ટ થાય છે.[૫૩] તેવી જ રીતે રાજા સિવાયના અન્ય ગૃહસ્થોએ પણ મહાત્મા

सुव्रत उवाच -

इति भूमिपतिं स्वामी निजभक्तं तथाऽपरान् । गृहस्थांश्च ब्राह्मणानां शुश्रूषणमुपादिशत् ॥ ५५
इत्थं स बोधितो राजा जनाः सर्वे च तं प्रभुम् । मुदान्विता नमस्कृत्य तदाज्ञां शिरसा दधुः ॥ ५६
सुखयित्वा निजजनानित्थं तत्र ततो हरिः । चैत्र्यां गम्यं तीर्थमिति तानुक्त्वा निर्ययौ नृप ! ॥ ५७

तद्देशलोकैश्च ततोऽनुयातो भक्तैरनेकैर्मुनिभिः परीतः ।
उपागमत्सिद्धपदं महात्मा क्षेत्रं पृथिव्यां प्रथितं पवित्रम् ॥ ५८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे मत्स्याह्वयपुर-ब्राह्मणप्रशंसायां मरुत्तादिनृपचरित्रनिरूपणनामैकोनचत्वारिंशोऽध्यायः ॥ ३९ ॥*

---

એવા બ્રાહ્મણોનું સર્વ પ્રકારે પૂજન કરવું. તેમાં પણ મારા આશ્રિતોએ તો વિશેષપણે કરીને બ્રાહ્મણોનું પૂજન કરવું.[૫૪]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ પોતાના ભક્ત ભૂમિપતિ સુરસિંહ રાજાને તથા બીજા સર્વે ગૃહસ્થ ભક્તોને બ્રાહ્મણોની સેવા કરવાનો સુંદર ઉપદેશ આપ્યો. ભગવાન શ્રીહરિના આવા ઉપદેશથી સુરસિંહ રાજા તથા અન્ય સર્વે આશ્રિત ભક્તજનો અતિશય આનંદ પામ્યા અને પરમેશ્વર ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી તેમની આજ્ઞાને અંતરથી મસ્તક પર ધારણ કરી. હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિ મછિયાવપુરમાં આ રીતે પોતાના ભક્તજનોને સુખ આપી ચૈત્રી પૂર્ણિમાએ તીર્થયાત્રા અવશ્ય કરવી જોઈએ આ પ્રમાણે પોતાના ભક્તજનોને નિર્દેશ આપી, ત્યાંથી સિદ્ધપુર નામના તીર્થક્ષેત્ર પ્રત્યે જવા નીકળ્યા. તે સમયે સૌવીરદેશના કેટલાક ભક્તજનો પણ ભગવાન શ્રીહરિની સાથે ચાલ્યા, તેમજ અનેક સંતો તથા દેશદેશાંતરમાંથી શ્રીહરિનાં દર્શને આવેલા ગૃહસ્થભક્તજનો પણ ભગવાન શ્રીહરિની સાથે ચાલ્યા. આ રીતે ચાલતાં ચાલતાં મહાત્મા ભગવાન શ્રીહરિ પૃથ્વીપર પ્રસિદ્ધ અને પવિત્ર તીર્થક્ષેત્ર એવું, સિદ્ધપુર પધાર્યા.[૫૫-૫૮]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં મછિયાવપુરમાં બ્રાહ્મણ સેવાની ખૂબજ પ્રશંસા કરી તેમાં મરુત્ત આદિ રાજાઓનાં ચરિત્રોનું સંક્ષેપથી વર્ણન કર્યું એ નામે ઓગણચાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૩૯--***

## अथ चत्वारिंशोध्यायः - ४०

**सुव्रत उवाच -**

चक्रे स विधिवत्स्नानं तत्र बिन्दुसरोवरे । दानानि दापयामास ब्राह्मणेभ्यो निजाश्रितैः ॥ १
हिरण्यं रजतं मुक्ता वासांस्याभरणानि च । अश्वांश्च ताम्रपात्राणि द्विजेभ्यः समदीदपत् ॥ २
ब्राह्मणान् भोजयामास सदन्नैर्मनसःप्रियैः । अन्यानन्नार्थिनश्चापि तोषयामास तत्र सः ॥ ३
माधव्यां पौर्णमास्यां च तत्राभूदुत्सवो महान् । समेता अभवंस्तत्र नरा नार्यश्च भूरिशः ॥ ४
ते च तीर्थविधिं कृत्वा सभायां निशि संस्थितम् । सरस्वत्यास्तटे वृत्वा निषेदुः सर्वतः प्रभुम् ॥ ५
विप्रक्षत्रियविट्शूद्रा वर्णिनो गृहिणस्तथा । सकलाः साधवश्चासंस्तन्मुखार्पितदृष्टयः ॥ ६
प्रच्छन्नवासं तीर्थादावधर्मं स विदन्नथ । उत्सिसादिषुस्तं च प्राह सर्वान् वचो नृप ! ॥ ७

## અધ્યાય - ૪૦

## તીર્થક્ષેત્ર સિદ્ધપુરમાં ભગવાન શ્રીહરિનું આગમન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ તીર્થક્ષેત્ર સિદ્ધપુરમાં બિન્દુ સરોવરને વિષે વિધિપૂર્વક સ્નાન કર્યું અને પોતાના આશ્રિત ગૃહસ્થ ભક્તજનો પાસે ત્યાં રહેલા તીર્થવાસી બ્રાહ્મણોને સોનું, ચાંદી, મોતી, વસ્ત્રો, આભૂષણો, અશ્વ, ત્રાંબાનાં પાત્રો આદિ અનેક પ્રકારનાં પદાર્થો દાનમાં અપાવ્યાં.[૧-૨] તે ક્ષેત્રમાં રહેલા બ્રાહ્મણોને મનપ્રિય ચારપ્રકારનાં ભોજનો જમાડી તૃપ્ત કર્યા. અને અન્ય અન્નાર્થીજનોને પણ જમાડી સંતુષ્ટ કર્યા.[૩]

હે રાજન્ ! તે સિદ્ધપુર ક્ષેત્રમાં ચૈત્રમાસની પૂર્ણિમાને દિવસે મહાન ઉત્સવ ઉજવ્યો અને આ રામનવમીથી લઈ પૂર્ણિમા સુધીના મોટા ઉત્સવમાં હજારો નરનારીઓ ભેળાં થયાં.[૪] તે સર્વે ભક્તજનોએ તીર્થક્ષેત્રમાં કરવા યોગ્ય સમસ્ત તીર્થવિધિનું અનુષ્ઠાન કર્યું. સરસ્વતી નદીને તીરે રાત્રીના સમયે મોટી સત્સંગ સભા ભરાઈ. તે સભામાં ભગવાન શ્રીહરિ વિરાજમાન થયા અને તેની ચારે તરફ યથાયોગ્ય સ્થાને સર્વે ભક્તજનો પણ આવીને બેઠા.[૫] તે સમયે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચારે વર્ણના મનુષ્યો તેમજ બ્રહ્મચારીઓ, ગૃહસ્થો અને સર્વે ત્યાગી સંતો ભગવાન શ્રીહરિના મુખકમળ ઉપર જ પોતાનાં નેત્રો સ્થિર કરીને બેઠા હતા.[૬] ત્યારે તીર્થક્ષેત્રાદિ સ્થાનમાં ગુપ્ત પણે નિવાસ કરીને રહેતા અધર્મને જાણતા ભગવાન શ્રીહરિએ તેનો ઉચ્છેદ કરવાની મનમાં ઈચ્છા કરી, પછી ભક્તજનો પ્રત્યે કહેવા લાગ્યા.[૭]

श्रीनारायणमुनिरुवाच -

जनाश्च ! मुनयो ! यूयं मद्वचः शृणुताऽऽदरात् । सर्वेषां वो हितं वच्मि तैर्थिकानां नृणामहम् ॥ ८
इदं हि परमं क्षेत्रं तीर्थानामुत्तमं मतम् । कर्दमेन तपस्तप्तमस्मिन्बिन्दुसरोवरे ॥ ९
ब्रह्मणो मानसः पुत्रः कर्दमः स प्रजापतिः । तपसाराधयामास कमलाकान्तमीश्वरम् ॥ १०
तस्मै प्रसन्नो भगवान् वरं दातुमिहाययौ । तपसातिकृशाङ्गं तं स ददर्श प्रजापतिम् ॥ ११
तादृक्तद्दर्शनादत्र न्यपतन्नश्रुबिन्दवः । विष्णोस्तेनास्ति विख्यातमिदं बिन्दुसरोवरम् ॥ १२
कर्दमाद्देवहूत्यां च कपिलोऽपि महामुनिः । अत्रैव जज्ञे यः प्राह साङ्ख्यज्ञानं निजप्रसूम् ॥ १३
प्राप्ता सिद्धदशामत्र देवहूतिस्ततो जनाः ! । तेन सिद्धपदं प्रोक्तं क्षेत्रमेतन्महर्षिभिः ॥ १४
यद्यत्तीर्थं भवेद्भूमौ तस्य तस्य यथाविधि । सेवनात्स्याद्यथोक्तं वै फलं पुंसां न चान्यथा ॥ १५

---

**સિદ્ધપુરતીર્થનો મહિમા :–** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! હે સંતો ! હે વર્ણીઓ ! તમે સર્વે આદરપૂર્વક મારું વચન સાંભળો. અહીં તીર્થયાત્રા કરવા આવેલા તમે સર્વે તથા અન્ય તીર્થયાત્રા કરનારા સર્વે જનોના હિતની વાત કહું છું.[૮] આ સિદ્ધપુર સર્વોત્તમ તીર્થક્ષેત્ર છે. અન્ય સર્વે તીર્થોમાં અત્યંત ઉત્તમ મનાયેલું છે. કારણ કે, આ બિન્દુસરોવરને કિનારે કર્દમઋષિએ તીવ્ર તપશ્ચર્યા કરી છે.[૯] બ્રહ્માના માનસપુત્ર તે કર્દમઋષિ કમલાકાન્ત ભગવાન શ્રીનારાયણની તપની આરાધના અહીં કરી છે.[૧૦] તેમની આરાધનાથી પ્રસન્ન થયેલા પરમાત્મા તેમને વરદાન આપવા આ ક્ષેત્રમાં પધાર્યા અને તપથી અત્યંત કૃશ થઈ ગયેલા તે કર્દમ પ્રજાપતિ પ્રત્યે પ્રેમભરી દૃષ્ટિથી નિહાળવા લાગ્યા.[૧૧] અતિશય તપસ્વી કર્દમમહર્ષિનું તપ જોઈને શ્રીનારાયણ ભગવાનના નેત્રમાંથી હર્ષનાં અશ્રુઓનાં બિન્દુ આ સરોવરમાં પડ્યાં. તેથી આ સરોવર ''બિન્દુ સરોવર'' એવા નામથી પ્રસિદ્ધિને પામ્યું.[૧૨]

હે સંતો! હે ભક્તો ! મહામુનિ ભગવાન કપિલદેવજી પણ કર્દમમહર્ષિ અને દેવહૂતિ માતા થકી આ ક્ષેત્રમાં જ પ્રગટ થયા અને માતાને સાંખ્યજ્ઞાનનો બોધ આપ્યો.[૧૩] હે ભક્તજનો ! સાંખ્યજ્ઞાનનું શ્રવણ કરવાથી માતા દેવહૂતિ આ ક્ષેત્રમાંજ સિદ્ધગતિને પામ્યાં હતાં. તેથી આ ક્ષેત્રને વ્યાસાદિ મહર્ષિઓએ ''સિધ્ધપુર'' નામ આપ્યું છે.[૧૪]

**તીર્થફળના અધિકારી :–** હે ભક્તજનો ! આ પૃથ્વીપર જે જે તીર્થસ્થાનો છે તે સર્વેનું શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે સેવન કરવાથી યાત્રિક

अश्रद्दधानः पापात्मा नास्तिकोऽच्छिन्नसंशयः । हेतुनिष्ठश्च पञ्चैते न तीर्थफलभागिनः ॥ १६
कामं क्रोधं च लोभं च यो जित्वा तीर्थमाविशेत् । न तेन किञ्चिदप्राप्तं तीर्थाभिगमनाद्भवेत् ॥ १७
यस्य हस्तौ च पादौ च जिह्वा शिश्नं मनस्तथा । संयतं स्यात्तपो विद्या स तीर्थफलमश्नुते ॥ १८
योऽकोपनोऽमलमतिः सत्यवादी दृढव्रतः । आत्मोपमश्च भूतेषु स तीर्थफलमश्नुते ॥ १९
तीर्थे कार्यश्चोपवासः क्षौरं श्राद्धं सपिण्डकम् । विप्राश्च साधवो भोज्या देयं दानं यथाधनम् ॥ २०
तत्र क्षौरं तु व्रतिभिर्वर्णिभिर्जीवदम्बकैः । नियतक्षौरकालैश्च कारणीयं न योगिभिः ॥ २१
नारीभिः पतिवत्नीभिः कारणीयं न तत्तथा । दिग्मासाभ्यन्तरे चापि तत्तीर्थे पुनरागभे ॥ २२

---

મનુષ્યોને શાસ્ત્રોક્ત યથાર્થ ફળ પ્રાપ્ત થાય છે.[૧૫] જેને તીર્થ સ્થળમાં શ્રદ્ધા ન હોય, પાપી હોય, નાસ્તિક હોય, આપણને તીર્થનું ફળ મળશે કે નહિ ? એવા શંકાશીલ સ્વભાવવાળો હોય અને હેતુનિષ્ઠ હોય, અર્થાત્ આમ કરવાનો શું હેતું ? તેનાથી આપણને શું ફાયદો ? આવા હેતુઓ પૂછનારો હોય તેઓને ક્યારેય પણ તીર્થનું ફળ પ્રાપ્ત થતું નથી.[૧૬] માટે હે ભક્તજનો ! જે પુરુષ કામ, ક્રોધ અને લોભનો ત્યાગ કરીને તીર્થક્ષેત્રમાં પ્રવેશ કરે છે. તેને તીર્થભૂમિના પ્રવેશ પછી કોઈ પણ વસ્તુ દુર્લભ રહેતી નથી. અને સર્વે ફળની પ્રાપ્તિ થાય છે.[૧૭] જે પુરુષના હાથ, પગ, જીભ, શિશ્ન અને મન સંયમમાં હોય, તથા તપ પણ સંયમવાળું હોય, અર્થાત્ તપમાં જરાય દંભ ન હોય, અને સાત્વિક હોય તેવા પુરુષને તીર્થયાત્રાનું પૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે.[૧૮]

**તીર્થવિધિ** :- હે ભક્તજનો ! જે પુરુષ તીર્થમાં ક્યારેય ક્રોધ નથી કરતો, બુદ્ધિ નિર્મળ રાખે છે, પોતાનો કે પારકાનો દ્રોહ ન થાય તેવું જ હમેશાં સત્ય બોલે છે. અહિંસા, બ્રહ્મચર્ય આદિ વ્રતોમાં દૃઢ નિષ્ઠાવાળો હોય, તથા સુખ દુઃખની અનુભૂતિ મારી જેમ સર્વ જીવપ્રાણી માત્રને થાય છે. માટે મારાથી કોઈને દુઃખ ન પહોંચવું જોઈએ, એવું સતત અનુસંધાન રાખતો હોય, એવા પુરુષોને જ તીર્થનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે.[૧૯] હે ભક્તજનો ! તીર્થમાં ઉપવાસ કરવો, મુંડન કરાવવું, પિંડદાન કરવા પૂર્વક શ્રાદ્ધ કરાવવું, સાધુ બ્રાહ્મણોને ભોજન કરાવવું ને પોતાની ધન સંપત્તિને અનુસારે દાન કરવું.[૨૦] આ પાંચ કર્મોમાંથી મુંડન કરાવવાની બાબતે જરા વિવેક સમજી રાખવો. જેને ચાતુર્માસાદિકમાં કેશ ધારણ કરવાનાં વ્રત ચાલતાં હોય, બ્રહ્મચારી હોય, જેનાં માતા પિતા હજુ જીવંત હોય, તથા જેનો મુંડન કરવાનો સમય નિશ્ચિત હોય અને તે સમય પ્રાપ્ત થયો ન હોય તેવા

येषु तीर्थेषु ये विप्रा भोज्याः पूज्यास्त एव च । तेषां परीक्षणं तत्र कर्तव्यं नैव सर्वथा ॥ २३
देवता यत्र या मुख्या शक्त्या कार्यं तदर्चनम् । वासोभूषणनैवेद्यफलपात्रधनादिभिः ॥ २४
दरिद्रस्त्वाचरेत्तीर्थे भगवन्मन्दिरे स्वयम् । सम्मार्जनोपलेपादि साधुशुश्रूषणं तथा ॥ २५
महापूजाफलं तेन सर्वदानफलं तथा । स तु प्राप्नोति पुरुषः श्राद्धादेश्च न संशयः ॥ २६
पुण्यतीर्थेषु यत्कर्म मानवैः क्रियते जनाः ! । सहस्रगुणितं तद्धि जायते नात्र संशयः ॥ २७
कृतं तीर्थेष्वल्पमपि यत्पुण्यं तद्विवर्धते । तथैव पापकर्मापि वृद्धिमाप्नोति देहिनाम् ॥ २८
अन्यत्र यत्कृतं पापं तीर्थे तत्तु विनश्यति । तीर्थकृतं तु यत्पापं वज्रलेपायते हि तत् ॥ २९

---

સંન્યાસીઓએ કે સાધુઓએ તીર્થસ્થળમાં મુંડન કરાવવું નહિ. તેમજ પતિવ્રતા સધવા નારીઓએ પણ મુંડન કરાવવું નહિ. તથા દશ માસની અંદર જ ફરી તે તીર્થમાં આવવાનું થયું હોય તો પણ મુંડન કરાવવું જરૂર નથી.[૨૧-૨૨] તીર્થ ક્ષેત્રમાં જે બ્રાહ્મણો રહેતા હોય તેમને ભોજન કરાવવું અને પૂજન કરવું. પરંતુ તે તીર્થક્ષેત્રમાં રહેલા બ્રાહ્મણોની પાત્ર અપાત્રપણાની પરીક્ષા ક્યારેય પણ કરવી નહિ.[૨૩] જે તીર્થમાં જે દેવતા મુખ્ય હોય તેમનું પોતાની શક્તિ પ્રમાણે વસ્ત્રો, આભૂષણો, નૈવેદ્ય , પુષ્પ, ફળ, ઘી, સાકર આદિનું સીધું સામાન અર્પણ કરીને અથવા નાળિયેર મૂકીને અથવા સુવર્ણ, ચાંદી, ત્રાંબા આદિનાં પાત્રોનું દાન કરીને કે ધન અર્પણ કરીને અથવા ફૂલહાર અર્પણ કરીને પૂજન અવશ્ય કરવું.[૨૪] હે ભક્તજનો ! જે પુરુષો દરિદ્ર હોય, જેમની પાસે પૈસાનો વેત ન હોય તેમણે તીર્થક્ષેત્રમાં વાળવું, લીંપવું, જળ છાંટવું, તથા સાધુ સંતોની જાતે સેવા પરિચર્યા કરવી.[૨૫] જે કોઈ દરિદ્ર યાત્રિક આવી સેવા કરે છે, તેનાથી તેને ઉપરોક્ત પૂજન કર્યાનું કે, સર્વપ્રકારનું દાન પુણ્ય કર્યાનું કે, શ્રાદ્ધાદિક કર્મ કર્યાનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે. તેમાં કોઈ સંશય કરવો નહિ.[૨૬] હે ભક્તજનો ! આવા પુણ્ય તીર્થોમાં જે કોઈ મનુષ્યો જે કાંઈ પણ સત્કર્મ કરે છે, તેનું તેને હજાર ગણું ફળ પ્રાપ્ત થાય છે. તેમાં સંશય જ કરવો નહિ.[૨૭]

**તીર્થમાં સાવધાની :–** હે ભક્તજનો ! જેમ તીર્થક્ષેત્રમાં કરેલું અલ્પ સરખું પણ પુણ્ય કર્મ દિવસે દિવસે હજારગણું વધે છે. તેવી જ રીતે મનુષ્યોએ અલ્પ માત્ર કરેલું પાપ પણ દિવસે દિવસે હજાર ગણું વૃદ્ધિ પામે છે.[૨૮] કારણ કે, બીજી જગ્યાએ કરેલું પાપ તીર્થક્ષેત્રનું સેવન કરવાથી વિનાશ પામે છે. પરંતુ તીર્થક્ષેત્રમાં રહીને કરેલું પાપ વજ્રલેપ થાય છે. તે પછી કોઈ પણ ઉપાયે નાશ

तीर्थे कृतानां पापानां प्रायश्चित्तेन शोधनम् । न जायतेऽतोऽत्र भक्ताः ! स्थातव्यं नियमैः सह ॥ ३०
शारीरं नियमं प्राहुर्ब्राह्मणा मानुषं व्रतम् । मनोविशुद्धिं दैवं च द्वयं रक्षेत्तु तीर्थकृत् ॥ ३१
यो लुब्धः पिशुनः क्रूरो दाम्भिको विषयात्मकः । सर्वतीर्थेष्वपि स्नातः पापो मलिन एव सः ॥ ३२
न शारीरमलत्यागात् पुमान् भवति निर्मलः । मानसे तु मले त्यक्ते भवत्यत्यन्तनिर्मलः ॥ ३३
विषयेष्वतिसंरागो मनसो मलमुच्यते । तेष्वेवातिविरागोऽस्य नैर्मल्यं समुदाहृतम् ॥ ३४
यैर्यैस्तीर्थे कृतं पापं नरास्ते ते पिशाचताम् । डाकिनीशाकिनीभावं प्राप्ताः सन्ति च योषितः ॥ ३५
तेऽत्र तीर्थकृतां छिद्रं पश्यन्त्येव दिवानिशम् । दोषमप्यल्पकं दृष्ट्वा सद्यस्तेषु विशन्ति च ॥ ३६
पुमांसः कामयन्ते स्त्रीः स्त्रियः पुंसश्च तद्वशात् । धनलाभे च हिंसायां प्रवर्तन्ते च ते ततः ॥ ३७

---

પામતું નથી એ નક્કી છે.[૨૯] હે ભક્તજનો ! તીર્થક્ષેત્રમાં જઈને જે પાપ કરવામાં આવે છે તે પાપની ધર્મગ્રંથોમાં કહેલાં પ્રાયશ્ચિત કરવાથી પણ શુદ્ધિ થતી નથી. તેથી આવાં તીર્થક્ષેત્રમાં કહેલા નિયમોમાં સાવધાન રહીને વર્તવું.[૩૦]

**દેવવ્રત :–** હે ભક્તજનો ! પુરાતન બ્રાહ્મણ ઋષિઓએ શરીરથી સાધ્ય ઉપવાસાદિ વ્રતને માનુષવ્રત કહેલું છે. જ્યારે હવે જે તમને કહેવા જઈ રહ્યો છું. તે મનની વિશુદ્ધિને દેવવ્રત કહેલું છે. માટે તીર્થયાત્રા કરનારા મનુષ્યોએ આ બન્ને વ્રતનું યથાર્થ રક્ષણ કરવું.[૩૧] જે યાત્રિક ધનમાં લોભ રાખે છે. ચાડી, ચુગલી કરી પોતાનું ખળપણું પ્રગટ કરે છે, ક્રૂરવર્તન કરે છે, મનુષ્યોને છેતરવા માટે દંભ કરે છે તથા જેનું મન વિષયાસક્તિમાં ચકચૂર હોય છે, તે મનુષ્ય સર્વે તીર્થોમાં સ્નાન કરે છતાં પણ પાપના મળથી રહિત થતો નથી.[૩૨] હે ભક્તજનો ! તીર્થજળમાં સ્નાન કરી શરીરસંબંધી મળનો ત્યાગ કરવાથી કાંઈ મનનો મળ દૂર થતો નથી. માણસ જ્યારે મનમાં રહેલા દોષોનો ત્યાગ કરે છે, ત્યારે જ સાચો નિર્મળ પુરુષ કહેવાય છે.[૩૩] પંચ વિષયોમાં અતિશય આસક્તિ એ જ મનનો મેલ છે. અને પંચવિષયોમાં અનાસક્તિ એજ મનની સાચી નિર્મળતા કહી છે.[૩૪]

**તીર્થમાં રહેલો ભય :–** હે ભક્તજનો ! જે જે મનુષ્યો તીર્થક્ષેત્રોમાં પાપ કર્મ કર્યાં છે તે પુરુષો પિશાચ થયા છે. અને સ્ત્રીઓ ડાકિની અને શાકિનીના શરીરને પામી છે. તે પિશાચાદિકને પામેલાં સ્ત્રી પુરુષો તે તે તીર્થક્ષેત્રોમાં જ નિવાસ કરીને રહે છે.[૩૫] અને તીર્થાટન કરવા આવતા જનોમાં રાત્રી દિવસ દોષોનાં છિદ્રો જોયા કરે છે. પછી જે યાત્રિકમાં એક અલ્પ સરખો પણ દોષ જોયામાં આવે કે દોષના માર્ગે તત્ક્ષણ તેનામાં પ્રવેશ કરી જાય છે.[૩૬] પછી તે યાત્રિક પુરુષના મનમાં

इत्थं तीर्थे महाविघ्ना वसन्तीत्यत्र दुष्कृतात् । भीतैः सनियमैरेव स्थातव्यं मत्समाश्रितैः ॥ ३८
स्त्रीणां निरीक्षणात्स्पर्शान्नर्मक्ष्वेल्यादिभिस्तथा । क्षीयते सुकृतं पुंसां तीर्थेषु विदुषामपि ॥ ३९
एवं स्त्रीणां च सुकृतं परपुंवीक्षणादिना । नश्येत्ततस्तैस्ताभिश्च नियम्यानीन्द्रियाणि हि ॥ ४०
क्रोधश्च सर्वदा जेयस्तीर्थेषु तु विशेषतः । अन्यथा सुकृतं सोऽपि भस्मसात्कुरुते नृणाम् ॥ ४१
आपत्कालं विना विप्रैर्ग्राह्यो नैव प्रतिग्रहः । तीर्थेषु तु विशेषेण तपस्तेजोहरो हि सः ॥ ४२
न भाषणीयमनृतं पुंसा तीर्थविचारिणा । भेतव्यं जीवहिंसायाः सर्वथा पापकर्मणः ॥ ४३
स्वनित्यकर्मणा विष्णोरर्चाश्रवणकीर्तनैः । स्मरणेन च दानाद्यैरहर्नेयं न चान्यथा ॥ ४४

---

સ્ત્રી ઉપભોગની કામના જાગે છે. અને સ્ત્રીના મનમાં પુરુષ ઉપભોગની કામના જાગે છે. તેમજ ધનનો લાભ ક્યાંથી પ્રાપ્ત થશે એવી વૃત્તિ જન્મે છે. જેનાથી પર પીડારૂપ હિંસાની પ્રવૃત્તિપણ તીર્થયાત્રામાંથી જ પ્રાપ્ત થાય છે.[૩૭]

હે ભક્તજનો ! આ રીતનાં તીર્થક્ષેત્રમાં મોટાં મોટાં વિઘ્નો રહેલાં છે. માટે મારા આશ્રિત સર્વજનોએ આવાં તીર્થક્ષેત્રમાં આવ્યા પછી પાપકર્મ કરવાથી, અત્યંત ભય પામતા રહેવું.[૩૮] તીર્થભૂમિમાં સ્ત્રીઓ પ્રત્યે કુદૃષ્ટિ કરવાથી, તેમનો સ્પર્શ કરવાથી, તેમની સાથે હાંસી મશ્કરી કરી વિનોદ કરવાથી, વિદ્વાન પુરુષોનાં પણ સુકૃત નાશ પામે છે.[૩૯] તેમજ પુરુષો પ્રત્યે કામભાવે જોવું આદિ કુકર્મ કરવાથી સ્ત્રીઓનાં પણ સુકૃત નાશ પામે છે, તેથી સર્વે સ્ત્રી અને પુરુષોએ પોતાના આંખ આદિ સર્વે ઇન્દ્રિયોને નિયમમાં રાખવી.[૪૦]

હે ભક્તજનો ! મારા આશ્રિત તમો સર્વેને ક્રોધ ઉપર તો સર્વદા વિજય મેળવવો પરંતુ તીર્થભૂમિમાં તો વિશેષપણે વિજય મેળવવો. જો ક્રોધને વશમાં ન કર્યો હોય તો તે ક્રોધ તીર્થયાત્રા કરનાર સ્ત્રી પુરુષનાં ઉત્તમ સુકૃતોને ભસ્મીભૂત કરી નાખે છે.[૪૧] બ્રાહ્મણોએ આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ પ્રતિગ્રહ (દાનનો સ્વીકાર) ન કરવો. પરંતુ વિશેષે કરીને તીર્થક્ષેત્રને વિષે તો સ્વીકાર ન જ કરવો. કારણ કે પ્રતિગ્રહ છે તે બ્રાહ્મણના તપ અને તેજનો વિનાશ કરી નાખે છે. પરંતુ આપત્કાળ પડ્યો હોય ને પ્રતિગ્રહ કરવો પડે તેનો દોષ નથી.[૪૨] વળી તીર્થક્ષેત્રમાં વિચરણ કરતા સ્ત્રી પુરુષે અસત્યવચન તો ક્યારેય બોલવું નહિ. પોતાનાથી પરને પીડા ઉપજે તેવાં કોઈ પણ જીવહિંસાનાં કર્મથી ભય પામવું તથા કોઈ પણ પ્રકારનાં પાપાચરણથી પણ સર્વ પ્રકારે ભય પામવું.[૪૩]

હે ભક્તજનો ! તીર્થયાત્રા કરતા સ્ત્રી-પુરુષે સ્નાનાદિ નિત્યકર્મ કરવું,

इत्थं कुर्युर्हि ये लोके तीर्थयात्रां तु मानवाः । तेषां भवेत्तीर्थफलं नान्येषामिति निश्चयः ॥ ४५

**सुव्रत उवाच –**

भक्तास्त इत्थं हरिणा शिक्षितास्तद्वचो नृप ! । तथेति जगृहुः प्रीत्या द्राक् तादृग्वर्तना अपि ॥ ४६

तत्राखिलं तीर्थविधिं विधाय स्वयं विधिज्ञः सह भक्तसङ्घैः ।
आनन्दयन्नध्वनि मानवौघानुपाययौ विश्नगरं मुनीशः ॥ ४७

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे सिद्धपुरक्षेत्रे तीर्थविध्युपदेशनामा चत्वारिंशोऽध्यायः ॥ ४०*

---

**ભગવાનની પૂજા કરવી, કથાનું શ્રવણ કરવું, ભગવાનના ગુણોનું સંકીર્તન કરવું, હમેશાં ભગવાનનું સ્મરણ કરવું, તથા સાધુ બ્રાહ્મણને ભોજન દાન આદિકથી સંતર્પણ કરવું, આવી અનેક શુભ ક્રિયાઓથી દિવસ નિર્ગમન કરવો પણ વ્યર્થકાળ ગુમાવવો નહિ.[૪૪] હે ભક્તજનો ! આ લોકમાં મનુષ્યો મેં કહી આ ઉપરોક્ત રીત પ્રમાણે જે તીર્થયાત્રા કરે છે તેને જ તીર્થયાત્રાનું ફળ પ્રાપ્ત થાય છે. અન્યથા નહિ.[૪૫]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે ભક્તજનોને તીર્થયાત્રા વિષેનું ઉત્તમ શિક્ષણ આપ્યું. ત્યારે તે પ્રમાણે જ વર્તી રહેલા હોવા છતાં પણ સર્વે ભક્તજનોએ વિનમ્રભાવે ભગવાન શ્રીહરિને કહ્યું કે, હે પ્રભુ ! તમે જેમ કહો છે તે પ્રમાણે જ અમે સર્વે વર્તશું. આ પ્રમાણે કહી પ્રેમથી શ્રીહરિનાં વચનો તત્કાળ માથે ચડાવ્યાં.[૪૬] હે રાજન્ ! તીર્થવિધિને જાણતા ભગવાન શ્રીહરિ ભક્તજનોની સાથે સિધ્ધપુર ક્ષેત્રમાં સમસ્ત તીર્થનો વિધિ કરીને આગળ ચાલ્યા, ત્યારે માર્ગમાં ભક્તજનોને આનંદ ઉપજાવતા વિસનગર પધાર્યા.[૪૭]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં શ્રીહરિ તીર્થક્ષેત્ર સિધ્ધપુરમાં પધાર્યા અને સર્વે ભક્તજનોને તીર્થવિધિનો ઉપદેશ કર્યો એ નામે ચાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૦--***

---

## अथ एकचत्वारिंशोऽध्यायः - ४१

सुव्रत उवाच -

सनतिनुतिपरैः पुरार्थितः स्वैर्हरिरधुनैति किलेत्यथो निशम्य ।
वटनगरजनैः सहाभिजग्मुः सपदि च विश्नगरौकसो जनास्तम् ॥ १
अधिकतरदयालुतां प्रभोस्ते निजहृदयेषु विदन्त एव तस्य ।
निजजनवृतवेगिसैन्धवस्थं पथि ददृशुस्तमशेषभक्तबन्धुम् ॥ २
प्रणम्य तं भूरिमुदः पुरं ते सहाययुस्तेन नराधिप ! स्वम् ।
वादित्रघोषैश्च विचित्रगीतैर्धरामराणां सह वेदघोषैः ॥ ३
विधाप्य तस्योचितवेश्मवासं सहानुगस्याथ मुदैव चक्रुः ।
यथार्हमातिथ्यमवापुरेते ह्येतत्फलं स्वीयमनोरथस्य ॥ ४

---

## અધ્યાય - ૪૧

### ભગવાન શ્રીહરિનું વિસનગર તથા વડનગરમાં આગમન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! પૂર્વે સિધ્ધપુર ક્ષેત્રમાં ભગવાન શ્રીહરિનાં દર્શને ગયેલા વિસનગરના ભક્તજનોએ પ્રણામ કરી અતિ આદરપૂર્વક પોતાને પુર વિસનગર પધારવાની શ્રીહરિને પ્રાર્થના કરી. તેથી ત્યાં પધારતા શ્રીહરિ વિસનગરની સમીપમાં આવી પહોંચ્યા છે, એવા સમાચાર મનુષ્યોના મુખેથી સાંભળવા મળતાં વિસનગરના ભક્તજનો તત્કાળ વડનગરના ભક્તોને વાત કરી, તેમને સાથે લઈ તેઓ સર્વે તત્કાળ શ્રીહરિનું સામૈયું કરવા સન્મુખ ગયા.[૧] હે રાજન્ ! તે સમયે શ્રીહરિની અતિશય દયાળુતાનું પોતાના હૃદયમાં સ્મરણ કરતા કરતા તે બન્ને ગામના ભક્તજનોએ સમસ્ત ભક્તજનોના બંધુ અને માર્ગમાં અનંત ભક્તજનોની મધ્યે સિન્ધી ઘોડા ઉપર વિરાજમાન થઈ પધારી રહેલા ભગવાન શ્રીહરિનાં સ્નેહથી દર્શન કર્યાં.[૨] હે નરાધિપ ! દર્શન કરતાંની સાથે જ સર્વે ભક્તજનો અતિશય પ્રેમ મગન થઈ શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા, ત્યારે પૃથ્વીના દેવતા બ્રાહ્મણો વેદમંત્રોનો ઉચ્ચસ્વરે ઘોષ કરવા લાગ્યા અને સર્વે ભક્તજનો વાજિંત્રો વગાડી શ્રીહરિના ગુણકીર્તનોનું ગાન કરવા લાગ્યા, આ પ્રમાણે વાજતે ગાજતે શ્રીહરિની સાથે વિસનગરમાં પ્રવેશ કર્યો.[૩]

હે રાજન્ ! તે પુરના ભક્તજનોએ ભગવાન શ્રીહરિ તથા સાથે પધારેલા વર્ણી, સાધુ અને પાર્ષદોને પણ યથાયોગ્ય પોતાના ભવનોમાં ઉતારા કરાવ્યા.

सूर्यशर्मा मौक्तिकश्च वनमाल्युद्यमस्तथा । अमूल्यश्चाभिरामाद्यास्तमसेवन्त वाडवाः ॥ ५
पीताम्बरो गणेशश्च पुञ्जश्चेलादयोऽपरे । भक्ताः शुश्रूषणं तस्य चक्रुः सहमुनेर्मुदा ॥ ६
दुर्लभा चोज्ज्वला ज्येष्ठा ह्युदयकुमारिका । सुवर्णा यतिनी ज्ञाना पुञ्ज धनवती तथा ॥ ७
शृङ्खलाप्रमुखाश्चान्या योषा धर्मस्थिता हरिम् । परिचेरुरतिप्रीत्या जनाश्च शतशोऽपरे ॥ ८
नवीनवस्त्रभूषाभिर्बहुभिश्च धनैः प्रभुम् । भक्ता आनर्चुरखिला गन्धपुष्पादिभिश्च तम् ॥ ९
ब्राह्मणांस्तर्पयामास तत्र स्वामी सहस्रशः । तथैव वटपुर्यां च पक्वान्नैर्विविधैर्नृप ! ॥ १०
लड्डुकैर्मौक्तिकाख्यैश्च कंसारैर्घृतपूरकैः । संयावपायसापूपैः शष्कुलीखाजकादिभिः ॥ ११
नानाविधैर्व्यञ्जनैश्च शर्कराम्ररसादिभिः । तोषयन्स द्विजान्सम्यक्सद्धर्मं चाप्यतिष्ठिपत् ॥ १२
सार्धमासद्वयं हीत्थं भोजयामास वाडवान् । रथयात्रोत्सवं भूरिसम्भारेणाकरोच्च सः ॥ १३

---

પછી અતિ હર્ષપૂર્વક સર્વેનો આતિથ્ય સત્કાર કર્યો અને સેવકોની સાથે ભગવાન શ્રીહરિની સેવા કરતા પોતાના મનોરથો સફળ થયા જાણી જીવન ધન્ય માનવા લાગ્યા.[૪]

હે રાજન્ ! સૂર્યશર્મા, મોતીરામ, વનમાળી, ઉદ્યમ, અમૂલ્ય તથા અભિરામ આદિક બ્રાહ્મણ ભક્તજનો હતા.[૫] તેમજ પીતાંબર, ગણેશ, પૂંજો અને ચેલૈયો આદિ અન્ય ભક્તજનો હતા તે પણ સંતોની સાથે શ્રીહરિની સેવા અતિ હર્ષથી કરવા લાગ્યા.[૬] દુર્લભાબા, ઉજ્જ્વલા, જેઠી, ઉદયકુમારિકા, સુવર્ણાબેન, યતિની, જ્ઞાના, પૂંજી, ધનવતી અને શૃંખલા આદિક ધર્મમાં દૃઢ નિષ્ઠાવાળાં અન્ય અનેક સ્ત્રી ભક્તજનો પણ અતિશય સ્નેહપૂર્વક ભગવાન શ્રીહરિની સેવા કરવા લાગ્યાં. અને બીજા સેંકડો ભક્તજનો પણ સેવા કરવા લાગ્યા.[૭-૮]

હે રાજન્ ! નવીન વસ્ત્રો, અલંકારો તથા બહુ ધન તેમજ ચંદન, પુષ્પના હાર આદિકથી સર્વે ભક્તજનોએ ભગવાન શ્રીહરિની પૂજા કરી.[૯] હે નૃપ ! શ્રીસ્વામિનારાયણ ભગવાને વિસનગરમાં અને વડનગરમાં પણ હજારો બ્રાહ્મણોને લાડુ, કંસાર, ઘેબર, શિરો, દૂધપાક, માલપૂવા, જલેબી, ખાજાં, પેંડા આદિ અનંત પ્રકારનાં પક્વાનો તથા અનંત પ્રકારનાં શાકો તથા સાકર મિશ્રિત કેરીનો રસ આદિ સ્વાદિષ્ટ ભોજનોથી બ્રાહ્મણોને તૃપ્ત કર્યા અને સદ્ધર્મનું સ્થાપન કર્યું.[૧૦-૧૨] આ પ્રમાણે ભગવાન શ્રીહરિ અઢી માસ પર્યંત બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કર્યા અને આષાઢ સુદ બીજને દિવસે પુષ્યનક્ષત્રમાં બહુ સામગ્રીથી રથયાત્રા ઉત્સવ ઉજવ્યો.[૧૩] તે સમયે દર્શન કરવા પધારેલા શ્રીનગર નિવાસી નથુભટ્ટ આદિક

जनाः श्रीनगरस्थास्तमथैत्य प्रार्थयन्भृशम् । स्वपुरागमनायैव तानुवाच तदा हरिः ॥ १४
जन्माष्टम्युत्सवं कर्तुं तत्रायास्याम्यहं स्वयम् । साम्प्रतं स्वपुरं यातेत्युक्तास्ते तु ययुर्नृप ! ॥ १५
सभायां प्रत्यहं वार्ता अपराह्णे तथा निशि । एकान्तधर्मसम्बद्धाश्चकार सुखदा नृणाम् ॥ १६
आषाढशुक्लदशमीप्रदोषे जनसंसदि । महासनस्थो भगवान् प्राह भक्तानिदं वचः ॥ १७
एकादश्याः श्व आरभ्य चातुर्मास्यमुपागतम् । तप एवात्र कर्तव्यं यथाशक्त्यखिलैर्जनाः ! ॥ १८

**जना ऊचुः –**

कीदृक् तपोऽत्र भगवन् ! कर्तव्यं मानवैर्भुवि । वक्तुमर्हसि तच्च त्वं धर्मवर्त्मप्रवर्तकः ॥ १९

**श्रीनारायणमुनिरुवाच –**

चातुर्मास्ये तपः कार्यं जना ! यत्तद्ब्रवीम्यहम् । इन्द्रियाणां च मनस ऐकाग्र्यं परमं तपः ॥ २०

---

ભક્તજનો ભગવાન શ્રીહરિની સમીપે આવી પોતાના પુરમાં પધારવા વારંવાર પ્રાર્થના કરવા લાગ્યા. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, હે ભક્તજનો ! હું તમારે ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ કરવા પધારીશ. અત્યારે તમો તમારા પુર પ્રત્યે જાઓ. હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિનું વચન સાંભળી ભક્તજનો પોતાના પુર પ્રત્યે પાછા ફર્યા.[૧૪-૧૫] શ્રીહરિ પ્રતિદિન બપોર પછીના સમયે અને રાત્રે મોટી સભામાં પોતાના ભક્તજનોને એકાંતિક ધર્મ સંબંધી વાતો કરીને ખૂબજ સુખ આપતા.[૧૬] એમ કરતાં અષાઢસુદ દશમીની રાત્રીએ ભક્તજનોની મોટી સભામાં અમૂલ્ય સિંહાસન પર વિરાજમાન શ્રીહરિએ પોતાની આગળ બેઠેલા ભક્તજનો પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! આવતી કાલે નિયમની એકાદશી છે અને તે દિવસથી ચતુર્માસનો પ્રારંભ થાય છે. આ ચાતુર્માસમાં મારા આશ્રિત સર્વે ભક્તજનોએ પોતપોતાની શક્તિ પ્રમાણે તપશ્ચર્યા કરવી.[૧૭-૧૮]

**ચાતુર્માસમાં અવશ્ય કરવાના તપનો ઉપદેશ :–** હે રાજન્ ! ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળી ભક્તજનો કહેવા લાગ્યા કે, હે ભગવન્ ! તમે આ પૃથ્વી પર ધર્મ પ્રવર્તાવવા પધાર્યા છો. તેથી તમારા આશ્રિત અમારે કેવા પ્રકારનું તપ કરવું જોઈએ એ અમને તમે જણાવો.[૧૯] ત્યારે શ્રીનારાયણમુનિ કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! ચાતુર્માસમાં અવશ્ય કરવા યોગ્ય તપ કેવા પ્રકારનું હોવું જોઈએ તે તમને કહું છું. નેત્ર આદિ પાંચ જ્ઞાનઇંદ્રિયો અને છઠ્ઠું મન તેની એકાગ્રતા કેળવવી, ભગવાન પરાયણ થવું આ સર્વોત્તમ તપ કહેલું છે.[૨૦]

**તપનું ફળ શું છે ? :–** હે ભક્તજનો ! પોતાને ઇચ્છિત વિષય રસથી

ऐकाग्र्यं वासुदेवे तु पुष्टानां स्वेप्सितै रसैः । नेन्द्रियाणां भवेत्तस्मात्कार्यं विषयवर्जनम् ॥ २१
ऐन्द्रियेषु रसेष्वेको जैह्व्यो मुख्यो रसो मतः । प्रयत्नतः स जेतव्य उपवासैस्तपस्यता ॥ २२
चक्रिरे चतुरो मासानुपवासानतोऽखिलाः । प्राचीनाः पुरुषाश्चाद्य केचित्कुर्वन्ति योगिनः ॥ २३
तथा कर्तुमशक्यं हि कलावत्राखिलैर्नरैः । फलाहारः पयःपानं कार्यं वैकान्नमत्र तत् ॥ २४
शाकत्यागोऽथवा कार्यः शाकाहारोऽथवा नृभिः । दधिप्राशस्तिलप्राशो घृतत्यागश्च सद्व्रतम् ॥ २५
वर्ज्यं च श्रावणे शाकं दधि भाद्रपदे तथा । दुग्धमाश्विनमासे च द्विदलं मासि कार्तिके ॥ २६
वृन्ताकं च कलिङ्गं च मूलकं च कदाचन । चातुर्मास्ये नैव भक्ष्यं त्रैवर्णिकजनेन तु ॥ २७
गोदानं वा स्वर्णदानमन्नदानं तथान्वहम् । यथाशक्ति विधातव्यं गृहस्थैर्दम्भवर्जितम् ॥ २८

પુષ્ટ થયેલી ઇંદ્રિયોની વૃત્તિ ક્યારેય પણ શ્રીવાસુદેવ ભગવાનના સ્વરૂપમાં એકાગ્ર થઇ શકતી નથી. તેથી પ્રથમ પંચવિષયોનો ત્યાગ કરતાં શીખવું.[૨૧] હે ભક્તજનો ! પાંચ જ્ઞાનઇંદ્રિયોના વિષય સંબંધી રસોની મધ્યે આ જીહ્વા ઇંદ્રિયનો રસાસ્વાદનો વિષય રસ મુખ્ય મનાએલો છે. તેથી તપશ્ચર્યા કરતા પુરુષોએ પ્રયત્નપૂર્વક ઉપવાસ કરીને તેને જીતવો અને રસાસ્વાદ વિષય સર્વ કરતાં પ્રબળ હોવાને કારણે પૂર્વના સમસ્ત ભક્તો તથા ઋષિમુનિઓ ચાતુર્માસ પર્યંત ઉપવાસ કરતા, તેમજ અત્યારે વર્તમાનકાળે પણ કેટલાક આપણા આશ્રિતો પણ ઉપવાસ કરે છે. (તે તૃતીય પ્રકરણમાં પ્રબોધિનીના ઉત્સવ વર્ણનમાં સ્પષ્ટ કરેલ છે.).[૨૨-૨૩]

હે ભક્તજનો ! આ કળિકાળના સમયમાં સર્વે મનુષ્યોને ચાતુર્માસ પર્યંત ઉપવાસ કરવા અશક્ય છે. તેથી ચાતુર્માસમાં ફલાહાર કરવું, અથવા દૂધપાન કરવું, અથવા એક અન્નનું ભક્ષણ કરવું, તથા શાકનો ત્યાગ કરવો. અથવા માત્ર શાકનું જ ભોજન કરવું, અથવા કેવળ દહીં જ જમવાનો નિયમ લેવો, અથવા માત્ર તલભક્ષણ કરવા, અથવા ઘી નો ત્યાગ કરવો વગેરે સાત્વિક વ્રતોનો ચાતુર્માસ પર્યંત પાળવાનો નિયમ લેવો.[૨૪-૨૫]

હે ભક્તજનો ! શ્રાવણમાસમાં શાક ન ખાવું, ભાદરવા માસમાં દહીં ન લેવું, આસો મહિનામાં દૂધનો ત્યાગ કરવો અને કાર્તિક માસમાં તુવેર આદિ દ્વિદલનો ત્યાગ કરવો અને રીંગણાં, કાલિંગડાં (તરબૂચ ન સમજવું) અને મૂળા આ ત્રણનો પણ ત્યાગ કરવો. આ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય વર્ણના જનોએ ચાતુર્માસ પર્યંત નિયમ રાખવો.[૨૬-૨૭] હે ભક્તજનો ! ચાતુર્માસ પર્યંત ધનાઢ્ય ભક્તજનોએ પ્રતિદિન ગોદાન, સુવર્ણદાન અથવા અન્નદાન પોતાની શક્તિ પ્રમાણે જે કાંઇ થાય

धारणापारणाख्यं च व्रतं श्रेष्ठमिहोदितम् । गृहिभिस्त्यागिभिस्तत्तु कर्तुं शक्यं महाफलम् ॥ २९
अवश्यमेतत्कर्तव्यं यौवने व्रतमुत्तमम् । पुरुषैरपि नारीभिर्विधवाभिर्विशेषतः ॥ ३०
व्रताङ्गभूता नियमा ब्रह्मचर्यादयोऽखिलाः । पालनीयाः प्रयत्नेन श्रम एवान्यथा भवेत् ॥ ३१
कर्तृशक्तिमपेक्ष्यैव चातुर्मास्ये व्रतानि तु । पुराणे बहुधोक्तानि सन्ति कार्याणि तानि वा ॥ ३२
सकामैर्वापि निष्कामैश्चातुर्मास्यव्रतानि तु । स्वस्वशक्त्यनुसारेण कर्तव्यानि प्रयत्नतः ॥ ३३
सकामाः प्राप्नुवन्त्येव तत्तत्फलमसंशयम् । निष्कामानां भवत्येव वासुदेवप्रसन्नता ॥ ३४
अन्ते व्रतानां समनुष्ठितानां सन्तर्पणं विप्रसतां स्वशक्त्या ।
विधेयमर्चासहितं मुरारेस्तेनैव सर्वं फलमाप्यते वै ॥ ३५

---

તે દંભ રહિત થઈને કરવું.[૨૮] હે ભક્તજનો ! ચાતુર્માસમાં ધારણાપારણાવ્રત પણ શ્રેષ્ઠ કહેલું છે. આ વ્રત મહાફળને આપનારું કહેલું છે. તેથી ગૃહસ્થ તથા ત્યાગીઓએ કરવું શક્ય હોવાથી અવશ્ય કરવું. આ ધારણાપારણાવ્રત સર્વોત્તમ હોવાથી પુરુષોએ તથા સધવા, વિધવા સ્ત્રીઓએ યુવાન-અવસ્થા હોય તો વિશેષપણે અવશ્ય કરવું.[૨૯-૩૦]

**તપ સાથે બ્રહ્મચર્યાદિ નિયમોની આવશ્યકતા :-** હે ભક્તજનો ! બ્રહ્મચર્યવ્રત આદિ નિયમો છે તે સર્વે તપના અંગભૂત છે. તેથી તે નિયમોને તો સર્વે નિયમોની સાથે અવશ્ય પાળવાં. જો બ્રહ્મચર્યાદિ વ્રતનું પાલન ન કરે ને કેવળ તપ કર્યા કરે તો તે કેવળ શરીરનો પરિશ્રમ છે, તેને વ્રતનું ફળ કાંઈ પણ મળતું નથી.[૩૧] વ્રત કરનારા મનુષ્યના શરીરની સામર્થીને ધ્યાનમાં રાખીને બ્રહ્મવૈવર્ત આદિ પુરાણોમાં ચાતુર્માસમાં કરવા યોગ્ય વ્રતોના અનેક પ્રકારો બતાવ્યા છે તે વ્રતો પણ કરવાં.[૩૨]

હે ભક્તજનો ! સકામી કે નિષ્કામી પુરુષે ચાતુર્માસમાં કરવા યોગ્ય વ્રતનું આચરણ અવશ્ય પોતપોતાની શક્તિને અનુસારે પ્રયત્નપૂર્વક કરવું, તેમાં સકામી મનુષ્ય પોતે ઈચ્છેલા તે તે વ્રતનું ફળ અવશ્ય પામે છે. અને નિષ્કામી મનુષ્યો ઉપર ભગવાન શ્રીવાસુદેવની અવશ્ય પ્રસન્નતા થાય છે. તેમાં કોઈ જાતનો સંશય નથી.[૩૩-૩૪]

હે ભક્તજનો ! બ્રહ્મચર્યાદિ નિયમોની સાથે પાલન કરેલાં વ્રતોની જ્યારે સમાપ્તિ થાય ત્યારે મુરારિ ભગવાન શ્રીકૃષ્ણની અવશ્ય મહાપૂજા કરવી. તથા સાધુ બ્રાહ્મણને મિષ્ટાન્ન ભોજન જમાડી તૃપ્ત કરવા, આ પ્રમાણે કરવાથી સમગ્ર

इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे
विश्नगरवटनगरयोर्ब्राह्मणभोजनानन्दवर्णननामैकचत्वारिंशोऽध्यायः ॥ ४१ ॥

---

## अथ द्विचत्वारिंशोध्यायः - ४२

श्रीनारायणमुनिरुवाच -

व्रतान्युक्तानि सामान्यादथ वः कथये जनाः ! । कर्तव्यानि विशेषेण मदीयैर्विधिपूर्वकम् ॥ १
आषाढशुक्लैकादश्यां चातुर्मास्यव्रतस्य तु । आदितो नियमो ग्राह्यः श्रीकृष्णप्रतिमान्तिके ॥ २
अथवा कृष्णभक्तस्य स्वधर्मदृढसंस्थितेः । पुरतो नियमो ग्राह्यः प्रातः स्नात्वेशतुष्टये ॥ ३
इदं व्रतं मया देव ! गृह्यते तव सन्निधौ । निर्विघ्नं सिद्धिमायातु प्रसादात्तव केशव ! ॥ ४

---

વ્રતના ફળની નિશ્ચે પૂર્ણ પ્રાપ્તિ થાય છે.[૩૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં વિસનગર તથા વડનગરના બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કર્યા અને ચાતુર્માસના વ્રતોનું નિરૂપણ કર્યું એ નામે એકતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૧--***

---

## અધ્યાય - ૪૨

### ચાતુર્માસમાં તપના નિયમો ગ્રહણ કરવાની રીતિનું વર્ણન.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! ચાતુર્માસમાં અનુષ્ઠાન કરવા યોગ્ય સામાન્ય વ્રતોનું નિરૂપણ મેં તમારી આગળ કર્યું. હવે મારા આશ્રિત તમારે વિશેષપણે પાલન કરવા યોગ્ય વ્રતોનું નિરૂપણ કરું છું.[૧] હે ભક્તજનો ! અષાઢસુદ એકાદશીને દિવસે શરૂ થતા ચાતુર્માસના નિયમ પ્રથમ ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ સમક્ષ ઊભા રહીને ગ્રહણ કરવાં. અથવા પ્રાતઃકાળે પવિત્ર નદી આદિકમાં સ્નાન કરીને સ્વધર્મ પાલનમાં દૃઢ નિષ્ઠાવાળા ભગવાન શ્રીકૃષ્ણના ભક્તની આગળ ભગવાનને જ એક રાજી કરવા નિયમ ગ્રહણ કરવો.[૨-૩] હે ભક્તજનો ! નિયમ ગ્રહણ કરતી વખતે આ બે મંત્રો બોલવા કે, હે દેવ ! હે કેશવ ! તમારી સાક્ષીએ આ વ્રતનો નિયમ હું ગ્રહણ કરું છું. તે વ્રત તમારી પ્રસન્નતાથી

गृहितेऽस्मिन्व्रते देव ! पञ्चत्वं यदि मे भवेत् । तदा तदस्तु सम्पूर्णं प्रसादात्त इतीरयेत् ॥ ५
एवं सम्प्रार्थ्य गोविन्दमारभेत व्रतं शुचिः । रक्षन् व्रताङ्गनियमान् पुमान् स्त्री च यथोचितम् ॥ ६
स्वभर्तुराज्ञया कार्यं व्रतं सधवयोषिता । न स्वातन्त्र्येण कर्तव्यं विधाय कलहं गृहे ॥ ७
अनुसृत्य स्वाधिकारं गृहिभिस्त्यागिभिस्तथा । गृहीतव्यं व्रतं प्रीत्या पाल्यं तच्च निरन्तरम् ॥ ८
प्राप्तायां क्वाप्यापदि तु देशकालानुसारतः । वर्तितव्यं यथाशक्ति कृष्णः सर्वमवैति यत् ॥ ९
श्रीभागवतप्रमुखपुराणस्यानुवासरम् । कर्तव्यं श्रवणं नित्यं कीर्तनं वापि पाठनम् ॥ १०
श्रवणे वाचकः पूज्यो व्रतान्ते निजशक्तितः । ब्राह्मणाः साधवश्चार्च्या भोजनीयाश्च सादरम् ॥ ११
कीर्तने पाठने चापि महापूजा रमापतेः । अन्ते कार्या साधुविप्राभ्यर्चनादि च सिद्धिदम् ॥ १२

---

નિર્વિઘ્ને પૂર્ણ થાઓ. હે દેવ ! મેં આ વ્રત ગ્રહણ કર્યું છે તેના મધ્યે જો મારા શરીરનું અવસાન થઈ જાય તો તે વ્રત આપની પ્રસન્નતાથી પૂર્ણ થાઓ. આ પ્રમાણે વ્રતના નિયમ ગ્રહણ કરનાર મનુષ્યે ભગવાન આગળ પ્રાર્થના કરવી.[૪-૫]

હે ભક્તજનો ! આ પ્રમાણે શ્રીગોવિંદ ભગવાનની આગળ પ્રાર્થના કરી બહાર અને અંદર પવિત્રપણે રહી બ્રહ્મચર્યાદિ નિયમનું યથાયોગ્ય રક્ષણ કરતાં કરતાં સ્ત્રી અને પુરુષે ચાતુર્માસના વ્રતનો આરંભ કરવો.[૬] સધવા સ્ત્રીએ પોતાના પતિની આજ્ઞા લઈને વ્રતનો પ્રારંભ કરવો. પરંતુ ઘરમાં કલહ કરીને સ્વતંત્રપણે વ્રતનું નિયમ લેવું નહિ. અને વિધવા સ્ત્રીઓએ પણ પોતાના પિતા, ભાઈ, પુત્ર આદિકની આજ્ઞા લઈને વ્રતનો પ્રારંભ કરવો.[૭] હે ભક્તજનો ! ગૃહસ્થ અને ત્યાગીઓએ પણ પોતપોતાની યોગ્યતાને અનુસારે વ્રતને ગ્રહણ કરવું અને કાર્તિકસુદ એકાદશી સુધી નિરંતર પ્રેમથી તેનું પાલન કરવું.[૮] તેમાં જો ક્યારેક મહા આપત્કાળનો સમય આવી જાય તો દેશકાળને અનુસારે પોતાની શક્તિ પ્રમાણે વર્તવું. કારણ કે, અંતર્યામી આપણા ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાન બધુ જ જાણે છે.[૯] હે ભક્તજનો ! શ્રીમદ્ભાગવત પુરાણનું પ્રતિદિન શ્રવણ કરવું. તેમની કથાનું વાચન કરવું. તેમનો પાઠ કરવો, અને તે શ્રવણાદિક વ્રતની સમાપ્તિ થાય ત્યારે તે વ્રતનું અનુષ્ઠાન કરનાર વક્તાનું પોતાની શક્તિને અનુસારે ધન, વસ્ત્રાદિક અર્પણ કરીને પૂજન કરવું, તેમજ સાધુ, બ્રાહ્મણનું પણ આદરથકી પૂજન કરવું, અને તેઓને મિષ્ટાન્ન જમાડીને તૃપ્ત કરવા.[૧૦-૧૧] જો કથાનું વાચન પોતે જ કરેલું હોય કે પારાયણ પાઠ પણ પોતે જ કરેલો હોય તો તે વ્રતની સમાપ્તિમાં રમાપતિ ભગવાન શ્રીનારાયણની વ્રતની સિધ્ધિને પમાડનારી મહાપૂજા કરવી અને સાધુ તથા

व्रतत्रयमिति प्रोक्तं पुण्यं कर्तव्यमादरात् । दशमस्कन्धमात्रस्य श्रवणादिव्रतं तथा ॥ १३
कृष्णाभ्यर्चा यथालब्धैस्त्रिकालं सूपचारकैः । कार्येति व्रतमस्यान्ते महापूजादि पूर्ववत् ॥ १४
कृष्णस्तोत्रसहस्राख्यपाठः कृष्णप्रदक्षिणा । कृष्णाय साष्टाङ्गनतिः स्वशक्त्येति व्रतानि च ॥ १५
शतादिसङ्ख्यया मालावर्तनं कृष्णमन्त्रतः । प्रतिघस्त्रं यथाशक्ति व्रतमेतत्परं मतम् ॥ १६
अन्ते त्वेषां यथाशक्ति कृष्णस्य महदर्चनम् । तद्भक्तपूजाऽथ जपे हविर्होमोऽपि चाधिकः ॥ १७
वैष्णवानां समर्चा च प्रत्यहं चन्दनादिभिः । तद्भोजनं स्वशक्त्या वा सदन्नैरिति च व्रते ॥ १८
अन्तेऽनयोर्महापूजा सर्वेषां कृष्णसेविनाम् । यथार्हवस्त्रैः पात्रैश्च प्रीणनं भोजनादिभिः ॥ १९

---

બ્રાહ્મણોની પૂજા કરી તેને જમાડી તૃપ્ત કરવા.[૧૨]

હે ભક્તજનો ! શ્રવણ, કીર્તન અને પાઠ આ ત્રણે વ્રતો પુણ્યની વૃદ્ધિ કરનારાં હોવાથી આદરપૂર્વક અવશ્ય તેનું પાલન કરવું. તેમજ માત્ર દશમ સ્કંધનું જ શ્રવણાદિકનું નિયમ ગ્રહણ કરવું. તથા સમયને અનુસારે જે કાંઇ ચંદન, પુષ્પાદિ ઉપચારો પ્રાપ્ત થાય તેના વડે પ્રાતઃકાળે, મધ્યાહ્નકાળે અને સાયંકાળે આમ ત્રણ વખત શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરવાનો નિયમ લેવો. આ પણ એક પ્રકારનું વ્રત છે અને એ વ્રતની સમાપ્તિ થાય ત્યારે પૂર્વની માફક જ ભગવાનની મહાપૂજા અને સાધુ બ્રાહ્મણોનું તર્પણ કરવું.[૧૩-૧૪]

હે ભક્તજનો ! પોતાની શક્તિને અનુસારે ભગવાન શ્રીકૃષ્ણના સહસ્રનામ સ્તોત્રનો પાઠ તથા ભગવાન શ્રીકૃષ્ણને પ્રદક્ષિણા અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાનો નિયમ પણ ચાતુર્માસમાં લઇ શકાય છે.[૧૫] અથવા પ્રતિદિન પોતાની શક્તિ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાનના અષ્ટાક્ષર મંત્રની કે નામ મંત્રની સો માળા કરવી આદિકનું વ્રત પણ ગ્રહણ કરવું. આ વ્રત પણ ખૂબજ સારું કહેલું છે.[૧૬] અને આ ચારમાંથી કોઇ પણ વ્રતની સમાપ્તિ થાય ત્યારે પોતાની શક્તિને અનુસારે પૂર્વની પેઠે ભગવાનની પૂજા તથા સાધુ, બ્રાહ્મણોનું તર્પણ કરવું અને મંત્રના દશમા ભાગથી અગ્નિમાં હોમ પણ કરવો.[૧૭]

હે ભક્તજનો ! ચાતુર્માસમાં પ્રતિદિન ચંદન, પુષ્પાદિક વડે સાધુ, વર્ણી તથા હરિભક્તોનું પૂજન કરવાનું નિયમ અથવા પોતાની શક્તિને અનુસારે પ્રતિદિન સાધુ તથા વર્ણીને જમાડ્યાનું નિયમ લેવું.[૧૮] આ બે પ્રકારના વ્રતમાંથી લીધેલ વ્રતની જ્યારે સમાપ્તિ થાય ત્યારે યથાયોગ્ય વસ્ત્રો, ભોજનપાત્ર કે જલપાત્ર

कामस्य च क्रुधो नित्यमनृतस्य च वर्जनम् । बुद्धिपूर्वप्राणिहिंसावर्जनं सर्वथान्वहम् ॥ २०
पालनं ब्रह्मचर्यस्य त्यजनं चाप्यहंमतेः । स्नेहस्य चैक्षवस्याथ वर्जनं लवणस्य च ॥ २१
व्रतान्येतानि कार्याणि युक्तानि हरिपूजया । पृथक् पृथग्यथाशक्ति भवन्ति हरितुष्टये ॥ २२
एतेषां तु समाप्तौ स्यात्त्यागिनां कृष्णसेविनाम् । समर्हणं सविनयं वासःसद्भोजनादिभिः ॥ २३
प्राधान्येन मयोक्तानि व्रतान्येतानि सद्धियः ! । कृष्णसम्बन्धिधर्मो यस्तद्व्रतं मे परं मतम् ॥ २४
पुराणादिष्वथोक्तानि काम्यान्यपि व्रतानि तु । नातिप्रेष्ठानि मे तानि तुच्छाल्पफलदत्वतः ॥ २५
विषयासक्तचित्तानां ग्राम्याणां तन्निवृत्तये । यथातद्रुचि शास्त्रं तु तानि वक्ति हितावहम् ॥ २६
कुसङ्गदोषतस्तत्र सज्जन्ते कामुका नराः । ततोऽल्पफलमाप्यैते यान्त्यन्ते संसृतिं किल ॥ २७

---

અર્પણ કરીને સર્વે સંતો ભક્તોનું પૂજન કરવું અને ભોજન જમાડી તૃપ્ત કરવા.[૧૯]

હે ભક્તજનો ! ચાતુર્માસમાં સ્ત્રીભોગના ત્યાગનું નિયમ રાખવું. તેમજ નિરંતર ક્રોધ ન કરવાનું, અસત્ય નહિ બોલવાનું, જાણી જોઈને જીવપ્રાણી માત્રની હિંસા ક્યારેય ન કરવાનું નિયમ પણ ગ્રહણ કરવું.[૨૦] બ્રહ્મચર્યવ્રતનું પાલન, અહંકારનો ત્યાગ, ઘી, તેલ આદિ રસોનો ત્યાગ તથા શેરડીમાંથી બનેલા ગોળ, ખાંડ, સાકરનો ત્યાગ તથા મીઠાંનો ત્યાગ કરવો.[૨૧] આ ઉપરોક્ત નવ વ્રતો ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરવાની સાથે પોતાની શક્તિ અને સામર્થ્યને અનુસારે પૃથક્ પૃથક્ પાલન કરવાના નિયમો લેવા. તેમના અનુષ્ઠાનથી ભગવાન શ્રીહરિ અત્યંત પ્રસન્ન થાય છે.[૨૨] આ વ્રતોની સમાપ્તિમાં શ્રીકૃષ્ણ ભગવાનનું એકાંતિક ભાવે સેવન કરતા ત્યાગી સંતોનું યથાયોગ્ય વસ્ત્રો અર્પણ કરી વિનય સહિત ચંદનાદિકથી પૂજન કરવું, અને સાત્વિક ભોજનો જમાડી તૃપ્ત કરવા.[૨૩] હે બુદ્ધિમાન ભક્તજનો ! પૂર્વના અધ્યાયમાં અને આ અધ્યાયમાં જે વ્રતો મેં તમને મુખ્યપણે પાળવાનાં કહ્યાં છે, તે સર્વે ભગવાન શ્રીકૃષ્ણના સંબંધવાળાં હોવાથી તે મારે મન સર્વ શ્રેષ્ઠ વ્રતો છે.[૨૪]

હે ભક્તજનો ! પુત્ર, પત્ની, ધન આદિકની પ્રાપ્તિની કામનાઓની પૂર્તિ માટે પુરાણોમાં બીજાં ઘણાં બધાં વ્રતો બતાવેલાં છે. તે સર્વે વ્રતો નાશવંત અને અલ્પફળને આપનારાં હોવાથી મને બહુ પ્રિય નથી.[૨૫] કદાચ તમે કહેશો કે સર્વજનનું હિત કરનાર શાસ્ત્રોમાં તેવાં વ્રતનું વિધાન શા માટે કરવામાં આવ્યું છે ? તો કહું છું કે જીવોને ધીરે ધીરે તેમાંથી નિવૃત્ત કરવા છે. કારણ કે, સર્વ જીવોનું

पशुपुत्रधनस्त्र्यादिसुखं प्रारब्धकर्मणः । भवतीत्येव निश्चित्य श्रमयन्ति न तद्बुधाः ॥ २८
कृतेन कर्मणा येन भगवांस्तज्जनास्तथा । प्रीयेरंस्तत्प्रयनेन कर्तव्यं स्वहितेच्छुना ॥ २९
चातुर्मास्यव्रतं योऽत्र यथाशक्त्यपि नाचरेत् । स मृतो निरयान् भुक्त्वा कीटयोनिषु जायते ॥ ३०
मदीयैस्तु विशेषेण व्रतेषूक्तेषु सुव्रताः ! । अवश्यमेवैकतममपि कार्यं व्रतं दृढम् ॥ ३१
कार्तिके शुक्लपक्षेऽथ द्वादश्यां शक्तितोऽर्चनम् । विधाय कृष्णस्य ततस्तन्निवेद्यं तदग्रतः ॥ ३२
इदं व्रतं मया देव ! कृतं त्वत्प्रीयते प्रभो ! । न्यूनं सम्पूर्णतां यातु तेन तुष्टो भवेर्मयि ॥ ३३
एवं समाप्य नियमं साधुविप्रादिभोजनम् । विधाप्य पारणां कुर्यादिष्टैः सह मुदा व्रती ॥ ३४

---

હિત કરનારાં શાસ્ત્રો વિષયાસક્ત પુરુષોને પંચવિષયમાંથી ધીમે ધીમે નિવૃત્તિ થાય તે માટે પ્રથમ તેમની રુચિ પ્રમાણેનાં આવાં કામ્યવ્રતોનું ભિન્ન ભિન્ન પ્રતિપાદન કરેલ છે. જેમ પિતા રોગી બાળકને કડવી ઔષધી પાવા માટે પ્રથમ પેંડા આદિકની લાલચ આપે છે. પરંતુ અંતે તો બાળકને કડવી દવા પાઈને રોગમુક્ત કરવાનો જ સાચો હેતુ છે.[૨૬]

હે ભક્તજનો ! જે ભોગાસક્ત પુરુષો છે તે જ કુસંગના યોગે કરીને કામ્યવ્રતોના પાલનની આસક્તિ ધરાવે છે. પછી તેનું અનુષ્ઠાન કરી અલ્પફળને પામી અંતે ઘોર જન્મમરણરૂપ સંસૃતિને પામે છે. પશુ, પુત્ર, ધન, સ્ત્રી, ઘર, ખેતર, પાદર આદિક પદાર્થોનું સુખ તો પ્રારબ્ધ કર્માનુસાર સર્વત્ર સર્વયોનિમાં પ્રાપ્ત થાય છે. એમ જાણી વિવેકી ભગવાનના ભક્તો તેવા પદાર્થોની પ્રાપ્તિને માટે વ્યર્થ પરિશ્રમ કદાપિ કરતા નથી. માટે પોતાનું હિત ઇચ્છતા મનુષ્યોએ જે કર્મોનું આચરણ કરવાથી ભગવાન તથા તેમના એકાંતિક ભક્તજનો પ્રસન્ન થાય તેવા પ્રકારનાં જ કર્મોનું અનુષ્ઠાન પ્રયત્ન પૂર્વક કરવું જોઈએ.[૨૭-૨૯]

**ચાતુર્માસ કોરો ન જવા દેવો** :– હે ભક્તજનો ! આ લોકમાં મનુષ્યજન્મમાં પોતાની શક્તિને અનુસારે ચાતુર્માસના વ્રતોનું અનુષ્ઠાન કરતા નથી તે મરીને નરકની યાતના ભોગવે છે અને ત્યારપછી કીટાદિ યોનિમાં જન્મ ધારણ કરે છે.[૩૦]

હે સુંદર વ્રતને પાલન કરનારા ભક્તજનો ! મારા આશ્રિત સર્વેજનોએ મેં બતાવેલા વ્રતોમાંથી કોઈને કોઈ એક વ્રતનું અનુષ્ઠાન ચાતુર્માસમાં અવશ્ય કરવું.[૩૧] વ્રતની સમાપ્તિને અંતે કાર્તિક સુદ બારસને દિવસે પોતાની શક્તિને

ये पालयन्ति मनुजा नियमानिहैतान् सच्छास्त्रसाधुविहिताञ्जनताहिताय ।
ते यान्ति नूनमिह भूरि यशोऽतिशुद्धिमन्ते सुखं च परमं परमात्मधाम्नि ॥ ३५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे विश्नगरे चातुर्मास्यव्रतविधिनिरूपणनामा द्विचत्वारिंशोऽध्यायः ॥ ४२ ॥*

---

અનુસારે ભગવાન શ્રીકૃષ્ણની મહાપૂજા કરીને તેમની આગળ જ મંત્રોચ્ચાર પૂર્વક વ્રતનું સમર્પણ કરવું.[૩૨] મંત્ર આ રીતે બોલવો કે, હે દેવ ! હે પ્રભુ ! મેં આ વ્રત તમને જ કેવળ રાજી કરવા માટે કરેલું છે. તેમાં કાંઈ અપૂર્ણતા રહી ગઈ હોય તો આપની કૃપાથી તે પરિપૂર્ણતા પામો, અને આ વ્રતના અનુષ્ઠાનથી તમે મારા ઉપર પ્રસન્ન થાઓ.[૩૩] આ પ્રમાણે મંત્રનો ઉચ્ચાર કરી વ્રત કરનાર સ્ત્રી પુરુષે વ્રતની સમાપ્તિ કરવી. ત્યારપછી સાધુ, બ્રાહ્મણો તથા અન્નાર્થીઓને ભોજન જમાડી તૃપ્ત કરવા અને પોતાનાં પ્રિય સંબંધીજનોની સાથે પારણાં કરવાં.[૩૪]

હે ભક્તજનો ! આલોકમાં જે મનુષ્યો સત્શાસ્ત્રોએ તથા સત્પુરુષોએ માનવસમાજના કલ્યાણ માટે પ્રતિપાદન કરેલા અને આ મેં કહેલા નિયમોનું પાલન કરશે, તે મનુષ્યો આલોકમાં મોટા યશને પામશે અને જીવન શુદ્ધ થશે, તથા દેહના અંતે પરમાત્માના ધામને પામી સર્વોત્કૃષ્ટ સુખને પ્રાપ્ત કરશે.[૩૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ભગવાન શ્રીહરિ વિસનગરના ભક્તજનોની આગળ ચાતુર્માસના વ્રત વિધિનું નિરૂપણ કર્યું એ નામે બેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૨--***

---

## अथ त्रिचत्वारिंशोऽध्यायः - ४३

**सुव्रत उवाच -**

नारायणमुनेर्वाक्यमित्याश्रुत्य जनाधिप ! । जना वटपुरावासाः पप्रच्छुस्तं प्रणम्य च ॥ १

**जना ऊचुः -**

व्रतोपवासनियमान्मासान् ये चतुरो जनाः । कर्तुं न शक्तास्तैः स्वामिन् ! यत्कार्यं ब्रूहि तत्तु नः ॥ २

**श्रीनारायणमुनिरुवाच -**

अशक्ताश्चतुरो मासांस्तपः कर्तुं तु ये नराः । कर्तव्यं तैर्जना ! भक्त्या पवित्रं कार्तिकव्रतम् ॥ ३
स्नातव्यं कार्तिके मासि प्रातर्नक्षत्रदर्शने । व्रतं च शक्तितः कार्यं तत्र कृच्छ्राख्यमादरात् ॥ ४
आश्वयुज्याः समारभ्य कार्तिक्यवधि भक्तितः । व्रतं मासोपवासाख्यं कार्यं चान्द्रायणं तु वा ॥ ५
अन्यान्यपि च कृच्छ्राणि कथयामि समासतः । तेषु शक्त्यनुसारेण कार्यमेकमपि ध्रुवम् ॥ ६
शुक्लपक्षे चतुर्दश्यां वारिमध्ये स्थितोऽनिलम् । पिबन्नुपवसेदेव जलकृच्छ्र उदीरितः ॥ ७

---

## અધ્યાય - ૪૩

### કાર્તિક માસમાં વિશેષ પાલન કરવાનાં વ્રતોનું નિરૂપણ.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ઉપરોક્ત ભગવાન શ્રીનારાયણમુનિનું વચન સાંભળી વડનગર નિવાસી ભક્તજનો તેમને નમસ્કાર કરી પૂછવા લાગ્યા કે, હે સ્વામિન્ ! ચાતુર્માસના ચાર મહિના સુધી તમે જે કહ્યા તે વ્રત ઉપવાસ આદિ નિયમોનું પાલન કરવા જે મનુષ્ય સમર્થ ન હોય તેમણે શું કરવું ? તે અમને સંભળાવો.[૧-૨]

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે ભક્તજનો ! જે મનુષ્યો ચાર માસ સુધી તપ આદિ વ્રતો કરવા સમર્થ ન હોય તેમણે પ્રેમથી પવિત્ર કાર્તિકીવ્રત કરવું.[૩] કાર્તિકમાસમાં પ્રતિદિન પ્રાતઃકાળે તારા નક્ષત્રોનું દર્શન થતું હોય તેવા પ્રભાતના સમયમાં પવિત્ર નદી, તળાવ આદિકમાં સ્નાન કરવું, તેમજ પોતાની શક્તિને અનુસારે કાર્તિકી કૃચ્છ્રવ્રત કરવું.[૪] આ કાર્તિકીવ્રત આસો સુદિ પૂર્ણિમાથી કાર્તિક સુદિ પૂર્ણિમા સુધીનું એક માસનું વ્રત હોય છે. તેમાં "માસોપવાસ વ્રત" એટલે એક મહિના સુધી ભક્તિભાવની સાથે ઉપવાસ કરવા અથવા ચાંદ્રાયણવ્રત કરવું.[૫] હે ભક્તજનો ! અન્ય કૃચ્છ્ર વ્રતો છે તે પણ હું તમને સંક્ષેપમાં સંભળાવું છું. તેમાંથી કોઈ પણ એક વ્રત કાર્તિકમાસમાં પોતાની શક્તિને અનુસારે અવશ્ય કરવું.[૬]

दशम्यां पञ्चगव्याशी ह्येकादश्यामुपोषणम् । विष्णुमभ्यर्चयन्कुर्याद्धरिकृच्छ्र इतीरितः ॥ ८
अपः क्षीरं दधि घृतं सप्तम्यादौ पिबेत्पृथक् । एकादश्यामुपवसेत्कृच्छ्रः पैतामहो हि सः ॥ ९
षष्ठ्यादि पयसः पानं त्रिदिनं च ततस्त्र्यहम् । उपवास इति प्रोक्तो माहेन्द्रः कृच्छ्र उत्तमः ॥ १०
त्र्यहं मुन्यन्नमश्नीयाद्यावकं च त्र्यहं ततः । त्र्यहं चोपवसेदन्यत्कृच्छ्रोऽयं वैष्णवो मतः ॥ ११
पञ्चरात्रं प्रतिपदः पयःपानं ततः परम् । दधिपानं पञ्चरात्रं कृच्छ्रोऽयं भास्कराभिधः ॥ १२
यवागूं यावकं शाकं दधि क्षीरं घृतं जलम् । पञ्चम्यादौ सितेऽश्नीयात्कृच्छ्रः साप्तर्षिको मतः ॥ १३

---

**જલકૃચ્છ્રવ્રત :–** કાર્તિક સુદ ચૌદસની તિથિએ પાણી મધ્યે ઊભા રહી માત્ર વાયુનું પાન કરતાંકરતાં વ્રત કરનાર પુરુષે ઉપવાસ કરવો. આ જળકૃચ્છ્ર વ્રત કહેલું છે. જળમાં ઊભા રહેવું તે પણ પોતાની શક્તિને અનુસારે પ્રાતઃકાળથી આરંભીને મધ્યાહ્ન સુધી કે સૂર્યાસ્ત સુધી ઊભા રહેવું.[૭]

**હરિકૃચ્છ્ર વ્રત :–** કાર્તિક સુદ દશમની તિથિએ ગોમૂત્ર, ગોમય, ગોઘૃત, ગોદધિ અને ગોદુગ્ધ આ પંચગવ્યનું ભક્ષણ કરી પ્રબોધની એકાદશીએ ભગવાન શ્રીવિષ્ણુની મહાપૂજા કરી ઉપવાસ કરવો, આ વ્રતને હરિકૃચ્છ્રવ્રત કહેલું છે. (તેમાં પંચગવ્ય કેટલી માત્રામાં લેવું તે પાંચમા પ્રકરણ થકી જાણી લેવું).[૮]

**પિતામહકૃચ્છ્ર વ્રત :–** કાર્તિક સુદ સાતમથી આરંભીને દશમી તિથિ સુધી અનુક્રમે જળ, દૂધ, દહીં, તથા ઘી પાન કરી પ્રબોધની એકાદશીએ ઉપવાસ કરવો. આ પંચદિનાત્મક વ્રતને પિતામહકૃચ્છ્ર વ્રત કહેલું છે.[૯]

**મહેન્દ્ર કૃચ્છ્ર વ્રત :–** છઠ્ઠની તિથિથી આરંભીને ત્રણ દિવસ પર્યંત માત્ર દૂધનું પાન કરવું અને નવમીથી માંડી પ્રબોધની એકાદશી સુધી સામટા ત્રણ ઉપવાસ કરવા આ છ દિવસનું શ્રેષ્ઠ મહેન્દ્ર કૃચ્છ્રવ્રત કહેલું છે.[૧૦]

**વિષ્ણુ કૃચ્છ્ર વ્રત :–** ત્રણ દિવસ પર્યંત સામો નિવાર આદિ મુનિ અન્નનું ભક્ષણ કરવું, ત્યાર પછી ત્રણ દિવસ જવનો સાથવો જમવો અને ત્રણ દિવસ ઉપવાસ કરવા આ નવ દિવસનું વિષ્ણુ કૃચ્છ્ર વ્રત કહેલું છે.[૧૧]

**ભાસ્કર કૃચ્છ્ર વ્રત :–** પડવાથી આરંભીને પાંચ દિવસ પર્યંત દૂધપાન કરવું અને પછીના પાંચ દિવસ દહીંનું પાન કરવું અને અગિયારમે દિવસે એકાદશીનો ઉપવાસ કરવો. આ દશ દિવસનું ભાસ્કર કૃચ્છ્ર વ્રત કહેલું છે.[૧૨]

**સપ્તર્ષિ કૃચ્છ્રવ્રત :–** સુદ પાંચમની તિથિથી આરંભી સાત દિવસ સુધી

पलाशबिल्वदर्भाब्जोदुम्बरैः सुशृतं पयः । पिबेत्षष्ठ्यामुपवसेत्कृच्छ्र आग्नेय उच्यते ॥ १४
पयोबिल्वाम्बुजमृणालान्यत्त्वाऽऽसप्तमीतिथेः । एकादश्यामुपवसेल्लक्ष्मीकृच्छ्रोऽयमीरितः ॥ १५
त्र्यहं प्रातस्त्र्यहं सायं त्र्यहं कुर्यादयाचितम् । त्र्यहं परं च नाश्नीयात्प्राजापत्योऽयमुच्यते ॥ १६
द्वादशाहोपवासेन पराकः कृच्छ्र उच्यते । कृष्णभक्त्यन्वितान्येव व्रतानि फलदानि वै ॥ १७
कृच्छ्रव्रतानि ह्येतानि सर्वपापहराण्यतः । कर्तव्यानि नरैर्भक्त्या कार्तिके तु विशेषतः ॥ १८
ब्रह्मचारी गृहस्थो वा वनस्थो वाथ भिक्षुकः । कृत्वा व्रतान्यवाप्नोति वैष्णवं पदमव्ययम् ॥ १९
कृच्छ्राणि कुर्वन् सर्वाणि यतवांमानसेन्द्रियः । धौतवासाः शुचिः स्नातः पूजयेत्कृष्णमन्वहम् ॥ २०

---

અનુક્રમે જવની રાબ, જવનો સાથવો, શાક, દહીં, દૂધ, ઘી અને છેલ્લે માત્ર જળનું પાન કરવું તે સાત દિવસનું સપ્તર્ષિ કૃચ્છ્ર વ્રત કહેલું છે.[૧૩]

**અગ્નિ કૃચ્છ્ર વ્રત :–** પડવાથી આરંભી પંચમી તિથિ સુધી અનુક્રમે ખાખરાનાં પાંદડાં, બિલિપત્ર, દર્ભ, કમળપત્ર તથા ઉદંબરાનાં પત્રો નાખી ઉકાળેલું દૂધ અથવા જળનું પાન કરવું અને છઠ્ઠને દિવસે ઉપવાસ કરવો તે અગ્નિ કૃચ્છ્ર વ્રત કહેલું છે.[૧૪]

**લક્ષ્મી કૃચ્છ્ર વ્રત :–** સપ્તમી તિથિથી આરંભીને અનુક્રમે દૂધ, બિલિપત્ર, કમળફળ, તથા કમળની દાંડીનું ભક્ષણ કરી એકાદશીએ ઉપવાસ કરવો તેને લક્ષ્મી કૃચ્છ્ર વ્રત કહેલું છે.[૧૫]

**પ્રાજાપત્ય કૃચ્છ્ર વ્રત :–** પહેલા ત્રણ દિવસ માત્ર પ્રાતઃકાળે જમવું, પછીના ત્રણ દિવસ સાયંકાળે જમવું અને પછીના ત્રણ દિવસ માગ્યાવિના મળે તે જમવું અને છેલા ત્રણ દિવસ ઉપવાસ કરવા આ બાર દિવસનું પ્રાજાપત્ય કૃચ્છ્ર વ્રત કહેલું છે.[૧૬]

**પારાક કૃચ્છ્ર વ્રત :–** બાર દિવસ પર્યંત સળંગ ઉપવાસ કરવા તેને પારાક કૃચ્છ્ર વ્રત કહેલું છે. હે ભક્તજનો ! ભગવાન શ્રીકૃષ્ણની નવધા ભક્તિએ સહિત અનુષ્ઠાન કરાયેલાં આ ઉપરોક્ત કૃચ્છ્ર વ્રતો પૂર્ણ ફળને આપનારાં થાય છે.[૧૭]

**વ્રતીએ પાળવાના નિયમો :–** હે ભક્તજનો ! આ સર્વે કૃચ્છ્રવ્રતો સમગ્ર પાપનું નિવારણ કરનારાં છે. એટલા જ માટે ભગવાનના ભક્તોએ તેમનું હમેશાં અનુષ્ઠાન કરવું, તેમાં પણ કાર્તિક મહિનામાં વિશેષપણે કરવું.[૧૮] બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસી વિગેરે જે કોઇ જનો આ કૃચ્છ્રવ્રતોનું અનુષ્ઠાન કરે છે તે શરીરના અંતે અવિનાશી વૈષ્ણપદને પામે છે.[૧૯] પૂર્વોક્ત કૃચ્છ્રવ્રતોનું

अहिंसको दानरतो जपहोमपरायणः । पालयेद्ब्रह्मचर्यं च क्षमासत्यदयान्वितः ॥ २१
व्रतद्रव्याणि सर्वाणि क्षीरादीनि सदा व्रती । विप्रदत्तानि चाश्नीयात्स्वेच्छया न प्रकामतः ॥ २२
कुर्वन् कृच्छ्राणि मुह्येच्चेत्क्षुधया पीडितस्तदा । अमृतं तु गवां क्षीरं पाययेत्तं नरं द्विजः ॥ २३
अष्टैतान्यव्रतघ्नानि ह्यापो मूलं फलं पयः । हविर्ब्राह्मणकाम्या च गुरोर्वचनमौषधम् ॥ २४
यथोक्तेन विधानेन कार्तिके कृच्छ्रमाचरेत् । कृष्णमभ्यर्चयन्नित्यमिति ब्रह्माह नारदम् ॥ २५
कृच्छ्राणि कर्तुं च नरः शक्नुयान्नैव यस्तु सः । व्रतान्यन्यानि कुर्वीत यथाविधि यथाबलम् ॥ २६
मञ्चखट्वादिशयनं पटोलं मूलकं मधु । वृन्ताकं च कलिङ्गं च बहुबीजं च वर्जयेत् ॥ २७

---

અનુષ્ઠાન કરનાર મનુષ્યે વાણી, મન, નેત્રાદિ ઇંદ્રિયોને વશ કરી સ્નાન કરી બહાર અંદર શુદ્ધ થઇ ધોયેલાં પવિત્ર વસ્ત્રો ધારણ કરી પ્રતિદિન ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરવી.[૨૦] વળી તે વ્રત કરનારને કાયા, મન અને વાણીથી અન્યને પીડા કરવા રૂપ અહિંસા ધર્મનું પાલન કરવું. યથાશક્તિ સત્પાત્રમાં દાન કરવું, ભગવાનના નામમંત્રનો જપ કરવો, અધિકારને અનુસારે અગ્નિમાં હોમ કરવો, ક્ષમા, સત્ય અને દયા આદિ ગુણોથી યુક્ત થવું અને બ્રહ્મચર્યવ્રતનું નિરંતર પાલન કરવું.[૨૧] તેમજ તે કૃચ્છ્રવ્રત કરનાર મનુષ્યે વ્રતને અનુકુળ દૂધ આદિ પદાર્થો બ્રાહ્મણે અર્પણ કરેલાં હોય તેનું જ ભક્ષણ કરવું. પરંતુ પોતાને મન ફાવે તેમ સ્વીકારીને જમી ન લેવું. તેમજ વધારે પણ ન જમવું.[૨૨]

**ગ્રહણ કરવા છતાં વ્રતનો ભંગ ન થાય તેવાં પદાર્થો :-** હે ભક્તજનો ! ઉપરોક્ત કહેલાં કૃચ્છ્રવ્રતોને કરનાર પુરુષ જો ભૂખના દુઃખથી અતિશય પીડા પામે, મૂર્છિત થઇ જાય તો તેને બ્રાહ્મણે અમૃત તુલ્ય ગાયનું દૂધ પાન કરાવવું. તેમાં શરબતવાળું પાણી, કંદમૂળ, ફળ, દૂધ અને ઘી સભાસદ બ્રાહ્મણોની અનુમતિ, ગુરુનું વચન અને ઔષધી આ આઠના સેવનથી વ્રતનો ભંગ થતો નથી.[૨૩-૨૪] કાર્તિકમાસમાં મનુષ્યે પ્રતિદિન ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરીને પૂર્વે કહેલા વિધિ પ્રમાણે કૃચ્છ્રવ્રતો કરવાં. આ પ્રમાણે બ્રહ્માજીએ નારદજીને બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહેલું છે.[૨૫] જે મનુષ્ય કાર્તિકમાસમાં કરવાનાં કહેલાં કૃચ્છ્રવ્રતો કરવા સમર્થ ન હોય તેવા પુરુષે બીજાં વ્રતો પણ નિયમપૂર્વક પોતાની શક્તિને અનુસારે કરવાં.[૨૬] વ્રત દરમ્યાન પલંગ તથા ખાટલા ઉપર શયન ન કરવું, પંડોળાનાં ફળ, મૂળા, મધ, રીંગણા, કાળીંગડાં (તરબૂચ ન સમજવું) તથા બહુબીજવાળાં ફળોનું ભક્ષણ નહીં કરવાના નિયમ ગ્રહણ કરવાં. સર્વેમાંથી કોઇ

प्रातःस्नानं हरेर्ध्यानं यथाशक्ति दृढासनः । नित्यं सर्वः प्रकुर्वीत पूजां च मानसीमपि ॥ २८
एकभक्तं च भक्तं च व्रतं निर्लवणं तथा । अयाचितं फलत्यागमपक्वाशनमेव च ॥ २९
शाकत्यागं रसत्यागं ताम्बूलाभ्यङ्गवर्जनम् । दधिदुग्धसितासर्पिर्गुडतैलविवर्जनम् ॥ ३०
व्रतं च भूमिशयनं भूमिभोजनमेव वा । मौनं पाषाणशयनं तीर्थस्नानं व्रतं तथा ॥ ३१
गोविप्रसाधुदेवार्चानियमः पत्रभोजनम् । शिलायां भोजनं चैव स्थालीपाकविवर्जनम् ॥ ३२
अन्नदानं च गोदानं स्वर्णदानं च प्रत्यहम् । तिलदानं दीपदानमित्युक्तानि व्रतानि वै ॥ ३३
तुलामकरमेषार्के प्रातःस्नानं विधीयते । हविष्यं ब्रह्मचर्यं च महापातकनाशनम् ॥ ३४
नद्यां स्नानं विशेषेण कर्तव्यं कार्तिके नरैः । तदभावे तडागे वा कूपे वा दुर्बलो गृहे ॥ ३५

એકના ત્યાગનું નિયમ પણ લઈ શકાય છે.[૨૭]

હે ભક્તજનો! વ્રત કરનાર સર્વે કોઈ પ્રાતઃકાળે સ્નાનવિધિ કરી, આસન ઉપર બેસી પોતાની શક્તિને અનુસારે ભગવાન શ્રીહરિનું ધ્યાન કરવું, તેમજ માનસીપૂજા પણ પ્રતિદિન નિયમપૂર્વક કરવી.[૨૮] એક વખત જમવાનું વ્રત, મીઠા (નમક) વગરનું ભોજન જમવાનું વ્રત, માગ્યાવિના મળે તે જમવાનું વ્રત, ફળ માત્ર નહિ જમવાનું વ્રત, રાંધ્યા વિનાનું જમવાનું વ્રત, શાકમાત્ર નહિ જમવાનું વ્રત, છ રસોનું ત્યાગ કરવાનું વ્રત, પાનબીડાં નહીં જમવાનું વ્રત, અંગે તેલમર્દન નહિ કરવાનું વ્રત. દૂધ, દહીં, સાકર, ગોળ, ઘી તથા તેલનું ભક્ષણ ન કરવું. આ વ્રત પણ લઈ શકાય છે.[૨૯-૩૦]

હે ભક્તજનો ! ભૂમિપર પાથર્યા વિના જ શયન કરવું. ભૂમિ પર જ ભોજન કરવું, માસ પર્યંત મૌન રહેવું, ભોજન વખતે મૌન રહેવું, કેવળ શિલા ઉપર સૂઈ જવું, સૂર્યોદય પહેલાં તીર્થમાં જઈને જ સ્નાન કરવું, ગાયને ચારો નાખવો, સાધુ બ્રાહ્મણને જમાડવા, દેવતાઓનું પૂજન કરવું, પત્રાવલીમાં જ ભોજન કરવું. તપેલીમાં રાંધેલ અન્નને નહિ જમવું. ઈત્યાદિ વ્રતો પણ લઈ શકાય છે.[૩૧-૩૨] પ્રતિદિન અન્નદાન કરવું, ગોદાન કરવું, સુવર્ણદાન કરવું, તલનું દાન અને દીપનુંદાન કરવું આવાં પણ ઘણાંક વ્રતો કાર્તિક માસમાં રાખવાનાં કહેલાં છે.[૩૩] તુલા, મકર અને મેષ રાશિમાં પ્રાતઃસ્નાન કરવાનું અર્થાત્ કાર્તિકી સ્નાન, માઘસ્નાન અને વૈશાખી સ્નાન કરવાનાં નિયમો પણ લેવાં. હવિષ્યાન્ન ધાન્યનું જ ભક્ષણ કરવું, બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું, આ સ્નાનાદિ ત્રણ વ્રતો મહાપાતકને નાશ કરનારાં વ્રતો કહેલાં છે.[૩૪]

यः स्नात्यनुदिते भानौ भानुजात्तस्य भीः कुतः । इमं मन्त्रं समुच्चार्य मौनी स्नायाद्व्रती नरः ॥ ३६
कार्तिकेऽहं करिष्यामि प्रातःस्नानं जनार्दन ! । प्रीत्यर्थं तव देवेश ! दामोदर ! मया सह ॥ ३७
केतक्या वापि मालत्या मुनिपुष्पैश्च वाम्बुजैः । पूजनीयः प्रयत्नेन कार्तिके विष्णुरव्ययः ॥ ३८
कार्तिके नार्चितो यैस्तु कमलैः कमलेक्षणः । जन्मकोटिष्वपि भवेन्न तेषां कमला गृहे ॥ ३९
तुलसीदललक्षेण कार्तिके योऽर्चयेद्धरिम् । पत्रे पत्रेऽश्वमेधस्य स फलं प्राप्नुयान्नरः ॥ ४०
धात्रीफलविलिप्ताङ्गो धात्रीफलविभूषणः । धात्रीफलकृताहारः संसृतेर्मुच्यते नरः ॥ ४१
धात्रीच्छायां समाश्रित्य योऽर्चयेच्चक्रधारिणम् । पुष्पे पुष्पे भवेत्तस्य राजसूयफलं किल ॥ ४२
दामोदरं वनेऽभ्यर्च्य धात्रीवृक्षोपशोभिते । पक्वान्नैस्तोषयेद्विप्रान् यः स विष्णुपुरं व्रजेत् ॥ ४३

---

હે ભક્તજનો ! કાર્તિકમાસમાં મનુષ્યે કેવળ નદીમાં જ સ્નાન કરવું, નદી ન હોય તો તળાવમાં સ્નાન કરવું, અથવા કૂવામાંથી સિંચીને સ્નાન કરવું આવી રીતે ત્યાં જઈને સ્નાન કરવા સમર્થ ન હોય તેવા મનુષ્યોએ પોતાને ઘેર ઘડામાં ભરી રાખેલાં શીતળ જળથી સ્નાન કરવું.[૩૫] વ્રત કરનારા જનોએ સૂર્ય ઉગ્યા પહેલાં જ સ્નાન કરી લેવું. આ પ્રમાણે જે સ્નાન કરે છે તેને સૂર્યપુત્ર યમનો ભય રહેતો નથી. તેમજ મૌન વ્રત ધારણ કરી નીચેના મંત્રનું ઉચ્ચારણ કરતાં કરતાં સ્નાન કરવું.[૩૬] હે જનાર્દન ! હે દેવોના દેવ ! હે દામોદર ! લક્ષ્મીદેવીએ સહિત આપની પ્રસન્નતા માટે હું પ્રાતઃકાળનું કાર્તિકી સ્નાન કરું છું. મારા પર રાજી રહેજો. આ પ્રમાણે મંત્ર બોલી સ્નાન કરવું.[૩૭] હે ભક્તજનો ! કેતકીના, માલતીના અને મુનિ પુષ્પો અથવા અગથિયાનાં અને કમળનાં પુષ્પોથી અવિનાશી ભગવાન શ્રીકૃષ્ણનું કાર્તિક માસમાં પ્રયત્નપૂર્વક વિશેષ પૂજન કરવું.[૩૮] જે મનુષ્ય કાર્તિકમાસમાં કમળનયન ભગવાન શ્રીકૃષ્ણનું કમળથી પૂજન નથી કરતો તેના ઘરમાં કોટિ જન્મે પણ કમલા (લક્ષ્મી) નો નિવાસ થતો નથી.[૩૯] કાર્તિકમાસમાં જે મનુષ્ય તુલસીદળથી ભગવાનનું પૂજન કરે છે તે મનુષ્ય પત્રે પત્રે અશ્વમેઘ યજ્ઞનું ફળ પ્રાપ્ત કરે છે.[૪૦]

**આમળાંનો મહિમા :–** હે ભક્તજનો ! આમળાંના ફળના રસથી જે મનુષ્ય સ્નાન કરે અર્થાત્ પોતાને શરીરે આમળાંના રસનું મર્દન કરે, અને આમળાંના ફળનું ભક્ષણ કરે આવું કાર્તિક માસમાં વ્રત રાખનારા મનુષ્યો સંસારના બંધનોમાંથી મુક્ત થાય છે.[૪૧] જે કાર્તિકી વ્રત ધારણ કરનારો પુરુષ આમળાંના વૃક્ષ નીચે બેસીને ચક્રધારી ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરે છે. તે પુષ્પે પુષ્પે રાજસૂય યજ્ઞનું ફળ પ્રાપ્ત કરે છે.[૪૨] જે પુરુષ આમળાંના વૃક્ષોના વનમાં દામોદર ભગવાન

राजिकां मादकं क्षौद्रं कांस्यपात्रे च भोजनम् । कार्तिके वर्जयेत्तैलं द्विदलं च विशेषतः ॥ ४४
माषमुद्गमसूराश्च चणकाश्च कुलत्थकाः । निष्पावा राजमाषाश्च ह्याढक्यो द्विदलं स्मृतम् ॥ ४५
त्यजेत्पर्युषितं चान्नं सन्धितं मतिदूषितम् । ऊर्जे त्यजेत्सूरणं च दिवास्वापं तथानृतम् ॥ ४६
विष्णुनामसहस्रस्य पठनं च दिवा निशि । कार्यमाकाशदीपश्च देय ऊर्जे निशामुखे ॥ ४७
यवान्नमृषिधान्यं वा भक्ष्यमूर्जे शुभं मतम् । नोर्जो वन्ध्यो विधातव्यो व्रतिना केनचित्क्वचित् ॥ ४८
कार्तिके मासि गृह्णीयाद्दीक्षां भागवतीं तु यः । स पुमान्मुच्यते नूनं जन्मसंसृतिबन्धनात् ॥ ४९
तुलसीकाष्ठसम्भूता माला कृष्णपदेऽर्पिता । कार्तिके मासि या सा वै नित्यं धार्या तु वैष्णवैः ॥ ५०
तुलसीकाष्ठसम्भूते ! माले ! कृष्णजनप्रिये ! । बिभर्मि त्वामहं कण्ठे कुरु मां कृष्णवल्लभम् ॥ ५१
मन्त्रेणैतेन सम्प्रार्थ्य माला धार्या तु भक्तितः । कर्तव्यानि व्रतानीत्थमूर्जमासे विशेषतः ॥ ५२

---

શ્રીકૃષ્ણનું પૂજન કરી પકવાન્નવડે બ્રાહ્મણોને તૃપ્ત કરે છે તે મનુષ્ય વિષ્ણુના લોકને નક્કી પ્રાપ્ત કરે છે.[૪૩]

હે ભક્તજનો ! કાર્તિક માસમાં રાઈ, મદ ઉત્પન્ન કરનાર જામફળ, મધ, કાંસાના પાત્રમાં ભોજન અને તેલ એટલાનો ત્યાગ કરવો, અને આગળ કહું એવા દ્વિદળનો પણ ત્યાગ કરવો. અડદ, મગ, મસુર, ચણા, કળથી, વાલ, ચોળા, તુવેર અને મઠ આદિ કઠોળને દ્વિદળ કહેવામાં આવે છે.[૪૪-૪૫]

હે ભક્તજનો ! કાર્તિક માસમાં વ્રત કરનારા જનોએ વાસી અન્ન ન ખાવું. શાકમાં મીઠું ન ખાવું. બુદ્ધિ દૂષિત કરનાર અન્ન, સુરણ અને કોઈએ કચવાઈને આપેલું અન્ન પણ ભક્ષણ ન કરવું. દિવસે નિદ્રા ન કરવી, ખોટું ન બોલવું, તેમજ કાર્તિકી વ્રત કરનારે પ્રાતઃકાળે અને સાયંકાળે વિષ્ણુ સહસ્રનામનો પાઠ કરવો અને સાયંકાળે હરિમંદિરમાં આકાશદીપ અર્પણ કરવો આદિ નિયમો લઈ શકાય છે.[૪૬-૪૭]

હે ભક્તજનો ! કાર્તિક માસમાં સામો, નિવાર આદિક ઋષિધાન્યનું ભણક્ષ કરવું તે શુભ મનાયેલું છે. વ્રત કરનારા પુરુષે ક્યારેય પણ કાર્તિક માસ વંધ્ય જવા દેવો નહિ, કોઈને કોઈ વ્રતનું નિયમ લેવું.[૪૮] જે પુરુષ કાર્તિક માસમાં ભાગવતી દીક્ષા ગ્રહણ કરે છે તે સંસારના જન્મ-મરણરૂપ બંધનોથી મુકાઈ જાય છે.[૪૯] વળી કાર્તિક માસમાં શ્રીકૃષ્ણ ભગવાનના ચરણારવિંદમાં અર્પણ કરેલી તુલસીના કાષ્ઠમાંથી બનાવેલી માળા, કંઠી, ભગવાનના વૈષ્ણભક્તોએ નિત્ય ધારવી.[૫૦] હે તુલસીના કાષ્ઠમાંથી ઉત્પન્ન થયેલી ! હે કૃષ્ણ ભક્તોને પ્રિય ! હે તુલસીની માળા !

एकेनापि व्रतेष्वेषु कार्तिकेऽनुष्ठितेन च । चातुर्मास्यव्रतफलं पुरुषस्य भवेज्जनाः ! ॥ ५३
व्रतोपवासनियमा यथाशक्ति ततो नरैः । प्रीयते वासुदेवस्य विधातव्याः प्रयत्नतः ॥ ५४

**सुव्रत उवाच –**

इत्युक्त्वा भगवान्भक्तान्नारायणमुनिर्नृप ! । विरराम च ते सर्वेऽप्यानन्दं लेभिरे परम् ॥ ५५
ऊचुश्च ते तं चतुरोऽपि मासान्वयं करिष्याम इह व्रतानि ।
इति प्रभुः सोऽपि तदा प्रसन्नः पुरद्वयावासिजनानशंसत् ॥ ५६

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे विश्नगरे कार्तिककृच्छ्रादिव्रतनिरूपणनामा त्रिचत्वारिंशोऽध्यायः ॥ ४३ ॥*

---

તને હું મારા કંઠમાં ધારણ કરું છું. મને ભગવાનને વહાલો કરજે.[૫૧] આ પ્રમાણે મંત્રથી કંઠીની પ્રાર્થના કરી ભક્તિભાવ પૂર્વક માળા, કંઠી કંઠમાં ધારણ કરવી, આ રીતે અનેક પ્રકારનાં વ્રતો છે તે વ્રતને કરનારા મનુષ્યોએ કાર્તિકમાસમાં વિશેષપણે નિયમ ધારણ કરવાં.[૫૨]

હે ભક્તજનો ! કાર્તિકમાસમાં પૂર્વોક્ત વ્રતોની મધ્યે કોઈ પણ એક વ્રતને કરે તો તેને આખા ચાતુર્માસનું ફળ પ્રાપ્ત થાય છે. તેથી મનુષ્યોએ શ્રીવાસુદેવ ભગવાનની પ્રસન્નતાર્થે પોતાની શક્તિ પ્રમાણે પ્રયત્નપૂર્વક વ્રત ઉપવાસાદિ પૂર્વે કહેલા નિયમો ગ્રહણ કરવાં.[૫૩-૫૪]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રી નારાયણમુનિ ભક્તજનોને સુંદર સદ્બોધ આપી વિરામ પામ્યા. ત્યારે તે સર્વે ભક્તો પણ શ્રીહરિનો ઉપદેશ સાંભળી પરમ આનંદ પામ્યા ને કહેવા લાગ્યા કે હે સ્વામિન્ ! અમે સર્વે ભક્તજનો તમે કહી દેખાડેલાં સર્વ વ્રતોનું ચાતુર્માસ પર્યંત અવશ્ય અનુષ્ઠાન કરીશું. તે સમયે ભક્તજનોની વાત સાંભળીને સમર્થ ભગવાન શ્રીહરિ વિસનગર અને વડનગર આ બન્ને પુરના ભક્તો ઉપર અતિશય પ્રસન્ન થયા અને તેમની પ્રશંસા કરવા લાગ્યા.[૫૫-૫૬]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં વિસનગરને વિષે કાર્તિક માસમાં વિશેષ પણે પાલન કરવા યોગ્ય કૃચ્છ્રાદિ વ્રતોનું નિરૂપણ કર્યું એ નામે તેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. –૪૩–***

---

## अथ चतुश्चत्वारिंशोऽध्यायः - ४४

**सुव्रत उवाच -**

पुरद्वयौकसो भक्तान्सुखयित्वाथ तान् हरिः । अनुज्ञाप्य नभोमासि पञ्चम्यां निर्ययौ ततः ॥ १
प्रेम्णानुयातो भक्तांस्तान्संनिवर्त्य च वर्त्मनि । ग्राम्यान् पौरांश्च सुखयन्भक्तान् श्रीनगरं ययौ ॥ २
प्रेष्ठमायान्तमाश्रुत्य पौरा भक्तास्तमभ्ययुः । गीतवादित्रनिर्घोषैर्वाहनैर्विविधैः सह ॥ ३
पुरात् क्रोशार्धदूरे तमश्वारूढं विलोक्य ते । प्रणेमुर्दण्डवत्सर्वे हर्षाश्रुप्लुतदृष्टयः ॥ ४
यथार्हं मानितास्तेन नरयानं तमादरात् । पौरा आरोहयामासू रथादींश्च मुनीनपि ॥ ५
नानाविधानि वाद्यानि वादयन्तस्त उन्मुदः । गायन्तस्तद्गुणानुच्चैः प्राविशन्नगरं नृप ! ॥ ६

---

## અધ્યાય - ૪૪

### ભગવાન શ્રીહરિનું શ્રીનગર (અમદાવાદ) શહેરમાં આગમન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિ વિસનગર અને વડનગરના હરિભક્તોને સુખ આપી તેમને પૂછીને શ્રાવણસુદ પાંચમની તિથિએ ત્યાંથી વિદાય થયા. અતિશય સ્નેહને લીધે પાછળ આવતા બન્ને પુરવાસી ભક્તજનોને પાછા વાળી માર્ગમાં આવતાં ગામો તથા નગરોના ભક્તજનોને સુખ આપતા શ્રીનગર શહેરમાં પધાર્યા.[૧-૨]

સૌના અતિશય વ્હાલા ભગવાન શ્રીહરિ આપણા પુર પ્રત્યે પધારે છે એવા શુભ સમાચાર સાંભળતાંની સાથે જ શ્રીનગર નિવાસી સર્વે ભક્તજનો અનેક પ્રકારનાં વાજિંત્રોનો નાદ કરતા કરતા વિવિધ પ્રકારના રથ, પાલખી આદિ વાહનો લઈ તેમની સન્મુખ ગયા, તે સમયે શ્રીનગરથી અર્ધા કોશ દૂર એક શોભાયમાન સુંદર ચાલવાળા ઊંચા અશ્વ ઉપર બિરાજમાન થયેલા શ્રીહરિનાં દર્શન થતાં સર્વે ભક્તજનોનાં નેત્રોમાંથી પ્રેમનાં અશ્રુઓ પડવા લાગ્યાં ને સૌ તત્કાળ શ્રીહરિને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૩-૪]

હે રાજન્ ! તે સમયે ભગવાન શ્રીહરિ પણ નજીક આવી સૌ ભક્તજનોને યથાયોગ્ય સન્માન આપી આવકાર્યા. ત્યારે સૌએ અતિ આદરથી શ્રીહરિને શિબિકામાં બેસાર્યા અને તેમની સાથે આવેલા સંતોને રથ આદિ વાહનોમાં બેસાર્યા.[૫] હે રાજન્ ! અતિશય આનંદીત સર્વે ભક્તજનો વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડવા લાગ્યા અને શ્રીહરિના ગુણોનાં ચરિત્રોનું ઉચ્ચસ્વરે ગાન કરી આગળ ચાલવા

आवासं तस्य महति नवीने वेश्मनि प्रभोः । समुनेः कारयामासुस्ततश्चातिथ्यमादरात् ॥ ७
यत्र नूत्नगृहे वासः पुरि तत्राभवद्धरेः । अद्यापि सा प्रतोली तु 'नवावास' इतीर्यते ॥ ८
भक्ष्यैर्भोज्यैर्बहुविधैर्मुनीन् पद्गांश्च वर्णिनः । प्रत्यहं तर्पयामासुर्भक्तास्तं नगरौकसः ॥ ९
नारायणं पुपूजुश्च नीत्वा स्वं स्वं निकेतनम् । गन्धपुष्पानर्घ्यवासोभूषणैर्द्रविणेन च ॥ १०
महद्भिरेव सम्भारैर्जन्माष्टम्यां महोत्सवम् । भक्तानचीकरत्स्वामी भक्तिमार्गं प्रपोषयन् ॥ ११
ब्राह्मणांस्तर्पयामास तत्र स्वेष्टैः स भोजनैः । सहस्रशोऽथ तेभ्योऽदाद्दक्षिणां भूपतिर्यथा ॥ १२
एकादश्यां सभा तत्र महत्यासीज्जनाधिप ! । निषेदुस्तत्र पुरुषा योषितश्च यथोचितम् ॥ १३
वर्णिनश्च गृहस्थाश्च साधवश्च पदातयः । हरेरनुचराः सर्वे तत्र मर्यादयाऽऽसत ॥ १४

---

લાગ્યા, એમ કરતાં સર્વે જનોએ શ્રીનગર શહેરમાં પ્રવેશ કર્યો. મુનિ મંડળે સહિત ભગવાન શ્રીહરિ શ્રીનગરના નવાવાસમાં પધાર્યા ત્યાં સૌ જનો તેઓને અતિ ઊંચા નવા ભવનોમાં નિવાસ કરાવ્યો અને અતિ આદરપૂર્વક આતિથ્ય સત્કાર કર્યો.[૬-૭]

હે રાજન્ ! શ્રીનગર શહેરના નવાવાસની જે પોળમાં ઉતારો કરાવેલો તે પોળની જગ્યાને અત્યારે પણ લોકો 'નવાવાસ' તરીકે કહે છે.[૮] ભગવાન શ્રીહરિ તથા સંતો પાર્ષદો પધાર્યા ત્યારથી શ્રીનગર નિવાસી ભક્તજનો તેઓને બહુ પ્રકારનાં ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોશ્ય ભોજનવડે નિરંતર તૃપ્ત કરતા હતા.[૯] સર્વે ભક્તજનોએ પોતપોતાના ભવનમાં શ્રીહરિની પધરામણી કરાવી ચંદન, પુષ્પોના હાર, અમૂલ્ય વસ્ત્રો અને આભૂષણો તથા દ્રવ્ય અર્પણ કરી પૂજન કર્યું.[૧૦]

**મોટી સત્સંગસભાનું આયોજન :–** હે રાજન્ ! શ્રીસ્વામિનારાયણ ભગવાને ભક્તિ માર્ગનું પોષણ કરવા સંવત ૧૮૬૬ ના શ્રાવણ વદી જન્માષ્ટમીને દિવસે બહુ પ્રકારની સામગ્રીથી અમદાવાદના હરિભક્તો પાસે કૃષ્ણ જન્મનો મોટો ઉત્સવ ઉજવાવ્યો.[૧૧] અને મોટા ચક્રવર્તી રાજાની જેમ તે ઉત્સવના બીજા દિવસે પારણામાં હજારો બ્રાહ્મણોને ઇચ્છિત ભોજનો જમાડી તૃપ્ત કર્યા, તથા તેઓને બહુ પ્રકારની દક્ષિણાઓ આપી રાજી કર્યા.[૧૨] ત્યારપછી તે નગરને વિષે એકાદશીને દિવસે વિશાળ સભા કરી. તે સભામાં પુરુષો અને સ્ત્રીઓ પોતપોતાનાં યથાયોગ્ય સ્થાને આવીને બેઠાં.[૧૩] તેમજ વર્ણીઓ, સંતો, પાર્ષદો અને ગૃહસ્થ ભક્તજનો પણ તે સભામાં મર્યાદા પ્રમાણે બેઠા.[૧૪] શ્રીનગરનિવાસી નથુભટ્ટ વગેરે પુરુષો અને ગંગાબા આદિ સ્ત્રીઓ વગેરે હજારો ભક્તજનો પણ તે સભામાં સુખપૂર્વક બેઠાં.[૧૫] તે સમયે શ્રીહરિના આશ્રિત નહિ એવાં હજારો નરનારીઓ હાસ્ય વિનોદ

नथ्थुभट्टादयः पौरा नरा गङ्गादयः स्त्रियः । भक्ताः सहस्रशो ह्येते तत्रोपविविशुः सुखम् ॥ १५
अभक्ताः कौतुकेक्षार्थं नरा योषासहस्रशः । तत्रागत्याभितस्तस्थुर्हसन्तोऽकृतवन्दनाः ॥ १६
विप्रेषु शतशस्तत्र त्वासन्वेदान्तशास्त्रिणः । नैयायिकाश्च शतशो वैयाकरणसत्तमाः ॥ १७
मीमांसकाश्च योगज्ञाः काव्यालङ्कारवेदिनः । वैदिकास्तान्त्रिकाश्चासन्पुराणज्ञाश्च भूरिशः ॥ १८
इत्थं सभायां ते सर्वे समेत्य पुरुषाः स्त्रियः । निषण्णाश्च स्थिताः केचिदासन्नुद्ग्रीवदृष्टयः ॥ १९
सदोमध्यमहापीठे निषसाद हरिः स्वयम् । एकाग्रदृष्ट्या सर्वेऽपि तमेवैक्षन्त भूपते ! ॥ २०
प्रीत्या समीक्षमाणेषु मुनयस्तेषु केचन । गृहस्थाद्याश्च कतिचित्कतिचिद्योषितोऽपि च ॥ २१
नारायणमुनेस्तस्य कृपयैव सहस्रशः । लेभिरे तस्य धामानि सद्य एव समाधिना ॥ २२
ते पुमांसश्च योषाश्च निर्निमेषविलोचनाः । बभूवुर्निश्चलास्तत्र काष्ठपाषाणमूर्तिवत् ॥ २३

કરતાં કરતાં કુતૂહલ જોવાને માટે ત્યાં આવી શ્રીહરિને પ્રણામ કર્યા વિના સભાની ચારે બાજુ ઊભાં રહ્યાં.[૧૬]

હે રાજન્ ! ઊભા રહેલા જનોમાં સેંકડો બ્રાહ્મણો હતા કે જેઓ વેદાંતશાસ્ત્રીઓ હતા. તેમજ ન્યાય અને વ્યાકરણ શાસ્ત્રના પણ વિશારદ હતા. તેમજ ઘણા બધા વિપ્રો તો પૂર્વમીમાંસા, યોગશાસ્ત્ર, કાવ્યાલંકાર અને વૈદિક કર્મકાંડમાં નિપુણ હતા. કેટલાક પંચરાત્ર આદિક તન્ત્ર શાસ્ત્રોમાં અને શ્રીમદ્ ભાગવતાદિ પુરાણોમાં પણ પ્રવીણ હતા.[૧૭-૧૮]

હે રાજન્ ! આ પ્રમાણે સભામાં આવેલા તે પુરુષો અને સ્ત્રીઓમાં કોઈ કોઈ પોતાની ડોક અને દૃષ્ટિ ઊંચી રાખીને બેઠાં હતાં અને કોઈ ઊભાં રહ્યાં હતાં.[૧૯] હે ભૂપતિ ! તે સમયે સભાની મધ્યે ઊંચા સિંહાસન પર સ્વયં ભગવાન શ્રીહરિ બિરાજી રહેલા છે અને સભામાં બેઠેલા સમસ્ત સંતો, ભક્તો તેમનાં મુખકમળ સામે એકાગ્ર દૃષ્ટિથી નિહાળી રહ્યા છે.[૨૦]

**સમાધિરૂપ ઐશ્વર્યનું પ્રકાશન :–** હે રાજન્ ! અતિશય સ્નેહની સાથે ભગવાન શ્રીહરિનાં દર્શન કરી રહેલા કેટલાક સંતો, ગૃહસ્થ ભક્તો અને સ્ત્રીઓને શ્રીનારાયણમુનિની કૃપાથી કોઈ સાધનસંપત્તિ વિના તત્કાળ સમાધિ થઈ. તે હજારો નરનારીઓને સમાધિમાં ભગવાન શ્રીહરિનાં ગોલોકાદિ જુદાં જુદાં ધામોમાં દર્શન થયાં.[૨૧-૨૨] સમાધિ સ્થિતિને પામેલા હજારો સ્ત્રી પુરુષોનાં નેત્રો નિર્નિમેષ થયાં. તેમજ તેઓ કાષ્ઠ તથા પાષણની મૂર્તિની જેમ ચેષ્ટા રહિત સ્થિર બેઠા રહ્યા. અને જે ઊભા હતા તે થાંભલાની જેમ સ્થિરને સ્થિર ઊભા જ રહ્યા. તે

ये निषण्णा निषण्णास्ते स्थितास्ते स्तम्भवत्स्थिताः । भक्तास्तदानीं तत्राऽऽसन्स्वर्णचम्पकरोचिषः २४
बहिःस्तब्धदृशः केचिदन्तःपर्यस्तदृष्टयः । आसन्समाधिनिष्ठास्ते स्वात्मलीनासुवृत्तयः ॥ २५
तान्विलोक्य जनाः सर्वे विस्मयं प्रतिपेदिरे । हरेः प्रताप एवायमित्यबुध्यन्त तद्विदः ॥ २६
केचित्तु पौरा विप्राद्याः शास्त्रज्ञा अप्यसद्धियः । समाधिमीदृशं दृष्ट्वा कुहकं मेनिरे हि तम् ॥ २७
स्वमतख्यापनार्थं हि छद्मजाड्यमिमे श्रिताः । इति ब्रुवन्तः केचित्तु तत्परीक्षामकुर्वत ॥ २८
ऐक्षन्त केचिन्नाडीज्ञास्तेषां नाडीः करादिषु । केचिज्ज्वलन्तं निदधुर्वह्निं तेषां पदादिषु ॥ २९
पश्यन्तस्ते मुहुर्नाडीरदृष्ट्वैव चिकित्सकाः । अक्षुब्धत्वं चानलेन वीक्ष्यासन् भृशविस्मिताः ॥ ३०
केचिच्छुरिकया दुष्टास्तेषामङ्गविदारणम् । कृत्वाप्यक्षुब्धतां दृष्ट्वा त्रस्ताः प्रापुः सुविस्मयम् ॥ ३१

---

સમયે તે સર્વે સમાધિસ્થ જનોની કાંતિ સુવર્ણ અને ચંપાના પુષ્પની જેમ ચળકતી હતી.[૨૩-૨૪]

હે રાજન્ ! સમાધિનિષ્ઠ નરનારીઓને આત્મસ્વરૂપમાં પ્રાણવૃત્તિનો નિરોધ થયો હોવાથી કોઇ કોઇ બહાર જોતા હોય તેમ તેની નાસાગ્રવૃત્તિ સ્થિર જણાતી હતી. તો કોઇ કોઇની વૃત્તિ અંતર સન્મુખ થયેલી જણાતી હતી.[૨૫] આવી સમાધિદશા પામેલા જનોને જોઇને કુતૂહલ જોવા આવેલાં સર્વે જનો અતિશય વિસ્મય પામી ગયાં. તેમાં કેટલાક ભગવાનનો મહિમા જાણનારા ભક્તો હતા તે, આ શ્રીનારાયણમુનિનોજ પ્રતાપ છે, એમ જાણવા લાગ્યા.[૨૬] અને કેટલાક પુરવાસી જનોમાં શાસ્ત્રોને જાણનારા બ્રાહ્મણો હતા તે અસદ્ બુદ્ધિવાળા હોવાથી આવા પ્રકારની સમાધિને જોઇને એક પ્રકારનું કપટ છે એમ માનવા લાગ્યા. અને આતો પોતાના સંપ્રદાયની ખ્યાતિ માટે આ સ્વામિનારાયણીયા કપટથી સમાજને છેતરવા દંભ કરી રહ્યા છે એમ બોલતા હતાં. કેટલાક કુમતિજનો સમાધિમાં ગયેલા જનોની પરીક્ષા કરવા લાગ્યા.[૨૭-૨૮]

**લોકો દ્વારા સમાધિદશાની પરીક્ષા :–** તેમાંથી કેટલાક નાડી પારખું વૈદ્યો હતા તે સમાધિમાં ગયેલાના હાથની નાડી પારખી પરીક્ષા કરવા લાગ્યા. કેટલાક સમાધિવાળાના પગ વગેરે અંગો ઉપર બળતો અગ્નિ નાખવા લાગ્યા.[૨૯] વૈદ્યો વારંવાર નાડી તપાસે અને અન્ય જનો શરીર ઉપર બળતો અગ્નિ મૂકે, છતાં નાડી હાથમાં ન આવતાં વૈદ્યો અને અગ્નિ મુકનારાઓ અતિશય વિસ્મય પામી ગયા.[૩૦] હે રાજન્ ! બીજા કેટલાક દુષ્ટજનો હતા તે સમાધિમાં ગયેલા જનોનાં અંગને છરી આદિક શસ્ત્રો વડે કાપતા હોવા છતાં તેમને કોઇ ક્ષોભ નહીં થયેલો

भीताः स्वकर्मणस्तेऽथ पश्यन्तश्च परस्परम् । अपराधिनमात्मानं विदुर्योगेश्वरं च तम् ॥ ३२
नारायणमुनिं प्रष्टुं स्वाभिप्रायं ततश्च ते । प्रैरयंस्तत्पुरःसंस्थं नथ्थुभट्टं द्विजं द्विजाः ॥ ३३
सोऽपि तद्भावमाज्ञाय नत्वा नारायणं प्रभुम् । ऊचे बद्धाञ्जलिपुटः कुर्वन् निःसंशयान् द्विजान् ॥ ३४
भगवन् ! शास्त्रवेत्तारः पृच्छन्त्येते द्विजातयः । आकस्मिकसमाधीक्षाभृशविस्मितमानसाः ॥ ३५
सन्ति भूमावत्र हरे ! वेदान्तोपनिषद्गणान् । शृण्वन्तः प्रत्यहं तेषां कुर्वन्तो मननानि च ॥ ३६
अष्टाङ्गं साधयन्त्येव केचिद्योगं तथाऽनिशम् । तेषु तेषु न चैकोऽपि समाधिं प्राप्त ईक्ष्यते ॥ ३७
न च तादृक् श्रूयते वा क्वचिद्ग्रामपुरान्तरे । पुरुषो वापि नारी वा कृताभ्यासोऽप्यनेकधा ॥ ३८
अत्र त्वेते हि बहवो हीनजातिभवा अपि । समाधिनिष्ठां परमां प्राप्ता ईक्ष्यन्त ईश्वर ! ॥ ३९
अनभ्यस्ताष्टाङ्गयोगवेदान्तश्रवणादयः । अप्येत द्दर्शनादेव तव प्रापुः परां स्थितिम् ॥ ४०

---

જોઈને મનમાં ભય પામી અતિશય વિસ્મય પામી ગયા.[૩૧] ત્યારે પોતાના આવાં અનૈતિક કૃત્યોથી ભય પામેલા તે દુષ્ટજનો એક બીજા સામે પરસ્પર જોવા લાગ્યા ને મનમાં પોતાને અપરાધી માનવા લાગ્યા. અને ભગવાન શ્રીહરિને સાક્ષાત્ યોગેશ્વર પરમાત્મા માનવા લાગ્યા.[૩૨] પરીક્ષા કરનારા બ્રાહ્મણો પોતાના મનમાં ચાલતો અભિપ્રાય અને શંકાઓને શ્રીનારાયણમુનિને પૂછવા માટે શ્રીહરિની આગળ જ બેઠેલા ભક્ત નથુભટ્ટ વિપ્રને પ્રેરણા કરી.[૩૩] તે ભટ્ટ પણ કુમતિ વિપ્રોનો હૃદયગત અભિપ્રાય જાણી તેમને નિઃસંશય કરવા માટે જ યોગેશ્વર પરમાત્મા ભગવાન શ્રીનારાયણમુનિને પ્રણામ કરી બે હાથ જોડી વિનયથી પૂછવા લાગ્યા કે, હે ભગવાન ! આ શાસ્ત્રવેત્તા સર્વે વિદ્વાન વિપ્રો સમાધિમાં ગયેલા ભક્તજનોને જોઈ મનમાં અત્યંત વિસ્મય પામ્યા છે. તેથી તેઓ મારા મુખે તમને પ્રશ્નો પૂછી કંઈક જાણવા માગેછે.[૩૪-૩૫]

હે શ્રીહરિ ! આ પૃથ્વી ઉપર આજ દિવસ સુધી અનેક પુરુષોએ વેદાંત, ઉપનિષદ્ વિગેરે ગ્રંથોનું નિરંતર શ્રવણ મનન ખૂબ જ કર્યું છે, અને કેટલાક નિરંતર અષ્ટાંગયોગની સાધનાઓ પણ કરે છે.[૩૬] છતાં તે વેદાંતીઓ કે અષ્ટાંગયોગના અભ્યાસીઓની મધ્યે કોઈ એકને પણ સમાધિ પ્રાપ્ત થઈ હોય તેવું જોવામાં આવ્યું નથી. અરે !!! આ સ્ત્રી પુરુષો સમાધિમાં ગયાં છે. તેમ અભ્યાસ કરવા છતાં સમાધિને પામ્યા હોય તેવા કોઈ શ્રીનગરમાં અમોને સાંભળવામાં પણ આવ્યા નથી.[૩૭-૩૮] હે પરમેશ્વર ! આ સભામાં તો આવા અત્યંત હીન જાતિમાં જન્મેલા જનોને પણ સર્વશ્રેષ્ઠ સમાધિદશા પ્રાપ્ત થયેલી જોવામાં આવે છે.[૩૯] આ

समाधौ किं नु पश्यन्ति नरा एते च योषितः । अस्माकं महदाश्चर्यं वर्ततेऽत्र ततो वद ॥ ४१

**सुव्रत उवाच -**

इति तद्वाक्यमाकर्ण्य प्रहस्य भगवांस्तदा । सन्दिग्धचित्तांस्तानूचे पौरान्विप्रान्कृपानिधिः ॥ ४२
कृत्वैतान् जाग्रतो यूयं सर्वान्पृच्छत भो द्विजाः ! । त एव युष्मान्वक्ष्यन्ति समाधौ स्वसमीक्षितम् ॥ ४३
इत्युक्तवन्तं तं प्राहुः शास्त्रिणस्ते जगद्गुरुम् । नैतान्बोधयितुं शक्ता मृतप्रायान्वयं विभो ! ॥ ४४
अस्माभिर्दुष्टभावत्वाद्वह्निशस्त्रादिभिर्ध्रुवम् । पीडिता अपि नैवेते जाग्रतीत्यद्भुतं महत् ॥ ४५
त्वमेवैतांस्ततः सर्वान्कुरु जागरितान् प्रभो ! । ततो वयं तान्प्रक्ष्यामः समाधौ यत्समीक्षितम् ॥ ४६
ततो नारायणमुनिस्तानैक्षत समन्ततः । तावदुत्थाय ते सर्वे तं प्रणम्यावतस्थिरे ॥ ४७
व्युत्थितांस्तानपृच्छंस्ते साश्चर्यं शास्त्रिणो द्विजाः । यूयं पश्यथ किं भक्ताः ! समाधौ ब्रूत तत्तु नः ॥ ४८

---

લોકોએ અષ્ટાંગયોગનો અભ્યાસ કર્યો નથી. વેદાંતાદિ ગ્રંથોનો અભ્યાસ કે શ્રવણ કર્યું નથી છતાં પણ કેવળ આપનાં દર્શનમાત્રથી તેઓને સમાધિ પ્રાપ્ત થયેલી જણાય છે.[૪૦] સર્વે નરનારીઓ સમાધિમાં શું જોતા હશે ? આ બાબતનું અમને મોટું આશ્ચર્ય થાય છે. તેથી તેમના અનુભવો વિષેની વાત અમને જણાવો.[૪૧]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! કૃપાનિધિ શ્રીહરિ નથુ ભટ્ટનું વચન સાંભળી મંદ મંદ હસવા લાગ્યા અને સંશયગ્રસ્ત તે પુરવાસી વિદ્વાન વિપ્રો પ્રત્યે કહેવા લાગ્યા કે, હે વિદ્વાન વિપ્રો ! તમેજ સમાધિમાં ગયેલા જનોને જગાડીને પૂછી જુઓ કે તેઓએ સમાધિમાં શું જોયું ? અને શું શું અનુભવ્યું ? તે તમને કહેશે.[૪૨-૪૩] હે રાજન્ ! આપ્રમાણે શ્રીહરિનાં વચનો સાંભળી શાસ્ત્રવેત્તા વિદ્વાન બ્રાહ્મણો શ્રીજગદીશને કહેવા લાગ્યા કે, હે વિભુ ! મૃતપ્રાય થઇ ગયેલા આ જનોને અમે જગાડવા સમર્થ નથી. અમે અમારા દુષ્ટ સ્વભાવને વશ થઇ તેઓનાં અંગને અગ્નિથી બાળ્યાં તથા છરી આદિક શસ્ત્રોથી છેદ્યાં, આવી ઘણી પીડાઓ આપી છતાં તે સમાધિમાંથી જાગ્રત થયા નહિ. તેથી અમોને અતિશય આશ્ચર્ય થયું તેથી તમોને પૂછવા આવ્યા છીએ.[૪૪-૪૫]

હે પ્રભુ ! તમે જ તેઓને સમાધીમાંથી જાગ્રત કરો. પછી અમે તેઓને અમારા અનુભવ પ્રમાણે પૂછીશું.[૪૬] હે રાજન્ ! આ પ્રકારનાં વિદ્વાન વિપ્રોનાં વચનો સાંભળી ભગવાન શ્રીનારાયણમુનિએ સમાધિમાં ગયેલા જનો ઉપર પોતાની કૃપા દૃષ્ટિ કરી. તેથી સર્વે જનો સમાધિમાંથી જાગ્રત થયા. ઊભા થઇ શ્રીહરિને પ્રણામ કરી ફરી સભામાં બેઠા.[૪૭] તે સમયે તે સર્વેને શાસ્ત્રવેત્તા વિપ્રો આશ્ચર્યપૂર્વક

समाधौ वीक्षितो यस्तु तस्यैव स्वामिनोऽथ ते । आज्ञां गृहीत्वा विप्रांस्तानूचुः सर्वे पृथक्पृथक् ॥ ४९
केचिदाहुश्चिदाकाशे प्राकृतात्तमसः परे । राधालक्ष्मीयुतः साक्षादृष्टो ब्रह्मपुरे ह्ययम् ॥ ५०
अयुतार्कमहःपुञ्जे श्वेतद्वीपेऽमुमीश्वरम् । युक्तं मुक्तैर्निरन्नाख्यैर्वासुदेवमचक्ष्महि ॥ ५१
इत्यूचुः केचन जनाः केचित्तांश्चैवमूचिरे । अनेकभूतिसञ्जुष्टे गोलोके राधिकेश्वरः ॥ ५२
कृष्णमूर्तिरसावेव रासमण्डलभूषणम् । नारायणमुनिर्दृष्टो गोपगोपीनिषेवितः ॥ ५३
केचिदूचुर्महालक्ष्म्या विष्वक्सेनादिभिः सह । महावैकुण्ठलोकेऽयं दृष्टोऽस्माभिर्हरिः स्वयम् ॥ ५४
केचिदाहुर्वयं त्वेनं सलक्ष्मीकमचक्ष्महि । विष्णुं वैकुण्ठलोके वै सेवितं पार्षदोत्तमैः ॥ ५५
क्षीराब्धौ शेषपर्यङ्के श्रीसेवितपदाम्बुजम् । योगस्वामिनमेवैनमद्राक्ष्मेत्यूचिरेऽपरे ॥ ५६
नरनारायणं ह्येनं वयं तु बदरीवने । अचक्ष्महि तपस्यन्तमित्यूचुः केचन द्विजान् ॥ ५७

---

પૂછવા લાગ્યા કે, હે ભક્તજનો ! તમે સમાધિમાં જે કાંઈ પણ જોયું હોય તે અમને કહી સંભળાવો.[૪૮]

**સમાધિમાંથી જાગ્રતજનો દ્વારા શ્રીહરિનું ઐશ્વર્યવર્ણન :–** હે રાજન્ ! વિદ્વાન વિપ્રોનું વચન સાંભળી સમાધિમાંથી જાગ્રત થયેલા જનોએ ભગવાન શ્રીહરિની અનુમતિ લઈ પોતે સમાધિમાં જે કાંઈ અનુભવ્યું હતું તે સર્વે વૃત્તાંત સૌ પૃથક્ પૃથક્ બ્રાહ્મણોને કહેવા લાગ્યા કે, પ્રાકૃત માયાના ગાઢ અંધકારથી પર ચિદાકાશ બ્રહ્મપુર ધામને વિષે આ નારાયણમુનિનાં અમે રાધા અને લક્ષ્મીએ સહિત દિવ્ય દર્શન કર્યાં.[૪૯-૫૦] વળી કેટલાક જનો કહેતા હતા કે, એક સાથે ઉદય પામેલા દશહજાર સૂર્યના તેજપૂંજની સમાન અતિશય પ્રકાશમાન શ્વેતદ્વિપધામને વિષે પરમેશ્વર એવા આ નારાયણમુનિને શ્વેતમુક્તોની સાથે વિરાજતા શ્રીવાસુદેવ સ્વરૂપે અમે જોયા.[૫૧] હે રાજન્ ! વળી કેટલાક જનો એમ કહેતા હતા કે, અનંત પ્રકારનાં ઐશ્વર્ય સંપત્તિથી યુક્ત ગોલોકધામને વિષે આ નારાયણ ભગવાનને ગોપગોપીઓથી સેવાયેલા રાસમંડળના આભૂષણરૂપ રાધિકેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ સ્વરૂપે અમે જોયા.[૫૨-૫૩] કેટલાક કહે, મહાવૈકુંઠ લોકને વિષે આ નારાયણમુનિનાં મહાલક્ષ્મીદેવી, વિષ્વક્સેન આદિ પાર્ષદોથી યુક્ત સ્વયં શ્રીહરિનાં અમે ભૂમાપુરુષરૂપે દર્શન કર્યાં.[૫૪] વળી કોઈ કહે અમે આ નારાયણમુનિનાં વૈકુંઠલોકને વિષે લક્ષ્મીએ સહિત નંદ, સુનંદ આદિ પાર્ષદોથી સેવાયેલા વિષ્ણુસ્વરૂપે દર્શન કર્યાં.[૫૫] કોઈ કહે સમાધિમાં અમો ક્ષીરસાગરને વિષે શેષશય્યાપર બિરાજમાન અને લક્ષ્મીદેવી જેમનાં ચરણની નિરંતર સેવા કરી રહ્યાં છે એવા

हिरण्यवर्णं पुरुषं वयं तु रविमण्डले । नारायणमुनिं ह्येनमपश्याम महाद्युतिम् ॥ ५८
इत्यूचिरे केऽपि विप्रान्केचित्प्राहुर्वयं त्वमुम् । अद्राक्ष्म यज्ञपुरुषं दीप्यमानेऽग्निमण्डले ॥ ५९
एवं ये ये यं यमापुर्लोकं ते ते तदाश्रयम् । ऐश्वर्यं वैभवं चापि प्राहुस्तेभ्यः सविस्तरम् ॥ ६०
तदा ते शास्त्रवेत्तारस्तथा पौराणिकादयः । यथाशास्त्रं वचस्तेषां श्रुत्वाऽऽपुर्विस्मयं परम् ॥ ६१
तेऽदृष्टाश्रुतशास्त्राणां बालानां योषितामपि । यथावत्तद्वचः श्रुत्वा चिन्तयामासुरात्मनि ॥ ६२
अनधीतपुराणाद्या एते प्राहुर्यथातथम् । तस्मात्समाधिरेतेषां सत्य एव न संशयः ॥ ६३
अहो ईदृक्समाधिर्वै सद्यो यद्दर्शनाद्भवेत् । तस्मादन्यः प्रभुः कोऽपि नास्त्येवेति सुनिश्चितम् ॥ ६४
य एतेषामनायासान्नाडीः प्राणांश्च कर्षति । स चेदखिललोकस्य कर्षेत्तन्नेति को वदेत् ॥ ६५

યોગેશ્વર સ્વરૂપે અમે આ સાક્ષાત્ નારાયણમુનિનાં દર્શન કર્યાં.[૫૬] વળી કેટલાક મનુષ્યો વિદ્વાન બ્રાહ્મણોને કહેતા હતા કે અમે આ નારાયણમુનિનાં બદરિકાશ્રમને વિષે તપશ્ચર્યા કરી રહેલા ભગવાન શ્રીનરનારાયણ સ્વરૂપે પ્રગટ દર્શન કર્યાં.[૫૭] વળી કોઇ કહેતા કે અમે આ નારાયણને સૂર્યમંડળના મધ્યે વિરાજમાન મહાતેજોમય મૂર્તિ એવા હિરણ્યમય પુરુષ સ્વરૂપે પ્રત્યક્ષ જોયા.[૫૮] વળી કોઇ વિદ્વાનો પ્રત્યે કહેતા હતા કે, અમે આ નારાયણમુનિને દેદીપ્યમાન અગ્નિમંડળને વિષે યજ્ઞનારાયણ સ્વરૂપે પ્રત્યક્ષ જોયા.[૫૯]

**વિદ્વાનોએ સમાધિ સાચી માની :–** હે રાજન્ ! આ પ્રમાણે સમાધિમાં ગયેલા જનો જે જે લોકમાં ગયા હતા તે તે લોકમાં રહેલાં અણિમાદિક અનંત પ્રકારનાં ઐશ્વર્યો તથા અનંત પ્રકારના દિવ્ય વૈભવોનું દર્શન કર્યું હતું, તેનું વિસ્તારપૂર્વક વર્ણન કરતા હતા.[૬૦] તે સમયે શાસ્ત્રવેત્તા વિદ્વાન વિપ્રો તથા પુરાણોના જ્ઞાતા વિપ્રો શાસ્ત્રને નહિ ભણેલા એવા સમાધિમાં ગયેલા મનુષ્યોના મુખેથી શાસ્ત્રમાં કહેલા બ્રહ્મપુર આદિક ધામોનું યથાર્થ વચન સાંભળી પરમ વિસ્મય પામી ગયા.[૬૧] વળી શાસ્ત્રને નહિ ભણેલા અને નહિ સાંભળેલા બાળકો તથા સ્ત્રીઓ પણ સમાધિમાંથી જાગ્યા પછી તેમના મુખેથી શાસ્ત્રોક્ત વર્ણન થતું સાંભળી વિદ્વાન વિપ્રો પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે, પુરાણાદિ શાસ્ત્રો નહિ ભણવા અને નહિ સાંભળવા છતાં શાસ્ત્રોક્ત યથાર્થ વર્ણન કરે છે તેથી તેઓની સમાધિ સાચી છે, એમાં હવે કોઇ સંશય નથી.[૬૨-૬૩] જેમનાં દર્શન કે દૃષ્ટિ માત્રથી આવા પ્રકારની આશ્ચર્યકારી સદ્યસમાધિ પ્રાપ્ત થઇ જાય તેમનાથી બીજો સાક્ષાત્ પરમેશ્વર કોણ હોઇ શકે ? આજ સાક્ષાત્ પરમેશ્વર છે. એ નક્કી છે.[૬૪] જે પ્રયત્ન વિના આ

अयमेव ततः साक्षादीश्वरो नात्र संशयः । अस्याश्रयेण कल्याणं भवेदेव न चान्यतः ॥ ६६
इति निश्चित्य ते सर्वे तं प्रणम्य महाप्रभुम् । तदाश्रयं चिकीर्षन्तः स्वानि कर्माणि सस्मरुः ॥ ६७
जनानां वञ्चनार्थं हि यद्यत्कर्म पुराकृतम् । स्वेनैव दम्भभक्त्यादि तत्तत्स्मृत्वाऽनुतेपिरे ॥ ६८
धर्माभासेन पापानि यानि यान्यभवन् स्वतः । तानि तानि च संस्मृत्य बभूवुः साश्रुलोचनाः ॥ ६९
कामक्रोधमदेर्ष्याभिर्यद्यत्पापं च लोभतः । कृतं तत्तच्च संस्मृत्य मूर्च्छिता इव तेऽभवन् ॥ ७०
इत्थमत्यनुतापाग्निदह्यमानाघसञ्चयाः । हरिदर्शनमाहात्म्याद्बभूवुः शुद्धचेतसः ॥ ७१
ईश्वरं तं च विज्ञाय तस्मिन्स्वीयं मनः स्वतः । ते न शक्ता धारयितुं तमेव शरणं ययुः ॥ ७२
साष्टाङ्गं तं प्रणम्याथ बद्धाञ्जलिपुटा द्विजाः । ऊचुस्तव स्मो भो स्वामिन् ! पाहि नो घोरसंसृतेः ॥ ७३

---

સમાધિવાળા જનોના નાડીપ્રાણનું આકર્ષણ કરી શકે, તે અખિલ વિશ્વજન સમુદાયનાં નાડીપ્રાણનું આકર્ષણ ન કરી શકે એમ કોણ કહેશે ? કરી જ શકે છે.[૬૫] માટે આ નારાયણમુનિ છે તેજ સાક્ષાત્ પ્રત્યક્ષ પરમેશ્વર છે. તેમાં કોઈ સંશય રહ્યો નથી. આ સાક્ષાત્ પરમેશ્વર શ્રીહરિનો આશ્રય કરવાથી જ આપણું આત્યંતિક કલ્યાણ થશે. પરંતુ બીજાં સાધનોથી નહિ, એ નક્કી માનો.[૬૬]

હે રાજન્ ! આ પ્રમાણે બરાબર નક્કી કરીને સર્વે વિદ્વાન વિપ્રો મહાપ્રભુ ભગવાન શ્રીહરિને નમસ્કાર કરી તેમનું શરણ સ્વીકારવાની ઈચ્છાથી પોતાનાં પૂર્વે કરેલાં દુષ્કર્મોનો વિચાર કરવા લાગ્યા.[૬૭] પૂર્વે ધન પ્રાપ્તિના હેતુથી લોકોને છેતરવા માટે દંભે યુક્ત ભક્તિનું આચરણ કરવા પૂર્વક જે જે દુષ્કર્મો કર્યાં હતાં તે સર્વેનું મનમાં સ્મરણ કરી વિદ્વાનો પશ્ચાતાપ કરવા લાગ્યા.[૬૮] માત્ર ધર્માભાસથી જે જે પાપકર્મો કર્યાં હતાં તે સર્વેનું સ્મરણ થઈ આવતાં બ્રાહ્મણોનાં આખમાં આંસુઓ આવ્યાં.[૬૯] કામે કરી પરસ્ત્રીના સંગ કર્યા હતા, ક્રોધથી નિર્દોષોને તાડન કર્યું હતું, ગર્વથી સત્પુરુષોની અવગણના કરી હતી, ઈર્ષ્યાથી સ્વજનોનો પણ દ્રોહ કર્યો હતો, અને લોભને કારણે જે કંજૂસાઈ તથા હલકાઈ કરી હતી તે સર્વે પાપોનું અંતરમાં સ્મરણ થઈ આવવાથી મૂર્છિત જેવા જઈ ગયા.[૭૦]

હે રાજન્ ! આ પ્રમાણે વિદ્વાન વિપ્રોએ બહુજ અનુતાપ કર્યો તે અગ્નિથી તેમનાં પાપના સઘળા પુંજ બળીને ભસ્મીભૂત થયા, અને ભગવાન શ્રીહરિનાં દર્શન તથા માહાત્મ્યથી તેમનાં અંતર અતિશય નિર્મળ થયાં.[૭૧] તેથી વિદ્વાનો શ્રીહરિને સાક્ષાત્ પરમેશ્વર જાણી પોતાના મનને શ્રીહરિને વિષે ધારવા ખૂબજ પ્રયત્ન કર્યો, છતાં સફળ થયા નહિ, ત્યારે શ્રીનારાયણમુનિને શરણે ગયા.[૭૨]

इत्युक्त्वा ते तमानर्चुर्नूत्नवासोविभूषणैः । चन्दनाक्षतपुष्पस्रग्धूपदीपादिभिर्द्विजाः ॥ ७४
नीराजनं विदधतो घनसारेण तस्य च । तालिका वादयन्तश्च जगुरित्थं त उच्चकैः ॥ ७५
जय देव ! २ जय मङ्गलमूर्ते ! २ नारायण ! पुरुषोत्तम ! २ कृतनिजसुखपूर्ते ! । ध्रुवपदम् -
प्राकृततमसः पारे महसि प्रथमाने २ श्रीराधासहितस्त्वं २ ब्रह्मपुरेऽमाने ।
श्वेतद्वीप उदारेऽयुतरविरुचि युक्तै २ रमृते धामनि नूतो २ निवससि सितमुक्तैः जय० ॥ ७६
वैकुण्ठेऽपि रमाया रुचयेऽतिविशाले २ रचिते स्वेन च विष्णु २ र्वससि त्वमकाले ।
चातुर्मास्य उदारे मृदुतरतनुशेषे २ क्षीराब्धावपि लक्ष्म्या २ सेवितपच्छेषे ॥ जय० ॥ ७७

---

તેમનાં ચરણમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી બે હાથ જોડી વિદ્વાનો કહેવા લાગ્યા કે, હે સ્વામિન્ ! અમે સર્વે આજથી તમારા છીએ, અમારા સૌનું જન્મમરણરૂપ ઘોર સંસૃતિથી રક્ષણ કરો.[૭૩] આ પ્રમાણે કહી તે સર્વે વિદ્વાન બ્રાહ્મણો નવીન વસ્ત્રો, કડાં આદિ આભૂષણો, ચંદન, ચોખા, પુષ્પના હાર, ધૂપ અને દીપ આદિ અનંત પદાર્થોથી ભગવાન શ્રીનારાયણમુનિનું આદર સાથે પૂજન કર્યું. અને કપૂરથી આરતી ઉતારતાની સાથે તાલિકાનો ધ્વનિ કરતા ઉચ્ચે સ્વરે આરતીનું પદ ગાવા લાગ્યા.[૭૪-૭૫]

**આરતીપદ** :- હે દેવ ! તમારો જય થાઓ જય થાઓ, હે મંગલમૂર્તિ ! આપનો સર્વત્ર હમેશાં વિજય થાઓ, વિજય થાઓ, હે નારાયણ ! હે પુરુષોત્તમ ! હે પોતાના ભક્તજનોની ઈચ્છા પૂરી કરનારા ! આપનો વિજય સર્વત્ર સદાય થતો રહે, આપ પ્રકૃતિરૂપ મૂળ માયાના ગાઢ અંધકારથી પર, દેશકાળના પરિણામે રહિત, અતિશય વિસ્તરેલા મહાતેજોમય બ્રહ્મપુર ધામને વિષે રાધા અને રમાએ સહિત સદાય નિવાસ કરીને રહો છો. તેમજ મહાશ્વેતદ્વિપ રૂપ અને દશહજાર સૂર્યના તેજની સમાન અતિશય પ્રકાશિત એવા અમૃતધામને વિષે શ્વેતમુક્તો દ્વારા સદાય સ્તુતિ કરાતા આપ ત્યાં સદાય વિરાજમાન છો. એવા હે દેવ ! આપનો જય થાઓ જય થાઓ.[૭૬]

વળી હે દેવ ! લક્ષ્મીજીની રુચિને પોષવા આપે રચેલા અતિશય વિશાળ તથા કાળમાયાના ભયે રહિત વૈકુંઠ નામના ધામને વિષે લક્ષ્મીજીની સાથે વિષ્ણુસ્વરૂપે આપ સદાય નિવાસ કરીને રહો છો. તેમજ ચાતુર્માસના સમયમાં આપ ક્ષીરસાગરને વિષે અતિશય વિશાળ અને કોમળ શેષશય્યાને વિષે યોગેશ્વર સ્વરૂપે શયન કરી યોગનિદ્રાનો સ્વીકાર કરો છો. ત્યારે લક્ષ્મીજી આપનાં ચરણની ચંપી કરતાં હોય છે. એવા હે દેવ ! આપનો સદાય જય થાઓ જય થાઓ.[૭૭] વળી

त्वं च हिरण्मयरूपो रविमण्डलवर्ती २ नानायज्ञपतिस्त्वं २ ज्वलनत्रयवर्ती ।
नरनारायणरूपो बदरीवनधामा २ सुखयसि तपसा लोकान् २ अघचयहरनामा ॥ जय० ॥ ७८
गोलोकाधिपतिस्त्वं कृष्णः कलिहर्ता २ राधासङ्गविहारी २ मुरलीरवकर्ता ।
वैकुण्ठे महति त्वं हरिरसि सुखदाता २ रमया चापि महत्या २ सहितोऽखिलपाता ॥ जय० । ७९
योगेश्वर ! सकलात्मा श्रितजनभयहारी २ त्वमसि प्राणभृतां वै २ निःश्रेयसकारी ।
तव चरणाम्बुजमेकं शरणं नः सत्यं २ मोचय मायिकबन्धात् २ दूरय दौर्मत्यम् ॥ जय० ॥ ८०
कृत्वा नीराजनं सर्वे मन्त्रपुष्पाञ्जलिं ददुः । प्रणम्य प्रार्थयामासुः पाह्यस्मान् संसृतेरिति ॥ ८१
अथ प्रसन्नो भगवांस्तानाश्वास्य सतांपतिः । अभयं प्रददौ तेभ्यस्ते चाऽऽसन् स्वस्थचेतसः ॥ ८२

હે દેવ ! સૂર્યમંડળના તેજના મધ્યે હિરણ્યમય પુરુષરુપે આપ જ બિરાજો છો. તેવીજ રીતે પ્રકાશિત દક્ષિણાગ્નિ, આહવાનિયાગ્નિ અને ગાર્હપત્યાગ્નિ આ તેત્રાગ્નિના મધ્ય ભાગને વિશે અનેક પ્રકારના યજ્ઞોના પતિ એવા યજ્ઞનારાયણ સ્વરૂપે પણ તમે જ વિરાજો છો. તેમજ બદ્રિકાશ્રમ ધામને વિષે વિરાજમાન અને પાપના પૂંજને બાળીનાખનારું નામ ધારણ કરનારા તથા તપ કરી ભરતખંડના નિવાસી પોતાના ભક્તજનોને અતિશય સુખઆપનારા એવા શ્રીનરનારાયણ સ્વરૂપે પણ તમેજ વિરાજો છો. એવા હે દેવ ! આપનો સદાય જય થાઓ જય થાઓ.[૭૮] હે દેવ ! પોતાના ભક્તજનોના અંતરમાંથી કામ ક્રોધાદિ કલિયુગના દોષોનું તમે નિવારણ કરો છો. રાધાના સંગે વિહાર કરનારા, મુરલીનો સુંદર નાદ કરતા, ગોલોકાધિપતિ સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ પણ તમે જ છો. તેમજ મહાવૈકુંઠ નામના અવ્યાકૃત ધામને વિષે પોતાના ભક્તજનોને સુખ આપનારા અને અખિલ વિશ્વનું રક્ષણ કરનારા તથા મહાલક્ષ્મીએ સહિત ભૂમાપુરુષ સ્વરૂપે પણ આપજ વિરાજો છો. એવા હે દેવ ! આપનો સદાય જય થાઓ જય થાઓ.[૭૯]

હે યોગેશ્વર ! સકલ જીવપ્રાણીમાત્રના અંતર્યામી આત્મા સ્વરૂપે એક તમે જ વિરાજો છો. અને પોતાને શરણે આવનારા જનોનું કાળમાયાદિકના ભયને હરનારા તથા પ્રાણધારી જનોને આત્યંતિક કલ્યાણનું પ્રદાન કરનારા પણ એક તમેજ છો. તેથી હે હરિ ! એક તમારા ચરણકમળનો જ અમે પાકો આશ્રય કરીએ છીએ, તમો અમને માયાના બંધનમાંથી મુક્ત કરો અને અમારી દુર્મતિને દૂર કરો. એવા હે દેવ ! આપનો સદાય જય થાઓ જય થાઓ.[૮૦]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રમાણે વિદ્વાન વિપ્રોએ આરતીનું ગાન કરતાં કરતાં ભગવાન શ્રીહરિની આરતી કરી મંત્ર પુષ્પાંજલિ

तेऽथाज्ञया भगवतस्तत्रोपविविशुर्द्विजाः । प्रसन्ना निजमात्मानं धन्यमेव च मेनिरे ॥ ८३
तानाह च हरिर्यूयमद्यप्रभृति भो द्विजाः ! । सर्वे मदीया भवथ त्रासः कार्यो न संसृतेः ॥ ८४
दैवं पित्र्यं च धर्मं स्वं कुर्वन्तः कृष्णमादरात् । दृढभक्त्या सदोपाध्वमन्ते तद्धाम लप्स्यथ ॥ ८५

**सुव्रत उवाच -**

एवमुक्ता भगवता ते द्विजाः शास्त्रवेदिनः । तमेव कृष्णं जानन्तो विनयेनेदमब्रुवन् ॥ ८६

**ब्राह्मणा ऊचुः -**

नारायण ! हरे ! स्वामिन्मुमुक्षुपरमाश्रय ! । नृदेहलब्धिसाफल्यमद्यैव वयमाप्नुमः ॥ ८७
वेदैः शास्त्रैः पुराणैश्च य ईश्वर इतीर्यते । स एव त्वमसीत्यद्य जातोऽस्मद्धृदि निश्चयः ॥ ८८
कृतकृत्या वयं जाता विमुक्ताः कर्मपाशतः । शास्त्राण्यविद्म सर्वाणि त्वत्पराणीति चाधुना ॥ ८९

---

**અર્પણ કરી. પછી ફરી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે, હે ભગવાન શ્રીહરિ ! અમારું સંસૃતિ થકી રક્ષણ કરજો.[૮૧] તેમની પ્રાર્થનાના શબ્દો સાંભળી સંતોના પતિ ભગવાન શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા અને વિદ્વાન વિપ્રોને આશ્વાસન આપી અભયવરદાન આપ્યું, તેથી ભૂદેવો અંતરમાં સુખનો અનુભવ કરવા લાગ્યા.[૮૨] પછી ભગવાન શ્રીહરિની આજ્ઞાથી સર્વે વિદ્વાનવિપ્રો સભામાં બેઠા. અને પોતાની જાતને અને જીવનને ધન્ય માનવા લાગ્યા.[૮૩]**

**શ્રીહરિ વિદ્વાન બ્રાહ્મણો પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભૂદેવો ! આજ દિવસથી આરંભી તમે સૌ અમારા થયા તેથી તમારે કોઈએ હવેથી જન્મમરણરૂપ સંસૃતિના ત્રાસનો ભય રાખવો નહિ.[૮૪] માત્ર પોતપોતાના ધર્મમાં રહીને તમે દેવસંબંધી અને પિતૃસંબંધી કર્મનું અનુષ્ઠાન કરતાં કરતાં ભગવાન શ્રીકૃષ્ણની અતિ આદરપૂર્વક ગાઢ પ્રેમથી ઉપાસના કરતા રહેજો. દેહના અંતે ગોલોક ધામને પામશો.[૮૫]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું તેને સાંભળી સર્વે શાસ્ત્રવેત્તા વિપ્રો શ્રીહરિને જ સાક્ષાત્ શ્રીકૃષ્ણ પરમાત્મા પુરુષોત્તમ જાણી વિનયથી કહેવા લાગ્યા કે, હે નારાયણ ! હે હરિ ! હે સ્વામિન્ ! હે મુમુક્ષુજનોના એક પરમ આશ્રયરૂપ ! આજે અમને અમારા મનુષ્ય જન્મની સફળતા પ્રાપ્ત થઈ છે.[૮૬-૮૭] વેદ, શાસ્ત્રો અને પુરાણોને વિષે જે સર્વનિયંતા પરમેશ્વરનું વર્ણન આવે છે તે જ પરમેશ્વર અત્યારે અહીં પ્રત્યક્ષ સ્વરૂપે તમે જ વિરાજો છો. આવો નિઃસંશય નિશ્ચય અમને અમારા અંતરમાં થયો છે.[૮૮]**

**હે ભગવાન ! અમે હવે કર્મબંધનમાંથી મુક્ત થયા તેથી આજથી અત્યંત**

श्वेतद्वीपे च वैकुण्ठे गोलोके ब्रह्मपत्तने । महावैकुण्ठलोके च बदर्यां क्षीरसागरे ॥ ९०
मण्डले वीतिहोत्रस्य भास्करस्य च मण्डले । भिन्नं भिन्नं पुराऽविद्म वयमीश्वरमीश्वर ! ॥ ९१
सत्योऽसौ नैव सत्योऽसाविति वादोऽपि भूरिशः । विद्वद्भिः पुरुषैः साकं कृतोऽस्माभिश्च तत्कृते ॥ ९२
अधुना तु वयं स्वामिन्सर्वकारणकारणम् । समाधिनिष्ठवचनैर्विद्म त्वामेकमेव हि ॥ ९३
स्वामिनारायण ! विभो ! करिष्यामो वयं सदा । तवैव कृष्णसंज्ञस्य भक्तिं नवविधामपि ॥ ९४
दैवं पित्र्यं च यत्कर्मानुष्ठेयं भवतोदितम् । पृच्छामोऽत्र तु किञ्चित्त्वां श्रोतुमर्हसि तत्प्रभो ! ॥ ९५
त्वदाश्रितानामस्माकं कृतार्थत्वादतः परम् । दैवेन वापि पित्र्येण किंनु स्यात्कर्मणा फलम् ॥ ९६
तस्माद्विहातुमिच्छामः कर्मक्लेशं वयं विभो ! । स्वर्गादिस्तुच्छलोकस्य नास्त्येवेच्छाऽस्मदन्तरे ॥ ९७
तद्युक्तं वा न युक्तं वा पृच्छामस्त्वमिति प्रभो ! । यथावदुत्तरं तस्य वक्तुमर्हत्यतो भवान् ॥ ९८

---

કૃતાર્થ થયા છીએ. સર્વે શાસ્ત્રો સર્વ થકી પર પુરુષોત્તમપણે જે વર્ણન કરે છે તે તમને જ વર્ણવે છે. એવો અમે આજથી નિશ્ચે કર્યો છે.[૮૯] શ્વેતદ્વિપ, વૈકુંઠ, ગોલોક, બ્રહ્મપુર, મહાવૈકુંઠલોક, બદરિકાશ્રમ, ક્ષીરસાગર, અગ્નિ અને સૂર્યમંડળમાં વિરાજમાન ઈશ્વરના સ્વરૂપોને અમે તમારો નિશ્ચય નહોતો થયો ત્યારે જુદા જુદા માનતા હતા.[૯૦-૯૧] અને અમુક ધામના ઈશ્વર સત્ય છે અને અમુક ધામના ઈશ્વર સત્ય નથી. આવા બહુ પ્રકારના વાદવિવાદો અમે વિદ્વાન પંડિતો સાથે કર્યા છે.[૯૨] પરંતુ અત્યારે આ સમાધિમાં જઈ જોઈ આવેલા જનોના વચનો સાંભળી, તમને જ એક સર્વ સ્વરૂપોને ધારણ કરનારા સર્વકારણના કારણ એક પરમેશ્વર છો, એમ અમે જાણીએ છીએ.[૯૩]

હે સ્વામિનારાયણ ! હે વિભુ ! અમે આજથી તમે જે શ્રીકૃષ્ણની ભક્તિ કરવા કહ્યું તે શ્રીકૃષ્ણ નામધારી આપનીજ નવ પ્રકારની ભક્તિ કરીશું.[૯૪] વળી હે પ્રભુ ! તમે દેવસંબંધી અને પિતૃસંબંધી કર્મ કરવાનું જે કહ્યું તેના વિષયમાં જરા અમને પૂછવાનું છે તે તમે સાંભળો.[૯૫] આજથી અમે આપનાં ચરણકમળના અનન્ય આશ્રયથી કૃતાર્થ થયા છીએ, તેથી દેવસંબંધી અને પિતૃસંબંધી કર્મ કરવાનું શું પ્રયોજન છે ?[૯૬] કારણ કે, હે વિભુ સ્વરૂપ પરમાત્મા ! પ્રયોજન વિનાના તે કર્મકાંડના અનુષ્ઠાનથી ઉત્પન્ન થતા શરીરના વૃથા કલેશને અમે હવે છોડવા માગીએ છીએ. કારણ કે અમારા અંતરમાં સ્વર્ગાદિ લોકનાં નાશવંત અને તુચ્છ સુખની જરા સરખી પણ ઈચ્છા રહી નથી.[૯૭] તેથી હે પ્રભુ ! અમે આ નિરધાર કરેલો કર્મ ત્યાગનો વિચાર યોગ્ય છે કે નહિં ? આ પ્રશ્ન અમો તમને પૂછીએ છીએ. તેનો યથાર્થ ઉત્તર અમને કહો.[૯૮]

**सुव्रत उवाच -**

विद्वद्भिर्ब्राह्मणैरित्थं पृष्टो नारायणो नृप ! । सुप्रसन्नः प्रशंसंस्तान्प्रोवाच श्लक्ष्णया गिरा ॥ ९९

**श्रीनारायणमुनिरुवाच -**

यूयं धन्याः स्थ भो विप्राः ! श्रुतं हि सफलीकृतम् । पुंसां भक्तिविहीनानां किं फलं शास्त्रपेटकैः १००
शास्त्रैर्यद्वेदितव्यं तद्भवद्भिर्विदितं किल । प्राप्तव्यमपि यत्किञ्चित्तत्प्राप्तं हीत्यवैत च ॥ १०१
भवद्भिर्यः स्वधर्मस्य वैदिकस्यापि वाडवाः ! । त्यागः प्रोक्तः स तु मते विद्यते नैव नः किल ॥ १०२
यावद्देहस्मृतिर्नृणां भवेत्तावदतन्द्रितैः । स्वस्वधर्मः पालनीयः सर्वैर्वर्णाश्रमोचितः ॥ १०३
मच्छ्रितो नैव कर्माणि बुद्धिपूर्वं त्यजेत्सुधीः । तान्येवैनं प्रहास्यन्ति समाधिविवशं यतः ॥ १०४
मुक्तैरपि न हेयानि धर्मकर्माणि सर्वथा । कुतो मुमुक्षुभिस्तर्हि तानि हेयानि मूढवत् ॥ १०५

---

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! વિદ્વાન વિપ્રોએ જ્યારે આવો પ્રશ્ન કર્યો ત્યારે શ્રીસ્વામિનારાયણ ભગવાન અતિશય પ્રસન્ન થઈને તેમની પ્રશંસા કરી તેમને મનોહર વાણીથી કહેવા લાગ્યા.[૯૯] શ્રીનારાયણમુનિ કહે છે, હે વિપ્રો ! તમને ધન્ય છે. તમે તમારી ભણેલી વિદ્યાને સફળ કરી છે. કારણ કે ભક્તિ રહિત વિદ્વાન પુરુષોને માટે શાસ્ત્રો કેવળ ભારરૂપ છે. તેથી તેને કાંઈ જ ફળ નથી.[૧૦૦] માટે શાસ્ત્રાધ્યયન કરી જે જાણી લેવું જોઈએ તે તમે આજે જાણ્યું છે. જે કાંઈ પ્રાપ્ત કરવાનું હોય તેની તમને પ્રાપ્તિ થઈ ગઈ છે. એમ તમે નક્કી જાણો.[૧૦૧]

હે વિદ્વાનો ! વેદોક્ત દેવસંબંધી અને પિતૃસંબંધી કર્મરૂપ સ્વધર્મનો ત્યાગ કરવાનું જે તમે કહો છો, તે અમારા સિદ્ધાંતમાં નથી.[૧૦૨] તેથી જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી મારા આશ્રિત ભક્તજનોએ આળસ પ્રમાદનો ત્યાગ કરી વર્ણાશ્રમને ઉચિત પોત પોતાના ધર્મનું યથાર્થ પાલન કરવું અતિ જરૂરી છે.૧૦૩ બુદ્ધિમાન એવા ડાહ્યા મારા આશ્રિતે જાણી જોઈને પોતાના વર્ણાશ્રમના ધર્મરૂપ સ્નાન સંધ્યાદિ વૈદિક નિત્ય કર્મનો ક્યારેય ત્યાગ ન કરવો. પરંતુ સમાધિદશા જેવી પરતંત્ર સ્થિતિ પ્રાપ્ત થશે ત્યારે કર્મ સ્વયં તેનો ત્યાગ કરી દેશે. માટે દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી કર્મ છોડાય જ નહિ.[૧૦૪]

હે વિદ્વાન ભક્તો ! સ્વતંત્રપણે સમાધિમાં જતા હોય તેવી મુક્તસ્થિતિને પામેલા પુરુષો પણ પોતાના ધર્માચરણની ક્રિયા છોડી શકે નહિ, તો પછી મુમુક્ષુ ભક્તજનો મૂઢ માણસની જેમ કર્મનો કેવી રીતે ત્યાગ કરી શકે ?[૧૦૫] જે પુરુષો ભક્તિ અને જ્ઞાનના મહિમાનો ઓથ લઈ બુદ્ધિ પૂર્વક ધર્માચરણનો ત્યાગ કરે છે. તે પુરુષો ભક્તિ અને જ્ઞાન બન્ને થકી નિશ્ચે ભ્રષ્ટ થાય છે. અને અંતે નરકને પામે

ये तु माहात्म्यमालम्ब्य भक्तेर्ज्ञानस्य वा धिया । धर्मं त्यजन्ति ते नूनं ततो भ्रष्टाः पतन्त्यधः ॥ १०६
श्रीवासुदेवमाहात्म्यात्स्कन्दोक्तादस्य विस्तरः । भवद्भिरवगन्तव्यो धियानाकुलयाऽखिलः ॥ १०७

**सुव्रत उवाच –**

इत्युक्तास्ते द्विजास्तेन तथेत्यूचुः प्रणम्य तम् । एवं भगवता तत्र प्रतापः स्वस्य दर्शितः ॥ १०८
प्रत्यहं स सभासंस्थो जनान्सद्धर्ममादिशत् । यूथशोऽनुदिनं लोकस्तस्य चाश्रयमाचरन् ॥ १०९
आनन्दयन्भक्तजनान् धर्मं भक्तिं च पोषयन् । तत्रोवास हरिः राजन्प्रबोधन्युत्सवावधि ॥ ११०
सन्तोष्य सर्वान् पुरभक्तसङ्घांस्तत्र प्रतिष्ठाप्य च धर्मसेतून् ।
धर्माङ्गजो गुर्जरराजधान्याः स निर्ययौ श्रीनगरान्नरेन्द्र ! ॥ १११

इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे श्रीनगरे भगवदतिप्रताप-दर्शनाच्छास्त्रविद्विप्रकृतभगवदाश्रयनिरूपणनामा चतुश्चत्वारिंशोऽध्यायः ॥ ४४

---

છે.[૧૦૬] હે વિપ્રો ! આ સમસ્ત ધર્મનો વિસ્તાર તમારે સ્વ-સ્વ બુદ્ધિથી સ્કંદ પુરાણ અંતર્ગત રહેલા શ્રીવાસુદેવમાહાત્મ્ય થકી અવશ્ય જાણી લેવો.[૧૦૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિનાં આવાં ઉત્તમ વચનો સાંભળીને વિદ્વાન વિપ્રોએ તેમને નમસ્કાર કર્યા ને કહ્યું કે, તમે જેમ કહેશો તેમ જ અમે સર્વે કરીશું, આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ શ્રીનગરમાં સમાધિ પ્રકરણ દ્વારા પોતાના પ્રગટ પ્રતાપનું અલૌકિક દર્શન કરાવ્યું.[૧૦૮] આ રીતે ભગવાન શ્રીહરિ પ્રતિદિન સભામાં પધારતા ભક્તજનોને સદ્ધર્મનો ઉપદેશ કરતા તેથી યૂથે યૂથ મળી હજારો મનુષ્યો દરરોજ શ્રીહરિનો આશ્રય કરી સત્સંગી થતા હતા.[૧૦૯]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ ભક્તજનોને આનંદ ઉપજાવી ભક્તિ ધર્મનું પોષણ કરતા કરતા શ્રીનગર શહેરમાં પ્રબોધિની એકાદશીના ઉત્સવ પર્યંત નિવાસ કરીને રહ્યા.[૧૧૦] હે નરેન્દ્ર ! ધર્મનંદન ભગવાન શ્રીહરિ સર્વે શ્રીનગરનિવાસી ભક્તજનોને સંતોષ પમાડી અને ત્યાં ધર્મમર્યાદાનું સ્થાપન કરી, ગુજરાતની રાજધાની શ્રીનગરથી વિદાય થયા.[૧૧૧]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ભગવાન શ્રીહરિએ શ્રીનગર શહેરને વિષે પોતાનો ભગવાનપણાનો પ્રતાપ જણાવી મોટા મોટા વિદ્વાન વિપ્રોને પોતાનો આશ્રય કરાવ્યાનું નિરૂપણ કર્યું એ નામે ચુમાલીસમો અધ્યાય પૂર્ણ થયો. –૪૪–***

---

अथ पञ्चचत्वारिंशोऽध्यायः - ४५

सुव्रत उवाच -

ततः स भगवानायाज्जयतल्पाभिधं पुरम् । नानातरुगणाकीर्णं जलाशयमनोरमम् ॥ १
प्रत्युद्गतो भक्तजनैराशाजिज्जीवनादिभिः । तत्रत्यैरतिहर्षेण प्राप तच्च नराधिप ! ॥ २
उपकण्ठे तडागस्य तत्र न्यग्रोधमण्डिते । आवासमकरोत्स्वस्य सह मुन्यादिभिर्हरिः ॥ ३
देवरामदयारामावाशारामद्वयं तथा । मयारामोग्रचन्द्राद्यास्तमसेवन्त वाडवाः ॥ ४
आशाजित्काकुजिद्गङ्गादासो जीवनशङ्करौ । मनोहरो राजजिच्चेत्याद्या वैश्याश्च भावुकाः ॥ ५
रल्लयाता तथा रक्षा रामा जवरयादयः । योषाश्च सादरं तस्य परिचर्यामकुर्वत ॥ ६
आतिथ्यं विदधुः सम्यग्भक्ताश्चास्य च पूजनम् । उवास स सुखं तत्र सुखयन्निजसंश्रितान् ॥ ७

## અધ્યાય – ૪૫

### જેતલપુરમાં ભગવાન શ્રીહરિનું આગમન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ઐશ્વર્ય સંપન્ન ભગવાન શ્રીહરિ શ્રીનગરથી નીકળ્યા પછી ખજૂરી, પીપળી, રાયણ, આંબલી, બોરસળી અને આસોપાલવ આદિ અનેકવિધ વૃક્ષોની ઘટાઓથી શોભતા તેમજ સુંદર દેવસરોવર આદિ જળાશયોથી મનોહર જણાતા જેતલપુર નામના નગરમાં પધાર્યા.[૧] હે રાજન્ ! તે સમયે જેતલપુર નિવાસી આશજી, જીવણ, દેવરામ આદિ ભક્તજનો અતિ હર્ષપૂર્વક ભગવાન શ્રીહરિની સન્મુખ ગયા અને તેમની સાથે શ્રીહરિ પુરમાં પધાર્યા.[૨] ત્યાં વિશાળ વટવૃક્ષથી શોભતાં તળાવને કાંઠે ભગવાન શ્રીહરિએ સંતમંડળની સાથે પોતાનો ઉતારો કર્યો.[૩]

ત્યારે દેવરામ, દયારામ, આશારામ, મયારામ, ઉગ્રચંદ્ર તથા બીજા આશારામ આદિ વિપ્રભક્તજનો શ્રીહરિની ખૂબજ સેવા કરવા લાગ્યા.[૪] તેમજ આશજી, કાકુજી, ગંગાદાસ, જીવણ, શંકર, મનોહર અને રાજાજી આદિ અનેક શ્રીહરિને વિષે પ્રેમવાળા વૈશ્ય ભક્તો પણ શ્રીહરિ અને સંતોની ખૂબજ સેવા કરવા લાગ્યા.[૫] તેમજ રળીયાતા, રક્ષા, રમા, જવેરી આદિ સ્ત્રીભક્તજનો પણ ભાવપૂર્વક શ્રીહરિની સેવા કરવા લાગી.[૬] હે રાજન્ ! જેતલપુર નિવાસી સર્વે ભક્તજનોએ ભગવાન શ્રીહરિનો આતિથ્ય સત્કાર કરી ચંદન, પુષ્પ, વસ્ત્રાદિક વડે યથાશાસ્ત્ર પૂજન કર્યું. પછી શ્રીહરિ ત્યાં ભક્તજનોને સુખ આપતા સુખપૂર્વક નિવાસ કરીને

सम्भारेणैव महता तत्र शैवं च वैष्णवम् । यज्ञं नारायणमुनिश्चकार स पृथक्पृथक् ॥ ८
तयोरुत्सवयोः कार्ये नाचिकेतं चकार सः । मुख्यमाशाजितं चापि जीवनं च जनेश्वरः ॥ ९
अश्लीलग्रामवसतिं भक्तं वेणीभयाभिधम् । वैश्यवर्यं च ते सर्वे सेवयाऽतोषयन् हरिम् ॥ १०
विदुषो ब्राह्मणांस्तत्र सभां कृत्वा पुपूज च । तेषामेव हि सन्मानं कारयामास सर्वतः ॥ ११
सहस्रशो द्विजान् सम्यग्भोजयित्वेष्टभोजनैः । दक्षिणाभिश्च वस्त्रैश्च तोषयामास तान्प्रभुः ॥ १२
पुष्पमय्यां वाटिकायां न्यग्रोधेऽथातिविस्तृते । निबद्धायां सुदोलायां भक्तास्तं च न्यषादयन् ॥ १३
मुनयश्च जनाः सर्वे चातुर्वर्ण्यास्तमीश्वरम् । वृत्वाभितो निषेदुश्च योषितोऽपि सहस्रशः ॥ १४
तत्र भक्ताः पुपूजुस्तं चारुकेसरचन्दनैः । कुङ्कुमागुरुकस्तूरीघनसारादिमिश्रितैः ॥ १५
अखण्डैरक्षतैः श्वेतैः पुष्पैर्बहुविधैस्तथा । पुष्पगुच्छैः स्वर्णवर्णैरवतंसैश्च शेखरैः ॥ १६

---

રહ્યા.[૭] હે રાજન્ ! ત્યાં ભગવાન શ્રીનારાયણમુનિએ મોટી સામગ્રી ભેળી કરીને શિવસંબંધી મહારૂદ્રયજ્ઞ અને વિષ્ણુ સંબંધી મહાવિષ્ણુયાગના જુદા જુદા ઉત્સવો ઉજવ્યા.[૮]

હે રાજન્ ! સકલજનોના સ્વામી ભગવાન શ્રીહરિએ બન્ને ઉત્સવોમાં નારદીપુરના નાચિકેતા (નાનાભાઈ) બ્રાહ્મણને તથા આશજીભાઈ, જીવણભાઈ અને અશ્લાલી ગામના વેણીભાઈ નામના શ્રેષ્ઠ વૈશ્ય ભક્તોને કાર્ય પૂર્ણ કરવામાં આગેવાન કર્યા. આ ચારે ભક્તો યજ્ઞની સામગ્રી ભેળી કરવાથી લઈ, યજ્ઞ સમાપ્તિ સુધીની સારી સેવા કરીને શ્રીહરિને રાજી કર્યા.[૯-૧૦] હે રાજન્ ! ભગવાન શ્રીહરિ પણ આવા મોટા યજ્ઞોમાં વિદ્વાન બ્રાહ્મણોની સભા ભરતા અને તેઓનું પૂજન કરી બહુ સન્માન કરતા, તેમજ હજારો ભૂદેવોને ઈચ્છીત મિષ્ટાન્ન ભોજનો જમાડી તૃપ્ત કરતા હતા. વિવિધ પ્રકારની દક્ષિણાઓ અને વસ્ત્રાલંકારો અર્પણ કરી બ્રાહ્મણોને બહુ જ રાજી કર્યા.[૧૧-૧૨]

હે રાજન્ ! એક વખત પુષ્પવાટિકામાં વિશાળ વટવૃક્ષની નીચે બાંધેલા સુંદર હિંડોળામાં ભક્તજનોએ ભગવાન શ્રીહરિને બેસાડી ઝુલાવવા લાગ્યા, તે સમયે શ્રીહરિની ચારેબાજુ ફરતે સંતો અને ચારે વર્ણના હજારો નરનારીઓ મર્યાદા પ્રમાણે બેઠા.[૧૩-૧૪] અને સર્વે ભક્તજનો હિંડોળે ઝૂલતા ભગવાન શ્રીહરિનું કુંકુમ, અગરુ, કસ્તુરી, કપૂર આદિ સુગંધીમાન દ્રવ્યોથી મિશ્ર કરેલા કેસર ચંદનથી પૂજન કર્યું, તથા અખંડિત ધોળા ચોખાઓથી શ્રીહરિને વધાવ્યા. કંઠમાં અનેક વિધ પુષ્પોની માળાઓ ધારણ કરાવી અને હસ્તમાં પુષ્પનો ગુચ્છ અર્પણ કર્યો.

वस्त्रैर्बहुविधैः सूक्ष्मैर्मृदुस्पर्शैर्महाधनैः । हेमरत्नाद्यलङ्कारैर्मुक्ताहारैर्मनोहरैः ॥ १७
उपहारैर्बहुविधैः स्वर्णमुद्रादिभिस्तथा । अभ्यर्च्यारार्त्रिकं कृत्वा भक्त्या ते तं ववन्दिरे ॥ १८
एतस्मिन्नन्तरे कश्चित्क्षुद्रशक्तेरुपासकः । तत्र विप्रः कीचकाख्यः समायाद्धमसंसदि ॥ १९
सुरामदाघूर्णमाननयनैर्यतिवर्णिभिः । युक्तो मौनैः सिद्धवेषैश्चतुर्भिः स्वपुरस्कृतैः ॥ २०
चतुर्भिः सेवकैर्युक्तः सिन्दूरतिलकाङ्कितैः । कार्ष्णायसं च वलयं दधद्बाहौ च मन्त्रितम् ॥ २१
स्त्रीशोणपटखण्डेन बद्धोष्णीषासिपुत्रिकः । मुखनिर्यन्मद्यगन्धिवायुदूषितसज्जनः ॥ २२
कुलस्त्रीपुष्पसंमिश्रकाश्मीरकृतचन्द्रकः । श्रवोनिहितकार्पासः कृतजीरकचर्वणः ॥ २३
मार्जारास्थिचिताभस्मचतुर्मार्गरजोमलैः । लोहमाषादिभिर्युक्तां कण्ठे पोटलिकां दधत् ॥ २४
सतैलसंयतकचश्यामोर्णासूत्रबन्धनः । दधल्लोचनयोः प्रान्ते हनूमत्तैलकज्जलम् ॥ २५

---

અને સોનેરી પુષ્પોના તોરા પાઘમાં ધારણ કરાવ્યા, અને સૂક્ષ્મ તંતુઓથી ગૂંથેલાં સુવાળાં અને મહા અમૂલ્ય વસ્ત્રો શ્રીહરિને ધારણ કરાવ્યાં. રત્નજડિત સુવર્ણના અલંકારો અને મોતીની માળાઓ તેમજ આંગળીઓમાં સુવર્ણની વીંટીઓ શ્રીહરિને ધારણ કરાવી. આવી રીતે બહુપ્રકારના ઉપચારોથી શ્રીહરિનું ભાવથી પૂજન કરી, આરતી ઉતારી વંદન કર્યું.[૧૫-૧૮]

**વામપંથી કિચક–વિપ્રનું સભામાં આગમન :–** હે રાજન્ ! શ્રીહરિએ પૂજાની સમાપ્તિ કરી તે સમયે સત્સંગીની સભામાં શૂદ્રદેવીનો ઉપાસક કોઈ "કીચક" નામનો વિપ્ર આવ્યો.[૧૯] તેમને વીંટળાઈને મૌનધારી બ્રહ્મચારીના વેષવાળા સિદ્ધજેવા જણાતા ચાર સન્યાસી પણ ચાલ્યા આવતા હતા. તેઓ માધવી નામની મદીરાનું પાન કરેલું હોવાથી આંખો ચકળવકળ થતી હતી. ભાલમાં સિંદૂરનું ત્રિપુંડ્ર તિલક ધારણ કર્યું હતું. કીચકે બન્ને હાથમાં કાલિભૈરવના મંત્રોથી મંત્રેલાં લોખંડનાં કડાં ધારણ કર્યાં હતાં.[૨૦-૨૧] સ્ત્રીઓને પહેરવાની લાલ ચૂંદડીના કપડાંનો પટકો મસ્તક ઉપર ફેંટાના આકારે બાંધ્યો હતો. તેમાં છરી ભરાવેલી હતી અને મુખમાંથી મદીરાનો દુર્ગંધ યુક્ત વાયુ નીકળતો હતો. તેથી સંતો હરિભક્તોની સભાના વાતાવરણને દૂષિત કરી રહ્યો હતો.[૨૨] તેમણે અષ્ટ પ્રકારની કુલટા સ્ત્રીઓના માસિક સ્નાવમાં નીકળેલાં રક્તમાં કાશ્મીરી કુંકુમને ભેળવી તેનો ભાલમાં ચાંદલો કર્યો હતો. કાનમાં કપાસનાં પૂમડાં ભરાવ્યાં હતાં. મદીરાના ગંધને રોકવા મોઢામાં જીરુ ચાવતો હતો.[૨૩] બિલાડીનાં અસ્થિ, ચિતાભસ્મ, ચોવાટાની ધૂળ, લોખંડનો ખીલો, અડદ, વિષ્ટા અને ભાંગેલા ઘડાનાં ઠીકરાં વગેરે અપવિત્ર

दधत्सिन्दूरतिलकं कूर्चे शृङ्गाटकाकृति । समन्त्रमाषमुष्टिश्च दुर्गन्धिवसनोऽशुचिः ॥ २६
सतैलसिन्दूररसालिप्तं लौहत्रिशूलकम् । बिभ्रत्कट्यां सपरशुं दुर्मन्त्रितमलाङ्कितम् ॥ २७
भूर्जेऽष्टगन्धलिखितं कालीयन्त्रं समन्त्रकम् । कौशेयपेश्यां च दधत्सुराक्तैरक्षतैः सह ॥ २८
व्यात्तभीषणरक्ताक्षः सिद्धंमन्योऽतिदर्पवान् । दन्दह्यमानसर्वाङ्गः क्रोधमत्सरवह्निना ॥ २९
शाक्तमार्गमहाविघ्नं जेतुं नारायणं मुनिम् । तत्रागत्य सभामध्ये निषसादाकृतानतिः ॥ ३०
तिर्यग्दृष्ट्या सदःसंस्थान् पश्यन्नेव महामुनीन् । साशङ्कमानसोऽपश्यद्भगवन्तं पुनः पुनः ॥ ३१
पाप्मसम्भाषणे दोषं जानन्तो भगवज्जनाः । नाभाषन्त तदा केऽपि तेन साकं सभासदः ॥ ३२
शिष्यास्तस्य तदा प्रोचुरहो ! व्याप्तः कलिर्भुवि । नाद्रियन्ते यतः सिद्धान्साधवोऽपीदृशानिह ॥ ३३

---

વસ્તુઓને ભેળી કરી બાંધેલી પોટલીને ગળામાં ધારણ કરી હતી.[૨૪] તેલયુક્ત મસ્તકના કાળા કેશને ઊનના સૂત્રથી બાંધ્યાં હતાં. નેત્રોને છેડે હનુમાનજીને ચડેલા તેલ મિશ્રિત કાળી મેષનાં ટપકાં મનુષ્યોને વશ કરવા કર્યાં હતાં.[૨૫] ભ્રુકૂટિના મધ્યભાગમાં શીંગડાંના આકારે ત્રિકોણની આકૃતિવાળું સિંદૂરનું તિલક ધારણ કર્યું હતું. કાળભૈરવના મંત્રથી મંત્રેલા અડદને મૂઠીમાં ધારણ કર્યા હતા. દુર્ગંધ મારતાં વસ્ત્રોને ધરી રહેલો અત્યંત ભયંકર અપવિત્ર વેષમાં તે હતો.[૨૬] સિંદૂર ચર્ચેલા પરશુની સાથે ક્ષુદ્રદેવતાઓના મંત્રોથી મંત્રેલા લોખંડના ત્રિશૂળને કેડમાં બાંધેલાં વસ્ત્રમાં ખોંસ્યું હતું.[૨૭] ભોજપત્રમાં આઠ પ્રકારના ગંધદ્રવ્યોવડે લખાયેલા અક્ષરોવાળા અને મંત્રેલા કાલિયંત્રને મદીરાથી પલાળી, ચોખાથી પૂજન કરી, રેશમીવસ્ત્રમાં ધારણ કર્યું હતું.[૨૮] પહોળાં અને લાલ બન્ને નેત્રો બિહામણાં ભયંકર જણાતાં હતાં. પોતાની જાતને સિધ્ધ માનતો મહાગર્વિષ્ટ તેમજ ક્રોધ અને મત્સરરૂપી અગ્નિવડે સર્વે અંગમાં બળી રહેલો તે કિચક શક્તિમાર્ગના મહાવિઘ્નરૂપ ભગવાન શ્રીનારાયણ મુનિને જીતવા માટે તે સભામાં કોઈને પણ પ્રણામ કર્યા વિના બેસી ગયો.[૨૯-૩૦] સભામાં બિરાજમાન મહામુનિ મુક્તાનંદ આદિ સંતો સામે વાંકી તથા ક્રૂર દૃષ્ટિથી જોવા લાગ્યો. હું આ નારાયણમુનિને જીતી શકીશ કે નહિ એવી શંકાશીલ મનવાળો ભગવાન શ્રીહરિની સન્મુખ વારંવાર જોવા લાગ્યો.[૩૧]

**વિમુખ સાથે વાત કરવામાં પાપ :–** હે રાજન્ ! આવા પ્રકારના પાપીજનોની સાથે વાત કરવામાં પણ દોષ લાગે છે, એ વસ્તુને યથાર્થ જાણતા સભામાં બેઠેલા ભગવાન શ્રીહરિના આશ્રિત સંતો ભક્તોએ તે કીચકની સાથે કોઈ પણ જાતની વાત કરી નહિ, સૌ ચૂપ બેસી રહ્યા.[૩૨]

अथवा सद्गुरुकृपां विना च ब्रह्मदर्शनम् । कुतः स्यात्साधुता लोके निर्मूला प्राणिनामिह ॥ ३४
अहो गुरुरहो भाग्यमस्माकं धरणीतले । येषां भुक्तिश्च मुक्तिश्च सुप्रापा नित्यमञ्जसा ॥ ३५
इति तेषां वचः श्रुत्वा तादृग्दुष्टप्रवर्तितम् । अधर्ममुच्छेदयितुं जातः प्राह हरिर्हसन् ॥ ३६
के यूयं कुत आयाताः किं प्रयोजनमत्र वः । उपाध्वे देवतां कां च शास्त्रं किं चास्ति वः प्रियम् ॥ ३७
एतच्छ्रुत्वा हरेर्वाक्यं कीचको निजचेतसि । व्यचिन्तयत् क्षणं तत्र तज्जयोत्सुकमानसः ॥ ३८
एनमेवेश्वरं प्राहुरहो मन्दधियो जनाः । योऽतिप्रसिद्धं लोकेषु मामप्येष न वेत्ति वै ॥ ३९
बाला अपि जना लोके विदुर्मामतिभासुरम् । तमप्येष न जानाति तन्नासौ योगवानपि ॥ ४०
अद्यैवैनं विजेष्यामि गतमीशभयं मम । चर्ममुण्डाप्रसादेन बृहत्कौलागमेन च ॥ ४१

---

**શિષ્યોએ કરી કીચકની પ્રશંસા :–** સભામાં કોઈ બોલ્યું નહિ ત્યારે કીચકના શિષ્યો કહેવા લાગ્યા કે, અહો !!! આ પૃથ્વી પર ચારે તરફ કલિયુગ કેવો વ્યાપી ગયો છે ? કે લોક શાસ્ત્રમાં પ્રશંસા પામેલા સાધુઓ પણ આ સભામાં પધારેલા અમારા ગુરુ જેવા સાક્ષાત્ સિદ્ધપુરુષોનો પણ આદર સત્કાર કરતા નથી.[૩૩] અમને તો એમ જણાય છે કે, અમારા ગુરુ જેવા સદ્‌ગુરુની કૃપા વિના બ્રહ્મદર્શન ક્યાંથી થાય ? અને બ્રહ્મનાં દર્શન વિના આલોકમાં મનુષ્યોને સાચી સાધુતા ક્યાંથી પ્રાપ્ત થાય ?[૩૪] અહો !! અમારાં ધન્ય ભાગ્ય છે કે, અમને આવા સાચા મહાન ગુરુની પ્રાપ્તિ થઈ છે. જેમની કૃપાથી અમને અનાયાસે ભુક્તિ અને મુક્તિની નિત્ય પ્રાપ્તિ થાય છે.[૩૫]

હે રાજન્ ! આ પ્રમાણે કીચકના શિષ્યોનાં વચનો સાંભળી તે કીચક જેવા દુષ્ટ અધર્મી પુરુષોએ પ્રવર્તાવેલા અધર્મનો ઉચ્છેદ કરવા માટે પ્રગટ થયેલા ભગવાન શ્રીહરિ મંદમંદ હાસ્ય કરતા કહેવા લાગ્યા કે, તમે બધા કોણ છો ? તમારી જાતિ કઈ છે ? તમે ક્યાંથી આવ્યા છો ? અહીં આવવાનું તમારું પ્રયોજન શું છે ? તમે કયા દેવતાની ઉપાસના કરો છો ? તમારું પ્રિય શાસ્ત્ર કયું છે ?.[૩૬-૩૭]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળી તેમને જીતીને પરાભવ કરવાની મનમાં ઇચ્છા રાખતો કીચક પોતાના મનમાં થોડીવાર સુધી વિચાર કરવા લાગ્યો કે, અહો !!! આશ્ચર્યની વાત છે, મંદબુદ્ધિના મનુષ્યો જ આ સ્વામિનારાયણને પરમેશ્વર કહે છે. પરંતુ ઈશ્વર સર્વજ્ઞ હોય છે. તે બધું જાણી જતા હોય છે. પણ આ સ્વામિનારાયણ તો હું લોકમાં અતિશય પ્રસિદ્ધ છું છતાં એ મને જાણતા નથી.[૩૮-૩૯] આ લોકમાં અતિશય પ્રતાપથી પ્રસિદ્ધ મને નાના બાળકો પણ ઓળખે છે.

इति सञ्चिन्त्य शिष्यान्स्वान्वक्तुं स प्रैरयद्दृशा । स्वनामादि ततस्ते च प्रोचुर्हृष्टा जगत्पतिम् ॥ ४२

**कीचकशिष्या ऊचुः -**

महादीक्षामहापानगुरवः कुलयोगिनः । एते सन्ति महासिद्धा ब्रह्मिष्ठा यतिवर्णिनः ॥ ४३
नैते केनापि भाषन्ते दिवा सदसि मौनिनः । निशि साक्षान्महाशक्त्या वदन्ति रमयन्ति ताम् ॥ ४४
वयं च सिद्धपुरुषाः कौलागमविशारदाः । अस्माकं च नरेन्द्राणां गुरुराडेष कीचकः ॥ ४५
ऊर्ध्वाम्नायैकतरणेः सहस्रभगिनः प्रभोः । प्रतियामपिबाग्रण्यो गुरोः शिष्यश्चतुःपिबः ॥ ४६
प्रसादादस्य बहवो राजानो ब्रह्मदर्शनम् । प्रापुः सद्यो महानन्दं सर्वत्र समदृष्टिताम् ॥ ४७

છતાં પણ આ સ્વામિનારાયણ મને ઓળખતા નથી. તેથી તેમની પાસે કોઇ પણ પ્રકારનું ઐશ્વર્ય હોય તેમ મને લાગતું નથી.[૪૦] હાશ..... હવે મને આનો કોઇ ભય રહ્યો નથી. કે એ ભગવાન હશે, એથી ચામુંડાદેવીની કૃપાથી અને મહાન કૌલાવર્ણતંત્રથી અત્યારે જ તેમને હું જીતી જઇશ.[૪૧]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે કીચક મનમાં વિચાર કરી પોતાનું નામ ઠામ વગેરે પ્રશ્નોના જવાબ આપવા પોતાના શિષ્યોને નેત્રોની શાનથી પ્રેરણા કરી. તે સમયે કીચકના શિષ્યો અતિશય આનંદમાં આવી સમગ્ર વિશ્વના સ્વામી શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યા.[૪૨]

**પાપી કીચકનો પરિચય :–** કીચકના શિષ્યો કહે છે, હે સ્વામિન્ ! આ બધા સંન્યાસીઓ કૌલાગમ શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવી મહાદીક્ષા અને મહાપાનનો પ્રચાર કરનારા ગુરુઓ છે. કૌલધર્મનું પ્રવર્તન કરતા હોવાથી કુલયોગી નામથી પ્રસિદ્ધ આ સર્વે મહાસિદ્ધો બ્રહ્મસ્થિતિને પામેલા છે.[૪૩] મૌન વ્રતધારી આ સન્યાસીઓ દિવસ દરમ્યાન કોઇ સભામાં કોઇ પણ મનુષ્યની સાથે વાર્તાલાપ કરતા નથી. તેથી અત્યારે તમારી સાથે નહિ બોલે, પરંતુ રાત્રે સાક્ષાત્ પ્રગટ થયેલી મહાશક્તિ એવી મહાકાલિદેવીની સાથે જ માત્ર વાર્તાલાપ કરી તેને આનંદિત કરે છે.[૪૪] આવા ગુરુઓની પ્રસન્નતાથી અમે સર્વે કૌલાર્ણવતંત્રના રહસ્યને જાણનારા સિદ્ધપુરુષો પણ પ્રસિદ્ધિને પામેલા છીએ. એવા મહાન અમારા અને મોટા મોટા રાજાઓના પણ આ કીચક ગુરુરાજ છે. તે કૌલમાર્ગ તંત્રના એક અદ્વિતીય પ્રકાશક અને આશરે એકહજાર જેટલી કુલસ્ત્રીઓની યોનિના પૂજક તથા એથી જ મહાસામર્થીને પામેલા અને દિવસના દરેક પહોરે દેવીને નિવેદિત કરેલી મદીરાનું પાન કરનારાઓમાં અગ્રેસર એવા ગુરુના તે શિષ્ય છે. એવા સ્વયં આ અમારા

नैतत्तुल्यः कोऽपि लोके सिद्धेन्द्र इह निश्चितम् । मकारपञ्चकाचार्यः कौलवित्कुलपावनः ॥ ४८
एनं विदन्ति सर्वेऽपि भुवि भास्कररोचिषम् । ख्यातस्त्वमीश्वरत्वेन न वेत्सीत्यद्भुतं महत् ॥ ४९
उपास्महे वयं साक्षाद्देवीं त्रिपुरसुन्दरीम् । कौलागमः प्रमाणं नः सर्वशास्त्रशिरोमणिः ॥ ५०
योगी चेन्नैव भोगी स्याद्भोगी चेन्नैव योगवित् । योगभोगात्मकं कौलं तस्मात्सर्वाधिकं मतम् ॥ ५१
शैववैष्णवबौद्धादिदर्शनान्यपि भक्तितः । भजन्ते मानवा नित्यं वृथायासफलानि हि ॥ ५२
महापापवशान्नृणां तेषु वाञ्छाऽभिजायते । तेषां हि सद्गतिर्नास्ति विना कौलनिषेवणम् ॥ ५३

---

ગુરુ કીચક રાત્રી દિવસ ચાર વાર મદીરાપાન કરે છે.[૪૫-૪૬]

હે સ્વામિનારાયણ ! આવા અમારા ગુરુ કીચકની કૃપા દૃષ્ટિથી ઘણા બધા રાજાઓએ તેમનો આશ્રય કર્યો તે જ ક્ષણથી તેઓ બ્રહ્મદર્શન મહાઆનંદ અને સર્વત્ર સમદૃષ્ટિ પામ્યા છે.[૪૭] અમારા ગુરુ આ કીચક સમગ્ર સિદ્ધોના સ્વામી છે. પંચ મકારના ઉપદેશક છે. કૌલતંત્રના રહસ્યને જાણનારા છે. કૌલમાર્ગના આશ્રિતોના તે ઉધ્ધારક છે. તેમના જેવો પુરુષ અત્યારે આ પૃથ્વી પર બીજો કોઈ જ નથી.[૪૮] સૂર્યની સમાન તેજસ્વી અમારા આ ગુરુ કીચકને પૃથ્વીપરના સર્વે મનુષ્યો ઓળખે છે. અને ભગવાનપણે પૂજાતા આ જગતમાં પ્રસિધ્ધ તમે તેને ઓળખતા નથી ? એ અતિશય આશ્ચર્યની વાત છે.[૪૯]

હે સ્વામિનારાયણ ! અમે સાક્ષાત્ ત્રિપુર સુંદરી દેવીની ઉપાસના કરીએ છીએ અને સર્વે શાસ્ત્રોમાં શિરોમણિ એવા કૌલાર્ણવ તંત્રશાસ્ત્ર એ અમારું પ્રમાણભૂત શાસ્ત્ર છે.[૫૦] અમારો મત સર્વ કરતાં શ્રેષ્ઠ છે. કારણ કે, બીજા મતો માને છે કે યોગી હોય તે ભોગી ન થઈ શકે અને ભોગી હોય તે યોગી ન થઈ શકે. પરંતુ અમારો કૌલમત તો યોગ અને ભોગ બન્નેની સાથે સિદ્ધિ કરી આપતો હોવાથી સર્વ મત કરતાં અત્યંત શ્રેષ્ઠ છે.[૫૧]

આ પૃથ્વી પર મનુષ્યો શૈવમત, વૈષ્ણવમત, બૌદ્ધમત અને સાંખ્યમત આદિ અનેક મતનો આશ્રય કરી ભાવથી તેનું રાત્રી દિવસ ભજન કરે છે. પરંતુ તે વૃથા છે.[૫૨] પરંતુ અમારો કૌલમત તો સર્વે પુરુષાર્થને તત્કાળ આપનારો છે. જે મનુષ્યોને પૂર્વનાં પાપના સમૂહો નડતા હોય તેને જ શૈવ, વૈષ્ણવાદિ મતોમાં રુચિ થાય છે. પરંતુ જ્યાં સુધી તે મનુષ્યો કૌલમતનો આશ્રય કરી તેનું સેવન નહીં કરે ત્યાં સુધી સદ્ગતિ થવાની જ નથી.[૫૩]

सुव्रत उवाच -

इति तेषां वचः श्रुत्वा भगवांस्तन्मतान्तकः । पप्रच्छ तेषां सिद्धान्तं जिज्ञासुरिव युक्तिवित् ॥ ५४

श्रीनारायणमुनिरुवाच -

अपूर्वेयं श्रुता वाणी भवतां भो चतुःपिबाः ! । सिद्धान्तं ब्रूत युष्माकं सप्रमाणं च तत्फलम् ॥ ५५

कीचकशिष्या ऊचुः -

अस्माभिर्लोकमुखतः शाक्तद्विट् विदितः पुरा । विज्ञातोऽस्यद्य तु त्वं वै जिज्ञासुरिति निश्चितम् ॥ ५६
त्वया यत्पृच्छ्यते तत्तु रहस्यं जनसंसदि । वक्तव्यं कथमस्माभिर्वाच्यावाच्यविशारदैः ॥ ५७
उत्तरं यदि नोच्येत तर्ह्येते हि त्वदाश्रिताः । मूर्खानस्मान्विजानीयुर्गुरोश्चाल्पज्ञता भवेत् ॥ ५८
एते च सिद्धपुरुषा निर्विकल्पसमाधयः । अज्ञा भवेयुः सर्वज्ञा महापानगुरूत्तमाः ॥ ५९

---

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આવા પ્રકારનાં કીચક શિષ્યોનાં વચનો સાંભળી તે કીચકના કૌલમતનો વિનાશ કરવામાં અત્યંત પ્રવીણ ભગવાન શ્રીનારાયણમુનિ તેમનો મત જાણવા જિજ્ઞાસુની જેમ કીચક શિષ્યોને તેમનો સિધ્ધાંત પૂછવા લાગ્યા.[૫૪] શ્રીહરિ કહે છે, હે ચારવખત મદિરાપાન કરનારાઓ ! તમારી આ વાણી અમને જે સંભળાવી તે તો અપૂર્વવાણી છે. અમને આવું ક્યારેય સાંભળવા મળ્યું નથી. તેથી તમે પ્રમાણે યુક્ત તમારો સિદ્ધાંત અને તેનું ફળ અમને સંભળાવો. આ રીતે જિજ્ઞાસુનું નાટક કરીને પૂછ્યું તેથી કીચક શિષ્યોને થયું કે સ્વામિનારાયણને આપણા મતમાં ખૂબજ રુચિ લાગે છે. તેથી તેઓ કહેવા લાગ્યા.[૫૫]

કીચક શિષ્યો કહે છે, હે સ્વામિન્ ! અમે પૂર્વે લોકોના મુખે એવું સાંભળ્યું હતું કે, તમે શાક્તમતના મહા દ્વેષી છો, પરંતુ તમારી વાત પરથી અમને એમ જણાય છે કે તમે ખરેખર જિજ્ઞાસુ છો.[૫૬] તમે જે વિષય સંબંધી પ્રશ્ન કર્યો છે, તેતો અતિશય ગુપ્ત રહસ્ય છે તે રહસ્યને ક્યાં પ્રગટ કરવું અને ક્યાં ન કરવું તે ગુરુકૃપાથી અમે બરાબર જાણતા હોવાથી આ મનુષ્યોથી ભરપૂર સભામાં તે રહસ્યને અમે કેવી રીતે પ્રગટ કરી શકીએ ?.[૫૭] છતાં પણ જો તમારા પ્રશ્નનો ઉત્તર અમે ન આપીએ તો તમારા આશ્રિતો અમને મૂર્ખ સમજે, અને અમારા ગુરુ કીચકની અલ્પજ્ઞતા જાહેર થાય.[૫૮] તથા નિર્વિકલ્પ સમાધિદશાને પામેલા સર્વજ્ઞ તેમજ મદ્યપાન કરનારા ગુરુઓમાં ઉત્તમગુરુ એવા સિદ્ધપુરુષો પણ અજ્ઞાની ઠરે.[૫૯] તેથી કૌલાગમ શાસ્ત્રસંમત અમારા સિદ્ધાંતનું તમારી આગળ યથાર્થ વર્ણન

अतो यथावत्सिद्धान्तं ब्रूमस्ते कौलसम्मतम् । सदःस्थानामपि भवेत्तत्र श्रद्धा तवेव यत् ॥ ६०
शास्त्रवाक्यं विना नैव शास्त्रज्ञस्य भवेत्तव । निश्चयोऽतोऽत्र कथ्यन्ते कौलस्थाः शङ्करोक्तयः ॥ ६१
ब्रह्मज्ञानं विना नैव मुक्तिः स्यात्प्राणिनां किल । ऊर्ध्वाम्नायात्ततस्तस्य ज्ञातव्यः सकलो विधिः ॥ ६२
ऊर्ध्वाम्नायप्रवेशश्च पराप्रसादचिन्तनम् । महाषोढापरिज्ञानं नाल्पस्य तपसः फलम् ॥ ६३
पेयं मद्यं पलं खाद्यं समालोक्य प्रियामुखम् । इत्येवाचरणं जाप्यं पराप्राप्यं परं पदम् ॥ ६४
आनन्दं ब्रह्मणो रूपं तच्च देहे व्यवस्थितम् । तस्याभिव्यञ्जकं मद्यं योगिभिस्तेन पीयते ॥ ६५
ब्राह्मणैस्तत् सदा पेयं क्षत्रियैस्तु रणागमे । वैश्यैर्धनप्रयोगे च शूद्रैश्चान्त्येष्टिकर्मणि ॥ ६६
देवान् पितॄन् समभ्यर्च्य देवीशास्त्रोक्तवर्त्मना । गुरुं स्मरन् पिबन्मद्यं खादन्मांसं न दोषभाक् ॥ ६७

---

કરશું, તેનું શ્રવણ કર્યા પછી આ સભામાં બેઠેલા તમારા અનુયાયીઓને કે તમને પણ અમારા મતમાં શ્રદ્ધા ઉત્પન્ન થશે.[૬૦] તમે શાસ્ત્રના જ્ઞાતા વિદ્વાન છો, તેથી તમને શાસ્ત્રોનાં વચનો વિના અમારા મતમાં પ્રતીતિ નહીં આવે. માટે કૌલાગમ શાસ્ત્રમાં કહેલા અને શંકરે પાર્વતીજી પ્રત્યે વર્ણન કરેલા એવા અમારા મતનું પોષણ કરતાં કેટલાંક વાક્યો આપની સમક્ષ રજૂ કરીએ છીએ.[૬૧]

**સાંભળવામાં પણ પાપ લાગે તેવા કૌલમતનું વર્ણન :-** બ્રહ્મજ્ઞાન વિના મનુષ્યોની મુક્તિ થતી નથી, તેથી બ્રહ્મજ્ઞાનની ઉત્પત્તિનો સમસ્ત ઉપાય તથા વિધિ વિધાન અમારા ઊર્ધ્વામ્નાય ગ્રંથ થકી જાણવો.[૬૨] ત્રણ વસ્તુ અલ્પ તપના ફળથી મળતી નથી. એક ઊર્ધ્વામ્નાય ગ્રંથમાં પ્રવેશ પ્રાપ્ત થવો, બીજું પરાપ્રસાદનું ચિંતવન થવું અને ત્રીજુ મહાષોઢાનું પરિજ્ઞાન થવું, આ મહાતપનું ફળ છે. તેમાં પરા શબ્દ અને મહા શબ્દ છે તે કૌલાગમમાં રહેલા મંત્રોના વાચક શબ્દો છે.[૬૩]

નારીનું મુખ જોવાની સાથે મદ્યપાન કરવું અને માંસનું ભક્ષણ કરવું, આવું આચરણ છે તે જ જપનીય છે, પરા પ્રાપ્ય છે, પરંપદ પણ એ જ છે.[૬૪] આનંદ એજ બ્રહ્મનું રૂપ છે. તેનો આ શરીરમાંજ નિવાસ છે, તેને બહાર પ્રગટ કરવાનું સાધન મદ્યપાન છે, અને તેથી જ તે આનંદ લૂંટવા યોગી પુરુષો મદ્યનું પાન કરે છે.[૬૫] માટે બ્રાહ્મણોએ મદ્યપાન હમેશાં કરવું. ક્ષત્રિયોએ રણમેદાનમાં ઉતરતી વખતે મદ્યપાન કરવું, વૈશ્યોએ ધન ઉપાર્જનના સમયે મદ્યપાન કરવું અને શૂદ્રોએ પોતાના પિતા આદિના અંતિમ વિધિ કરવાના સમયે મદ્યપાન કરવું.[૬૬] દેવીશાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે દેવતાઓ કે પિતૃઓનું પૂજન કરી પોતાના

देवताभ्यः पितृभ्यश्च मधुवाताऋतायते । स्वादिष्ठया मदिष्ठया क्षीरं सर्पिर्मधूदकम् ॥ ६८
सद्यो दीक्षयतीत्याद्याः प्रमाणं श्रुतयः कुले । निवेद्य देवताभ्यो हि मद्यमांसाशनं शुभम् ॥ ६९
पत्रपुष्पाङ्कुरफलमूलवल्कलधान्यजम् । रसवृक्षलताजातं मद्यं दशविधं स्मृतम् ॥ ७०
पानसं द्राक्षमाधूकं खार्जूरं तालमैक्षवम् । मधूत्थं सैरमारिष्टं मैरेयं नालिकेरजम् ॥ ७१
मद्यान्येकादशैतानि भुक्तिमुक्तिकराणि हि । द्वादशं तु सुरामद्यं सर्वेषामुत्तमं मतम् ॥ ७२
मद्यं मांसं च मत्स्यं च मुद्रा मैथुनमेव च । मकारपञ्चकं देवि ! देवताप्रीतिकारकम् ॥ ७३
गोनरेभाश्वमहिषवराहाजमृगोद्भवम् । महामांसाष्टकं प्रोक्तं देवताप्रीतिकारकम् ॥ ७४
कुलाकुलाष्टकं वापि निमन्त्र्याहूय पुष्पिणीम् । अभ्यङ्गेन विशुद्धाङ्गीमासने चोपवेशयेत् ॥ ७५

---

દીક્ષાગુરુનું સ્મરણ કરતાં કરતાં મદ્યનું પાન કરે અથવા માંસનું ભક્ષણ કરે તો તે પુરુષને પાપ લાગતું નથી.[૬૭]

**''દેવતાભ્યઃ પિતૃભ્યશ્ચ મધુવાતાઋતાયતે ।**

**સ્વાદિષ્ટ્યા મદિષ્ઠ્યા ક્ષીરં સર્પિર્મધૂદકમ્ '' ॥ સદ્યે દીક્ષયતિ.**

ઈત્યાદિ શ્રુતિઓ છે તે કૌલમાર્ગમાં પ્રમાણભૂત છે. તેથી દેવતાઓને નિવેદન કરીને કરેલું મદ્ય માંસનું ભક્ષણ શુભ અને નિર્દોષ મનાયેલું છે.[૬૮-૬૯] પત્ર, પુષ્પ, અંકુર, ફલ, મૂલ, વલ્કલ, ધાન્ય, રસ, વૃક્ષ અને લતામાંથી બનેલું મદ્ય દશ પ્રકારનું કહેલું છે.[૭૦] ફણસના તેમજ દ્રાક્ષના ફળમાંથી બનેલું, મહુડાના ફુલમાંથી બનેલું, ખજૂર, તાડનાં ફળ અને ગોળમાંથી બનાવેલું, સીરવૃક્ષમાંથી બનાવેલું, અરીઠામાંથી બનાવેલું, ધાત્રી અને ધાવડીમાંથી બનાવેલું તેમજ નાળિયેરના ફળમાંથી બનાવેલું. આ પ્રમાણે અગિયાર પ્રકારનું મદ્યપાન કરવામાં આવે તો તે ભુક્તિ અને મુક્તિ બન્નેની પ્રાપ્તિ કરાવે છે. તથા બારમું સુરામદ્ય છે. તે સર્વ પ્રકારના મદ્યની મધ્યે અતિશય ઉત્તમ પ્રકારનું મદ્ય મનાયેલું છે.[૭૧-૭૨]

હે દેવી ! મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન આ પંચમકાર છે તે દેવતાઓને પ્રસન્ન કરવાનાં મુખ્ય સાધન છે.[૭૩] ગાય, મનુષ્ય, હાથી, અશ્વ, પાડો, ભુંડ, બકરો અને મૃગલો, આટલા પ્રાણીઓનો વધ કરવાથી પ્રાપ્ત થતું માંસ, તેને અષ્ટ પ્રકારનું મહામાંસ કહેલું છે. તેનાથી દેવતાઓ બહુ જ પ્રસન્ન થાય છે.[૭૪] કુલાષ્ટક કે અકુલાષ્ટક રજસ્વલા સ્ત્રીને પૂજા માટે પ્રથમ આમંત્રણ આપી બોલાવવી પછી તેનું આહ્વાન કરવું પછી અભ્યંગ સ્નાન કરાવી શુદ્ધ કરી તેને આસન ઉપર બેસાડવી.[૭૫] તેમાં જંગલીની, મોચીની, માતંગનામના ચંડાળની, પુલકસજાતિની,

जाङ्गली चर्मकारी च मातङ्गी पुष्कसी तथा । श्वपची खटकी चैव कैवर्ती विश्वयोषिता ॥ ७६
कुलाष्टकमिति प्रोक्तमकुलाष्टकमुच्यते । कम्बुकी शौण्डिकी चापि शस्त्रजीवी च रथकी ॥ ७७
गायकी रजकी शिल्पी कोसटी च तथाष्टकी । उक्तजात्यङ्गनाभावे चातुर्वर्ण्याङ्गनां यजेत् ॥ ७८
अन्योन्यवदनं कृत्वा पिबेत्तत्तदनुज्ञया । आगलान्तं पिबेन्मद्यं स मुक्तो नात्र संशयः ॥ ७९
पीत्वा पीत्वा पुनः पीत्वा यावत्पतति भूतले । उत्थाय च पुनः पीत्वा पुनर्जन्म न विद्यते ॥ ८०
आनन्दात्तृप्यते देवी मूर्च्छया भैरवः स्वयम् । वमनात्सर्वदेवाश्च तस्मात्त्रितयमाचरेत् ॥ ८१
उच्छिष्टं भक्षयेत्स्त्रीणां ताभ्यो नैव प्रदापयेत् । योनिपूजां ततः कृत्वा यथेष्टं विहरेत्पुमान् ॥ ८२
तदारूढेषु वीरेषु कार्याकार्यं न विद्यते । इच्छैव शास्त्रसम्पत्तिरित्याज्ञा पारमेश्वरी ॥ ८३

---

શ્વપચ, ખાટકી, ઢીમર અને વેશ્યા આ આઠ પ્રકારની સ્ત્રીઓને કુલાષ્ટક કહેવાય છે. તથા કંબુક જાતિની, કલાલની, શસ્ત્રો વહેંચી આજીવિકા ચલાવનારની સ્ત્રી, રંગકારની, ધોબીની, શિલ્પકારની અને કોસટની આ આઠ પ્રકારની અકુલાષ્ટક સ્ત્રીઓ કહેલી છે. ઉપરોક્ત કુલાષ્ટક અને અકુલાષ્ટકની સ્ત્રી જો રજસ્વલા થયેલી ન મળે તો મુખ્ય ચારવર્ણની રજસ્વલા સ્ત્રીમાંથી કોઇને આમંત્રણ આપી તેનું પૂજન કરવું.[૭૬-૭૮] ત્યારપછી પરસ્પર એકબીજાની અનુમતિથી પરસ્પર એકબીજાના મુખ જોડીને મદ્યપાન કરવું અને તે પણ કંઠ સુધી ધરાઈને કરવું. આવી રીતે મદ્યપાન કરનારો પુરુષ મુક્ત થઈ બ્રહ્મભાવને પામી જાય છે. તેમાં કોઈ સંશય નથી.[૭૯] આમ એકવાર મદ્યપાન કરી, બીજીવાર મદ્યપાન કરી ફરી ત્રીજીવાર મદ્યપાન કરવું. આવી રીતે પુનઃપુનઃ મદ્યપાન કરતાં કરતાં પૃથ્વી પર પડી ન જાય ત્યાં સુધી મદ્યપાન કરવું, વળી પૃથ્વી પરથી ઊભા થઈને ફરી મદ્યપાન કરવું, આમ ચોથીવાર મદ્યપાન કરતા પુરુષને સંસારમાં ફરીવાર જન્મ ધારણ કરવો પડતો નથી.[૮૦]

આ રીતે બહુવાર મદ્યપાન કરી જેટલો આનંદ લે છે તેટલી મહાદેવી ત્રિપુરસુંદરી વધુ તૃપ્તિ અનુભવે છે. અને જો મદ્યપાન કરીને મૂર્છા આવી જાય તો ભૈરવ મહાતૃપ્તિને અનુભવે છે. આ રીતે મદ્યપાન કર્યા પછી જો ઉલટી થઈ જાય તો સર્વે દેવતાઓ તૃપ્તિને પામે છે. તેથી આ ત્રણનું અવશ્ય આચરણ કરવું.[૮૧] સ્ત્રીએ જમતાં છોડેલું એઠું પુરુષ પોતે ભક્ષણ કરે, પરંતુ પોતાનું એઠું સ્ત્રીઓને ન આપે. આટલું કર્યા પછી સ્ત્રીની યોનિનું પૂજન કરી તેની સાથે ઈચ્છાનુસાર ક્રીડા કરે અને ત્યારપછી પુરુષે યોગ્યાયોગ્યનો વિચાર કરી કોઈ છોછ રાખવો નહિ, તે

मद्यकुम्भसहस्रैश्च मांसभारशतैरपि । न तुष्यामि वरारोहे ! भगलिङ्गामृतं विना ॥ ८४
भगिनीं वा सुतां भार्यां यो दद्यात्कुलयोगिने । मधुमत्ताय देवेशि ! तस्य पुण्यं न गण्यते ॥ ८५
भ्रातृभार्यां स्नुषां वापि जननीं मदमन्थराम् । भ्रातृजां यौवनोन्मत्तां विवस्त्रां च स्वलंकृताम् ॥ ८६
निवेद्य गुरवे नत्वा निर्विकल्पधिया स्वयम् । तालवृन्तेन देवेशि ! श्रमनाशाय वीजयेत् ॥ ८७
तयोस्तु सामरस्याद्यद्द्रव्यं प्रच्यवते कुलात् । तद्गृहीत्वालिपात्रेण साङ्गां सावरणान्विताम् ॥ ८८
महाकालान्वितां कालीं यष्ट्वा शेषं वरानने ! । साधकेभ्यस्तु तद्दत्वा शेषं पेयं समन्त्रकम् ॥ ८९
एवं यः कुरुते वीरो गुरुभक्तो दृढव्रतः । नित्ये नैमित्तिके काम्ये सोऽक्षयं मत्पदं व्रजेत् ॥ ९०

---

સમયે જે કરવાની ઇચ્છા થાય તેમ કરવું તે જ શાસ્ત્ર માન્ય સંપત્તિ છે. એમ પરમેશ્વર શિવજીની આજ્ઞા છે.[૮૨-૮૩]

શિવજી કહે છે, હે પાર્વતી ! હું યોનિ અને લિંગના સંયોગથી ઉત્પન્ન થયેલા વિર્યામૃતનું પાન કરી જેવો પ્રસન્ન થાઉં છું. તેવો હજારો મદ્યના ઘડાઓ અર્પણ કરે કે માંસનું મહાનૈવેદ્ય અર્પણ કરે છતાં તેવો પ્રસન્ન થતો નથી.[૮૪] હે દેવોની ઇશ્વરી ! પોતાની બહેન, પુત્રી કે પત્નીનું દાન મદ્યનું પાન કરી મદોન્મત્ત થયેલા કુલયોગીને જે પુરુષ અર્પણ કરે છે. તે પુરુષના પુણ્યની કોઇ ગણના કરી શકાય તેમ નથી.[૮૫]

મદ્યપાનના મદથી મંદમંદ ચાલતી, યુવાનીથી ઉન્મત્ત જણાતી, વસ્ત્ર વિનાની અને સર્વ અલંકારોથી અલંકૃત કરેલી એવી પોતાના ભાઇની પત્ની અથવા પુત્રવધૂ અથવા પોતાની માતા અથવા પોતાના ભાઇની પુત્રીને કોઇ પણ જાતનો સંકલ્પ કર્યા વિના સ્વયં પૂજા કરનારો પુરુષ ગુરુને પ્રણામ કરી તેના ઉપભોગ માટે અર્પણ કરે. ત્યારપછી સમાગમથી ગુરુને થયેલા પરિશ્રમને શાંત પાડવા વીંઝણાથી વાયુ ઢોળતો ઊભો રહે. ત્યારપછી તે બન્નેના સમાગમથી બન્નેના ગુહ્ય અંગમાંથી જે વીર્ય અને રજ દ્રવ્યનો સ્રાવ થાય તે પૂજકે સુરાપાત્રમાં કે હાડકાંના પાત્રમાં ગ્રહણ કરી લેવું, પછી તેનાવડે અંગ દેવતા, આવરણ દેવતા અને મહાકાલી રૂદ્રદેવતા સહિત મહાકાલિકાદેવીનું પૂજન કરવું. પછી બાકી રહેલું દ્રવ્ય સાધકજનોને આપવું અને તેમાંથી પણ બાકી રહેલું મંત્રે સહિત પૂજન કરનાર સાધકે પાન કરવું.[૮૬-૮૯]

હે દેવી ! આ પ્રમાણેના કર્મ કરવામાં લોક નિંદાથી ભય નહિ પામનારો વીરપુરુષ માત્ર એક ગુરુના વચનમાં વિશ્વાસ રાખી પોતાના નિયમમાં દઢ રહીને

जीवन्मुक्तः स विचरेत्सर्वैश्वर्यसमन्वितः । इह लोके परे चैव सर्वत्र न निवार्यते ॥ ९१

**सुव्रत उवाच -**

इति दुर्वचनानि मद्यपानां स निशम्य प्रभुरात्तहास ऊचे ।
इतरे तु करद्वयोपरुद्धश्रुतियुग्मा नृप ! नैव शुश्रुवुर्वै ॥ ९२

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे जयतल्पपुरक्षुद्रशाक्तमतखण्डने पूर्वपक्षत्वेन कौलमतनिरूपणनामा पञ्चचत्वारिंशोऽध्यायः ॥ ४५ ॥*

---

નિત્યકર્મ, નૈમિતિકકર્મ અને કામ્યકર્મનું અનુષ્ઠાન પૂર્વોક્ત વિધિપૂર્વક કરે છે, તે પુરુષ મારા અવિનાશી પદને પ્રાપ્ત કરે છે. તેમજ તે પુરુષ જીવનમુક્ત તથા સર્વ ઐશ્વર્યસંપન્ન થઈ આલોક તથા પરલોકમાં વિહરે છે. તેની ગતિને કોઈ રોકી શકતું નથી.[૯૦-૯૧]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણેનાં મદ્યનુપાન કરનારા કીચક શિષ્યોનાં ન સાંભળવા યોગ્ય દુર્વચનો સંભળાઈ જાય નહિં તેથી સભામાં બેઠેલા સંતો ભક્તોએ પોતાના બન્ને હાથની આંગળીઓ કાનમાં ભરાવી દીધી, પણ તેનાં દુર્વચનો સાંભળ્યાં નહિ. પરંતુ ભગવાન શ્રીહરિ તે સાંભળીને હસતાં હસતાં કીચક શિષ્યોને કહેવા લાગ્યા.[૯૨]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં જેતલપુરમાં શૂદ્ર શક્તિપંથના ખંડનમાં પૂર્વ પક્ષપણે કીચક શિષ્યોના બોલાયેલા કૌલમતનું નિરૂપણ કર્યું એ નામે પીસ્તાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૫--***

---

## अथ षष्ठ चत्वारिंशोऽध्याय: - ४६

श्रीनारायणमुनिरुवाच -

यूयं हि मद्यपा ! लोके धूर्ताः स्थ पतिताधमाः । अप्रमाणमसच्छास्त्रं युष्माकं मुख्यमस्ति यत् ॥ १
केनचिन्मद्यपेनैव पापग्रन्थे कृते हि वः । सच्छास्त्रस्य भ्रमोऽस्त्येव ततो भ्रष्टा बभूव हि ॥ २
ब्रह्मज्ञानं सुरापानाद्भवेत्तर्हि कुतः श्रमः । पूर्वैर्महद्भिर्मुनिभिस्तपसः क्रियते वृथा ॥ ३
मद्यपानां कुलान्येव श्वपचादीनि सन्ति च । प्राप्नुवन्ति कथं नैव मुक्तिं तानि पलप्रियाः ! ॥ ४
भ्रामिताः केन यूयं वै कथं प्राप्ताः स्थ दुर्धियम् । एकवर्णं जगत्कर्तुं किं वा सृष्टाः स्वयंभुवा ॥ ५
आर्षग्रन्थस्थिताञ्श्लोकान्मद्यपाननिषेधकान् । सप्रमाणात्मसिद्धान्तख्यात्यै दूषयथ ध्रुवम् ॥ ६

---

## અધ્યાય - ૪૬

### શ્રીહરિએ કરેલું શૂદ્ર-શક્તિમાર્ગનું ખંડન.

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે મદ્યનું પાન કરનારાઓ ! આલોકમાં તમે જગતને છેતરનારા મહાધૂર્ત છો અને મહાપાપીઓથી પણ અધિક અધમ પાપી છો. કોઈ પણ સત્શાસ્ત્રોએ પ્રમાણપણે માન્ય નહીં કરેલા તમારાં કૌલગમ આદિ અસત્શાસ્ત્રો તમારા મને પરમ પ્રમાણરૂપ હશે.[૧] પરંતુ એ ગ્રંથો કોઈ મદ્યનું પાન કરનારા પાપી પંડિતે પોતાની બુદ્ધિની કલ્પનાએ શિવ-પાર્વતીનો સંવાદ જોડીને રચેલા છે. અને એ પાપરૂપ તમારા અસત્શાસ્ત્રોમાં તમને સત્શાસ્ત્રનો ભ્રમ પેદા થયો છે, તેથી તો તમે તેનો આશરો કરી વૈદિકમાર્ગમાંથી ભ્રષ્ટ થયા છો.[૨]

હે ધૂર્તો ! જો મદ્યપાન કરવા માત્રથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થઈ જતું હોય તો પૂર્વના અતિશય શ્રેષ્ઠ મહામુનિઓ મહાતપશ્ચર્યા કરવાનો ખોટો પરિશ્રમ શા માટે કરે ?[૩] હે માંસપ્રિયધૂર્તો ! દારુ પીનારાના અનેક સમૂહો આ પૃથ્વી પર વિદ્યમાન છે. છતાં તે દારુડીયાઓની મુક્તિ કેમ થતી નથી ?[૪] તમને કયા દુર્બુદ્ધિ મૂર્ખ પુરુષે આવા ચિત્તભ્રમ કર્યા છે ? તમારી આવી દુર્બુદ્ધિ થઈ ક્યાંથી ? કદાચ સમસ્ત વિશ્વને એકવર્ણનું કરવા માટે વિશ્વસ્રષ્ટા બ્રહ્માએ તમારા જેવાઓનું સર્જન કર્યું હોય એમ જણાય છે.[૫]

હે ધૂર્તો ! તમે તો મદ્યપાનનો નિષેધ કરતા આર્ષગ્રંથોમાં રહેલા યાજ્ઞવલ્ક્યાદિ સ્મૃતિકારોએ કહેલા શ્લોકોને પોતાના કપોળ કલ્પિત શાસ્ત્રોનાં પ્રમાણ વચનોથી સ્વસિદ્ધાંતની ખ્યાતિ માટે દૂષિત કરી રહ્યા છો.[૬] સ્મૃતિકાર મનુ

गौडी माध्वी च पैष्टी च विज्ञेया त्रिविधा सुरा । यथैवैका तथा सर्वा न पातव्या द्विजोत्तमैः ॥ ७
स्वायम्भुवो मनुरिति सुरापानं निषेधति । वचनं याज्ञवल्क्यस्य श्रूयतां च तदर्थकम् ॥ ८
अज्ञानात्तु सुरां पीत्वा रेतो विण्मूत्रमेव च । पुनःसंस्कारमर्हन्ति त्रयो वर्णा द्विजातयः ॥ ९
पानसं द्राक्षमाधूकं खार्जूरं तालमैक्षवम् । मधूत्थं सैरमारिष्टं मैरेयं नालिकेरजम् ॥ १०
समानानि विजानीयान्मद्यान्येकादशैव तु । द्वादशं तु सुरामद्यं सर्वेषामधमं स्मृतम् ॥ ११
एवं पुलस्त्योऽपि मुनिर्मद्यपानं निषेधति । तत्राधमपदे पाठो युष्माभिः कृत उत्तमः ॥ १२
ऊर्ध्वाम्नायः प्रमाणं चेद्भवतां तर्हि मद्यपाः ! । श्रुतीः प्रमाणयथ किं क्षौद्रार्था मद्य आत्मनः ॥ १३
असदेव ततः शास्त्रं यौष्माकं धूर्तकल्पितम् । सर्वशास्त्रविरुद्धत्वादप्रमाणं मतं हि वः ॥ १४

---

કહે છે, ગોળમાંથી, મહુડાના વૃક્ષરસમાંથી અને ચોખા આદિના લોટમાંથી બનેલી ત્રણ પ્રકારની સૂરા છે. જેવો ગુણ એકમાં છે તેવો જ બીજામાં છે તેથી સર્વે સમાન હોવાથી ત્રણે વર્ણના દ્વિજાતિ જનોએ તેનું ક્યારેય પણ પાન કરવું નહિ.[૭] આ પ્રમાણે આદ્ય સ્મૃતિકાર સ્વાયંભુવ મનુએ સુરાપાનનો નિષેધ કર્યો છે. વળી યાજ્ઞવલ્ક્ય મહર્ષિએ પણ સુરાપાન નિષેધનાં પ્રમાણભૂત વચનો કહેલાં છે તે તમે સાંભળો.[૮]

દ્વિજાતિ એવા બ્રાહ્મણાદિ ત્રણે વર્ણના જનો જો અજાણતાં પણ સુરાપાન કરે અથવા વિર્ય, વિષ્ટા કે મૂત્રનું પાન કરે તો તે દ્વિજાતિમાંથી ભ્રષ્ટ થાય છે. અને દ્વિજાતિ થવા ફરી ઉપનયનાદિ સંસ્કાર કરવા પડે છે.[૯] ફણસમાંથી, દ્રાક્ષમાંથી, મહુડામાંથી, ખજૂરમાંથી, તાડમાંથી, ગોળમાંથી, મધમાંથી, સીરવૃક્ષમાંથી, અરીઠામાંથી, મૈરેયમાંથી કે નાળિયેરમાંથી તૈયાર થયેલું આ અગિયાર પ્રકારનું મદ્ય એક સરખા પાપરૂપ દોષને પેદા કરનારું જાણવું. અને બારમું સુરા નામનું જે મદ્ય છે તેતો સર્વ કરતાં પણ અધિક અધમ કહેલું છે.[૧૦-૧૧]

આવી જ રીતે પુલસ્ત્ય નામના મુનિએ પણ મદ્યપાનનો નિષેધ કર્યો છે. પરંતુ તમે પુલસ્ત્ય સ્મૃતિના શ્લોકમાં અધમ પદની જગ્યાએ ઉત્તમ એવો શબ્દ પ્રયોગ કર્યો છે. તે ખેદજનક છે.[૧૨] હે મદ્યપાઓ ! ‘‘ઊર્ધ્વ આમનાય’’ ગ્રંથ જ જો તમને પરમ પ્રમાણભૂત હોય તો તેને આશરીને રહેવું ઠીક છે, પરંતુ જે નિત્યનિર્દોષ અને સ્વતઃપ્રમાણ ભૂત મધુવાતા ઇત્યાદિ શ્રુતિનાં વચનોમાં મધમાંખીઓએ ભેળા કરેલા મધપૂડા થકી મધ એવા અર્થને ફેરવીને પોતાને મનગમતા મદ્ય દારુ એવા ખોટા અર્થની કલ્પના કરીને વેદની શ્રુતિને પ્રમાણ તરીકે શા માટે સ્વીકારો છો ?[૧૩]

अस्तु वर्णान्तरकथा भवद्भिर्ब्राह्मणैः कथम् । निःशङ्कं पीयते मद्यं वेदशास्त्रविगर्हितम् ॥ १५
श्वपच्यादिमुखोच्छिष्टं पीत्वा च पतिताधमाः । दूषयध्वे कुतो यूयं ब्रह्मसूत्रेण विप्रताम् ॥ १६
ब्रूत यूयं च विप्रस्य सुरापानविधायकम् । एकमेवापि वचनमार्षग्रन्थे भवेद्यदि ॥ १७
अहं त्वेतन्निषेधस्य वाक्यान्यद्य सहस्रशः । ब्रूयामार्षाणि सर्वाणि सप्रमाणानि मद्यपाः ! ॥ १८
यक्षरक्षःपिशाचान्नं मद्यं मांसं सुरासवम् । तद्ब्राह्मणेन नात्तव्यं देवानामश्नता हविः ॥ १९
इत्यादीनि बहून्येव स्मृतिवाक्यानि सन्ति वै । गणितं च सुरापानं महापातकपञ्चके ॥ २०
सुराम्बुघृतगोमूत्रपयसामग्निसन्निभम् । सुरापोऽन्यतमं पीत्वा मरणाच्छुद्धिमृच्छति ॥ २१

---

આવા ખોટા અર્થ સ્વીકારવાના કારણે મનુષ્યોને છેતરવા માટે કોઈ મદ્યનું પાન કરનાર ધૂર્ત પંડિતે રચેલું તમારું કૌલતંત્ર શાસ્ત્ર સદંતર મિથ્યા છે, તમારો મત પણ સમગ્ર સત્શાસ્ત્રોથકી વિરુદ્ધ હોવાથી અત્યંત અપ્રમાણ છે.[૧૪]

કોઈએ સુરાનું પાન ન કરવું, એવો સર્વને માટે નિષેધ હોવા છતાં પણ બીજા વર્ણના મનુષ્યોની વાત તો એકબાજુએ રહી પણ તમે શ્રેષ્ઠ બ્રાહ્મણ થઈ વેદશાસ્ત્ર નિંદિત મદ્યને નિઃશંકપણે કેમ પાન કરી શકો ?[૧૫] શ્વપચી આદિ કલ્પિત કુલાષ્ટક સ્ત્રીઓના મુખનું એઠું મદ્યપાન કરી તમે અધમમાં પણ અધમપણાની દશાને પામ્યા છો. છતાં યજ્ઞોપવિત ધારણ કરી બ્રાહ્મણધર્મને શા માટે દૂષિત કરી રહ્યા છો.[૧૬] હે ધૂર્તો ! બ્રાહ્મણોને સુરાપાનની આજ્ઞા આપતું હોય એવું એક પણ વચન યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ આદિ આર્ષગ્રંથોમાં પ્રતિપાદન કર્યું હોય તો અમને જણાવો.[૧૭] પરંતુ હે મદ્યપાન કરનારાઓ ! બ્રાહ્મણોએ સુરાપાન ન કરવું જોઈએ એવા નિષેધના આર્ષપ્રમાણિત હજારો વાક્યો હું તમને અત્યારે સંભળાવું છું.[૧૮] મદ્ય, માંસ અને સુરા આ યક્ષો, રાક્ષસો અને પિશાચોનું ભક્ષ્ય છે. દેવતાઓનું હવિષ્યાન્ન ઘી, દૂધપાક આદિનું ભોજન લેનારા બ્રાહ્મણે તે મદ્ય આદિનું ભક્ષણ ન કરવું, ઈત્યાદિ મનુ આદિ સ્મૃતિકારોનાં હજારો વચનો રહેલાં છે. સ્મૃતિ આદિ સત્શાસ્ત્ર ગ્રંથોમાં સુરાપાનને પંચમહાપાપોને મધ્યે એક મહાપાપ તરીકે ગણવામાં આવ્યું છે.[૧૯-૨૦] અજ્ઞાનથી પણ સુરાપાન કરનાર પુરુષની શુદ્ધિ તો શાસ્ત્રોએ આ પ્રમાણે કહી છે, સુરા, જળ, ઘી, ગોમૂત્ર અને દૂધ આમાંથી કોઈ પણ એકને અગ્નિમાં ઉકાળી તેમનું તરત જ પાન કરવાથી તત્કાળ મરણ થઈ જાય, તો જ તે પુરુષ શુદ્ધ થાય છે.[૨૧] મનુ કહે છે કે, બ્રાહ્મણાદિ ત્રણે વર્ણના દ્વિજાતિ પુરુષોએ

अज्ञानात्प्राश्य विण्मूत्रं सुरासंसृष्टमेव च । पुनःसंस्कारमर्हन्ति त्रयो वर्णा द्विजातयः ॥ २२
सुरां पीत्वा द्विजो मोहादग्निवर्णां सुरां पिबेत् । इत्याद्यज्ञानपानेऽपि स्मर्यते तस्य निष्कृतम् ॥ २३
पुनः पुनः प्रपिबतां युष्माकं बुद्धिपूर्वकम् । भविष्यति गतिः का वा जनान् पातयतामधः ॥ २४
अगम्याः परयोषा हि तत्सङ्गं ये तु कुर्वते । तेषां च वेदनां तीव्रां वच्मि भागवतोदिताम् ॥ २५
यस्त्विह वा अगम्यां स्त्रियमगम्यं वा पुरुषं योषिदभिगच्छति तावमुत्र कशया ।
ताडयन्तस्तिग्मया सूर्म्या लोहमय्या पुरुषमालिङ्गयन्ति स्त्रियं च पुरुषरूपया ते द्विजाः ॥ २६

**सुव्रत उवाच -**

इति वाचं भगवता प्रोक्तामाश्रुत्य ते द्विजाः । अशक्ता ह्युत्तरं दातुं तूष्णीमासन्भ्रमद्धियः ॥ २७
हरिवाग्भिन्नमर्माथ गुरुस्तेषां रुषा ज्वलन् । तमुवाच महाकालीं पानपात्रकरां स्मरन् ॥ २८

---

**અજાણતાં પણ વિષ્ટા, મૂત્ર, સુરાપાન કે સુરાનો સ્પર્શ થયેલ વસ્તુમાત્રનું પણ જો ભક્ષણ થઈ જાય તો યજ્ઞોપવિત આદિક ફરી સંસ્કાર કરવા વડે દ્વિજ થાય છે. તો પછી જાણી જોઈને સુરાપાન કરે તેનું શું પ્રાયશ્ચિત હોય ?[૨૨] બ્રાહ્મણાદિ દ્વિજ પુરુષ અજ્ઞાનથી પણ જો સુરાપાન કરે તો શુદ્ધિ માટે અગ્નિ સમાન તપાવેલી સુરાનું જ પાન કરાવવું. આવું મરણાંત પણ પ્રાયશ્ચિત માટે સ્મૃતિકારોનું વચન છે.[૨૩]**

**તો પછી વારંવાર જાણી જોઈને સુરામદ્યનું પાન કરનારા તમો અને તમારા જેવાનો આશ્રય કરી સુરાપાન કરનારા ઘોરતમ નરકને માર્ગો જતા જનોની શું ગતિ થશે ?[૨૪] પોતાની પરિણીતા સિવાયની પરસ્ત્રીનો સંગ શાસ્ત્રમાં નિષેધ છે. છતાં જે પુરુષો પરસ્ત્રીનો સંગ કરે છે, તેવા પુરુષને કેવી અતિશય તીવ્ર વેદના ભોગવવી પડે છે, તે શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધમાં કહેલું છે, તે તમને સંભળાવું છું.[૨૫] આ લોકમાં જે પુરુષ અગમ્ય એવી પરસ્ત્રી સાથે ગમન કરે છે, અને જે સ્ત્રી અગમ્ય એવા પર પુરુષ સાથે વ્યભિચાર કરે છે તે બન્નેને મૃત્યુ પછી યમપુરીમાં યમના દૂતો ચામડાની ચાબૂકથી પ્રહાર કરતા કરતા અગ્નિથી તપાવેલ લોખંડની સ્ત્રીની પુતળી સાથે પુરુષને અને પુરુષનાં પુતળાં સાથે સ્ત્રીને વારંવાર આલિંગન કરાવે છે.[૨૬]**

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળીને કીચક શિષ્ય બ્રાહ્મણો શ્રીહરિને ઉત્તર આપવા સમર્થ થયા નહિ. અને અમે જે માનીએ છીએ એ સાચું કે આ શ્રીહરિ કહેછે તે સાચું ? આવી રીતની તેની બુદ્ધિ વિભ્રાંત થઈ, તેથી મૌન ધારણ કરી ઊભા રહ્યા.[૨૭] ત્યારે શ્રીહરિનાં વચનોથી**

कीचक उवाच -

अस्मन्मतेऽपि दोषोऽस्ति सुरापाने वृथा कृते । देवप्रसादमद्यादेः प्राशने क्वास्ति दूषणम् ॥ २९
यज्ञेषु ब्राह्मणैर्मद्यं मांसं देवनिवेदितम् । यथेष्टं भक्ष्यमित्याह वेदस्तत्रास्ति किं न्वघम् ॥ ३०
या वेदविहिता हिंसा न सा हिंसेति कथ्यते । रहस्यमित्याद्यज्ञात्वा दूषयस्यत्र नः कथम् ॥ ३१
भारते च पुराणेषु बहवो ब्राह्मणा अपि । मद्यपा मांसभक्षाश्च श्रूयन्ते स्वेष्टयोषितः ॥ ३२
मार्कण्डेयपुराणे च सप्तशत्यां प्रशंसनम् । यथावन्मद्यमांसादेः कृतमस्ति न वेत्सि तत् ॥ ३३

सुव्रत उवाच -

अप्रमाणं निजं ग्रन्थं ज्ञात्वा त्यक्त्वाऽथ वैदिकम् । छलेनाश्रित्य मार्गं तं ब्रुवन्तं हरिरूचिवान् ॥ ३४

---

આઘાત પામેલો તેમનો ગુરુ કીચક અત્યંત ક્રોધિત થઇ અંતરમાં સર્વ અંગે બળવા લાગ્યો, ને મદ્યપાનના પાત્રને હાથમાં ધરી રહેલી મહાકાલિકા દેવીનું સ્મરણ કરી, મૌન તોડી શ્રીહરિ પ્રત્યે કહેવા લાગ્યો.[૨૮]

હે સ્વામિનારાયણ ! અમારા મતમાં પણ વૃથા સુરાપાનનો નિષેધ કરેલો જ છે. પરંતુ દેવ નિવેદિત મદ્ય માંસનું પાન કે ભક્ષણ કરવાનું કયા શાસ્ત્રમાં દૂષણ કહેલું છે ?[૨૯] સોમયાગાદિ યજ્ઞોને વિષે દેવતાઓને નિવેદિત કરેલા મદ્ય માંસનું બ્રાહ્મણોએ ઇચ્છા પ્રમાણે ભક્ષણ કરવું આ પ્રમાણે વેદમાં કહેલું છે. તો પછી શું તમારા મતે વેદવિહિત દેવતાઓની પ્રસાદિભૂત મદ્યમાંસના ભક્ષણમાં પણ પાપ લાગે છે ?[૩૦] અને વેદ વિહિત હિંસા છે તે હિંસા ન કહેવાય, એમ મનુ આદિ સ્મૃતિકારો પણ કહે છે. તેમ છતાં તે શ્રુતિ-સ્મૃતિના ગૂઢ રહસ્યને નહિ જાણનારા તમે આ સભામાં અમને શા માટે દૂષિત ઠરાવો છો ?[૩૧] મહાભારતમાં અને પુરાણોમાં ઘણા બધા બ્રાહ્મણો મદ્યપાન કરનારા, માંસનું ભક્ષણ કરનારા અને પોતાને ઇચ્છિત સ્ત્રીને પોતાની પત્ની તરીકે ભોગવનારા સંભળાય છે.[૩૨] તેમજ માર્કંડેય પુરાણમાં પણ સપ્તશતીમાં મદ્યમાંસાદિના ભક્ષણની પ્રશંસા કરવામાં આવી છે. તે શું તમે નથી જાણતા ?.[૩૩] સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે કૌલાર્ણવ તંત્રના ગ્રંથને અપ્રમાણિક માની પ્રમાણપણે તેનાં વચનોને સ્વીકાર કરવાનું છોડી, માત્ર કપટથી વૈદિક વચનોનો આધાર લઇ તે તે વેદવચનોના અર્થોનું કાલ્પનિક રીતે પ્રતિપાદન કરનાર કીચકનાં ઉપરોક્ત વચનો સાંભળી ભગવાન શ્રીહરિ તેમને કહેવા લાગ્યા.[૩૪]

**श्रीनारायणमुनिरुवाच -**

देवा हि सात्त्विकाः प्रोक्ता राजसा दैत्यदानवाः । तामसा राक्षसाद्याश्च पुराणेष्वागमेषु च ॥ ३५
पयः सर्पिश्चामृताख्यमन्नं देवप्रियं मतम् । दैत्यानां राक्षसादीनां सुरामांसाशनं प्रियम् ॥ ३६
आदिराजेन पृथुना प्रेरिता अत एव हि । स्वस्वान्नं दुदुहुः सर्वे पृथिवीं धेनुरूपिणीम् ॥ ३७
कृत्वा वत्सं सुरगणा इन्द्रं सोममदूदुहन् । हिरण्मयेन पात्रेण वीर्यमोजो बलं पयः ॥ ३८
दैतेया दानवा वत्सं प्रह्लादिमसुरर्षभम् । विधायादूदुहन् क्षीरमयःपात्रे सुरासवम् ॥ ३९
यक्षरक्षांसि भूतानि पिशाचाः पिशिताशनाः । भूतेशवत्सा दुदुहुः कपाले क्षतजासवम् ॥ ४०
इत्थं श्रीमद्भागवते पुराणे प्रतिपादितम् । नैवेद्यार्हं न देवानां मद्यं मांसं ततो मतम् ॥ ४१
राजसानां तामसानां मद्यमांसाशने रुचिः । स्वाभाविकी वर्ततेऽतो विध्यपेक्षा न वर्तते ॥ ४२
यज्ञ एव ततो हिंसां नित्यहिंसानिवृत्तये । वेदो ब्रूते नत्वभीष्टा हिंसा वेदस्य कर्हिचित् ॥ ४३

---

શ્રીનારાયણમુનિ કહે છે, હે કીચક ! પુરાણોમાં અને આગમોમાં દેવતાઓને સાત્વિક પ્રકૃતિના કહેલા છે. દૈત્યો અને દાનવોને રાજસ પ્રકૃતિના કહેલા છે. યક્ષો, રાક્ષસો, ભૂત, પિશાચ આદિકને તામસ પ્રકૃતિના કહેલા છે.[૩૫] અમૃત જેનું નામ છે એવું દૂધ અને ઘી દેવતાઓને પ્રિય ભોજન છે. સુરા અને માંસ દૈત્યો અને રાક્ષસોનું પ્રિય ભોજન છે.[૩૬] અને તેથી પ્રથમના પૃથુરાજાની પ્રેરણાથી સર્વે દેવો, દાનવો અને માનવોએ ગાયરુપી ધરતી પાસેથી પોતપોતાને પ્રિય અન્નનું દોહન કર્યું છે.[૩૭]

તેમાં દેવતાઓએ ઈન્દ્રને વાછરડો કરી સુવર્ણના પાત્રમાં અમૃત, વીર્ય- મનની શક્તિ, ઓજ- ઈન્દ્રિયોની શક્તિ, અને બળ- દેહની શક્તિરુપ દૂધનું દોહન કર્યું.[૩૮] અને અસુરો તથા દાનવોએ અસુરશ્રેષ્ઠ પ્રહ્લાદપુત્ર વિરોચનને વાછરડો કરી લોહપાત્રમાં ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારના મદ્યરુપ દૂધનું દોહન કર્યું.[૩૯] અને માંસનું ભક્ષણ કરનારા યક્ષો, રાક્ષસો, ભૂતો અને પિશાચોએ રુદ્રને વાછરડો કરી ખોપરીના પાત્રમાં રુધિરરુપ મદ્યનું દોહન કર્યું.[૪૦]

આ પ્રમાણે શ્રીમદ્ ભાગવત પુરાણમાં પ્રતિપાદન કરેલું છે, તેનો હેતુ એ છે કે, મદ્ય અને માંસનું નૈવેદ્ય દેવતાઓની આગળ ધરવું તે યોગ્ય નથી.[૪૧] તેમજ રાજસ પ્રકૃતિના અને તામસ પ્રકૃતિના પુરુષોને મદ્યમાંસનું ભક્ષણ કરવામાં સ્વાભાવિક રુચિ રહેલી હોય છે. તેઓને માટે શાસ્ત્રોમાં વિધિવાક્યોની કોઈ જરૂર જ નથી.[૪૨] તેથી તેઓની રાગ પ્રાપ્તિને કારણે દરરોજ થતી હિંસાને અટકાવવા

भारते च पुराणेषु प्रोक्तमादौ प्ररोचनम् । अहिंसा परमो धर्म इत्येव स्थापितं ततः ॥ ४४
मार्कण्डेयपुराणेऽपि सप्तशत्यां चतुःपिब ! । मद्यमांसाशनं कार्यं द्विजेनेति क्व विद्यते ? ॥ ४५
देव्याः पूजा सुरामांसै रहस्ये भवतीति चेत् । मार्कण्डेयपुराणे तद्रहस्यं नैव विद्यते ॥ ४६
सुरामांसादिपूजेयं विप्रवर्ज्या मयोदिता । इत्यर्धेन निषेधोऽस्ति रहस्येऽपि द्विजन्मनः ॥ ४७
अज्ञात्वा शास्त्रतात्पर्यं त्वादृशाः पापकर्मिणः । शिष्यैः सह व्रजन्त्यन्ते महतो निरयान् खलु ॥ ४८
सुरापानं महापापं द्विजानामिति भार्गवः । उशनाः स्थापयामास मर्यादां तद्वचः शृणु ॥ ४९
यो ब्राह्मणोऽद्यप्रभृतीह कश्चिन्मोहात्सुरां पास्यति मन्दबुद्धिः ।
अपेतधर्मो ब्रह्महा चैव स स्यादस्मिंल्लोके गर्हितः स्यात्परे च ॥ ५०
इति शुक्रकृता लोके मर्यादा विद्यते किल । महापापं कथं न स्यात्तामुल्लङ्घयतस्तव ॥ ५१

---

માટે વેદોએ યજ્ઞમાંજ માત્ર હિંસા કરવી, એવું કહ્યું. પરંતુ વેદને હિંસા કદાપિ પ્રિય નથી.[૪૩]

મહાભારત અને શ્રીમદ્ ભાગવતાદિ પુરાણોમાં પ્રથમ વેદોક્ત કર્મને છોડનારાઓને તેમાં રુચિ ઉત્પન્ન થાય તેથી તેઓના સ્વભાવને અનુરુપ તેવા તેવા ફળ આપનારા યજ્ઞોનું વિધાન કરી તેમાં રુચિ ઉત્પન્ન કરાવી અને ત્યાર પછી અહિંસા છે એ જ પરમ ધર્મ છે. એવો નિર્ણય કરીને તેનું સ્થાપન કરેલું છે.[૪૪] હે ચાર વખત મદ્યનું પાન કરનારા કીચક ! માર્કંડેય પુરાણમાં સપ્તશતીમાં બ્રાહ્મણોએ મદ્ય માંસનું પાન અને ભક્ષણ કરવું જોઈએ આવું જે તમે કહ્યું તે, વિધાન કયા શ્લોકમાં કરેલું છે ?[૪૫] અને સુરા માંસથી દેવીનું પૂજન કરવું, આવા પ્રકારનું રહસ્ય માર્કંડેય પુરાણમાં છે. એમ જે તમે કહો છો. તો તેવું રહસ્ય તે પુરાણમાં ક્યાંય નથી. એતો તમારા જેવાઓએ કલ્પિત ઊભું કરેલું છે.[૪૬] ઉલટાનું બ્રાહ્મણોએ સુરા માંસવડે દેવીનું પૂજન કરવું નહિ, આ પ્રમાણે મેં કહેલા અર્ધાશ્લોકમાં જ બ્રાહ્મણોને સુરામાંસથી પૂજન કરવાનો નિષેધ કરેલો છે. આ પ્રમાણે માર્કંડેય પુરાણના રહસ્યનું પણ હિંસાના નિષેધમાંજ તાત્પર્ય છે.[૪૭]

હે કીચક ! શાસ્ત્રોનું તાત્પર્ય નહિ જાણીને તમારા જેવા પાપકર્મનું આચરણ કરી સુરામાંસનું ભક્ષણ કરતા પુરુષો દેહને અંતે શિષ્યોએ સહિત ઘોરતમ નરકમાં પડે છે.[૪૮] બ્રાહ્મણોએ સુરાપાન કરવું એ બ્રહ્મહત્યા જેવું મહાપાપ છે. આ પ્રમાણે ભૃગુપુત્ર શુક્રાચાર્યે મર્યાદાનું સ્થાપન કરતાં કહેલું છે. તે શુક્રાચાર્યનાં વચનો તમને સંભળાવું છું. તમે સાંભળો.[૪૯] આ લોકમાં આજ દિવસથી આરંભીને કોઈ પણ

गोचर्यामपि नारीषु मनुष्याणां पुरामुनिः । औद्दालकिः श्वेतकेतुर्निषिषेध च तच्छृणु ॥ ५२
व्युच्चरन्त्याः पतिं नार्या अद्यप्रभृति पातकम् । भ्रूणहत्यासमं घोरं भविष्यत्यसुखावहम् ॥ ५३
भार्यां तथा व्युच्चरतः कौमारब्रह्मचारिणीम् । पतिव्रतामेतदेव भविता पातकं भुवि ॥ ५४
मांसं तु सर्वथा नैव कस्यचिज्जन्तुनोऽपि वै । भक्षणार्हं मनुष्याणामिति घण्टापथः किल ॥ ५५
यज्ञशेषस्य मांसस्य भक्षणेऽपि द्विजन्मनः । महान् दोषोऽस्ति निर्दोषं मांसं नास्त्येव कर्हिचित् ॥ ५६
यज्ञशेषादिमांसस्य भक्षणे ह्यत एव हि । निषेधो भारतेऽस्तीति तद्वाक्यमपि ते ब्रुवे ॥ ५७
यजुषा संस्कृतं मांसं निवृत्तो मांसभक्षणात् । न भक्षयेद्वृथामांसं पृष्ठमांसं च वर्जयेत् ॥ ५८

---

મંદબુદ્ધિવાળો બ્રાહ્મણ મોહથી કે અજ્ઞાનથી સુરાનું પાન કરશે તે ધર્મમાંથી ભ્રષ્ટ થયેલો અને બ્રહ્મહત્યારો ગણાશે. તથા આલોક અને પરલોકમાં નિંદાને પાત્ર થશે, આ પ્રમાણેની મર્યાદાનું સ્થાપન શુક્રાચાર્યે કરેલું છે. એ મર્યાદાનું ઉલ્લંઘન કરનારા તમને મહાપાપ કેમ નહિ લાગે ?.[૫૦-૫૧]

હે કીચક ! પુરુષોએ સ્ત્રીઓની સાથે અને સ્ત્રીઓએ પુરુષની સાથે સ્વૈચ્છિક સંગ કરવો તે પશુનું આચરણ છે, એમ પૂર્વે ઉદાલકપુત્ર શ્વેતકેતુએ પણ નિષેધ કરેલો છે. તેમનાં વચન હું તમને બે શ્લોકમાં સંભળાવું છું, તેને તમે સાંભળો.[૫૨] આજથી આરંભીને પોતાના પતિને છોડી પર પુરુષ સાથે વિહાર કરતી સ્ત્રીઓને ભ્રૂણહત્યાના પાપની સમાન મહામોટું દુઃખ દેનાર અને ઘોર નરકમાં નાખનારું મહાપાપ લાગશે.[૫૩] તેવી જ રીતે આ પૃથ્વી પર કુમારી અવસ્થાથી જ જે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે અને પરણ્યા પછી મનથી પણ જેને પર પુરુષના પ્રસંગનો સંકલ્પ પણ કર્યો નથી એવી પોતાની પતિવ્રતા પત્નીને છોડીને પરસ્ત્રીની સાથે જે પુરુષ વ્યભિચાર કરે છે તેને પણ ભ્રૂણહત્યાના પાપની સમાન જ પાપ લાગશે.[૫૪]

હે કીચક ! એટલા જ માટે મનુષ્યોએ કોઈ પણ જીવ પ્રાણી માત્રનું માંસ ભક્ષણ કોઈ પણ રીતે ન કરવું, એ સર્વ શાસ્ત્રનોપ્રસિદ્ધ ધોરી માર્ગ છે.[૫૫] અરે... યજ્ઞના શેષભૂત માંસભક્ષણમાં પણ બ્રાહ્મણોને મહાન દોષ લાગે છે. કારણ કે માંસ ક્યારેય પણ નિર્દોષ હોતું જ નથી.[૫૬] તે કારણે જ યજ્ઞની પ્રસાદીભૂત માંસભક્ષણનો પણ મહાભારતને વિષે નિષેધ કરેલો છે. મહાભારતનાં નિષેધ વચનો હું તમને સંભળાવું છું.[૫૭]

જન્મથી જ પરમ ધર્મને જાણી માંસભક્ષણથી નિવૃત્ત થયેલા પુરુષે

एकतः सर्वमांसानि मत्स्यमांसानि चैकतः । भवन्ति पापरूपाणि न विप्रस्तानि भक्षयेत् ॥ ५९
अयमेव हि सिद्धान्तो देवशास्त्रप्रमापितः । असदेव मतं तस्मात्तव मांसाशिनोऽखिलम् ॥ ६०
प्राणिमात्रवधमन्तरा क्वचित्प्राप्यते न पललं पलप्रियाः ! ।
जीवघात इह बुद्धिपूर्वकं त्वस्ति दोष इति वो मतं न सत् ॥ ६१

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे जयतल्पपुरे क्षुद्रशाक्तमतखण्डने मकारपञ्चकोच्छेदननामा षट्चत्वारिंशोऽध्यायः ॥ ४६*

---

**યજુર્વેદના જ્ઞાતા યજ્ઞ કરાવનાર અધ્વર્યુએ મંત્રોથી સુસંસ્કૃત કરેલ યજ્ઞશેષ એવા માંસનું પણ ભક્ષણ કરવું નહિ, તેવી જ રીતે અસંસ્કૃત (મત્સ્યનું)એવું વૃથા માંસનું પણ ભક્ષણ કરવું નહિ, તથા શ્રાદ્ધ કરતાં બચેલું પ્રસાદિભૂત માંસનું પણ ભક્ષણ કરવું નહિ.[૫૮] એક બાજુ સર્વ જીવપ્રાણી માત્રનું માંસ મૂકવામાં આવે અને બીજી બાજુ મત્સ્યનું માંસ મૂકવામાં આવે ને તેની તુલા કરવામાં આવે તો પાપ ઉત્પાદન કરવામાં બન્ને સરખા જ સાબિત થાય છે. તેથી પાપરૂપ એવા આ કોઈ પણ પ્રકારના માંસનું ભક્ષણ બ્રાહ્મણે કરવું જ નહિ.[૫૯]**

**હે કીચક ! મેં પ્રતિપાદન કરેલો આ સિદ્ધાંત જ વેદશાસ્ત્ર સંમત છે. તેથી માંસભક્ષણ કરનારા તમારો સમસ્ત સિદ્ધાંત અસત્ય જ છે.[૬૦] હે માંસપ્રિય કીચક ! તમે સાંભળો, પ્રાણીઓનો વધ કર્યા વગર ક્યારેય પણ માંસ મેળવી શકાતું નથી. આલોકમાં જાણી જોઈને કરેલા પ્રાણીવધમાં મહાદોષ રહેલો છે. તેથી તમારો મત છે તે સત્ય નથી. પરંતુ મિથ્યા જ છે.[૬૧]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં જેતલપુરમાં ભગવાન શ્રીહરિએ શૂદ્ર શાક્તમત ખંડનમાં પંચમકારનું ઉચ્છેદન કર્યું એ નામે છેતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૬--***

---

अथ सप्तचत्वारिंशोऽध्यायः - ४७

सुव्रत उवाच

वाचं निजमतोच्छेत्रीं श्रुत्वैतां स हरेर्नृप ! । सर्पो यथा मन्त्ररुद्धवीर्योऽन्तर्व्याकुलोऽब्रवीत् ॥ १

कीचक उवाच -

यदि वेदस्य तात्पर्यं हिंसादौ नैव विद्यते । हिंस्रयज्ञाः कथं तर्हि कृता देवर्षिभूमिपैः ॥ २

वेदशास्त्रपुराणानि तैरधीतानि किं न वा । त्वमेव पण्डितोऽस्येकः सर्वेभ्यो दूषणप्रदः ॥ ३

अन्नं चराणामचरा ह्यपदः पादचारिणाम् । अहस्ता हस्तयुक्तानां द्विपदां च चतुष्पदः ॥ ४

इति भागवतश्लोकः प्रमाणं मांसभक्षणे । परम्परागतश्चास्ति शिष्टाचारोऽपि हीदृशः ॥ ५

उशनःश्वेतकेतुभ्यां मर्यादा या प्रवर्तिता । सा त्विदानींतनी ज्ञेया न त्वनादि मतं हि तत् ॥ ६

## અધ્યાય – ૪૭

### જીવજ જીવનું ભોજન છે. આ યુક્તિથી હિંસાનું પ્રતિપાદન કરતો કીચક, અને શાસ્ત્ર વચનોથી તેના મતનું શ્રીહરિએ કરેલું ખંડન.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે પોતાના મતનો ઉચ્છેદ કરનારી ભગવાન શ્રીહરિની વાણી સાંભળી તે કીચક મંત્રશક્તિથી રુંધી રાખેલી શક્તિવાળા સર્પની માફક વારંવાર નિઃશ્વાસ લેતો વ્યાકુળ થઇ કહેવા લાગ્યો કે, હે સહજાનંદ સ્વામી ! વેદવાક્યોનું હિંસામાં તાત્પર્યજ જો ન હોય તો દેવતાઓ, ઋષિમુનિઓ અને રાજાઓ હિંસામય યજ્ઞોનું અનુષ્ઠાન શા માટે કરે ? તે સર્વે ઉપર દોષારોપણ કરનારા તમે એક જ પંડિત થયા છો ? જો તેઓ વેદના રહસ્યને જાણતા ન હતા અને તમે જ એક જાણો છો. તો તે તમારાં વચનો સર્વને માટે વિશ્વાસપદ કેમ થઇ શકે ? અને તેઓ પણ તમને વેદનું તાત્પર્ય નથી જાણતા, એવું કહેશે. તો સર્વેને દોષિત કહેનારા તમારું વચન સત્ય છે એવો કોણ વિશ્વાસ કરશે ?.[૧-૩]

આ ભાગવતનો શ્લોક શું કહે છે તે સાંભળો, જંગમ મનુષ્યાદિકનું ભક્ષ્ય સ્થાવર એવાં ડાંગર આદિ ધાન્ય છે. પાદચારી પશુઓનું ભક્ષ્ય અપદ એવાં તૃણાદિક છે. હસ્તવાળાં વાનરાદિકનું ભક્ષ્ય અહસ્તવાળાં ફળ પત્રાદિક છે. તેમજ બે પગવાળા મનુષ્યોનું ભક્ષ્ય ચારપગવાળાં બકરાં આદિક છે. આ ભાગવતનો શ્લોક માંસભક્ષણ કરવામાં પ્રમાણભૂત છે. અને આજ દિવસ પર્યંત એ જ પ્રમાણે થતું આવતું હોવાથી પરંપરા પ્રાપ્ત શિષ્ટાચાર પણ માંસભક્ષણની અનુમતિ આપે

मतमाधुनिकं सुज्ञा नैव गृह्णन्ति पण्डिताः । ते तु प्राचीनमध्वानं श्रयन्ते सूक्ष्मदर्शिनः ॥ ७

**सुव्रत उवाच –**

सत्पण्डितायमानस्य तस्येत्थं वाचमीश्वरः । स आश्रुत्य मतं तस्य मर्दयन्नाह सद्वचः ॥ ८

**श्रीनारायणमुनिरुवाच –**

हिंस्रकर्मपरान्नाहं दूषये किन्तु वैदिकः । एवमेवास्ति सिद्धान्तः स एव कथितो मया ॥ ९

भारते मोक्षधर्मेषु भीष्मो राजा युधिष्ठिरम् । निःसंशयं तमेवाह तद्वचांसि निशामय ॥ १०

---

છે.[૪-૫] અને શુક્રાચાર્ય અને શ્વેતકેતુએ જે મર્યાદા પ્રવર્તાવી છે તે તો આધુનિક નવી અત્યારે જ ઉત્પન્ન કરેલી છે. પરંતુ તે અનાદિ કાળની મર્યાદા નથી. તેથી સુજ્ઞ પંડિત પુરુષ આધુનિક મર્યાદાનો સ્વીકાર કરતા નથી. સૂક્ષ્મદષ્ટિથી વિચાર કરતા કુશાગ્ર બુદ્ધિવાળા પંડિત પુરુષો તો પ્રાચીન મર્યાદાનો જ આશ્રય કરે છે.[૬-૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે પોતે જ જાણે સાચો પંડિત હોય એવું આચરણ કરી રહેલી કીચકની વાણી સાંભળી ભગવાન શ્રીહરિ તે કીચકના મતનું ખંડન કરનારાં યથાર્થ સત્ય વચનો કહેવા લાગ્યા.[૮] શ્રીનારાયણમુનિ કહે છે, હે કીચક ! હું હિંસામય કર્મકરનારા પુરુષો પર કોઈ દોષારોપણ કરતો નથી. કોઈના પર દોષારોપણ કરવું તે સાધુનો ધર્મ પણ નથી. પરંતુ વૈદિક સિદ્ધાંત જ હિંસાના નિષેધ પરાયણ છે. તેથી ધર્મતત્ત્વનો બોધ આપવા પ્રવૃત્ત થયેલા મારે ધર્મતત્ત્વ શું છે અને ધર્માભાસ શું છે ? તે સત્ય તો કહેવું જ રહ્યું. વેદનું તાત્પર્ય તો અહિંસા પરમો ધર્મ જ છે, અને સ્વર્ગાદિ સુખાભાસ માટે વિહિત કરેલા યજ્ઞો પણ ધર્માભાસ છે એમ મારે કહેવું છે. તે સાચો ધર્મ નથી, સાચો ધર્મ તો અહિંસા જ છે. હું તેનું જ પ્રતિપાદન કરું છું. વેદ વિહિત હિંસામય યજ્ઞો અપ્રમાણિક છે એમ મારે નથી કહેવું. પરંતુ તે ધર્માભાસ યજ્ઞો લોકોને જ્યાં ત્યાં થતી હિંસાને રોકવા માટે છે. પરંતુ અંતિમ સત્ય ધર્મ નથી.[૯]

મહાભારતને વિષે મોક્ષધર્મમાં રાજર્ષિ ભીષ્મપિતામહે જ્યેષ્ઠ પાંડુપુત્ર યુધિષ્ઠિરને આજ સિદ્ધાંત યથાર્થપણે કહેલો છે. તે ભીષ્મપિતાનાં વચનો તમને સંભળાવું છું. તમે સાંભળો.[૧૦] હે યુદ્ધિષ્ઠિર ! વેદના રહસ્યના અભિપ્રાયને નહિ જાણનારા રસમાં લોલુપ મૂઢ પુરુષોએજ હિંસાનું પ્રતિપાદન કર્યું છે. ખરેખર આવા પ્રકારના લોકો વૈદિક અહિંસામય ધર્મમર્યાદાઓને સમજ્યા વિના ભંગ કરે છે. તેને નાસ્તિક કહેલા છે. અને મનમાં તો સંશય રહ્યા કરે છે કે, વેદમાં કહેલું

अव्यवस्थितमर्यादैर्विमूढैर्नास्तिकैर्नरैः । संशयात्मभिरव्यक्तैर्हिंसा समनुवर्णिता ॥ ११
सर्वकर्मस्वहिंसां हि धर्मात्मा मनुरब्रवीत् । कामकाराद्विहिंसन्ति बहिर्वेद्यां पशून्नराः ॥ १२
तस्मात्प्रमाणतः कार्यो धर्मः सूक्ष्मो विजानता । अहिंसा सर्वभूतेभ्यो धर्मेभ्यो ज्यायसी मता ॥ १३
यदि यज्ञांश्च वृक्षांश्च यूपांश्चोद्दिश्य मानवाः । वृथामांसानि खादन्ति नैष धर्मः प्रशस्यते ॥ १४
सुरां मत्स्यान्मधु मांसमासवं कृशरौदनम् । धूर्तैः प्रवर्तितं ह्येतन्नैतद्वेदे तु कल्पितम् ॥ १५

---

ફળ મળશે કે નહિ મળે ? છતાં માત્ર પ્રસિદ્ધિની ખાતર જ હિંસામય યજ્ઞો કરે છે. તેમજ ધર્માત્મા સ્વાયંભુ મનુએ તો ત્યાં સુધી કહ્યું છે કે વેદોક્ત જ્યોતિષ્ટોમાદિ કોઈ પણ યજ્ઞો સાક્ષાત્ પશુના વધ વિના જ અહિંસામય રીતે જ કરવા. અને જેને હિંસામાં રુચિ છે એવા પુરુષો તો યજ્ઞવેદિકાથી બહાર વેદની આજ્ઞા વિના સ્વેચ્છાથી પશુઓનો વધ કરે છે. તેને ક્યાં કોઈ વેદની આજ્ઞાઓ બાધરૂપ છે.[૧૦-૧૨] માટે હિંસામય યજ્ઞ છે તે તો કામ્યકર્મ પરાયણ લોકો માટે છે. પરંતુ વેદનું રહસ્ય તો અહિંસામયરૂપ સૂક્ષ્મ ધર્મપરાયણ જ છે. એમ પ્રબળ પ્રમાણોથી જાણી પુરુષોએ અહિંસારૂપ ધર્મનું જ આચરણ કરવું. કારણ કે સર્વે જીવપ્રાણીમાત્રનો કાયા, મન, વાણીથી પણ દ્રોહ ન કરવારૂપ અહિંસા ધર્મ છે તે જ સર્વે ધર્મો કરતાં અતિશય શ્રેષ્ઠ ધર્મ મનાયેલો છે. અને માંસ પ્રિય મનુષ્યો તો સોમાદિ યજ્ઞોને ઉદ્દેશીને જે તે પ્રકારે પશુઓને મારી માંસભક્ષણ કરે છે. તે ખરેખર પાપરૂપ અને અસત્ય છે. કારણ કે પશુનો ઘાત કરવો એ કાંઈ વખાણવા લાયક ધર્મ નથી.[૧૩-૧૪]

યજ્ઞને ઉદ્દેશીને જે સુરાપાન કરવું, મત્સ્યનું ભક્ષણ કરવું, તાળી આદિનું મદ્યપાન કરવું, માંસનું ભક્ષણ, મહુડાના ફુલ આદિના આસવનું પાન, તલ, મગ મિશ્રિત ભાતનું ભક્ષણ કરવું. આ રસાશક્તિએ કરીને કલ્પિત જ છે. રસમાં લોલુપ ધૂર્તલોકોએ તેનું પ્રવર્તન કરેલું છે. પરંતુ વેદમાં આનું ક્યાંય પ્રતિપાદન નથી. તેથી ધૂર્તલોકોએ જે કલ્પના કરી છે તે કેવળ મોહથી પોતાનું અભિમાન પોષવા, લોભથી ધૂતીને ધન ભેળું કરવા અને રસની લોલુપતાને પોષવા જ કરેલું છે. પરંતુ જે અનાદિ કાળથી વૈષ્ણવધર્મ પરાયણ વૈદિક મુનિઓ છે, તે સર્વ પ્રકારના યજ્ઞોમાં એક વિષ્ણુ ભગવાનને જ આરાધ્યદેવ માની તેનું પૂજન કરે છે, અને વિષ્ણુ ભગવાનનું નૈવેદ્ય તો દૂધપાક, પૂરી આદિ પવિત્ર હવિષ્યાન્નથી જ કરવાનું કહેલું છે. તેમજ ખાખરો, આંબો, નાળિયેર આદિ વૃક્ષો અને તેના ફળોનો હૂતદ્રવ્ય તરીકે વેદમાં

मानान्मोहाच्च लोभाच्च लौल्यमेतत्प्रकल्पितम् । विष्णुमेवाभिजानन्ति सर्वयज्ञेषु ब्राह्मणाः ॥ १६
पायसैः सुमनोभिश्च तस्यापि यजनं स्मृतम् । यज्ञियाश्चैव ये वृक्षा वेदेषु परिकल्पिताः ॥ १७
यच्चापि किञ्चित्कार्तिक्यमन्नं चोक्षैः सुसंस्कृतम् । महत्सत्त्वैः शुद्धभावैः सर्वं देवार्हमेव तत् ॥१८
इति भारतवाक्यानि कथितानि चतुःपिब ! । श्रीमद्भागवतस्यापि सिद्धान्तोऽस्त्ययमेव हि ॥ १९
आहुर्धूम्रधियो वेदं सकर्मकमतद्विदः । अग्निमुग्धा धूमतान्ताः स्वं लोकं न विदन्ति ते ॥ २०
कामिनः कृपणा लुब्धाः पुष्पेषु फलबुद्धयः । पशून् द्रुह्यन्ति विस्रब्धाः प्रेत्य खादन्ति ते च तान् ॥ २१
न दद्यादामिषं श्राद्धे न चाद्याद्धर्मतत्त्ववित् । मुन्यन्नैः स्यात्परा प्रीतिर्यथा न पशुहिंसया ॥ २२
वाक्यैरित्यादिभिः साक्षात्पशुघातो मखेष्वपि । निषिद्धः श्रीभागवते किंपुनस्त्वन्यथा वधः ॥ २३

---

સ્વીકારવાનું કહેલું હોવાથી તેનાથી જ અગ્નિ પ્રગટાવવો અને હોમ કરવો, તેથી અતિશય સત્ત્વગુણ સંપન્ન અને વિશુદ્ધ ભાવથી સંપન્ન શુદ્ધ પુરુષોએ પવિત્રપણે રાંધીને તૈયાર કરેલું તથા કાર્તિકમાસમાં ખેતરોમાંથી પાકીને ઘેર આવેલું જે કાંઇ શાળ (ડાંગર) આદિક ધાન્ય હોય તેજ ભગવાન શ્રીવિષ્ણુને અર્પણ કરવા યોગ્ય છે.[૧૫-૧૮]

હે ચતુઃપિબ ! આ પ્રમાણે મહાભારતના પ્રમાણભૂત આઠ શ્લોકનાં વચનો મેં તમને કહ્યાં અને શ્રીમદ્‌ભાગવતનો પણ આજ સિદ્ધાંત છે.[૧૯] પરંતુ જે મલિન બુદ્ધિવાળા છે તે પુરુષો વેદને હિંસા પરત્વે વર્ણવે છે. ખરેખર વેદના રહસ્યને જાણતા જ નથી. તેથીજ તેઓ અગ્નિમાં હોમ કરવાથી જ સ્વર્ગાદિક સુખો પ્રાપ્ત થાય છે. એમ માની અહિંસાદિક સત્યધર્મને ચૂક્યા છે. તેથી દેહના અંત સમયે ધૂમમાર્ગે ગતિ થવાથી વારંવાર સંસારના ચક્રમાં ભ્રમણ કર્યા કરે છે. અને વિશ્રાંતિના સ્થાનરૂપ સ્વયં વાસુદેવ એવા મને ઓળખી શકતા નથી.[૨૦] કામી, કંજૂસ, લોભી અને પુષ્પોની જેમ ઉપરથી રમણીય એવા પંચવિષયોમાં સાચા સુખ ફળની બુદ્ધિથી ગળાડૂબ પુરુષો હિંસામય યજ્ઞોથી જ આપણી ઈચ્છાઓ પૂર્ણ થશે એવા દૃઢવિશ્વાસ સાથે યજ્ઞોમાં પશુઓનો વધ કરે છે. તે પશુઓ પોતાને પીડનાર પુરુષોને તેના વેરનો બદલો લેવા માટે પરલોકમાં સમય આવ્યે માંસભક્ષણ કરી પીડે છે.[૨૧]

ધર્મના તત્ત્વને જાણનારા પુરુષે પિતૃઓના શ્રાદ્ધમાં પણ માંસ ન ખાવું અને ન ખવડાવવું. કારણ કે સામો, નિવાર આદિ મુનિઅન્નથી જેવા પિતૃઓ પ્રસન્ન થાય છે. તેવા બીજા કોઈથી થતા નથી. પશુહિંસાથી તો ક્યારેપણ નહિ.[૨૨] આ રીતનાં શ્રીમદ્ ભાગવતનાં વાક્યોથી દેવતાઓના યજ્ઞોમાં કે પિતૃઓના શ્રાધ્ધમાં પણ સાક્ષાત્ પશુવધનો નિષેધ કરેલો હોવાથી યજ્ઞ કે શ્રાધ્ધ સિવાય ઈતર સ્થળે

सप्तर्षयो वालखिल्यास्तथैवोचुर्मरीचिपाः । अमांसभक्षणं सर्वे प्रशंसन्ति महर्षयः ॥ २४
स्वमांसं परमांसेन यो वर्धयितुमिच्छति । स सीदत्येव नियतमित्युवाच च नारदः ॥ २५
न भक्षयति यो मांसं न हन्यान्न च घातयेत् । स पूज्यः सर्वभूतानामित्याहाद्यो मनुर्वचः ॥ २६
मधुमांसनिवृत्तो यः स दाता स च यज्ञकृत् । स तपस्वी च विज्ञेय इति प्राह बृहस्पतिः ॥ २७
मासिमास्यश्वमेधेन यो यजेत शतं समाः । सोऽमांसाशी च तुल्यौ स्तो भीष्म इत्याह धर्मजम् ॥ २८
आदावज्ञानतो भुक्त्वा मांसं पश्चान्निवर्तते । सोऽपि तत्फलमाप्नोति पुनः खादति चेन्न तत् ॥ २९
यो विद्वान् सर्वभूतेभ्यो भवेदभयदः सदा । स प्राणदो भवेन्नूनं विश्वास्योऽधृष्य एव च ॥ ३०

---

હિંસાનો નિષેધ કર્યો હોય એમાં શું કહેવું ?.[૨૩]

સપ્તર્ષિઓ અને વાલખિલ્યાદિ મહર્ષિઓ તથા ચંદ્રની કિરણોનું પાન કરી જીવતા અન્ય ઋષિઓએ પણ હિંસામય યજ્ઞનો નિષેધ કરેલો છે. તે સિવાયના સર્વે મહર્ષિઓ પણ માંસભક્ષણ ન કરવારૂપ આચારની જ સદાય પ્રશંસા કરેલી છે.[૨૪] જે પુરુષો બીજાના માંસથી પોતાનું માંસ વધારે છે. તે પુરુષો નક્કી મહા દુઃખ પામે છે. એમ દેવર્ષિ નારદે કહેલું છે.[૨૫] જે પુરુષ માંસભક્ષણ કરતો નથી, પશુઓનો વધ કરતો નથી. બીજા દ્વારા પણ જે પશુવધ કરાવતો નથી, તે પુરુષ સર્વ ભૂતપ્રાણી માત્રને માટે પૂજ્ય થાય છે. આ પ્રમાણે પહેલા સ્વાયંભૂમનુએ કહેલું છે. [૨૬]વળી જે પુરુષ મદ્ય માંસના ભક્ષણથી નિવૃત્ત છે તે પુરુષ મહા દાનેશ્વરી અને સર્વયજ્ઞોનો કર્તા કહેલો છે, તથા તેને મહાતપોનિષ્ઠ તપસ્વી જાણવો. આ પ્રમાણે બૃહસ્પતિએ કહેલું છે.[૨૭] એક પુરુષ માસે માસે અશ્વમેધ યજ્ઞ કરનારો હોય અને બીજો માંસ ભક્ષણ ન કરવાના દઢ નિયમમાં વર્તનારો હોય તો તે બન્ને પુરુષ સરખા પુણ્યના ભાગીદાર થાય છે. આ પ્રમાણે ભીષ્મપિતામહે ધર્મરાજ યુધિષ્ઠિરને કહેલું છે.[૨૮]

જે પુરુષે પ્રથમ અજ્ઞાનથી માંસભક્ષણ કર્યું હોય ને ત્યારપછી તેના દોષને જાણી તત્કાળ તેમાંથી નિવૃત્ત થઇ જાય ને ફરી કદી પણ માંસનું ભક્ષણ ન કરે તો તે પુરુષ પણ પૂર્વોક્ત માંસ ન ખાવારૂપ નિયમવાળા પુરુષ જેટલું જ પુણ્ય પ્રાપ્ત કરે છે.[૨૯] જે ધર્મ અને અધર્મના વિવેકને જાણતો વિદ્વાન પુરુષ નિરંતર જીવપ્રાણીમાત્રને અભયદાન આપે છે તે ખરેખર સર્વનો જીવનપ્રદાતા કહેલો છે. અને તેનો પ્રકૃતિના સર્વજીવો વિશ્વાસ કરે છે. તેથી તેનો જગતમાં કોઈ પરાભવ કરી શકતું નથી.[૩૦] જેવી રીતે પોતાને પોતાનો પ્રાણ અતિશય પ્રિય છે. તેવી રીતે

प्राणा यथात्मनोऽभीष्टास्तथा ज्ञेयाः परस्य च । नास्ति मृत्युसमं दुःखं सर्वेषामपि देहिनाम् ॥ ३१
ब्रह्मस्वरूपनिष्ठानां मुनीनां त्यागिनामपि । प्राप्ते स्ववधकाले तु जायते न प्रसन्नता ॥ ३२
अतएव वधे तेषां ब्रह्महत्याधिकः स्मृतः । धर्मशास्त्रे महान्दोषो विदेहानामपि ध्रुवम् ॥ ३३
तथाऽमराणां सर्वेषां यज्ञभागभुजामपि । वधकाले क्वचित्प्राप्ते महती भीर्हि जायते ॥ ३४
जीवहिंसापापमेव देवास्ते तर्हि जानते । पलायमानाः प्रच्छन्नं वसन्तः कन्दरादिषु ॥ ३५
तथा हिंस्रा नरा ये च तेऽप्यत्र स्ववधक्षणे । प्राप्ते त्रस्यन्ति नितरां प्रद्रवन्त इतस्ततः ॥ ३६
अतिक्रूरा अपि च ते तदानीं यान्ति रङ्कताम् । अहिंसां च प्रशंसन्ति निन्दन्तो हिंसनं मुहुः ॥ ३७
भाविस्वमृत्युवार्तायाः श्रवणेऽपि महद्भयम् । जायते हृदये पुंसां कम्पश्च विदुषामपि ॥ ३८

---

અન્ય જીવોને પણ પોતાના પ્રાણ અતિશય પ્રિય હોય છે. કારણ કે સર્વ દેહધારીઓને માટે મરણતુલ્ય કોઈ મોટું દુઃખ નથી.[૩૧] વળી સદાયને માટે આત્માનો સાક્ષાત્કાર પામેલા અને નિવૃત્ત ધર્મમાં નિષ્ઠાવાળા ત્યાગી મુનિજનોને પણ જ્યારે કોઈ તેનો વધ કરવા આવે ત્યારે તેમને પણ બીજાઓની માફક ચિત્તની પ્રસન્નતા રહેતી નથી.[૩૨] અને તેથી જ તેવા દેહાભિમાન વર્જિત મુનિઓના વધમાં ધર્મશાસ્ત્રોએ બ્રહ્મહત્યા કરતાં પણ અધિક મહાપાપ કહેલું છે.[૩૩]

યજ્ઞભાગના ભોક્તા સર્વે દેવતાઓને પણ ક્યારેક અસુરોની સામે રણસંગ્રામાદિકમાં પોતાના વધનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે અત્યંત ભય ઉત્પન્ન થાય છે.[૩૪] એટલાજ માટે સર્વે દેવતાઓ જેમ પોતાના વધનો પ્રસંગ પ્રાપ્ત થતાં ત્યાંથી પલાયન થઈ ગિરિપર્વતોની ગુફામાં ગુપ્તપણે નિવાસ કરીને રહે છે, તેમ સર્વ જીવપ્રાણીમાત્રના વધને પણ તેઓ પાપરૂપ જ જાણે છે.[૩૫] તેવી જ રીતે આ લોકમાં જે હિંસક પુરુષો છે તે પણ જ્યારે પોતાની હત્યાનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે મહાત્રાસ અનુભવે છે. અને જ્યાં ત્યાં ભાગી છૂટે છે.[૩૬] તે સમયે પોતે અતિ ક્રૂર હોવા છતાં પણ રાંક જેવો થઈ જાય છે. અને પ્રાણીવધની વારંવાર નિંદા કરવા લાગે છે. અને અહિંસાની જ પ્રશંસા કરવા લાગે છે.[૩૭] દેહ અને આત્માનો વિવેક સમજતા વિદ્વાન પુરુષોને પણ પોતાના નિશ્ચિત ભાવિ મૃત્યુની વાત સાંભળવા માત્રથી હૃદયમાં એકદમ કંપારી છૂટે છે.[૩૮] જ્યારે પોતાના મૃત્યુની વાત સાંભળવા માત્રથી જ ભય ઉત્પન્ન થતો હોય તો માંસની ઈચ્છા સેવતા પાપી પુરુષો બળપૂર્વક હત્યા કરવા પકડેલાં નિરોગી પ્રાણીઓને શું ભય ઉત્પન્ન નહિ થતો હોય ? અતિશય ભય ઉત્પન્ન થતો હોય છે.[૩૯] માટે માંસભક્ષણ માટે પ્રાણીવધની

तदा तु हन्यमानानां पापैर्मांसार्थिभिर्बलात् । जीवानां रोगहीनानां कथं न स्याद्भयं महत् ॥ ३९
ईदृक्कर्मकृतां पुंसां क्रूराणां निर्दयात्मनाम् । कुतः सौख्यं भवेदत्र परलोके च पापिनाम् ॥ ४०
नहि मांसं तृणात्काष्ठादुपलाद्वापि जायते । हननादेव जन्तूनां जायतेऽत्राघमस्त्यतः ॥ ४१
स्वाहास्वधामृतभुजो देवाः सन्त्यार्जवप्रियाः । क्रव्यादा राक्षसा एव ततो मांसं विवर्जयेत् ॥ ४२
अनुद्वेजयतो जीवान्न भयं क्वापि विद्यते । भूतद्रोग्धुस्त्विहामुत्र भयं नैव निवर्तते ॥ ४३
यद्यत्र खादको न स्यान्न तदा घातको भवेत् । न क्रेता नापि विक्रेता मांसस्यातो न भक्षयेत् ॥ ४४
धनेन क्रयिको हन्ति खादकश्चोपभोगतः । घातको वधबन्धाभ्यां मार्कण्डेयोऽब्रवीदिति ॥ ४५

---

આવી ક્રૂર ક્રિયા કરનારા નિર્દય પાપીઓને આલોકમાં કે પરલોકમાં ક્યાંથી સુખ થાય ?[૪૦]

હે કીચક ! માંસ ઘાસમાંથી ઉત્પન્ન નથી થતું. તેમજ કાષ્ઠમાંથી કે પથ્થરમાંથી પણ ઉત્પન્ન નથી થતું. જ્યારે પ્રાણીઓનો વધ કરવામાં આવે ત્યારેજ માંસ ઉત્પન્ન થાય છે. તેથી માંસભક્ષણ કરવામાં પાપ લાગે છે.[૪૧] દેવતાઓ ''સ્વાહા'' શબ્દથી આપવામાં આવેલા અમૃત શબ્દ વાચ્ય ઘી આદિ હૂત દ્રવ્યોનું ભોજન કરે છે. આર્જવપ્રિય પિતૃઓ છે તે ''સ્વધા'' શબ્દથી અર્પણ કરેલા અમૃત શબ્દ વાચ્ય જળાદિકનું ભોજન કરે છે. અને રાક્ષસો છે તે જ માંસનું ભક્ષણ કરે છે. તેથી માંસભક્ષણ છોડી દેવું અર્થાત્ દેવસંબંધી કે પિતૃસંબંધી કર્મમાં માંસ અયોગ્ય હોવાથી ભક્ષણ કરવું નહિ અને કરાવવું પણ નહિ.[૪૨]

જે બીજા જીવોને ઉદ્વેગ નથી પહોંચાડતો તે પુરુષને કોઇના તરફથી ભય પ્રાપ્ત થતો નથી. જેઓ અન્ય પ્રાણીઓનો દ્રોહ કરે છે તેને આલોક કે પરલોકમાં ક્યારેય ભય નિવૃત્ત પામતો નથી.[૪૩] જો કોઇ પણ મનુષ્યો આ લોકમાં માંસનું ભક્ષણ કરતા જ ન હોય તો માંસ માટે કોઇ ઘાતકી પશુનો ઘાત કરે જ નહિ. તો પછી વહેંચનારો કે ખરીદનારો ક્યાંથી હોય ? તેથી સર્વેના શાંતિના ઉપાયમાં કોઇએ માંસભક્ષણ કરવું જ નહિ.[૪૪] કદાચ કોઇ કહે કે, વેંચવા માટે પ્રાણીનો ઘાત કરનારને પાપ લાગે, પરંતુ ખરીદનાર કે ખાનારને પાપનો સંબંધ કેમ હોઇ શકે ? તેના પ્રમાણમાં માર્કંડેય મુનિ કહે છે કે, ત્રણે ઘાતકી જ છે. માંસને વહેંચનારો ધનની લાલસાથી પ્રાણીનો ઘાતકી થયો. માંસનું ભક્ષણ કરનારો માંસનાભક્ષણની ઇચ્છા કરવારૂપ કર્મથી ઘાતકી થયો. અને સ્વયં શસ્ત્રાદિકથી કે અન્યરીતે પ્રાણીનો વધ કરનારો તો ઘાતકી છે જ. તેથી ત્રણેને સરખો દોષ લાગે છે.[૪૫] ખરીદનારની

आर्हतो चानुमन्ता च विशस्ता क्रयविक्रयी । संस्कर्ता चोपभोक्ता च खादका: सर्व एव हि ॥ ४६
देहपुष्टिं विना कोऽपि गुणो नास्त्यामिषाशने । देहस्तु दु:खरूपोऽस्ति कृतघ्न: क्षणभङ्गुर: ॥ ४७
दोषास्तु बहव: सन्ति नृणामामिषभक्षणे । हिंसामाश्रित्य वर्तन्ते यत: पापानि सर्वश: ॥ ४८
नानाजन्मजरारोगमृत्युदु:खैर्निपीडिता: । संसारे परिवर्तन्ते ये जना जीवहिंसका: ॥ ४९
कुम्भीपाकेषु पच्यन्ते ते चैवानेकयोनिगा: । नरकाधिकदु:खे च गर्भवासेऽपि चावशा: ॥ ५०
सूक्ष्मकीटवधेऽप्यस्ति दोष एव महान्नृणाम् । सन्ति प्राणा: प्रियतमा: सर्वेषामपि देहिनाम् ॥ ५१
आगच्छच्छकटारावभीतो धावन् जिजीविषु: । प्राणा: प्रेष्ठा ममेत्याह व्यासं कीटो यत: पुरा ॥ ५२
अभयं सर्वभूतेभ्यो यो ददाति दयापर: । स एव निर्भयो लोके इहामुत्राप्यसंशयम् ॥ ५३

---

આજ્ઞાથી માંસ ઘરે લાવનાર, અનુમોદન આપનાર, સ્વયં વધ કરનાર, ખરીદનાર, વહેંચનાર, રાંધીને પકવનાર, સ્વયં ખાનાર આ સાત પ્રકારના પુરુષો છે તે માંસભક્ષી જ કહેલા છે, તેથી સાતેને સરખું પાપ લાગે છે.[૪૬] માંસ ભક્ષણમાં દેહની પુષ્ટિ સિવાય બીજો કયો ગુણ છે ? કોઈ જ નથી. દેહતો દુઃખરૂપ, કૃતઘ્ની અને ક્ષણભંગુર છે.[૪૭] માંસભક્ષણ કરવામાં અનંત પ્રકારના દોષ લાગે છે. કારણ કે સમસ્ત પાપો માત્ર હિંસા શબ્દને જ આશરીને રહ્યાં છે.[૪૮] જે જનો જીવપ્રાણીમાત્રની હિંસા કરે છે, તે અનેક પ્રકારના જન્મો, જરા, રોગ, મૃત્યુ વિગેરે અનંત પ્રકારનાં દુઃખોની પીડા પામી સંસૃતિના ચક્રમાં ભટક્યા કરે છે.[૪૯] તે જીવહિંસક મનુષ્યો પ્રથમ કુંભીપાક નરકમાં પડી રંધાય છે. ત્યારપછી કૂતરાં, ગધેડાં આદિ અનંત યોનિમાં જન્મી પરતંત્ર દશામાં રહી ભટકે છે. અને નરક કરતાં પણ અધિક દુઃખમય ગર્ભવાસનાં દુઃખોને વારંવાર ભોગવે છે.[૫૦]

પ્રાણ કોને વહાલા નથી ? મોટા પ્રાણીઓની ઘાત જ માત્ર નહિ, પરંતુ નાના સૂક્ષ્મ જંતુઓની હિંસા પણ મનુષ્યને પાપનો ભાગીદાર ઠેરવે છે. કારણ કે સર્વે જીવપ્રાણીમાત્રને પોતાના પ્રાણ પ્રિય હોય છે.[૫૧] આ બાબતને પુષ્ટ કરતી મહાભારતના દાનધર્મમાં વર્ણવેલી એક પ્રસિદ્ધ કથા છે. પૂર્વે માર્ગમાં વ્યાસજી ચાલ્યા જતા હતા, સામેથી આવતાં ગાડાંનો અવાજ સાંભળી પૈડાના ચીલામાં ભયપામી દોડી રહેલા એક સૂક્ષ્મ જીવને પૂછ્યું આટલો ગભરાઈને દોડાદોડ કેમ કરે છે ? ત્યારે એ જંતુએ વ્યાસજીને જવાબ આપેલો કે મને મારા પ્રાણ અતિશય વહાલા છે.[૫૨] જે પુરુષ દયાભાવ રાખી સર્વ ભૂતપ્રાણીમાત્રને અભયદાન આપે છે, તે જ પુરુષ આલોક તથા પરલોકમાં નિર્ભય રહી શકે છે, તેમાં કોઈ જાતનો

नैनं व्यालमृगा घ्नन्ति न पिशाचा न राक्षसाः । मुच्यते भयकाले स मोक्षयेद्यो भयात्परान् ॥ ५४
मृत्युकाले महान् कम्पः पशूनामपि जायते । तस्मान्नरो दयां कुर्याद्यथात्मनि तथापरे ॥ ५५
मां स भक्षयिताऽमुत्र यस्य मांसमिहाद्म्यहम् । एतन्मांसस्य मांसत्वं प्रवदन्ति मनीषिणः ॥ ५६
यज्ञार्थं पशवः सृष्टा इत्येवं श्रुतिशासनात् । यज्ञादन्यत्र ये घ्नन्ति पशूंस्ते राक्षसाः किल ॥ ५७
यज्ञेषु पश्वालम्भोऽपि न साक्षाद्वेदसम्मतः । किन्त्वसात्त्विकवृत्तीनां रागाद्धिंसानिवृत्तये ॥ ५८
आदौ कृतयुगे धर्मः सत्यदानतपोजपः । आसीत्सत्त्वगुणोद्रेके सर्वेषां च हितावहः ॥ ५९
प्रवृत्तश्च ततो यज्ञो यत्र व्रीहिमयः पशुः । तेनायजन्त यज्वानः पुण्यलोकाभिकांक्षिणः ॥ ६०
तमोऽनुविद्धे रजसि कालेनाथ समुच्छ्रिते । बुद्धिभेदोऽभवन्नृणां देवानां चाधिकारिणाम् ॥ ६१

---

સંશય નથી.[૫૩] જે પુરુષ અન્ય પ્રાણીઓને ભયથી મુક્ત કરે છે. તે પુરુષને સર્પ, વાઘ આદિક હિંસક પ્રાણીઓ અને પિશાચો કે રાક્ષસો પણ મારતા નથી અને તેને કદાચ ભય પ્રાપ્ત થતો હોય છતાં તે સર્વેના ભયથકી મુક્ત થઈ જાય છે.[૫૪]

પશુઓને પણ મૃત્યુકાળ પ્રાપ્ત થતાં શરીરમાંથી મહાન કંપારી છૂટે છે. તેથી મનુષ્યો જેવી દયા પોતાના શરીર ઉપર રાખે છે તેવી દયા અન્ય પ્રાણીઓના શરીર ઉપર પણ રાખવી, ને વિચાર કરવો કે, હું આલોકમાં જે પ્રાણીનું માંસ ભક્ષણ કરું છું, તે પ્રાણી પરલોકમાં મને જ ખાસે. આ પ્રમાણે ધર્મપ્રિય બુદ્ધિવાળા પુરુષોએ માંસ શબ્દનો અર્થ કરેલો છે.[૫૫-૫૬] પશુઓ યજ્ઞને અર્થે જ સર્જ્યાં છે, આવા પ્રકારનું શ્રુતિવચન હોવાથી યજ્ઞ સિવાય અન્ય સ્થળમાં જે પુરુષો પશુઓની હિંસા કરે છે. તે ખરેખર રાક્ષસો છે.[૫૭] યજ્ઞોમાં પણ પ્રત્યક્ષ પશુનો વધ વેદને સંમત નથી. કારણ કે હજારો માતાઓ કરતાં પણ વેદ અધિક વાત્સલ્યભાવને વરેલા છે. છતાં પણ અસાત્વિકવૃત્તિના રાજસી અને તામસી જનોની સ્વાભાવિકી હિંસામાં રુચિ વર્તે છે. તેમાંથી નિવૃત્ત કરવા માટે અને હિંસાના સંકોચ માટે હિંસામય યજ્ઞોનું પ્રતિપાદન કરેલું છે.[૫૮]

સત્વગુણ પ્રધાન આદિ સતયુગમાં સર્વ જીવોનું હિત કરનારા સત્ય, દાન, તપ અને ભગવાનના નામ મંત્રનો જપ વગેરે મુખ્ય ધર્મ હતા.[૫૯] ત્યારપછી તે સત્યુગમાં જ યજ્ઞોની પ્રવૃત્તિ થઈ અને તે યજ્ઞોમાં પણ 'અજ' એટલે ક્યારેય ઉગે નહિ તેવી ડાંગરરૂપ અજથી હોમ કરી પુણ્યલોકને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા પુરુષો યજ્ઞોનું અનુષ્ઠાન કરવા લાગ્યા.[૬૦] પછી કાળક્રમે કરી તમોગુણમિશ્ર રજોગુણની બુદ્ધિમાં વૃદ્ધિ થતાં મનુષ્યો તથા અધિકારી દેવતાઓ પણ મતિ વિપરીત

हिंसालिङ्गांस्ततो मन्त्रानिन्द्रो विश्वजिदाह्वयः । स्वायम्भुवेऽन्तरे पूर्वं त्रेतायां समवर्तयत् ॥ ६२
आदौ यज्ञोऽपि तेनैव वाजिमेधाभिधो महान् । साक्षात्पश्वालम्भयुतः स्वयं कृत्वा प्रवर्तितः ॥ ६३
कथयामि कथामेतां यज्ञसम्बन्धिनीं च ते । प्रोक्ता वायुपुराणे या मात्स्ये स्कान्दे च भारते ॥ ६४
पुरा बभूव देवेन्द्र आद्ये स्वायम्भुवान्तरे । नाम्ना विश्वजिदित्युक्तो मन्त्रविद्याविशारदः ॥ ६५
त्रेतामुखे सोऽश्वमेधं यज्ञं प्रावर्तयत्प्रभुः । स्वनियम्यैर्देवगणैः सह सम्भृतसाधनः ॥ ६६
इन्द्रियाणामधिष्ठातॄन्देवान्देवास्त ईजिरे । तत्राश्वमेधे वितते समाजग्मुर्महर्षयः ॥ ६७
निषेदुस्ते सभामध्ये तत्र देवैः समर्चिताः । ददृशुर्यज्ञसम्भारानृषीन्देवान्समुत्सुकान् ॥ ६८
तत्राथ ददृशुर्बद्धान्दीनान्सङ्क्रोशतः पशून् । ततो विश्वजितं प्रोचुः सर्वेषां शृण्वतां च ते ॥ ६९
अधर्मो धर्मघाताय प्रारब्धः पशुभिस्त्वया । नायं धर्मो ह्यधर्मोऽयं न हिंसा धर्म उच्यते ॥ ७०

---

થયા.[૬૧] ત્યારપછી પૂર્વે સ્વાયંભુવ મન્વંતરના ત્રેતાયુગમાં વિશ્વજીત નામના ઈન્દ્રદેવે મંત્રોમાં અજ શબ્દનો અર્થ ઉગે નહિ તેવી જુની ડાંગરના બદલે 'બકરો' આવો ઉલટો અર્થ કરી હિંસામય યજ્ઞોનું પ્રવર્તન કર્યું.[૬૨] પ્રથમ તો સ્વયં ઈન્દ્રદેવે જ પ્રત્યક્ષ પશુના વધરૂપ મોટો અશ્વમેધ યજ્ઞનું અનુષ્ઠાન કરી તેમાં હિંસાની પ્રવૃત્તિ કરી.[૬૩]

હે કીચક ! તે ઈન્દ્રની હિંસામય યજ્ઞ સંબંધી કથા હું તમને કહું છું. જે કથા વાયુપુરાણ, મત્સ્ય પુરાણ, સ્કંદપુરાણ અને મહાભારતમાં પણ વર્ણવેલી છે.[૬૪] પૂર્વે આદિ સ્વાયંભુવ મન્વંતરમાં મંત્રવિદ્યામાં વિશારદ વિશ્વજિત નામનો ઈન્દ્ર થયો.[૬૫] આ ઈન્દ્રે પોતાની આજ્ઞામાં વર્તતા અન્ય દેવતાઓનાં વૃંદોની સાથે યજ્ઞના ઉપકરણોની સઘળી સામગ્રી સંપાદન કરી, ત્યારપછી સમર્થ એવા એ ઈન્દ્રે ત્રેતાયુગના પ્રારંભમાંજ અશ્વમેધ યજ્ઞનું પ્રવર્તન કર્યું.[૬૬] તે યજ્ઞમાં ઈન્દ્રની આજ્ઞામાં વર્તતા સર્વે દેવતાઓ ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓનું પૂજન કરવા લાગ્યા. તેવામાં વિસ્તાર પામેલા તે યજ્ઞમાં દૈવ ઈચ્છાએ વૃદ્ધ વસિષ્ઠાદિ મુનિઓ પધાર્યા.[૬૭] દેવતાઓએ તેમનું પાદ્ય, અર્ઘ્ય આદિવડે સન્માન કરી પૂજન કર્યું. સર્વેજનો યજ્ઞની સભામાં બેઠા. અને યજ્ઞની સામગ્રી તથા અત્યંત ઉત્સાહમાં વર્તતા યજ્ઞ કરાવનારા ઋષિઓ તથા દેવતાઓને જોયા.[૬૮] તેમાં તેઓએ યજ્ઞમાં બાંધેલાં આક્રોશ કરતાં ગરીબડાં બકરાં આદિ પશુઓને પણ જોયાં, તેથી સર્વે દેવતાઓ અને યજ્ઞ કરાવનારા મુનિઓને સાંભળતાં વિશ્વજિત ઈન્દ્રને કહ્યું કે, હે દેવેન્દ્ર ! તેં સનાતન અહિંસા ધર્મની હત્યા કરવા માટે આવા પશુહિંસારૂપ અધર્મનો પ્રારંભ કર્યો છે ? કારણ કે

आगमेन भवान्सर्वं प्रकरोतु यदिच्छति । विधिदृष्टेन यज्ञेन धर्मेणावध्यसेतुना ॥ ७१
एवमुक्तः सुरेन्द्रस्तैऋषिभिस्तत्त्वदर्शिभिः । नागृह्णाद्वचनं तेषां मानमोहसमन्वितः ॥ ७२
ते तु खिन्ना विवादेन तत्त्वयुक्ता महर्षयः । सन्धाय वाक्यमिन्द्रेण पप्रच्छुः खचरं वसुम् ॥ ७३
महाप्राज्ञ ! कथं दृष्टस्त्वया यज्ञविधिर्नृप ! । इति पृष्टो जगादैवं सोऽविचार्य बलाबलम् ॥ ७४
यष्टव्यं पशुभिर्मेध्यै रसौषधिफलैरपि । हिंसाप्रधानो वै यज्ञविधिर्दृष्टो हि वैदिकः ॥ ७५
इत्युक्तमात्रे स वसुः पपात धरणीतले । ऊर्ध्वचार्यपि भूचारी स एवंवचसाऽभवत् ॥ ७६
धर्माणां संशयच्छेत्ता राजा वसुरधोगतः । हिंसायाः कथनाद्यज्ञे देवानां पक्षपाततः ॥ ७७
ज्ञातुं शक्यो न वेदार्थो बुद्धिमद्भिरपि ध्रुवम् । तस्मादनिश्चयाद्वक्तुं धर्मः शक्यो न केनचित् ॥ ७८

---

યજ્ઞમાં પશુની હત્યા કરવી તે ધર્મ નથી. પરંતુ અધર્મ જ છે.[૬૯-૭૦] હિંસાને કોઇ પણ વ્યક્તિ ધર્મ સ્વરૂપે સ્વીકારી શકે જ નહિ. તમે જે કાંઇ પણ કાર્ય કરવા ઇચ્છતા હો તે સર્વે વેદ પ્રમાણિત અહિંસાત્મક સત્શાસ્ત્રોના વિધિપ્રમાણે ધર્મમર્યાદાનું ઉલ્લંઘન નહિ કરીને ધર્મ પ્રમાણે જ કરો.[૭૧]

હે કીચક ! તત્ત્વદર્શી વૃદ્ધ વસિષ્ઠાદિ મહર્ષિઓએ આ પ્રમાણે કહ્યું છતાં માન અને મોહથી અંધ થયેલા ઇન્દ્રે તેમનાં વચનોનો સ્વીકાર કર્યો નહિ.[૭૨] પરમાર્થ માટે વિચારતા તત્ત્વજ્ઞાની મહર્ષિઓએ ઇન્દ્ર સાથે વિવાદ કરી દુઃખી થઇ રહ્યા હતા, તેવામાં આકાશમાં ગતિ કર્તા ધર્મિષ્ઠ ઉપરિચર વસુ રાજાનું ત્યાં આગમન થતું જોયું, તેથી ઇન્દ્ર સાથે આ ઉપરિચર વસુ જે કહે તે સત્ય માનવું એવી પ્રતિજ્ઞા કરી.[૭૩] પછી દૈવ ઇચ્છાએ પધારેલા વસુરાજાને પૂછવામાં આવ્યું કે હે બુદ્ધિમાન રાજન્ ! તમે ધર્મતત્ત્વને જાણો છો તેથી કેવા પ્રકારના યજ્ઞનો વિધિ તમે સ્વીકારો છો. અહિંસામય કે હિંસામય ? આ પ્રમાણે વૃદ્ધ વસિષ્ઠાદિ મહર્ષિઓએ પૂછ્યું ત્યારે વેદનાં વિધિ વાક્યો અને નિષેધ વાક્યોનો વિચાર કર્યા વિના ઉપરિચર વસુરાજા કહેવા લાગ્યા કે, હે મહર્ષિઓ ! પવિત્ર પશુઓથી યજ્ઞ કરી શકાય અને ઘી આદિક રસોથી ડાંગર આદિ ઔષધિઓથી અને નાળિયેર આદિ ફળોથી પણ યજ્ઞ કરી શકાય કારણ કે વેદોમાં હિંસાપ્રધાન વિધિ પણ જોવામાં આવે છે.[૭૪-૭૫]

હે કીચક ! જ્યાં આવા પ્રકારનું વચન ઉપરિચર વસુ રાજાએ ઉચાર્યું ત્યાં તો આકાશમાં ઉપરગતિ કરતા હતા. ત્યાંથી તેજક્ષણે પૃથ્વીપર પડ્યા.[૭૬] તે વસુરાજા ધર્મસંબંધી સંશયોને દૂર કરનારા ધાર્મિક રાજા હતા, છતાં દેવરાજ ઇન્દ્રની સાથે મિત્રતા હોતાં પક્ષપાત કરવાથી અને યજ્ઞોમાં હિંસાનું પ્રતિપાદન કરવાથી તત્કાળ

अधिकारानुसारेण वेदो धर्मान्ब्रवीति यत् । बहुद्वारस्य धर्मस्य सूक्ष्मा दुरनुगा गतिः ॥ ७९
एवं विवादः सुमहानासीद्यज्ञप्रवर्तने । ऋषीणां देवतानां च पूर्वं स्वायम्भुवान्तरे ॥ ८०
ततस्ते ऋषयो दृष्ट्वा हृतं धर्मं बलेन तु । अवश्यंभाविनं दृष्ट्वा जग्मुः सर्वे यथागतम् ॥ ८१
गतेषु मुनिसङ्घेषु देवा यज्ञमकुर्वत । एवं रजस्तमोवृद्ध्या हिंसा यज्ञे प्रवर्तते ॥ ८२
दृशं च युगं यत्र द्विजा यादृग्गुणास्तथा । तादृशं हि तदा शास्त्रं प्राधान्येन प्रवर्तते ॥ ८३
तस्मान्न हिंसा कार्येति यदुक्तमृषिभिर्वचः । प्रमाणवाक्यं तद्ध्येव गृहीतव्यं मुमुक्षुभिः ॥ ८४
अद्रोहश्चाप्यलोभश्च दमो भूतदया शमः । ब्रह्मचर्यं तपः सत्यमनुक्रोशः क्षमा धृतिः ॥ ८५
सनातनस्य धर्मस्य मूलमेतदितीरितम् । तस्मात्त्याज्यं सदा मांसमित्येषा परमा स्थितिः ॥ ८६

---

અધોગતિને પામ્યા.[૭૭] માટે આવા બુદ્ધિમાન પુરુષો પણ વેદના અર્થને જાણવા સમર્થ થઇ શકતા નથી, તેથી ધર્મનો નિશ્ચય કરવો અશક્ય હોવાથી કોઇ પણ પુરુષો ધર્મનો સાચો નિર્ણય કરી ચોક્કસ ધર્મ કહી શકતા નથી.[૭૮] વેદ તો જેવો જેનો અધિકાર તેને ધ્યાનમાં રાખી ધર્મનું પ્રતિપાદન કરે છે. તેથી અનેક પ્રકારના વિભાગમાં વહેંચાયેલી ધર્મની ગતિ અતિ સૂક્ષ્મ છે અને દુર્ગમ પણ છે.[૭૯]

હે કીચક ! આ પ્રમાણે પૂર્વે સ્વાયંભુવ મન્વંતરમાં ઋષિઓ અને દેવતાઓનો યજ્ઞ પ્રવૃત્તિ નિમિત્તે મોટો વિવાદ થયો.[૮૦] ત્યારપછી અવશ્ય ભાવિનો વિચાર કરી કાળના બળે હણાયેલા અહિંસામય સનાતન ધર્મને જોઇને અને દેવતાઓદ્વારા આ યજ્ઞમાં તે ધર્મનો લોપ થશે અને અધર્મનો પ્રચાર પ્રસાર થશે, એમ માનીને સર્વે ઋષિઓ જેમ આવ્યા હતા તેમ ત્યાંથી ચાલ્યા ગયા.[૮૧]

મુનિઓના ગયા પછી તે દેવતાઓએ આરંભને અનુસારે જ હિંસામય યજ્ઞનું અનુષ્ઠાન કર્યું. ત્યારથી રજોગુણ અને તમોગુણવાળી બુદ્ધિની વૃદ્ધિ થતાં હિંસાની પ્રવૃત્તિ થઇ છે.[૮૨] જ્યાં જ્યારે જ્યારે જેવા પ્રકારના ગુણવાળા યુગ ચાલતા હોય ત્યાં તેવા પ્રકારના બ્રાહ્મણો હોય અને શાસ્ત્રો પણ તેવા પ્રકારનાં જ હોય, તેથી આ પૃથ્વીપર મુમુક્ષુ સજ્જનોએ ક્યારેય પણ હિંસા ન કરવી, એવાં ઋષિમુનિઓનાં વચનોને પ્રમાણપણે માનવાં.[૮૩-૮૪]

પ્રાણીમાત્રને પીડા ન પહોંચાડવારૂપ અદ્રોહ, અલોભ, બ્રાહ્ય ઈન્દ્રિયોનો નિગ્રહ કરવારૂપ દમ, ભૂતપ્રાણી માત્ર પર દયા, અંતઃકરણપર નિગ્રહ કરવારૂપ શમ, બ્રહ્મચર્ય, તપ, પ્રાણીઓના હીતરૂપ સત્યભાષણ, અક્રૂરપણું, પર અપરાધને સહન કરવારૂપ ક્ષમા અને ધીરજ આ બધાં સનાતન ધર્મનાં મૂળ છે. તેથી માંસનો

अहिंसादिः परो धर्मः प्राचीनो नाधुनातनः । असन्मतं ततस्त्यक्त्वा श्रीकृष्णाश्रयमाचर ॥ ८७

**सुव्रत उवाच -**

इत्याश्रुत्य हरेर्वाचं कीचकोऽतीव विस्मितः । सर्वज्ञं तं प्रभुं मेने हृदि चासन्निजं मतम् ॥ ८८
मकारैर्यजनं देव्या अप्रमाणं तदा स तु । प्रतिपादयितुं नैव शशाक पुरतो हरेः ॥ ८९
निर्मानो निर्मदो भूत्वा भीतश्चाधर्मतो भृशम् । किञ्चित्स्वमानरक्षार्थं तं प्रणम्यब्रवीद्वचः ॥ ९०
नारायणमुने ! सत्यं त्वया यत्प्रोच्यते वचः । प्रातरानीय मद्ग्रन्थान्दर्शयिष्ये पुरातनान् ॥ ९१
किञ्चित्कार्यं साम्प्रतं मे भवतीति व्रजाम्यहम् । इत्युक्त्वा स ययौ शीघ्रं सह शिष्यादिभिस्ततः ॥ ९२
प्रावृत्य वाससा वक्रं म्लानं भीतः सवेपथुः । सोऽगाद्गेहं यथा सर्पो वैनतेयमुखच्युतः ॥ ९३
गतेऽथ तस्मिन्भगवान्स्वाश्रितैः सह तत्क्षणम् । सस्नौ तडागे वितते तत्संसर्गाघनुत्तये ॥ ९४
पुनः सभां समभ्येत्य प्रभुः प्राह निजाश्रितान् । देव्याः पूजा मया नैव भक्ता ! वादेऽत्र खण्डिता ॥ ९५

---

સર્વપ્રકારે ત્યાગ કરવો, એજ શ્રેષ્ઠ ધર્મમર્યાદા છે.[૮૫-૮૬] અહિંસારૂપ જે ધર્મ છે તે શ્રેષ્ઠ સનાતન ધર્મ છે. પરંતુ આધુનિક ધર્મ નથી. તેથી હે કીચક ! તમારા અસત્ય મતનો ત્યાગ કરી ભગવાન શ્રીકૃષ્ણનો આશ્રય કરો.[૮૭]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિનાં આવાં અમૃતની સમાન વચનો સાંભળી કીચક અતિશય વિસ્મય પામ્યો, અને પોતાના હૃદયમાં શ્રીહરિને સર્વજ્ઞ પરમેશ્વર માનવા લાગ્યો અને પોતાના મતને અસત્ય માનવા લાગ્યો.[૮૮] આ રીતે કીચક અપ્રમાણ એવા પંચમકારથી દેવીનું પૂજન કરવાના સિદ્ધાંતને ભગવાન શ્રીહરિની આગળ પ્રમાણપણે પ્રતિપાદન કરી શક્યો નહિ.[૮૯] તેથી ગર્વ રહિત નિર્માની થઈ અધર્મથી અત્યંત ભય પામ્યો. છતાં પણ પોતાના માનનું રક્ષણ કરવા શ્રીહરિને પ્રણામ કરી કહેવા લાગ્યો કે, હે નારાયણમુનિ ! તમે જે વચનો કહ્યાં તે સત્ય છે. પરંતુ મારા પુરાતન ગ્રંથો પ્રાતઃકાળમાં લાવીને હું તમને બતાવીશ.[૯૦-૯૧] અત્યારે મને થોડું કામ છે તેથી હું જાઉં છું. એમ કહીને પોતાના શિષ્યોની સાથે ત્યાંથી તત્કાળ નીકળી ગયો.[૯૨]

હે રાજન્ ! જતી વખતે ગ્લાનિ પામેલા પોતાના મુખને વસ્ત્રથી ઢાંકી ભય પામતો અને શરીરે કાંપતો તે કીચક જેમ ગરુડના મુખમાંથી મુક્ત થયેલો સર્પ પોતાનાં દર પ્રત્યે દોડે તેમ સભામાંથી તે પોતાનાં ઘર પ્રત્યે ચાલ્યો ગયો.[૯૩] કીચકના ગયા પછી ભગવાન શ્રીહરિએ સર્વે આશ્રિત સંતો-ભક્તોની સાથે તેના સંસર્ગથી થયેલા પાપને ધોવા માટે અતિશય વિશાળ દેવસરોવરમાં તેજ ક્ષણે સ્નાન કર્યું.[૯૪]

किन्त्वधर्मो हि तत्रस्थो मया सम्यंनिषूदितः । नैवावज्ञा ततः कार्या देव्या धर्मावनस्थितेः ॥ ९६
सभायां विदुषो विप्रान् सद्वाक्यैरिति रञ्जयन् । धर्मस्यैवावनं चक्रे ह्रियमाणस्य दुर्जनैः ॥ ९७
प्रमाणवाक्यैः प्रबलैः शाक्तमार्गस्थितं महत् । मकारपञ्चकाख्यं स पापमेवमनीनशत् ॥ ९८
गन्धपुष्पघृतक्षीरैर्देव्याः सम्यक्प्रपूजनम् । बलिं च माषवटकैः स्थापयामास स प्रभुः ॥ ९९
एवं सद्धर्ममर्यादां तस्य स्थापयतो हरेः । मोक्षदैकादशी तत्र प्रत्यपद्यत भूमिप ! ॥ १००
कारयामास तस्यां च कृष्णार्चनमहोत्सवम् । ग्रामान्तरेभ्य आजग्मुर्जनास्तत्र सहस्रशः ॥ १०१
दर्भावत्यागता भक्ताः स्वपुरागमनाय तम् । प्रार्थयन्नुत्सवस्यान्ते विष्णुगुप्तादयो मुहुः ॥ १०२
तेभ्यः प्रसन्नो भगवांस्तदैव सह तैस्ततः । निर्ययौ तत्पुरं गन्तुमारूढो जविनं हयम् ॥ १०३

શ્રીહરિ સ્નાન કરી ફરી સભામાં બિરાજમાન થયા અને પોતાના આશ્રિતોને કહેવા લાગ્યા કે, હે ભક્તજનો ! કીચક સાથેના વાદવિવાદમાં મેં દેવીની પૂજાનું ખંડન કર્યું નથી. પરંતુ દેવીપૂજામાં શાક્તોએ સ્થાપન કરેલા અધર્મનું સારી રીતે ખંડન કર્યું છે. તેથી ધર્મનું રક્ષણ કરવા અને અસુરોનો વિનાશ કરવામાં ભગવાનની આજ્ઞા પ્રમાણે નિત્યે વર્તતી દેવીની મારા આશ્રિત તમોએ ક્યારેય પણ અવજ્ઞા કરવી નહિ.[૯૫-૯૬]

હે રાજન્ ! આ પ્રમાણે સભામાં વિદ્વાન વિપ્રોને સત્શાસ્ત્રનાં પ્રમાણ યુક્ત અદ્‌ભૂત વચનોથી રંજન કરતા ભગવાન શ્રીહરિએ કીચક જેવા દુર્જનોથી દુર્બળ દશાને પામી લુપ્ત થવા જઇ રહેલા ધર્મનું રક્ષણ કર્યું.[૯૭] પછી ફરીવાર શ્રીહરિએ શક્તિપંથમાં રહેલા પંચમકારરૂપ મહાપાપનો પૂર્વોક્ત પ્રકારનાં પ્રબળ વચનોથી વિનાશ કર્યો અને ચંદન, પુષ્પ, ઘી, દૂધ અને અડદનાં વડાંનો બલિ અર્પણ કરી પૂજન કરવાનો વિધિ સ્થાપન કર્યો.[૯૮-૯૯]

હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિ ધર્મમર્યાદાનું સ્થાપન કરતા જેતલપુરમાં નિવાસ કરીને રહેતા હતા, તેવામાં માગસર સુદ મોક્ષદા એકાદશીનો દિવસ આવ્યો, શ્રીહરિએ તે દિવસે શ્રીકૃષ્ણ ભગવાનની મહાપૂજા કરી મોટો મહોત્સવ ઉજવ્યો. તે મહોત્સવમાં ગામાંતરોમાંથી આવેલા હજારો ભક્તજનો ભેળા થયા હતા, તે સમયે દર્ભાવતી (ડભાણ) પુરીથી વિષ્ણુગુપ્ત આદિ ભક્તો આવ્યા હતા. તેણે ઉત્સવની સમાપ્તિમાં પારણાં કરી બારસને દિવસે ભગવાન શ્રીહરિને પોતાને પુર ડભાણ પધારવાની વારંવાર ખૂબ જ પ્રાર્થના કરી.[૧૦૦-૧૦૨]

**શ્રીહરિનું ડભાણમાં આગમન :–** હે રાજન્ ! વિષ્ણુગુપ્ત આદિ

जयतल्पपुरस्थभक्तवृन्दं स निवर्त्यानुगतं वृतोऽश्ववारैः ।
पथि चावसथेषु भक्तिभाजां निवसन्नर्षिगणः पुरं तदायत् ॥ १०४

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे जयतल्पपुरे क्षुद्रशाक्तमतखण्डनेऽहिंसाधर्मस्थापनवादिपराजयनिरूपणनामा सप्तचत्वारिंशोऽध्यायः ॥ ४७ ॥*

---

**अथ अष्टचत्वारिंशोध्यायः - ४८**

**सुव्रत उवाच -**

प्रत्युद्ययुस्तमायान्तं ज्ञात्वा पौरजना नृप ! । गीतैर्वादित्रघोषैश्च नादयन्तो दिशो दश ॥ १

---

**ડભાણના ભક્તજનોની પ્રાર્થના સાંભળી પ્રસન્ન થયેલા શ્રીહરિ તે જ સમયે વેગવંતા ઘોડા ઉપર બિરાજમાન થઈ તે ભક્તજનોની સાથે જ તેમને ગામ ડભાણ જવા જેતલપુરથી રવાના થયા. અસ્વારોથી વીંટાયેલા શ્રીહરિ સંતમંડળની સાથે ગામથી બહાર નીકળ્યા ત્યારે તેઓને વળાવવા પાછળ આવેલા જેતલપુરના ભક્તજનોને પાછા વાળીને આગળ ચાલ્યા. માર્ગમાં આવતાં ગામોમાં પોતાના ભક્તિભાવવાળા ભક્તજનોના ભવનોમાં નિવાસ કરી તેઓને સુખ આપતા ડભાણપુરમાં પધાર્યા.[૧૦૩-૧૦૪]**

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં જેતલપુરમાં વિરાજમાન ભગવાન શ્રીહરિએ ક્ષુદ્ર શાક્તમતનું ખંડન કરી અહિંસામય ધર્મનું સ્થાપન કર્યું અને વાદી એવા કીચકનો પરાજય કર્યો એ નામે સુડતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૭--***

---

## અધ્યાય - ૪૮

### ડભાણમાં ભક્તજનોએ મોટું સામૈયું કરી ભગવાન શ્રીહરિનો સત્કાર કર્યો.

**સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિના આગમનના સમાચાર સાંભળી ડભાણપુરના ભક્તજનો ગીતો સાથે વાજિંત્રોનો નાદ કરતા દશે દિશાઓને ગજાવતા અતિ આનંદની સાથે શ્રીહરિની સન્મુખ આવ્યા.[૧] તે સમયે સૂર્યના**

अश्ववारैः परिवृतं चञ्चत्कुन्तकरैरथ । आयान्तं तं हरिं दूराद्दृष्ट्वाऽधावन्सहस्रशः ॥ २
ततस्तं प्राप्य झटिति प्रणेमुर्दण्डवज्जनाः । आनन्दाश्रूणि मुञ्चन्तो हृष्टाः पुलकितत्वचः ॥ ३
भगवानपि तान्भक्तान्मानयित्वा यथोचितम् । तैः स्तूयमानसत्कीर्तिः पुरमभ्याययौ ततः ॥ ४
स्वदर्शनार्थं जनतासम्मर्दः स्यान्महानिति । पुराद्बहिर्वटाधस्तात्स स्वावासमकारयत् ॥ ५
ततो मुनीन्पार्षदांश्च नानादेशागताञ्जनान् । योषितश्च यथायोग्यं भगवान्समवासयत् ॥ ६
निजानानन्दयन्भक्तान्धर्ममार्गं प्रवर्तयन् । उवास तत्र स हरिः पुपूजुस्तं च ते जनाः ॥ ७
केसरागुरुकस्तूरीमिश्रैः कुङ्कुमचन्दनैः । सुगन्धिभिः पुष्पहारैः सद्वस्त्रैश्च विभूषणैः ॥ ८
उपहारान् बहुविधान्निवेद्य पुरवासिनः । चक्रुर्नीराजनं भक्त्या कुर्वन्तो गुणकीर्तनम् ॥ ९
आतिथ्यं समुनेस्तस्य चक्रुः पौरा यथोचितम् । पुमांसश्च स्त्रियो भक्ताः परिचर्यामकुर्वत ॥ १०
पौराणिको मयारामो गोविन्दश्च कुबेरजित् । निर्भयो भ्रातृरामश्च हरिकृष्णादयो द्विजाः ॥ ११

---

કિરણોથી ચળકતાં ભાલાધારી ઘોડેસ્વારોથી ઘેરાયેલા ભગવાન શ્રીહરિનાં દૂરથી દર્શન થતાં જ હજારો ભક્તજનોએ શ્રીહરિની સામે દોટ મૂકી.[૨] ભગવાન શ્રીહરિ નજીક પહોંચ્યા ત્યારે સર્વે ભક્તજનો આનંદનાં અશ્રુઓ રેલાવતા શ્રીહરિને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૩] શ્રીહરિએ પણ તે સર્વે ભક્તજનોનું આદર આપી બહુમાન કર્યું, અને ભક્તજનો પણ શ્રીહરિનું કીર્તન ગાન કરવા લાગ્યા. તેને સાંભળતા શ્રીહરિ ડભાણપુરમાં પધાર્યા.[૪]

પોતાનાં દર્શને આવેલા ભક્તજનોની મોટી ભીડ થશે, એવું જાણી ભગવાન શ્રીહરિએ પુરની બહારના ભાગે પશ્ચિમ વિભાગમાં વિશાળ વટવૃક્ષ નીચે પોતાનો નિવાસ કર્યો.[૫] તેમજ સંતો, પાર્ષદો અને દેશાંતરથી પધારેલા નરનારી હરિભક્તોના યથા યોગ્ય ઉતારા કરાવ્યા.[૬] આ રીતે ધર્મમાર્ગનું પ્રવર્તન કરતા ભગવાન શ્રીહરિ ડભાણપુરમાં રહ્યા અને પુરના સર્વે ભક્તજનો પણ શ્રીસહજાનંદ સ્વામીનું કેસર, અગરુ અને કસ્તૂરીમિશ્રિત કુંકુમ તથા ચંદન અને સુગંધીમાન પુષ્પના હારો, સુંદર વસ્ત્રો અને અનેક પ્રકારનાં આભૂષણોથી પૂજન કર્યું.[૭-૮] ત્યારપછી શ્રીહરિની આગળ ભક્તજનો બહુપ્રકારના નૈવેદ્યનું નિવેદન કરી તેમના ગુણોનું સંકીર્તન કરતા થકા ભક્તિભાવપૂર્વક શ્રીહરિની આરતી કરી.[૯] હે રાજન્ ! આ પ્રમાણે ડભાણપુરવાસી નરનારી ભક્તજનો ભગવાન શ્રીહરિનો તથા તેમની સાથે પધારેલા સંતો, પાર્ષદોનો યથાયોગ્ય આતિથ્ય સત્કાર કરી પ્રેમથી સેવા કરવા લાગ્યા.[૧૦] તેમાં મયારામ પુરાણી, ગોવિંદજી, નિર્ભય, ભાઈરામ, હરિકૃષ્ણ આદિ બ્રાહ્મણ ભક્તો તથા રઘુનાથદાસ નામના બે ભક્તો તેમજ વિષ્ણુગુપ્ત, રાજાજી, પ્રયાગદાસ

रघुनाथदासयुग्मं विष्णुगुप्तश्च राजजित् । प्रयागदासप्रमुखा विशः पर्यचरंश्च तम् ॥ १२
अबला शर्करा दत्ता शिवाद्या योषितस्तथा । परिचर्यारता आसन् दृढभक्तय आदरात् ॥ १३
अथ तत्रागतैर्विप्रैर्विद्वद्भिः स सहस्रशः । भगवान्कारयामास विष्णुयागमहोत्सवम् ॥ १४
कुण्डं च मण्डपं विप्रास्तत्र कृत्वा यथाविधि । दशांशहोमं कृत्वा च चक्रुः पूर्णाहुतिं ततः ॥ १५
महद्भिरेव सम्भारैर्यज्ञ आसीत्स उत्तमः । यत्र हव्यैः सुराः सर्वे तुतुषुः पायसादिभिः ॥ १६
प्रचुराज्यसितैर्भोज्यैर्दक्षिणाभिश्च वाडवाः । यत्र सन्तुतुषुः सर्वे ये चान्येऽन्नार्थिनोऽपि ते ॥ १७
पक्वान्नानां लड्डुकानां सितानां घनसर्पिषा । बभूवू राशयो यत्र गण्डशैलनिभा नृप ! ॥ १८
दीयतां दीयतामेतद्भुज्यतां भुज्यतामिति । आसीत्सुतुमुलो घोषो विप्राणां यत्र सर्वतः ॥ १९
तेभ्यश्च दक्षिणाः प्रादाद्विद्वद्भ्यस्तु विशेषतः । पात्रापात्रविचारज्ञो भगवान्स यथोचितम् ॥ २०

વગેરે વૈશ્યભક્તજનો અતિ આદરથી ભગવાન શ્રીહરિની સેવા કરતા હતા.[૧૧-૧૨] અબળા, સાકર, દત્તા, શિવા આદિ સ્ત્રી ભક્તજનો પણ અતિ આદરપૂર્વક ભગવાન શ્રીહરિની સેવામાં તત્પર થઈને રહેવા લાગ્યાં.[૧૩]

**મહાવિષ્ણુયાગની ભવ્ય ઉજવણી :-** હે રાજન્ ! સકલ ઐશ્વર્ય સંપન્ન શ્રીહરિ તે દર્ભાવતીપુરીમાં પોતાને દર્શને આવેલા હજારો પંડિત બ્રાહ્મણ ભક્તજનો પાસે મહાવિષ્ણુયાગનું આયોજન કરાવ્યું.[૧૪] મહાવિષ્ણુયાગમાં પ્રાણગોવિંદ આદિક વિદ્વાન વિપ્રોએ શાસ્ત્રવિધિ અનુસાર કુંડ તથા મંડપની રચના કરાવી, દશાંશ હોમ કરાવી, યજ્ઞની પૂર્ણાહુતિ કરાવી.[૧૫] તે વિષ્ણુયાગમાં 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી અનંત પ્રકારની ઉચ્ચ કોટીની સામગ્રી ભેળી કરી હતી અને તેમાં હોમવામાં આવેલા દૂધપાક આદિ હૂતદ્રવ્યોનો સ્વીકાર કરી વિશ્વના સર્વે દેવતાઓ અત્યંત રાજી થયા.[૧૬]

હે રાજન્ ! એટલું જ નહિ પરંતુ મહા વિષ્ણુયાગમાં આવેલા સર્વે બ્રાહ્મણો સાકર ઘીથી લચપચતા લાડુનાં ભોજન જમ્યા, તેમજ બહુ પ્રકારની દક્ષિણાઓ પ્રાપ્ત કરીને અત્યંત ખુશ થયા. અને અન્ય જનો પણ વિવિધ ભોજનો જમી અતિ સંતોષ પામ્યા.[૧૭] હે રાજન્ ! યજ્ઞમાં ઘણાં ઘી-સાકર નાખી તૈયાર કરેલાં પકવાન્નો તથા ગંગાજળ જેવા ધોળા લાડુઓનો પર્વતની શિલા જેવો વિશાળ ઢગલો કરવામાં આવેલો.[૧૮] અને ભોજનની પંક્તિ પડે ત્યારે જમવા બેઠેલા ભૂદેવોના મુખે ચારે તરફથી લાડુ આપો, લાડુ આપો, લાડુ જમો, લાડુ જમો, આવા પ્રકારનો મહાનાદ થતો હતો.[૧૯]

હે રાજન્ ! યજ્ઞમાં પધારેલા બ્રાહ્મણોને પાત્ર કે અપાત્રનો વિવેક કર્યા

कन्यादानान्यनेकानि कारयामास च प्रभुः । तथा द्विजकुमाराणां मौञ्जीबन्धान् यथाविधि ॥ २१
रङ्केभ्यः पापभीरुभ्यो दुर्बलेभ्यश्च भूरिशः । धनं स दापयामास दरिद्रेभ्यश्च सर्ववित् ॥ २२
याचकेभ्यो ह्यलङ्कारान् स्वर्णशृङ्खलकादिकान् । ददौ च सहसा प्रीतो वस्त्राणि विविधानि च ॥ २३
भूमिदानं च गोदानमश्वदानं तथैव च । महादानानि सर्वाणि कारयामास सोऽच्युतः ॥ २४
यथा यज्ञो महानासीद्दर्भावत्यां हरेस्तथा । न भूमौ भूपतेः कोऽपि दृश्यते श्रूयतेऽपि वा ॥ २५
संवत्सरे विक्रमाख्ये वर्तमाने महामखम् । एतं समापयत् पौष्यां भुवि विस्मापयन्नृपान् ॥ २६
अत्रैव साक्षाद्भगवत्समीक्षां गुरुः शतानन्दमुनिर्ममाऽऽपत् ।
संस्थापयामास निजान्तिके तं प्रीत्या हरिश्च क्षितिप ! स्वभक्तम् ॥ २७

**इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे दर्भावतीपुरे विष्णुयागमहोत्सवनिरूपणनामाऽष्टचत्वारिंशोऽध्यायः ॥ ४८ ॥**

---

**વિના ભગવાન શ્રીહરિએ ખૂબજ દક્ષિણાઓ આપી તથા જે વિદ્વાન ભૂદેવો હતા તેમને તો સર્વે કરતાં વિશેષપણે દક્ષિણાઓ અર્પણ કરી.[૨૦] સમર્થ ભગવાન શ્રીહરિએ મહાવિષ્ણુયાગમાં બ્રાહ્મણોની કન્યાઓનાં અનેક કન્યાદાન કરાવ્યાં અને યથાશાસ્ત્ર બ્રાહ્મણ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર પણ કરાવ્યા.[૨૧] યજ્ઞમાં કોણ ગરીબ છે ને કોણ તવંગર છે તેને જાણતા ભગવાન શ્રીહરિએ પાપકર્મથી ભય પામી જીવન જીવતા ઘણા બધા રંકજનોને અને રોગથી દુર્બળ થયેલા ગરીબોને ખૂબજ ધન આપી સુખીયા કર્યા.[૨૨]**

**હે રાજન્ ! યજ્ઞમાં ભિક્ષા માગીને ગુજરાન ચલાવતા સૂત તથા બંદીજનનો ઉપર ભગવાન શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા તેથી તેઓને સુવર્ણના અનંત પ્રકારના અલંકારો તથા અનંત પ્રકારનાં વસ્ત્રો દાનમાં આપી અત્યંત રાજી કર્યા.[૨૩] આ રીતે અચ્યુત ભગવાન શ્રીહરિ જેને જેની જરૂરત હતી તેને તેવાં પ્રકારનાં ભૂમિદાન, ગોદાન, અશ્વદાન આદિ સર્વ પ્રકારનાં મહાદાનો આપી સુખીયા કર્યા.[૨૪]**

**હે રાજન્ ! દર્ભાવતીપુરીમાં ભગવાન શ્રીનારાયણમુનિએ જેવો મહાન વિષ્ણુયાગ મહોત્સવ ઉજવ્યો તેવો ઉત્સવ આજ દિવસ સુધી પૃથ્વીપરના કોઇ રાજા મહારાજાઓ પણ ઉજવી શક્યા નથી. આવી ખ્યાતિ થઇ.[૨૫] હે રાજન્ ! વિક્રમ સંવત ૧૮૬૬ ના પોષસુદ પૂર્ણિમાના પવિત્ર દિવસે પૃથ્વીપરના સમસ્ત રાજા મહારાજાઓને પણ વિસ્મય ઉપજાવે તેવા 'ન ભૂતો ન ભવિષ્યતિ' મહાવિષ્ણુયાગની શ્રીહરિએ પૂર્ણાહૂતિ કરી.[૨૬]**

**अथ एकोनपञ्चाशत्तमोऽध्यायः - ४९**

**सुव्रत उवाच -**

एवं महाविष्णुमखं समाप्य स तोषयित्वाऽखिलभूसुरांश्च ।
महासभायां हरिरुच्चपीठमध्यारुहत्स्वैः परिपूज्यमानः ॥ १
मर्यादया तत्र च सन्निविष्टान्भक्तानशेषान् पुरुषांश्च योषाः ।
विलोक्य वाचाऽमृतमिष्टया तानानन्दयन्नित्थमसौ जगाद ॥ २

**श्रीनारायणमुनिरुवाच -**

भक्ताः ! शृणुत कस्यापि प्रष्टव्यं यदि किञ्चन । भवेत्तर्हि स मामद्य सुखेन परिपृच्छतु ॥ ३

---

**ગ્રંથકર્તા શતાનંદસ્વામીનું સત્સંગમાં આગમન :-** હે રાજન્ ! મારા ગુરુ શતાનંદમુનિ પણ આજ મહાવિષ્ણુયાગ મહોત્સવમાં પ્રત્યક્ષ પ્રમાણ બિરાજતા ભગવાન શ્રીસ્વામિનારાયણનાં દર્શને પધારેલા, ત્યારે શ્રીહરિએ પણ પોતાના એકાંતિક ભક્તવર્ય એવા તેમનું સન્માન કરી પોતાની સમીપે નિવાસ કરાવ્યો.[૨૭]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ડભાણપુરમાં શ્રીહરિએ મહાવિષ્ણુયાગના ઉત્સવનું નિરૂપણ કર્યું એ નામે અડતાલીસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૮--***

---

## અધ્યાય - ૪૯

## ડભાણમાં મોટી સત્સંગસભામાં બ્રાહ્મણોનું સેવન, પૂજન એજ મુખ્ય રાજધર્મનું શ્રીહરિએ કરેલું નિરૂપણ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ મહાવિષ્ણુયાગની સમાપ્તિ કરી, બ્રાહ્મણોને અનંત પ્રકારનાં ભોજનોથી તૃપ્ત કરી દક્ષિણાઓ આપી. તેથી સંતોષ પામેલા સમસ્ત ભક્તજનોએ શ્રીહરિનું પૂજન કર્યું. પછી મોટી સભામાં ઊંચા સિંહાસન ઉપર બિરાજમાન થયા. તે સમયે પોતાની સન્મુખ મર્યાદામાં બેઠેલા સમસ્ત નરનારી ભક્તજનો ઉપર કરુણા દૃષ્ટિથી નિહાળી આનંદ ઉપજાવતા થકા અમૃતની સમાન વચનો કહેવા લાગ્યા.[૧-૨] શ્રીનારાયણમુનિ

**सुव्रत उवाच** -

नमस्कृत्याथ तं भक्त्या सभायां तत्र संस्थितः । सूरः पप्रच्छ नृपतिर्नागटङ्कपुराधिपः ॥ ४

**सूर उवाच** -

श्रोतुमिच्छामि भगवन्निहामुत्र सुखावहम् राज्ञः । किं सर्वकृत्येषु श्रेष्ठं तद्वक्तुमर्हसि ॥ ५

**सुव्रत उवाच** -

इति तेन स सम्पृष्टो निजभक्तेन भूमिप ! । ब्रह्मण्यदेवो भगवान् जगादानन्दयन्सदः ॥ ६

**श्रीनारायणमुनिरुवाच** -

यथा पृच्छसि मां तद्वद्भीष्मं पप्रच्छ धर्मराट् । भारते दानधर्मेषु श्रुत्वा राज्ञः शिबेः कथाम् ॥ ७
तमुवाच महातेजा यत्स शन्तनुनन्दनः । भीष्मो धर्मभृतां श्रेष्ठस्तदहं कथयामि ते ॥ ८

**भीष्म उवाच** -

एतद्राज्ञः कृत्यतममभिषिक्तस्य भारत ! । ब्राह्मणानामनुष्ठानमत्यन्तं सुखमिच्छतः ॥ ९

---

કહે છે, હે ભક્તજનો ! મારું વચન તમે સાવધાન થઈને સાંભળો, તમારામાંથી કોઈ પણ ભક્તજનને કાંઈ પૂછવું હોય તો મને નિઃસંકોચભાવે પૂછો.[૩]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ત્યારે સભામાં બેઠેલા લોયા-નાગડકાના ધણી સુરાભક્ત શ્રીહરિને ભાવપૂર્વક નમસ્કાર કરી પ્રશ્ન પૂછ્યો.[૪] સુરાભક્ત કહે છે, હે ભગવન્ ! આલોકમાં તેમજ પરલોકમાં અમારા જેવા રાજાઓને જે કાર્ય કરવાથી મહાસુખની પ્રાપ્તિ થાય તેવું કયું શ્રેષ્ઠ કાર્ય છે, તે અમને જાણવાની ઈચ્છા છે. તો આપ કૃપા કરીને અમને જણાવો.[૫] રાજર્ષિ સુરાભક્તે આ પ્રમાણે પૂછ્યું, ત્યારે બ્રાહ્મણોનું દેવસમાન સન્માન પૂજન કરતા ભગવાન શ્રીહરિ અતિશય પ્રસન્ન થઈ સભામાં ઉપસ્થિત સર્વ ભક્તજનોને આનંદ ઉપજાવતા કહેવા લાગ્યા.[૬] હે રાજર્ષિ ! હે સુરાભક્ત ! જે રીતે તમે મને પૂછો છો, તે રીતે પૂર્વે મહાભારતના દાન ધર્મને વિષે શિબિરાજાની કથાનું શ્રવણ કર્યા પછી યુધિષ્ઠિર રાજાએ પણ ભીષ્મપિતામહને પ્રશ્ન કર્યો હતો. ત્યારે મહા તેજસ્વી અને ધર્મધારીઓમાં શ્રેષ્ઠ ભીષ્મપિતામહે ધર્મરાજ યુધિષ્ઠિરને જે ઉત્તર આપ્યો હતો તે જ ઉત્તર હું તમને સંભળાવું છું.[૭-૮]

ભીષ્મપિતામહ કહે છે, હે યુધિષ્ઠિર ! સર્વોત્તમ સુખને ઈચ્છતા રાજાનો સર્વશ્રેષ્ઠ ધર્મ જો કોઈ હોય તો તે છે, બ્રાહ્મણોનું અતિશય સેવન કરવું, હે ભરતવંશ શિરોમણિ ! આલોકમાં બ્રાહ્મણોની સેવા પૂજા કરવારૂપ રાજકર્તવ્ય શું છે ? તે હું

कर्तव्यं पार्थिवेनेह तद्विद्धि भरतर्षभ ! । श्रोत्रियान्ब्राह्मणान्वृद्धान्नित्यमेवाभिपूजयेत् ॥ १०
पौरान् जानपदांश्चापि ब्राह्मणांस्तु बहुश्रुतान् । सान्त्वेन भोगदानेन नमस्कारैस्तथार्चयेत् ॥ ११
एतत्कृत्यतमं राज्ञो नित्यमेवोपलक्षयेत् । यथात्मानं यथा पुत्रांस्तथैतान्प्रतिपालयेत् ॥ १२
ये चाप्येषां पूज्यतमास्तान् दृढं प्रतिपूजयेत् । तेषु शान्तेषु तद्राष्ट्रं सर्वमेव विराजते ॥ १३
ते पूज्यास्ते नमस्कार्या मान्यास्ते पितरो यथा । तेष्वेव यात्रा लोकानां भूतानामिव वासवे ॥ १४
अदैवं दैवतं कुर्युर्दैवतं चाप्यदैवतम् । यमिच्छेद्यः स राजा स्याद्यो नेष्टः स पराभवेत् ॥ १५
परिवादांश्च ये कुर्युर्ब्राह्मणानामचेतसः । सत्यं ब्रवीमि ते राजन् ! विनश्येयुर्न संशयः ॥ १६
ब्राह्मणा यं प्रशंसन्ति पुरुषः स प्रवर्धते । ब्राह्मणैर्यः पराकुष्टः पराभूयात् क्षणाद्धि सः ॥ १७

તમને જણાવું છું. રાજાએ ક્ષોત્રિય, વયોવૃદ્ધ અને તપોનિષ્ઠ બ્રાહ્મણોનું નિત્યે પૂજન કરવું.[૯-૧૦] હે યુધિષ્ઠિર ! પોતાના પુરવાસી કે દેશવાસી જે બ્રાહ્મણો શાસ્ત્રોનો અભ્યાસ કરનારા હોય તેને સાંત્વના આપવા પૂર્વક મીઠી વાણીથી બોલાવી તેમને ઈચ્છીત અન્ન, ધન અને વસ્ત્રોનું પ્રદાન કરવું અને જ્યારે સન્મુખ મળે ત્યારે નમસ્કાર કરીને પૂજન કરી રાજી કરવા, આવી રીતે બ્રાહ્મણોની સેવા કરવાથી રાજાનું રાજપણું શોભે છે. અને રાજા જેવી રીતે પોતાનું અને પોતાના પુત્રોનું પોષણ કરે છે. તેવી જ રીતે બ્રાહ્મણોનું પણ પાલનપોષણ કરવું જોઈએ.[૧૧-૧૨]

હે રાજન્ ! બ્રાહ્મણોની મધ્યે જે બ્રાહ્મણ શાસ્ત્રાધ્યયનથી, તપથી કે યજ્ઞાદિગુણોથી વધુ પૂજવાલાયક હોય તેમનું તો વિશેષપણે કરીને સન્માન કરવા પૂર્વક સારું પૂજન કરવું, આવા અત્યંત પૂજનીય બ્રાહ્મણો અન્ન, ધન અને વસ્ત્રાદિકથી અધિક સુખી થાય તો રાજાનું સમસ્ત રાજ્ય પણ વિશેષપણે કરીને સુખી અને સમૃદ્ધ થાય છે.[૧૩] બ્રાહ્મણોને પોતાનાં માતા-પિતાની સમાન પૂજ્ય રાખવા જોઈએ. કારણ કે સ્થાવરજંગમ સર્વભૂત પ્રાણીમાત્રની આજીવિકા જેમ ઈન્દ્રદેવને આધીન છે, તેમ આલોકના જનોની આજીવિકાનો આધાર બ્રાહ્મણો છે. તેથી જેટલું બ્રાહ્મણોનું સન્માન તેટલી રાજાની પ્રજા વધુ સુખી.[૧૪]

હે યુધિષ્ઠિર ! સંતોષ પામેલા બ્રાહ્મણો ભાગ્યહીન પુરુષને ભાગ્યવાન કરે છે. અને દુભાએલા બ્રાહ્મણો ભાગ્યવાન પુરુષોને ભાગ્યહીન કરે છે. પૂર્વે જેવી રીતે નહૂષને રાજા કર્યો હતો. તેવીજ રીતે સંતોષ પામેલા બ્રાહ્મણો જે પુરુષને રાજા કરવાની ઈચ્છા કરે તે પુરુષને રાજા બનાવી શકે છે, અને જેને રાજપદમાંથી ભ્રષ્ટ કરવા ઈચ્છે તે રાજપદપરથી ભ્રષ્ટ પણ થઈ જાય છે.[૧૫] હે રાજન્ ! જે

परिवादो द्विजातीनां न श्रोतव्यः कथञ्चन । आसीताधोमुखस्तूष्णीं समुत्थाय व्रजेच्च वा ॥ १८
न स जातो जनिष्यन् वा पृथिव्यामिह कश्चन । यो ब्राह्मणविरोधेन सुखं जीवितुमुत्सहेत् ॥ १९
एते भोगैरलङ्कारैरन्यैश्चैव किमिच्छकैः । सदा पूज्या नमस्कारै रक्ष्याश्च पितृवन्नृपैः ॥ २०
ब्राह्मणं जातिसम्पन्नं धर्मज्ञं संशितव्रतम् । वासयेत गृहे राजन्न तस्मात्परमस्ति वै ॥ २१
ब्राह्मणेभ्यो हविर्दत्तं प्रतिगृह्णन्ति देवताः । पितरः सर्वभूतानां नैतेभ्यो विद्यते परम् ॥ २२
आदित्यश्चन्द्रमा वायुरापो भूरम्बरं दिशः । सर्वे ब्राह्मणमाविश्य सहान्नमुपयुञ्जते ॥ २३

---

અજ્ઞાની રાજાઓ બ્રાહ્મણોની નિંદા કરે છે તે રાજાઓનો નિશ્ચય વિનાશ થાય છે. આ બાબત હું સત્ય કહું છું, તેમાં કોઇ સંશય નથી.[૧૬]

હે રાજન્ ! બ્રાહ્મણો જે પુરુષની પ્રશંસા કરે છે. તે પુરુષ ચોક્કસ વૃદ્ધિને પામે છે.[૧૭] અને બ્રાહ્મણો જેની અવગણના કરે છે તે પુરુષ ક્ષણવારમાંજ પરાભવ પામે છે. તેમજ બ્રાહ્મણોની નિંદા રાજાઓએ કોઇ પણ રીતે ન સાંભળવી. કોઇ મૂઢ દુર્જનો જો બ્રાહ્મણોની નિંદા કરે તો વિવેકી રાજાએ તેનો પ્રત્યુત્તર આપવો. અને જો પ્રત્યુત્તર આપવા સમર્થ ન હોય તો નીચું મુખ કરી મૌન બેસી રહેવું અથવા ત્યાંથી ઉઠીને ચાલ્યા જવું.[૧૮] બ્રાહ્મણોની સાથે દ્વેષ કરીને સુખેથી જીવી શકે એવો હજુ કોઇ આ પૃથ્વી પર જન્મ્યો નથી અને જન્મવાનો નથી.[૧૯] તેથી રાજાઓએ આવા પ્રતાપશાળી બ્રાહ્મણોનું અન્ન વસ્ત્રાદિક ભોગ્ય વસ્તુઓ અર્પણ કરીને તથા અલંકારાદિકનું દાન કરીને તથા જે કાંઇ પદાર્થ ઇચ્છે તેનું પ્રદાન કરીને સર્વકાળે પોતાના પિતાની જેમ નમસ્કાર કરીને પાલન પોષણ તેમજ પૂજન કર્યા કરવું.[૨૦]

હે રાજન્ ! સત્કુળમાં જન્મેલા, ધર્મના રહસ્યને જાણનારા તીવ્ર તપમાં નિષ્ઠાવાળા અને લક્ષણોથી યુક્ત બ્રાહ્મણને પોતાના ભવનમાં નિવાસ કરાવવો અને તેમની આજીવિકાવૃત્તિ બાંધી આપવી, કારણ કે આવા ગુણસંપન્ન બ્રાહ્મણોથી પર બીજું કાંઇ શ્રેષ્ઠ નથી. તેમ કરવાથી રાજા શ્રીમાન અને અધિક સુખસંપન્ન થાય છે.[૨૧] સર્વે દેવતાઓ પણ યજ્ઞમાં અર્પણ કરેલા હવિષ્યાન્નને બ્રાહ્મણના મુખથકી જ ગ્રહણ કરે છે. તેમજ પિતૃઓ પણ શ્રાદ્ધમાં અર્પણ કરેલા કવ્યને બ્રાહ્મણોના મુખ થકી જ ગ્રહણ કરે છે. તેથી સર્વભૂત પ્રાણીમાત્રને મધ્યે બ્રાહ્મણની સમાન કોઇ શ્રેષ્ઠ નથી.[૨૨] હે રાજન્ ! આદિત્યો, ચંદ્રમા, વાયુ, વરુણ, પૃથ્વી, આકાશ અને દિશાઓના અભિમાની સર્વે દેવતાઓ પણ પવિત્ર બ્રાહ્મણના શરીરમાં

न तस्याश्नन्ति पितरो यस्य विप्रा न भुञ्जते । देवाश्चाप्यस्य नाश्नन्ति पापस्य ब्राह्मणद्विषः ॥ २४
ब्राह्मणेषु तु तुष्टेषु प्रीयन्ते पितरः सदा । तथैव देवता राजन्नात्र कार्या विचारणा ॥ २५
ये ब्राह्मणमुखात्प्राप्तं प्रतिगृह्णन्ति वै वचः । भूमिपाला महात्मानस्ते न यान्ति पराभवम् ॥ २६
क्षत्रियाणां प्रतपतां तेजसा च बलेन च । ब्राह्मणेष्वेव शाम्यन्ति तेजांसि च बलानि च ॥ २७
जन्मनैव महाभागो ब्राह्मणो नाम जायते । नमस्यः सर्वभूतानामतिथिः प्रशृताग्रभुक् ॥ २८
ब्राह्मणानां परिभवादसुराः सलिलेशयाः । ब्राह्मणानां प्रसादाच्च देवाः स्वर्गनिवासिनः ॥ २९
न ब्राह्मणविरोधेन शक्या शास्तुं वसुन्धरा । ब्राह्मणा हि महात्मानो देवानामपि देवताः ॥ ३०
तान् पूजयस्व सततं दानेन परिचर्यया । यदीच्छसि महीं भोक्तुमिमां सागरमेखलाम् ॥ ३१

**श्रीनारायणमुनिरुवाच -**

इत्थं भीष्मो धर्मराजं गरीयो नृपकर्म तु । विप्रसन्मानमेवाह स च राजा तथाऽकरोत् ॥ ३२

---

પ્રવેશ કરીને તેમની સાથે જ અન્નનો આહાર કરે છે.[૨૩] જેથી બ્રાહ્મણોનો દ્વેષ કરનાર પાપી પુરુષનું અન્ન બ્રાહ્મણો જમતા નથી. તેથી તે પુરુષે યજ્ઞમાં કે શ્રાદ્ધમાં અર્પણ કરેલું અન્ન દેવતાઓ કે પિતૃઓ પણ ગ્રહણ કરતા નથી.[૨૪] હે રાજન્ ! જો બ્રાહ્મણો પ્રસન્ન રહે છે તોજ દેવતાઓ અને પિતૃઓ સદાય પ્રસન્ન રહે છે. આમાં કોઈ શંકાને સ્થાન નથી.[૨૫]

હે રાજન્ ! જે ઉદારમતિવાળા રાજાઓ બ્રાહ્મણોના મુખમાંથી નીકળેલાં પોતાનાં હિતકારી વચનોનો કર્તવ્યપણે સ્વીકાર કરે છે, તે રાજાઓનો ક્યારેય પણ પરાભવ થતો નથી.[૨૬] જોકે તેજસ્વી ક્ષત્રિયો પોતાનાં તેજ અને બળથી દશે દિશાઓને તપાવે છે, છતાં તેઓનાં બળ અને તેજ બ્રાહ્મણોનો અપરાધ કરવાથી બ્રાહ્મણોમાં જ વિલીન થઈ જાય છે.[૨૭] બ્રાહ્મણને ઘેર જન્મ લેવાથી જ બ્રાહ્મણ મહાભાગ્યશાળી થાય છે અને સર્વ ભૂતપ્રાણીમાત્રને નમસ્કાર કરવા યોગ્ય તેમજ રાંધેલા અન્નને પ્રથમ ગ્રહણ કરનાર અધિકારી થાય છે.[૨૮]

હે રાજન્ ! અસુરોનો પાતાળમાં નિવાસ પણ બ્રાહ્મણોના અપરાધથી જ થયો છે. અને દેવતાઓનો સ્વર્ગમાં નિવાસ બ્રાહ્મણોની પ્રસન્નતા પ્રાપ્ત કરવાથી જ થયો છે.[૨૯] બ્રાહ્મણો સાથે વિરોધ કરી રાજાએ પૃથ્વીનું શાસન કરવું શક્ય નથી. મહાત્મા બ્રાહ્મણો તો દેવોના પણ દેવ છે.[૩૦] હે યુધિષ્ઠિર! સમુદ્રરૂપી કટીમેખલાવાળી આ સમસ્ત ભૂમિને જો તમે ભોગવવા ઈચ્છા હો તો બ્રાહ્મણોને દાન, સેવા આદિકથી સંતોષ પમાડી નિરંતર તેમનું પૂજન કરો.[૩૧]

श्रीकृष्णो द्वारिकायां च विमोच्य सरटं नृगम् । अशिक्षयत् प्रजाः सूर ! तद्वचांस्यपि मच्छृणु ॥ ३३

**श्रीकृष्ण उवाच -**

दुर्जरं बत ब्रह्मस्वं भुक्तमग्नेर्मनानागपि । तेजीयसोऽपि किमुत राज्ञामीश्वरमानिनाम् ॥ ३४
नाहं हालाहलं मन्ये विषं यस्य प्रतिक्रिया । ब्रह्मस्वं हि विषं प्रोक्तं नास्य प्रतिविधिर्भुवि ॥ ३५
हिनस्ति विषमत्तारं वह्निरद्भिः प्रशाम्यति । कुलं समूलं दहति ब्रह्मस्वारणिपावकः ॥ ३६
ब्रह्मस्वं दुरनुज्ञातं भुक्तं हन्ति त्रिपूरुषम् । प्रसह्य तु बलाद्भुक्तं दश पूर्वान् दशापरान् ॥ ३७
राजानो राजलक्ष्म्यान्धा नात्मपातं प्रचक्षते । निरयं येऽभिमन्यन्ते ब्रह्मस्वं साधु बालिशाः ॥ ३८

---

**બ્રાહ્મણવિષે શ્રીકૃષ્ણસંદેશ :–** ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે સુરાભક્ત ! હે રાજન્ ! આ પ્રમાણે પિતામહ ભીષ્મે ધર્મરાજ યુધિષ્ઠિરને બ્રાહ્મણોનું માનભેર પૂજન કરવું, એ જ રાજાઓનું સર્વોત્તમ પ્રથમ કાર્ય છે. એમ કહ્યું, તેથી યુધિષ્ઠિરરાજા તેજ પ્રમાણે બ્રાહ્મણોનું સન્માન તથા પૂજન આદર સહિત કરવા લાગ્યા.[૩૨] હે સુરાભક્ત ! શ્રીકૃષ્ણ ભગવાને દ્વારિકામાં કાકીડાની યોનિને પામેલા નૃગરાજાને તેમાંથી મુક્ત કરી પોતાના પુત્રોને જે શિક્ષાનાં વચનો કહ્યાં હતાં તે વચનો તમને સંભળાવું છું. તે તમે સાંભળો.[૩૩] શ્રીકૃષ્ણ ભગવાન કહે છે, હે પુત્રો ! ખેદની વાત તો એ છે કે અલ્પ સરખું પણ જો બ્રાહ્મણનું ધન પચાવી પાડ્યું હોય તો તે અગ્નિ સરખું ભયંકર છે. અતિ તેજસ્વી પુરુષોથી પણ તે પચાવવું અશક્ય છે. તો પછી પોતાને સર્વના ઈશ્વરમાનીને ઘમંડમાં જીવતા રાજાઓને પચાવવું ક્યાંથી શક્ય થાય ?[૩૪] હે પુત્રો ! હું હળાહળ વિષને વિષ માનતો નથી. કારણ કે વિષની ચિકિત્સા થઈ શકે છે, પણ બ્રાહ્મણોનું ધનરૂપી હળાહળ વિષ છે તેનો આ પૃથ્વી પર પ્રતિકાર કરવો શક્ય નથી.[૩૫]

હે પુત્રો ! વિષ તો પાન કરનારનો જ માત્ર વિનાશ કરે છે, પરંતુ બ્રાહ્મણનું ધનરૂપી વિષ તો આખા કુળનો વિનાશ કરે છે. અને જેમ નાનો સરખો અગ્નિ આખા જંગલનો વિનાશ કરે છે, તેમજ વિષ અને વહ્નિથકી પણ બ્રાહ્મણનું ધન બહુ ઉગ્ર છે, કારણ કે અગ્નિતો જળથી પ્રશાંત થાય છે, પરંતુ બ્રાહ્મણના ધનરૂપ અરણિ થકી ઉત્પન્ન થયેલા પાપરૂપ અગ્નિને રોકવાનો કોઈ ઉપાય નહિ હોવાથી આખા કુળનો મૂળે સહિત વિનાશ થાય છે.[૩૬] હે પુત્રો ! અજાણતાં પણ ભોગવેલું બ્રાહ્મણનું ધન પોતે, પુત્ર અને પૌત્ર આ ત્રણ પેઢીનો વિનાશ કરે છે. અને બલાત્કારે હઠથી લીધેલું બ્રાહ્મણનું ધન તો પૂર્વની દશ અને પાછળની દશ પેઢી અને પોતાએ

गृह्णन्ति यावतः पांसून् क्रन्दतामश्रुबिन्दवः । विप्राणां हृतवृत्तीनां वदान्यानां कुटुम्बिनाम् ॥ ३९
राजानो राजकुल्याश्च तावतोऽब्दान्निरङ्कुशाः । कुम्भीपाकेषु पच्यन्ते ब्रह्मदायापहारिणः ॥ ४०
स्वदत्तां परदत्तां वा ब्रह्मवृत्तिं हरेच्च यः । षष्टिं वर्षसहस्राणि विष्ठायां जायते कृमिः ॥ ४१
न मे ब्रह्मधनं भूयाद्यद्गृध्वाऽल्पायुषो नराः । पराजिताश्च्युता राज्याद्भवन्त्युद्वेजिनोऽहयः ॥ ४२
विप्रं कृतागसमपि नैव द्रुह्यत मामकाः ! । घ्नन्तं बहु शपन्तं वा नमस्कुरुत नित्यशः ॥ ४३
यथाहं प्रणमे विप्राननुकालं समाहितः । तथा नमत यूयं च योऽन्यथा मे स दण्डभाक् ॥ ४४
ब्राह्मणार्थो ह्यपहृतो हर्तारं पातयत्यधः । अजानन्तमपि ह्येनं नृगं ब्राह्मणगौरिव ॥ ४५

---

સહિત એકવીસ પેઢીનો વિનાશ નોતરે છે.[૩૭] હે પુત્રો ! રાજ્ય લક્ષ્મીથી મદાન્ધ થયેલા રાજાઓ બ્રાહ્મણના ધનને પોતાને માટે ઉચિત ભોગ્ય માને છે તે ખરેખર નરકને જ ઇચ્છે છે. બાલિશ મૂર્ખ રાજાઓ પોતાના હાથે જ થતી પોતાની આત્મહત્યાને પણ જોઇ શકતા નથી.[૩૮] હે પુત્રો ! આજીવિકાનું હરણ થવાથી રુદન કરતા દાનપ્રદાન સ્વભાવવાળા બ્રાહ્મણના નેત્રોમાંથી નીકળતાં અશ્રુબિન્દુઓ નીચે પડીને જેટલી સંખ્યામાં રજકણને ભીંજવે છે. તેટલા વર્ષો સુધી બ્રાહ્મણોનું ધન હરણ કરી લેનારા નિરંકુશ રાજાઓ તથા તેમના વંશજોને યમના દૂતો કુંભીપાક નરકમાં રાંધે છે.[૩૯-૪૦]

હે પુત્રો ! જે રાજાએ કે રાજકીય પુરુષે એકવાર પોતે જ આપેલી કે બીજા કોઇએ અર્પણ કરેલી બ્રાહ્મણની આજીવિકા હરી લે છે તે પુરુષ સાઠ હજાર વર્ષ પર્યંત વિષ્ટાનો કીડો થાય છે.[૪૧] માટે હે પુત્રો ! તેવું બ્રાહ્મણનું ધન મને લેવાની કદાપી ઇચ્છા ન થાઓ, એવું હું ઇચ્છુ છું. જે રાજાઓ બ્રાહ્મણના ધનની ઇચ્છા રાખેછે તે રાજાઓ કે રાજકીય પુરુષો કોઇ પણ જન્મમાં અતિ અલ્પ આયુષ્યવાળા થાય છે. અને આ જન્મમાં શત્રુઓ થકી ભ્રષ્ટ થાય છે. અને બીજા જન્મમાં અન્યને ત્રાસ ઉપજાવે તેવા ભયંકર સર્પની યોનિને પામે છે.[૪૨] હે મારા પુત્રો ! અપરાધી બ્રાહ્મણનો પણ ક્યારેય દ્રોહ ન કરવો. પોતાને તાડન કરતા તથા ક્રોધ કરીને શાપ આપતા બ્રાહ્મણને પણ વારંવાર પ્રતિદિન નમસ્કાર કરવા.[૪૩] હે પુત્રો ! જેમ હું સાવધાનીપૂર્વક સમયે સમયે વિપ્રોને પ્રણામ કરું છું. તેમ તમે પણ તેમને નમસ્કાર કરો. જે મારો થઇને મારા કહ્યા પ્રમાણે નહિ વર્તે તે મારા દંડનો પાત્ર થશે.[૪૪] કારણ કે અપહરણ કરાયેલું બ્રાહ્મણનું ધન અધોગતિને પમાડે છે. જેવી રીતે અજાણતાં પણ હરણ કરાયેલી બ્રાહ્મણની ગાયે નૃગરાજાને કાકીડા જેવી નીચ

**श्रीनारायणमुनिरुवाच -**

एवं कृष्णेन नृपते ! शिक्षिता द्वारिकौकसः । तस्याज्ञायामवर्तन्त ततः प्रापुः सुखं महत् ॥ ४६
अतस्त्वया नृपैश्चान्यैः क्षत्रियैश्च मदाश्रितैः । जनैश्च ब्राह्मणा मान्याः पूजनीया विशेषतः ॥ ४७
दुर्वेदा वा सुवेदा वा प्राकृताः संस्कृतास्तथा । ब्राह्मणा नावमन्तव्या भस्मच्छन्ना इवाग्नयः ॥ ४८
यथा श्मशाने दीप्तौजाः पावको नैव दुष्यति । एवं विद्वानविद्वान्वा ब्राह्मणो दैवतं महत् ॥ ४९
प्रचुराज्यसितोपेतैर्भक्ष्यैर्भोज्यैश्च तत्प्रियैः । तोषणीया दक्षिणाभिर्ब्राह्मणा भगवत्प्रियाः ॥ ५०
तुष्टेषु ब्राह्मणेष्वेव सन्तुष्टः कमलापतिः । भवतीति मया प्रोक्तं कर्तव्यं श्रेष्ठमेव ते ॥ ५१

**सुव्रत उवाच -**

इति श्रुत्वा भगवता प्रोक्तं सूरः स भूपतिः । भक्ताश्चान्येऽपि तं नत्वा तस्याज्ञां शिरसा दधुः ॥ ५२

---

યોનિમાં ફેંક્યા, તેમ અધોપતન થાય છે.[૪૫]

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે સુરનૃપતિ ! આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણે દ્વારિકાવાસી પોતાની પ્રજાને શિક્ષણ આપ્યું ત્યારે તે સર્વે ભગવાનની આજ્ઞા પ્રમાણે જીવન જીવવા લાગ્યા, તેથી મહા સુખને પામ્યા. માટે મારા આશ્રિત તમારે સર્વે ક્ષત્રિય રાજાઓએ તેમજ અન્ય ભક્તજનોએ પણ બ્રાહ્મણોને વિશેષપણે કરીને માનવા, પૂજવા અને આદર કરવો.[૪૬-૪૭]

બ્રાહ્મણ વેદના ભણેલા હોય કે ન હોય અથવા કેવળ પ્રાકૃત ભાષાને જ ભણ્યા હોય કે સંસ્કૃત ગ્રંથોનો અભ્યાસ કર્યો હોય, પરંતુ બ્રાહ્મણ છે તે રાખથી ઢંકાયેલો અગ્નિ છે, તેથી તેમની અવજ્ઞા ક્યારેય પણ કરવી નહિ.[૪૮] બ્રાહ્મણ વિદ્વાન હોય કે અવિદ્વાન હોય તે અગ્નિ જ છે. જેમ સ્મશાનમાં મડદાંને બાળતો પ્રજ્વલિત અગ્નિ ક્યારેય દૂષિત થતો નથી, અર્થાત્ અપવિત્ર મડદાંને સ્પર્શવાથી તેની દાહક શક્તિ લુપ્ત થતી નથી. તેમ બ્રાહ્મણની શક્તિ ક્યારેય પણ લુપ્ત થતી નથી.[૪૯] માટે હે ભક્તજનો ! ભગવાનને વ્હાલા ભક્ત ભૂદેવોને બહુ પ્રકારે ઘી સાકર મીશ્રિત એવાં પ્રિય ભક્ષ્ય અને ભોજ્ય ભોજનો જમાડીને તૃપ્ત કરવા અને ઘણી દક્ષિણા આપી સંતુષ્ટ કરવા. બ્રાહ્મણો સંતુષ્ટ થશે તો કમલાપતિ ભગવાન પણ અત્યંત સંતુષ્ટ થશે. હે સુરાભક્ત ! આ પ્રમાણે મેં તમને રાજાઓનું શ્રેષ્ઠ કર્તવ્ય શું છે ? તે કહ્યું.[૫૦-૫૧]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આપ્રમાણે ભગવન શ્રીહરિનાં વચનો સાંભળી રાજર્ષિ સુરાખાચર તથા સર્વે અન્ય ભક્તજનો ઊભા થઈ શ્રીહરિને

एवमानन्दयन्भक्तान्प्रत्यहं भगवान्स तु । उवास नृपते ! मासं गौर्जरैर्बहुधार्चितः ॥ ५३
तत्र देशान्तरायाता भक्तास्तं प्रार्थयन्भृशम् । स्वस्वग्रामागमायाथ तथेत्याह स चापि तान् ॥ ५४
सुखयितुमथो नैकग्रामस्थितान् स्वसमाश्रितान्सह । मुनिगणैर्दर्भावत्या हरिर्नृप ! निर्ययौ ॥
स्वमनु च यतो दूरं भक्तान्निवार्य पुरौकसो । नयनसलिलानायाद्देशं चरोत्तरसंज्ञकम् ॥ ५५

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे दर्भावतीपुरे महायज्ञमहोत्सवे ब्राह्मणमाहात्म्यनिरूपणामैकोनपञ्चाशत्तमोऽध्यायः ॥ ४९ ॥*

---

વંદન કરી તેમનાં વચનો મસ્તક પર ધારણ કર્યાં.[૫૨] હે રાજન્ ! આ રીતે શ્રીહરિ ભક્તજનોને પ્રતિદિન આનંદ આપતા હતા. અને ગુજરાત પ્રાંતના સર્વે ભક્તજનો ભગવાન શ્રીહરિની બહુ પ્રકારે પૂજા કરી સેવા કરતા હતા. એમ સર્વેને આનંદ ઉપજાવતા શ્રીહરિ ડભાણપુરમાં એક માસ પર્યંત નિવાસ કરીને રહ્યા.[૫૩] ત્યારપછી દર્ભાવતીપુરીમાં દેશદેશાંતરમાંથી શ્રીહરિનાં દર્શને આવેલા ભક્તજનો પોતપોતાનાં ગામમાં પધારવા ભગવાન શ્રીહરિની ખૂબ જ પ્રાર્થના કરવા લાગ્યા. અને શ્રીહરિ પણ, હું તમારા ગામ પ્રત્યે જરૂર પધારીશ એમ સૌને કહેતા હતા.[૫૪] હે રાજન્ ! પછી ભગવાન શ્રીહરિ જુદા જુદા ગામોમાં રહેતા પોતાના આશ્રિત ભક્તજનોને સુખ આપવા માટે સંતમંડળની સાથે ડભાણપુરીથી વિદાય થયા. ત્યારે વળાવવા માટે દૂર સુધી પાછળ આવતા ડભાણના ભક્તજનોના નેત્રોમાંથી શ્રીહરિના વિયોગનાં અશ્રુઓ પડવા લાગ્યાં, તેઓને મહાપ્રયાસે પાછા વાળી શ્રીહરિ ચરોતર દેશમાં પધાર્યા.[૫૫]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ડભાણમાં મહાવિષ્ણુયાગ મહોત્સવમાં શ્રીહરિએ બ્રાહ્મણોના મહિમાનું નિરૂપણ કર્યું એ નામે ઓગણપચાસમો અધ્યાય પૂર્ણ થયો. --૪૯--***

---

अथ पञ्चाशत्तमोऽध्यायः - ५०

सुव्रत उवाच -

तत्र भक्ताः प्रतिग्रामं तस्याऽऽसंश्च नराः स्त्रियः । सर्वांस्तान् सुखयामास तत्तद्ग्रामगतः स च ॥ १
ततो महीं समुत्तीर्य देशे कान्हमनामनि । भक्तग्रामेषु निवसन्भृगुक्षेत्रमवाप सः ॥ २
एकं द्वे वा दिने स्वामी दिनार्धं वापि कुत्रचित् । पक्षार्धं पक्षमेकं वा न्यवसत्कुत्रचिच्च सः ॥ ३
तत्र तत्र वसन् ग्रामे सद्धर्मं समतिष्ठिपत् । सच्छास्त्रानुसृतैर्वाक्यैरुच्चखान च तद्रिपुम् ॥ ४
कुत्रचित्तु महारुद्रं विष्णुयागं क्वचिन्नृप ! । पुरश्चर्यां च गायत्र्याः श्रीसूक्तस्य च कुत्रचित् ॥ ५
विष्णुनामसहस्रस्य श्रीनारायणवर्मणः । क्वचिच्च हरिगीतायाः पुरश्चर्यामकारयत् ॥ ६
वेदपारायणं क्वापि कुत्रचिच्छतरुद्रियम् । श्रीमद्भागवतस्याथ पुरश्चर्यामचीकरत् ॥ ७

---

## અધ્યાય - ૫૦

## શ્રીહરિનું ચરોતર તથા કાનમદેશનાં ગામોમાં વિચરણ.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ચરોતર પ્રદેશનાં દરેક ગામોમાં શ્રીહરિના આશ્રિત નરનારીઓ રહેતાં હતાં, તેમનાં ગામોમાં જઇ શ્રીહરિ સર્વે ભક્તજનોને પોતાનાં દર્શન આદિનું ખૂબજ સુખ આપતા હતા.[૧] આ રીતે શ્રીહરિ મહી નદીને ઉતરી કાનમ દેશના ભક્તજનોના ગામોમાં રહી સર્વેને સુખ આપતા ભરૂચ શહેરમાં પધાર્યા.[૨]

હે રાજન્ ! બન્ને દેશનાં ગામોમાં સર્વૈશ્વર્ય સંપન્ન ભગવાન શ્રીહરિએ વિચરણ કર્યું તેમાં કોઇ ગામમાં એક દિવસ, કોઇમાં બે દિવસ, કોઇ ગામમાં અર્ધો દિવસ, કોઇમાં આઠ દિવસ અને કોઇ ગામમાં પંદર દિવસ નિવાસ કર્યો.[૩] શ્રીહરિ જે જે ગામોમાં રહેતા હતા તે તે ગામોમાં સત્શાસ્ત્રોનાં પ્રમાણવાળા વચનામૃતોથી ભાગવતધર્મનું સ્થાપન કરતા અને તેના શત્રુ અધર્મને મૂળમાંથી ઉખેડીને ફેંકી દેતા હતા. આ રીતે સૌને સુખી કરતા હતા.[૪]

હે રાજન્ ! શ્રીહરિ તે ગામોના નિવાસ દરમ્યાન કોઇ ગામમાં મહારૂદ્ર, તો કોઇ કોઇ ગામમાં વિષ્ણુયાગ અને કોઇ ગામમાં ગાયત્રીનું પુરશ્ચરણ અને કોઇમાં લક્ષ્મીસૂક્તનું પુરશ્ચરણ કરાવતા હતા. કોઇમાં વિષ્ણુસહસ્ર, નારાયણકવચ અને શ્રીમદ્ભગવદ્ગીતા આદિનાં પુરશ્ચરણ કરાવતા હતા.[૫-૬] હે રાજન્ ! કોઇ ગામમાં શ્રીહરિએ વેદપારાયણ અને કોઇ ગામમાં શતરુદ્રિ, કોઇ ગામમાં શ્રીમદ્

दशमस्कन्धमात्रस्य पुरश्चर्यां च कुत्रचित् । स वासुदेवमाहात्म्यस्यापि क्वापि त्वकारयत् ॥ ८
धर्मप्रवृत्त्यै विचरन् धरायामुत्तीर्य रेवां तपतीप्रतीरे ।
उपागमत्सूरपुरं स राजन्स्वभक्तसम्प्रार्थित आत्मतन्त्रः ॥ ९
आयान्तमाश्रुत्य हरिं तदैव प्रत्युद्ययुर्भक्तजनाः सहर्षम् ।
वादित्रगीतध्वनिनादिताशा यानैर्विचित्रैः सह दर्शनीयैः ॥ १०
आदीश्वराख्यो नृपतेरमात्यो भ्रात्रा समं पीलुसमाह्वयेन ।
विचित्रवाद्यैः सह राजकीयैरभ्याययौ त्यक्ततदन्यकार्यः ॥ ११
अन्येऽपि तं शास्त्रविदो द्विजेन्द्रा अभ्याययू राजसमाश्रयाश्च ।
पुरोपकण्ठागतमेव तं ते दृष्ट्वा प्रणेमुः सहसैव सर्वे ॥ १२

---

ભાગવતનું પુરશ્ચરણ કરાવ્યું, કોઇ ગામમાં માત્ર દશમસ્કંધનું અને કોઇ ગામમાં શ્રીવાસુદેવમાહાત્મ્યનું પુરશ્ચરણ કરાવ્યું.[૭-૮]

**ભવ્ય સ્વાગત સાથે શ્રીહરિની સુરતમાં પધરામણી :–** હે રાજન્ ! પૃથ્વી પર એકાંતિક ધર્મની પ્રવૃત્તિ કરવા માટે નિરંતર વિચરણ કરી રહેલા સ્વતંત્ર ભગવાન શ્રીહરિ પોતાના સુરત શહેરના ભક્તજનોની પ્રાર્થના સાંભળી, રેવાનદી ઊતરી, તાપી નદીને કિનારે સુરત શહેરને વિષે વિક્રમ સંવત ૧૮૬૬ ના વૈશાખ સુદ બીજને દિવસે પધાર્યા.[૯] તે સમયે સુરત શહેરના ભક્તજનો ભગવાન શ્રીહરિ પોતાના શહેરમાં પધારી રહ્યા છે તેવા સમાચાર સાંભળતાની સાથે આનંદમાં આવી ગીત વાજિંત્રોના મધુર સ્વરની સાથે દશેદિશાઓને ગજવતા અનેક પ્રકારના દર્શનીય રથ આદિ વાહનો લઇ શ્રીહરિની સન્મુખ પધાર્યા.[૧૦]

હે રાજન્ ! સુરતના ઇન્દ્રસેન મહારાજાના મંત્રીવર્ય અરદેશરજી પણ ભગવાન શ્રીહરિની સેવા સિવાય સર્વે કામોને મૂકી તત્કાળ પોતાના મોટા ભાઇ પારસી પિલુ સાહેબ તથા અન્ય રાજકીય મહાનુભાવોની સાથે શ્રીહરિને પોતાના નગરમાં લઇ આવવા રાજાએ મોકલેલી ચતુરંગીણી સેનાને સાથે લઇ વિવિધ પ્રકારનાં બેન્ડવાંજાઓનો ધ્વનિ કરતા કરતા શ્રીહરિની સન્મુખ આવ્યા.[૧૧] ત્યારે તેમની સાથે રાજઆશ્રિત મોટા મોટા શાસ્ત્રવેત્તા વિદ્વાન બ્રાહ્મણો તથા અન્ય ભૂદેવો પણ શ્રીહરિની સન્મુખ પધાર્યા. સર્વે જનો નગરની સમીપે જ પધારેલા ભગવાન શ્રીહરિને જોઇને એકાએક દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૧૨]

तान्मानयित्वाथ यथोचितं स्वान् हयाधिरूढः सह तैः पुरं तत् ।
स प्राविशद्भूपतिवच्च पौरैर्जनैः सचित्रं परिवन्द्यमानः ।। १३
विशालायां वाटिकायां सौधे महति शोभने । भक्तास्तं वासयामासुर्यथार्हं तस्य चानुगान् ।। १४
आतिथ्यं विदधुस्तस्य सर्वे तेऽथादरेण च । अम्बाराममुखा विप्राश्चक्रुस्तत्सेवनं मुदा ।। १५
भालचन्द्रो गिरिधरो गोविन्दो यादवस्तथा । भिक्षाहारी मौक्तिकश्च लक्ष्मीचन्द्रो नरोत्तमः ।। १६
भगवत्प्रमुखाश्चान्ये विशस्तत्सेवने रताः । आसन्सफलयन्तः स्वं मानुषं जन्म भूपते ! ।। १७
महालक्ष्मीश्च जीवन्ती लाडुर्देव्यादयश्च तम् । नार्यः पर्यचरन् प्रीत्या भक्तिमत्यः पतिव्रताः ।। १८
हैमैर्विभूषणैर्वस्त्रैर्विविधैश्छत्रचामरैः । गन्धमाल्यादिभिर्भक्ताश्चक्रुस्ते पूजनं हरेः ।। १९
भक्ष्यैर्भोज्यैश्च पक्वान्नैर्विविधैर्व्यञ्जनैस्तथा । हरिं सपरिवारं ते तर्पयामासुरादरात् ।। २०

---

હે રાજન્ ! શ્રીહરિ પણ સન્મુખ આવેલા સર્વેને યથાયોગ્ય માન આપી, સુંદર ચાલવાળા ઊંચા ઘોડા ઉપર વિરાજમાન થઇ, સર્વે પુરવાસી ભક્તજનોને આશ્ચર્ય અને આનંદ ઉપજાવતા થકા વાજતે ગાજતે નગરમાં પ્રવેશ કર્યો. ત્યારે નગરના જનો શ્રીહરિને નમસ્કાર કરવા લાગ્યા.[૧૩] પછી અરદેશરજી આદિ ભક્તજનોએ અનંત વૃક્ષોથી શોભાયમાન વિશાળ વાડીમાં રહેલા શોભાયમાન મોટા મહેલમાં ભગવાન શ્રીહરિ તથા સાથે પધારેલા સર્વે સંતો, પાર્ષદો, ભક્તોને યથાયોગ્ય નિવાસ કરાવ્યો.[૧૪] ત્યારપછી સર્વે ભક્તજનો ભગવાન શ્રીહરિનો આતિથ્ય સત્કાર કરી આદરપૂર્વક સેવા કરવા લાગ્યા. તેમાં આંબારામ આદિક વિપ્ર ભક્તજનો તથા ભાલચંદ્ર, ગિરિધર, ગોવિંદ, યાદવ, ભીખાભાઇ, મોતીભાઇ, લક્ષ્મીચંદ્ર, નરોત્તમ અને ભગવાનજી વગેરે અનંત વૈશ્ય ભક્તજનો હતા તે પોતાના માનવજન્મને સફળ કરવા માટે ભગવાન શ્રીહરિની સેવા કરવા લાગ્યા.[૧૫-૧૭] તેવી જ રીતે મહાલક્ષ્મી, જીવંતી, લાડુ, દેવિકા આદિ અનંત સ્ત્રી ભક્તજનો પણ શ્રીહરિની ભાવથી સેવા કરવા લાગી.[૧૮] સુરતવાસી સર્વે ભક્તજનોએ સુવર્ણનાં આભૂષણો, અનેક પ્રકારનાં સુંદર વસ્ત્રો, છત્ર, ચામર, સુગંધીમાન પુષ્પની માળાઓ અર્પણ કરી પછી મહાઆરતી ઉતારી ભગવાન શ્રીહરિની પૂજા કરી, પછી અનેક પ્રકારનાં ભક્ષ્ય, ભોજ્યાદિ પક્વાન્નો તથા વિવિધ પ્રકારનાં શાકો જમાડી ભગવાન શ્રીહરિ તથા સંતોને તૃપ્ત કર્યા.[૧૯-૨૦]

**શ્રીહરિની રાજદરબાર-આદિકમાં પધરામણી :-** હે રાજન્ ! ભગવાન શ્રીહરિ બીજે દિવસે અક્ષયતૃતીયા હોવાથી પોતાના ભક્તજનો દ્વારા

द्वितीयेऽह्न्यक्षयाख्यायां तृतीयायां हरिश्च तैः । अकारयत् पर्शुरामसमर्चनमहोत्सवम् ॥ २१
तत्रत्य इन्द्रसेनाख्यो गवेन्द्रस्थापितो नृपः । सन्मानेनातिमहता मुनिभिः सहितं हरिम् ॥ २२
प्रेषयित्वा वाहनानि दुर्गमानीय चात्मनः । चकार महतीं पूजां नूनवासोधनादिभिः ॥ २३
भक्ता भगवतोऽमात्या राज्ञ आदीश्वरादयः । अपि पृथक्पृथक् स्वं स्वं गृहं निन्युस्तमादरात् ॥ २४
प्रीत्या तेऽपि महापूजां चक्रुस्तस्य सबान्धवाः । अनर्घ्यवासोलङ्कारनानाद्रव्यार्पणादिभिः ॥ २५
नारायणद्वेषिणो ये तत्रत्या वैष्णवादयः । ते तु तस्य प्रतापेन किञ्चित्कर्तुं न शेकिरे ॥ २६
भगवांस्तत्र सद्धर्मं स्थापयन् पुरवासिनाम् । जहाराज्ञानतिमिरं वचोभिर्धर्मसंश्रयैः ॥ २७
अमूल्यान्यपि वासांसि भूषणानि च सर्वशः । ब्राह्मणेभ्यो ददौ प्रीत्या धनं च विपुलं प्रभुः ॥ २८
यत्र यत्र च हरेर्नराकृतिब्रह्मणोऽर्चनमभूद्धरातले । तत्र तत्र सकलाग्रजन्मनां दुर्विधत्वमगमद्विलीनताम् ॥ २९

---

ભગવાન શ્રીપરશુરામનો પ્રાદુર્ભાવ મહોત્સવ ઉજવ્યો.[૨૧] સમ્રાટ એવા મુંબઈના ગવર્નરે સુરત શહેરના શાસન ઉપર નિયુક્ત કરેલા ઇન્દ્રસેન રાજાએ સુંદર અશ્વો જોડેલા રથ આદિ વાહનો મોકલાવીને સંતમંડળ સહિત શ્રીહરિની મોટા સન્માન સાથે પોતાના કોટમાં પધરામણી કરાવી. નૂતન વસ્ત્રો ધન અને આભૂષણો અર્પણ કરી મોટા ઉપચારો વડે પૂજા કરી.[૨૨-૨૩] ત્યારે ઇન્દ્રસેન મહારાજાના મંત્રીઓ અને શ્રીહરિના ભક્તો એવા અરદેશરજી કોટવાળ વગેરે રાજકીય પુરુષોએ પણ અતિ આદરપૂર્વક પોતાના ભવનમાં ભગવાન શ્રીહરિની પધરામણી કરાવી, તે સમયે પોતાના મોટા ભાઈ પિલુ સાહેબની સાથે અરદેશર તથા અન્ય મંત્રીઓએ પણ અમૂલ્ય એવાં બહુ પ્રકારનાં વસ્ત્રાલંકારો અને દ્રવ્ય અર્પણ કરી ચંદન, પુષ્પાદિકે કરીને ભગવાન શ્રીહરિની મહાપૂજા કરી.[૨૪-૨૫]

હે રાજન્ ! શ્રીહરિ સાથે દ્વેષ કરનારા સુરત શહેર નિવાસી કેટલાક વૈષ્ણવો હતા તેઓ કાંઈક ઉપદ્રવ કરવા ઇચ્છતા હતા પણ શ્રીહરિના અતિશય પ્રતાપથી કાંઈ પણ ઉપદ્રવ કરી શક્યા નહિ.[૨૬] આ રીતે ભગવાન શ્રીહરિ તે સુરત શહેરમાં ભાગવતધર્મનું સ્થાપન કરવા માટે પોતાનાં શાસ્ત્રીય અમૃત વચનોથી પુરવાસી જનોમાં રહેલાં અજ્ઞાનરૂપી અંધકારને દૂર કર્યો.[૨૭]

હે રાજન્ ! સમર્થ ભગવાન શ્રીહરિએ પોતાને પ્રાપ્ત થયેલાં અમૂલ્ય વસ્ત્રો, આભૂષણો અને પુષ્કળ ધન અતિ પ્રસન્ન થઈ સુરતના બ્રાહ્મણોને દાનમાં આપી દીધું.[૨૮] હે રાજન્ ! આ રીતે પૃથ્વીપર વિચરણ દરમ્યાન નરાકૃતિ ધરનાર પરબ્રહ્મ પરમાત્મા શ્રીસ્વામિનારાયણ ભગવાનની જે જે ગામ કે નગરમાં પધરામણી થઈ

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे सूर्यपुरागमननिरूपणनामा पञ्चाशत्तमोऽध्यायः ॥ ५० ॥*

---

**अथ एकपञ्चाशत्तमोऽध्यायः - ५१**

**सुव्रत उवाच -**

सम्पूज्यमानोऽखिलभक्तसङ्घैर्महार्हवस्त्राभरणोपदाभिः ।
आनन्दयंस्तान् हरिरुच्चपीठे महासभायां निषसाद राजन् ! ॥ १
तं चाभितस्त्यागिजना निषेदुर्यथोचितं तानभितो गृहस्थाः ।
आनन्दकारुण्यभृता दृशा तान् पश्यन्नुवाचाथ स नैष्ठिकेन्द्रः ॥ २

---

અને તેમની પૂજા થઈ ત્યાં સર્વત્ર પોતાના ભક્તોએ અર્પણ કરેલ મહાધન વસ્ત્રાદિક વડે તે સર્વ સ્થળના બ્રાહ્મણોની દરિદ્રતા વિલીન થઈ ગઈ.[૨૯]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં સુરત શહેરમાં ભવ્ય પધરામણી અને રાજા તથા મંત્રીઓ દ્વારા થયેલી મહાપૂજાનું વર્ણન કર્યું એ નામે પચાસમો અધ્યાય પૂર્ણ થયો. --૫૦--***

---

## અધ્યાય - ૫૧

### સુરતમાં ભગવાન શ્રીહરિએ મોટી સત્સંગ સભામાં ભાલચંદ્રશેઠના ભક્તિસંબંધી પ્રશ્નોના ઉત્તરો આપ્યા.

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિ સુરત શહેરના સમસ્ત ભક્તજનોને આનંદ ઉપજાવતા થકા મોટી સભામાં રમણીય ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થયા અને સર્વ ભક્તજનોએ મહામોંઘાં વસ્ત્રો, આભૂષણો તથા ચંદન, પુષ્પાદિક ઉપચારોથી પૂજા કરી.[૧] પછી સંતો તથા બ્રહ્મચારીઓ શ્રીહરિના સિંહાસનની ચારે બાજુ ફરતા યથાયોગ્ય સ્થાને બેઠા. અને તે ત્યાગીઓને ફરતા બીજી પંક્તિમાં સર્વે ગૃહસ્થ ભક્તજનો પણ પોતાના સ્થાને મર્યાદામાં બેઠા. પછી નૈષ્ઠિક વર્ણિરાજ શ્રીહરિ પોતાની પ્રેમ ભરેલી દૃષ્ટિથી નિહાળતા કહેવા લાગ્યા.[૨]

હે ભક્તજનો ! તમારા સર્વેનું હિતકારી એવું મારું વચન સાંભળો. તમારે

भो भक्तसङ्घा ! वचनं मदीयं शुण्वन्तु सर्वे स्वहितावहं यत् ।
यथाधिकारं निजधर्मसंस्था भजन्तु निःसंशयमेव कृष्णम् ॥ ३
स्यात्संशयः कश्चन कस्यचिच्चेत्सम्पृच्छतां मामधुना पुमान्सः ।
इति प्रभोस्तस्य निशम्य वाचं तं भालचन्द्रो मतिमानपृच्छत् ॥ ४

**भालचन्द्र उवाच -**

कृष्णस्य भक्तिर्भगवन् ! जनानामशेषबन्धच्छिदिति प्रसिद्धः ।
वर्वर्ति घण्टापथ एव भूमौ तामेव पृच्छामि ततो भवन्तम् ॥ ५
सा कीदृशी तां दृढमाश्रिता ये ते कीदृशाः स्युश्च जना धरायाम् ।
प्रीतिश्च तेषामिह कीदृशी स्यात्कृष्णेऽथ कृष्णस्य च तेषु नाथ ! ॥ ६

**सुव्रत उवाच -**

श्रुत्वेति भक्तस्य स तस्य वाचं जगद्गुरुर्भक्तपतिः प्रसन्नः ।
प्रोवाच तं शास्त्ररहस्यमीशो यत्सात्त्वता एव विदन्ति नान्ये ॥ ७

---

સર્વેને પોતપોતાના અધિકારક્ષેત્રમાં સાવધાન રહીને વર્ણાશ્રમ ધર્મનું યથાર્થ પાલન કરવું, અને સાથે નિઃસંશય થઈને પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણનું ભજન કરવું.[૩] હે ભક્તજનો ! તમને કોઈને કોઈ પણ પ્રકારનો સંશય હોય તો અત્યારે મને પૂછો. હે રાજન્ ! આ પ્રમાણે શ્રીહરિનું અમૃતની સમાન વચન સાંભળી બુદ્ધિમાન ભાલચંદ્ર શેઠ ભગવાન શ્રીહરિને પૂછવા લાગ્યા.[૪]

હે ભગવાન્ ! સાક્ષાત્ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ એવા આપની ભક્તિ છે તે ભક્તજનોનાં સમસ્ત ભવબંધનને તોડનારી છે. તે શ્રુતિ અને સ્મૃતિમાં પ્રસિદ્ધ છે. અને પૃથ્વીપર મોક્ષનો એજ પ્રસિદ્ધ ધોરી માર્ગ છે. તેથી ભક્તિની બાબતમાં જ હું તમને પૂછવા માગું છું.[૫] હે નાથ ! એ ભક્તિ કેવા પ્રકારની અને કેવા સ્વરૂપની છે ? આ પૃથ્વી પર તેમનો આશ્રય કરનારા મનુષ્યોનાં લક્ષણો કેવાં હોય છે ? શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તજનોને કેવી પ્રીતિ હોય છે ? ભગવાનને ભક્ત ઉપર કેવી પ્રીતિ હોય છે ?.[૬]

સુવ્રતમુનિ કહે છે હે રાજન્ ! આ પ્રમાણે ભાલચંદ્રશેઠનો પ્રશ્ન સાંભળી જગદ્ગુરુ પરમાત્મા ભગવાન શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા અને સમગ્ર શાસ્ત્રના સારભૂત રહસ્ય કહેવા લાગ્યા કે, જે રહસ્યને માત્ર ભગવાનના એકાંતિક ભક્તો જ જાણી શકે છે, બીજા જાણી શકતા નથી. તે રહસ્ય હું તમોને કહું છું.[૭]

**श्रीनारायणमुनिरुवाच -**

प्रश्नस्य ते वैश्यवरोत्तरं तु सुदुष्करं शास्त्रविदापि नूनम् ।
प्रसादहीनेन हरेरहं तद्ब्रवीमि सर्वेऽपि निशामयन्तु ॥ ८
सम्प्राप्य दीक्षामिह भक्तिधर्मयुक्ताद्गुरोर्भागवतीं नरः प्राक् ।
अर्चां ततः प्राप्य तदुक्तरीत्या भक्तिं विदध्यादपतन्द्रि विष्णोः ॥ ९
तदीयमाहात्म्यविबोधपूर्वं स्वभावतो वृत्तिरविच्युता या ।
सप्रेम तस्मिन्सकलेन्द्रियाणां सा भक्तिरुक्ता नवधाऽस्ति सापि ॥ १०
विष्णोः कथायाः श्रवणं च कीर्तिस्तस्य स्मृतिश्चाङ्घ्रिनिषेवणं च ।
पूजाऽऽनतिर्दास्यमनेन सख्यमस्मै सवर्गात्मनिवेदनं च ॥ ११

---

ભગવાન શ્રીનારાયણમુનિ કહે છે, હે વૈશ્યોમાં શ્રેષ્ઠ ભાલચંદ્રશેઠ ! તમે જે પ્રશ્ન કર્યો છે તેનો ઉત્તર ભગવાનના અનુગ્રહ વિના સકલ શાસ્ત્રના જ્ઞાતા પુરુષે પણ આપવો દુષ્કર છે. આવા તમારા શ્રેષ્ઠ પ્રશ્નનો ઉત્તર હું તમને આપું છું. તમે સાવધાન થઈને સાંભળો.[૮] હે ભક્તરાજ ! આલોકમાં પ્રથમ મનુષ્યે ધર્મ અને ભક્તિમાં નિષ્ઠાવાળા સાચા સદ્‌ગુરુનું શરણું સ્વીકારી તેમના થકી ભાગવતી દીક્ષા ગ્રહણ કરવી, પછી તે સદ્‌ગુરુ થકી જ પોતાને પ્રતિદિન પૂજવા યોગ્ય ભગવાનની પ્રતિમા પ્રાપ્ત કરવી, પછી ગુરુના કહેવા પ્રમાણે આળસ અને પ્રમાદ છોડી ભગવાન શ્રી વિષ્ણુની ભક્તિ કરવી.[૯]

**ભક્તિના નવ પ્રકાર :–** હે ભક્તરાજ ! શ્રીકૃષ્ણભગવાનના સ્વરૂપના યથાર્થ માહાત્મ્યજ્ઞાને સહિત પ્રેમે યુક્ત પોતાની નેત્રાદિ સર્વે ઈન્દ્રિયોની વૃત્તિ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં સ્વાભાવિકપણે અખંડ અવિચ્છિન્નપણે જોડાઈ રહે, તેને જ ''ભક્તિ'' કહેલી છે. તે ભક્તિના નવ પ્રકાર છે. ૧. ભગવાનની કથાનું શ્રવણ કરવું, ૨. ભગવાનના ગુણોનું કીર્તન કરવું, ૩. ભગવાનના સ્વરૂપનું અને ચરિત્રોનું હમેશાં સ્મરણ કરવું. ૪. ભગવાનના ચરણકમળની પગચંપી આદિ સેવા કરવી. ૫. વિધિપૂર્વક યથા સમયે પોતાની શક્તિ પ્રમાણે ઉપચારોથી પૂજન કરવું, ૬. ભગવાનને સાષ્ટાંગ કે પંચાંગ પ્રણામ કરી વંદન કરવા, ૭. નિર્માનીપણે દાસની પેઠે સદાય સેવાપરાયણ રહેવું, ૮. ભગવાનની સાથે અસાધારણ વિશ્વાસપૂર્વક મિત્રતા કરવી. ૯. અને શ્રીકૃષ્ણ ભગવાનને પોતાનો સમગ્ર પરિવાર અને શરીરે સહિત આત્માનું અનન્યભાવે સમર્પણ કરી દેવું.[૧૦-૧૧] આ પ્રમાણે ભક્તિના નવ

उक्ता नवैते ननु भक्तिभेदाः स्वशक्तितस्तैर्भजनीय ईशः ।
नराः सकामा निजवाञ्छितार्थांस्तेनाप्नुवन्ति ह्यपरे च मुक्तिम् ॥ १२
निष्कामभक्तिस्तु हरौ प्रवृद्धा दिनेदिने सिद्धिगणाद्वरिष्ठा ।
जीवस्य कोशं जरयत्यवश्यं वैश्वानरो भुक्तमिवोदरेऽन्नम् ॥ १३
अनन्यभक्तास्तु रमापतेर्ये नेच्छन्ति कैवल्यमपीह ते तु ।
सेवारतास्तस्य तदर्थचेष्टास्तेनैव पूर्णाः सततं प्रसन्नाः ॥ १४
एकक्रियास्ते तु समेत्य विष्णोर्भक्ताश्चरित्राण्यनुवर्णयन्ति ।
शृण्वन्ति वा वक्तरि विद्यमाने गायन्ति च क्वापि तदेकचित्ताः ॥ १५
न याति तच्चिन्तनवर्जितः क्षणो येषां सदा तन्निहितान्तरात्मनाम् ।
पश्यन्ति भूमाववतारमूर्तीस्ते तस्य ताभिश्च वदन्ति सन्तः ॥ १६

પ્રકારના ભેદ છે. તેમાંથી પોતાની શક્તિને અનુસારે કોઈ પણ એક પ્રકારની ભક્તિથી પરમેશ્વર શ્રીકૃષ્ણની ઉપાસના, ભજન કરવું. ઉપરોક્ત નવપ્રકારની ભક્તિમાંથી કોઈ પણ એક પ્રકારની ભક્તિ કરનાર સકામી ભક્તને પોતાના મનમાં ઈચ્છેલા મનોરથો પૂર્ણ થાય છે અને નિષ્કામી ભક્તને મુક્તિ પ્રાપ્ત થાય છે.[૧૨]

હે ભક્તરાજ ! અણિમાદિક અષ્ટ સિદ્ધિઓથી પણ અતિશય શ્રેષ્ઠ એવી અને દિવસે દિવસે પરમાત્મા શ્રીહરિમાં વૃદ્ધિને પામતી નિષ્કામ ભક્તિ છે. તે ઉદરમાં રહેલા જઠરાગ્નિ જેવી છે. જેવી રીતે જઠરાગ્નિ જમેલાં અન્નને પચાવી જીર્ણ કરી દે છે, તેમ આ નિષ્કામભક્તિ જીવાત્માના અનાદિ અજ્ઞાનરૂપ કોશને જીર્ણ કરી વિનાશ કરે છે.[૧૩]

હે ભક્તરાજ ! આલોકમાં જે પુરુષો રમાપતિ શ્રીકૃષ્ણના અનન્ય નિષ્કામ ભક્તો છે તે પુરુષો તો કૈવલ્યમુક્તિને પણ ઈચ્છતા નથી. તો બીજી મુક્તિને ક્યાંથી ઈચ્છે ? તેવા ભક્તો તો સદાય પરમાત્મા શ્રીકૃષ્ણની સેવામાં જ આસક્ત રહે છે. અને સેવાને માટે જ તેમની સકલ ઇંદ્રિયોનો વ્યાપાર હોય છે. તેઓ એક ભગવાનની સેવામાં જ પોતાની પરિપૂર્ણતા અને કૃતાર્થતા અનુભવે છે, અને સદાય ભગવદ્ ચરિત્રોનું સ્મરણ કરતા પ્રસન્ન રહે છે.[૧૪]

હે ભક્તરાજ ! આવા આત્મનિવેદી ભગવાનના અનન્ય ભક્તો ભેળા મળીને શ્રીકૃષ્ણ પરમાત્માનાં ચરિત્રોનું જ વર્ણન કરતા રહે છે, અને વક્તા વિદ્યામાન હોય તો એકાગ્રચિત્તથી ભગવાનનાં ચરિત્રોને સાંભળતા રહે છે. ક્યારેક અનન્ય

प्रभवति विभवो न भक्तचेतः क्षणमपि चालयितुं पुरन्दरीयः ।
हरिचरणपदात्कदापि काले किमुत तदा भुवि मानवीयभोगः ॥ १७
किमिह बहु वदामि पारमेष्ठ्यं पदमणिमादिकसिद्धिजातमाप्तम् ।
प्रसभमपि च तेन दीयमानाः स्पृहयति भक्तवरः क्वचिन्न मुक्तिः ॥ १८
क्वचन यदपि नास्ति भोगतृष्णा निजचरणैकरतस्य तस्य चित्ते ।
तदपि च वितरत्यसौ महान्तं विभवममर्त्यसुदुर्लभं स्वधाम्नि ॥ १९
प्रियसुतसुहृदिष्टदैवमात्मा सकलमपीह हरिर्हि यस्य पुंसः ।
क्वचिदपि नहि तस्य कालमायाभयमभवाय यतो नृणां वपुस्तत् ॥ २०

---

ભક્તો એકાગ્ર ચિત્તથી ભગવાનનાં ચરિત્રોનું કીર્તનગાન કરતા રહે છે. આવી રીતે સદાય ભગવાનના સ્વરૂપમાં પોતાના ચિત્તને ધારી રહેલા નિષ્કામી ભક્તો ભગવાનના સ્મરણ વિનાનો એક ક્ષણમાત્રનો કાળ પણ વ્યર્થ ગુમાવતા નથી. તેવા નિષ્કામી ભક્તો પૃથ્વીપરના પ્રગટ ભગવાનના અવતાર સ્વરૂપોનું સાક્ષાત્ દર્શન કરતા હોય છે. અને મૂર્તિની સાથે વાતો પણ કરતા હોય છે.[૧૫-૧૬] હે ભક્તરાજ ! ઇંદ્રની ત્રિલોકીના ભોગ, સમૃદ્ધિ આદિ વૈભવ તે નિષ્કામી ભક્તજનોના મનને શ્રીહરિનાં ચરણકમળમાંથી એક ક્ષણમાત્ર પણ ચલાયમાન કરવા સમર્થ થતા નથી, તો પૃથ્વી પરના મનુષ્યોના રાજ્ય, ધન આદિનો અલ્પ વૈભવ ચલાયમાન કરવા ક્યાંથી સમર્થ થાય ? ન જ થાય.[૧૭]

હે ભક્તરાજ ! આ બાબતમાં બીજું હું અધિક શું કહું ! કારણ કે આવા નિષ્કામી ભક્તજનો છે, તે બ્રહ્માજીના સત્યલોકને કે અણિમાદિક અષ્ટસિદ્ધિનાં ઐશ્વર્યને પણ ક્યારેય ઇચ્છતા નથી. વિશેષ સ્વયં ભગવાને બલાત્કારે અર્પણ કરેલી સાલોક્યાદિ ચાર પ્રકારની મુક્તિને પણ ક્યારેય ઇચ્છતા નથી. તો બીજું શું ઇચ્છે ? ભગવાનના ચરણકમળને વિષે પ્રીતિવાળા આવા નિષ્કામી ભક્તોના ચિત્તમાં કોઇ પણ પ્રકારના વૈભવોની ઇચ્છા હોતી નથી. છતાં પણ ભગવાન તેમને દેવતાઓને પણ દુર્લભ એવા શ્રેષ્ઠ વૈભવો પોતાના ધામમાં અર્પણ કરે છે.[૧૮-૧૯]

હે ભક્તરાજ ! આવા નિષ્કામી ભક્તજનોને પોતાનો પ્રિય પતિ, પુત્ર, મિત્ર, ઇષ્ટદેવ, કુળદેવ અને પોતાનો આત્મા કે આ લોકમાં જે કાંઇ પદાર્થ કહો તે સર્વસ્વ એક પરમાત્મા શ્રીહરિ જ હોય છે. તેઓને ક્યારેય પણ કાળમાયાનો ભય હોતો જ નથી. એટલું જ નહિ પણ તેમની સાથે સ્નેહ રાખનારા પણ કાળમાયાના

स्वतनयधनधामलोकलज्जाः सुरवरधामगमैषणां च हित्वा ।
भगवति हि दृढानुरागमाप्तो निजहृदि यस्तमसौ स्मरत्यखण्डम् ॥ २१
तपति दहति वाति भास्करोऽग्निर्मरुदभिवर्षति वासवश्च मृत्युः ।
चरति जगति यद्भयात्स विष्णुर्विपद इमं परितश्च पाति नित्यम् ॥ २२
हृदि विधृततदीयपादशाखानखविधुमण्डलकान्तिशैत्यभाजि ।
तदितरसुखगर्धनोत्थतापो न भवति तस्य यथाऽग्निजोऽम्बुपूरे ॥ २३
विधिमुखसुरचिन्तनीयपादः स्थिरचरदेहिनियामकोऽपि कृष्णः ।
दृढरतिरशनानिबद्धपादो हृदयमहो न विहातुमस्य शक्तः ॥ २४

ભયથી મુક્ત થઈ જાય છે.[૨૦] હે ભક્તરાજ ! આવા જે નિષ્કામી ભક્તો છે કે જે પોતાના પુત્ર, ધન, ધામ, ઘર, અને લોકની લાજ છોડીને તથા બ્રહ્માદિ દેવતાઓના લોક અને તેના વૈભવ સુખની આશા છોડીને એક ભગવાનને વિષે જ દૃઢ અનુરાગને પામ્યા છે. તેવા ગુણોવાળા નિષ્કામી ભક્તને સ્વયં ભગવાન પણ પોતાના હૃદયમાં અખંડ યાદ કર્યા કરે છે. આવા ભક્તને અને ભગવાનને પરસ્પર સ્નેહ હોય છે.[૨૧] હે ભક્તરાજ ! જે ભગવાનના ભયથી આ જગતમાં સૂર્યદેવ પ્રકાશ કરે છે, અગ્નિ બાળવાનું કામ કરે છે, વાયુદેવ નિરંતર પવન ઢોળે છે, ઈંદ્ર સમયે સમયે વૃષ્ટિ કરે છે, મૃત્યુ પણ સર્વત્ર વિચરણ કરે છે. એવા શ્રીકૃષ્ણ ભગવાન પોતે આવા ભક્તનું સર્વે આપત્તિઓ થકી રક્ષણ કરે છે.[૨૨]

હે ભક્તરાજ ! અખંડ ધ્યાનાવસ્થાને લીધે હૃદયમાં ધારણ કરેલાં ભગવાનના ચરણકમળની આંગળીઓના નખમંડળના ચંદ્રમાની કાંતિથી મહા આનંદરૂપ શીતળતાનો અનુભવ કરતા આવા નિષ્કામી ભક્તજનોના હૃદય કમળમાં ભગવાન સિવાયના ઈતર પંચવિષયના સુખની ઈચ્છાથી જન્મેલો સંતાપ જેમ ગંગાજીના પ્રવાહમાં ઊભેલા મનુષ્યને અગ્નિજન્ય તાપ તપાવી શક્તો નથી. તેમ તે નિષ્કામી ભક્તને પંચવિષયની ઈચ્છારૂપ અગ્નિથી જન્મેલો સંતાપ તપાવી શકતો નથી.[૨૩] જે પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણના ચરણારવિંદનું બ્રહ્માદિ દેવતાઓ પણ સદૈવ ધ્યાન કરે છે. જે પરમાત્મા સર્વ સ્થાવર જંગમ શરીરધારીઓના અંતરમાં રહી તેમનું નિયમન કરે છે. આવા સર્વના સ્વતંત્ર નિયામક છે. છતાં પણ આવા નિષ્કામી ભક્તજનોના પ્રેમના બંધનથી તેમનાં ચરણકમળ બંધાયેલાં હોવાથી નિષ્કામી ભક્તજનોના હૃદયકમળને છોડીને અન્યત્ર જવા સમર્થ થઈ શકતા

प्रियतमा न रमा न च राधिका प्रियतमो न विधिर्न च भोगिराट् ।
भगवतो न निजापि तनुस्तथा भुवि यथा दृढभक्तिपरो नरः ॥ २५
साङ्ख्येन योगेन मखैस्तपोभिः संन्यासवेदव्रतभूरिदानैः ।
प्रीत्यै हरेः प्राग्विहितैर्लभन्ते भक्तिं तदीयां नवधा प्रसिद्धाम् ॥ २६
तस्या अपीदं परमं फलं यत् स्नेहो भवेद्गाढतरो हि कृष्णे ।
यावन्न स स्याद्भजतां च तावद्भक्तिर्बुधैरङ्कुरितेति बोध्यम् ॥ २७
गाढस्नेहो यदा स्याद्भगवति सुखदे भक्तिभाजां तदानीं
अस्मिंल्लोके परे वा मनसि रुचिकरं तं विना स्यान्न किञ्चित् ।
तत्सेवाचिन्तनादावपि रसिकतया भूरिकालापयानं
तेषां स्याद्वा क्षणस्तद्रहित इह लवः कल्पतामेव यायात् ॥ २८
जाते तद्विरहे विचित्तवदसौ भक्तस्तदाकारकं॥
विश्वं पश्यति भाषते च तरुणा स्तम्भेन कुड्येन वा ।

નથી.[૨૪] આ પૃથ્વી પર ભગવાનને વિષે દૃઢ ભક્તિ પરાયણ આવો નિષ્કામી ભક્ત જેવો ભગવાનને વ્હાલો છે. તેવાં વ્હાલાં તો રાધા, લક્ષ્મીજી આદિ શક્તિઓ અને બ્રહ્મા, શેષાદિ દેવતાઓ પણ નથી. વિશેષ શું ? પોતાનું શરીર પણ ભગવાનને એટલું વ્હાલું નથી કે જેટલો પ્રેમી ભક્ત વ્હાલો છો.[૨૫] હે ભક્તરાજ ! પૂર્વ જન્મમાં ભગવાનની પ્રસન્નતાર્થે અનુષ્ઠાન કરેલાં સાંખ્ય, યોગ, યજ્ઞ, તપ, સંન્યાસ, વેદાધ્યયન, વ્રત અને અનેક પ્રકારનાં સત્પાત્રમાં દાન કર્યાં હોય, આવાં અનંત સાધનો વડે કરીને આ નવ પ્રકારની ભક્તિ પ્રાપ્ત થાય છે.[૨૬]

**દશમી પ્રેમલક્ષણા ભક્તિનું વિવેચન :–** સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણને વિષે અતિશય ગાઢ સ્નેહ થવો, તે જ આ નવ પ્રકારની ભક્તિનું સર્વોત્તમ ફળ છે. ભગવાનનું ભજન કરતા ભક્તજનોને જ્યાં સુધી ભગવાનમાં આવો ગાઢ અનુરાગ ઉત્પન્ન થતો નથી, ત્યાં સુધી તે ભક્તના હૃદયમાં ભક્તિમાત્ર અંકુરિત જ થઈ છે એમ જાણવું. અને નવ પ્રકારની ભક્તિને કરતા ભક્તજનને જ્યારે આત્યંતિક સુખપદ એવા પરમાત્મા ભગવાનને વિષે ગાઢ સ્નેહ થાય છે ત્યારે તેમના વિના આલોક કે પરલોક સંબંધી કોઈ પણ વસ્તુમાં રુચિ જ થતી નથી. તેમજ ભગવાનની સેવા પરિચર્યાદિકમાં ગાઢ અનુરાગ હોવાથી બહુકાળ વ્યતીત થવા છતાં ક્ષણ માત્ર લાગે છે. અને ભગવાનની સેવા સ્મરણ વિનાનો

देहं क्वापि तदाकृतिं दृशि दधत्तच्चेष्टितं चेष्टते ॥
रौति क्वापि हसत्यथोन्मद इवानन्देन संनृत्यति ॥ २९
हृदि तं त्ववलोक्य कर्हिचिच्च प्रसरत्प्रेमभराश्रुरुद्धकण्ठः ।
अननुस्मृतदेव एव तस्मिन्स विलीनो बहिरेत्यथेच्छयाऽस्य ॥ ३०
नहि केवलमीदृशाः पुमांसो भुवि भक्ताः श्रुतवेदिनो भवेयुः ।
अबला अपि चात्मधर्मसंस्था भगवत्स्नेहभरेण देववन्द्याः ॥ ३१
अविदः सुविदोऽपि विप्रराजोरुजशूद्रा अथ नीचजातयोऽपि ।
सकलाः कमलाधवस्य तुल्या इह सप्रेम भजन्ति ये जनाः स्वम् ॥ ३२

---

અલ્પકાળ પણ મહાકલ્પ સમાન લાંબો લાગે છે.[૨૭-૨૮]

હે ભક્તરાજ ! આવો પ્રેમી ભક્ત ધ્યાનની અતિશય દૃઢતાને કારણે પોતાનાં નેત્ર આગળ પ્રગટ થયેલા પરમાત્માનાં દર્શન કરતાં કરતાં તે ભગવાન જ્યારે અચાનક અદૃશ્ય થાય છે. ત્યારે તેમના વિરહના વેગમાં અતિશય વ્યાકુળ થઈ ગાંડા જેવો થઈ જાય છે. અને જેમ પ્રિયતમાના વિરહમાં પ્રેમી અને પ્રેમીના વિરહમાં પ્રિયતમા જગતના વિવેકનું ભાન ભૂલી જાય છે. તેમ તે પ્રેમીભક્ત જગતના વિવેકનું ભાન ભૂલી આખા વિશ્વને ભગવાનમય જુવે છે. ત્યારે તે વૃક્ષ કે થાંભલાં આદિકને ભગવાનનું સ્વરૂપ માની તેની સાથે પણ વાર્તાલાપ કરે છે. ક્યારેક તો પોતાને જ ભગવત્સ્વરૂપ માનીને તેમની ચેષ્ટાનું અનુકરણ કરે છે. ક્યારેક તો ભગવાનના વિરહને સહન નહિ કરી શકવાથી રુદન કરે છે. ક્યારેક તો પોતાનાથી જાણે ભગવાન પરાજિત થયા હોય એવા અનુભવથી ખડખડાટ હસે છે. ક્યારેક તો ગ્રહે પકડ્યો હોય એમ ઉન્મત્ત થઈને અતિ આનંદમાં આવીને જીત્યો જીત્યો એમ બોલતો થકો નૃત્ય કરે છે. અને ક્યારેક તો હે હરિ ! મારા ઉપર અનુગ્રહ કરજો. આ પ્રમાણે બોલી ઉચ્ચ સ્વરે ગાવા લાગે છે.[૨૯]

હે ભક્તરાજ ! આ પ્રેમીભક્ત ક્યારેક પોતાના દેહાદિકમાંથી અનુસંધાન હટી જતાં માત્ર ધ્યાનના બળથી હૃદયમાં પરમાત્માની ઝાંખી થતાં તેમાં અતિશય સ્નેહ ઉભરાવાથી આંખમાંથી આવતાં આંસુઓથી તેનો કંઠ રૂંધાય છે અને તે ભગવાનના ગાઢાનુરાગમાં વિલીન થઈ જાય છે. અને ફરી ભગવાનની ઈચ્છાથી બહુકાળે દેહના ભાનમાં આવે છે.[૩૦] આ પૃથ્વી પર કેવળ શાસ્ત્રને જાણનારા

अवगम्य तदीययादृशत्वं सहसा वापि मनोऽत्र यस्य तस्मिन् ।
रतिमाप दृढां स मुक्तजीवः पुरुषो वास्त्वबलास्तु वापि षण्ढः ॥ ३३
हरिसंनिरतेन भक्तिदार्ढ्यं सततं सन्नरसङ्गतो हि कार्यम् ।
हरतीतरथा दयादिरूपं ननु कृष्णात्स्वमनो यथाऽऽर्षभं तम् ॥ ३४
भजने निरतोऽप्यपक्वयोगी च्युतिमाप्नोति कुसङ्गतः कदाचित् ।
वितथा न भवेद्धरेस्तु भक्तिः पुनरेत्यन्यजनुष्यपीयमेनम् ॥ ३५
अत एव सदैव सावधानैर्मनसो विश्वसनं विहाय कृष्णे ।
सुजनैः स्वरिपुं विहाय दम्भं हृदि विश्वस्य विधीयतां च भक्तिः ॥ ३६
सत्यं वदेज्जितनिजेन्द्रियशीलशाली सौहार्दभाङ्नृषु भवेत्प्रणमेद्वरिष्ठान् ।
दीनेषु तत्सुखकरं पितृवद्वदेच्च स्निग्धो भवेत्सदृशसत्सु हरेस्तु भक्तः ॥ ३७

---

પુરુષોજ આવા પ્રેમી ભક્તો થઈ શકે એવું નથી, પરંતુ સ્વધર્મમાં અતિશય દૃઢતા રાખતી સ્ત્રીઓ પણ ભગવાનમાં અતિશય ગાઢ અનુરાગી થઈ દેવતાઓને પણ વંદન કરવા યોગ્ય પ્રેમીભક્ત થઈ શકે છે.[૩૧]

હે ભક્તરાજ ! આ લોકમાં મનુષ્યો ભગવાનનું પ્રેમપૂર્વક ભજન સ્મરણ કરે છે તે જનો શાસ્ત્રને જાણતા હોય કે ન જાણતા હોય, બ્રાહ્મણ હોય કે ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર હોય કે પછી ભલેને વર્ણસંકર જાતિના હોય તે સર્વે જનો કમલાપતિ પરમાત્માને સરખા છે. પરમાત્માના સ્વરૂપનો જેવો શાસ્ત્રીય મહિમા છે તેવો મહિમા યથાર્થ સમજે કે ન સમજે પણ આ લોકમાં જે મનુષ્ય પોતાનું મન પરમાત્મા શ્રીકૃષ્ણને વિષે અતિશય ગાઢ પ્રીતિથી જોડે છે. તે મનુષ્ય મુક્તભાવ પામી અખંડ ભગવાનની સેવામાં જોડાઈ જાય છે.[૩૨-૩૩] ભગવાનની નવધા ભક્તિમાં અતિશય તત્પર ભક્તજને સત્પુરુષના સમાગમથી ભક્તિની નિરંતર દૃઢતા કરતા રહેવું, અન્યથા કોઈના સંગે કરીને સ્વાભાવિક દયાથી ભરેલું પોતાનું મન ઋષભદેવના પુત્ર જડભરતની જેમ તે ભક્તને ભગવાનના સ્વરૂપમાંથી ચલાયમાન કરી દે છે. માટે સંત-સમાગમ પ્રતિદિન કરવો.[૩૪] ભગવાનની ભક્તિ કરવામાં સદાય તત્પર રહેતો અપક્વયોગી ક્યારેક કુસંગના પ્રસંગથી ભક્તિયોગથી ભ્રષ્ટ થાય છે, તો પણ તેણે પૂર્વે કરેલી ભગવાનની ભક્તિ નિષ્ફળ જતી નથી. કારણ કે આ જન્મમાં કરેલી ભક્તિ બીજા જન્મમાં પણ ફરી તેને પ્રાપ્ત થાય છે.[૩૫] તે કારણથી સદાય સાવધાન વર્તતા વિવેકી ભક્તજનોએ પોતાના મનનો વિશ્વાસ છોડી દેવો તથા

तत्प्रेमपात्रगुरुसत्सु तदीयबुद्धिर्विद्यार्थरूपकुलजन्ममदश्च न स्यात् ।
दान्तेन्द्रियो व्यसननिःस्पृहशान्तकामः पश्येत्सदा ह्यसदिदं जगदस्य भक्तः ॥ ३८
तद्भक्तश्रितदेशसेवनरतस्तत्कर्मकृत्तत्परः ।
सम्भूय स्वयमेव वा वितनुयात्तत्पर्वयात्रोत्सवान् ।
पश्येद्व्योम यथा निजात्मनि बहिश्चापावृतं तं त्वसौ ।
प्राचीनाधुनिकात्मनिष्ठगुणवत्तद्भक्तरीतीः श्रयेत् ॥ ३९
स्त्रीषु स्त्रैणजने विधर्मिणि नरे पाषण्डिदम्भोद्भटे ।
शब्दार्थान्तरदर्शनेन विदुषि भ्रंशोद्यते धर्मतः ।
स्वेच्छाकल्पितधर्मिणि व्यसनिनि क्रुद्धे च लुब्धे खले ।
कामार्ते परधर्मगामिनि हरिद्वेषे न सज्जेत सः ॥ ४०

---

પોતાના મોક્ષમાર્ગમાં શત્રુ એવા દંભનો પણ ત્યાગ કરી દેવો અને હૃદયમાં સંતોનાં અને શાસ્ત્રોનાં વચનોમાં વિશ્વાસ રાખી ભગવાન શ્રીકૃષ્ણને વિષે પ્રીતિ કરવી.[૩૬]

હે ભક્તરાજ ! શ્રીહરિના ભક્તે કાયમ સત્ય વચન બોલવું. પોતાની ઇંદ્રિયોને જીતવાનો સ્વભાવ કેળવવો. સર્વજનો પ્રત્યે મિત્રભાવ રાખવો અને સર્વનું હિત જ વિચારવું. જ્ઞાન, વૈરાગ્ય, સ્વધર્મ અને ભક્તિ આદિ સદ્‌ગુણી સંતો-ભક્તોને વિનયથી નમસ્કાર કરવા. દીન, ગરીબ જનોને પણ પોતાનાં માતાપિતાની જેમ સુખ ઉપજાવે તેવાં વચનોથી બોલાવવા. પોતાની સમાન સ્થિતિવાળા સદ્‌ગુણશાળી ભગવાનના ભક્તોમાં ભ્રાતૃભાવ કેળવવો.[૩૭] વળી શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રેમભાવવાળા ગુરુજનો કે સંતજનોને વિષે ભગવાન પણાની બુદ્ધિ રાખી તેમાં પ્રેમ કરવો. વિદ્યા, ધન, રૂપ, સારા કુળમાં જન્મ વગેરેનો ક્યારેય ગર્વ કરવો નહિ, બાહ્યઇંદ્રિયોનું દમન કરવું, અઢાર પ્રકારના વ્યસનોથી હમેશાં દૂર રહેવું, ભગવાન સિવાયની ઇતર ભોગની ઇચ્છાઓ ઉપર વિજય મેળવવો, તેમજ આ સર્વજગતને નાશવંતપણે જોવું.[૩૮]

વળી શ્રીકૃષ્ણના ભક્તજનોએ જે પ્રદેશનું વધારે સેવન કર્યું હોય તેવા પ્રદેશમાં રહેવાની વધુ પ્રીતિ રાખવી. અને ભગવાન સંબંધી ક્રિયા કરવામાં તત્પર એવા ભક્તજનોની સાથે મળીને કે સ્વયં એકલાએ પણ એકાદશી આદિ વ્રતના દિવસો હોય અથવા પૂર્ણિમા આદિ પર્વણીના દિવસો કે પછી ભગવાનના મંદિરો પ્રત્યે જવારૂપ યાત્રાના ઉત્સવો ઉજવવા. શ્રીકૃષ્ણ ભગવાનને પોતાના આત્માની અંદર કે બહારના ભાગમાં માયાના આવરણે રહિત અને આકાશની જેમ નિર્લેપ

यदि रतिः सुदृढा न हरौ भवेद्गुणगणैरपरैर्निभृतैश्च किम् ।
यदि च सा भवतीह तदाऽपरैरनुदितैरुदितैरपि किं फलम् ॥ ४१
यदपि किञ्चन तत्प्रियकाम्यया व्रततपोनियमादि चरेन्नरः ।
भवति तत्खलु भक्तिविवर्धनं कृतमथेतरथाऽल्पफलं भवेत् ॥ ४२
बहुजनुर्भ्रमणोत्तरलम्भितां नरतनुं समवाप्य सुरेप्सिताम् ।
मतिमतामिदमेव मतेः फलं विषयतो विरतिश्च हरौ रतिः ॥ ४३
इह स तु यदा भक्तो रक्तः शृणोति गृणाति वा ।
मधुरचरितं विष्णोर्जिष्णोर्मुदा परया तदा ।

---

સમજવા. તેમજ પૂર્વના શુકદેવજી, નારદજી, ઉદ્ધવજી, અંબરીષ આદિ મુક્તો હોય કે અત્યારના મુક્તાનંદ કે ગોપાળાનંદ આદિ આત્મનિષ્ઠ સંતપુરુષો હોય તેની એકાંતિકી રીતિનો આશ્રય કરવો.[૩૯]

હે ભક્તરાજ ! સ્ત્રી, સ્ત્રીલંપટ, વિધર્મી, પાખંડી, દંભથી ઉધ્ધત અને શાસ્ત્રોના અર્થને ઉલટા કરી લોકોને ધર્મમાંથી ભ્રષ્ટ કરવામાં તત્પર એવા વિદ્વાન પુરુષનો સંગ ન કરવો. વળી પોતાની બુદ્ધિથી કલ્પિત ધર્મનું આચરણ કરનારા, વ્યસની, ક્રોધી, લોભી, લોકોને છેતરનારા, પરધર્મનું આચરણ કરતા અને ભગવાન શ્રીહરિ સાથે દ્વેષભાવ રાખતા, આ ચૌદ જણાનો ભગવાનના ભક્તે સંગ ન કરવો.[૪૦] જો ભગવાન શ્રીહરિમાં અચળ પ્રીતિ પ્રગટ ન થાય તો બીજા યોગ, તપ, શાસ્ત્રાધ્યયન આદિ સદ્‌ગુણોને ભેળા કરીને સંઘરવાનું શું પ્રયોજન છે ? કોઈ પ્રયોજન નથી. પરંતુ જો શ્રીહરિમાં એક ભક્તિ ઉત્પન્ન થઇ જાય તો બીજા ગુણો પ્રાપ્ત થાય કે ન થાય તેનો શું મતલબ છે ? કોઈ નહિ. માત્ર એક ભક્તિ ઉત્પન્ન થવી જોઈએ.[૪૧] જે મનુષ્ય શ્રીકૃષ્ણ ભગવાનને પ્રસન્ન કરવા માટે જે કાંઈ પણ વ્રત, તપ કે નિયમનું પાલન કરે છે તે સર્વે ભગવાનની ભક્તિમાં વૃદ્ધિ કરનારાં જરૂર છે, પણ જો ભગવાનને પ્રસન્ન કરવા સિવાય બીજા ફળની ઇચ્છા રાખીને કરવામાં આવે તો તે સર્વે અલ્પ ફળ આપનારાં થાય છે.[૪૨]

હે ભક્તરાજ ! ચોર્યાસી લાખ યોનિઓમાં ભ્રમણ કરી પછી પ્રાપ્ત થયેલા અને દેવતાઓને પણ દુર્લભ એવા આ મનુષ્યશરીરને પામીને બુદ્ધિમાન પુરુષોની બુદ્ધિનું ફળ એ જ છે કે, વિષયોમાંથી વિરક્તિ થવી અને ભગવાનમાં પ્રીતિ થવી.[૪૩] આલોકમાં ભગવાનને વિષે અત્યંત પ્રીતિવાળો ભક્ત જ્યારે જ્યારે વિજયશીલ

मनसि निभृतानन्दस्यन्दस्तदात्मक उल्लसत् ।
पुलककुलकः स्मारं स्मारं भवत्युदिताश्रुदृक् ।। ४४
इत्थं दिव्यनराकृतेर्भगवतः कृष्णस्य भक्तिं नरा ।
ये कुर्वन्ति मनोरथान् सफलयत्येषां स हि प्रीतिमान् ।
ये तन्नृत्वकुतर्कितास्तदितरासक्ताश्च तेषु द्रुतं ।
कामक्रोधरसादयो विदधते शार्दूलविक्रीडितम् ।। ४५
प्रीत्यै हरेर्न सुरता मुनिता नृता वा विप्रत्वमाप्तजननत्रयमिष्टकर्म ।
पूर्तं तपश्च नियमव्रतदानवृत्तं निश्छद्मभक्तिमपहाय बहुश्रुतं च ।। ४६
अश्यते भगवताऽमलभक्त्या दत्तमम्बुफलपुष्पदलादि ।
भूरिहेमचयखाद्यविशेषान्नैव पश्यति दृशाऽपि विना ताम् ।। ४७

---

પરમાત્માનાં મધુર ચરિત્રોનું પરમ આનંદથી શ્રવણ કરે છે કે, ગુણોનું સંકીર્તન કરે છે. તે સમયે તેના અંતરમાં ઉભરાયેલો આનંદ નેત્રદ્વારા બહાર આવે છે. તેમનું ચિત્ત ભગવાનના સ્વરૂપમાં એક રસ થઈ જાય છે. અને ગાત્ર ગદ્‌ગદ્ અને પુલકિત થઈ ઉઠે છે. તેમજ ભગવાનના અલૌકિક મહિમાનું સ્મરણ કરતાં કરતાં તેમની આંખમાંથી પ્રેમનાં અશ્રુઓ વહેવા લાગે છે.[૪૪] આ પ્રમાણે જે મનુષ્યો દિવ્ય મનુષ્યાકૃતિ ધરીને વર્તતા પ્રત્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણને વિષે ભક્તિ કરે છે, તે મનુષ્યાકાર ભગવાનના સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને ચરિત્રોમાં જે દિવ્યભાવ કેળવી ભજન કરે છે તેમના પર અતિશય પ્રસન્ન થયેલા પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાન તેમના સમગ્ર મનોરથો પૂર્ણ કરે છે. તેમજ જે મનુષ્યો આ પ્રગટ શ્રીકૃષ્ણના મનુષ્ય શરીરને વિષે કુતર્ક કરે છે, ને તેના સિવાય બીજે આસક્તિ કરે છે, તેવા મનુષ્યોનો કામ, ક્રોધ, રસ, લોભ આદિ અંતઃશત્રુઓ તત્કાળ પકડીને વાઘ જેમ જીવતાંજ મનુષ્યને પકડી પીડા આપી પ્રાણનો નાશ કરે છે તેમ નાશ કરે છે.[૪૫]

હે ભક્તરાજ ! શ્રીકૃષ્ણ ભગવાનની એકાંતિકી નિષ્કપટ ભક્તિનો ત્યાગ કરવાથી સન્યાસ ધર્મ અંગિકાર કરવા છતાં પણ ભગવાનને પ્રસન્ન કરવામાં મદદરૂપ થતું દૈવત કે સુરતા પ્રગટ થતી નથી. મનુષ્યત્વ કેળવ્યું હોય, બ્રાહ્મણપણું હોય, ઊંચા કુળમાં જન્મ થયો હોય, યજ્ઞયાગાદિ ઈષ્ટ કર્મો કર્યાં હોય, વાવકૂવા આદિ પૂર્તકર્મ કરાવ્યાં હોય, તપશ્ચર્યા કરી હોય, નિયમોનું યથાર્થ પાલન કર્યું હોય, એકાદશી આદિ વ્રતો કર્યાં હોય, સુપાત્રમાં દાન કર્યું હોય, સદાચારનું પાલન

अद्य वा शतजनुर्भ्रमणान्ते सद्गतिर्नहि विना हरिभक्तिम् ।
इत्थमेव दृढनिश्चयवान् यस्तां करोति भुवि धन्यतरः सः ॥ ४८
योषिदीक्षणशरैरहताङ्गो घोरकोपनिशि जागरितश्च ।
यो न मोहदृढपाशनिबद्धो भक्तिमान्प्रियतमः स हि विष्णोः ॥ ४९
बाले योषिति दर्पणे निजजने रागे धने मादके।
जायन्ते सुधियोऽपि विह्वलतरा होलादिनोत्क्रीडने ॥
अष्टस्वेषु तदंघ्रिचिन्तनरतं चित्तं न यस्योत्सरेत् ।
तद्भक्त्येकरसस्य तस्य पदयोः पांशुः सुरैरिष्यते ॥ ५०
एतादृशा ये भुवि सज्जनाः स्युः श्रीकृष्णभक्ता निजधर्मनिष्ठाः ।
मुमुक्षुभिस्ते गुरवो विधेयाः पूज्याश्च तेष्वेव सुहृन्मतिश्च ॥ ५१

---

કર્યું હોય, ઘણાંક શાસ્ત્રોનું અધ્યયન કર્યું હોય, ઈત્યાદિ અનંત સદ્ગુણો પણ ભગવાનને રાજી કરી શક્તા નથી. પરંતુ એક નિષ્કપટ ભક્તિ છે તે જ ભગવાનને રાજી કરવાનું ઉત્તમ સાધન છે.[૪૬] નિષ્કપટ ભક્તિથી અર્પણ કરેલાં જળ, ફળ, પુષ્પ, પત્ર, આદિ પદાર્થોનો ભગવાન ઉપભોગ કરે છે. પરંતુ નિષ્કપટ વિશુદ્ધ ભક્તિ વિના અનંત સુવર્ણના ઢગલા અર્પણ કરે કે અનંત પ્રકારનાં ભોજનો અર્પણ કરે તેથી ભગવાન પ્રસન્ન થતા નથી.[૪૭] હે ભક્તરાજ ! આજ કે સો જન્મ પછી પણ ભગવાન શ્રીહરિની ભક્તિવિના જીવની સદ્ગતિ થતી જ નથી. તેથી આ રીતે દૃઢ નિશ્ચયવાળો થઈ ભગવાન શ્રીહરિની ભક્તિ કરે છે તેજ પુરુષ આ પૃથ્વી પર અતિશય ધન્ય ભાગ્યશાળી છે.[૪૮]

**ભક્તને માટે ભયાવહ સ્થાન :–** હે ભક્તરાજ ! જે પુરુષ નારીનયન કટાક્ષરૂપી બાણથી વીંધાયો નથી. ઘોર ક્રોધરૂપી રાત્રીમાં જે સદાય જાગતો રહે છે, મોહના દૃઢ કંઠપાસથી બંધાયો નથી અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે દૃઢ ભક્તિવાળો છે. તે પુરુષ ભગવાનને અતિશય પ્રિય થાય છે.[૪૯] બાળક, સ્ત્રી, દર્પણ, સ્વજન, રાગ, ધન, માદક પદાર્થ અને હોળીની રમત આ આઠ વસ્તુઓમાં બુદ્ધિમાન મનુષ્યોનાં પણ ચિત્ત વિભ્રાંત થઈ જાય છે. પરંતુ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણારવિંદમાં એકરસ થયેલું જે ભક્તનું ચિત્ત ઉપરોક્ત આઠ પદાર્થોમાં આસક્ત થતું નથી, તે ભક્તની ચરણરજને તો દેવતાઓ પણ ઈચ્છે છે.[૫૦]

હે ભક્તરાજ ! આ પૃથ્વી પર આવા પ્રકારના ધાર્મિક ભગવાનના દૃઢ

अन्यत्र ये पूज्यधियस्तु तेभ्यः सुहृद्धियो वा गुरुबुद्धयश्च ।
तेषां पशूनां च यदस्तरं तद्द्विपाच्चतुष्पात्त्वमुदस्य नान्यत् ॥ ५२

**सुव्रत उवाच –**

इति तस्य गिरं सुधायमानां श्रुतिकंसेन निपीय वैश्यवर्यः ।
मुदितः स भृशं बभूव चान्ये मुदमापुः सकलास्तदीयभक्ताः ॥ ५३
कृष्णं विष्णुं हरिं चापि धर्मसूनुं तमेव हि । जानन्तो लेभिरे तस्मिन्भक्तिदार्ढ्यं नराधिप ! ॥ ५४
भगवद्भक्तमाहात्म्यं विदन्तस्तत आदरात् । मुनींस्तान् पूजयामासुर्भगवन्तमिवाखिलान् ॥ ५५
चन्दनैरक्षतैः पौष्पैर्हारैर्वस्त्रैश्च भोजनैः । सम्पूज्य तांस्ते विधिवद्दण्डवत्प्रणमंस्ततः ॥ ५६
भगवानपि भक्तानां तदादीनां पुरौकसाम् । भक्तिं स्वस्मिंस्तथा सत्सु स्थिरां दृष्ट्वा तुतोष ह ॥ ५७

---

ભક્ત એવા સંતજનો હોય, તેનું મુમુક્ષુજનોએ શરણું સ્વીકારી તેમને ગુરુસ્થાને સ્વીકારવા, તેમજ તેમનું સન્માન કરવું, પૂજન કરવું, તેમની સાથે જ મિત્રભાવ રાખવો અને તેમનાં વચનોને આચરણમાં ઉતારવાં.[૫૧] અને જે પુરુષો તેવા પ્રકારના સંતો સિવાય ઇતર જનોમાં પૂજ્યબુદ્ધિ, મિત્રતા કે ગુરુબુદ્ધિ કરે છે. તે પુરુષોમાં અને પશુઓમાં કોઇ ભેદ નથી. તેમ છતાં તેમાં ભેદ પાડવો હોય તો બે પગવાળા અને ચારપગવાળા પશુઓ છે, એવો ભેદ પાડી શકાય છે.[૫૨]

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! આવા પ્રકારની ભગવાન શ્રીહરિની અમૃતની સમાન વાણીનું વૈશ્ય ભક્તોમાં શ્રેષ્ઠ ભાલચંદ્ર શેઠ કાનરૂપી પડીયાના પાત્રદ્વારા પાન કરી અતિશય પ્રસન્ન થયા. તેવી જ રીતે સભામાં બેઠેલા શ્રીહરિના અનન્ય આશ્રિતો હતા તે પણ અતિશય આનંદ પામ્યા.[૫૩] હે નરાધિપ ! ધર્મનંદન શ્રીહરિને જ શ્રીકૃષ્ણ, શ્રીવિષ્ણુ અને શ્રીહરિસ્વરૂપે જાણતા ભક્ત ભાલચંદ્ર શેઠ તથા અન્ય ભક્તજનો પણ શ્રીહરિને વિષે જ ભક્તિની દૃઢતા પામ્યા.[૫૪]

હે રાજન્ ! ભગવાનના ભક્તોનું અતિશય માહાત્મ્ય જાણતા સુરત શહેરના ભક્તજનોએ શ્રીહરિની સાથે પધારેલા મુક્તાનંદ સ્વામી આદિ સમગ્ર સંતોનું ભગવાન શ્રીહરિની માફક જ અતિ આદરપૂર્વક પૂજન કર્યું. ચંદન, ચોખા, પુષ્પના હારો, વસ્ત્રો તથા સારાં ભોજનો જમાડી સુરતવાસી ભક્તજનોએ સંતોનું શાસ્ત્રવિધિ અનુસાર પૂજન કરી દંડવત્ પ્રણામ કર્યાં.[૫૫-૫૬]

હે રાજન્ ! શ્રીહરિ પણ ભાલચંદ્ર આદિ સુરતવાસી ભક્તજનોની પોતાને

आनन्दयन्सकलभक्तजनान्नृपेत्थं प्रश्नोत्तरैः परमधर्ममयैर्मुनीशः ।
तत्रावसत्स पुरि सप्तदिनानि नित्यं पाषण्डमार्गमभितो निखनन्समूलम् ॥ ५८

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे सूर्यपुरे भगवद्भक्तिभक्तलक्षणनिरूपणनामैकपञ्चाशत्तमोऽध्यायः ॥ ५१ ॥*

**अथ द्विपञ्चाशत्तमोध्यायः - ५२**

**सुव्रत उवाच -**

एतस्मिन्नन्तरे काचिद्राज्ञी धर्मपुरेऽधवा । श्रुत्वा सद्भ्यो गुणांस्तस्य प्राप्ता भक्तिमतिस्थिराम् ॥ १
भगवद्दर्शनोत्कण्ठा कुर्वती राज्यमप्यसौ । आकृष्य सर्वतश्चित्तं तद्ध्याननिरताऽभवत् ॥ २
कृशीकृततनुः कृच्छ्रैर्व्रतैर्भगवदाप्तये । जितेन्द्रिया सुशीला च साऽऽरराध तमादरात् ॥ ३

---

વિષે તથા પોતાના સંતોને વિષે નિશ્ચળ પ્રેમભક્તિ જોઇ અત્યંત રાજી થયા.[૫૭] હે રાજન્ ! મુનિપતિ ભગવાન શ્રીહરિ પૂર્વોક્ત પ્રકારે પરમ એકાંતિક ધર્મનો બોધ કરાવતા પ્રશ્નોત્તરથી સમગ્ર ભક્તજનોને દરરોજ આનંદ ઉપજાવતા ચારેબાજુથી પાખંડમાર્ગનું મૂળે સહિત ખંડન કરી, સુરત શહેરમાં સાત દિવસ સુધી નિવાસ કરીને રહ્યા.[૫૮]

***આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં સુરત શહેરમાં ભગવાન શ્રીહરિએ ભગવાનની ભક્તિ અને ભક્તનાં લક્ષણોનું નિરૂપણ કર્યું એ નામે એકાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૧***

---

## અધ્યાય - ૫૨

## ધર્મપુરનાં રાજરાણી કુશળ કુંવરબાઇના નિમંત્રણથી શ્રીહરિની ધર્મપુરમાં પધરામણી.

સુવ્રતમુનિ કહે છે, હે પ્રતાપસિંહ રાજન્ ! ભગવાન શ્રીહરિ હવે સુરત શહેરથી ધર્મપુર પધાર્યા છે તેની વાત હું તમને કરું છું. ધર્મપુરમાં વિધવા થયેલાં મહારાણી કુશળકુંવરબાઇ હતાં. ભગવાન શ્રીહરિની આજ્ઞાથી વિચરણ કરતા સંતો હરિઇચ્છાએ ત્યાં પધારેલા તેમના મુખથકી ભગવાન શ્રીહરિનો મહિમા સાંભળી તેમને વિષે રાણીને અતિશય દૃઢ ભક્તિ ઉત્પન્ન થઇ.[૧] ત્યારથી તેને

सा मुहुः प्रैषयद्दूतान् हरये बुद्धिमत्तरान् । प्रतिजज्ञे स तेभ्यश्च तत्पुरागमनं नृप ! ॥ ४
तस्यै प्रसन्नो भगवान् सर्वेषां भाववित्प्रभुः । स्वदर्शनं दातुमैच्छन्मुनिभिः सह सत्पतिः ॥ ५
अथ स्वैरन्वितो भक्तैः प्रायाद्धर्मपुरं हरिः । यत्रास्ति कुशलाख्या सा देवहूतिसमा गुणैः ॥ ६
आयान्तमाश्रुत्य निजेष्टदेवं राज्ञी मुदाऽमात्यजनैश्च पौरैः ।
साकं तमभ्यागमदीक्षणोत्का गजं पुरस्कृत्य विभूषिताङ्गम् ॥ ७
विचित्रवादित्रनिनादमुच्चैर्विधापयन्ती शिबिकाधिरूढा ।
पुरोपकण्ठे तमथाऽऽप्य यानात्सोत्तीर्य भक्त्या प्रणनाम हृष्टा ॥ ८

---

શ્રીહરિનાં દર્શન કરવાની અંતરમાં અતિશય ઉત્કંઠા જાગી, મહારાણી રાજ્ય વ્યવહાર ચલાવતાં હોવા છતાં સર્વે માયિક પંચવિષયોમાંથી મનની વૃત્તિને પાછી વાળીને ભગવાન શ્રીહરિના ધ્યાનપરાયણ રહી જીવન જીવતાં હતાં.[૨]

તેને પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિની પ્રાપ્તિની ઇચ્છા હતી. તેથી તેની પ્રાપ્તિને માટે કૃચ્છ્ર ચાંદ્રાયણાદિક વ્રતોનાં અનુષ્ઠાનથી પોતાનું શરીર કૃશ કરી નાખ્યું હતું. જીતેન્દ્રિય અને સુશીલ સ્વભાવનાં મહારાણી અતિશય આદરપૂર્વક ભગવાન શ્રીહરિનું ભજન કરી રહ્યાં હતાં.[૩] હે રાજન્ ! મહારાણી પોતાના બુદ્ધિશાળી દૂતોને સ્વયં શ્રીહરિને પોતાના પુરમાં પધરાવવા વારંવાર આમંત્રણ આપવા મોકલતાં. શ્રીહરિ પણ તે દૂતોને હું એક દિવસ ધર્મપુર આવીશ એવી પ્રતિજ્ઞા કરીને આશ્વાસન આપતા.[૪]

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ સુરતમાં છે એ અવસરે સર્વના અંતરના ભાવને જાણતા અને તેથી જ રાજરાણી કુશળ કુંવરબાઇ ઉપર અતિશય પ્રસન્ન થયેલા સંતોના સ્વામી શ્રીહરિ સંતમંડળની સાથે તેમને પોતાનું પ્રત્યક્ષ દર્શન આપવાની અંતરમાં ઇચ્છા કરી.[૫] તેથી સંતમંડળે સહિત સર્વ ભક્તજનોની સાથે શ્રીહરિ ધર્મપુર પધાર્યા. તે સમયે સ્વધર્મ, ભક્તિ આદિ સદ્‌ગુણોથી સંપન્ન માતા દેવહૂતિ સમાન મહારાણી કુશળ કુંવરબાઇએ ભગવાન શ્રીહરિ અહીં ધર્મપુર પધાર્યા છે એવા સમાચાર સાંભળ્યા કે તરત જ તેમનાં દર્શનની અત્યંત ઉત્કંઠાવાળાં થઇ, વિવિધ અલંકારોથી શણગારેલા ગજેન્દ્રને આગળ કરી, પોતાના મંત્રીમંડળે સહિત પુરવાસી સર્વે જનોને સાથે લઇ અતિ હર્ષપૂર્વક ભગવાન શ્રીહરિની સન્મુખ ગયાં.[૬-૭]

હે રાજન્ ! તે સમયે મહારાણી પોતાની મર્યાદા પ્રમાણે એક ડોલીમાં બેઠાં

पौराः प्रणामं विदधुश्च तस्मै स चापि तां तांश्च यथार्हमीशः ।
सम्मानयामास तयाऽर्थितोऽथो अध्यारुरोहोत्तमवारणं सः ॥ ९
जयध्वनिर्भूरितरस्तदाऽऽसीत्सहस्रशो भक्तजनैरुदीर्णः ।
सम्मिश्रितो मङ्गलवाद्यघोषैरुत्कर्णयामास ककुब्गजेन्द्रान् ॥ १०
भक्तैश्च पौरैः परिवेष्टितोऽसौ ततः पुरं प्राविशदूर्जितश्रीः ।
अलंकृतं तोरणपूर्णकुम्भैः सम्मार्जितं चन्दनवारिसिक्तम् ॥ ११
त्यक्तान्यकार्यैः पुरयोषितौघैः सम्प्रेक्ष्यमाणः पथि यूथसंस्थैः ।
कृतार्थयन्स्वीयदृशा जनौघान् पुरे स रम्यं नृपसौधमाप ॥ १२
अकारयत्तस्य सहानुगस्य राज्ञी यथार्हं निलयेषु वासम् ।
चकार चातिथ्यमुदारचेता दासीव तं पर्यचरच्च भक्त्या ॥ १३

---

હતાં અને ચારે બાજુ વિવિધ વાજિંત્રનો સુમધુર નાદ થઇ રહ્યો હતો. સન્મુખ જતાં મહારાણી નગરની નજીકમાંજ પધારેલા શ્રીહરિનાં દર્શન કર્યાં કે તરત ડોલીમાંથી નીચે ઉતરી અતિશય ભક્તિભાવથી શ્રીહરિના ચરણમાં પંચાંગ પ્રણામ કર્યાં.[૮] તેમજ મંત્રીઓ સહિત સમગ્ર પુરવાસીજનોએ પણ શ્રીહરિના ચરણમાં વંદન કર્યાં. ત્યારે પરમેશ્વર ભગવાન શ્રીહરિ પણ રાજરાણીને, મંત્રીઓને તથા નગરવાસીજનોને યથાયોગ્ય આદર આપી બહુ રાજી કર્યા. પછી રાજરાણીએ શ્રીહરિને હાથી ઉપર વિરાજમાન થવાની પ્રાર્થના કરી, તેથી ભગવાન શ્રીહરિ શણગારથી અલંકૃત ઉત્તમ મદોન્મત્ત ગજરાજ ઉપર સવાર થયા.[૯]

હે રાજન્ ! તે સમયે હજારો ભક્તજનોએ ભગવાન શ્રીહરિના નામનો ઉચ્ચે સ્વરે જયજયકારનો ધ્વનિ કર્યો. તે ધ્વનિ વાજિંત્રોના ધ્વનિ સાથે મિશ્ર થઇ દશે દિશાઓના દિગ્પાળો સુધી પહોંચ્યો, તે સમયે ઉત્તમ શરીરની કાંતિવાળા ભગવાન શ્રીહરિ, ભક્તજનો તથા પુરવાસી જનોની સાથે ધર્મપુરમાં પ્રવેશ કર્યો. ત્યારે શ્રીહરિનાં સ્વાગત માટે નગરના મોટા મોટા દ્વારોનાં બારણામાં આસોપાલવનાં તોરણો બાંધ્યા હતાં. દરેક દ્વારે જળથી ભરેલા મોટા મોટા કુંભોની સ્થાપના કરવામાં આવી હતી, અને ચંદનમિશ્રિત સુગંધીમાન જળના છંટકાવ કરી બજારો શણગારવામાં આવી હતી. આવી શોભાને ધારણ કરતા નગરમાં ભગવાન શ્રીહરિએ પ્રવેશ કર્યો.[૧૦-૧૧]

હે રાજન્ ! તે સમયે નગરનાં સર્વે નરનારીઓ પોતાનાં સર્વ કામકાજ

महोपचारैर्विविधैरनर्घ्यैः पूजां तृतीयेऽहनि पूर्णिमायाम् ।
तस्याकरोत्प्रीतिभरेण हृष्टा विस्मापयन्ती जनतां जनेश ! ॥ १४
वस्त्रैर्नृपार्हैर्विविधैर्नवीनैर्विभूषणैर्हेममयैरनेकैः ।
सद्रत्नमुक्ताफलहारवर्यैर्गन्धाक्षतैस्तं च पुपूज पुष्पैः ॥ १५
भक्ष्यैश्च भोज्यैर्विविधैश्च लेह्यैस्तं तर्पयित्वा समुनिव्रजं सा ।
राज्यं च कोशं सगजाश्वधेनुं सर्वं स्वकीयं हरये ह्यदित्सत् ॥ १६
तयाऽतिभक्त्या सर्वस्वं दीयमानमपि प्रभुः । नैवाग्रहीन्मुनिपतिस्तुष्टो भक्त्या तदीयया ॥ १७
ततः सा परया भक्त्या द्रव्यपुञ्जं हरेः पुरः । कृत्वा सर्वांस्तदनुगान्वस्त्रैर्द्रव्यैः पुपूज च ॥ १८
भक्तिमेवंविधां तस्या दृष्ट्वाऽऽपुर्विस्मयं जनाः । भक्तप्रियश्च भगवान्प्रसन्नो नितरामभूत् ॥ १९

---

છોડીને માર્ગમાં પંક્તિબદ્ધ ઊભા રહીને પ્રેમથી ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યાં. ભગવાન શ્રીહરિ પણ પોતાની અમીમય દૃષ્ટિથી સર્વને કૃતાર્થ કરતા અતિશય રમણીય રાજમહેલમાં પ્રવેશ કર્યો.[૧૨] ત્યારે મહારાણી કુશળ કુંવરબાઈએ શ્રીહરિને અને સાથે રહેલા સર્વે સંતો-ભક્તોને પોતાના રાજમહેલમાં જ નિવાસ કરાવ્યો. ઉદાર મનનાં મહારાણીએ શ્રીહરિનો વિધિપૂર્વક આતિથ્ય સત્કાર કરી દાસીની માફક પ્રેમથી પરિચર્યા કરવા લાગ્યાં.[૧૩]

હે રાજન્ ! શ્રીહરિ પધાર્યા પછી ત્રીજે દિવસે સંવત ૧૮૬૬ ના વૈશાખ સુદ પૂર્ણિમાની તિથિએ અત્યંત રાજી થયેલાં રાજરાણીએ જનસમુદાયને આશ્ચર્ય ઉપજાવે એવા અનેક પ્રકારના મહા અમૂલ્ય ઉપચારોથી બહુ જ પ્રેમ ભરેલા હૃદયે ભગવાન શ્રીહરિનું પૂજન કર્યું.[૧૪]

હે રાજન્ ! તેમાં રાજા મહારાજાને શોભે તેવાં અનેક પ્રકારનાં નવીન વસ્ત્રો, સુવર્ણમાંથી બનાવેલાં અનેક પ્રકારનાં આભૂષણો, શ્રેષ્ઠ રત્નો અને મહામોઘાં મોતીઓના સુંદર હારો, સુગંધીમાન ચંદન, ચોખા અને પુષ્પમાળાઓથી શ્રીહરિનું પૂજન કર્યું.[૧૫] અને ભાવપૂર્વક ભક્ષ્ય, ભોજ્ય અને લેહ્ય આદિ અનેક પ્રકારનાં ભોજનો વડે સંતમંડળની સાથે ભગવાન શ્રીહરિને જમાડીને તૃપ્ત કર્યા. અને પોતાના હાથી, ઘોડા, ગાય વિગેરે રાજ્યસમૃદ્ધિએ સહિત રાજકોશ અને સંપૂર્ણ રાજ્ય ભગવાન શ્રીહરિના ચરણમાં સમર્પણ કર્યું.[૧૬] હે રાજન્ ! મહારાણીએ રાજસમૃદ્ધિએ સહિત સર્વસ્વનું સમર્પણ કર્યું છતાં પણ સમસ્ત ત્યાગીઓના સ્વામી ભગવાન શ્રીહરિએ તેનો સ્વીકાર કર્યો નહિ, પણ તેનો ભક્તિભાવ જોઈ અતિ

आत्मनिष्ठोपदेशैस्तां बोधयित्वा महामतिम् । भक्त्याप्तदृढवैराग्यां राज्ये पुनरयूयुजत् ॥ २०
द्रव्यपुञ्जं च वस्त्राणि भूषणानि च सर्वशः । ददौ स ब्राह्मणादिभ्यः पूर्णकामो हरिस्तदा ॥ २१
सभायां तत्र भगवान्निषण्णो हैम आसने । मर्यादयोपविष्टान्स्वान्सर्वान्भक्तानवैक्षत ॥ २२
तूष्णीं तत्र निषण्णेषु भक्तसङ्घेषु संसदि । प्रणम्य राज्ञी साऽपृच्छत्स्तुवती प्राञ्जलिः प्रभुम् ॥ २३

**राज्ञ्युवाच -**

नारायणाद्य भवता सफलीकृतो मे हृत्स्थश्चिरन्तनमनोरथपादपो वै ।
दानेन दुर्लभतरस्वकदर्शनस्य नित्यं विरिञ्चिमुखदैवतवाञ्छितस्य ॥ २४
यैरीक्षितं न सुरमानवमङ्गलाङ्गं श्रीमद्वपुस्तव मनोहरमत्र नेत्रैः ।
तान्यब्जपत्ररुचिराण्यपि मानवानां मायूरबर्हगतचन्द्रकतां भजन्ति ॥ २५

---

પ્રસન્ન થયા.[૧૭] હે રાજન્ ! રાજ્ય ન સ્વીકાર્યું તેથી રાણીએ ભગવાન શ્રીહરિની આગળ સુવર્ણ અને રૂપાંની મુદ્રાઓનો મોટો ઢગલો કર્યો, અને શ્રીહરિની સાથે પધારેલા સર્વે સંતો, પાર્ષદો અને બ્રહ્મચારીઓને વસ્ત્રો અને દ્રવ્ય અર્પણ કરી પૂજન કર્યું.[૧૮] રાણીની આવી ઉત્તમ પ્રકારની ભક્તિ જોઇને નગરવાસીજનો અતિશય આશ્ચર્ય પામી ગયા. ભગવાન શ્રીહરિ પણ અત્યંત પ્રસન્ન થયા.[૧૯] દૃઢ વૈરાગ્યવાળાં મહામતિ કુશળકુંવરબાઇને આત્મજ્ઞાનનો બોધ આપ્યો અને રાજ્યવ્યવહાર ફરી ચલાવવાનો આદેશ આપ્યો.[૨૦]

હે રાજન્ ! પૂર્ણકામ એવા ભગવાન શ્રીહરિએ રાણીએ સમર્પિત કરેલો સુવર્ણનો ઢગલો તેમજ સમસ્ત વસ્ત્રો અને આભૂષણો બ્રાહ્મણોને તથા સૂત, માગધ, બંદીજનો વગેરેને દાનમાં આપી દીધાં. પછી રાજદરબારમાં ભરાયેલી સભાને વિષે સુવર્ણના ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન શ્રીહરિ પોતાની આગળ મર્યાદા પ્રમાણે બેઠેલા સર્વ ભક્તજનોને પ્રેમભરી દૃષ્ટિથી નિહાળી રહ્યા હતા. અને સર્વે ભક્તજનો પણ ભગવાન શ્રીહરિનું દર્શન કરતા મૌન બેઠા હતા. તે સમયે મહારાણી બે હાથ જોડી શ્રીહરિને નમસ્કાર કરી સ્તુતિ કરતાં કહેવા લાગ્યાં.[૨૧-૨૩]

**મહારાણી કુશળબાની અનુકરણીય સમજણ :-** મહારાણી કહે છે, હે નારાયણ ! મારા હૃદયમાં ઘણા સમયથી ઉદ્ભવેલું મનોરથરૂપી વૃક્ષ આપના દુર્લભ દિવ્ય દર્શનથી સફળ થયું છે. કારણ કે, બ્રહ્માદિ દેવતાઓ પણ આપનાં દિવ્ય દર્શનની નિરંતર ઇચ્છા રાખે છે. છતાં પણ તેમને આપનાં દર્શન દુર્લભ છે. આપ દયા કરીને દર્શનનું દાન મને આપ્યું, તેથી મારું જીવન સફળ

नानाविधाघनिचयप्रशमैकशीलां सद्भक्तिबोधनपटुं त्वदुदारकीर्तिम् ।
शृण्वन्ति यैरपि न शष्कुलिकासमानैः कर्णैस्त एव ननु नागबिलत्वभाजः ॥ २६
जिह्वा च या न तव गायति चारुगाथाः संसारसागरसमुत्तरणार्थिनावः ।
सा ग्राम्यगीतनिपुणापि न मानवी स्याद्भैकी मुधाऽनिशमसद्रवकारिणी हि ॥ २७
शुश्रूषणं भगवतस्तव यैः कृतं नो नो वा सतामघकृषां दृशिमात्रतोऽपि ।
ते भूषिता अपि महार्घ्यविभूषणैर्हि नृणां भूजाः शबभुजा इव गर्हणीयाः ॥ २८
त्वन्मन्दिराणि च सतो निकषा न यान्ति पादास्तु ये तनुभृतामपि पद्मशोभाः ।
ते पैतृकाननतरुत्वमिहैव यान्ति त्वत्सेवनेऽत्र निरता मनुजास्तु धन्याः ॥ २९

થયું. હે પ્રભુ ! દર્શન કરનારા દેવતાઓ અને મનુષ્યોનું પણ સદાય મંગલ કરનારાં કરચરણાદિક અંગોવાળું આપનું આ અતિશય મનોહર દિવ્ય માનવ શરીર છે. તેમનું જેણે પોતાનાં નેત્રોથી દર્શન નથી કર્યું તેનાં કમળની પાંખડી સમાન નેત્રો હોય છતાં પણ મોરના પીછાંમાં રહેલાં નેત્રોની સમાન નિરર્થક છે.[૨૪-૨૫]

હે નારાયણ ! આપના ઉદાર ચરિત્રોની કથા, સાંભળનારા જનોના અનેક પ્રકારના પાપના પૂંજોનો વિનાશ કરી ભક્તિની વૃદ્ધિ પમાડનારી છે. આવી કથાનું શ્રવણ જે જનોએ નથી કર્યું, તેના કાન જલેબીના ગૂંચડાં જેવા સુંદર જણાતા હોય, છતાં સર્પને રહેવાના રાફડાની સમાન નિરર્થક છે. માત્ર નિરર્થક નહિ, પરંતુ પંચવિષયની વાર્તારૂપી ઝેરને સંઘરનારા હોવાથી અનર્થકારી પણ છે.[૨૬] હે નારાયણ ! આપની કથા આ સંસારરૂપી સાગરને પાર કરવામાં નૌકા સમાન છે. એ કથાનું જે જનોએ પોતાની જીભથી ગાન-કીર્તન નથી કર્યું તેની જીભ માત્ર ગ્રામ્યગીતો ગાવામાં નિપુણ હોવા છતાં દેડકાંની જીભ સમાન નિરર્થક છે. કારણ કે બહુ ઘોષ કરતી દેડકાંની જીભ જેવી ભગવાનનાં ચરિત્રો સિવાયનું જે કાંઈ બોલે છે તે માથાનો દુઃખાવો કરતો નર્યો કકડાટ જ છે.[૨૭]

હે નારાયણ ! સર્વનું મંગલ કરનારા આપ પરમેશ્વરની તથા દર્શનમાત્રથી પાપને બાળી નાખનારા આપના સંતોની જે મનુષ્યે પોતાના હાથ વડે સેવા પરિચર્યા નથી કરી તે માનવના હાથ અમૂલ્ય વેઢ વીંટી અને કડાંથી સુશોભિત કરેલા હોય છતાં તે શબના હાથ જેવા નિંદનીય છે. કારણ કે શબના હાથને શણગારવા તે બુદ્ધિહીનતા છે. [૨૮] હે નારાયણ ! જે મનુષ્યોનાં ચરણ આપના મંદિરે કે સંતોની સમીપે જવામાં ડગલું ભરતા નથી. તે ચરણ ભલેને કમળ જેવા કોમળ અને સુંદર

सर्वज्ञ ! भगवन्स्वामिन्मयाऽद्य तव सेवनात् । प्राप्तं स्वजन्मसाफल्यं कृपयैव तव प्रभो ! ॥ ३०
धर्मसंरक्षणार्थं त्वं स्वतन्त्रः पुरुषोत्तमः । धत्से नराकृतिं भूमावधर्मस्य च शान्तये ॥ ३१
कर्ता वक्ता च धर्मस्य त्वमेवासि जगद्गुरो ! । त्वत्तः सनातनं धर्मं श्रोतुमिच्छाम्यहं ततः ॥ ३२
धर्मं साधारणं नृणां विशेषं चापि मे विभो ! । वक्तुमर्हसि धर्मात्मन्धर्ममार्गप्रवर्तकः ॥ ३३

**सुव्रत उवाच –**

इति पृष्टः स भगवान्भक्तिमत्या तयाऽऽदरात् । प्रत्युवाच प्रसन्नस्तां तोषयन्भक्तमण्डलम् ॥ ३४

**श्रीनाराणमुनिरुवाच –**

साधु पृष्टं त्वया नृणां हितैषिण्या महामते ! । तुभ्यं निश्छद्मभक्तायै नावाच्यं मम किञ्चन ॥ ३५
नृणां सनातना धर्मा नारदेन पुरोदिताः । धर्मराजाय तान्वच्मि श्रीमद्भागवतस्थितान् ॥ ३६

---

હોય, છતાં પણ તે સ્મશાનમાં ઊભેલાં વૃક્ષ સમાન છે. કારણ કે તે રાહદારીને કદાપિ કામ લાગતાં નથી. માટે આલોકમાં જે મનુષ્યો આપની કે આપના સંતની સેવાપરાયણ છે તેજ ધન્ય ભાગ્યશાળી છે.[૨૯] માટે હે સર્વજ્ઞ ! હે સ્વામી ! હે પ્રભુ ! મારાં સર્વે અંગો તમારી સેવામાં આજે ઉપયોગી થયાં તેથી તથા આપની કરુણાથી આજ મારો માનવજન્મ સફળ થયો છે.[૩૦]

હે હરિ ! તમે સ્વતંત્ર છો, સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છો. આ પૃથ્વીપર એકાંતિક ધર્મનું રક્ષણ કરવા માટે અને અધર્મનો વિનાશ કરવા માટે મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરો છો.[૩૧] હે જગદ્ગુરુ ! આપ પુરુષોત્તમ નારાયણ જ એકાંતિક ભાગવતધર્મનું આચરણ કરનારા છો અને તેનો ઉપદેશ પણ તમે જ કરો છો, તેથી તમારા થકી સનાતન એકાંતિક ભાગવતધર્મનું સ્વરૂપ સાંભળવાની મને ઈચ્છા છે.[૩૨] હે વિભુ ! હે ધર્માત્મા ! તમે ધર્મમાર્ગના પ્રવર્તક છો. તેથી આપના થકી મનુષ્યોના સાધારણ ધર્મો અને વિશેષ ધર્મો મને સંભળાવાની ઈચ્છા છે. માટે તમે સંભળાવો.[૩૩]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! આ પ્રમાણે ભક્તિભાવની સાથે અતિ આદરપૂર્વક મહારાણીએ પ્રશ્ન કર્યો. તે સાંભળી ભગવાન શ્રીહરિ અતિશય પ્રસન્ન થયા ને સભામાં બેઠેલા સર્વ ભક્તજનોને આનંદ ઉપજાવતા થકા મહારાણી કુશળકુંવરબાઈને કહેવા લાગ્યા.[૩૪] શ્રીનારાયણમુનિ કહે છે, હે મહાબુદ્ધિશાળી રાણી ! તમે તો સર્વના હિતની ઈચ્છા રાખીને ખૂબ જ સુંદર પ્રશ્ન કર્યો છે. તમે મારી નિષ્કપટ ભક્તિ કરો છો, તેથી તમારી આગળ છુપાવીને ન કહેવાય તેવું

इत्युक्त्वा भगवांस्तस्यै सप्तमस्कन्धसंस्थितान् । धर्मानुवाच सकलांस्ततश्चेत्थमुवाच ताम् ॥ ३७
इति ते कथिता धर्मा मनुष्याणां सनातनाः । निःश्रेयसप्रदा युक्ता ज्ञानवैराग्यभक्तिभिः ॥ ३८
एत एव प्रयत्नेन सेवनीया मुमुक्षुभिः । अधिकारानुसारेण मनुजैर्मनुजाधिपे ! ॥ ३९
इत्युक्ता सा भगवता मुदिता नितरां नृप ! । सिषेवे परया प्रीत्या स्वधर्मस्था तमेव हि ॥ ४०
इत्थं प्रश्नोत्तरैः स्वामी प्रत्यहं धर्मसंश्रयैः । आनन्दयन्स तां चान्यांस्तत्रोवास यथासुखम् ॥ ४१
उषित्वा वासरान् पञ्च ततो गन्तुमना अपि । तया भृशं प्रार्थ्यमानो मासमेकमुवास सः ॥ ४२
सम्भारेणातिमहता स्नानयात्रामहोत्सवम् । कारयामास भगवान् ज्यैष्ठ्यां तत्र तया नृप ! ॥ ४३
एवं सन्तोषयित्वा तां भक्तवश्यो जगद्गुरुः । स्मरन्नभयभूपालवरं निरगमत्ततः ॥ ४४
अनुयान्तीं साश्रुनेत्रां सपौरां कुशलां हरिः । बलात्तां संनिवर्त्यैव देवकीतीर्थमागमत् ॥ ४५

---

કાંઈ નથી.[૩૫] હે મહારાણી ! મનુષ્યોને માટે જે સનાતન ધર્મો શાસ્ત્રમાં કહ્યા છે. તે ધર્મો દેવર્ષિ નારદે પૂર્વે ધર્મરાજ યુધિષ્ઠિરને સંભળાવ્યા હતા. તે શ્રીમદ્ભાગવતમાં વર્ણવેલા છે. તે તમને સંભળાવું છું.[૩૬]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિ આ પ્રમાણે કહીને શ્રીમદ્ભાગવતના સપ્તમ સ્કંધમાં વર્ણવેલા સમસ્ત ધર્મો કુશળકુંવરબાઈને સંભળાવ્યા, અને પછી કહેવા લાગ્યા કે, હે રાણી ! મેં તમને મનુષ્યોનું કલ્યાણ કરનારા જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ સહિત સનાતન ધર્મોનું સ્વરૂપ સમજાવ્યું, હે મહારાણી ! આ સનાતન ધર્મનું મુમુક્ષુજનોએ પોતાના અધિકારને અનુસારે પ્રયત્નપૂર્વક આચરણ કરવું.[૩૭-૩૯]

સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! ભગવાન શ્રીહરિનું આ પ્રમાણેનું વચન સાંભળી અત્યંત રાજી થયેલાં મહારાણી પોતાના ધર્મમાં દૃઢપણે વર્તી ભગવાન શ્રીહરિની પરમ પ્રીતિથી સેવા કરવા લાગ્યાં.[૪૦] ભગવાન શ્રીહરિ પણ આ જ પ્રમાણે એકાંતિક ધર્મના સંબંધવાળા પ્રશ્નોત્તરથી પ્રતિદિન મહારાણી કુશળકુંવરબા આદિક સર્વે ભક્તજનોને આનંદ ઉપજાવતા ધર્મપુરમાં સુખપૂર્વક નિવાસ કરીને રહ્યા.[૪૧]

હે રાજન્ ! પાંચ દિવસ પર્યંત ત્યાં નિવાસ કર્યા પછી ભગવાન શ્રીહરિએ ધર્મપુરથી જવાની ઈચ્છા કરી, છતાં પણ રાજરાણીની રોકાવાની અતિશય પ્રાર્થનાને વશ થઈ ભગવાન શ્રીહરિ એક માસ પર્યંત ત્યાં નિવાસ કરીને રહ્યા.[૪૨] હે રાજન્ ! ધર્મપુરમાં રહીને ભગવાન શ્રીહરિએ સંવત ૧૮૬૬ ના જેઠ સુદ પૂર્ણિમાને દિવસે રાજરાણીના યજમાનપદે અતિશય મોટી સામગ્રી ભેળી કરાવી

तत्र तीर्थविधिं कृत्वा व्यसृजद्यूथशो मुनीन् । अज्ञमानवबोधार्थं नानादेशान्महौजसः ॥ ४६
सह स्वेन समायातान् नानादेशजनानपि । प्रेषयामास भगवान्स्वं स्वं देशं ततोऽखिलान् ॥ ४७
आत्मसेवारतैर्नित्यं वर्णिभिः साधुपत्तिभिः । सादिभिश्च समं प्रायादश्वारूढोऽर्कजानदीम् ॥ ४८
उत्तीर्य तां च रेवां च महीं साभ्रमतीं च सः । भाल्लदेशमतिक्रम्य दुर्गपत्तनमागमत् ॥ ४९
तत्र तत्र स्वभक्तानां ग्रामेषु निवसन् पथि । तान् सर्वांस्तोषयित्वैव तत्रायातः स भूपते ! ॥ ५०
आयान्तं हरिमाश्रुत्य राजा पौराश्च सत्वरम् । त्यक्तान्यकार्या धावन्तस्तं प्रत्युद्ययुरादरात् ॥ ५१
पुरोपकण्ठ एवामुमायान्तं वीक्ष्य ते मुदा । प्रणेमुः साश्रुनयनाश्चिरदर्शनविह्वलाः ॥ ५२

---

શ્રીકૃષ્ણ ભગવાનને સ્નાનયાત્રા ઉત્સવમાં શંખથી સ્નાન કરાવી મોટો ઉત્સવ ઉજવ્યો.[૪૩] ભક્તાધીન જગદ્‌ગુરુ ભગવાન શ્રીહરિ આ પ્રમાણે મહારાણી કુશળકુંવરબાઈને સંતોષ પમાડી અભયરાજાને આપેલાં વરદાનનું સ્મરણ કરતા ધર્મપુરથી ગઢપુર જવા રવાના થયા.[૪૪] ત્યારે સ્વયં મહારાણી વળાવવા દૂર સુધી વિરહથી રડતાં રડતાં પાછળ આવ્યાં. ત્યારે ભગવાન શ્રીહરિએ પુરજનોની સાથે મહારાણીને પણ મહાપ્રયાસે સમજાવી હઠપૂર્વક પાછાં વાળ્યાં અને સ્વયં દેવકીતીર્થમાં પધાર્યા.[૪૫]

**દેવકીતીર્થમાં શ્રીહરિનું આગમન :–** હે રાજન્ ! શ્રીહરિએ દેવકીતીર્થમાં સમગ્ર તીર્થવિધિનું અનુષ્ઠાન કરી પોતાની સાથે ફરતા મહા પ્રભાવશાળી સંતોને જગતના અજ્ઞાની જીવોને સદ્‌બોધ આપવા દેશદેશાંતરમાં મોકલ્યા.[૪૬] અને પોતાની સાથે આવેલા દેશાંતરવાસી સર્વે ભક્તજનોને પોતપોતાના દેશ પ્રત્યે પાછા મોકલ્યા.[૪૭] પરંતુ પ્રતિદિન પોતાની સેવા પરાયણ રહેતા મુકુન્દાનંદ બ્રહ્મચારી અને મુક્તાનંદ સ્વામી આદિ સંતો અને રતનજી આદિ પાર્ષદો તથા સોમલાખાચર આદિ કાઠીસવારોને સાથે લઈ સુંદર અશ્વ ઉપર વિરાજમાન થઈ તાપી નદીએ પધાર્યા.[૪૮] તાપી નદી ઉતરીને ત્યાંથી નર્મદા નદીએ પધાર્યા. ત્યાંથી મહીનદી અને ત્યાંથી સાબરમતી નદીએ પધાર્યા. ત્યાંથી ભાલપ્રદેશને ઓળંગી ગઢપુર પધાર્યા.[૪૯] હે રાજન્ ! આ રીતે શ્રીહરિ માર્ગમાં આવતા તે તે દેશોમાં ભક્તજનોનાં ગામોમાં અને નગરોમાં નિવાસ કરતા કરતા અને ભક્તજનોને આનંદ પમાડતા ગઢપુરમાં પધાર્યા.[૫૦]

**શ્રીહરિનું ગઢપુર પ્રત્યાગમન :–** હે રાજન્ ! ભગવાન શ્રીહરિ ગઢપુર પધારે છે, આવા સમાચાર સાંભળતાંની સાથે અભયરાજા અને

यथोचितं मानयित्वा तान् हरिः सह तैः पुरम् । प्रविश्य तत्र स्वावासमेत्यासन उपाविशत् ॥ ५३
जयारमादयो योषा दृष्ट्वा तं हर्षविह्वलाः । प्रणेमुः परया प्रीत्या गततद्विरहज्वराः ॥ ५४
आनन्दं परमं प्रापत्सान्वयोऽभयभूपतिः । जानन्सत्यप्रतिज्ञं तं तत्सेवानिरतोऽभवत् ॥ ५५
या या स्वसेवा हरिणा विहिता यस्य यस्य च । स स तां तां मुदाऽकार्षीत्कृतार्थं स्वं विदंस्तया ॥ ५६
रथयात्रादिने तत्र हरिः सङ्घव आगतः । मध्याह्ने तेन भूपेन महोत्सवमकारयत् ॥ ५७
सेवकैः सहितः सोऽथ वसंस्तत्र हरिः स्वयम् । सर्वत्रान्वेषयामास गुप्ताधर्मप्रवेशनम् ॥ ५८
अधर्मोत्थानमशृणोद्यत्र यत्र स ईश्वरः । तत्र तत्र स्वयं गत्वा नाशयामास तं ततः ॥ ५९

---

દુર્ગપુરનિવાસી સર્વભક્તજનો સત્વરે પોતાનાં કામકાજ છોડી દોડતા અતિ આદરપૂર્વક ભગવાન શ્રીહરિની સન્મુખ ગયા.[૫૧] ત્યારે ગઢપુરની ભાગોળે પધારી રહેલા ભગવાન શ્રીહરિને નિહાળીને સર્વે ભક્તજનોના હર્ષનો પાર ન રહ્યો અને નેત્રોમાંથી હર્ષનાં અશ્રુઓ વહેવા લાગ્યાં. ઘણા સમય પછી ભગવાન શ્રીહરિનાં દર્શન થવાથી અતિશય વિહ્વળ થયેલા ભક્તજનો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.[૫૨]

હે રાજન્ ! તે સમયે ભગવાન શ્રીહરિએ પણ અભયઆદિ સર્વ ગઢપુરવાસી ભક્તજનોને યથાયોગ્ય માન આપી તેઓની સાથે ગઢપુરમાં પ્રવેશ કર્યો અને દરબારગઢમાં પોતાને નિવાસ સ્થાને પધારી બિછાવેલા પલંગ ઉપર બિરાજમાન થયા.[૫૩] ત્યારે જયા, રમા, લલિતા આદિ સ્ત્રી ભક્તજનો ભગવાન શ્રીહરિનાં દર્શન કરી હર્ષઘેલાં થયાં અને શ્રીહરિના વિયોગથી ઉત્પન્ન થયેલો ઘણા દિવસનો તાપ દૂર થયો. તેથી નજીક પધારી અતિશય પ્રેમથી શ્રીહરિના ચરણમાં પંચાંગ પ્રણામ કર્યા.[૫૪]

હે રાજન્ ! આ રીતે શ્રીહરિ ગઢપુર પાછા પધાર્યા તેથી અભયરાજા પોતાના પરિવારે સહિત પારાવાર આનંદ પામ્યા. શ્રીહરિ સત્યપ્રતિજ્ઞાવાળા છે એ જોઇને ખુશી થયેલા સર્વે ભગવાન શ્રીહરિની સેવામાં તત્પર થયા.[૫૫] હે રાજન્ ! શ્રીહરિએ જે જે ભક્ત ભાઈઓ તથા બહેનોને પોતાને સ્નાન કરાવવું, વસ્ત્રો ધોવાં, પાત્ર માંજવાં, વગેરે જે જે સેવાઓ કરવાની કહેલી હતી, તે સર્વે ભક્તજનો ભગવાન શ્રીહરિની સેવા મળવાથી પોતાની જાતને ખૂબજ ધન્ય ભાગ્યશાળી માનતા ને સર્વે પ્રકારની સેવા અતિહર્ષથી કરતા હતા.[૫૬]

क्वचित् क्वचिन्मुनींश्चापि प्रेषयित्वा तथाऽकरोत् । सर्वोपायैः सर्वकालं धर्ममेव ह्यपीपलत् ॥ ६०

इत्थं धर्मधुरन्धरः स भगवान् धर्मं प्रतिष्ठापयं-
स्तस्मिन् दुर्गपुरे वसन्निजजनानानन्दयामास च ।
गत्वा ग्रामपुरान्तराण्यथ ततः कृत्वोत्सवान्भूरिशः।
तत्रागत्य पुनः पुनः समवसद्भक्तैककल्पद्रुमः ॥ ६१

इति ते कथितं सर्वं यत्पृष्टं भूपते ! त्वया । नारायणस्य चरितं । कलिकल्मषनाशनम् ॥ ६२

---

હે રાજન્ ! ભગવાન શ્રીહરિ ગઢપુરમાં સંવત ૧૮૬૭ ના નવા વર્ષના પ્રારંભના દિવસોમાં અષાઢ સુદ ત્રીજને સવારે સંગવકાળે જ પધાર્યા હોવાથી અને આજે જ પુષ્ય નક્ષત્ર હોવાથી બપોરના સમયે અભયરાજા દ્વારા શ્રીકૃષ્ણ ભગવાનને રથ ઉપર બેસાડી મહાપૂજા કરી આરતી ઉતારી મોટો રથયાત્રાનો ઉત્સવ ઉજવ્યો.[૫૭]

હે રાજન્ ! ત્યારપછી શ્રીહરિ પોતાના સેવકવર્ગની સાથે ગઢપુરમાં નિવાસ કરી ને રહેતા હતા. તે દરમ્યાન દેશદેશાંતરમાં ક્યાંક ક્યાંક છૂપી રીતે રહેતા અધર્મનું સંશોધન કરાવ્યું અને પછી જ્યાં જ્યાં અધર્મનો નિવાસ સંભળાયો તે તે દેશમાં સ્વયં પધારીને ત્યાંથી અધર્મમાર્ગનો વિનાશ કર્યો.[૫૮-૫૯] કોઈ જગ્યાએ ક્યારેક સંતોને મોકલીને અધર્મમાર્ગનો વિનાશ કરાવ્યો. આ રીતે સર્વકાળે સર્વપ્રકારના ઉપાયો કરી ધર્મમાર્ગનું રક્ષણ કરતા હતા.[૬૦]

હે રાજન્ ! આ પ્રમાણે ધર્મનું સ્થાપન કરતા ધર્મધુરંધર ભગવાન શ્રીહરિ ગઢપુરમાં નિવાસ કરીને રહેતા અને પોતાના ભક્તજનોને આનંદ ઉપજાવતા, ભક્તજનોએ ઈચ્છેલા મનોરથોને પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન શ્રીહરિ ગઢપુરથી પોતાના ભક્તજનોનાં જુદાં જુદાં ગામોમાં અને નગરોમાં જઈ ઘણા બધા ઉત્સવો ઉજવતા. આ રીતે વારંવાર ભક્તજનોનાં ગામોમાં જઈ ઉત્સવ ઉજવી ગઢપુર આવીને અભયરાજાના દરબારમાં નિવાસ કરીને રહેતા.[૬૧]

**દ્વિતીયપ્રકરણ શ્રવણની ફલશ્રુતિ :–** સુવ્રતમુનિ કહે છે, હે રાજન્ ! તમે શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રો વિષેનો પ્રશ્ન કરેલો તે સર્વે

नारायणस्य मुनिभर्तुरिदं चरित्रं यः कीर्तयेच्च शृणुयादपि मानवोऽत्र ।
तौ निश्चितं निजरिपून्नृपते ! जयेतां बाह्यान्तरांश्च सुखमीप्सितमाप्नुयाताम् ॥ ६३

*इति श्रीसत्सङ्गिजीवने नारायणचरित्रे धर्मशास्त्रे द्वितीयप्रकरणे धर्मपुरस्थभक्तजनानन्दन - दुर्गपुरप्रत्यागमननिरूपणनामा द्विपञ्चाशत्तमोऽध्यायः ॥ ५२ ॥*

---

॥ द्वितीयप्रकरणं समाप्तम् ॥

---

ચરિત્રો મેં તમને કહ્યાં, શ્રીહરિનાં આ સર્વે ચરિત્રો કલિયુગના મળને ધોનારાં છે. આવાં દિવ્ય ચરિત્રોનું આલોકમાં જે મનુષ્યો ગાન કરશે અને સાંભળશે તે બન્ને જણના બાહ્ય અને આંતર શત્રુઓનો નિશ્ચય પરાયજય થશે અને ઇચ્છિત સુખની પ્રાપ્તિ પણ થશે.[૬૨-૬૩]

**આ પ્રમાણે અવતારી શ્રી નારાયણના ચરિત્રરૂપ શ્રીમત્ સત્સંગિજીવન નામે ધર્મશાસ્ત્રના દ્વિતીય પ્રકરણમાં ધર્મપુરમાં રાજરાણી કુશળકુંવરબા આદિને આનંદ આપી ભગવાન શ્રીહરિ ગઢપુર પધાર્યાનું નિરૂપણ કર્યું એ નામે બાવનમો અધ્યાય પૂર્ણ થયો. --૫૨--**

**શ્રીમત્ સત્સંગિજીવન**
**દ્વિતીય પ્રકરણ સમાપ્ત**